દિવ્ય દર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ઘીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ–૭, અંક–૧૬
બચુભાઇ ચીમનલાલ ઝવેરી મુંબઇ શાખા : ૧૬૭–૬૯, કીકા સ્ટ્રીટ. શનિવાર તા. ૩–૧–૧૯૫૯.

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**ના વિદ્વાન શિષ્યરત્ન

પૂ. ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.

સંસારની જડ. (ચાલુ)

સંન્યાસીના મનમાં તો સારી લેશ્યાના પ્રભાવે એમ થયું કે–'વાહ! મોટાભાઇને આ લોકો સુવર્ણ-રસ પહોંચાડી આવ્યા, સારૂં થયું.' પરંતુ ત્યાં તો પેલાઓ ખુલાસો કરે છે કે–'ભાઇ તો લેવાની ના જ બોલ્યા, અમે પૂછ્યા જ કર્યું કે–"કેમ આ નથી લેતા? ત્યારે છેવટે એમણે તો કહ્યું કે–'તમે સમજી લો કે એ તમે મને આપી દીધો તો હું કહું છું કે એ ઢોળી નાખો.' એમ કહીને પરાણે ઢોળી નખાવ્યો. એટલે અમે નિરાશ થઈ અહીં આવ્યા છીએ."

નાના ભાઇને પારાવાર દુઃખ :—

આ સાંભળીને નાના ભાઇને પારાવાર દુઃખ થાય છે. દુઃખ રસ ઢળી ગયાનું નહિ, પરંતુ આટલા **સરસ રસ** ઉપર પોતે આ ઠકુરાઈ ભોગવી રહ્યો છે, જ્યારે ભાઇ બિચારા એ વિના રહ્યા એનું દુઃખ. એના મનને થયું કે–'જરૂર આ મારા શિષ્યો ભાઇને રસનો મહિમા બતાવતા ચૂકયા, એટલે ભાઇ કદાચ મારી આ રસ મોકલવાની મશ્કરી સમજ્યા હશે, ને રસ ઢોળાવી નખાવ્યો હશે. નહિતર એમની એવી ગરીબીમાં એટલો રસ કેટલો બધો એમને માતબર કરનારો થાત!' મોટાભાઈ ત્યાગી સાધુ થયા છે એની એને ખબર નથી. એ તો પહેલાં શિષ્યોએ કહેલાં વર્ણન પરથી ભાઇને ભિખારી થઈ ગયેલ સમજે છે અને કદાચ સાધુ થયેલા સમજતો હોય તોય **સાચા સાધુની રીતભાતની એને શી ખબર? નહિતર પોતે મહંતનો વૈભવ અને ઠાઠમાઠ શું કામ રાખે?**

ગમે તેમ, પણ એને મોટાભાઇની ગરીબી હજી ઉભી રહેલી જણી એ શોક કરે છે. 'હું નાનો, ને આ લીલા ભોગવું? ને ભાઇ મોટા છતાં ભિખારી રહે? તે પણ પોતે અડધી તુંબડી સુવર્ણ રસ મોકલ્યો છતાં?' ભાઇએ અભિમાન કર્યું એવું એના મનને નથી લાગતું. એટલે જ એમ નથી થતું કે–'નરસીંમ એમના આપણે શું કરીએ? આપણે તો આટલી બધી ઉદારતા કરી હતી!' આવું કાંઇ જ એના મનમાં નથી આવતું. તેમ હાય! આવો કિંમતી રસ ઢોળી નખાયો? એવું પણ નથી થતું. થાય છે એક જ કે પોતે માતબર, ને ભાઇ ગરીબ?'

કઇ નિશાળમાંથી કેટલા વ્યાખ્યાન–શ્રવણમાંથી એ શીખ્યા હતા? કૌટુંબિક જીવનના એ સંસ્કાર હતા. જીવન માટે પ્રથમ નિશાળ કુટુંબની છે. ત્યાંથી પાસ થઈને આવે તે સાધુ થઈને ઊંચી કોટિના માર્ક મેળવે. તમે આવો તો એ શાળામાં એકા વિના જ આવો ને?

માર્ગાનુસારીના ગુણોની યાદ :—

માર્ગાનુસારિતાના ૩૫ ગુણો. યાદ છે ને? યાદ પણ ન રહે તો જીવનમાં કેમ જડાય?

પ્રથમ ન્યાય–સંપન્નવિભવ. પછી ઉચિત વ્યય તથા ઉચિત વેષ એટલે રહેણીકહેણી. પછી ઉચિત ઘર અને ઉચિત ઘરવાળી, એમ પાંચ ગુણ. બધું

ઉચિત, અનુચિત એકે ય નહિ. પછી ભોજનમાં પણ અનુચિત ભોજનનો ત્યાગ=ઉચિત ભોજન, છઠ્ઠો-સાતમો. પછી ઘરનાને અંગે પોષ્યનું, પોષણ; તથા માતા-પિતાની ભક્તિ; ને બહારનાને અંગે અતિથિ, સાધુ તથા દીનનો યોગ્ય સત્કાર તથા ચારિત્રશીલ અને જ્ઞાનીની સેવા. આ અગિયાર. પછી સત્સંગ, ધર્મ-શ્રવણ, બુદ્ધિના આઠ ગુણ, પાપ ભીરુતા, દીર્ઘદર્શિતા, બલાબલની વિચારણા, અભિનિવેશ અર્થાત્ દુરાગ્રહનો ત્યાગ. પછી ત્રીજા નંબરમાં, પ્રથમ નંબરે અંતરંગ છ શત્રુઓને જીતવા, તે. પછી ઇન્દ્રિઓના વિષયોને જીતવા, એની ગુલામી ન જોઇએ. પછી નિંદાનો ત્યાગ. આ ગુણ જબ્બર છે. ઘરમાં નાનું બાળક પણ જુએ કે, બેન ભાઇનું છોલે છે, ને ભાઇ બેનનું વાંકું બોલે છે, બાપા બહાર જાય કે મા બાપની વિરુદ્ધ કકળાટ કરે છે, ને માતા બહાર જાય કે પિતા માની નિંદાના પ્રવાહ ઉડાવે છે! આ બાલક કયું શિક્ષણ મેળવે? નિંદાત્યાગનો ગુણ માત્ર સ્વર્ગ-સંબંધીને અંગે છે એમ નહિ, પણ પારકા ત્રાહિક માટે પણ છે, વિશેષતઃ રાજા તથા પ્રધાન વગેરે માટે છે. આજ તો ઝટ વિચાર આવે કે, 'વોટ આપીને ચૂંટયા છે, ગાદી અપાવી છે, અને આવો જુલમ? આવાની નિંદા ન કરીએ તો શું આરતિ ઉતારીએ?'

સભામાંથી-રાજાના ભયથી નિંદા ન કરીએ તો એ ગુણ?

હા! ભયથી પણ ગુણ આવશે તો પછી ગુણ તરીકે ગુણ આવશે. ભયથી પણ ચોરી ન કરે એ સારું કે ચોરી કરે એ સારું? ભલે ભયથી, પણ પાપ-ભીરુતા તો આવી ને? 'રાજા અનાડી, પ્રધાન અનાડી' એમ ઘરના ખૂણે કરાતી નિંદાની કિંમત કેટલી? આ રીતે બહુ નિંદા કરવાથી તો હિંદુસ્તાન માયકાંગલું બની ગયું. નિંદા ન કરી હોત તો સક્રિય ઉપાય સૂઝત. નિંદા ભલભલાને સમાજમાં હલકા પાડે છે. ઘરનો માણસ પણ બહાર નિંદા કરે તો વિશ્વાસ ગુમાવે. પાછળ ધસાતુ બોલવું તે નિંદા. રાજા, પ્રધાન કે મોટા હોદ્દેદારની નિંદા કરી, ને એ કહાય એના, જાણવામાં આવી તો નિંદા કરનારની કઇ વલે? માટે રાજા વગેરેની નિંદા વિશેષે તજવાની કહી, ત્યારે તમે પૂછો ને કે પહેલાં તો રાજા તથા પ્રધાન નગરચર્યા જોવા નીકળતા હતા. માટે જ તેમની નિંદાની ના કહી. જો સાંભળી જાય તો જાન જોખમમાં આવે. વસ્તુપાલના ઘરમાં નિંદા નહોતી માટે પરીક્ષા કરવા આવેલો રાજા વીરધવલ ગુલામ થઇને ગયો; પણ અત્યારે કોણ નગરચર્યા જોવા નીકળે છે? પછી શું વિશેષ નુકશાન? આનો ઉત્તર એ છે કે આજે પણ ચાડિયા હોય કે નહિ? પોલિસ ફરતા કે નહિ? વળી ઘરના ખૂણાની આદત બહાર રસ્તે ચાલતાં નિંદા ચાલુ રખાવે ને? **એકની નિંદામાં અનેકની. નિંદામાં અમુક જ નુકશાન નથી. પોતાને માનપાનના કોડ, અહંભાવ, બીજાને હલકા દેખાડવાની વૃત્તિ, આવા ઘણા દુર્ગુણ પોષાય છે.** નિંદામાં મહા-નુકશાની છે. દેખાય છે એકની નિંદા, પણ અપેક્ષાએ જુઓ તો એક ગુણિયલની નિંદામાં જગતના તમામ ગુણિયલની નિંદા છે. ગુણિયલમાં દોષ હોય, તેથી નિંદા ન થાય. દોષો ક્ષન્તવ્ય પણ હોય છે. અક્ષન્તવ્ય દોષો ન કહેવાય એમ નથી. કોઇ ભારે ચોર કે બહારવટીઓ હોય તો લોકોને ચેતાવવા તેને તેવો ઓળખાવાય એ નિંદા નથી. એ અક્ષન્તવ્ય દોષ છે. પણ ક્ષન્તવ્ય દોષની વહી વાંચવી ખોટી. ગુણિયલના ગુણ પાસે ક્ષન્તવ્ય દોષો તો ઝાંખા પડી જાય છે. સજ્જનની નજર ગુણ પર હોય છે, નિંદાને અંગે, ઓઘનિર્યુક્તિમાં શ્રી ભદ્રબાહુસ્વામીએ ત્યાં સુધી લખ્યું છે કે, 'એક સાધુની અવગણના કે નિંદા કરનારો અઢીદ્વીપના સાધુની અવગણના કે નિંદા કરે છે.' બીજાનો મોટો પણ દોષ ન જોવો; ગુણ તુચ્છ દેખાય તો ય તેને જોવો. નિંદક આત્મા ગુણ પામવા માટે સદંતર નાલાયક છે. નિંદા ત્યારે જ થાય કે જ્યારે ગુણ પર અરુચિ થાય. 'જોયું! આ મોટા સાધુ! અને આ કટાસણા ફેરવનારા મોટા ધર્મી, ન જોયા હોય તો!'

આ ઉચ્ચારણ ગુણ પરત્વે અરુચિથી નીકળે છે આવામાં ગુણ પેસવાની નાલાયકાત છે. નિંદાત્યાગ એ મહાન ગુણ છે.

નિંદ્ય-પ્રવૃત્તિનો ત્યાગઃ-

પછી ૨૭મા નંબરે નિંદ્ય-પ્રવૃત્તિનો ત્યાગ,

એટલે એવા ધંધા કે એવી પ્રવૃત્તિ કરાય કે જે જગતમાં નિંદ્ય હોય. સજ્જન માણસને મોટા રસ્તે આવતાં બે પાંચ મિનિટ વધારે થતી હોય અને વચ્ચે વેશ્યાની ગલીમાંથી પસાર થતાં તેટલું જલદી જવાતું હોય છતાં સજ્જન મોટે રસ્તે જાય. જો તે પેલી ગલીમાંથી જાય તો એ નિંદ્ય-પ્રવૃત્તિ છે. સારો શાહુકાર ગણાતો હોય, ધર્મ વડે લોકમાં પૂજાતો-મનાતો હોય એ જો વેપાર-રોજગારમાં આધું-પાછું કરે તો તે નિંદાય. ન્યાયસંપન્નતામાં કક્ષા પરિમિત છે, અહીં ઊંચી કક્ષા છે. ઘરમાં રહેલાએ પોતાની જવાબદારી સમજવી જોઇએ. સમજીને છાજે તેવું વર્તન કરાય તે અનિંદ્ય; પણ ન છાજે તેવું વર્તન કરાય તે નિંદ્ય. ઘરમાંનો વડેરો, એકની ભૂલ થતાં તેનો પક્ષ લે, અને બીજાની ભૂલ થતાં તેની પર તૂટી પડે, એ નિંદ્ય ઘરના કહી દે, 'જવા દો એ વડેરાનું નામ! એક માટે આંખમાં અમી, બીજા માટે ઝેર!'

પોતે કુટુંબમાં મોભો હોય, પચાસ સાહની વયનો હોય, મોટાં બાળકો હોય, તેવા ભાગ્યયોગે ઘરમાં વિધવા પુત્રો હોય, વિધવા પુત્રવધૂ હોય, વિષયના લહાવા બહુ લૂંટયા હોય, હવે શરીરમાં શક્તિ ક્ષીણ થતી જતી હોય છતાં ય વ્રત ન લેવાય, અબ્રહ્મ રખાય, બ્રહ્મચર્યનો નિયમ ન કરાય એ નિંદ્ય-પ્રવૃત્તિ નિંદ્ય પ્રવૃત્તિના ત્યાગનું લિસ્ટ મોટું થાય તેમ છે. કુલવાનની જવાબદારી વધારે છે. તેનાથી રોફ ન થાય, જેમ તેમ ન બોલાય, દુઃખી પર વિશેષ દયા કરવાની હોય, વિશેષ વિકસિત માનવતા બતાવવા શ્રીમંત કરતાં સામાન્ય પર પ્રેમ વધારે દેખાડવો જોઇએ. નિંદ્ય-પ્રવૃત્તિનો ત્યાગ એ મહાન ગુણ છે.

પડશો મા જો!

પરમાત્મા શ્રી મહાવીરદેવે મેઘકુમારને જાગૃત કરતાં શું કહ્યું? એ પાછા જવાની આજ્ઞા માગવા આવ્યા છે. પ્રભુ ત્યારે શું બોલ્યા? 'તારે માટે આ? તું કોણ? શ્રેણિક તથા ધારિણીનો પુત્ર! ગઇ કાલે કેવા દમામથી તેં મારી પાસે ચારિત્ર લીધું છે, અને એ તું આજે ઘરે જવાની વાત કરે એ છાજે? એ ઘણું જ નિંદ્ય. તારા પૂર્વભવને યાદ કર!' ભગવાને એને મજબૂત કરવા પૂર્વભવ પણ યાદ કરાવ્યો, એને જાતિસ્મરણ જ્ઞાન થયું. વાત પણ ખરી, એને થયું, 'તિર્યંચના ભવમાં દયા કરી તો અહીં શી મોટી વાત!' વળી કદાચ રાતનો અનુભવ વિચારતાં એમ થાય કે 'હાથીનો તો કદણ કાયા અને આ દેહ તો ગુલાબ જેવો!' આ એક વિચાર, પણ સાથે જ બીજો વિચાર આવ્યો, 'ઘેર તો ન જ જવાય. એ તો નિંદ્યમાં નિંદ્ય કર્મ. પરમાત્માનો પરમ ઉપકાર.' પરમાત્માએ એને સ્થિર કરવા કયાં સુધી કહ્યું?

શાણા સુણ હો મેઘકુમાર, પડશો મા જો,
મા પડ મા પડ, મા પડ, પડશો મા જો.
શ્રેણિક રાજા, ધારિણી રાણી, ઉત્તમ કુલે અવતરીયો,
રાજશાહી રિદ્ધિસિદ્ધિ ઉલ્લસી, તો પણ ત્યાં નવી ઠરિઓ;
પડશો મા જો, મા પડ, મા પડ, નરકે, પડશો મા જો.
મોહ શ્વે શીખવીયું શીખશો મા જો—
મા પડ, મા પડ, નરકે પડશો મા જો.

મેઘકુમારનો ઘોર અભિગ્રહ:—

ભગવાને કહ્યું, 'તું કયા કુળમાં અવતર્યો, કઇ ઋદ્ધિ-સિદ્ધિમાં આવ્યો છતાં ય ત્યાં ન ઠર્યો, મારી પાસે આવ્યો અને એ તું ઘરે જવાનું કહે એ બેહુંદી વાત છે.' મેઘકુમારના મનમાં ઠસી ગયું, આંખમાં આંસુ આવી ગયાં એને થયું, 'બીજું કાંઈ નહિ તો પણ મારી ઓળખાણ કઇ? હું ભગવાન મહાવીરનો શિષ્ય અને આ વિચાર?' તરત જ આંખને છોડીને કાયાને મુનિને શરણે સમર્પવાનો અભિગ્રહ કર્યો. એણે કહ્યું, 'હવે મુનિઓ ભલે કાયાને કચરીને ચાલે, મોં પર પગ મૂકીને ચાલે, હું ચૂં નહિ કરું, માત્ર આંખની રક્ષાનો પ્રયત્ન એટલા માટે કરીશ (આંખ મીંચીને) કે એનાથી ઇર્યા સમિતિ પળાય, એનાથી આપના દર્શન કરી કર્મનો નાશ થાય.' નિંદ્ય-પ્રવૃત્તિના ત્યાગ ઉપર આત્મા કેવો ભીનો! હૃદય કેવું પ્રભુને શરણે! આત્મરક્ષા કેટલી અદ્ભુત!

इच्छा परिमाणं खलु-
પેટાભાગ રાજમાર્ગે પહોંચવા માટે છે:—

પરમાત્મા શ્રી જિનેશ્વરદેવના શાસનમાં, ભવા-

ટળીમાંથી નીકળી નિવૃત્તિનગરીએ જવા માટે એક જ રાજમાર્ગ છે અને તે સર્વવિરતિ; પણ એ રાજમાર્ગે ચાલવા કે પહોંચવા કમ તાકાત હોય તેઓ શું સંસારરૂપી જંગલીના જંગલી રસ્તાઓમાં રખડયા કરે? ના, એવાઓ માટે પેટારસ્તા, ગલીકુંચીઓ પણ છે કે જે દ્વારા નિવૃત્તિનગરી તરફ પહોંચાડનારા રાજમાર્ગે જઈ શકાય. એ રસ્તાઓનું નામ છે શ્રાવક ધર્મ કે દેશવિરતિ. નિવૃત્તિનગરીએ જવાના રાજમાર્ગની કે પેટામાર્ગની શ્રદ્ધાપૂર્વક ખબર પડવી તેનું નામ છે સમ્યક્ત્વ રાજમાર્ગ છે સર્વવિરતિનો, By Lane (પેટામાર્ગ) છે દેશવિરતિનો. એ પેટામાર્ગ, યાદ રાખવું કે રાજમાર્ગે પહોંચવા માટે છે, ત્યાં જ બેસી રહી સડવા માટે નથી. આ વાત જો સમજાય તો એ બરોબર સમજાય કે શ્રાવકનું પાંચમું પરિગ્રહ-પરિમાણુવ્રત સંપૂર્ણ નિષ્પરિગ્રહપણું પામવા માટે છે. સર્વવિરતિ એટલે સંપૂર્ણ નિષ્પરિગ્રહપણું. સર્વવિરતિ (સંયમ)ના દશ ગુણોમાં 'આકિંચન્ય' એ મુખ્ય ગુણ છે. જેની પાસે કાંઈ પણ નથી તે અકિંચન અને કાંઈપણ ન હોવું એ ગુણનું નામ આકિંચન્ય.

તુચ્છ જીવન માટે, જીવનમંત્રરૂપ બનાવાતા પરિગ્રહ તથા સમારંભનું પરિણામ ખતરનાક છે:-પરિગ્રહ પરિમાણ કરનારનું ધ્યેય સર્વથા નિષ્પરિગ્રહી થવાનું હોય તેવા થવા માટે પરિમાણરૂપે વ્રત તો ટેવ પાડવા અને થોડા અંશે પણ પાપથી બચવા માટે છે. 'પરિમાણમાં પરિગ્રહ રાખ્યો તે તો વ્યાજબી, ત્યાગ કર્યો તે પરિગ્રહ ગેરવ્યાજબી, ભગવાને રખાવ્યો એ પરિગ્રહ તો વ્યાજબી', આમ જો લાગે તો માનો કે તમે આશય સમજ્યા નથી. રોજની પચાસ બીડી પીનારો જ્ઞાની પાસે આવે તેને જ્ઞાની સમજાવીને ઓછી કરાવે, તો જ્ઞાનીએ ઓછી બીડીની છૂટ આપી એમ? વસ્તુને સમજો. જ્ઞાની કહે છે, 'પરિગ્રહ અને છકાયના કુટાનું પરિણામ ભયંકર છે,' અને એ રીતે જીવાતા જીવતરમાં કાંઈ માલ નથી. આજના જીવતરમાં માલ છે? **છકાયનો સમારંભ તથા પરિગ્રહ કે જેનું ભયંકર પરિણામ, તે વડે જીવાતા જીવતરમાં શો માલ છે એ તો કહો!** સવાર ને સાંજ, રાત્રિ ને દિવસ એમ હજારો દિવસો પસાર કર્યા, એક દિવસ એવો જોયો કે જ્યારે ચિંતા ન હોય? લગ્નના ઘોડે ચડયો હોય તે દિવસે પણ કાંઇક ચિંતા હોય. પાંચ પંદર હજાર રૂપીઆ કમાઇને આવ્યો હોય તે દિવસેય નિશ્ચિંત હોય એ માનવાને જીવનનો અનુભવ ના કહે છે. આ સ્પષ્ટ સૂચવે છે કે આજના જીવતરમાં માલ નથી. આવા તુચ્છ જીવન માટે, જે સમારંભ અને પરિગ્રહને જીવનમંત્ર બનાવાય છે તેનું પરિણામ ખતરનાક છે.

જ્ઞાનીનો કેવો ઉપકાર!

ભગવાન શ્રી મહાવીરદેવે ગૌતમ ભગવાનને પેલા ખેડૂતને ઉપદેશ દેવા મોકલ્યા છે, કહ્યું: "ગૌતમ! જા, પેલા ખેડૂતને પ્રતિબોધ કરી આવ."

'ભગવાન્! કયો ખેડૂત?' પોતે ચાર જ્ઞાનના ધણી હતા, પણ કેવો વિનય!

ભગવાને અમુક ગામે જતાં અમુક ખેતર વગેરેની ઓળખ આપી. શ્રી ગૌતમસ્વામી ચાલ્યા, ત્યાં પહોંચ્યા. આ ખેડૂતે કદી દેશના સાંભળી નથી કે તેને જ્ઞાની ગુરુનો યોગ થયો નથી. શ્રી ગૌતમમહારાજાએ તો કાર્ય શરૂ કર્યું, ખેડૂતને પૂછ્યું: 'તું શું કરે છે?'

શ્રી તીર્થંકરદેવ વિચરતા હોય તે કાલમાં સાધુની પિછાણનું શું પૂછવું? તરત હાથ જોડી તે બોલ્યો, "બાપજી! ખેતર ખેડું છું.' પછી તો ચાલી પ્રશ્નોત્તરી. "કોના માટે?" "બાપજી! કટંબ (કુટુંબ) માટે કરવું પડે ને?"

"અલ્યા! પણ એ કુટુંબનો મોહ તને કયાં મોકલશે?" તારું પાર્સલ કયાં કરશે? ધ્યાન રાખજે આ જીવ હિંસાદિ પાપનું પરિણામ ભોગવવું તારે પડશે! માલ ખાય કુટુંબ, માર તારે ખાવાનો! માટે ગાંડો ન થા!"

એ ખેડૂત એટલો ભદ્રક! અને પમાડનારા પણ એવા ભદ્રક! કે ન પૂછો વાત! વગર યુક્તિના વચને સામાની છાતી કંપાવે! "કુટુંબ કુટુંબ કરે છે, પણ એ આડો હાથ નહિ દે," આમ શ્રી ગૌતમસ્વામીએ કહ્યું, આમાં કાંઇ ઝીણી યુક્તિ છે? છતાં ખેડૂતનું હૈયું હલાવ્યું!

ખેડૂત બોલ્યો, "પણ બાપજી! પેટ તો ખરું ને!"

"અલ્યા! પેટ તો અમારે ય છે ને?"

"તેં તમે શું કરો છો?" શ્રી ગૌતમસ્વામીજી બોલ્યા, "અમે કાંઇ કરતા નથી. અમારે ન ખેતર, ન ખેતી, ન દુકાન, ન વેપાર કાંઇ નહિ. કોઇએ કર્યું હોય એમાંથી ટૂકડો મધુકરીથી પેટ ભરીએ અને પાપ જરાય શિરે ન ચડે."

"તો બાપજી! આ ધંધો તો સારો!" "ત્યારે વિચાર શો કરે છે?" એમ કહીને બેડુતને એ ધંધો પરખાવ્યો. જ્ઞાનીનો કેવો ઉપકાર!

પરિગ્રહ પરિમાણવ્રતમાં રખાતું પરિમાણ, એ કાંઇ છૂટ નથી:-

પચાસ પચાસ બીડી પીનારને જ્ઞાની ગુરુએ કહ્યું, ઉપદેશ દીધો, "ભાઇ! આવા જીવનમાં શો માલ છે? પરિણામ ઘણું ખરાબ છે."

સાંભળનાર વિવેકી હતો, તેણે કહ્યું: "હું બીડીનો પાકો વ્યસની છું, વળી પરિગ્રહ તથા સમારંભથી જીવાતા જીવતરમાં માલ નથી અને પરિણામ ભયંકર છે એ વાત મને જચે છે. સાધુ બનું તેવી સ્થિતિ નથી, તથા પચાસ બીડી એક સાથે છૂટે તેમ નથી."

જ્ઞાની ગુરુએ કહ્યું: "ભાઇ! ઓછી થાય?"

પેલો કહે છે, "આપ નિસ્પૃહી ઉપકારીનો ઉપદેશ બહુ સારો છે, મારું હૃદય પાણી પાણી થયું છે માટે પચાસમાંથી મીંડાનો અંક કાઢી નાખી પાંચથી વધારે નહિ પીવાનો નિયમ લઉં છું, આપો."

જ્ઞાનીએ તેને તે તથા ત્રસજીવની હિંસા ન કરવી તેવો નિયમ કરાવ્યો. જ્ઞાની જાણે છે કે સંસારીથી સ્થાવરની દયા કયાં પળાવાની છે? તો હવે આવા નિયમને અંગે, 'જ્ઞાનીએ પાંચ સ્થાવરની હિંસાની તથા પાંચ બીડી પીવાની છૂટ આપી,' એમ બોલાય? આવું જ પરિગ્રહ પરિમાણવ્રત અંગે સમજવાનું છે. એ વ્રતમાં રખાતું પરિમાણ એ કાંઇ છૂટ નથી.

'પરિગ્રહ એ પાપ,' એ સૂત્રને અસ્થિમજ્જાગત બનાવો:—

નિવૃત્તિનગરીએ જવા સર્વવિરતિ એ રાજમાર્ગ છે. સર્વવિરતિ એટલે સર્વથા નિષ્પરિગ્રહીપણું (આકિંચન્ય). દેશવિરતિ એ પેટામાર્ગ છે. પરિગ્રહ પરિમાણરૂપ પેટામાર્ગ પણ અપરિગ્રહના રાજમાર્ગે ચઢી જવા માટે. પરિમાણ કર્યું છે તે સર્વથા પરિહાર માટે (એ હેતુએ). આ વસ્તુ બરાબર સમજનારો, 'પરિમાણથી વધારે વધશે તો ફિકર નહિ પરમાર્થમાં ખરચીશ,' એમ ન વિચારે, પણ પરિગ્રહ આગળ ન વધારવાની ભાવના રાખે. પરિગ્રહ વધે નહિ, ભાવના જ એવી હોય. સર્વત્યાગ નહિ સહી, તો પરિમાણથી ય જ્ઞાનીએ માર્ગમાં રાખ્યા; કેમકે તેઓ પરમ દયાળુ છે. "જાઓ! હજી પરિગ્રહ રાખવો હોય તો તમારો નથી બપ! કરવો હોય તો પૂરો ત્યાગ કરો,' એમ કહી કાઢી ન મૂકયા. જ્ઞાની જોઇ રહ્યા છે, "જગતના અનંતાનંત જીવો અપરંપાર તૃષ્ણામાં પડયા છે, એમાંથી આ પુણ્યવાન આટલું (કાંક) પરિમાણ કરવા આવ્યો છે, હાલ આટલું તો ભલે કરે, કરાવાય; ઉપરની તૃષ્ણા પછી કપાવારો, ઉપરની નિષ્પરિગ્રહતા પછી છોડાવારો, પરિગ્રહના અપાયો (નુકશાનો) સમજી થોડો ય ત્યાગ એને કરવા દો." જ્ઞાની આથી પરિમાણ કરાવે છે. આ તો જ સમજાય કે જો, પરિગ્રહ એ પાપ છે, એમ અસ્થિમજ્જા વરયું હોય.

અવળી મતિથી માર્ગ ન ઉકલે:-

ઘણા પરિગ્રહવાળા કોઇ શ્રીમંતને જોઇને તમને હરખ ન થાય, જો તમે અસ્થિમજ્જાપર્યંત પરિગ્રહને પાપ માન્યું હોય. ઉલટી એના પર દયા આવે. જેનામાં પાપ વધારે હોય તેને જોઇને દયા આવે કે હરખ થાય? અંતરને પૂછો. તાજા બનેલા મુનિવરને જોઇને જે હરખ ન થતો હોય તે હરખ કે તેથી વધારે હરખ તત્કાલ બનેલા શ્રીમંતને જોઇને થતો હોય તો! અને તેમાં ય ત્યાં પોતાનો સ્વાર્થ-સંબંધ હોય તો કેવો હરખ થાય! શ્રીમંત બનો ચુકેલામાં એવા તો થોડાક જ છે કે જે એમ માનતા હોય કે, "ત્યાગી તે ત્યાગી! અરે! ત્યાગી તો ઉત્તમ છે જ, પણ સંસારમાં હોવા છતાં અલ્પ પરિગ્રહી તથા વ્રત-નિયમવાળા ય પુણ્યશાળી છે, જ્યારે હું તો પાપના ઉદયમાં છું", પરિગ્રહ એ પાપ, એવું અસ્થિમજ્જામાં લખાય તો એમ મનાય. પછી તો ઘણા માર્ગ આપોઆપ ખૂલે. અવળી મતિથી માર્ગ ન ખૂલે, શ્રાવકપણાની ઉચ્ચ ભાવના ન આવે, સાચો ગુણરાગ ન પ્રગટે

દેવાતા દાનમાં ય જો રાગનાં છાંટણાં હોય તો પાસેના પરિગ્રહ પરના રાગમાં પૂછવું શું!:-

અવળી મતીના પરિણામે એમ મનાય, 'આ ભાઈ વ્રતાદિથી ધર્મ કરે છે, (એ ભાઈ ઉચ્ચ કોટિના વ્રત નિયમો કરનારો હોય), અમે દાનથી ધર્મ કરીએ છીએ.' એમાંય કેંક તો એમાં વિશેષતા માને. દાન દેતાં, સાધર્મિની સાથે વાત કરે, એ વાત કરવાની રીતમાં એવું તરવરે કે પેલો જાણે નીચો છે, અને પોતે ઊંચો છે. એને એ ખબર નથી, દાન એ ધર્મ સાચો, પણ તે પહેલાં પરિગ્રહ રાખ્યો એમાં પાપ કેટલું ? દાન કરતાંય પરિગ્રહ હૈયામાં કેવો વસ્યો છે ? માનસ સ્વભાવનું આ પૃથક્કરણ છે. દાન દે તેમાંથીય મમતા ન ઉતારે ! કે ઇને બસો દે તોય કહે, (દઈ દે છે છતાં કહે) 'જો જો ! બસો આપું તો ખું, ગુમાવતો નહિ, આડા-અવળા વેડફતો નહિ. બસોના બારસો કરજે.' પેલાને આપે છે તેમાંય રાગ છાંટીને આપે છે. અપાતા દાનમાં આમ હોય તો પાસે છે એ પરિગ્રહ પર તો રાગ કેટલો બધો હોય ? અને એટલે જ એ દાન કરે છે તોય પરિગ્રહને હૃદયમાં રાખીને કરે છે. જ્યારે વ્રત-નિયમો કરનાર તો તેટલા પૂરતું પાપ પરનું મમત્વ ઉતારે છે. બ્રહ્મચર્યનો મર્યાદિત નિયમ કરનાર તેટલા પ્રમાણમાં વિષયની મૂર્ચ્છા છોડે છે; તપ કરનાર તેટલો સમય તો આહારની લાલસાને જતી કરે છે; જ્યારે દાન કરનારો પૈસાની કિંમત આંકીને દાન કરતો હોય, તો કહો, દાન દેનારો ઊંચો કે વ્રત-નિયમ કરનારો ઊંચો ?

સભામાંથીઃ—દાન કરનાર મમતા કાપીને આપે એમ ન બને ?

એકાંત નથીઃ એમ પણ બને. પરંતુ આ તો જાતનું નિરીક્ષણ કરવાની વાત છે. એમાં તેમ હોય તો લાભ. કોઇ સર્ટિફિકેટ નહિ આપે તોય સિદ્ધ ભગવંતનું સર્ટિફિકેટ તો છે જ; એ તો જોઇ જ રહ્યા છે કે આ જીવ દાન દેતાં પરિગ્રહની મૂર્ચ્છા કાપી રહ્યો છે; એ સારો ઊંચો જીવ છે.

મંદિર તૂટ્યાની ખબર આપનારને બમણું ઈનામ શાથી ?:-

પરિગ્રહ પાપ ન મનાય ત્યાં સુધી સાચો આત્મપુરુષાર્થ જાગૃત નહિ થાય. બાહડ મંત્રને પહેલી વધામણી મળી મંદિર થયાની. વધામણી આપનારને પોતે સોનાની એક જીભ ભેટ આપી. અને પછી બીજી વધામણી મળી મંદિર તૂટી ગયાની. વધામણી આપવા આવનારને સોનાની બે જીભ ભેટ આપી ! મંદિર તૂટ્યાની ખબર એ તે વધામણી કે મોંકાણના ખબર ? પણ અહીં તો દૃષ્ટિ જ જુદી છે. મંત્રીને વિચાર થાય છે કે-'હું જીવંત છું, સુંદર કોટિનું જિનાલય કરાવવાની સ્થિતિમાં છું ત્યાં સુધી આ ખબર પણ વધામણી છે, જેથી હું મંદિર ફરી કરાવી શકું.' અહીં પરિગ્રહની કિંમત નથી, ધર્મભાવનાની કિંમત છે. તરત મંત્રીએ શિલ્પીઓને બોલાવી મંદિર પડી જવાનું કારણ પૂછ્યું. શિલ્પીઓએ કહ્યું, "લાકડાનું મંદિર એટલે તેમાં પવન પેઠો, એથી પડી ગયું.' મંત્રીએ તરત જ ઉત્તમ કોટિના પાષાણનું મંદિર બનાવવાનો હુકમ કર્યો. કેટલો ખર્ચ ? ગમે તેટલો, પણ બનાવવાનું તે સાચું. આ કયારે બને ? પરિગ્રહ પાપ સમજાય તો. **પરિગ્રહમાં પાપ સમજનાર આત્મા નવા પાપને બદલે પાપથી છોડાવનારા પાવનકારી પ્રસંગને વધાવવા તલસે છે.** સમજે છે કે નાગના દંશમાંથી બચ્યો. એવા પણ કેટલાક છે કે જેમની સ્થિતિ નથી પણ પરમાર્થ ઘણા કરે છે. સાંભળી ગયાને કે પાંજરાપોળવાળા ટીપ લઇને આવ્યા, સો આપવા માંડયા, પેલા 'ના' કહે છે, બસો કહ્યા, ત્રણસો કહ્યા, 'ના' કહે છે, એટલે પૂછે છે, 'કહોને કેટલા ?' પેલા કહે, 'હજાર', એટલે તરત આપી દીધા. દિવાસળીનું બાકસ પંદર દિવસને બદલે દશ દિવસ કેમ ચાલ્યું એમ જોને થાય, એને આ ઉદારતા સુલભ હોય. પણ આ સ્થિતિનો ખ્યાલ સંસારવ્યવહારના પહોળા ખર્ચ રાખનારને નહિ આવે. પરિગ્રહ રાખવા લાયક વસ્તુ સમજાય, એનાથી સંસાર નભે એમ મનાય, એના પર બહુમાન હોય, પછી ધર્મ અને ધર્મકરણીમાં બહુમાન નહિ રહે. બહુમાન બે ઠેકાણે કયાંથી રહી શકે ? એક ઠેકાણે માન વધારાય, તો બીજે ઘટાડાય. ધર્મ અર્થાત્ દાન અને ત્યાગનું બહુમાન વધારવું હોય તો પરિગ્રહનું માન ઉતારવું પડે. એમ થાય તો જ ટીપ-

વાળાને હજાર માગતાં હજાર આપી દેવાય.

એક સ્થાનેથી રાગ ઘટે તો બીજે વધે : એક સ્થાને રાગ, બહુમાન વધારવા બીજે ઘટાડવું પડે :-

પેલા સંન્યાસી થયેલા રાજકુમારને, શિષ્યોએ અરધી તુંબડી સુવર્ણરસ; તેમના ભાઇએ ઢોળી નાખ્યાના ખબર આપ્યા કે જરાક સંક્ષોભ થયો. એને થયું, 'ભાઇએ શી મૂર્ખાઇ કરી ! રસ, સુવર્ણ-રસ ઢોળ્યો ?' વળી વિચાર આવ્યો, 'ભાઇ એવી ભૂલ ન કરે. ચેલાઓ એનો મહિમા ગાવામાં ભૂલ્યા હશે, તેમણે ભાઇને આ વસ્તુ નહિ સમજાવી હોય, એટલે ભાઇએ એને પાણી સમજી ઢોળી નખાવ્યો હશે.' એને અફસોસી તો થાય છે પણ એ બહુ વલોપાત ન કરતાં, મનમાં વિચારે છે, 'ફિકર નહિ, હજી બીજે અરધી તુંબડી સુવર્ણરસ છે એ લઇને ભાઈ પાસે જાઉં, તેમને આપું અને હવે ત્યાં જ એમના શરણે રહું.' અરધી તુંબડી સુવર્ણરસ ઢોળાઇ ગયો છતાં બાકીનો અરધી તુંબડી રસ આપવા જવાનું મન થાય, એ એના પરથી રાગ ઉતરે ત્યારે ને? ભલે ભાઇ પરના બહુ રાગના કારણે, પણ આ રાગ ઓછો થયો ને? આરંભ-સમારંભ પરિગ્રહની કિંમત આત્મા ઓછી આંકે તો જ એને પરમાર્થના કામમાં મજા આવે.

પરિસ્થિતિ જોવાથી ખામોશ આવે:—

જો જો ખામોશ, અને ઉદારતા! ચેલાઓ કે ભાઇ ઉપર ગુસ્સો નથી કરતો. તમને એમ થતું હશે કે-'આટલો કિંમતી રસ ઢોળી આવે એના પર ગુસ્સો ન આવે ?' પણ એ પરિસ્થિતિ જુએ છે કે-'મેં તો ચેલાઓને રસ ભાઇને આપીને જ આવવા કહ્યું હતું એટલે સ્વાભાવિક છે કે એ ત્યાં સોંપી જ દે; ને પછી તો ભાઇએ જેમ કહ્યું તેમ કરે એમાં એમનો શો દોષ ? એમણે તો મારા કહ્યા પ્રમાણે કર્યું', તો મારે એમનો વાંક શી રીતે ગણવો ? તેમ ભાઇએ પણ રસ કિંમતી તરીકે ન સમજવાના કારણે ઢોળાવી દીધો હોય, એમાં ભાઈ પર પણ શો ગુસ્સો કરવો ? અને ત્રીજી વાત, રસ ઢોળાઇ જ ગયો છે, હવે એ ન ઢોળાયો થવાનો નથી, બીજો રસ હજી પાસે છે, પછી ધમધમાટ અને વલોપાત શા માટે કરવો ?'

—: આવેશના અનર્થ :—

પરિસ્થિતિનો અભ્યાસ કરવામાં આવે તો કેટલાય ઉકળાટ અને વલોપાત શાંત થઇ જાય એમ હોય છે, પરંતુ આવેશ એવી ભૂંડી ચીજ છે કે એ પરિસ્થિતિ પર વિચાર જ નથી કરવા દેતો ! એટલે જ,

આવેશના માર્યા માણસો કેટલાય કામ બગાડી નાખે છે. ત્યારે આવેશને બદલે ખામોશ ધરનારા જય અને જશ પામે છે. કહોને,

વેપારી ઘરાકના શબ્દ પર આવેશમાં આવી જાય તો સોદો થવાની અને સારા વેપારી તરીકે પંકાવાની આશા કે ખામોશ ધરે તો આશા ?

વડિલ વારંવાર આવેશમાં આવે તો કુટુંબ એના પર પ્રેમ અને બહુમાન ધરે કે ખામોશ રાખે તો ધરે ? એમ,

કયા ગુરુ પર શિષ્ય સમુદાય પણ બહુમાન ધરીને સેવામાં રહેશે, આવેશવાળા ગુરુ પર કે ખામોશવાળા ?

આજે ય કેટલાય વેપારી, કેટલાય વડિલ અને કેટલાય ગુરુ આવેશના કારણે અપ્રીતિપાત્ર બન્યાના દૃષ્ટાન્ત મોજૂદ છે. પછી ભલે એ મનમાં સમજી બેઠા હોય કે-' અમે તો ચોકખું કહેનારા છીએ, એ બીજાને ન ગમે અને અમારી સેવા ન કરે તો અમને ચિંતા નથી. બાકી ચોકખું કહેવાથી એ ન સુધરે તો એમનાં ભાગ્ય !' આવેશ કેવા દુરાગ્રહમાં લઇ જાય છે ! એમને સેવા ન મળે એની ચિંતા નથી. એનો અર્થ શું એ કે જે ખામોશ રાખીને સન્માર્ગે પરિવારને સાચવે છે એ બધા સેવાના ભૂખ્યા, એમ ને? તેમ ખરું કહીએ ને ન ગમે એમાં એકલો સાંભળનારનો જ દોષ, એમ ને ? એમને ખબર નથી કે,

સોનાની પણ લગડી ઇનામમાં દેવી હોય તો અગ્નિમાંથી કાઢેલી ધગધગતી હાથમાં ન અપાય. તેમ ખરું પણ કહેવું હોય, છતાં આવેશના ધખારા સાથે ન કહેવાય.

ઘણું ય સારું કથન આવેશના પાયા પર કહેલું સામાને અકારું લાગે છે, નકામું જાય છે. એટલું જ નહિ પણ વિખવાદ વધારે છે.

ખરું જોતાં તો સાચું સમજેલું ખામોશને જરૂર રખાવે; કેમકે સાચી સમજમાં એ પણ વસ્તુ આવે છે કે આ ખરી વસ્તુ કિંમતી છે અને તેની કિંમત બધાને ન સમજાય, તો ન સમજનાર અજ્ઞાન પર આવેશ શો કરવો? બોલાયેલા શબ્દની ભીંત કે પશુ નથી સમજતું, તો શું એના પર આવેશ આવે છે? ના. બસ ત્યારે અજ્ઞાન માનવી પર આવેશ શા માટે કરવો? કહે છે કે-'અમારી સેવા ન કરે કે પ્રેમ ન ધરે એની અમને ચિંતા નથી,' પરંતુ એ જોવા પુરસદ નથી કે તમને વધારે સમજુ અને પુણ્યશાળીપણાના હિસાબે અધિકારીપણું મળ્યું તો તમારી તો એ ફરજ છે કે નાનાઓ કેમ સુધરે, કેમ સન્માર્ગે પ્રગતિ કરે. તમારા ખોટા આવેશથી એ આઘા જાય અને એનું બગડે, તેમાં તમે માનો કે મારે કોઇ ચિંતા નથી, તો વડિલપણું કે ગુરુપણું લીધું જ શા માટે? અને મોટા તરીકે તમારા હિલમાં ભાવદયા કેટલી? દયાળુ ડાકટરને ઓપરેશન કરવું હોય તો તેને ય પહેલાં બથર, કલોરોફોર્મ વગેરે વાપરવા પડે છે, જેથી ઓપરેશનથી કોઇ દુઃખાય ન ઊઠે. ત્યારે શું અહીં તેવી કોઇ જરૂર નહિ? પોતાના આવેશમય સ્વભાવને કારણે પરિવારનો સદ્‌ભાવ ઉઠી જાય, પ્રેમ તૂટી જાય અને પછી એ બગડે, ઉદ્ધત થાય, એની તો દયા આવવી જોઇએ. પણ **આવેશ ચીજ જ ભૂંડી કે દયાના સ્થાને દ્વેષ કરાવે.**

જેના હૃદયમાં ભારોભાર દયા ભરી હોય એનાં હૈયાં તો એટલા મૃદુ અને મીણ જેવા ઓગળી જનારાં હોય કે સામાની ભૂલ પર દયાના ભરપૂર ઝરણાં વહે; એમ થાય કે-'અહો! આ બિચારો કર્મની પરવશતાએ આવી ભૂલ કરે છે, તો એને હું સાવચેતીથી કેમ બચાવી લઉં!' (ક્રમશઃ)

—: સૂચના. :—

પૂજ્ય મુનિરાજોએ શિરનામાની હેરફેરી જણાવવા કૃપા કરવી, જેથી અંક ગેરવલ્લે જાય નહિ.

—: જલદી નોંધાવી દો. :—

પ્રકાશકીયઃ-પરમતેજ અરિહંત પરમાત્માના ભકતને એમની અનેકવિધ વિશિષ્ટતાઓનો અને અસર્વજ્ઞની મહાન ન્યુનતાઓનો સુન્દર ખ્યાલ આવે, તેમજ જૈન દર્શનના તત્ત્વોનાં પરમતેજનો અદ્‌ભુત બોધ મળે એવું શ્રી લલિતવિસ્તરા ગ્રન્થનું વિસ્તૃત વિવેચન તૈયાર થઈ રહ્યું છે. અર્હદ્‌ભકતને એના વિના ચાલી શકે નહિ. કુટુંબ, મિત્રમંડળ, વગેરેમાં પણ ખૂબ ઉપયોગી અને આવશ્યક આ ગ્રન્થની કોપીઓ જલદીથી નોંધાવી દેવા અને પહેલા ભાગની દરેક કોપી દીઠ રૂા. ૫) કાર્યાલયે પહોંચતા કરવા વિનંતિ છે.

—: સુવાકય. :—

******

× પુણ્ય વિના કોઈને પણ ચાલ્યું નથી. જીવની મુસાફરી પાર કરવા માટે ભાતા સમાન પુણ્યની પણ જરૂર છે. કોઇ કહે છે કે મારે એકલા શુધ્ધનું જ કામ છે, પુણ્યની શી જરૂર છે, પણ તે બોલવા માત્રમાં જ સુંદર છે. વ્યવહારમાં પુણ્ય વગર ચાલતું નથી. ઉત્તમ મનુષ્યભવ શાથી મળે છે? સુંદર સાધન-સામગ્રી શાથી પ્રાપ્ત થાય છે? બધી ઉત્તમોત્તમ સાધન-સામગ્રી જે તત્ત્વથી મળે તે પુણ્ય-તત્ત્વ છે. આ વાત બાસ કરીને મનુષ્ય જ સમજી શકે છે. સાત રાજ ઊંચે આવ્યો તેમાં પુણ્યની જ સહાય છે, નવકાર-મંત્રની પ્રાપ્તિ થઈ તેમાં પુણ્યનો જ પ્રભાવ છે. જે મંત્રને દેવ અને દાનવો ગણે છે તે જ મંત્ર આજે આપણને મળ્યો છે.

મુદ્રક : ચંદ્રકાન્ત રતિલાલ શાહ. (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીના બકાલા માણેકચોક, અમદાવાદ. ત્યાંથી છાપી પ્રસિદ્ધ કર્યું

દિવ્યદર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ-૭, અંક-૧૭
બચુભાઇ ચીમનલાલ ઝવેરી મુંબઇ શાખા : ૧૬૭-૬૯, કીકા સ્ટ્રીટ. શનિવાર તા. ૧૦-૧-૧૯૫૯.

તંત્રીસ્થાનેથી:—

—: રતલામ-મંદિર અંગે જ્વલંત ચુકાદો. :—

'શાંતિનાથ મંદિર માત્ર જૈનોનું છે ○○ મંદિર નથી સરકારનું કે નથી તો હિન્દુઓનું. ○○ શિવમૂર્તિ ઉખેડવાના આરોપમાંથી જૈનસાધુ અને શ્રી નેમીચંદનો છૂટકારો. ○○ રતલામ મંદિરમાં કયારે પણ શિવલિંગ હતું નહિ —'

એ. ડી. એમ. શ્રી કીર્તનેનો ચુકાદો.

ઇંદૌર ૨૨ ડીસે૦ આજે ઇંદૌરના અતિરિક્ત જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી કીર્તનેએ રતલામ શિવલિંગ પ્રકરણનો ચુકાદો સંભળાવતા આરોપી શ્રી નેમીચંદ કસબાને ધારા ૨૯૫ ભા૦ દં૦ વિ૦ ના આરોપમાંથી નિર્દોષ જાહેર કર્યા.

પોલીસ તરફથી ઘટના આ પ્રમાણે બતાવવામાં આવી કે જૈન સાધુ શ્રી માણેકવિજય મહારાજ, જેઓ નાસી ગયા એમ કહેવાય છે અને નેમીચંદ કસબાએ અગરજી શાંતિનાથ જૈન મંદિરમાં સ્થાપિત શિવલિંગનું અપમાન કરીને અને અપમાનજનક શબ્દ કહીને તા. ૧૪-૯-૫૪ ના દિવસે ગભારામાંથી ઉખેડીને ફેંકી દીધું. એના પર પોલીસે સનાતન ધર્માવલંબીઓની ધાર્મિક ભાવનાઓને ધક્કો પહોંચાડવાના અપરાધ અંગે ધારા ૨૯૫ મુજબ આરોપીઓની અટકાયત કરી.

વિદ્વાન ન્યાયાધીશે પોતાના ૨૧ પાનાના ચુકાદામાં સરકાર તરફથી રજૂ થયેલા સાક્ષીઓ અને દસ્તાવેજોનું પૃથક્કરણ કરતાં નીચે પ્રમાણે નિર્ણય કર્યો:—

(૧) શ્રી શાંતિનાથજી જૈન મંદિર સરકારી માલિકીનું નથી.

(૨) ઉક્ત મંદિર ફકત જૈન-મંદિર છે.

(૩) આ મંદિરમાં શિવલિંગ કદી હતું જ નહિ.

(૪) આરોપીઓએ કોઇ ગુન્હો કર્યો નથી.

ઉપરોકત મુદ્દાઓ ઉપર આ પ્રમાણે ચુકાદો આપતાં વિદ્વાન ન્યાયાધીશે લખ્યું કે— 'શ્રી કિશનસિંહ માફીસર ખુદ મંજૂર કરે છે કે આ મંદિરનું રિપેરીંગ અને સારસંભાળ સરકાર કરતી નથી. સરકાર તો માત્ર નિમણુંક કરે છે. આ મંદિરમાં શિવલિંગ સ્થાપિત થયાની અને શિવપૂજન હોવાની કોઈ નોંધ સરકાર પાસે નથી. નવેમ્બર સન ૧૯૫૪માં

શિવલિંગ પ્રકરણ ઉઠવાથી મારી ઓફીસર જ્યાં ત્યાં પત્ર-વ્યવહાર કરતા પૂછતા રહ્યા પણ સરકાર પાસે કોઈ નોંધ મંદિર સરકારી હોવા બાબતની છે નહિ ઉલટું રતલામ સરકારી ગેઝેટ એકજી. ૧૧; ૧૯૪૭ થી સ્પષ્ટ છે કે આ મંદિર સરકારી કોઇ કાળે નથી.'

શ્રી કિશનસિંહે આ પણ મંજૂર કર્યું છે કે દસ્તાવેજ ડી. ૧૫ તા. ૨૦-૧૧-૫૨થી આ સ્પષ્ટ છે કે આ તારીખ સુધી ઉક્ત મંદિર સરકારનું નહોતું અને પહેલીવાર જ ૧૯૫૨ માં આ મંદિરને સરકારી કહેવાયું.

વળી શ્રી કિશનસિંહ આ પણ કબૂલ કરે છે કે જેવું એકજી. ડી. ૩૮ થી સ્પષ્ટ છે કે કોર્ટ ઓફ વોર્ડસનો આ મંદિરમાં હિસાબ-કિતાબ જોવા સિવાય કોઇપણ જાતનો હસ્તક્ષેપ નહોતો. શ્રી કિશનસિંહને આ પણ મંજૂર છે, કે કોર્ટપણ એકજી. ડી. ૨૬ અનુસાર આ મંદિરનો કોર્ટ ઓફ વોર્ડથી સંબંધ તૂટી પણ ગયો હતો.

આ વાત પણ માને છે કે સન ૧૯૦૫થી આ મંદિરની આવક સરકારમાં જૈનોએ સ્વયં અરજી આપીને જમા કરવાની ભલામણ કરી હતી કે મંદિરની આવક ખજાનામાં જમા કરાય, કેમકે તેઓ (જૈનો) પ્લેગના કારણે રતલામ શહેર છોડીને બહાર જઈ રહ્યા છે.

શ્રી કિશનસિંહ આ પણ માને છે કે આ મંદિરનો કે મૂર્તિઓનો કે એની મિલકતનો અને વ્યવસ્થાનો અધિકાર રતલામ સ્ટેટે મ૦ ભા૦ ને કયારે પણ આપ્યો ન હતો, અને ન તો કોઇ બજેટ પાસ થયું. આ બધી વાતોથી આ સ્પષ્ટ છે કે આ મંદિર સરકારી નથી.

આ મંદિરનો કબ્જો પણ સરકારી નહોતો. જેવું કે એફસી. ડી. ૧૨ તા. ૨૩-૧૧-૫૪ થી સ્પષ્ટ છે. સરકારે તા, ૨૩-૧૧-૫૪ ના દિવસે આ મંદિર પર કબજો કર્યો અને કબજો કરતી વખતે કલેકટરે માગી ઓફીસર પાસે જ્યારે મંદિરના જૂના ઉલ્લેખો માગ્યા ત્યારે તેમણે લખ્યું કે તેમની પાસે તેવા કોઇ ઉલ્લેખ-નોંધ નથી અને એના વગર પણ ઉક્ત તારીખે મંદિરનો કબજો કરવા આદેશ આપી દીધો. સરકાર પાસે આ મંદિરની મિલકત અંગે પણ કોઇ દસ્તાવેજ નથી અને માગવા છતાં પણ કોર્ટ ઉલ્લેખ રજૂ કર્યો નથી.

આ મંદિર હિન્દુઓ અને જૈનોનું સંયુકત મંદિર નથી. આ ફકત જૈન-મંદિર છે જૈન-મંદિરમાં શિવલિંગનું હોવું એ અસંગત અને અસંભવિત વાત છે.

સન ૧૭૬૦ ના લખાણથી પણ સ્પષ્ટ છે કે આ એક માત્ર જૈન મંદિર છે. વિદ્વાન ન્યાયાધીશે જૈન અને હિન્દુ ધર્મના સિદ્ધાન્તોનું પૃથક્કરણ કરતાં કહ્યું કે આ બન્ને ધર્મોના મૂળ સિદ્ધાંતો જુદા છે.

સામા પક્ષનું આ કથન છે કે આ મંદિર સરકારી અને હિન્દુ તથા જૈનોનું સંયુકત મંદિર છે. આ કથનને વિદ્વાન ન્યાયાધીશે નામંજૂર કર્યું. એમણે શિવલિંગના વિષયમાં સ્પષ્ટતા કરતાં લખ્યું છે કે-'શિવલિંગને પૂજારી રઘુનંદને જ લિંગ નહિ પરન્તુ શંકર ભગવાનની આખી મૂર્તિ હોવાનું બતાવ્યું છે, અને સાક્ષી ચંદ્રમલ એ જ મૂર્તિને લિંગ કહેતાં જૈન પ્રતિમાને બતલાવે છે. એ જ પ્રમાણે આ વિષયમાં પોલીસની સાક્ષીઓમાં ઘણો વિરોધ છે કે સ્થાપિત શિવલિંગ પૂર્ણ પ્રતિમારૂપે હતું કે શિવલિંગ માત્ર. શિવલિંગની કહેવાતી ચોરીના અપરાધમાં પણ પોલીસે કોઈ પૂરાવો નહિ આપ્યો, એટલે આ બધી વાતો બનાવટી લાગે છે.'

શિવલિંગનું અપમાન અને ખસેડવા બાબત જે જે લોકોએ અરજી આપી તેમાંથી એકપણ વ્યક્તિને કોર્ટમાં હાજર કરવામાં આવી નથી.

રઘુનંદન અને જગન્નાથની સાક્ષીને વિદ્વાન ન્યાયાધીશે ખોટી ઠરાવી છે. એ જ પ્રમાણે ૨ મનારાયણની સાક્ષીને પણ વિશ્વસનીય ગણી નથી. વિદ્વાન ન્યાયાધીશે આ વાત પર આશ્ચર્ય પ્રગટ કર્યું કે રતલામ જેવા મોટા નગરમાંથી એક પણ સંભાવિત વ્યક્તિને આ વાત કહેવા માટે હાજર કરવામાં નથી આવી કે આ મંદિરમાં શિવલિંગ હતું. એવી રીતે સબઇન્સ્પેકટર શ્રી ચતુર્ભુજ શર્મા દ્વારા બનાવેલું મૂર્તિઓ બાબત પંચનામું પણ વાસ્તવિકતાથી વિરુદ્ધ ઠરાવવામાં આવ્યું છે.

(અનુસંધાન પાન ૧૩૬ મા પર)

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના** પટ્ટાલંકાર
સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના** વિદ્વાન શિષ્યરત્ન
પૂ. ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.

સંસારની જડ. (ચાલુ)

અતિચાર એ દૂષણ શાથી ?:—

શ્રાવકનું પાંચમું વ્રત, પરિગ્રહ પરિમાણવ્રત. પરિગ્રહનું પરિમાણ કરવાનું, તેમાં પરિગ્રહ ધન. ધાન્ય વગેરે નવવિધ, નવ પ્રકારે હોય છે. કયા કયા પ્રકાર ? ધન, ધાન્ય, જમીન, મકાન, ઘરવાખરી, સોનું રૂપું, બીજી ધાતુઓ, દાસદાસી, ઢોર. આ યાદ રાખવા માટે સ્મૃતિ ખુટ્ટી નથી, પણ અનભ્યાસે ધર્મની સૂક્ષ્મતામાં તે કામ નથી આવતી, કેમ ખરું ને ? છતાં ય નવ પ્રકાર યાદ ન રહે, ન ફાવે, તો બધી મિલકતની ભેગી કિંમત આંકીને એના મર્યાદિત પરિમાણનો એક આંકડો નક્કી કરો; એ રીતે પણ પરિગ્રહનું પરિમાણ કરો. પરિગ્રહ પરિમાણવ્રતના પાંચ અતિચાર કહ્યા છે, એ તજવાના. દરેક વ્રતમાં અતિચાર તજવાનું કારણ, મનની ચોરી છે. મન ચોર છે. એક બાજુ કલ્પના મુજબ ચાલે અને પાછું માને વ્રત પળાયાનું. વ્રતના નિયમ મુજબ પાપ નથી, પણ મનની ચોરી એ પાપ છે. માનો કે એક લાખનો પરિગ્રહ કર્યો, તેટલું પરિમાણ રાખ્યું અને બજારમાં ફાવ્યા, થયા દોઢ લાખ, હવે ત્યાં પોતે વધેલા અડધો લાખ પર હાવો ન ધરાવે, અને પરમાર્થમાં, સાત ક્ષેત્રમાં, અધિક હોય તે ખર્ચી નાખે તો તો ઠીક; પણ માનો કે, એમ થાય કે-આવેલા જતા કરવા નથી અને વ્રત ભાંગવું નથી તો શું થાય ? ત્યાં મનની ચોરી કામ કરે છે. વધારાના અડધો લાખ છોકરાના નામે કરી નખાવે છે.

પ્ર૦—અતિચાર એ દંભ નથી ?

ઉ૦—ના, એકાંત નથી, અતિચાર એ આત્માની શિથિલતા છે, નબળાઇ છે, અને વધે તો દંભ પણ થાય; ને વાત આગળ વધે તો અનાચાર થાય, યાને વ્રત પણ જાય. શ્રાવકને જાતે ન કરવાનું એક વિધ પચ્ચક્ખાણ છે, મન-વચન-કાયાથી હોય તો એક વિધ ત્રિવિધ. હવે પોતે છોકરાના નામે કરે એટલે વ્રતનો ભંગ નથી, કેમકે નિયમ રાખવા અંગે છે, રખાવવાને અંગે નથી. તો પ્રશ્ન થશે,

પ્ર૦—તો પછી અતિચાર એ દૂષણ શાથી ? વ્રત તો પળે છે પછી અતિચાર શાથી ?

ઉ૦—આવા અતિચારના મૂલમાં અજ્ઞાન કામ કરે છે પત્ની અગર દીકરાના નામે પચાસ હજાર કરે છે એ વાત ખરી, પણ અંતરમાં એક ખૂણે એવી અપેક્ષા રહી છે કે, 'કદાચ જરૂર પડી તો વ્યવસ્થા કરનાર તો હું બેઠો જ છું ને ? અવસરે સહી કરાવી કામ કરાવી શકાશે' આથી અતિચાર એ દૂષણ છે. દા. ત. દેવાળું કાઢે ત્યારે બૈરીના નામે ચડાવે, મનમાં શું ? "બૈરી મારી છે ને ? ખપ પડે એની સહી કરાવી લઇ લેવાશે." દેવાળાના પ્રસંગની જેમ વ્રતના પ્રસંગમાં પણ સમજવું. આ વખતે, આવી વિચારણા વખતે, વ્રત પાસે જોખમ લઇ જઇ રહ્યાનો એને ખ્યાલ પણ નથી હોતો.

સભામાંથીઃ—પરિમાણ રાખ્યું એટલા પૈસા થયા પછી બિઝનેસ કરાય ?

ઉ૦—પરિગ્રહ ને આરંભ-સમારંભને પાપ માનેલ છે; એ સર્વથા ટળતા નથી એટલે પરિમાણ કર્યું. એટલા થયા, પછી જે રીતે માને છે તે બરોબર માનતો હોય તો બિઝનેસ શા માટે કરે ? એમાં ય વિચારણા છે. પછી લોભ ન હોય, વધારવાના કોડ ન હોય, પરંતુ ચાલુ ખરચા કાઢવા વેપાર ચાલુ રખાય એમ પણ બનતું હોય. ત્યાં આપણે વ્રતનો ભંગ ન કહી શકીએ. પરિગ્રહનું પરિમાણ-વ્રત જુદી વસ્તુ છે, ને આરંભ-સમારંભના વેપારથી ડરી એ ઓછા કરવા એ જુદી વસ્તુ છે.

અતિચાર એ વ્રતરૂપી ઉંદરી માટે બિલાડારૂપ છેઃ—

અતિચાર એ વ્રતભંગ નથી પણ વ્રત માટે બિલાડારૂપ છે. અતિચાર લગાડવો એટલે વ્રતરૂપ ઉંદર સામે બિલાડાને રાખવા જેવું છે. બિલાડાથી ઉંદર ગભરાય, ઉંદરથી બિલાડો ન ગભ-

રાય. વ્રતથી અતિચાર ન ગભરાય, અતિચારથી વ્રત ગભરાય. પરિસ્થિતિ તપાસજો. આ સમજાય તો, ભયમાં રહેલ વ્રતના સચોટ પાલનની ધગશ રહે અને એવી ધગશવાળો અતિચાર ન લગાડે. વ્રત સચવાય એમ માની દોરી ઢીલી મૂકાય, લાલસા પોષાય તો અતિચાર લાગે એટલે કે વ્રતની સામે બિલાડો ઉભો કર્યો. બિલાડાથી ઉંદરનું લોહી શોષાય. પરિગ્રહ-પરિમાણ-વ્રત એ લોહી છે, શુદ્ધ લોહી છે કેમકે તે સર્વથા નિષ્પરિગ્રહી બનવા માટે છે, ત્યાં લાલસા એ બિલાડો છે. એ લોહીને સૂકવે છે.

પ્ર૦— દિકરાને વહીવટ સોંપી દે તો પછી દોષ ખરો ?

પોતે દિકરાને વહીવટ સોંપે પણ અંદરખાને અપેક્ષા હોય તો દોષ છે જ

લાલસા છૂટે છે કયાં ?:—

લાલસા છૂટે છે કયાં ? દિકરાને ભળાવે તો ય વળગણ રાખે છે. મનમાં વિચારે છે, 'હજી દિકરો બિનઅનુભવી છે, આવડત નથી, પગભર થાય પછી છૂટાય,' તો શું થાય ? પોતે પરિગ્રહને પાપ માની છોડયું પછી અપેક્ષા શા માટે ? 'દિકરો પુણ્યથી મળ્યો છે, એ પુણ્યશાળી હશે તો એના પુણ્ય પ્રમાણે એ સાચવશે, રળશે,' આમ વિચારી અલિપ્ત રહે તો વ્રતમાં અતિચાર ન લાગે. દુનિયાના હિસાબે ય દિકરા પ્રત્યે માબાપની ફરજ કેટલી ? મોટો કરવા જેટલી. આ તો પોતાના મોંથી લાળ પડે છે, ધણું દીધું તો ય મમતા ટળતી નથી. વિચાર નથી આવતો કે પોતાને કાળ ઉપાડી લેશે તો દિકરાને કોણ શીખવશે ? દુનિયામાં ય જુઓ છો ને કે માણસને માથે પડે એટલે એ હુશિયાર થાય. દેખરેખ રાખનારા હોય ત્યાં સુધી દિકરો હોશિયાર ન થાય. આમ વિચારી વહેલામાં વહેલી તકે દિકરાને ભળાવી નિવૃત્તિ લેવાય તો કામ થાય.

શ્રી જિનશાસનની પ્રણાલિકા :—

એવા ધર્મી ભડવીર શ્રાવક હોય છે કે જે પોતાની પાસે લાખની મિલ્કત હોય એમાંથી પોણો લાખ પરમાર્થમાં ખરચે અને પા લાખ દિકરાને આપે. દિકરા પર દ્વેષ દયા છે તેમ નથી, દિકરો પણ વિનીત છે. શ્રી જિનેશ્વરદેવના શાસનના તત્ત્વને સમજનારો દિકરાને સાધન જેટલું, ઉપરાંત કંઈક વધારે આપે. કેમકે બધું પાપ દિકરાને સોંપવાની પ્રવૃત્તિ અને તેની પાછળની અનુમોદનાની પ્રણાલિકા શ્રી જિનેશ્વરદેવના શાસનમાં શાની હોય ? પરિગ્રહને પાપ મનાય તો આ વાત જચે; અન્યથા ન જચે.

સો રૂપિયાની નોકરીની ઓફર:—

પેલો ત્રીશ લાખનું પરિગ્રહ પરિમાણ કરનારો યુવક કલકત્તે ગયો છે. અગિયાર રૂપિઆમાંથી સોની નોકરીની ઓફર થઈ છે. તેણે યુરોપિયનને ચાર વાગ્યાનો વાયદો કર્યો હતો. અહીં દુકાન પર શેઠ આવ્યા એટલે એણે રજા માગી, કારણ પૂછતાં સોની નોકરીની વાત કરી, એટલે શેઠ બોલ્યા:

'આ તો કલકત્તા ! કોક લોભ બતાવીને ખોસી ધાલશે !'

એક નિયમ છે કે સાચી પણ વાત સ્વાર્થની વાસનાવાળી હોય તો તેની અસર ન થાય. હિતની વાતની અસર કરાવવી હોય તો તેમાં સ્વાર્થની વાસના સંકળાયેલી નહિ જોઈએ. બાપ કહે, 'તું મારો છોકરો અને મારું અપમાન કરે ?' પણ જો તેમાં બુદ્ધિમાનના સ્વાર્થની છે, તો અસર ન થાય. પણ એમ કહે કે—'જો ભઈ! તું મારું અપમાન કરે છે એનું દુઃખ નથી, હું કેટલું જીવવાનો છું, પણ તારી આ આદત તને હેરાન કરશે,' આની અસર થાય.

પેલા યુવકે શેઠને કહ્યું, **'જે કપાળના ભરોસે કલકત્તા આવ્યો હતો તે જ કપાળના આધારે સો આપનારને ત્યાં જઇશ.'** શેઠે રજા આપી, પગાર ચૂકવી આપ્યો. પેલો ચાર વાગે, યુરોપિયન આવ્યો, તેની સાથે ગયો. યુરોપિયન તેને શું કામ સોંપે છે, નસીબ કેમ ખીલે છે. ત્રીશ લાખની વાત કેમ સાચી પડે છે, એમાં એ શું કરે છે વગેરે હવે આગળ જોવાનું છે.

શ્રાવક પાછો પડે એમાં ય નિર્જરા કરે:—

કલકત્તા ગયેલો પેલો યુવક જેને ત્રીસ લાખનું પરિગ્રહપરિમાણવ્રત છે, એ યુરોપિયનને ત્યાં સો રૂપિયાના પગારે નોકરી રહ્યો છે, એ યુરોપિયન એની પાસે શું કામ લે છે ? એ કહે છે, 'જુઓ! મારે મજૂરી નથી કરવાની. તાકા લેનારા-મૂકનારા-ઉપાડનારા તો ઘણા છે. તમારે તો કયો માલ લેવો, શાના

દિવ્યદર્શનની પૂર્તિ

શ્રી કુંભોજગીરી તીર્થમાં નવી ધર્મશાળાનું થયેલું ભવ્ય ઉદ્‌ઘાટન.

કોલ્હાપુરથી ૨૦ માઇલ દૂર શ્રી કુંભોજગીરી-તીર્થની તળેટીમાં શ્વેતાંબર જૈનભાઇઓ તરફથી આશરે બે લાખ રૂપિયાના ખર્ચે એક ભવ્ય ધર્મશાળા બંધાઇ છે. તેના ઉદ્‌ઘાટન માટે કમીટીની વિનંતિથી અમદાવાદ નિવાસી શેઠ શ્રી રતીલાલ નાથાલાલ તથા તેઓશ્રીની મંડળી તા. ૧૪મીએ કોલ્હાપુર પધારતાં; શાહુપુરી, લક્ષ્મીપુરા, ગુજરી વગેરેના જૈનોએ એકત્રિત મળીને સેંકડો હારતોરાથી તેઓશ્રીનો ભવ્ય સત્કાર કર્યો. શ્રી કુંભોજગીરી પધારતાં પણ બેન્ડ, હારતોરાથી વધાવી લીધા હતા. માગસર સુદ ૫ ને તા. ૧૫મીની સવારે સ્નાત્ર-મહોત્સવ, શાંતિકળશ વગેરે વિધિપૂર્વક સંઘમાં ભારે આનંદ વચ્ચે ધર્મ-શાળા ખુલ્લી મુકાયેલી જાહેર કરાવાઇ. પછી શણ-ગારેલ વિશાળ મંડપમાં પૂજ્ય ગણિવર શ્રી મુક્તિ-વિજયજી મહારાજની નિશ્રામાં ઉપધાન-તપમાં પ્રવેશ કરાવવાની ક્રિયા થઇ હતી. ૨૮૦ ભાઇ-બહેનો આ સુડતાલીસ દિવસના તપ અને અનુષ્ઠાનની ક્રિયામાં જોડાયા છે. એજ વિશાળ મંડપમાં ક્રિયા પૂરી થયા પછી ૧૧ વાગે શેઠ શ્રી રતીલાલ નાથાલાલ શેર-દલાલ વગેરેનું જાહેર સન્માન કરવાનો મેળાવડો થયો હતો. આ પ્રસંગે સભામાં તપસ્વી ભાઇ-બહેનો ઉપરાંત વિશાળ મેદની હાજર હતી. પ્રારંભમાં પ્રાર્થના અને સ્વાગતનું મધુર ગીત ઉત્સાહી યુવાન શ્રી સેવંતિલાલ ચતુરભાઇ શાહ બેલગામવાળાએ ગાયું હતું. ત્યાર પછી શેઠ શ્રી ઉત્તમચંદ આનંદમલ સમદ-ડીયાએ પ્રમુખસ્થાન લીધું હતું. સ્વાગત પ્રમુખ શેઠ શ્રી ચતુરભાઇ નગીનદાસે સર્વેનો આભાર માની પ્રમુખ-શ્રીની ઓળખાણ આપતા જણાવ્યું હતું કે-'મહા-રાષ્ટ્રવાસીઓ તેમના પિતા આનંદી રામજીની ધર્મ શ્રદ્ધા અને સંઘસેવાથી સુમાહીતગાર છે. શેઠ ઉત્તમ-લાલે પણ આ ધર્મશાળા માટે સ્થળે સ્થળે ફરીને ફંડ કરવામાં સારી મદદ આપી છે.' ત્યાર પછી શેઠ રતીલાલની ઓળખાણ આપતાં તેમણે જણાવ્યું કે તેઓ ખૂબ ધર્મપ્રેમી અને સ્પષ્ટ વક્તા છે, વળી તેઓને અગીયારસોથી વધુ આયંબીલ એકાંતરે થયાં છે. આ સિવાય બીજી તપશ્ચર્યાઓ, ધ્યાન વગેરે તેમના જીવનમાં ચાલુ છે, વળી તેઓ ૧૦૪ વર્ષના વયોવૃદ્ધ આચાર્યદેવ શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના ભક્ત છે અને તેઓશ્રીની સંમતી મેળ-વીને અત્રે પધાર્યા છે. ત્યારબાદ આ પ્રસંગે આવેલા શુભેચ્છાના સંદેશાઓનું વાંચન શ્રી નરેન્દ્રકુમાર બાબુભાઇ પરમારે કર્યું હતું જેમાં મુખ્ય શ્રી દેવ-ચંદભાઇ છગનલાલ એમ. એલ સી. તથા પુના સંઘ, કોલ્હાપુર કોરપોરેશન, શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ, શેઠ રમણલાલ વજેચંદ તથા શેઠ ભોગી-લાલ મગનલાલ ભાવનગરવાળા, ફેવરીટ વોચવાળા શેઠ છોટાભાઇ, તથા અડોની, મસુર, સાંગલી, કરાડ, મદ્રાસ, પુના કેમ્પ, મુંબઇ વગેરે અનેક સ્થળોએથી સેંકડો તારો અને પત્રો શુભેચ્છાના આવ્યા હતા. શેઠ દેવચંદભાઇને દીલ્હી જવાનું એકાએક થવાથી પ્રમુખસ્થાન લેવા માટે તેઓ આવી શકયા નહોતા; જેથી તેમને શુભેચ્છાનો વિસ્તૃત લેખીત સંદેશો મોકલી આપ્યો હતો. સંદેશાઓના વાંચન થયા પછી જાણીતા કાર્યકર્તા અને ધર્મસેવક શ્રી ચીમન-લાલ કેશવલાલ કડીયાએ બોલતાં 'પ્રથમ આ તીર્થના સ્થાપક અને ઉદ્ધારક શેઠશ્રી કુંવરજી મલુકચંદ, તથા શેઠ રાવજીભાઇને યાદ કરી સ્વર્ગસ્થોને ભવ્ય અંજલિ આપી હતી. અને આ ધર્મશાળાની રચના અને ફંડ માટે અનેક સ્થળોએ મહારાષ્ટ્રમાં જવાનું થતાં શ્રી સંઘોએ જે ઉમળકાભર્યો જવાબ આપ્યો હતો

તેનો ખ્યાલ આપ્યો હતો. વધુમાં જે વિચાર પોતાને આ ધર્મશાળા માટે થયો હતો તે દેવગુરુ-ધર્મની કૃપાથી આજે મૂર્તિમંત સફળ થયેલો જોઇને તેઓએ અત્યંત હર્ષ પ્રગટ કર્યો હતો.' કોલ્હાપુરવાળા શ્રી ઇન્દુમલજી રાઠોડે ધર્મશાળાની આવક-જાવકનો હિસાબ રજુ કર્યો હતો. તે ઉપરથી બોલતાં શ્રીયુત કડીયાએ જણાવ્યું કે, 'રૂા. ૧૦,૦૦૦ હજુ તૂટે છે. અને ૫ થી ૭ હજારનું કામ બાકી છે. પરંતુ કેટલાક ભાઇઓએ લખાવેલ રૂપીઆ ૧૬,૦૦૦ની રકમ આવવાની બાકી છે. તે ભાઇઓ હવે લખાવેલી રકમ તરત મોકલી આપશે એવી આશા વ્યકત કરી હતી. છતાં યે કાંઇ ખૂટતું રહેશે તો કમીટી તે શ્રી સંઘ સમક્ષ રજુ કરશે. હવે આ ભવ્ય અને રમણિય ધર્મશાળાનું સારામાં સારો ઉપયોગ કેમ થાય એ માટે કમીટીએ વિચારવાની જરૂર છે. અત્રે બાજુમાં દિગમ્બરભાઇઓએ વિશાળ મકાનો બાંધ્યા છે. ૨૮ ફુટની ઊંચી પ્રતિમાજી તેઓ લાવ્યા છે. અને અહીં પધરાવવાના છે. સરકાર માન્ય હાઇસ્કુલ તેઓ ચલાવે છે. અહીં કુદરતી સુરમ્ય વાતાવરણ છે. તીર્થની પવિત્રતા છે. હાઇસ્કુલમાં શ્વેતાંબર સમાજના કેટલાક વિદ્યાર્થીઓ ભણે છે અને વિશેષ ભણવા આવવાનું સંભળાય છે. હવે ધર્મશાળાની પણ સુંદર સગવડ થઇ છે. તેથી યાત્રાળુની સંખ્યા પણ વિશેષ પ્રમાણમાં વધશે એ ચોક્કસ છે. અને કેટલાકો તો અત્રે દિવસો સુધી રહીને પ્રભુભક્તિ કરીને શાંતિ મેળવશે. આ બધી પરિસ્થિતિનો વિચાર કરતાં આપણે ભોજનશાળા જોઇશે એમ મને લાગ્યું છે. આથી તીર્થ કમિટી તથા અન્ય કેટલાક ગૃહસ્થો સાથે મેં વાતચીત કરી છે અને તે બધાને ભોજનશાળા ખુલવાની વાત ગમી છે;' અત્રે અનેક સ્થળોના સંખ્યાબંધ ભાઇ-બહેનો પધાર્યા છે, તો આ બાબત વિચાર કરી ભોજનશાળા માટે સક્રિય આરંભ કરવા માટે શ્રીયુત કડીઆએ સર્વને ભલામણ કરી હતી. ત્યાર પછી કોલ્હાપુરવાળા ભાઇ ભોગીલાલ શાહે, 'શ્રીયુત કડીઆના વિચારોને ઘણા દાખલા દલીલોથી અનુમોદન આપ્યું હતું અને છાત્રાલય તથા ભોજનશાળા કરવા માટે અનુરોધ કર્યો હતો.' દિગંબર આશ્રમના મુખ્ય અધ્યાપકશ્રીએ પણ સંસ્કૃતિની રક્ષા માટે અત્રે સગવડતા કરવા જણાવ્યું હતું. ત્યાર પછી સ્વાગત પ્રમુખ શેઠ શ્રી ચતુરભાઇએ ભોજનશાળાની વિચારણાને ખૂબ જરૂરી જણાવતાં રૂા. ૧૦૦૦ રૂપિયી ફંડમાં આપે તે દાતાનું તૈલચિત્ર કાર્યાલયમાં મૂકવાની અને તિથિ નોંધવા માટે રૂા. ૨૫૧)ની યોજના રજુ કરી હતી અને આ યોજના યોગ્ય જણાય તો સર્વેને ઉપાડી લેવા વિનંતી કરી હતી. આખી સભાએ તાળીઓના અવાજથી અને જગવલ્લભ પાર્શ્વનાથની જય બોલાવીને ભોજનશાળાની યોજના પ્રત્યે હાર્દિક સંમતી પ્રદર્શીત કરી હતી તરત જ શેઠ શ્રી રતીલાલ નાથાલાલે તેઓની તરફથી રૂા. ૧૦૦૧) ભોજનશાળામાં તથા રૂા. ૧૦૦૧) ધર્મશાળા ફંડમાં આપવાનું જાહેર કર્યું હતું. તથા તેમનાં ધર્મપત્ની અખંડ સૌભાગ્યવતી કાન્તાબેન તરફથી એક કાયમી તિથિ નોંધાવી હતી. અને તરત જ બીજી ૨૨ તિથિઓ રૂા. ૨૫૧)ની નોંધાઇ ગઇ હતી. બીજા પાંચ અમદાવાદથી આવેલા ગૃહસ્થો તરફથી રૂા. ૭૦૧) ની ભેટ આવી હતી. આ પછી પ્રમુખશ્રી તથા શેઠ રતીલાલભાઇને અને અનેક મહેમાનોને હારતોરા અર્પણ કરવામાં આવ્યા હતા. આ સમયે બપોરના ૧-૩૦ વાગેલો હોવાથી આભારવિધિ પૂરી કરીને આ ભવ્ય મેળાવડો વીખરાયો હતો.

-: દેશી દવાઓ ભેટ અપાશે. :-

સહસ્રપુટી અભ્રક, સુવર્ણ, મૌક્તિક, પ્રવાલ તામ્ર અને લોહની ભસ્મો, સુવર્ણ માલતી, વસંતમાલતી, સુવર્ણ માક્ષિક અને પૂર્ણ ચંદ્રોદય, સારા વૈદ્ય અને શ્રાવકના પત્રની ભલામણ સાથે પત્ર લખવામાં આવશે તો ફક્ત પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજોને ભેટ મોકલવામાં આવશે.

-: પત્ર લખવાનું સરનામું :-

જૈન મેડીકલ સ્ટોર.

મુ. પો. આદોની, [આંધ્ર].

નિસ્પૃહી અને વિદ્વાન જૈનાચાર્યોના પગલાંથી મહારાષ્ટ્રમાં ધર્મની જાગૃતિ થઈ છે.

અનુભવીઓની દોરવણી નીચે ચાલવાની શેઠ શ્રી દેવચંદભાઈની સલાહ.

નિપાણીવાળા શેઠ શ્રી દેવચંદભાઈ છગનલાલ જેઓ મૈસુર રાજ્યની ધારાસભાના સભ્ય છે, દક્ષિણના જાણીતા જૈન આગેવાન છે અને દરેક સમાજે તેઓને સન્માને છે. કુંભોજગીરી તીર્થની તળેટીમાં સુંદર ધર્મશાળા તૈયાર થઇ જવાથી ઉદ્‌ઘાટન કરવા તા. ૧૫ ડીસેમ્બર ના રોજ રાજનગરનીવાસી શેઠશ્રી રતીલાલ નાથાલાલ તીર્થ-કમીટીની વિનંતીથી અત્રે આવ્યા છે. તેઓશ્રીના શુભ હસ્તે ઉદ્‌ઘાટન વિધિ થઇ છે. આ પ્રસંગે સન્માન-સમારંભનુ પ્રમુખસ્થાન લેવાનું શેઠશ્રી દેવચંદભાઇએ સ્વીકાર્યું હતુ પરંતુ અચાનક બહારગામ જવાનું થવાથી તેઓ આવી શકયા નહોતા. પરંતુ તેમણે નીચે પ્રમાણેનો લેખીત સંદેશો એક્ષપ્રેસ ડીલીવરીથી મોકલ્યો હતો જે આ જાહેર સભામાં વાંચવામાં આવ્યો હતો.

"આજના મંગલમય પ્રસંગમાં હાજરી આપી અમદાવાદથી અને દૂર દૂરથી પધારેલા સર્વ ભાઇઓ બહેનોના દર્શન કરવાની જે અમુલ્ય તક મને મલવાની હતી તેનો લાભ મારે અચાનક બહારગામ જવાનું થવાથી લઇ શકયો નથી. તે માટે મને દુઃખ થાય છે અને સ્વીકારેલી ફરજ બજાવી શકતો નથી તે માટે આપની ક્ષમા યાચું છું."

"પરમ નિસ્પૃહી શાસનહીત ચિંતક આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસુરીશ્વરજી મહારાજ વ્યાખ્યાન વાચસ્પતી શ્રી વિજય રામચંદ્રસુરીશ્વરજી મહારાજ આદિ અનેક ત્યાગી મહાત્માઓએ અમારા મહારાષ્ટ્ર દેશમાં જ્યારથી પગલાં કર્યા છે, ત્યારથી આપણામાં ધર્મજાગૃતિ આવી છે અને અન્ય સમાજે પણ જૈનધર્મ પ્રત્યે આકર્ષણવાળા બન્યા છે તે જણાવતાં મને ઘણો જ આનંદ થાય છે."

"કરાડથી અત્રે ૨૦ વર્ષ પહેલાં પગે ચાલીને યાત્રાસંઘ આવ્યો તેથી આ શ્રી કુંભોજગીરી તીર્થ લોકમુખે ચડયું છે અને દેશભરમાં પ્રસિદ્ધિ પામ્યું છે.

આ તીર્થની કમીટીના પ્રયત્નોથી અને તેમાંએ ખાસ કરીને અમદાવાદ નીવાસી શ્રીયુત ચીમનલાલભાઇ કડીયા જેઓ ખડતલ શાસન-સેવક છે તેમની અનુભવી દોરવણી નીચે બેલગામ નીવાસી ઉદાર શ્રી ચતુરભાઇ શેઠ તથા કોલ્હાપુરના ભાઇઓ શેઠશ્રી બાબુભાઇ પરમાર અને શ્રી પુનમચંદ ગંધી વગેરેએ આ તીર્થના વિકાસ માટે તન, મન અને ધનથી જે ભોગ આપ્યો છે તે કદીયે ભૂલી શકાય તેમ નથી, એટલું જ નહિ પરંતુ મહારાષ્ટ્રનો જૈનસંઘ તેઓનો ઋણી છે.

આજે શ્રી જગવલ્લભ શ્વેતાંબર જૈન ધર્મશાળાનું ઉદ્‌ઘાટન થયું છે તે અંગે હવે હું બે શબ્દ કહેવા માગું છું.

આવું વિશાળ કામ સુંદર અને પૂરી સગવડતાવાળું આકર્ષણીય સ્થાન યાત્રાળુઓ માટે શ્રી કુંભોજગીરી તીર્થની તળેટીએ થશે. એવી કોઇ કલ્પના યા સ્વપ્ન પણ અમો મહારાષ્ટ્રવાસીઓના મગજમાં નહોતું; પરંતુ ભાઇ શ્રી ચીમનલાલ કડીયાના ભકિતપ્રેમી હૃદયમાંથી આ ચિત્ર સર્જાયું અને આપ સર્વેના સહકારથી એ સ્વપ્ન પણ મૂર્તિમંત બન્યું છે. ભાઇ શ્રી કડીયા અને તેમના ધર્મમિત્રો શ્રી બાબુભાઇ પરમાર, શ્રી ચતુરભાઇ શેઠ, શ્રી દાસકાકા, શ્રી હુકમીચંદભાઇ, શ્રી સાંકલચંદભાઇ ગાંધી, શ્રી ઇન્દુમલજી, તથા શ્રી ઉત્તમચંદજી સમદડીયા વગેરેએ આ પવિત્ર સ્થાનના મંડાણ સાથે જે ઉત્તમ ભાવનાઓ સેવી છે અને સમયે સમયે પ્રગટ પણ કરી છે તે તીર્થભકિત, જ્ઞાનભકિત, સંઘભકિત, પ્રભુ-

ભક્તિ, સંઘબળ વગેરેને સક્રિય કરીને આપણે પૂર્ણ કરવાની ફરજ છે. આ માટે હું ત્યાં હાજર નથી રહી શકયો પરંતુ આપ સર્વેને આત્મ-સાક્ષીએ જણાવું છું કે તે માટે ખૂબ ઉદ્ગાર હૃદયથી કટીબદ્ધ થજો, દૃઢ નિશ્ચયી બનજો અને આળસને ખંખેરીને કર્તવ્ય પથે ચાલવા માંડજો-મક્કમતાથી ડગલા ભરનાર ગમે તેટલો લાંબો અને વિકટપંથ પણ પૂરો કરે છે. આપણા કર્તવ્ય પાલનમાં મારો પૂરેપૂરો સાથ છે તે ખાત્રીથી માનજો.

"મ્હારા અનુભવથી મારી આપને એક સલાહ છે કે અમદાવાદવાળા ભાઇ શ્રી કડીયજી અને કોલ્હાપુરના ભાઇઓની અનુભવી દોરવણી નીચે ચાલવાનું રાખજો. કેવળ વાતો કરવાથી કે મોટી આશાઓથી કામ થયું નથી અને થવનું નથી. આ પવિત્ર તીર્થના વિકાસ દ્વારા આપણા મહારાષ્ટ્ર દેશને વધુ શોભાવનાર આ તીર્થ કમીટીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. તીર્થ અને ધર્મશાળા કમીટીના આમંત્રણને સ્વીકારી આ નવી ધર્મશાળાની મંગલમય ઉદ્ઘાટનક્રિયા કરવા માટે ૭૦૦ માઇલ લાંબેથી શ્રમ ઉઠાવીને અત્રે પધારનાર શ્રી રતીલાલ નાથાલાલ માટે મારે આભારના ધુંધળા શબ્દો કહેવા તે મને સમજાતું નથી અમદાવાદ જૈનપુરી છે. ત્યાંથી ભારતના શ્રી સંઘને ભુતકાળમાં દોરવણી મળી છે તે પ્રથા અને સરકારના ભાવનાને શેઠશ્રી રતીભાઇએ જાળવી છે એમ કહું તો તેમાં કશી જ અતિશયોક્તિ નથી. શ્રીયુત શ્રી રતીભાઇ ઘણા જ ધર્મપ્રેમી છે, તપસ્વી છે, ઉદાર છે અને સ્પષ્ટ વકતા પણ છે. આવા સુયોગ્ય ગૃહસ્થની પસંદગી કરવામાં તીર્થ કમીટીએ ખરેખર ખૂબ ડહાપણ દેખાડયું છે. શેઠશ્રી રતીભાઇ અને અમદાવાદથી તેમની સાથે આવેલા ગૃહસ્થોનો હું આભાર માનું છું. શેઠશ્રી રતીભાઇ અને તેમના ધર્મપત્ની અ. સૌ. કાન્તાબેનનો હું જાહેર સત્કાર કરું છું. વળી મને જાણીને વિશેષ આનંદ થયો છે કે શ્રીયુત ચીમનલાલભાઇ કડીયાના ધર્મપત્નીએ પણ આ પ્રસંગે તેઓની શારીરિક પ્રકૃતિ નરમ છતાંયે પધાર્યા છે તે માટે હું તેઓનો સત્કાર કરું છું અને જે બેનો પોતાના કુટુંબના પુરુષો ને યુવાનોને ધર્મસેવા અને સમાજસેવા કરવા માટે ખૂબ ખૂબ અનુકૂળતા કરી આપે છે તે શ્રી મહાવીર પ્રભુની પુત્રીઓ પ્રત્યે મારું મસ્તક નમે છે. અને તે વિદૂષિબેનોના વર્તનમાંથી બોધપાઠ લેવા સર્વેને હું વિનંતી કરું છું.

"છેલ્લે પ્રગટ પ્રભાવે તીર્થપતી શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાન આપણને બધાયને તન, મન અને ધનથી શ્રી સંઘ અને પ્રભુ—શાસનની સેવા કરવાની ભાવના અને બળ આપે એવી મારી અંતરની પ્રાર્થના છે.

"આ સભાના પ્રમુખસ્થાન માટે આપે જે મારી પસંદગી કરી હતી તે માટે આપ સર્વેનો હું આભાર માનું છું. જૈન જયતિ શાસન" મ. ૦

શ્રી કુંભોજ તીર્થમાં પોષ દશમીનો મેળો.

પોષ દશમીના મેળા ઉપર દક્ષિણમાંથી પુના-બીજાપુર આદિ અનેક સ્થળોએથી લગભગ ૭૦૦ યાત્રિકો અત્રે પધાર્યા હતા તે દિવસે પાંચ પક્ષ્વાનનું નોકારસીનું જમણ આપવામાં આવ્યું હતું. શ્રી કુંભોજ તીર્થ અને ધર્મશાળા કમીટીની મીટીંગ આજરોજ અત્રે મળી હતી બંધારણ તથા નિયમો તૈયાર કરવા માટે પાંચ ગૃહસ્થોની એક પેટા કમીટી નિમવામાં આવી છે. શ્રી ઉપધાન-તપમાં જોડાયેલા બધા તપસ્વીઓ સુખ-શાંતિમાં છે. પૂ શ્રી મુક્તિ વિજયજી ગણિવરને સખ્ત શરદી થયેલી પરંતુ હાલમાં સુધારો છે.

મુંબઇથી પ્રગટ થતા 'સેવાસમાજ' સામાહિકે અત્યાર સુધીમાં કેટલાંક વિશેષાંકો બહાર પાડયા છે. તે રીતે તેણે 'શ્રમણદર્શન વિશેષાંક' આવતી વસંતપંચમીએ બહાર પાડવાનો નિર્ણય કર્યો છે. અને તેનું સંપાદન કાર્ય શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ સંભાળવાના છે.

આ અંકમાં શ્રમણદર્શનની વિશેષતાઓ સાહિત્યસર્જન તથા જ્ઞાનધ્યાનને લગતી પ્રવૃત્તિઓનો ખ્યાલ આપવામાં આવશે તથા બીજા પણ અનેક મનનીય લેખો આપવામાં આવશે.

લેખો મોકલનારે નીચેના સરનામે લેખો મોકલવા.

વ્યવસ્થાપક, **સેવાસમાજ કાર્યાલય,**
૫૭, જૈન પાર્ક, મુંબઇ-૨૭.

ભાવ ઊંચા થશે, નીચા થશે, વગેરે સલાહ આપવાની છે; બસ એ જ કામ તમારે માથે.' આ યુવકનો પુણ્યોદય પણ એવો જાગતો છે કે, આજુબાજુનો વિચાર કરીને મોંમાંથી જે નીકળે છે તે ભાવ સિદ્ધ થાય છે. જે માલ એ લેવરાવે, તેના ભાવ વધી જાય છે, વેચાવે તેના ભાવ ઘટી જાય છે. યુરોપિયન તો અઢળક કમાયો. એ મનમાં વિચારે છે; "આ કોનો પ્રભાવ? વર્ષોથી અહીં પેઢી (Office) કરી બેઠો હતો, જે દેખાયું નહોતું તે હવે દેખાય છે. લાખ્ખો મળ્યા, તે તમામ પ્રતાપ આ સો રૂપિયાના પગારના યુવકનો છે. સાચી નીતિથી વિચારાય તો શું તે સો રૂપિઆના પગારને લાયક છે? આ તમામ ધન તેની બુદ્ધિથી પેદા થયું છે એટલે તેનો એમાં મોટો હિસ્સો ગણાય. તો એને શું સોનો પગાર?' એણે પેલા યુવકનો પેઢીમાં અડધો અડધ ભાગ મનથી તરકટી કર્યો.

પુણ્ય જો પાંચરા હોય તો, ન માગે તો ય દોડતું આવે, અને જો સંકુચિત હોય તો સામે જાય તોયે ધક્કા પડે. ધન અને વિષયોની ઘોર મૂર્ચ્છા કરી, દોડધામ કરી, પણ પુણ્ય પાંચરા નહિ એટલે પરિણામે ઘોલ ધક્કા ખાધા! સાર શો કાઢયો? ભગવાનના તત્ત્વને સમજેલો શ્રાવક, કદી પૈસા લેવા જાય અને થાપ ખાઈને પાછો આવે તો ય નિર્જરા તથા પુણ્યને સાથે લેતો આવે, કેમકે એને થાય કે-'આ દોડધામ ન કરી હોત અને એ રીતે શ્રી વીતરાગના શાસનની ખુમારી સાચવી હોત તો શું ખોટું હતું? અકદરદાન તથા ધક્કા મારનારા બજારની સેવામાં કાળ ગાળ્યો એના કરતાં કાયમ કદરદાન એવા પરમાત્માની સેવામાં સમય આપ્યો હોત તો કામ થાત!'

કઈ ખોટ પર ઉદાસતા?:—

એક શ્રાવકે બજારમાં પાંચ હજાર ગુમાવ્યા. એ ટ્રમમાં જતો હતો, વિચારમાં મગ્ન હતો, પાસે બેઠેલો પૂછે છે:

"આજે ઉદાસ શાથી? મોટી ખોટ ગઇ છે?"

પેલો શ્રાવક કહે છે: "ના રે ના! ખોટ તો આ જીવે અનંતો કાલ અનંતીવાર કરી છે. છ ખંડના ધણી ચક્રવર્તીની વાત જવા દઇએ, એ તો ત્રેશઠ શલાકામાંના એક શલાકા પુરુષ એટલે નિયમા મુક્તિગામી, પણ ઊંચી સ્થિતિના રાજા મહારાજાને કર્મ થાપ મારી નીચે પાડે, વનવગડામાં રખડતા કરે એ ખોટનો પાર છે? મારે એવી તો કઇ ખોટ નથી, પણ પાર વિનાની ખોટ બીજી છે. પૂર્વે સાધનામાં કમી રાખેલી તે મોક્ષ ન પામ્યો. ને અહીં જન્મ્યો એ જ ખોટ મોટી છે, વળી પૂર્વે શુભ ભાવના થઇ હશે, તેવી સાધના થઇ હશે એટલે મનુષ્ય-જન્મ તો મળ્યો, પણ સાધનામાં કાંક ચોરી હશે એટલે ભરતક્ષેત્રે પંચમકાળે આવ્યો. જો એવી ચોરી ન રાખી હોત, ભાવના વધી હોત, તો એથી જે મળત, તે ન મળ્યું એની મારે ખોટ છે. હું લાલચુ, પાંચ સાત વખત થાપ ખાવા છતાં ત્યાં દોડતો જાઉં છું, કેટલા શેઠની કાકલૂદી કરું છું, સોદા માટે આમ તેમ અથડાઉં છું. અફસોસી મને એની છે કે એટલો કાળ જો મેં વીતરાગ પરમાત્માની ભક્તિ-આરાધનામાં તથા સદ્‌ગુરુના દર્શન-સેવનમાં, ને સદ્‌ગુરુની અમૃતવાણી સાંભળવામાં ગાળ્યો હોત તો ખોટ ન જાત. આ મારે ખોટની ઉદાસતા છે." દુઃખ વખતે શાસ્ત્રે ઉદાસ થવાનો છૂટ આપી છતાં ખૂબી એવી કે તેનાથી કર્મની નિર્જરા થાય, કર્મનો ભૂકો થાય. ફરીથી યાદ કરો, શ્રાવક કર્મબંધનની જગ્યાએ કર્મનિર્જરા કરે છે.

શ્રાવકધર્મ તથા સાધુધર્મની સફળતા માર્ગાનુસારીના જવલંત ગુણો પણ નિર્ભર છે:-

પેલો યુરોપિયન પરદેશી છે, જન્મ્યો ત્યાં ધર્મ નહિ, પાપ-પુણ્યમાં ન સમજે, છતાં માર્ગાનુસારીનો કૃતજ્ઞતા અને વિશેષદર્શિતા ગુણ એનામાં કેવો! સમજી લ્યો કે માર્ગાનુસારીના ગુણનો અમુક માટે ઠેકો નથી. શ્રાવકના વ્રત લઇ લીધા હોય, સાધુનું રજોહરણ લીધું હોય, છતાં ત્યાં માર્ગાનુસારીના ગુણમાં વાંધા હોય એમ પણ બનવા સંભવ છે. મિથ્યાદર્શન હોય, અનાર્ય દેશમાં જન્મ હોય છતાં ય ત્યાં માર્ગાનુસારીના ગુણ હોય એવું બને. શ્રાવકધર્મ તથા સાધુધર્મની સફળતા માર્ગાનુસારીના જવલંત ગુણો પર નિર્ભર છે.

વિશેષદર્શિતા:—

આર્દ્રકુમાર અનાર્ય દેશમાં જન્મેલ છે. એણે દૂર દૂર આર્ય દેશમાં શ્રેણિક રાજાનો મંત્રી અભય-

કુમારને ભેટ મોકલ્યાથી બંનેની મૈત્રી બંધાય છે. અભયકુમાર પણ મિત્રાચારીની ભેટ મોકલે છે. બંધ પેટીમાં ભેટ લાવનારા માણસો આર્દ્રકુમારને કહે છેઃ "અભયકુમાર મંત્રીએ આ ભેટને ખાનગીમાં–એકાંતમાં ખોલવાનું કહ્યું છે." મિત્રની ભેટ પર આર્દ્રકુમાર હેયું ઓવારે છે. વિશેષદર્શિતાનો ગુણ શું કામ કરે છે તે જુઓ.

ગુણનો ઠેકો કયાં માનવો? **ગુલાબ-માત્ર સુવાસનો દાવો રાખી શકે છે. ચંદન માત્ર શીતલતાનો ઠેકો રાખી શકે છે. આપણે કયા અને કેટલા ગુણનો ઠેકો રાખી શકીએ?** આર્દ્રકુમાર અનાર્ય દેશમાં જન્મ્યો છે, પણ વિશેષદર્શિતા ગુણ ઉપર એકાંતમાં ભેટ જોવાના સંદેશાને ગંભીરતાથી વધાવે છે. પેટીને ખાનગીમાં લઈ જઈ સીલ તોડી ખોલે છે તેમ કરતાં પહેલાં, આવો સંદેશો મોકલનાર અભયકુમાર પર એને બહુમાન થાય છે, ખાનગી ભેટથી એને આનંદ થાય છે, 'કેવો પ્રેમ!' પેટીમાંથી શું નીકળ્યું? આ બે સાધર્મિક નહોતા, ભેટ સાધર્મિક તરીકે નહોતી મોકલવાની; પણ દુન્યવી મહોબ્બત તરીકેની નહિ. કિન્તુ અભયકુમારને લાગ્યું કે 'હું શ્રાવક અને મારી મિત્રચારી ઇચ્છનારો જરૂર કાંઇક યોગ્યતાવાળો હોય; માટે અને ચિશિષ્ટ ભેટ મોકલું'

શ્રાવક બચ્ચો ને વીતરાગનો અનુયાયી દુનિયાની મહોબતની ભેટમાં ય એવી ભેટ મોકલે કે જેમાંથી વીતરાગની સુવાસ છૂટે; સામો કદાચ એકવાર વીતરાગને માનનારો ન થ હોય, પણ એ ભેટથી વીતરાગ પર એને પ્રેમ તો જાગે.

'અમે જૈન એટલે રાગીના નહિ પણ વીતરાગના અનુયાયી છીએ.' એવું મોકલાયેલ ભેટ કહી દે.

અભયકુમારની ભેટમાં વીતરાગની પ્રતિમા હતી. આર્દ્રકુમાર ભલે અનાર્ય દેશનો પણ રાજકુમાર હતો, એ સ્ફટિક પત્થર ન ઓળખે? વિશેષદર્શિતાના ગુણ યોગે એણે વિચાર્યું, 'પત્થર તે કોઇ ભેટમાં મોકલે?' જો આ ગુણ ન હોત તો તો તરત કહી દેત, 'મેં રત્નો મોકલ્યા અને આણે પત્થર મોકલ્યો!' એમ ટૂંકી દૃષ્ટિથી વિચારાય.

ગુરુ મહારાજ શ્રાવકને જુએ, પૂછેઃ–'કેમ? પૂજા, સામાયિક, નવકારશી વગેરે કરો છો?' વિશેષદર્શિતાનો ગુણ ન હોય એટલે એ તરત બોલી નાખે; 'જોયું? સાધુ બસ આજ પૂછે!' વિશેષદર્શિતાના ગુણના અભાવે, 'જે સામાયિક, પૂજા, નવકારશીના યોગે અનેક ભવ્યાત્મા તરી ગયા તેની આ મશ્કરી કરે છે!' તેની સામે ચેડાં કાઢે છે! પણ એ રાંકને ભાન નથી, સામાયિક-પૂજાદિ વિનાની દુનિયાની ક્રિયા શીખવા-શીખવવા તો જગત ઘેલું ગાંડું છે. એવા શિક્ષણ માટે તો પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ ને કૉલેજો છે. પાપનું શિક્ષણ તો ઠામ ઠામ છે. આત્મહિતનું શિક્ષણ ગુરુ વિના કોણ આપે? ગુરુ-સંસ્થા એટલે એ શિક્ષણની શાળા. વિશેષદર્શિતાનો ગુણ હોય તો આ જોવાય વસ્તુની વિશેષતા જોવી, તેનું નામ વિશેષદર્શિતા.

દીર્ઘદર્શિતાઃ—

આર્દ્રકુમારનો દેશ અનાર્ય, ન જૈન કુળ, ન આર્ય કુળ, ન આર્ય દેશ! છતાં માર્ગાનુસારીના ગુણનો ટેકો હતો–સહારો હતો, પૂર્વની સાધના કામ કરી રહી છે. આથી એમ ન માનતા કે–'આપણે પૂર્વે સાધના નથી કરી માટે ઉદયમાં કયાંથી હોય?' એમ નિરાશ ન થવાય. અનાદિથી આત્માને ધર્મ નથી. જ્યારે ત્યારે પ્રારંભ જ કરવાનો છે. માર્ગાનુસારીના ગુણને ઇચ્છાએ કે બળાત્કારે પણ લાવવાની તથા ખીલવવાની જરૂર છે. આર્દ્રકુમાર મૂર્તિને ઓળખી શકતો નથી. ઊંચી-નીચી ફેરવીને જોયા કરે છે પણ પાર પમાતો નથી, છતાં નિરાશ થતો નથી, વારંવાર જોયા કર્યું. (ક્રમશઃ)

(અનુસંધાન પાન ૧૩૨ નું ચાલુ)

છેવટે વિદ્વાન ન્યાયાધીશ મહાશયે લખ્યું કે–'ફરીયાદીપક્ષ પોતાનો મૂકેલો આરોપ પુરવાર કરવામાં સંપૂર્ણપણે અસમર્થ થયો છે;' અને આ પણ લખ્યું કે–'આ પ્રકરણમાં ધર્માંધતા સિવાય કશું દેખાતું નથી' આરોપી નેમીચંદ કસબાને નિર્દોષ જાહેર કરતાં લખ્યું કે–'ઉક્ત કારણોને લીધે જૈન સાધુ માણેકવિજયના વિરોધમાં આ પ્રકરણ અંગે હવે કોઇ કાર્યવાહી કોર્ટ દ્વારા કરવામાં નહિ આવે.'

પ્રસ્તુત પ્રકરણમાં આરોપી પક્ષ તરફથી કાર્યવાહી શ્રી દેવીપ્રસાદ ભાર્ગવ એડવોકેટ અને સહાયક શ્રી સોહનલાલ શર્મા વકીલે તથા સરકાર તરફથી પી એસ. આઇ. એ કાર્યવાહી કરી હતી. ૦૦૦

ઉપધાન અંગેની ગેરસમજની સમાલોચનાઃ-

(લેખકઃ-શાહ મનસુખલાલ ડાહ્યાભાઇ).

તા. ૨૦ ડીસેમ્બર ૧૯૫૮ ના જૈન પત્રના અંકમાં-પાના ૭૧૫ ઉપર "ઉપધાન અને ગૌચરવૃત્તિ" અંગે શ્રી નાગકુમાર મકાતીનો લેખ લેખકને સાચી હકીકતની માહિતી ન હોવાનું અને વાચકને ખોટો ખ્યાલ ઉત્પન્ન કરનારૂં હોવાથી, તેની યોગ્ય સમજ આપવાનો શુભ આશય આ લેખનો છે:

ઉપરોકત લેખમાં જે ચાર મુદ્દાઓ ચર્ચવામાં આવ્યા છે તેમાં કેટલો સત્યાંશ છે, તે જ આ સમાલોચનામાં જણાવાશે.

(૧) ઉપધાન અને ભોજનની વાનીઓ-

લેખકને ઉપધાનં અંગેની તપશ્ચર્યા અને પારણાનો પણ પુરેપુરો ખ્યાલ નથી. એકાંતર ઉપવાસ એટલે એક દિવસ ઉપવાસ અને પારણે નીવીઆતું એકાસણું હોય છે પણ **નીવી નહીં**. એકાસણામાં નીવીયાતી વીગય લઇ શકાય. તેમાં પણ તેલ-ઘી-એ વીગય સદંતર પ્રાયઃ વપરાતી નથી. હવે જે ભાત ભાતની વાની અને સંખ્યાનો અતિરેક ગણાવ્યો તે પણ અરથાને છે. ભિન્નભિન્ન રૂચિવાલા અને ભિન્નભિન્ન શરીરની પ્રકૃતિવાલા બાલ-યુવાન, વૃદ્ધ સ્ત્રી-પુરુષો તપસ્વીઓ આરાધકો હોય છે. શરીરના ધર્મ પ્રમાણે કફ, પીત્ત, અને વાયુના પ્રકોપનો તપસ્વીઓને ઉપશમ રહે, તે ખાતર તે જે રોગશમક પદાર્થો ભોજનની વાનગીઓમાં આર્ય ભારતીય આયુર્વેદિક સંસ્કૃતિમાં ગોઠવાએલ છે. એટલે જે જે પ્રકૃતિવાળાઓ તે તે પદાર્થો લઇ શકે. દા ત. ભાત, ખીચડી, રોટલી રોટલા, પુરી, તુવેરની દાળ, મગની દાળ, ચણાની દાળ આવી એક એક ચીજની ત્રણ-ચાર ચાર પ્રકારની વસ્તુઓ હોય જેથી રુચિ પ્રમાણે પ્રકૃતિને માફક એવું શરીર ને સાધન આપી ધર્મ-ધ્યાન અને તપશ્ચર્યામાં સ્થિર રાખી શકે. તપસ્વીઓમાં તો છઠ્ઠ અઠ્ઠમ-અઠ્ઠાઇ વગેરે તપસ્યા કરનારા ય હોય છે, ને ૧૫-૧૨-૧૦-૮ અને ચાર ત્રણ વગેરે દ્રવ્યોના અભિગ્રહવાલા પણ હોય છે. કોઇ ૩૫, ૩૫ ચીજોના ખાવાવાલા હોતા નથી. પાલીતાણા જેવામાં. સં. ૨૦૦૬ ના ચાતુર્માસના ઉપધાનમાં **૧૭૨૫**ની સંખ્યા જેમાં ભારત વર્ષના દરેકેદરેક પ્રદેશ માલવા, મેવાડ, મારવાડ, યુ. પી. મહારાષ્ટ્ર, ગુજરાત, કાઠિયાવાડ, પંજાબ, હૈદ્રાબાદ આદિના આરાધકો હતા. જે જે પોતાને જે દેશાનુકુલ હોય તે લઇ શકે તે શુભ આશયથી ભકિત કરનાર ભિન્નભિન્ન ચીજો બનાવે. તેમાં ભકિત કરનારનો પુરેપુરો વિવેક જળવાય છે. તેની યોગ્ય બાબતની પણ ટીકા કરી ઊંધી રીતે ચિતરવામાં-તપ-તપસ્વી અને ભકિત કરનાર તરફ કટાક્ષ અને અજ્ઞાનવૃત્તિ સ્પષ્ટ જણાઇ આવે છે એટલે લેખકે સ્વયં જાતિ અનુભવ કરી લેવાની જરૂર છે.

(૨) ઉપધાનનો ખર્ચ-

તેમાં પણ અતિશયોકિત જ વાપરી છે. માલવા, મેવાડ અને ગુજરાતમાં પણ-૫૦૦-એક હજાર-બે હજાર આદિના-ખર્ચમાં સેંકડો માણસના ઉપધાન થઇ રહેલના કોઇ દાખલા લેખકને મલ્યા? એક મારવાડી ભાઇ મુકનચંદજી પૃથ્વીરાજ ખુડાલાવાલાએ દશ હજારની રકમ કાઢી **૧૭૨૫** આરાધકોને પાલીતાણામાં ઉપધાન કરાયેલ. તેવા કંટ્રોલ અને સખ્ત મોંઘવારીના જમાનામાં. અલબત ત્યાં ટોળીઓ જમાડનારા હતા, પણ મોંઘવારી અને બહુ મોટી સંખ્યાના હિસાબે પણ આજની પાર્ટીઓ અને જમણવારના ખર્ચ આગળ મામુલી ખર્ચમાં. આવા તો સંખ્યાબંધ દ્રષ્ટાંત આપી શકાવાના પ્રત્યક્ષ દાખલાઓ મોજુદ છે. ઉપધાન એ શ્રાવક-જીવનનો ઉત્તમ અવસર છે. એટલે શકિતશાળી પુણ્યવાન આત્મ સાતે ક્ષેત્ર-અઠ્ઠાઇ મહોત્સવ, પ્રભુભકિત, સાધર્મિક વાત્સલ્ય, આદિ કરી હજારો ખર્ચે એ શ્રી જૈન શાસનની પરમભકિત છે અને તે અંગે શકિતશાળી દાનવીરો ખર્ચ કરે તેની અનુમોદના કરવાને બદલે ટીકા કરવી એ અજુગતું છે. સાતે ક્ષેત્રો જે તરવાનું ઉત્તમ સાધન અને પૂજ્ય માનતા હોય તેની યોગ્ય ભકિત કરી ધર્મક્રિયાઓને આરાધાતી રાખવામાં શાસન વહેતું રહે છે એ મકાતી ભાઇએ ધ્યાનમાં લેવા જેવું છે. ભકિત કરનાર હજારો ખર્ચે અને દશ-વીસ રૂપીઆના મામુલી ખર્ચમાં પણ ભવ્ય આત્ત સમાદ્‌ગુરુની નિશ્રામાં ઉપ-

ધાન કરી શકે, આનું નામ સ્યાદ્વાદ શ્રી મકાતીભાઇ ઊંડા ઉતરી વિચારશે. ખર્ચની સાથે ધર્મની સરખામણી હોય નહિ. જેમ જેમ પરિગ્રહની મૂર્ચ્છા ઉતરે, ત્યાગ ભાવના વધે, તેમ તેમ વિવેકી આત્મા ધાર્મિક માર્ગે વધુ ખર્ચે, જે ખટકતું હોય તો તેનું કારણ તે અનુષ્ઠાનથી થતા લાભની કિંમત નથી.

(૩) ઉપધાનમાં દાખલ થનારની વય-

આ પ્રશ્નની તો બાલદીક્ષાની માફક કૂટ દલીલોથી છણાવટ કરી છે પણ એટલું તો કબુલ કરવું પડશે કે-આઠ વર્ષના બાલકબાલીકાઓ પણ આવી કઠિન તપશ્ચર્યા આનંદપૂર્વક અડતાલીસ કલાકે પારણા અને કઠીન ક્રિયાઓ કરી શકે છે. જૈનશાસ્ત્રકારો તો ઉપધાન કર્યા પછી જ નવકાર મંત્ર ભણવાની યોગ્યતા જણાવે છે-એટલે જૈન કુળમાં જન્મેલા તો સાચા પાકા સંસ્કાર માટે કુમળી વયમાં ઉપધાન કરે, એ શાસ્ત્રાનુસારી જ છે. જે જે શંકાઓ કરવામાં આવે છે તે પ્રત્યક્ષ દેખવાથી નિર્મૂલ થશે, અને જણાશે કે આજના ભૌતિકવાદના જમાનામાં ૨૫-૩૦ વર્ષનો યુવાન ગ્રેજ્યુએટ ન કરી શકે તેવી તપશ્ચર્યા-દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના સંસ્કારની પ્રાપ્તિ કુમળી વયના બાળ-કુમારો કરી શકે છે. સર્વવિરતિ અને દેશવિરતિ સાધુજીવન અને શ્રાવક-જીવન માટેની વય જ્ઞાનીઓએ જ નકકી કરેલ છે અને તે પ્રમાણે થઇ રહેલ છે, અને તેનું પરીણામ પણ સારું આવી રહેલ છે. હાથ કંકણ ને આરસી અંગે તર્કવાદથી શંકાઓ ઉઠાવવી એ વ્યર્થ છે

(૪) ઉપધાન-તપ અને તેની ઉત્પત્તિ-

આ અંગે લેખક પોતે જ જણાવે છે કે તે બાબતની પોતાને માહિતી નથી. એટલે એવી ભ્રમાત્મક-ખોટી બાબતોને વિવેકી આત્માઓ વજન આપે નહિ એ સ્વાભાવિક છે. ઉપસંહારમાં-ઉપધાન તપ એ શ્રાવક-જીવનની અમૂલ્ય ચીજ છે. તેના કરણ-કરાવણ-અનુમોદનમાં આંકડા, સંખ્યા કે ખર્ચની લીમીટ-મર્યાદા હોઇ શકે જ નહીં.

જૈન શાસનમાં યથાશકિત પાર્શ્વ, પૈસો ખરચનાર પણ આરાધના કરી શકે છે અને શકિતશાળી વ્યકિતભાવથી વિવેક-જયણાપૂર્વક જે લાખો, કરોડોનો ખર્ચ કરે અને પરિગ્રહની મૂર્ચ્છા ઉતારે, એની ટીકા વિવેકની મર્યાદા લંઘી જાય છે. ઉપધાનતપ એટલે કોરી તપશ્ચર્યા નથી, પણ શ્રુતજ્ઞાન, નવકારજાપ, સમ્યકૂદર્શન, સમ્યકૂચારિત્રની આરાધનાઓ સાથે ક્ષેત્રની ભકિત તથા એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય જીવો સુધી સર્વ જીવોની દ્રવ્ય અને ભાવદયારૂપ સ્વ અને પરનું કલ્યાણ સાધવાની ભકિતરૂપ શ્રી જૈન શાસનનું મહાન અનુષ્ઠાન ધર્મક્રિયા છે. આટલું વાંચી વિચારી વિવેક બુદ્ધિથી સાચી વસ્તુને વાંચકો સમજે એ જ શુભાભિલાષા ૦૦૦

સૂરિદેવના મરુધરમાં પુનિત પગલાં:—

પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા, આદિ ઠા. ૩૬ મૌન એકાદશીની આરાધના મહેસાણામાં કરી હતી. જૈન ગ્રેયરકર મંડળ-પાઠશાળામાં પૂજ્ય ભાનુવિજયજી ગણિવરનું સમ્યગ્જ્ઞાનની મહત્તા ઉપર માર્મિક પ્રવચન થયું હતું. વીસનગર સંઘના અત્યાગ્રહથી મા. સુ. ૧૩ તથા ૧૪/૧ વીસનગરમાં સ્થિરતા થઇ હતી. સુ. ૧૩ રવિવાર બપોરે પૂ ગણિવરશ્રીનું "યુગના વહેણ" એ વિષય પર જાહેર પ્રવચન થયેલું. જૈનેતરોએ પણ મોટી સંખ્યામાં પ્રવચન સાંભળી પ્રેરણા મેળવી હતી ત્યાંથી ઉમતા, ખેરાલુ થઇ મા વ: ૧ પૂજ્યશ્રી તારંગા પધાર્યા હતા. પૂજ્યશ્રીની તારંગાતીર્થમાં પધરામણી નિમિત્તે પહેલે દિવસે ડો. કાંતિલાલ તથા શ્રી બાબુલાલ છોટાલાલ તરફથી જમણ હતું બીજે દિવસે વીસનગરથી ૪૦૦ માણસોનો સંઘ આવ્યો હતો. શ્રી ભગુભાઇ રીખવચંદ તરફથી સંઘ-જમણ થયું હતું. તથા બાર વ્રતની પૂજા ગવૈયા હીરાલાલ તથા ગજાનનભાઇએ સુમધુર રીતે ભણાવી લોકોને ભકિતમાં ગરકાવ કર્યા હતાં. તારંગાથી સતલાસણા, દાંતા થઇ પૂજ્યશ્રી કુંભારીયાતીર્થમાં પધાર્યા હતા પૂજ્ય ગણીવરશ્રીને ૭૩મી ઓળીનો ઉપવાસ હતો. ધાણેરાવ, પિંડવાડા, રોહિડા વગેરે ગામોથી જૈન ગૃહસ્થો આવ્યા હતા. ધાણેરાવવાળા કનકરાજ જેઠમલ ખીમા તરફથી નવપદની પૂજા ભણાવાઇ હતી. પિંડવાડા સંઘની આગ્રહભરી વિનંતિથી પૂજ્યશ્રી પિંડવાડા પધાર્યા છે. અને ત્યાંથી ચડવાલ તરફ વિહાર થશે ૦૦૦

મુદ્રક ચંદ્રકાન્ત રતિલાલ શાહ. (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીની ખડકી, માણેકચોક, અમદાવાદ. ત્યાંથી છાપી પ્રસિદ્ધ કર્યું

દિવ્ય દર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (વીંછીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ–૭, અંક–૧૮
બચુભાઇ ચીમનલાલ ઝવેરી મુંબઇ શાખા : ૧૬૭–૬૯, ફીકા સ્ટ્રીટ. શનિવાર તા. ૧૭–૧–૧૯૫

તંત્રીસ્થાનેથી:—

સમય પલટાના દુઃખદ પ્રસંગો.

શ્રી તારંગાજીમાં શ્રી જૈન સંસ્કૃતિ રક્ષક સભાનું અધિવેશન માગશર સુદ વદ ૧ અને ૨ના રોજે ભરાઈ ગયું. એમાં ધર્મક્ષેત્રો પર સરકારી કાયદાના આક્રમણો, કેસરીયાજી તીર્થ, ચેરીટી કમિશનરના અનિચ્છનીય અને ધર્મબાધક બળાત્કાર વગેરે સંબંધમાં વિચારણા થઇ.

આજે સમયે કેટલો જબ્બર પલટો લીધો છે એ વસ્તુ દુન્યવી અને ધાર્મિક, બંને જાતની બાબતોમાં આપણે સ્પષ્ટ અનુભવી રહ્યા છીએ. દુન્યવી બાબતમાં કેળવણીની પધ્ધતિ અને શિક્ષણે નવી પ્રજાને આધ્યાત્મિકને બદલે ભૌતિકતા તરફ, શ્રદ્ધાવાદને બદલે બુદ્ધિવાદ તરફ, પરલોકને બદલે આ લોકની જ દૃષ્ટિ તરફ આકર્ષવા માંડી છે; જેના પરિણામે દેવ–ગુરુ–ધર્મની શ્રદ્ધાના પાયા કંપવા લાગ્યા છે; અભક્ષ્ય, અનાચાર, અનીતિ વગેરેને વેગ મળવા માંડયો છે; પાપનો ભય નહિવત્ થતો જાય છે. આવી તો બીજી કેટલીય દુન્યવી બાબતોએ કેઈ અનર્થ ફેલાવવા માંડયા છે.

ધાર્મિક બાબતોમાં પણ સમય પલટાએ અનેકવિધ અંતરાય અને વિનાશક પરિવર્તન સર્જવા માંડયા છે. પબ્લીક ટ્રસ્ટ એકટનો અમલ પણ આ પલટાનું એક રૂપક છે. એની રૂએ મુંબઈ ચેરીટી કમિશનર તરફથી બે એક વર્ષ પૂર્વે લગભગ ૯૦ સંસ્થાને એમનાં ધાર્મિક નાણાં બીજા ક્ષેત્રમાં ખર્ચી નાખવાની નોટિસો કાઢયાનું જાણવા મળ્યું હતું. આંબેલ ઓળીનાં ટ્રસ્ટ, સાધર્મિક વાત્સલ્યનાં ટ્રસ્ટ, જ્ઞાનખાતું, ઇત્યાદિનાં નાણાં ચેરીટેબલ યાને સખાવતી નાણાં નથી પણ રીલીજીયસ યાને ધાર્મિક નાણાં છે એ સિદ્ધ હકીકત છે; કેમકે ધર્મનાં સાત ક્ષેત્રમાં જ એનો સમાવેશ છે. એ નાણાંને સ્કૂલ, હોસ્પીટાલ વગેરેમાં ખરચી નાખવાનું કરવું એ Breach of Trust ટ્રસ્ટનો દ્રોહ છે. વધુ દુઃખદ તો એ છે કે કેટલાક જૈન ટ્રસ્ટીઓ પણ જૈનશાસનની મર્યાદા અને જૈન શાસ્ત્રોની અનભિજ્ઞતાના કારણે એમ કહેતા થયા છે કે આપણી મિલ્કત શા માટે જનતાના ઉપયોગમાં ન આવવી જોઇએ ? અલ્યા ભાઈ! આપણી મિલ્કત માટે આમ કહેતા હો તો પહેલાં આપણા ઘરમાંથી મિલ્કતો કાઢી એનો એ ઉપયોગ કરવા તૈયાર છો ? ત્યારે ધાર્મિક ટ્રસ્ટોની

મિલકતને 'આપણી મિલકત' શી રીતે કહી શકો છો? દુનિયામાં કોઈ પણ ઠેકાણે જુઓ કે જેનું ટ્રસ્ટ નિર્મીત થયું હોય, તેનાં નાણાં તેની જ મિલકત કહેવાય છે અને તેનો ઉપયોગ તે ટ્રસ્ટની કલમ મુજબ જ થઈ શકે છે. તો ધાર્મિક ટ્રસ્ટ દ્વા. ત. સમ્યગ્જ્ઞાન ક્ષેત્રનાં નાણાં પણ સમ્યગ્જ્ઞાનના જ રક્ષણ, પ્રચાર અને ભક્તિમાં વપરાય, એ સ્પષ્ટ છે. જાણવા મળે છે કે મુંબઈ વાલકેશ્વર ઉપાશ્રયના ટ્રસ્ટીઓએ જ્ઞાનખાતાનાં નાણાં છોકરાઓને કોલેજ વગેરેની આધુનિક કેળવણીમાં વાપરવાનો ઠરાવ કર્યો છે. જો આ સાચું હોય તો અમે પૂછીએ છીએ કે તમને આ જાતનો ઠરાવ કરવાનો હક જ શો છે? આધુનિક સાંસારિક વિદ્યાની કેળવણી એ કાંઈ સમ્યગ્જ્ઞાન નથી; પછી સમ્યગ્જ્ઞાનનાં ટ્રસ્ટનાણાંનો એમાં શી રીતે ઉપયોગ જ થઈ શકે? અને ટ્રસ્ટીગીરીના જોરે આવા જ જો ગેરવ્યય કરાશે, તો પછી ધર્મક્ષેત્રમાં નાણાં કોણ આપશે? ત્યારે જો ધર્મક્ષેત્ર સીદાશે, તો એની સહાયે સંઘમાં પ્રવર્તતી ઘણીય ધર્મપ્રવૃત્તિઓને કેટલો ધક્કો લાગશે? આ બધો વિચાર કરવાની અમે અપીલ કરીએ છીએ. ૦૦૦૦

રતલામ-પ્રકરણ હજી ઉભું જ છે. કેસરિયાજી તીર્થના દેવદ્રવ્યની લાખોની રકમ જોખમમાં છે. કેટલાક ગામોમાં ધર્મશાળા વગેરેના નાણાંને દુન્યવી બાબતોમાં ખર્ચવાનું દબાણ થઈ રહ્યું છે. આવા બધા પ્રશ્નો જૈનસંઘે ખૂબ ગંભીર નજરે જોવાની અને એમાંથી ધર્મ, ધર્મક્ષેત્રો તથા સંસ્કૃતિનું રક્ષણ કરવા ચાંપતા ઇલાજ લેવાની અત્યંત આવશ્યકતા છે.

શ્રી જૈન સંસ્કૃતિ રક્ષક સભા આ માર્ગે પ્રયત્ન કરી રહી છે એ ખૂબ જ અનુમોદનીય અને અવસરોચિત છે. ૦ ૦ ૦

જૈન શિક્ષાવલિ.

આર્ય સંસ્કૃતિ; અને દેવગુરુધર્મની શ્રદ્ધાને ટકરાવનારું સાહિત્ય અને શિક્ષણ આજે કૂદકે-ભૂસકે વધતું જાય છે. આમ એક જ પક્ષે ચાલુ રહે તો એમાં તૈયાર થયેલ નવી જૈન પ્રજાનો ૨૫-૫૦ વર્ષ પછી જે જૈનસંઘ ગણાશે તેનું ચિત્ર કલ્પનામાં લાવવાની જરૂર છે. હજી આજે ય જે ધર્મક્રિયાઓ, સાધુસદ્ભાવ, ત્યાગ-તપ, વગેરે પ્રવર્તી રહ્યા છે તે જૂની જૈન પ્રજાને આભારી છે એ ભૂલવા જેવું નથી. એના આધાર પર એમ કલ્પી લેવું ડહાપણભર્યું નથી કે ભવિષ્યમાં પણ આ પ્રમાણે જ ચાલુ રહેશે. કેમકે આજે જ કેટલાય ધર્મી ગણાતા શ્રાવકોના પણ છોકરાઓ લગભગ ધર્મપ્રવૃત્તિરહિત દેખાય છે, સંયમી સાધુ પર શ્રદ્ધા-સન્માનમાં પાછળ પડતા જણાય છે, અને નવા વાદોમાં ઘસડાતા જાય છે. તો બીજા શ્રાવકોના સંતાનોનું તો પૂછવું જ શું? એમનાથી જે ભાવી સંઘ બનશે તેનું સ્વરૂપ કેવું હશે એ સામાન્ય સમજથી સમજાય એવું છે.

માટે, એનો પ્રતિકાર કરવાની આજે મોટામાં મોટી આવશ્યકતાઓમાંની એક આવશ્યકતા છે. એ પ્રતિકારમાં ધાર્મિક સાહિત્ય અને શિક્ષણનો પ્રચાર એક નક્કર અંગ છે. વિવિધ ઉપાયો દ્વારા ઉગતી પ્રજાને આપણો શ્રેષ્ઠ આચારમાર્ગ, આપણું શ્રેષ્ઠ તત્ત્વજ્ઞાન, આપણો ગૌરવવંતો ઇતિહાસ, વગેરેનું ભાન કરાવ્યા વિના બહારના વૈજ્ઞાનિક તત્ત્વો, નવી જીવનપદ્ધતિઓ, આધુનિક કેળવણી, પાશ્ચાત્ય સંસ્કૃતિ અને વિચારસરણી વગેરેમાં તણાઈ જતી આપણી પ્રજાને શી રીતે બચાવી શકવાના છીએ?

જણાવતાં આનંદ થાય છે કે સિદ્ધહસ્ત પ્રસિદ્ધ લેખક શ્રીયુત ધીરજલાલ ટોકરશી શાહ 'જૈન શિક્ષાવલિ'ની ૧૨ પુસ્તિકાઓ (એકેક ૬૪ પાનાંની) તૈયાર કરી રહ્યા છે. એમાં જીવનનું ધ્યેય, પરમપદની પ્રાપ્તિનાં સાધનો, ઇષ્ટદેવની ઉપાસના, આદર્શ ગૃહસ્થ; વગેરે વિષય પર એકેક પુસ્તક તૈયાર થઈ રહ્યું છે. જીવનમાં ધર્મની અતિ મહાન આવશ્યકતા, શુદ્ધધર્મ કેવો હોય, મોક્ષનું સ્વરૂપ, મોક્ષના સાચા ઉપાય કયા હોઈ શકે, ભગવાન અરિહંત પરમાત્મા જ કેમ ઇષ્ટદેવ, સમ્યગ્દર્શન, શ્રાવક ધર્મ, સાધુજીવન ઇત્યાદિ ઇત્યાદિનું શાસ્ત્રાનુસારી છતાં બુદ્ધિગમ્ય લખાણ એમાં થઈ રહ્યું છે. પ્રત્યેક જૈન ઘરમાં આ ૧૨ પુસ્તિકાનો સેટ ઘરના એક એસેટ (Asset મિલકત) તરીકે રખાવો જોઈએ, એથી સાધુ-સંપર્કથી વંચિત અને ધાર્મિક પાઠશાળામાં નહિ જતી એવી પણ નવી પ્રજાને દેવગુરુ ધર્મ પર પ્રેમ તથા શ્રદ્ધા જાગશે, ધર્મનું જ્ઞાન મળશે, ને એ ધર્મપ્રવૃત્તિ

(અનુસંધાન પાનનં. ૧૪૬મા પર)

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના** પટ્ટાલંકાર
સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના** વિદ્વાન શિષ્યરત્ન
પૂ. ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.

સંસારની જડ. (ચાલુ)

દીર્ઘદર્શિતા :—

આર્દ્રકુમારનો દેશ અનાર્ય, ન જૈન કુળ, ન આર્ય કુળ, ન આર્ય દેશ! છતાં માર્ગાનુસારીના ગુણનો ટેકો હતો–સહારો હતો, પૂર્વની સાધના કામ કરી રહી છે. આથી એમ ન માનતા કે–'આપણે પૂર્વે સાધના નથી કરી માટે ઉદયમાં ક્યાંથી હોય?' એમ નિરાશ ન થવાય. અનાદિથી આત્માને ધર્મ નથી. જ્યારે ત્યારે પ્રારંભ જ કરવાનો છે. માર્ગાનુસારીના ગુણને ઇચ્છાએ કે બળાત્કારે પણ લાવવાની તથા ખીલવવાની જરૂર છે. આર્દ્રકુમાર મૂર્તિને ઓળખી શકતો નથી. ઊંચી–નીચી ફેરવીને જોયા કરે છે પણ પાર પમાતો નથી, છતાં નિરાશ થતો નથી, વારંવાર જોયા કર્યું.

આર્દ્રકુમારને આ બહુ પ્રમાણે જોવાથી ખૂબ વિચારણાના અંતે ભૂતકાળના જન્મના સ્મરણને રોકનારા જ્ઞાનાવરણીયનો પડદો ઊંચકાયો એટલે, જેમ નાટકનો પડદો ઊંચકાતાં પાછળનો દેખાવ પ્રત્યક્ષ દેખાય તેમ પૂર્વનો ભવ આર્દ્રકુમારને પ્રત્યક્ષ દેખાયો. હવે તરત એને ભાન આવ્યું, 'અરે! આ વસ્તુને આમ ન રમાડાય, સિંહાસને પધરાવી પ્રણામ કરાય, આ તો શ્રી જિનેશ્વરદેવ છે.' પૂર્વે કરેલી વિરાધનાના યોગે અનાર્ય દેશમાં જન્મ થયો પણ પૂર્વે આરાધના એવી સુંદર કરેલી કે માર્ગાનુસારિતાના જ્વલંત ગુણે જાતિસ્મરણ કરાવ્યું, એટલું જ નહિ પણ ધર્મ પર અતિ ઉત્કટ રાગ પ્રગટાવ્યો! એટલાથી ય ભાવનાનો વેગ અટક્યો નહિ! પરમાત્માના શરણે જઈને ચારિત્ર લેવાનો નિર્ધાર થયો! કોણે કરાવ્યો? વિશેષજ્ઞતા ગુણે. એને થયું, 'ધન્ય અભયકુમારને! એ મારો પરમ ઉપકારી! મારો સદ્‌ગુરુ પ્રથમ એ!' આ શેનું પરિણામ? મૂર્તિ ભેટ આવી એનું. અભયકુમારે ભેટ પ્રસંગને ધર્મથી ગુંથી લીધો.

-: કુટુંબમાં ધર્મસંસ્કાર પાડવાના ઉપાય. :-

કુટુંબમાં જૈન આચાર–વિચારો તથા ધર્મનું ગૌરવ અને મમતા ઉભાં કરવા હોય–વધારવા હોય તો આ એક ઉપાય છે કે,

ચાલુ જીવનમાં પ્રસંગોને ધર્મની વસ્તુથી ગુંથી લો, તેમજ ધર્મનિમિત્ત ઉભું કરી મનના વળાંકને તે બાજુ લઇ જાઓ.

આવો ભોજન કરવાનો અવસર આવ્યો તો ચાલો નવકાર ગણીને ભોજન શરૂ કરો; કેમકે **ભોજન શું કે બીજું શું, બધું નવકારની પૂંઠે છે.**

એમ ભોજનના હોલમાં ત્યાગી વૈરાગી મહાપુરુષોના ચિત્ર હોય, 'જેવાં કે **મહારાજા કુમારપાળનું** પાંચેય વિગઇના ત્યાગવાળા ભોજનનું ચિત્ર હોય, એમાં એમની આજુબાજુ બધા રસ અને વૈભવનો પાર નથી. છતાં એમને તો પાંચ વિગઇઓ વિનાનું ભોજન ખપે છે, એવો દેખાવ હોય. કાકંદીના **ધન્ના અણગારનું** ચિત્ર હોય. ૩૨ કોડ સુવર્ણની જાહોજલાલીવાળા પડ્‌રસ, મેવા–મિઠાઇ–ફળ–ફળાદિ વગેરેમાં મ્હાલી આવેલા ધન્ના હવે છઠ્ઠ–છઠ્ઠને પારણે નીરસ–વિરસ આંબેલનો આહાર લે છે, અને આ માસમાં તો કાયા સુકવી, ભૂકખી અને લુકખી કરી નાખીને નવમા માસે વૈભારગિરિ પર અનશન કરી સૂતા છે; એનું ચિત્ર હોય.

કેસે છે કલ્પનામાં? ચાલુ જીવન પ્રસંગમાં ધર્મવસ્તુને ગોઠવી દેવાની આ આ યોજના છે.

એમ, સવારે ઉઠતાં જ કુટુંબના બધા જ સહુએ નવકાર સ્મરણ કરી **સકલતીર્થ**–ભરહેસરનો મોઢેથી પાઠ ભણે. ઘરેથી મંદિર બહુ દૂર હોય તો કમમાં કમ ઘરમાં રાખેલા પ્રતિષ્ઠિત પ્રભુના તથા ગુરુના ચિત્રને પ્રણામ કરી પછી વડિલને પ્રણામ કરે, અને ધર્મવૃદ્ધિની આશીષ માગે. એમ બહાર જાય ત્યારે પણ પ્રણામ કરીને જાય.

જમવા વખતે દરેક જણ પાઠ કરે કે–'અહો!

ગુરુ મહારાજને દાન કરવાનો લાભ આજે સારો મળ્યો!' અથવા, 'અરે! આજે લાભ ન મળ્યો! કેવા આપણાં મંદ ભાગ્ય!'

વેપાર ચાલતો હોય એમાં વેચાણ યા નફા પર અમુક રકમ પોતાની શુભ ખાતાની પેટીમાં નાખે.

ઘરખર્ચ વખતે પણ દરેક ખર્ચ દીઠ કંઈક ને કંઈક રકમ પેટીમાં નાખે.

સારી ખાવાની ચીજ ઘરમાં આવી કે બનાવી, તો એમાંથી પહેલાં પ્રભુની આગળ ચઢાવવાની વાત.

કપડું નવું પહેરવા કાઢયું એની સાથે એક નાનો પણ ટૂકડો પ્રભુની પૂજામાં અર્પણ કરવાનો જ.

નાના-મોટા કુટુંબીને શિખવાડી રાખ્યું હોય કે રસ્તે જતાં સાધર્મી મળે એટલે પ્રણામ કરવાનો અને જૈનેતર ઓળખીતો મળે એટલે જય જિનેન્દ્ર બોલવાનું જ.

શું છે આ બધું? જૈન આચાર-વિચારને પોતાના અને કુટુંબના જીવનમાં પ્રધાન બનાવવાના ઉપાય; જીવનમાં ધર્મને મુખ્ય બનાવવાની રીતરસમો.

કમમાં કમ પાંચ તિથિ તો લીલોતરી, કપડાં ધોવાનું, દળવા-ખાંડવાનું, વગેરે બંધ જ હોય, એકાસણું, બેસણું યા છેવટે ટંકનો નિયમ અવશ્ય હોય, પાણી ઉકાળેલું જ પીવાય, પ્રતિક્રમણ બધા જ કરે.

રોજના માટે પણ કુટુંબ ભેગું થઈ સવારે યા સાંજે પાંચ મિનિટ પણ 'चत्तारि मंगलं...' વગેરેનું સમૂહ-ઉચ્ચારણ કરે.

ઘરમાં મહાપુરુષોના જીવનપ્રસંગના ફોટા-ચિત્ર રખાય.

અભક્ષ્ય, જેવાં કે-કંદમૂળ, વાસી, વિદળ, બે રાત્રિ ઉપરના દહીં, છાશ, બરફ, લીલપુગવાળી વસ્તુ, કાળ બહારના મેવા-ભાજી-મિઠાઈ-કેરી વગેરેના ત્યાગ જ હોય.

છોકરાઓ પણ અપશબ્દ, કે 'નખ્ખોદિયા, સત્યાનાશ જજો,' વગેરે હલકા શબ્દ ન જ બોલે. ઉલટું મૈત્રી-કરુણા-ગુણાનુરાગ અને મધ્યસ્થ ભાવનાના શબ્દ બોલે; દા. ત.

'સૌનું ભલું થાઓ.'

'દુશ્મનનું પણ ભલું થાઓ.'

'બિચારા દુઃખી જીવનાં દુઃખ ટળો.'

'પાપી જીવને સદ્બુદ્ધિ મળો.'

'દુશ્મનનો પણ ગુણ કે ધર્મ પ્રવૃત્તિ કેવી સરસ!'

'બીજાના દોષ કે હલકું જોવા-બોલવાનું આપણે શું કામ?'

પોતાનાં અને કુટુંબનાં જીવનમાં આ પદ્ધતિ જ પાડી દીધી હોય.

છોકરા પરીક્ષામાં પાસ થયા, વેપારમાં સારો લાભ થયો, આમ કોઈ ટાણું આવ્યું, તો તે નિમિત્તે પ્રભુનો સ્નાત્રમહોત્સવ ઉજવવાનો; અગર પૂજા ભણાવવાની.

શોક યા દુઃખ-આપત્તિના પ્રસંગમાં ૫-૧૦ બાંધી નવકારવાળી, ૧-૨ ઉવસગ્ગહરં'ની નવકારવાળી ગણવાની.

એમ પોતાની અગર છોકરાની ભૂલ થઈ જાય, યા જૂઠ અપશબ્દ બોલી નખાય, વધુ પડતો ગુસ્સો થઈ જાય, એવું કંઈ થાય તો એના દંડ તરીકે હજાર પાંચ હજાર 'નમો અરિહંતાણં'નો જાપ કરવાનો.

એથી ઉલટું, છોકરા કંઈક સારું કરી આવે તો ધાર્મિક વસ્તુનું ઇનામ આપવાનું. આ બધું જૈન-સંસ્કૃતિનું પુનરુત્થાન છે.

વાતવાતમાં 'ભાઈ! આજે સારું થયું તેમાં અરિહંત પ્રભુનો ઉપકાર છે. એમના જ પ્રભાવે સારું થાય છે.' એમ બોલાય. નરસું થાય તો 'આપણે પ્રભુને ભજવામાં ખામી રાખી છે, પછી સારું કર્યાથી થાય? માટે પ્રભુને ખૂબ ભજો-સ્મરો.' એમ બોલાય.

આપત્તિ આવી કે રોગ આવ્યો તો કુટુંબને બોલાતું કરાય કે-'પૂર્વે તપ નથી કર્યો પછી બધું વેઠવાનું આવે. હવે દુઃખ ન જોઈતું હોય તો તપ કરીએ,' કુટુંબ બહારનાને પણ આવી જ શિખામણ અપાય. જાણો છો ને કે **અગ્નિશર્મા** ગુણસેનની મશ્કરીથી કંટાળી તપોવનમાં ગયો ત્યારે તાપસ કુલ ગુરુએ તપની જ સલાહ આપી? **નાગકેતુ** જન્મતાં અઠ્ઠમ શી રીતે કરી શકયો? પૂર્વ જીવનમાં એને શ્રાવકમિત્રે ઓરમાન માતાના ત્રાસ કષ્ટ ટાળવા તપની સલાહ આપી હતી; પણ સાવકી માને સામે હેરાન કરવાની સલાહ નહિ!

બસ, બધે ધર્મ વણી લેવાની વાત છે. કૃષ્ણ

મહારાજને કોઇએ અશ્વરત્ન ભેટ કર્યો તો કૃષ્ણે શાંબ પાલકને કહ્યું, 'કાલે તમારા બેમાંથી જે નેમનાથ પ્રભુને પહેલો વંદન કરે એને આ ઘોડો ભેટ.' ઘરમાં અવસરે અવસરે છોકરાને સારી ચીજ તો લાવી આપતા હશો, પણ આ નહિ કરતા હો. આ કરો કે–'આટલા દહેરે દર્શન કરી આવે, અગર આટલા નવકાર ગણી આપે, આટલા ખમાસમણ દઇ આવે, ગાથા કરો આપે, વગેરે, તો આ વસ્તુ તને આપવાની;'–એમ છોકરાને કહેવાનું. એવી રીતે છોકરા વચ્ચેની હરીફાઇમાં પણ ધર્મની શરત.

અભયકુમારે આ કર્યું. મિત્રતાની ભેટ મોકલવાના જીવનપ્રસંગને ધર્મની વસ્તુથી ગુંથી લીધો. એવી રીતે કુટુંબના જીવનપ્રસંગોને ધાર્મિક વસ્તુથી ગુંથી લો. બીજું એ, કે ધર્મનાં નિમિત્ત ઉભા કરી મનના વળાંકને ધર્મ બાજુ લેવાનો. રવિવાર ઉજવો છો ને? આજે તો રવિવાર, સ્વાતંત્ર્ય દિન, આઝાદી દિન વગેરે પર્વો જેવા થઇ ગયા! પણ એમાં તમે ધર્મનાં નિમિત્ત ઉભાં કરી મનના વળાંકને ધર્મ તરફ લેવાનો. એટલું ધ્યાનમાં રહે કે એ લૌકિક દિનને ઉદ્દેશીને ઊભાં નહિ કરવાના. બાકી ધર્મના નિમિત્ત તરીકે સ્નાત્ર, પૂજા, સામાયિક, સમૂહ ધર્મવાંચન, સમૂહધર્મગીત, તીર્થયાત્રા વગેરે કહેવાય. અસ્તુ.

આર્દ્રકુમારને જિનમૂર્તિ ભેટ મળવા ઉપર જાતિસ્મરણ થયું. પૂર્વની ધર્મ–સાધના અને વર્તમાનની અનાર્ય સ્થિતિ ઉપર આર્દ્રકુમારનું મન ખળભળી ઊઠયું! એને એમ થયું કે–'અરે! આ હું ક્યાં ભૂલો પડી ગયો? પૂર્વજીવનમાં આદરેલી પવિત્ર સંયમજીવન અને અર્હદ્ભક્તિની યાત્રા ક્યાં! અને વર્તમાન જીવનમાં અનાર્ય દેશમાં જન્મી એનાથી દૂર ફેંકાઇ જવાની સ્થિતિ ક્યાં! **રૂડું–રૂપાળું ચારિત્ર જીવન મળેલું છતાં પત્ની પરનો મોહ છોડયો નહિ તો ચારિત્રની વિરાધના થઇ, ને આ ધર્મક્ષેત્ર – ધર્મસંયોગો – ધર્મભાવના વગેરેથી દૂર ફેંકાઇ જવાની ભયંકર સજા પામ્યો!** અને અનાર્ય દેશ એટલે? કેવળ જડ પદાર્થોમાં અટવાઇ માનવભવની સરીયામ બરબાદી કરવાનું જીવન! અહાહા! **ભયાનક જંગલોના જંગલો વટાવી કોઇ સારા શહેરમાં આવ્યા પછી પણ જેમ કોઇ રાંકડો પાછો આગળ જંગલોના માર્ગ લે અને દીર્ઘાતિદીર્ઘ કાળ માટે અરણ્યમાં અટવાઇ જાય, એમ શું મારે માનવજન્મરૂપી નગરમાં, ઉત્તમ નગરમાં આવ્યા પછી પણ દુર્ગતિની વાટે ચઢી જવાનું જીવન જીવવાનું?** આ દેશમાં શું છે? વિષયોની ગુલામી! દેહ અને ઇન્દ્રિયોનાં તર્પણ! ત્યારે શું **ઇન્દ્રિયોને અનંતાનંત કાળથી જેની લત છે એની જ પાછી ગુલામી કરી મરવાનું? એ જ વિષયસેવનના વિષ પીવાનાં? એ જ મમતા-માયા, રાગ–દ્વેષ વગેરેના ઉન્માદ આચરવાના? તો પછી ધર્મસેવનના અમૃતપાન ક્યારે કરી શકીશ?** શું માનવભવથી વળી કોઇ બીજો સારો ભવ છે કે જ્યાં એકાંતે ધર્મસેવન થઇ શકે? ત્યાગ, વૈરાગ્ય, સૂક્ષ્મ જીવોને ય અભયદાન, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, ક્ષમા, સમતા, વગેરેનાં સ્વસ્થ જીવન ક્યારે જીવીશ?'

સ્વાદ, પ્રકાશ અને માયા :—

આર્દ્રકુમારની વિચારસરણી આત્મહિતના રાજમાર્ગે દોડતી ચાલી! એને અટકાવવા માટે હવે કોઇ રાજ્યઋદ્ધિ, હકુરાઇ કે સુખવિલાસો અટકાવવા સમર્થ નહોતા. કુમારને **ચારિત્રજીવનનો સ્વાદ** યાદ આવ્યો, એણે પરિગ્રહ, આરંભસમારંભ અને મોહમાયાને બેસ્વાદ લગાડી દીધા. એને **તત્ત્વજ્ઞાનનાં પ્રકાશ** લાધ્યાં. એણે **સંસારવાસની** ભયંકરતાના દર્શન કરાવ્યાં. **પ્રભુશાસનની માયા** જાગ્રત થઇ, એણે સુખશીલતાના રાગ ઉડાવી નાખ્યા. મન સાથે એણે નક્કી કર્યું કે–'હવે આ દેશમાં રહેવું એ મોહ અને મિથ્યાત્વના જંગલમાં આથડવા બરાબર છે. હવે તો આર્ય દેશમાં જઇ વસું. ત્યાં પણ ગૃહવાસમાં રહેવું એ હીરામાણેક મળે એમ હોવા છતાં તાંબિયા પૈસા લઇ બેસી રહેવા જેવું છે. હવે તો આર્ય દેશમાં પહોંચી ઝટ ચિંતામણિસમું ચારિત્ર જ અપનાવી લઉં.'

આર્દ્રકુમાર અને એના પિતાનો વ્યવહાર:—

માણસનું મન ઉઠી ગયા પછી એક વખતની વહાલામાં વહાલી ચીજ કે વહાલામાં વહાલાં સગાં મળી ચાલતાં કોઇ સંકોચ કે વલવલો થતો નથી,

પણ અહીં તો આર્દ્રકુમારને મોટો વિચાર થઇ પડે છે કે-'જ્યાં આર્ય-સંસ્કૃતિ મળી છે એવા જીવોને ય ત્યાગમાર્ગમાં સંમતિ આપવી કઠિન પડે છે, તો આ તો અનાર્ય દેશના માતાપિતા, એ કેમ સંમત થશે?' પારધીના પાંજરામાં પૂરાયેલા પંખેરા જેવી એની દશા થઇ. બસ, કેમ છૂટવું એ માટે ફાંફા મારે છે. બાપને ખબર પડી છે કે કુમાર ઉદ્વેગમાં છે. વાત કરતાં બાપને પૂછયું હશે, 'અભયને મળવા ન જવાય?' બાપે કહેલું, 'ન જવાય, આપણે તો દૂરથી સલામ! ભેટો લેવી અને મોકલવી, એટલો સંબંધ' પણ કુમારને એ જચ્યું નથી. આથી બાપ જાણી ગયો છે, કે આ કારણે એ ઉદ્વેગમાં હશે. પણ એનો વિશ્વાસ નથી. બાપે એને જવા દેવો નથી એટલે એના પર બીજા રાજકુમારો વગેરેનો ચોકી પહેરો રાખે છે. **ગમે તેવી ચોકી બેસાડાય પણ સંસારથી ચિત્ત ઉઠ્યા પછી કઇ વસ્તુની તાકાત છે કે એ બાંધી રાખે?**

હવે દીર્ઘદૃષ્ટિપણાનો ગુણ ખીલે છે. પિતાની શરમ રાખવા કરતાં આત્મસિદ્ધિનો માર્ગ લેવામાં પોતાનું અને પિતાનું હિત એને દેખાય છે. છૂટવું કેમ એ સમજાતું નથી, પછી યોજના-ગોઠવે છે. ફરવા જાય, દૂર જાય વળી પાછો આવે, દૂર જાય વળી પાછો આવે, એમ વિશ્વાસ પમાડી, આખરે યોજનાપૂર્વક તે નાસી છૂટયો. આર્ય ભૂમિ પર આવી, ચારિત્ર લીધું ત્યારે જંપ્યો. તેણે વિચાર્યું, 'ઘરમાં રહેવાથી ન મારું કલ્યાણ, ન પિતાનું. પણ જો મેં સંયમ લીધું હશે તો કયારે પણ પિતા મળે તો પૂર્વના સંબંધયોગે બે અક્ષર કહેવાય તેની અક્ષર થાય.' દીર્ઘદૃષ્ટિપણાના ગુણે, ગ્લાન ઔષધ ન્યાયે આર્દ્રકુમાર નાસી છૂટયો અને આર્ય દેશમાં આવી ચરિત્ર લીધું.

ભાવની ઝંખના પણ ચરમાવર્તમાં આવે:—

પેલા યુરોપિયને પેલા યુવકને અડધો ભાગ કરી આપવાનો નિર્ધાર કર્યો છે.

સભામાંથી:-અનાર્યને આવી બુદ્ધિ થાય છે. આર્યને કેમ નહિ થતી હોય?

ઉ:-એ અનાર્યે પૂર્વે એવું કર્યું હશે અને જે આર્યને એવી બુદ્ધિ નથી થતી તેણે એવું નથી કર્યું. એ પ્રશ્ન કરતાં અહીં બેઠેલા આર્યના ભવિષ્યનો પ્રશ્ન પૂછો. અત્યારે પણ જગાય તો ભવિષ્ય સુધારાય, આ તો આર્ય દેશ છે, આર્દ્રકુમાર તો અનાર્ય દેશમાં હતો, અહીં તો આરાધના સહજ છે. અહીં ગુણ-પ્રાપ્તિની નિશાળ છે. ઓછા ગુણ, અધિક ગુણ એ છે ધોરણો (Standards) બાલપોથીથી મેટ્રિક એટલે સાત ધોરણ. ધોરણ એટલે અહીં ભવ-અનેક ભવોના ધોરણોમાં ગુણોના અભ્યાસ કરતાં કરતાં શુદ્ધ ધર્મ પમાય અને આરાધાય. બાલપોથીમાં એકડો જ (ભલે ખોટો-પ્રારંભમાં) ન ઘુંટાય તો મેટ્રિકના હિસાબ આવડવાની શી આશા!

માર્ગાનુસારીના ગુણો જીવતા છે તો સમજો કે મેટ્રિકમાં છો. **મંદિર, ઉપાશ્રયમાં જવા માત્રથી સંતોષ મનાય, ને ગુણ ન ખીલવાય, તો ગુણસ્થાનકના ઉપલા ધોરણમાં ચઢવું મુશ્કેલ છે.** જ્ઞાની કહે છે, ભાવની ઝંખના વિનાની અનંતા ભવની ધર્મક્રિયા ફોગટ ગઇ, તેમાં એકનો વધારો! ક્રિયાને અત્યારે ને અત્યારે ભાવથી અલંકૃત ન બનાવી શકો તો ય ભાવની ઝંખનાથી સફળ બનાવો. **દ્રવ્યક્રિયા ભાવથી તથા ભાવની ઝંખનાથી સફળ થાય છે.** આયંબિલ કર્યું, સંભવ છે કે કાલે ગળ્યું દૂધ મળશે એવો વિચાર આવી જાય; પણ આયંબિલ સારું, એ ઝંખનાથી પ્રગતિ છે. ભાવ ન દેખાય પણ ઝંખના દેખાય તો નિરાશ નહિ થવાનું. **ભાવની ઝંખના પણ ચરમાવર્તમાં જ આવે.**

ધર્મક્રિયાનું ફળ શું ઇચ્છવાનું?:—

ધર્મક્રિયાનું આ ઉત્તમ પ્રયોજન લક્ષમાં લેવા જેવું છે. કર્મક્ષયરૂપી પ્રયોજન તો છે જ, પરંતુ કર્મક્ષય થતો હોય તો ય એને આપણે અનુભવી શકતા નથી; જ્યારે ધર્મક્રિયાથી ભાવ પેદા થવાની ઝંખનાને રાખી હોય તો એ ઝંખનાને અનુભવી શકીએ છીએ; તેમજ એમ ક્રિયા કરતાં કરતાં ભાવ પેદા થતો જાય એને પણ આપણે અનુભવી શકીએ. હૃદયને એમ થાય કે પહેલાં આવો શુભ ભાવ નહોતો તે હવે જન્મતો દેખાવા માંડયો છે. **શ્રી વીતરાગ અરિહંત પ્રભુની વંદના-પૂજાની ક્રિયા કરતાં કરતાં પ્રગટતો પૂજાનો ભાવ એટલે કે અશુદ્ધ મનનો સંકોચ થઇ વિશુદ્ધ મનનો વિસ્તાર થાય તે.** આ ભાવ જેમ જેમ પ્રગટ થતો જાય તેમ તેમ આપણે એને

અનુભવી શકીએ છીએ. એમ બીજી બીજી ક્રિયાઓના ભાવ ત્યારે પૂરો,

પ્ર૦—ભાવરૂપી ફળ મળે એની શી બહુ વિશેષતા ?

ઉ૦—ભાવની વિશેષતા મોટી છે. તમને ખબર છે ને કે કેવળજ્ઞાન જોઇતું હોય તો ઠેઠ ઊંચો વીતરાગપણાનો ભાવ ઉભો કરવો પડે છે. **ઊંચા ઊંચા ગુણસ્થાનકે ચઢી તો જ શકાય કે ઊંચા ભાવ પ્રગટ કરીએ. અનાદિ અનંત કાળથી આત્મા મલિન ભાવોમાં રમ્યા કરે છે, તેના કારણે સંસ્કાર ધારાબદ્ધ ચાલ્યો આવે છે. એ તો જ મીટે કે શુભ ભાવો દ્વારા મલિન ભાવોને દૂર કરાય.** આ કર્યા વિના તો ચાલવાનું જ નથી. ભૂત કાળમાં અનંતા આત્મા મોક્ષે ગયા, અને ભવિષ્યમાં જશે તે આજ રીતે, માટે ભાવની તો ઘણી ઘણી વિશેષતા છે. (ક્રમશઃ)

મહેસાણા જૈનપાઠશાળા.

પરીક્ષક શ્રી વાડીલાલભાઇએ ભાવનગરમાં ચાલતી તેર પાઠશાળાઓની પરીક્ષા લીધી. કાર્યકરોને ઉત્સાહિત કરવા ઉદ્બોધન કરેલ. પરીક્ષક શ્રી રામચંદ ડી. શાહે નવેમ્બર તથા ડીસેમ્બર માસમાં રાજસ્થાનમાં આબુરોડ, સરૂપગંજ, રોહિડા, વગેરે અનેક ગામોની પાઠશાળાઓ તથા જૈન બોર્ડીંગોની પરીક્ષાઓ લઇ યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. કેટલાક સ્થળોએ પાઠશાળાઓને પગભર બનાવી હતી. ત્યારબાદ પાટણમાં ચાલતી પાઠશાળા અને બોર્ડીંગની પરીક્ષાઓ તથા વીઝીટો કરવામાં આવી હતી.

પરીક્ષક શ્રી વાડીલાલભાઇની પ્રેરણાથી સ્કોલરશીપ યોજનામાં ૧૨૦) રા. શેઠ ગુલાબચંદ ગફલભાઇ મુંબાઇ, ૧૨૦) રા. શેઠ કાંતિલાલ ઉજમલાલ પાલનપુર, ૧૨૦) રા. શેઠ રતિલાલ જીવણલાલ વઢવાણ શહેરવાળાઓએ આપવાની જાહેરાત કરી છે.

અમદાવાદથી પધારેલ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય શ્રી ભાનુવિજયજી ગણિ આદિ પચાસ ઠાણાએ સંસ્થાની મુલાકાત લઇ સંસ્થાની વ્યવસ્થા, અભ્યાસક્રમ તેમજ વિદ્યાર્થીઓની ધર્મભાવના જોઇ પોતાનો સંતોષ વ્યક્ત કર્યો હતો. તે પ્રસંગે પૂજ્ય શ્રી ભાનુવિજયજી ગણિવરે આદર્શ કેળવણી ઉપર રોચક શૈલીમાં ઉપદેશ કરેલ.

શ્રી તારંગાજીમાં યોજાયેલ જૈન સંસ્કૃતિરક્ષક સભાના અધિવેશનમાં હાજરી આપવા મુંબાઇથી શ્રી હીરાલાલ બેરીસ્ટર, જોધપુરથી સુપ્રિમકોર્ટના એડવોકેટ શ્રી જીવણસિંહજી ચોરડિયા, અજમેરથી સેશન્સકોર્ટના એડવોકેટ શ્રી નરેન્દ્રસિંહજી ચોરડિયા, બ્યાવરના શ્રી શંકરલાલજી મુણોત, જોધપુરના શ્રી તારાચંદજી ભંડારી, બીજોતરાના શ્રી લક્ષ્મણદાસજી બોથરા, જયપુરના શ્રી નારયણલાલજી પલીવાલ, કેશરીયાજીના શ્રી કાંતિલાલ છગનલાલ આદિ મહેમાનો સ્ટેશને પધારતાં શ્રી વીસા શ્રીમાળી ૧૦૮ની ગોળની જૈન બોર્ડીંગ તથા શ્રી જૈન પાઠશાળા તરફથી તેઓશ્રીનું ભાવભીનું સ્વાગત કરવામાં આવેલ. તે પ્રસંગે મહેમાનોને હારતોરા એનાયત કરવાની વિધિ સંસ્કૃતિ સભાના માનદ્ મંત્રી શ્રી મનસુખલાલ ડાહ્યાભાઇ ચાણસ્માવાળાએ કરેલ.

શ્રી રાજનગર તરફથી લેવાતી લેખીત ધાર્મિક પરીક્ષામાં સંસ્થાના ચોત્રીસ વિદ્યાર્થીઓ તા. ૨૮-૧૨-૫૮ના રોજ જુદા જુદા વિષયોની પરીક્ષામાં બેઠા હતા. તે પ્રસંગે શ્રી રાજનગરથી પધારેલ પંડિત શ્રી બાબુલાલ સોમચંદ શાહે હાજરી આપી પરીક્ષા સંબંધી યોગ્ય દોરવણી આપી હતી.

માગશર સુદી ૫ ના રોજ પાઠશાળાના લગભગ પંદર વિદ્યાર્થીઓ, અધ્યાપક શ્રી રસીકલાલભાઇ અને માસ્તર દલપતલાલે પૂજ્ય પં. શ્રી વિનયવિજયજી મહારાજ સાહેબ પાસે નાણ સમક્ષ બારવ્રતો ઉચરેલ હતા. તે વખતે ગામના કેટલાક ભાવિકોએ પણ સારો લાભ લીધો હતો.

સુરત—અત્રે પૂ. આ૦ વિજયભુવનતિલકસૂરિજી મ૦ આદિની મા૦ સુદ ૩ના રાંદેર તરફ વિહાર હોવાના કારણે સવારે જનતા વળાવા આવી. રાંદેર પધારતાં સંઘે સામૈયું કર્યું. દરમિયાન જનતામાં ધર્મ-જાગૃતિ સારી આવી. શ્રી શીવલાલ હીરાચંદ છાણીથી વંદનાર્થે આવેલ, ને તેઓશ્રીના તરફથી પ્રભાવના થઇ. હરીપુરા સંઘની વિનંતિથી સુદ ૭ના

વિહાર કરી વડાચૌટા પધારતાં સંઘે સ્વાગત કરેલ. પૂ. પંન્યાસજી મહારાજના રોચક વ્યાખ્યાન બાદ પ્રભાવના થઇ. આચાર્ય મહારાજશ્રીએ હરીપુરામાં સુંદર પ્રવચન આપેલ. એક વ્યક્તિ તરફથી પંચકલ્યાણક મહોત્સવ યોજાયો. પૂજામાં માસ્તર દીનાનાથે અપૂર્વ ભક્તિરસ જમાવ્યો હતો.

પૂ. આચાર્ય મહારાજ શ્રી સંઘાયહથી, સ્ટેશન ઉપર નૂતન બંધાઇ રહેલ મંદિરમાં પો. સુદ ૭ના પ્રભુ-પ્રવેશોત્સવ હોઇ ત્યાં સુધી સ્થિરતા કરી કઠોરમાં મહોત્સવ હોઇ મહા સુદમાં ત્યાં પધારશે.

પૂ. પંન્યાજી મહારાજ વ. ૧૩ના વિહાર કરીને ગંધાર તીર્થની યાત્રા કરીને ખંભાત પૂ આચાર્ય ભગવંતને વંદન કરી ફાગણ માસમાં પાલીતાણા યાત્રાર્થે પધારશે.

પૂના—ઓગસ્ટ ૧૯૫૮ માં લેવાએલ પરીક્ષાઓમાં પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો, જૈન-જૈનેતરો કોલેજિયનો, પ્રૌઢો અને બાળકો સહિત ભારતભરના ૧૨૭ કેન્દ્રોમાંથી કુલ ૨૮૯૦ પરીક્ષાર્થીઓએ ભાગ લીધો હતો.

પરીક્ષાઓનું પરિણામ પ્રાથમિકમાં ૬૭.૪ %, પ્રારંભિકમાં ૭૨.૪%, પ્રવેશમાં ૭૮ ૫%, પરિચયમાં ૭૭.૭%, અને પંડિતમાં ૬૬.૬%, આવ્યું છે. પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો અને અન્ય પરીક્ષાર્થીઓમાં સર્વ પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનારના નામો નીચે મુજબ છે. **પ્રાથમિક**:-શ્રી ઉષાબહેન રસિકલાલ. ગુણ—૯૪, શ્રી શ્વેતાંબર જૈન પાઠશાળા, લોનાવલા. **પ્રારંભિક**:-પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મહારાજ સાહેબ. ગુણ—૧૨૫, રાજકોટ. શ્રી પ્રવિણચંદ્ર વનરાવનદાસ ગુણ—૧૪૨, શ્રી અજિતનાથ જૈન જ્ઞાનશાળા-મુંબઇ. **પ્રવેશ**:-પૂ. સા. શ્રી મહિમાશ્રીજી મહારાજ સાહેબ ગુણ—૧૫૫, ખાચરોદ. શ્રી નયનાબહેન સુરજમલ (બી એ) ગુણ—૨૨૧, શ્રી જૈન તત્ત્વજ્ઞાન શિક્ષણવર્ગ-વડોદરા. **પરિચય**-પૂ. મુ. શ્રી રાજેન્દ્રમુનિજી મહારાજ સાહેબ ગુણ—૨૩૦, કપડવંજ. પૂ. સા. ઓંકારપ્રભાશ્રીજી મહારાજ સાહેબ ગુણ—૨૩૫, બારડોલી. શ્રી પદ્માબહેન સવાઇલાલ ગુણ—૨૬૩, શેઠ મણિભાઇ સામળભાઇ જૈન પાઠશાળા-કપડવંજ.

પંડિત-શ્રી શંખેશ્વકુમારી નાહર. ગુણ—૨૭૦, શ્રી શાંતિ જૈન મિડલ સ્કૂલ-બ્યાવર.

અન્ય પરીક્ષાઓર્થીઓમાં સર્વ પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનાર પાંચેયને મુંબઇ નિવાસી શ્રીમાન શેઠ શ્રી ભૂપતરાય રતિલાલ પારેખ તરફથી વિદ્યાપીઠ દ્વારા ચંદ્રકો એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત દરેક કેન્દ્રમાં પ્રથમ અને બીજા નંબરે ઉત્તીર્ણ થનાર સૌને નવા નિયમ મુજબ શિષ્યવૃત્તિઓ અને શિક્ષક-શિક્ષિકાઓને ઓનસો અપાશે. ૦૦૦૦૦૦

(અનુસંધાન પાન ૧૪૦નું ચાલુ)

તરફ આકર્ષાશે. જૂના ધર્મીઓને પણ આ સહેલા અને સંક્ષિપ્ત વાંચનથી સારો બોધ મળશે, તેમજ જૈનેતરોને પણ આ વંચાવ્યાથી એમનામાં જૈનધર્મ પ્રત્યે ગૌરવ ઊભું કરી શકાશે.

બાર પુસ્તકોના સેટની કિંમત કુલ રૂા. ૫) રાખવામાં આવી છે. અમદાવાદ અને મુંબઇ સિવાય બીજા સ્થળે મંગાવનારને ટપાલ ખર્ચનો રૂા. ૧) વધુ પડશે. ઘણા લવાજમ અગાઉથી ભરાઇ ગયા છે, તેથી હજી પણ લવાજમ ભરી દેનારને સેટ મળવાની શકયતા છે.

—: જલદી નોંધાવી દો. :—

પ્રકાશકીયઃ—પરમતેજ અરિહંત પરમાત્માના ભકતને એમની અનેકવિધ વિશિષ્ટતાઓનો અને અસર્વજ્ઞની મહાન ન્યુનતાઓનો સુન્દર ખ્યાલ આવે, તેમજ જૈન દર્શનના તત્ત્વોનાં પરમતેજનો અદ્‌ભુત બોધ મળે એવું શ્રી લલિતવિસ્તરા ગ્રન્થનું વિસ્તૃત વિવેચન તૈયાર થઇ રહ્યું છે. અર્હદ્‌ભકતને એના વિના ચાલી શકે નહિ. કુટુંબ, મિત્રમંડળ વગેરેમાં પણ ખૂબ ઉપયોગી અને આવશ્યક આ ગ્રન્થની કોપીઓ જલદીથી નોંધાવી દેવા અને પહેલા ભાગની દરેક કોપી દીઠ રૂા. ૫) કાર્યાલયે પહોંચતા કરવા વિનંતિ છે.

મુદ્રક : ચંદ્રકાન્ત રતિલાલ શાહ. (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીની ખડકી. માણેકચોક, અમદાવાદ. ત્યાંથી છાપી પ્રસિદ્ધ કર્યું

દિવ્ય દર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ-૭, અંક-૧૯
બચુભાઇ ચીમનલાલ ઝવેરી મુંબઇ શાખા : ૬૬૭-૬૯, ફીકા સ્ટ્રીટ. શનિવાર તા. ૨૪-૧-૧૯૫૯

તંત્રીસ્થાનેથી :—

જૈન ધર્મની સત્યપ્રિયતા.

જૈનધર્મ અહિંસા પ્રિય છે, એ વાત જગજાહેર થઇ ચૂકી છે. ખાસ કરીને પશ્ચિમના વિદ્વાનોએ તથા રાષ્ટ્રપિતા ગાંધીજીએ આ વસ્તુ પર વિશેષ ભાર મૂકયા પછી બહાર તેનો પ્રચાર વિશેષ થયો છે. થોડા વખત પહેલાં આપણા રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્ર બાબુએ કહ્યું હતું કે-'જૈનધર્મે જગતને અતિ પવિત્ર એવો અહિંસાનો સિદ્ધાંત અર્પણ કર્યો છે. બીજા કોઈ પણ ધર્મે અહિંસાને આટલું મહત્વ આપ્યું નથી; અને જૈનધર્મે તેને જીવનમાં ઉતારવા માટે જેટલો પ્રયત્ન કર્યો છે, તેટલો બીજા કોઇએ કર્યો નથી. જૈનધર્મ તેના અહિંસાના સિદ્ધાંતને લીધે વિશ્વધર્મ થવાની યોગ્યતા ધરાવે છે.'

જૈનધર્મના અહિંસાસિદ્ધાંતની આ પ્રશસ્તિ સાંભળીને અમને અતિ આનંદ થાય છે, પણ અમે એ વસ્તુ સર્વ પાઠકોનાં ધ્યાનમાં લાવવા ઇચ્છીએ છીએ કે 'જૈનધર્મ જેટલો અહિંસાપ્રિય છે, તેટલો જ સત્યપ્રિય છે, બલ્કે તેથી કંઈ ગુણો અધિક સત્યપ્રિય છે; એ કોઇએ ભૂલવું જોઇતું નથી.

આચારમાં તેણે અહિંસાને પ્રથમ સ્થાન આપ્યું છે, અને વિચારમાં તેણે સત્યને પ્રથમ સ્થાન આપ્યું છે, એ વાત આપણે બરાબર લક્ષમાં રાખવી જોઇએ. શ્રી મહાવીર પ્રભુએ નિર્ગ્રન્થ પ્રવચનના સારરૂપે બે સૂત્રો કહ્યા, તેમાં પ્રથમ વિધાન સત્યનું કરેલું છે. જેમકે 'अप्पणा सच्चमेसिज्जा मित्तिं भूएसु कप्पए-આત્મા વડે સત્યનું શોધન કરો અને સર્વ પ્રાણી પ્રત્યે મૈત્રી રાખો.'

તેમણે અન્યત્ર કહ્યું છે કે-'पुरिसा ! सच्चमेव समभिजाणाहि- હે પુરુષ ! તું સત્યને જ સારી રીતે જાણી લે.' અહીં એવો પ્રશ્ન થાય કે-'સત્ય જાણી લેવાથી શું લાભ ?' તેના ઉત્તરમાં તેમણે કહ્યું છે કે-'सच्चस्स आणाए उवट्ठिओ मेहावी मारं तरइ-સત્યની આજ્ઞામાં રહેલો બુદ્ધિમાન પુરુષ સંસાર તરી જાય છે.'

શ્રી આચારાંગ સૂત્રમાં 'સત્યોપાસના એ જ મુનિપણું છે અને મુનિપણું એ જ સત્યોપાસના છે,' એમ જે કહેવાયું છે તેનો અર્થ પણ એ જ છે કે સત્યોપાસના એ ઊંચામાં ઊંચી સાધના છે અને તેનાથી કલ્યાણની કામના સિદ્ધ થાય છે.

દરેક મનુષ્યમાં કોઇને કોઇ પ્રકારની શ્રદ્ધા હોય છે, અમુક જ્ઞાન પણ હોય છે,

(અનુસંધાન પાન ૧૫૪ ઉપર)

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના** પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના** વિદ્વાન શિષ્યરત્ન

પૂ. ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.

સંસારની જડ. (ચાલુ)

ભાવસહિત ક્રિયાથી અચિંત્ય લાભ મળ્યાના કેઇ દૃષ્ટાંત છે, શાલિભદ્રના જીવે થાળી ખીરનું દાન કર્યું, માત્ર એનું એટલું મહત્ત્વ નહોતું જેટલું એ ક્રિયાથી જન્મેલા ભાવનું મહત્ત્વ હતું. મરુદેવા, ઇલાચી પુત્ર, પૃથ્વીચંદ્ર-ગુણસાગર વગેરે કેઇક ભાવમાં ચઢવાથી કેવળજ્ઞાન પામ્યા!

પ્ર૦-તો તો પછી ભાવની જ મહેનત કરવી; ક્રિયાની મહેનત શા સારૂ?

ઉ૦-પાછા ભૂલ્યા, ભાવની મહેનત કરશો શી રીતે? શું 'ભાવ, ભાવ,' એમ રટણા કરવાથી, અગર માત્ર ભાવના ભાવવાથી ભાવ પ્રગટી જશે? આશા રાખશો મા. એ તો સારી ક્રિયામાં ગુંથાયા રહો ત્યારે ભાવ સુલભ બને છે. શાલિભદ્રના જીવે ખીરદાનની ક્રિયા ન કરી હોત ને, તો ભાવ કાંઇ સરતા નહોતા!

અનુભવ સિદ્ધ વાત છે કે **ક્રિયા કરતાં કરતાં કેઇ શુભ તરંગો હૈયામાં ઉઠે છે. તે ભાવ, વિના ક્રિયાએ કયાંથી ઉઠે?** માટે ધર્મક્રિયાનું રોકડું અને ઝંખવા જેવું ફળ આ, કે એના દ્વારા તે તે ભાવ જાગતા જાય.

પ્ર૦-તો પછી જેને ભાવ જાગી ગયા, એને તો ક્રિયા નકામી જ ને?

ઉ૦-ના, ભાવ એટલે શું ચીજ સમજો છો? ભાવ કેઇ એક જ વ્યક્તિ નથી. એક જ ભાવમાં પણ અસંખ્ય કક્ષાઓ છે. દા. ત. દયા, ક્ષમા, સમતા, વૈરાગ્ય, ઉદારતા, સહિષ્ણુતા, માનસિક પવિત્રતા,-આવા બધા ભાવમાં દરેકમાં અનેક તરતમતાઓ હોય છે. કોઇનો દયાનો ભાવ ઓછો, કોઇનો તેથી વધારે, બીજાનો તેથી ય વધારે. એવું જ ક્ષમામાં, સમતામાં, વગેરે. એટલે નીચે-નીચેની કક્ષાનો ભાવ સિદ્ધ કર્યો હોય એને પણ ઊંચી ઊંચી કક્ષાનો ભાવ પેદા કરવાનો છે, અને તે માટેની ઝંખના અને ધગશ-પૂર્વકની ધર્મક્રિયાથી એ સુલભ બને છે. મુનિઓ સંયમની ક્રિયાઓ કરતાં કરતાં ઊંચા ઊંચા ભાવમાં ચઢે છે. થોડો ભાવ જન્મ્યો અને પછી ક્રિયા મૂકી દે, યાને જ્ઞાનાચારાદિ પંચાચારની ક્રિયાઓ છોડી દે, તો ઊંચો ભાવ પ્રગટવાની વાત તો દૂર, પણ જે ભાવ પેદા કર્યો હોય તેય ખોવાઇ જાય! માટે સમજી રાખો કે ક્રિયા તો ભાવને પેદા પણ કરે છે, ભાવનું રક્ષણ પણ કરે છે, ને ભાવને વિકસિત પણ કરે છે.

વાત આ ચાલે છે કે ક્રિયાના પ્રયોજન તરીકે ભાવની પ્રાપ્તિ અને વૃદ્ધિ રાખવાની જરૂર છે. એથી પછી દુન્યવી ફળ પૈસા-ટકા-માનપાન વગેરે ન મળ્યા તો ય ચિંતા નહિ, કે કર્મક્ષય ફળ નજરે ન ચઢયું તો ય નિરાશ થવાની જરૂર નહિ. ભાવનું પ્રયોજન મનમાં રાખ્યું એટલે એની જ ઝંખના રહેવાની.

બે સામાયિકથી અઢળક પાપને તાળું:—

ભાવની ઝંખનાનો અર્થ એ કે-'ઉચ્ચ ભાવથી ક્રિયાઓ કયારે કરું!' 'ક્રિયા કરતાં કરતાં એનો શુદ્ધ ભાવ કયારે પ્રગટ થાય!' 'કયારે હું ભાવમાં તન્મય થઇ જાઉં' એવી ઝંખના. સામાયિક એ જગતના સાવદ્ય વ્યાપારો પર અનાસક્તિ ઉભી કરવા માટે છે. તો એ ઝંખના થાય કે-'આ સામાયિકો કરતાં કરતાં હું કયારે અનાસકત બનું!' જ્ઞાની જુએ છે, આ સંસારમાં રહેલો જીવ સાવદ્ય યોગની આસક્તિનું કાયમ પચ્ચકખાણ પાળવાનો નથી, એટલે એમણે ગૃહસ્થને બે ઘડીનું સામાયિક બતાવ્યું, જેથી એને અનાસક્તિની ઝંખના રહે. **ભાવ મોંઘો છે, મુશ્કેલ છે, પણ ભાવની ઝંખના સસ્તી છે, સહેલી છે.** બે ઘડી માટે સાવદ્ય યોગો છોડવાનું કહ્યું, એટલે બે ઘડી માટે આસકિત છોડવાનું કહ્યું, જેથી અભ્યાસ પડે. **સાવદ્ય યોગો માથે રાખીને આ જીવે કેટલાં પાપો બાંધ્યાં?** કંઇ હિસાબ છે? ખાનપાન અંગે, પહેરવા-ઓઢવા અંગે કેટલી ધમાધમ! આજ ઘરમાં બહુ તો દશ શેર ઘઉંનો

સંગ્રહ હશે, કોઇ સુખી હશે તો તેને ત્યાં મણ, બે મણ કે ૧૦-૨૦-૨૫ મણ હશે, પણ પ્રશ્ન એ છે કે ખાવું-પીવું; મોજ-શોખ, પહેરવેશ વગેરે અંગે જગત પર પાપવ્યાપારો કેટલા ? સામાયિક નહોતું લીધું અને બીજાં ય વ્રત નહોતાં ત્યાં સુધી જગતના તમામ આરંભ-સમારંભ પાપવ્યાપારો, જેમાં કતલખાનાં પણ આવી જાય તે તમામનું પાપ, પચ્ચક્ખાણના અભાવે, અવિરતિ યોગે લાગતું હતું; હવે પરમાત્માએ **બે ઘડીના સામાયિકથી તેટલા કાળ માટે વહી આવતા અઢળક પાપના દરવાજે તાળું મરાવ્યું.** જ્ઞાનીનો કેવો ઉપકાર !

વિચારજો એક બે ઘડી માત્રના સામાયિકનો અપરંપાર લાભ ! સામાયિક બહુ કરો છો ને ? સામાયિક પારતાં શું બોલો છો ? **'બહુસો સામાઇયં કુજ્જા'** એટલે ? સામાયિક બહુ વાર કરવા જોઇએ આ માત્ર બોલવાનું, કરવાનું નહિ ! એમ ને ? **સામાયિકના મહાલાભ તરફ દૃષ્ટિ હોય, અને માનવ જીવનમાં જ સુલભ એવો એ લાભ કમાઇ લેવાની તાલાવેલી હોય તો નવરા પડયા કે સામાયિક કરવાનું મન ન થાય ? દિવસમાં એકવાર પણ સામાયિક કરવાનું દિલ ન રહે ?** 'જરા ટેવ છે મોડા ઉઠવાની, એટલે સામાયિક નથી કરતા, એટલો લાભ ઓછો મળશે'-આ મનોવૃત્તિ રહે છે ને ? 'શું જરા વહેલા ન ઉઠી શકો ? રાતે સુઓ ત્યાંસુધીમાં બે ઘડી પણ થોકબંધ પાપની નદીઓ બંધ રાખું.' એવું ન કરી શકો ? લાભ ઓછો મળશે કાંઇ નહિ, એમ મન મનાવી લેવામાં એ ખ્યાલ નથી કે પાપના ભાર કેટલા ચઢી રહ્યા છે ? પાપનો ડર, ષટ્કાય જીવોની હિંસાનો ઉદ્વેગ-પરિગ્રહ-પરિવારના નિમિતે થતા રાગ-દ્વેષાદિ પ્રત્યે નફરત, ખેદ-એ બધું હોય તો સામાયિકની ઉપર અઢળક પ્રેમ થાય, એની ઝંખના રહે, અને સમય કાઢીને પણ એનો ઉદ્યમ થાય. સુકૃતની આ ભવમાં મહાન તક સમજો. બીજું જે કરી રહ્યા છો, તેમાં કાંઇ નવું નથી. એ તો મોહ તમારી પાસે અનંતા-નંતકાળથી કરાવી જ રહ્યો છે. ધર્મના સુકૃત એ નવાં ઉભાં કરવાનાં છે. એને યોગ્ય આ ભવ છે.

પળે એટલો અને એવો ધર્મ બતાવ્યોઃ—

બે ઘડીના સામાયિકમાં માત્ર છૂટ કેટલી ? આઠકતરી અનુમોદનાની. સાધુને ત્રિવિધ ત્રિવિધ, ગૃહસ્થને દ્વિવિધ ત્રિવિધ. એક ભાંગો બાદ. મન-વચન-કાયાથી ન કરું, ન કરાવું, એમ છ ભાંગે ગૃહસ્થને પચ્ચક્ખાણ. છ ભાંગા આ,-મનથી ન કરાય, ન કરાવાય, વચનથી ન કરાય, કરાવાય, કાયાથી ન કરાય, ન કરાવાય. મન-વચન-કાયાની અનુમોદનાનું પચ્ચક્ખાણ ગૃહસ્થને નહિ. એ પળે એમ નથી. માનો રોજનું એક સામયિક થાય તો મહિને ત્રીશ થાય એનો સમય એક અહોરાત્ર દિવસનો થયો. એ ગૃહસ્થ બેન્કમાં વ્યાજ લેવા જશે ત્યારે એ અહોરાત્રનું વ્યાજ બાદ કરવાનો ? નહિ લેવાનો ? અથવા માનો કે એને ભાગીદારીમાં વ્યાપાર હોય તો સામાયિક વખતના વ્યાપારનો નફો શું એ નહિ લેવાનો ? એના માટે ઘરવાળાએ તે વખતે પૂરી, વડાં વગેરે કર્યાં, ગૃહસ્થ ઘેર આવી તે નહિ ખાવાનો ? શ્રાવકજીવનથી શકય એટલું જ્ઞાનીએ બતાવ્યું, જ્ઞાની દયાળુ છે. પળે એટલો ધર્મ કરાવાય. એમ ન કર્યું કે 'ના, આટલું પાપ હજી તારે ઉભું રાખવું છે, તો તને ધર્મ નહિ મળે.' આ ધ્યાનમાં આવે તો સમજશો કે પ્રભુ-પૂજામાં સ્થાવર જીવનની હિંસા છતાં જિનભકિતનો ધર્મ થાય છે માટે એ કર્તવ્ય કહ્યો. **બે ઘડીના સામાયિકનો હેતુ, ખુમારીના જ્યાલનો.** સામાયિકમાં કદાચ આઠકતરી અનુમોદના છૂટી રહી, પણ કેટલાં પાપથી બચાયું ? એ હિસાબે 'કરેમિ ભંતે' ઉચ્ચરાય ત્યારે કેટલી મગરૂરી રહે ? ચોતરફથી **ધસ્યા આવતા લાખ્ખો કરોડો પાપરૂપી નાગોને, ભગવાને બતાવેલા 'કરેમિ ભંતે' રૂપ ગારૂડી મંત્રે બહાર જ થંભાવી દીધા ! કુંડાળામાં પેસી ન શકે.** 'કરેમિ ભંતે' 'કરું છું. હે ભગવંત !' કેવો ઉલ્લાસ જાગે ? 'સામાઇયં !' હું સામાયિક કરું છું, સમય ? 'જાવ નિયમં.' જ્યાં સુધી નિયમ છે તેટલો સમય અર્થાત્ બે ઘડી. સામાયિકમાં બેઠા પછી ઢાળ દુણાય એ સામે ન જોવાય, કબાટમાંથી કોથળી ચાલી જાય, ચૂં ન કરાય. 'સામાયિકની Value (કિંમત) કોથળીથી કેઇ ગુણી ઊંચી છે; એટલી કે કોથળી કરતાં દસ

ગુણા, વીસ ગુણા, ૫૦-૧૦૦-૧૦૦૦ ગુણા લાભ અપાવનાર છે.' એવો આત્મામે અપૂર્વ ખ્યાલ થાય છે. અમેરિકાના કારખાનાં સાથે શી નિસ્બત છે? પણ વ્રત ન થાય તો અવિરતિના યોગે પાપરૂપી નાયગ્રાનો ધોધ ચાલુ જ છે. 'કરેમિ ભંતે'માં પેઠો, **સામાયિક કર્યું એટલે અવિરતિના પાપ માટે બારણા બંધ. સામાયિકમાં જો આ પાપથી છૂટ્યાને આનંદ હોય, તો એની પૂર્ણાહુતિમાં શોક થાય કે, 'અરે! મારો આત્મા ફરી પાપની હોળીમાં ફેંકાશે!'** એને થાય, 'એવો ધન્ય દિવસ કયારે આવે કે જીવન ભરનું સામાયિક લઉં.' બે ઘડીના સામાયિકમાં આવા કોડ હોય શ્રી મહાવીરદેવની આત્મધર્મની કેવી ધગશ હશે! સંગમા જેવા મચ્છરાથી શું થઇ શકયું? જાણે ભગવાનને ક્રોધ પગે પડે છે, 'સાહેબ! આ સંગમાએ ઘણું કર્યું, હવે તો આંખ લાલ કરો!' ભગવાન કહે છે, 'ના ભાઇ! મારે ભવમાં ભટકવું નથી. મારે નિરાંત છે, પાપનાં પચ્ચક્ખાણ છે, મારે કષાય ન ખપે.' બે ઘડીના સામાયિકમાં આવી નિશ્ચિન્તતાનો ખ્યાલ આવે.

તુચ્છ કાયાની માયામાં કાં, ગોષ્પદ જલે અટકાયો! મેઘકુમારને શરીર પર રાગ કષાય થાય છે, તેનાથી તેને મૂકાવવા ભગવાન કહે છેઃ 'ગાંડા! ભૂલે કાં? સાંભળ,

"ભવોદધિની અનંતતાને, ઓલંઘી તીરે આવ્યો;
તુચ્છ કાયાની માયામા કાં! ગોષ્પદ જલે અટકાયો.
શાણા સુણ હો મેઘકુમાર! પડશો મા જો."

સંગમના ઘોર ઉપસર્ગમાં ય કષાય ન કરનાર ભગવાન મેઘકુમારની સ્થિતિ જુએ છે, 'આ ભાગ્યવાન જીવ ભવસાગરની અનંતતાને ઉલ્લંઘી મારે શરણે આવ્યો અને એ હવે તુચ્છ કાયાની માયાથી ગાયના પગલા જેટલા પાણીમાં ડૂબે છે?' પોતાને શરણે આવેલાને, લગભગ કાંઠે આવેલાને ભગવાન ડૂબવા દે? ડૂબવાનું શાથી? સંથારામાં પડતી સાધુના પગની રજના કારણે આમ! વળી આગળ કહે છેઃ

"આ જીવે નરકાવાસાને, વાર અનંતી પેખ્યા;
ધીખતી જ્વાળામાં ભડભડ બળીઓ,
છેદન ભેદન વેઠ્યા;
શાણા સુણ હો મેઘકુમાર, પડશો મા જો.
મા પડ, મા પંડ નરકે, પડશો મા જો.
તારા આતમનો ગુણ જાય પડશો મા જો.
ભવ બહુલા તેથી ઠરાય પડશો મા જો.
ફરી અવસર ના વરતાય, પડશો મા જો."

સંગમ જેવાની સામે ઝઝૂમેલા ભગવાન, કરુણાના સાગર ભગવાન, મેઘકુમારને સંયમ-શ્રેણિથી નીચે પડતો જોઇ સીડી ગોઠવી દે છે. ગુણસ્થાનક છે એ પગથીયાં છે. એ શ્રેણિથી વીતરાગભાવના યથાખ્યાત ચારિત્રે પહોંચાય, ઘાતિક્ષયે કેવળજ્ઞાન થાય.

મેઘકુમાર મુનિ સંયમ શ્રેણિ પરથી નીચે ઉતરીઆ,
વીર વિભુ કરુણાના દરિયા, હિત વચન ઉચ્ચરિયા;
શાણા સુણ હો મેઘકુમાર, પડશો મા જો.

હિત વચનનો સાર કયાં? સાવદ્ય યોગના ત્યાગમાં.

માર્ગાનુસારિતાના ગુણોનો પ્રકારાંતરે ક્રમઃ-

શ્રાવકનું બે ઘડીનું સામાયિક એવું હોય કે જે જીવનભરનું સામાયિક અપાવે. આ કયારે બને? માર્ગાનુસારીના ગુણો દીર્ઘદર્શિતા, પાપભીરુતા અસ્થિમજ્જામાં વસ્યા હોય ત્યારે.

વિચારો માર્ગાનુસારિતાના ગુણોઃ ન્યાય-સંપન્નતા, ઉચિત વ્યય, ઉચિત વેષ એટલે રહેણી-કહેણી, ઉચિત ઘર, ઉચિત સંબંધી. આમાં ગુણે ગુણે ઉચિતની વ્યાખ્યા જુદી. પછી અનુચિત ભોજનનો ત્યાગ, ઉચિત ભોજન, પોષ્યનું પોષણ, તેમાં મા-બાપ આવી ગયા છતાં વિશેષ પ્રકારે માતા-પિતાની પૂજાનો ગુણ જુદો; પછી અતિથિ સાધુ દીનનો યથાયોગ્ય સત્કાર, ચારિત્રપાત્ર તથા જ્ઞાનવૃદ્ધની સેવા. આ અગીયાર કર્તવ્ય. પછી સત્સંગ, શાસ્ત્ર-શ્રવણ, બુદ્ધિના આઠ ગુણ; ત્યાર પછી પાપભીરુતા, વિશેષ દર્શિતા, દીર્ઘદર્શિતા. **વિશેષ-દર્શિતામાં જોવાનું છે, વસ્તુનું સ્વરૂપ; દીર્ઘદર્શિતામાં વસ્તુનું પરિણામ.** વળી બે ગુણ બલાબલની વિચારણા, અને સૌમ્યતા. એમ આઠ ગુણ કેળવવાના. હવે આઠ દોષ ત્યજવાના,-દુરાગ્રહનો ત્યાગ, છ આંતર દુશ્મનોનો ત્યાગ, **તે જ હેતુ માટે** પાંચે ય ઇન્દ્રિયોની

ગુલામીનો ત્યાગ, ઇન્દ્રિયો જો મકરકુંદીઆં ન કરે, તો આંતર દુશ્મનો ધમાધમ કયાંથી કરે? પછી નિંદાનો શો ખપ? માટે નિંદાનો ત્યાગ.

નિંદા અને તે કોની?:—

પોતાનું હુંપદ જાગે ત્યારે બીજાની નિંદા થાય. બીજાને હલકો પાડવો હોય, તેના પર દ્વેષ હોય, તો તેની નિંદા થાય. જો નિંદા નથી કરવી તો દ્વેષની જરૂર શી? ગુણ જુઓ! જગતમાં દોષવાળા અઢળક છે; ગુણવાળા થોડા. અનંતાનંત નિગોદના જીવોમાં એકે ય ગુણ નથી. વિકલેન્દ્રિયમાં પણ ગુણ નથી, 'ખાવું, ભેગું કરવું ને ભોગવવું,' આ સંજ્ઞા છે. પંચેન્દ્રિયની ચાર ગતિમાં માર્ગાનુસારી કેટલા? મનુષ્યોમાં કેટલા? ઊંચા ગુણની વાત પછી! મુંબઇ બાર ગાઉની ગણીએ તેના હિસાબે એક વેંત, એ ન્યાયે આપણી દુનિયાના હિસાબે વર્તમાન (દેખાતી) દુનિયા તેટલી ગણાય. એવી આજની દુનિયામાં મનુષ્યો સવા બે કે અઢી અબજ, તેમાંથી માર્ગાનુસારિતાના ગુણવાળા સવા બે કરોડ નીકળે? ના! એટલે? સોમો ભાગ પણ નહિ ને? આ તો આજની મનુષ્ય દુનિયાના હિસાબે આ વાત છે. દુનિયાના તમામ જીવોના હિસાબે પ્રમાણ કેટલું? કાંઇ નહિ. અલબત્ત જૈનેતરોમાં પણ ગુણોવાળા હોય છે. છતાં જૈન કુળમાં આવનારો ઘણી યોગ્યતા લઇને આવે છે. આત્માના અહીંના સામાન્ય ગુણો પણ બીજાથી વિશેષ છે. ગામ હોય ત્યાં ઢેડવાડો ય હોય, તથા ઢેડવાડે રત્ન પડ્યું હોય એ પણ બને. બહારના ગુણમાં અને અહીંના ગુણમાં ફરક કેટલો? મિથ્યામતમાં રહેલ તામલી તાપસના સાઠ હજાર વર્ષના તપ કરતાં સમ્યગ્દૃષ્ટિની નવકારશીનું મૂલ્ય શાસ્ત્રે વધારે કહ્યું છે. અહીં તત્ત્વરુચિ છે, સુદેવ-સુગુરુ-સુધર્મની શ્રદ્ધા છે, સર્વજ્ઞ ભગવાને કહેલ યથાર્થ વિરતિમાર્ગનું ધ્યેય છે; માટે અહીં ગુણ કિંમતી છે. **તમે નિંદા કોની કરવાના? આવા વિશિષ્ટ ગુણોવાળાની ને!** ઢેડ-ભંગી કે બ્રાહ્મણ-વૈષ્ણવની નથી કરતા, પણ શ્રાવકની કરો છો ને? નિંદાનું પાત્ર આ? આગળ વધાય તો, દોઢ ઇંચની (જીભ) કુદાકુદ કરે તો સાધુની નિંદા પણ સહી! વાહ જીવન! સાધુ અને શ્રાવકની નિંદા? આત્મા ગમાર છે એટલે એને આ વાતનું ભાન નથી. શ્રાવકના ગુણ કેવા? **શ્રાવકમાં કોઇ દોષ હોય, ઓછપ હોય, છતાં ય તેની નિંદા ન થાય; કેમકે એને વીતરાગ પર પ્યાર છે એ ઓછા ગુણ છે?** એ ગુણનું મૂલ્ય ન અંકાય. મહાવીરની વફાદારીને આગળ ધરે, એની નિંદા? **ઘઉંમાં કાંકરા હોય, પણ દૃષ્ટિ ઘઉં પર રાખો.** બીજાની નિંદા થાય છે, 'કેવો દંભી છે! વીતરાગની સેવાના કેવા ઢોંગ કરે છે?' પણ આપણામાં દંભ કે ઢોંગ નથી? શ્રાવકની જ નિંદા એટલે જગત સારું, અને નિંદા પાત્ર શ્રાવકો! એમ? ભક્તિના પાત્રને નિંદાનું પાત્ર બનાવતાં કેટલી અધમતા? કેટલાં પાપના થોક?

પ્રશસ્ત રાગદ્વેષ કયા? તે, કે જેના મૂલમાં વૈરાગ્ય હોય:—તમારી વાત દૂર રહી, સાધુને પણ નિંદાને અંગે એ વખત હાજરી ભરવી પડે! પ્રતિક્રમણ વખતે પશ્ચાત્તાપ કરવાનો. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકાની આશાતના થઇ હોય તેનો મિથ્યાદુષ્કૃત દેવાનો. પાપમાં બેઠેલા પણ શ્રાવકની નિંદા ત્યાગી સાધુથીયે ન થાય, તો ધરખારી તમારાથી થાય? ધરનો ખૂણે નિંદાથી શું વળવાનું? નિંદા કરીને આજ સુધી તમે સેવા કેટલી કરી? કોઇ પણ સંસ્થા કે સમાજનો સુધારો નિંદાથી નહિ થાય. પુરુષાર્થ હોય તો તાકાત બતાવો કે જેથી મહાવીરના નામે મહાવીરની ખેદણી કરતાં અટકે. **નિંદા એ વાણિઆવટ છે, સુધારવાનો પ્રયત્ન એ ક્ષત્રિયવટ છે.** પહેલી વાત એ કે નિંદાને સમજતા જ નથી. બહુ વ્યાખ્યાન સાંભળ્યા હશે તો પ્રશસ્ત રાગ-દ્વેષનું પૂછડું પકડી લેશે! લાગણીનું પૃથક્કરણ કરો. પ્રશસ્તના નામે ઘણું અપ્રશસ્ત ચાલે છે. પ્રશસ્તની વ્યાખ્યા કઇ? કયો રાગ પ્રશસ્ત? **જેના મૂળમાં વૈરાગ્ય હોય તે રાગ પ્રશસ્તરાગ.** મહાવિરાગી વાલી મુનિને તીર્થ પર રાગ હતો એ પ્રશસ્ત; તેમ તીર્થનું નિકંદન કાઢવા તૈયાર થનાર રાવણ પર દ્વેષ હતો એ પ્રશસ્ત કેમકે એ બન્નેના મૂલમાં વૈરાગ્ય છે. કોઇક જીવો આ તીર્થથી તરે, તેનું નિકંદન વળવા દેવાય? જગતના પદાર્થોના નાશની પરવા નહિ; કેમકે એ કાયમ રહે તો નિકંદન નીકળે. ચિત્રાવેલી હાથમાં

આવી તો ઘણી-ઘણીયાણી ટૂકડા કરી ખાઇ ગયા, વિચાર્યું કે, એ કેઇકનું નિકંદન વાળશે. તીર્થ કાયમ રહે તો નિકંદન નહિ, તીર્થથી તો આખાદી થાય! વીતરાગદેવની સ્પર્શના રાગ-દ્વેષને હલાવે. **વીતરાગનાં દર્શન કરતાં રાગદ્વેષ હલે નહિ, પાતળા ન થાય, માનો દર્શન Fail નિષ્ફળ ગયું! અને Fail ગયું જણાતાં ધર્મીને તો આંખમાં પાણી આવે. અંતરના રાગદ્વેષ હલી ઉઠે તે વિરાગદશા.** સામાન્ય વ્યાખ્યા આ. આ નાથનો સેવક કુપાત્ર એવા રાગદ્વેષના હિંચોળે હિંચે? ક્ષત્રિય-ક્ષત્રિયાણીથી કે વફાદાર માતાના હાથે હિંચે ળાય પણ ભંગડીના હાથે ન જ હિંચોળાય. રાગદ્વેષ તો ભંગી જેવા છે. એના હિંડોળે કોણ હિંચે? વાલીમુનિને તીર્થ પર રાગ હતો અને તેનો નાશ કરવા તત્પર બનેલા રાવણ પર દ્વેષ હતો, પણ બન્નેના મૂલમાં વૈરાગ્ય હતો. પ્રશસ્ત રાગ, પ્રશસ્ત દ્વેષ આ. (ક્રમશઃ)

(શ્રી કેશરિયાજી જૈનશ્વેતામ્બર સંઘની પેઢી તરફથી નીચે મુજબનું વિજ્ઞપ્તિપત્ર બહાર પાડયું છે)

—: જૈન સમાજ જાગો. :—

પ્રાચીન જૈન તીર્થ કેશરિયાજીની વિષમ પરિસ્થિતિ :—

શ્રી કેશરીયાજી પ્રાચીન જૈન તીર્થ છે. જેનો વહિવટ રાજસ્થાન સરકારના દેવસ્થાન ખાતા તરફથી થતો હોઈ, અને નોકરો મુખ્યત્વે તમામ અન્ય દર્શની અને પંડયા પુજારી પણ અન્ય દર્શની હોઇ, એ ટોળી જમાવી અનેક દુર્ઘટનાઓ ઉપરાંત અવિધિ, અશાતના તેમજ ગેરવ્યવસ્થા પ્રવર્તાવી રહેલ છે. તેમજ પૂજ્ય સાધુ વર્ગનો અનાદર અને જાત્રીઓને અનેક પ્રકારની કનડગત થતી હોવાથી શ્રી કેશરીયાજીમાં આપણી **શ્વેતાંબર સંઘની પેઢી** સ્થાપિત થઈ છે. આ પેઢીનો ઉદ્દેશ ભાઇ-બહેનોની સેવા, સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ તેમજ મંદિરમાં જૈન શાસનની થતી હેલના બાબત દેવસ્થાન ખાતાને બંધારણીય રીતે લખાપટી કરવાનો તેમજ આપણા જૈન સમાજને જાગ્રત કરવાનો છે. સાથે સાથ ભાઇ-બહેનોની જમવાની ગોઠવણ તેમજ વ્રત પચ્ચક્ખાણ આદિ પાળવા માટે આયમ્બીલ શાળા માટે તથા ઉકાળેલ પાણી વગેરેની ગોઠવણ કરવાનો છે. જૈન આયમ્બીલ ભોજનશાળા પણ ચાલુ છે; જે મંદિર અને આપણા સંઘની પેઢીની વચ્ચમાં છે. પૂજન સામગ્રી તથા પૂજન માટે કપડાની વ્યવસ્થા પેઢીમાં છે. ધર્મશાળાના દરવાજે સરકારી કર્મચારી વાસણ અને ગોદડા આપે છે તે આપણી પેઢી કે આપણી પેઢીના માણસો નથી તે લક્ષમાં રાખશો.

આ સંસ્થા ભંડારના ઓફીસરોને તેમજ પંડયાઓની સામે પડકાર કરતી હોવાથી તેને કચરી નાખવા નીચે મુજબ પ્રયાસો થવા છતાં ધર્મ પસાયે પેઢી ટકી રહેલ છે.

(૧) સને ૧૯૫૦ માં ઓફીસરે પેઢીના મુનિમોને ધર્મશાળામાં સેવાભાવે દાખલ થતા અટકાવ્યા જે હુકમને ગાંઠયા નહિ.

(૨) પેઢીના મુનીમ મંદિરમાં બોલી વખતે હાજર રહી ભાઇ-બહેનોને ચેતવણી આપતો કે પ્રભુ પૂજનની બોલીની રકમ પંડયાઓને જાય છે અને મંદિરમાં જમે થતી નથી એની સામે ભંડાર અને પંડયાઓની ટોળીઓએ મુનીમના વિરોધમાં ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૦૭ મુજબ ફોજદારી કાર્યવાહી કરી જેમાં તે લોકો ફાવ્યા નહિ અલબલ પેઢીના માણસોને પરેશાની થઈ.

(૩) સને ૫૩ માં ઉદેપુરના આસીસ્ટંટ દેવસ્થાન કમીશ્નરે હુકમ કાઢયો કે પેઢીના માણસોએ ધર્મશાળામાં પોતાનાં ભાઇ-બહેનોની સેવા માટે દાખલ થવું નહિ જે હુકમ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ સાહેબે ગેરકાયદેસર ઠરાવ્યો.

(૪) આ પેઢીને બંધ કરાવવા માટે રાજસ્થાન સરકારમાં ભંડારે લખાપટી કરી પણ ફાવ્યા નહિ.

(૫) શીવગંજ (મારવાડ)ના શેઠ પુનમચંદ જોધાજીની સેવા અર્થે પેઢીનો મુનીમ જતા પંડયાઓએ માર્યો આ બાબત રાજસ્થાન દેવસ્થાન વિભાગમાં લખતા ધ્યાન અપાયું નહિ.

(૬) અહમદનગરનાં જાત્રીઓની સેવા અર્થે પેઢીનો નોકર જતાં ધર્મશાળાના કામદારે પંડયાઓ અને ભંડારના નોકરોની સાક્ષી ઉભી કરી ઇ. પી. કોલમ-૩૫૩, મુજબ ખોટો પોલીસ કેસ કર્યો જેમાં તેઓ

ફાવ્યા નહિ પણ પેઢીને પરેશાની થઇ.

ઉપરોક્ત સંજોગોમાં આપણાં ભાઈ-બહેનોએ સમજવું જોઇએ કે અન્ય દર્શની પંડયાઓ તેમજ ધર્મશાળાના કામદાર વગેરે સરકારી નોકરોના (ઘોકામાં) છેતરપીંડીમાં ન ફસાતાં આપણી જૈન શ્વેતાંબર સંધની પેઢી જે મંદિરની નજીક આવેલ છે, ત્યાં પૂછી તમામ માહિતી મેળવવી, **આ તીર્થનો અને શ્રી સિદ્ધાચલજી વગેરે તીર્થોની પરિસ્થિતિમાં ઘણો જ તફાવત છે.**

(૭) સરાઈ (ધર્મશાળા) આપણી જૈન સમાજની છે. અલબત તેનો વહિવટ સરકાર હસ્તક હોઇ અન્ય દર્શનીય કામદારો કરે છે. અને દિલગીરીની વાત એ છે કે ધર્મશાળાની દિવાલોએ તથા કોટડીએ કોટડીએ અને દરવાજે દરવાજે પેઢી વિરોધી પ્રચાર કરીને યાત્રીઓમાં ગેરસમજ ફેલાવવા માટે લખ્યું છે. પરતું આપણો સમાજ બુદ્ધિશાળી, ધર્મપરાયણ હોઇ સમજી શકશે કે આવો પ્રચાર મેલી વિદ્યાનું પ્રતિક છે. ધર્મશાળામાં જાત્રાળુ તેમજ સાધુ-સાધ્વીની સેવાર્થે આયમ્બીલ શાળા માટે કોટડીઓ માગતાં ના પાડી અને ધર્મશાળાનો ઉપયોગ સ્કુલ અને ભીલ આશ્રમ તેમજ ગ્રામપંચાયત માટે થઇ રહેલ છે. વળી ધર્મશાળામાં ખાનગી બ્રહ્મણોની વીશીઓ માટે ઓરડીઓ ભાડે અપાએલ છે. કેટલીક ઓરડીઓ ભંડારના નોકરો વાપરે છે. ધર્મશાળા બંધાવનારનો યાત્રાળુઓની સેવાનો ઉદ્દેશ આ રીતે નષ્ટ થાય છે અને આવા કારણે જાત્રાળુઓના સમયે ઓરડી પણ મલતી નથી. તેમજ પૂજ્ય સાધુઓની પણ આ સ્થિતિ થાય છે.

(૮) આપણા મંદિરમાંથી શ્રી કેશરીયાજી દાદાના ૭૧૧૫ તોલાના સોનાના દાગીના, બે તાળા, સીલ અને સંત્રી પહેરો હોવા છતાં ભોલ અને ડાકુઓએ ઘાડ પાડી નથી તો કેવી રીતે ગયા? પોલીસ તપાસમાં મુદ્દામાલનો પત્તો નથી. જાત્રાળુઓનું જોખમ ધર્મશાળા અને મંદિરમાંથી ચોરાઇ જાય છે

(૯) આપણાં સ્વર્ગસ્થ શ્રીમતી ઝમલ બ્હેન (માંગરોળવાળા)એ સને ૧૯૪૮ માં અણસણ કર્યું. તે વખતે રાજસ્થાન સરકારે લેખીત વચન આપ્યું કે,

(૧) મંદિરની સફાઇ. (૨) ધર્મશાળાની સફાઈ. (૩) સ્નાનાગારની સ્વચ્છતા. (૪) પૂજનના કપડાની સ્વચ્છતા. (૫) પંડયાઓ જાત્રીઓને તંગ કરી પૈસા ન પડાવે તેની ચેતવણી. (૬) પ્રભુ-પૂજનની બોલીનો સમય પાંચ મીનીટથી વધારે નહિ.

(૧૦) મંદિરમાં આપણા ભાઇઓએ અમુક રકમ કામ કરવા માટે આપેલ છે. જેનું હજી સુધી કામ થયું નથી અને રકમ પડી રહેલ છે.

(૧૧) આ ઉપરાંત આણુવાળા શ્રી શાંતિસૂરીજીએ પ્રભુપૂજનની રકમ પંડયાઓને મળે છે તે બાબતમાં અણુસન કરતાં ઉદેપૂર રાજ્યે પંડયાઓને વેતન અગર કંઇક ટકા આપવા ઠરાવેલ છે. છતાં હજી સુધી તેનો-(હુકમો) અમલ થયો નથી. મંદિર અને સુધરાઇ (ધર્મશાળા) દુરસ્ત ન થતાં ભવિષ્યમાં ભારે નુકશાન છે. શ્રી કેસરીયાજી દાદાના ભંડારમાં મુદ્દલ હોવા છતાં મંદિરની આ દુર્દશા માટે જવાબદારી સમાજની છે અને સમાજે આ બાબત લક્ષમાં લઇ સામાજિક શસ્ત્ર ઉપાડવું જોઇએ.

(૧૨) શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સે બોલી ન બોલવા અને, પંડયાઓના ચોપડા ન લખવા, ભંડારમાં પૈસા ન આપવા અને ૧૯૫૫ માં ઠરાવ કર્યો છે, તેનો કડક રીતે અમલ કરવો જોઇએ.

(૧૩) દિલગીરીની વાત એ છે કે પંડયાએ સંધની માઝા મૂકી નામચીન પંડયા કાલુરામે તેની પુત્રી દ્વારા તેને ઘેરથી શ્રી દાદાના ગભારા પાસે થાળીમાં રીંગણ (વંતાક)નું શાક ધરાવેલ.

આપણો કચ્છી તેમજ ગુજરાતી શેઠીયાઓનો આ પંડયો કાલુરામ છે; જે મોઢે મીઠો અને હૃદયમાં દુઃર્ભાવતાવાળો છે. હવે શેઠીયાઓએ જાગી તેનો બહિષ્કાર કરવો જોઇએ.

આપણા જૈન સમાજની શ્રી કેસરીયાજી જૈન શ્વેતાંબરની-સંધની પેઢી રજીસ્ટર્ડ સંસ્થા છે. જેમાં, મેવાડ, મારવાડ, ગુજરાત, વાગડ, કચ્છ, મુંબઇ, દક્ષિણ વગેરેના સભ્યો છે.

આપણી પેઢીના પ્રમુખ શ્રી જૈન શ્વેતાંબર કોનફરન્સના મહામંત્રી શ્રી મોહનલાલજી. એમ. કોઠારી. બી.કોમ (લંડન.) અને જૈયપુર એન્કના મુંબઇ ખાતેના જનરલ મેનેજર છે.

ઓડીટર મેસર્સ જૈન એન્ડ પૂજાવત ચાર્ટર્ડ

એકાઉન્ટન્ટ છે.

આ સંસ્થાની ઉપયોગીપણા વિષે વિશેષ ન લખતાં એટલું જ લખવું બસ છે, કે જૈન શ્વેતાંબરી સમાજનું આ પોલીટીકલ આઉટ પોસ્ટ (થાણું) છે. શ્રી કેસરીયાજીમાં આપણી વસ્તીનું જુથબળ નથી. તેથી આપણા મંદિરનાં સ્થાપિત હકો તથા આંક મણ જાળવવા માટે જરૂરી છે જે બાબત રા. સા. કાંતિલાલ ઇશ્વરલાલે તેમજ અન્ય ગૃહસ્થોએ અને પરમપૂજ્ય આચાર્ય શ્રી મહારાજના અભિપ્રાયો પ્રગટ કરેલ છે. ૦૦૦૦૦

(અનુસંધાન પાન ૧૪૭નું ચાલુ)

અને સુખ પ્રાપ્તિના ઉપાયરૂપ ક્રિયા પણ હોય છે; પરંતુ જૈનધર્મે એને મુક્તિમાર્ગ માટે પર્યાપ્ત માની નથી. તે એમ કહે છે કે જ્યારે તેમાં સત્ય ભળે, સમ્યક્‌પણું આવે ત્યારે જ તેનું મોક્ષસાધન તરીકે મૂલ્ય છે; અને તેથી જ જૈનધર્મ તે શ્રદ્ધા, જ્ઞાન તથા ક્રિયા, એ ત્રણે સમ્યક્ હોવા જોઇએ એવો આગ્રહ રાખે છે.

'पढमं नाणं तओ दया' એ વચનમાં અહિંસા પહેલાં જ્ઞાનને મૂકયું છે, ત્યાં જ્ઞાન શબ્દથી જડ અને ચૈતન્યના ભેદ રૂપ વિવેકખ્યાતિથી ઉત્પન્ન થયેલી સત્યપ્રજ્ઞા જ સમજવાની છે.

'आणाए धम्मो' એ સૂત્રનો ભાવ પણ એ જ છે કે–'જિનેશ્વરદેવની આજ્ઞા સત્ય છે, માટે તેનાં પાલનમાં ધર્મ રહેલો છે'

તાત્પર્ય કે અન્ય મતમાં સત્યને શિવ અને સુંદર કહેલું છે, તેથી અધિક જૈનધર્મમાં વીતરાગ સર્વજ્ઞ કથિત તરીકે સત્યને ખરેખર શિવ અને સુંદર કહેલું છે, તેથી તેને કોઇ પણ સંયોગોમાં ગૌણ કહી શકાય નહિ. સત્યનો જ સદા વિજય થાય છે, એ આર્ષવાણીમાં જૈન ધર્મની પૂરેપૂરી શ્રદ્ધા છે, અને તેથી જ તેણે મહાવ્રતોમાં તથા અણુવ્રતોમાં તેને ખાસ સ્થાન આપ્યું છે. જેનાં જીવનમાં સત્યનો આગ્રહ નથી, તેનાં જીવનમાં કંઇ નથી, એ વાત બધા પાઠકો પોતાનાં હૃદયમાં બરાબર કોતરી રાખે.

ચડવાલમાં પુણ્ય પ્રવેશ.

પરમપૂજ્ય આચાર્યભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ૦ આદિ ઠા. ૩૬નો પોસ સુદ ૬ ના મંગલ મુહૂર્તે ચડવાલમાં પ્રવેશ થયો હતો. આખા ગામને ધજા–પતાકા–ઓડો–તોરણો અને ભવ્ય દરવાજાઓથી શણગારવામાં આવ્યું હતું. સિરોહીના પોલીસ બેંડના મધુર સરોદોથી વાતાવરણ ગાજી ઉઠયું હતું. સંઘ માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી.

પૂજ્ય શ્રી આદિ કુંભારીયાથી ખરેડી થઇ રોહીડા પધાર્યા હતા. રોહીડાના શ્રાવકોએ કુંભારીયાથી સાથે રહી પોતાના ગામમાં ભારે ઉત્સાહથી બાળકોના બેંડ સ્વાગત પૂર્વક પૂજ્યશ્રીની પધરામણી કરાવી હતી; ત્યાં પંચકલ્યાણુકની પૂજામાં બાળકોના સંગીત મંડળે અનુપમ ભક્તિરસ જમાવ્યો હતો. સાથે નૃત્ય, થાળી નૃત્ય, રાસ, વગેરે કરી જનતાને ભક્તિમુગ્ધ કર્યા હતા. મારવાડ જેવામાં બાળકોની આ કેળવણી આશ્ચર્યભૂત લાગી. એક બાળક બેકી સાથે પાંચ થાળીને ફેરવતો હતો. પૂજ્યશ્રી પિંડવાડા પધાર્યા. પૂજ્યશ્રી જન્મભૂમિમાં ૧૪ વર્ષે પધારતા હોવાથી લોકોમાં અમાપ ઉત્સાહ હતો; સ્ટેશનથી બાદશાહી સ્વાગતની શરૂઆત થઇ હતી બે દિવસની સ્થિરતામાં વાતાવરણ પ્રફુલ્લ બન્યું. પૂજ્ય ગણીવરશ્રીની પ્રેરણાથી જૈન પાઠશાળાની રા. ૫૧૦૦૭ની યોજનાના હિસાબે રા. ૨૫૦૦૭ હજારનું ફંડ થયું. ફંડ આગળ ચાલુ રહેશે. શ્રી સંઘે ચાતુર્માસ કરી આગામી મહા માસમાં જિનમંદિરની અંજનશલાકા પ્રતિષ્ઠા કરવા જોરદાર વિનંતિ કરી હતી. ત્યાંથી વિહાર કરી બામણવાડા તીર્થે પધાર્યા સાથે ૪૦૦ માણસોનો સંઘ હતો. પૂજા તથા સ્વામી વાત્સલ્ય થયું. બામણવાડામાં પૂ૦ ગણિવર શ્રી ભાનુવિજયજી મહારાજની દોરવણીથી પ્રભુ મહાવીરદેવના ૨૭ ભવોના દૃશ્યો પોરબંદરી પત્થરમાં ૬ ઇંચ ઊંડા કોરાયા છે. હિન્દુસ્થાન ભરમાં બેનમૂન ચિત્રો નિહાળી પૂજ્ય આચાર્યદેવે અતિ સંતોષ વ્યક્ત કર્યો હતો. સિરોહીમાં બે દિવસની સ્થિરતા દરમ્યાન હિંદીમાં જોરદાર પ્રવચન થયાં, સરકારી–જૈનવર્ગે પ્રવચનનો તેમજ તત્ત્વચર્ચાનો લાભ લઇ સારો રસ અનુભવ્યો.

મુદ્રક : ચંદ્રકાન્ત રતિલાલ શાહ. (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીની ખડકી, માણેકચોક, અમદાવાદ. ત્યાંથી છાપી પ્રસિદ્ધ કર્યું.

દિવ્ય દર્શન

તંત્રીઓ :-ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ઘીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : કાર્યાલય : કાળુશ્રીની પોળ, અમદાવાદ. વર્ષ-૭, અંક-૨૦
બચુભાઇ ચીમનલાલ ઝવેરી મુંબઇ શાખા : ૧૬૭-૬૯, કીકા સ્ટ્રીટ. શનિવાર તા. ૩૧-૧-૧૯૫૯

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના** પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના** વિદ્વાન શિષ્યરત્ન

પૂ. ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.

સંસારની જડ. (ચાલુ)

સંભ્રમ એટલે ?:—

પેલો નાનો ભાઇ સંન્યાસી તો બાકીની અડધી તુંબડી સુવર્ણરસ ભાઇને આપી દેવા ત્વરાથી શિષ્યોના જુથ સાથે ચાલ્યો. ચાલતાં ચાલતાં ત્યાં પહોંચ્યો કે જંગલમાં જ્યાં એ ભાઇ મુનિ કાઉસ્સગ્ગ-ધ્યાને ઉભા હતા. ભાઇને દૂરથી જોતાં હૈયામાં સંભ્રમવાળો પ્રેમ ઉભરાયો, 'એહો ! બાર વર્ષે ભાઇનો ભેટો થયો ! અમે રામ-લક્ષ્મણની જોડી છતાં બાર વર્ષનો વિયોગ થયો !' સાચો પ્રેમ તે કે જે સંભ્રમવાળો હોય.

પ્ર૦—સંભ્રમ કોને કહેવાય ?

ઉ૦—સંભ્રમ એટલે શી વ્યાખ્યા બતાવવી ? પાંચ વર્ષથી દીકરાનો પત્તો મળતો ન હોય અને છાપામાં સમાચાર વાંચતાં જે આનંદનો ઉભરો ઉઠે, તે સંભ્રમ. બજારમાં બસો ન મળતા હોય અને વીશ હજાર મળી જતાં જે લાગણી અનુભવાય તે સંભ્રમ. પાંચ, પચાસ કે સો સારા ડોકટરોએ હાથ ખંખેરી નાખ્યા હોય, કહ્યું હોય, 'આ ક્ષય છે, કેન્સર છે, નહિ મટે !' એવામાં કોઇ કિમિયાગર આવીને કહે, 'એ બધા ગમાર છે. અમારી આર્ય વિદ્યામાં એવા નુસખા છે કે જેથી ચાર દિવસમાં મટાડીશ, ન મટાડું તો રૂપિયા હજાર હારું.' આ સાંભળી જે ઝણઝણાટી થાય તે સંભ્રમ. ગળગળાપણું થાય, હૃદયના તાર ઝણઝણે તે સંભ્રમ. ભલે ક્ષણ પહેલાંની સ્થિતિ ઠરેલી [શાંત] હોય પણ પછી આત્મપ્રદેશોમાં ધમાધમ આત્મપ્રદેશો રણઝણે તે સંભ્રમ. સાચો પ્રેમ તે સંભ્રમ. પરમાત્માના દર્શનમાં જો સંભ્રમ ન થાય તો એ પ્રેમ હજમ નહિ, લૂખો ! અંબિલની લૂખી નોકારશી—જમણના નોતરે આનંદ ન થાય ને ? પ્રભુને જોતાં, સ્તુતિ કરતાં, પૂજા કરતાં, સાથીઓ કરતાં, ફળ મૂકતાં, ચૈત્યવંદન કરતાં, સુંદર સ્તવન ગાતાં સંભ્રમ થવો જોઇએ, એમ થાય, 'અહો ! આ નાથ કેટલે કાળે મળ્યા ! અનંત પુદ્ગલ પરાવર્તમાં ન મળ્યા તે આજ મળ્યા. ધન્ય ભાગ્ય ! આ સંભ્રમ. એમ નવકારવાળી, સામાયિક, પ્રતિક્રમણ, ત્યાગ, તપશ્ચર્યા,—દરેક સાધના સંભ્રમવાળી જોઇએ.

સંભ્રમના ચમત્કાર:—

સંભ્રમ એક મહાન ગુણ છે. **ધર્મની આરાધનામાં સંભ્રમ ગુણ ભળવાથી એની ચમત્કારિક અસર થાય છે.** શાલિભદ્રના જીવે પૂર્વભવમાં થાળી-ખીરનું દાન કર્યું એમાં સાથે સંભ્રમ ગુણ ભળેલો હતો તો એ દેવતાઇ વસ્ત્ર-ભોજન અને અલંકારની નવાણું પેટીની રોજ રોજની નવી ભેટ પામ્યો; એટલું જ નહિ પણ ઘડીના છઠ્ઠા ભાગમાં એનો પણ ત્યાગ કરવાનો ભગીરથ પુરુષાર્થ કેળવી શ્રી મહાવીરપ્રભુ પાસે ચારિત્ર પામ્યો. સંભ્રમમાં શું કર્યું એણે, જાણો છો ? ઘર બહાર મુનિને જોતાં હર્ષિત થઇ ગયો, વિચારવા લાગ્યો, **'અહો ! કલ્પ-**

વૃક્ષ મારા આંગણે ? વહોરાવી દઉં આ બધી ખીર એમને ! આને મારા પાપી પેટમાં ઘાલીશ તો માટી થશે, મુનિને દઈશ તો અમર ભોજન થશે ! હું રાંક, ને મારે ત્યાં આ રત્ન (મુનિ) કયાંથી હોય ?'... ચલ્યું કામ આગળ ઉછળતા ભક્તિતરંગોનું-આ બધા સંભ્રમભર્યા વિચારો પછી તો મુનિને ઘરમાં તોતરતાં સંભ્રમ ! ખીર લેવા અને ગરીબને પાવન કરવાની આજીજી કરતાં સંભ્રમ ! અને આખી થાળી પાત્રમાં ઢાલવી દેતાં મહાસંભ્રમ ! આંખમાંથી અશ્રુ વહેવા લાગ્યા ! વાણી ગદ્‌ગદ બની ગઇ ! મહાત્માનો મારા પર કેટલો અપાર ઉપકાર, એ વિચારે દિલ ભરાઇ આવ્યું ! કાયાથી જાણે નાચવા લાગ્યો, 'ધન્ય ઘડી, ધન્ય અવતાર !' આ બધો સંભ્રમ ગુણ, ન મળ્યાનું મળ્યું, ને દેખ્યાનું દેખ્યું, ન સાંભળ્યાનું સાંભળ્યું ! અપૂર્વ લાગે, અકલ્પ્ય લાગે, અસંભવિત બની આવ્યાનું લાગે ! ક્રિયા ન હોય, ખાલી પ્રેમ કરવાનો હોય તો ય એમાં સંભ્રમ ભળવાથી 'શી વાત !' એમ લાગે. પ્રભુના દર્શન પ્રભુને નમન કે ગુરુને વંદન, પણ સંભ્રમ વિનાના ય હોય, અને સંભ્રમવાળા ય હોય. અરે ! એક નવકારમંત્રનું સ્મરણ પણ સંભ્રમવાળું અને સંભ્રમ વિનાનું, એમ બે જાતનું હોય. પણ સંભ્રમવાળાની કિંમત ઊંચી ! ઉપદેશ સાંભળવામાં તો ખાસ સંભ્રમ ગુણ જોઇએ જિનેશ્વર ભગવાનની વાણીના એકેકા બોલ સાંભળવા પર મનને ચમત્કાર લાગે, અપૂર્વ રત્નો મળતાં લાગે, વાતે ય સાચી છે કે ચૌદ રાજલોકના વિરાટ વનમાં રખડતા જીવને જિનવાણીના અક્ષર કયાં મળતા હતા ? તે ન મળ્યા માટે તો ભટકવાનું કર્યું. અહીં એ મળે છે એ સહરાના રણમાં મીઠા પાણીની વાવડી મળી ! પછી કેમ સંભ્રમ ન થાય ? ચૈત્યવંદન શું કે પ્રતિક્રમણ શું, સૂત્રનો એકેક શબ્દ બોલાય તે સંભ્રમ સાથે બોલાવો જોઇએ.

સંભ્રમ હોવા ન હોવા ઉપર ક્રિયાના ફળમાં ઘણું અંતર ! સંભ્રમ વિનાની ક્રિયાનું ફળ નાનું, સંભ્રમવાળી ક્રિયાનું ફળ મોટું, ઘણું મોટું. માટે ધર્મની આરાધના સંભ્રમ સાથે કરો. (સમાપ્ત)



(૬) ઉક્તક્રિયા.

વ્યાખ્યાની ઉત્તમ પ્રાપ્તિ થાય એ માટે છઠ્ઠો ગુણ છે **ઉક્તક્રિયા;** એટલે કે શાસ્ત્રવિહિતનો અમલ. આત્મા એકલું જ્ઞાન મેળવે એટલું જ બસ નથી, પરંતુ સાથે જાણેલાને અમલમાં ઉતારે. અકૃત્ પ્રવૃત્તિ ઘટાડતો આવે, અને સત્પ્રવૃત્તિ વધારતો આવે, એ પણ જરૂરી છે. તો જ જ્ઞાનની એને કિંમત છે એમ ગણાય **જ્ઞાનસ્ય ફલં વિરતિ જ્ઞાનની સફળતા વિરતિમાં છે, પાપ કાર્યો અને રાગદ્વેષાદિ પ્રમાદથી વિરામ પામી અપ્રમત્ત શુભ ચર્યામાં ઉદ્યત બનવામાં છે. 'સા વિદ્યા યા વિમુક્તયે,' વિદ્યા તે છે કે જે આત્માને શુભ વૃત્તિ ને શુભ પ્રવૃત્તિ દ્વારા હિંસાદિ પાપો, ક્રોધાદિ કષાયો, ઇન્દ્રિયવશતા, નિદ્રાવિકથાદિ પ્રમાદ વગેરેમાંથી મુક્ત કરાવતી કરાવતી અંતે સર્વ સંસારથી મુક્ત કરાવનારી હોય.** માટે વ્યાખ્યાજ્ઞાન મેળવવાની યોગ્યતાનું માપ જાણવા પાછળની ગરજ પરથી કાઢવું જોઇએ. તે જીવનમાં 'ઉક્તક્રિયા' અર્થાત્ જાણેલાનો શક્ય અમલ કરવા પરથી જણાય. અમલ નથી કરવો, કોરું જ્ઞાન જોઇએ છે, એનો અર્થ એ કે જ્ઞાનની જવાબદારી નથી જોઇતી, આગળ વધવાનું નથી જોઇતું. તો એકલી પંડિતાઇ માટે જો જોઇએ છે, તો તે પછીથી મદ, ક્ષુદ્રતા વગેરે દુર્ગુણોને પોષશે ! કહ્યું છે, **'जहा खरो चंदण भारवाही, भारस्स भागी न हु चंदणस्स । एवं खु नाणी चरणेण हीणो, भारस्स भागी, न हु सुग्गईए ॥'** આચરણ વિનાનો જ્ઞાની ગધેડાની જેમ ભારનો ભાગી છે, પણ સદ્‌ગતિનો નહિ. માટે આચરણ, અમલ જોઇએ. આ 'ઉક્તક્રિયા' ગુણમાં ૬ મુદ્દા છે :— [૧] શાસ્ત્રે કહેલું, [૨] તે વિશેષરૂપે જાણેલું હોય, [૩] તે ય તે તે કાળને યોગ્ય કરાતું હોય, [૪] તે ઉપયોગપૂર્વક કરાય, [૫] યથાશક્તિ કરાય, [૬] જાણ્યા મુજબ કરાય.

(૧) અમલમાં જે ઉતારવાનું, તે શાસ્ત્રે કહેલું હોય. **'साधवः शास्त्रचक्षुषः'** સત્પુરુષો શાસ્ત્રની આંખે જોનારા હોય; પ્રવૃત્તિમાત્ર શાસ્ત્રને આગળ કરીને કરતા હોય, કેમકે એ સમજે છે કે, 'પૂર્ણ જ્ઞાન વિનાનાને સર્વજ્ઞનાં શાસ્ત્ર એ દીવાદાંડી છે, ખરાબે

નહિ અથડાવા દે; સર્વજ્ઞનાં શાસ્ત્ર એ સુકાની છે, યોગ્ય રાહે લઇ જઇ ઠેઠ પરમપદ મોક્ષ સુધી પહોંચાડશે; માટે શાસ્ત્રે કહેલું જોવાનું, ને આચરવાનું.

પ્ર૦—પરંપરાથી આવેલું પણ આચરાય છે ને?

ઉ૦—પરંપરાને પણ શાસ્ત્રે માન્ય કરવાની કહી છે, માટે તે પણ શાસ્ત્રે કહેલામાં આવી જાય છે. (૨) શાસ્ત્રે કહેલું પોતે વિશેષરૂપે અર્થાત્ એમાં ભાવ શો, અંતિમ તાત્પર્ય શું, આગળ-પાછળનો સંબંધ શો, ઉત્સર્ગરૂપે છે કે અપવાદ રૂપે છે... વગેરે વિવેક અને સૂક્ષ્મ-નિપુણ મત યોજીને સારી રીતે જાણેલું હોવું જોઇએ. તો અમલ યથાયોગ્ય થઇ શકે. [૩] અમલમાં ઉતારવાનું એ. તે તે કાળને યોગ્ય અર્થાત્ કહેલા સમયના અનુષ્ઠાનોનો તે તે સમય પ્રમાણે સુનિશ્ચિત વિષય-વિભાગ કરીને આચરવાનું. દા. ત. ગૃહસ્થને શાસ્ત્રે જિનભક્તિ અને જિનવાણીનું શ્રવણ આદરવાનું કહ્યું; તો જિનભક્તિના કાળે તે આચરવાની અને જિનવાણી-શ્રવણના કાળે તે શ્રવણ કરવાનું. એકના ભોગે બીજું, કે એકના કાળે બીજું નહિ આદરવાનું. વિશેષ પ્રસંગમાં જુદી વસ્તુ છે. (૪) વળી અમલ ઉપયોગપૂર્વક અર્થાત્ મનના સચોટ જાગતા અને ચોકસરૂપના ખ્યાલવાળો જોઇએ; શૂન્ય કે રખડતા મનથી નહિ, અથવા ઉપર ઉપરનો ખ્યાલ રાખીને નહિ, અગર ભળતા ભાવથી કે શંભુમેળા જેવા ભાવથી નહિ. દા. ત. ચોવીસ જિનની નામ-સ્તુતિરૂપ 'લોગસ્સ'સૂત્રને ભક્તિના ભાવથી, અને 'પરિયાવહિયં' પ્રતિક્રમણ સૂત્રને પશ્ચાત્તાપના ભાવથી. એમાં ય 'લોગસ્સ'ના પદે પદે વિવિધ વિશેષણ યા પ્રભુના નામ વગેરે જે આવે તે દરેકની ઉપર બરાબર લક્ષ રાખીને ઉચ્ચારણ થાય. 'પરિયાવહિયં'ના પદે પદે જીવના યા વિરાધનાના દરેક નામ પર પાકો ખ્યાલ જોઇએ. 'નમુત્થુણં' બોલતાં પદે પદે પ્રભુની નિરનિરાળી દરેક વિશેષતા પર ખ્યાલ જોઇએ. વ્યાખ્યાજ્ઞાન મેળવવા પાછળ આ અમલ જોઇએ. (૫) જાણેલાનો અમલ કરવાનો તે યથાશક્તિ કરવાનો; અર્થાત્ શક્તિને ઉલંઘ્યા કે ગોપવ્યા વિના કરવાનો. કારણ કે શાસ્ત્ર કોઈ એક વ્યક્તિ નહિ પણ જનસમુદાય માટે રચાયા છે, એટલે તે અનેક કક્ષાની સાધનાઓ, સત્ય પ્રવૃત્તિઓ બતાવે; પણ સાધકે પોતાનું ગજું માપીને સાધવાનું, ગજા ઉપરાંતનું નહિ આચરવાનું; નહિતર આધા જઇને પાછા પડવાનું થાય! પાર પડી શકે નહિ, મન મુંઝાય, અસમાધિ થાય, 'ક્યાં આ મેં ઉપાડ્યું?' એમ ઉદ્વેગ થાય, યાવત્ ધર્મ પ્રત્યે અભાવ, અરુચિ થવાનો ય પ્રસંગ સંભવે. માટે શક્તિ ઉલ્લંઘીને કરવાનું નહિ. પણ એનો એ અર્થ નથી કે-'શક્તિની ચોરી રાખીને કરવાનું.' અમલમાં શક્તિ ગોપવવાની પણ નહિ ગોપવેલી શક્તિ વેડફાઇ જાય છે. દાનવૃત્તિમાં, તપમાં, ત્યાગમાં, ને જ્ઞાન-ધ્યાન-ભક્તિવૈયાવચ્ચ વગેરેમાં જેમ જેમ શક્તિ ખરચાય છે તેમ તેમ કર્મનો ક્ષયોપશમ વધે છે, તેથી તે તે શક્તિ વધે છે; એના પ્રત્યક્ષ દાખલા જોવા મળે છે. માટે પૂરી શક્તિનો સદુપયોગ કરી લેવાનો, કેમકે મહાકિંમતી શક્તિઓ મળી છે, તે હાથમાં છે ત્યાં સુધી જ અપૂર્વ સુકૃત અને ભાવી દીર્ઘ કાળના કલ્યાણલાભ ઉપાર્જી લેવાને અવસર છે, અવકાશ છે (૬) શાસ્ત્રવ્યાખ્યાનથી જાણેલાનો યથાશક્તિ અમલ પણ જાણ્યા મુજબ કરવાનો; અર્થાત્ જાણ્યું તો ખરું, પણ અમલ પોતાની મરજી મુજબનો કે પ્રમાદભર્યો ન હોવો જોઇએ, જેથી જાણેલું વાંઝીયું રહી જાય, ને અનાદિની સ્વચ્છંદાચારિતા શાસ્ત્રનો નિર્મળ બોધ મળ્યા પછી પણ ઉભી રહે, પોષાયા કરે! એમ જાણેલાનો યથાશક્ય અમલ અવશ્ય કરવો જ જોઇએ. આ ઉત્તમ ભવમાં સમ્યગ્જ્ઞાનના અજવાળાં મળ્યા પછી ચોક્કસ અને સચોટ રૂપે શક્ય સર્વ હિતની પ્રવૃત્તિ, તથા અહિતના થોકની શક્ય નિવૃત્તિ નહિ થાય, તો પછી બીજા કયા અંધારિયા ભવમાં એ થઇ શકશે? એનો ગંભીર હૃદયસ્પર્શી વિચાર કરી બોધપરિણતિવાળો ઉક્તક્રિયાનો અવશ્ય ખપી બનનારો હોય.

ઔષધના દૃષ્ટાન્તથી ક્રિયાની ઉપયોગિતા:-

જ્ઞાનની સફળતા ક્રિયામાં છે, એ વસ્તુ ઔષધમાં દેખાય છે; કેમકે ઔષધના જ્ઞાનમાત્રથી રોગ નષ્ટ થઇ આરોગ્ય મળતું નથી, પણ ઔષધ વાપરવાની-ક્રિયા પણ કરવી પડે છે; તો જ આરોગ્ય મળે છે. માટે ઠીક જ કહ્યું છે કે **'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ:'**-જ્ઞાન અને ક્રિયા બંનેથી ભવરોગ મટીને

મોક્ષ-આરોગ્ય નીપજે છે. આરોગ્યમાં ખરું જોતાં ઔષધની ક્રિયા (પ્રયોગ) ઉપયોગી છે, પરંતુ તે ગમે તેમ માને યથેચ્છ ઔષધની ક્રિયા નહિ, કેમકે તેથી તો ઉલટું નુકસાન થવા સંભવ, કિન્તુ યથાર્થ ઔષધ-ક્રિયા ઉપયોગી છે, એ માટે યથાર્થ ઔષધજ્ઞાન જરૂરી છે. તેથી ઔષધનું જ્ઞાન યથાર્થ ઔષધ-ક્રિયામાં જ ઉપયોગી થયું; ને યથાર્થ ઔષધક્રિયા આરોગ્યમાં કારણ બની. નદી પાર કરી જવામાં પણ એકલું તરવાનું જ્ઞાન કામ નથી લાગતું, મુખ્ય તો તરવાની ક્રિયા જોઇએ છે. એમ વ્યાખ્યાનું જ્ઞાન મેળવ્યાથી નિસ્તાર નથી, જાણ્યા મુજબનો અમલ જોઇએ. વળી, જાણવાનું જરૂરી એટલા માટે કે યથાર્થ ક્રિયા, યથાર્થ વિધિનું જ્ઞાન થાય. મનઘડંત ક્રિયા વ્યવહારમાં ય નથી ચાલતી, તો ધાર્મિક અર્થાત્ આત્મિક બાબત કે જ્યાં ક્રિયાના ફળ અતિ-ન્દ્રિય હોય છે, ત્યાં કેમ ચાલે? કયાંથી સફળ બને? એમાં તો કેવી ક્રિયાવિધિથી કર્મક્ષયાદિ ઇષ્ટ ફળ નીપજે એ અતીન્દ્રિયદષ્ટા સર્વજ્ઞ ભગવાને યથાર્થ જોઇને કહેલું જ યથાર્થ હોય; માટે એમના માર્ગ-દર્શન મુજબ જ વર્તવું-કરવું પડે. એ છોડીને યથેચ્છ રીતે, દા૦ ત૦ 'ચારને બદલે પાંચ લોગરસનો કાઉસ્સગ્ગ કરીએ તો શો વાંધો? અધિકસ્ય અધિકં ફલં' એમ ગમડાવે એ નુકસાનકારી. કેમકે એ કાઉસ્સગ્ગ એ પ્રાયશ્ચિત્તરૂપ છે, દવારૂપ છે. દવા તો માપસર જ લેવાય. યથેચ્છ વર્તાય તેમાં તો ઉલટું (૧) પહેલું નુકસાન તો એ કે જ્ઞાની અને જ્ઞાનીના વચનના અનાદરનું પાપ! (૨) અનાદિની સ્વચ્છંદવૃત્તિ ને અહંભાવનું પોષણ! (૩) ક્રિયાના વિપર્યાસથી કર્મબંધ! (૪) પ્રાપ્ત કરેલા શાસ્ત્રજ્ઞાનની નિષ્ફળતા! (૫) ઉપરાંત, જાણવા છતાં એ રીતે કરવાના અખાડા, એમાં હૃદયની ધિટ્ટાઇનું પોષણ! (૬) ક્રિયા કરવા છતાં એનું ફળ ગુમાવવાનું! આવા આવા નુકસાન છે, માટે યથેચ્છપણે નહિ, પણ શાસ્ત્રે કહ્યા પ્રમાણે ક્રિયા કરવાની, 'અને તે અવશ્ય કરવાની, એનું નામ 'ઉક્તક્રિયા.'૦૦૦૦

—: **ધર્મ-વ્યાખ્યાનની અસર કોને થાય ?:—**

ધર્મ-વ્યાખ્યાનની અસર થવા માટેની યોગ્યતામાં એક ગુણ અલ્પભવતા છે. **'અલ્પભવ'** એટલે એક પુદ્ગલ-પરાવર્ત કાળની અંદર હવે બાકીનો સંસાર છે જેમને તે અર્થાત્ હવે જેમને એટલા કાળમાં મોક્ષે જવાનું જ છે, માટે સંસારમાં હવે જેમને એથી વધારે નથી રહેવાનું તે અલ્પભવી જીવ કહેવાય. એને એ વિશેષતા, એ 'અલ્પભવતા' નામનો ગુણ, એ પણ વ્યાખ્યાપ્રાપ્તિમાં કારણ છે. એવાને જ શાસ્ત્રના વ્યાખ્યાનનું જ્ઞાન સિદ્ધ થઇ શકે. એનું કારણ એ છે કે અતિ દીર્ઘ અર્થાત્ એક પુદ્ગલ-પરાવર્ત કાળથી અધિક કાળ જેટલા સંસાર-ભ્રમણવાળાને તત્ત્વજ્ઞાન સ્પર્શી જ શકતું નથી, પછી સૂત્ર-વ્યાખ્યાના જ્ઞાનની વાતે ય શી?

પ્ર૦—જિજ્ઞાસા, ગુરુયોગ વગેરે તો ઉપયોગી અંગ ગણાય, પણ કાળ શી રીતે ઉપયોગી?

ઉ૦—કાળ તો બીજે પણ ઘણું જરૂરી અંગ છે, દા. ત. ગર્ભ કાળે જ તૈયાર થાય છે, ફળ કાળે જ પાકે છે, યુવાની કાળે જ આવે છે, વગેરે; તો કાળ તત્ત્વજ્ઞાન માટે કેમ જરૂરી ન હોય? નહિતર તો વ્યવહાર રાશિમાં આવ્યા પછી, અર્થાત્ અનાદિ કાળના સૂક્ષ્મ નિગોદ-સાધારણ વનસ્પતિકાયના નિવાસ પછી બાદર નિગોદ, પૃથ્વીકાયાદિ સ્થાવર કાય, બેઇન્દ્રિયપણું, વગેરેમાં આવ્યા પછી, જીવ કેટલીય વાર મનુષ્યપણું ય પામે છે, સામગ્રી ય પામે છે, છતાં તેને તત્ત્વજ્ઞાન કેમ નથી થતું? કહો કે, જેમ જેની લાંબી દરિદ્રતા સર્જાયેલી હોય, તેને ચિંતામણિરત્ન કે બીજા રત્નોની પ્રાપ્તિ થઇ શકતી નથી, તેમ અતિ દીર્ઘ અર્થાત્ એક પુદ્ગલ-પરાવર્તથી અધિક સંસારકાળ જેને હજી ઉભો છે તેનામાં તત્ત્વજ્ઞાન સ્પર્શવાની યોગ્યતાના અભાવે તેને તે પ્રાપ્ત થતું નથી; માટે એવો જીવ વ્યાખ્યાજ્ઞાનનું પણ કારણ ન બની શકે. એ તો પહેલાં કહ્યું જ છે કે અહીં જ્ઞાન ખાલી જાણવારૂપ નથી લેવાનું પણ રુચવારૂપ, પરિણમવારૂપ લેવાનું છે. અતિ દીર્ઘ સંસારવાળાને, નિયત દિનના તાવવાળાની જેમ, મધુર ભોજનની માફક તત્ત્વ જાણવા છતાં, એની રુચિ જ થતી નથી. માટે તો **'ચરમાવર્તની વીસી'**માં કહ્યું કે, 'બાળક ફેરફુદડી ફરવાનું બંધ કર્યા પછી પણ ઉત્પન્ન થયેલી ભ્રમણશક્તિના યોગે બધું **ભમતું** નહિ **છતાં ભમતું** દેખે છે; એવી રીતે

અતિ દીર્ઘ સંસાર ભ્રમણની શક્તિના યોગે ત્યાજ્ય પદાર્થો ઉપાદેય નહિ છતાં એને ઉપાદેય તરીકે અને ઉપાદેય તત્ત્વ ત્યાજ્ય નહિ છતાં એને ત્યાજ્ય તરીકે જુએ છે. તાત્પર્ય, તત્ત્વ એના યથાર્થ રૂપમાં અતિ દીર્ઘ સંસારીને રુચતું જ નથી; ચરમાવર્ત કાળમાં આવ્યા પછી જ રુચે. તેથી એ દીર્ઘ કાળ આગળ તીર્થંકરદેવ જેવાનું પણ નિમિત્ત અકિંચિત્કર બને છે. માટે એવાને વ્યાખ્યાજ્ઞાન દેવાય નહિ, તેમ દે તો ય એ પામી શકે નહિ.

ઉપસંહાર :—પૂર્વ કહેલા જિજ્ઞાસા, ગુરુયોગ,... યાવત્ અલ્પભવતા સુધીના સાતે ય ગુણ સમસ્તપણે કાર્ય કરે છે; અર્થાત્ એકલી જિજ્ઞાસા, એકલો ગુરુયોગ, કે માત્ર એ બે, શાસ્ત્ર-વ્યાખ્યાનું જ્ઞાન કરાવી શકે નહિ; કિન્તુ જિજ્ઞાસાથી માંડી અલ્પભવતા સુધીના સાતે સાત ગુણ તે કરાવી શકે; કેમકે તે રીતે જ લીધેલી વ્યાખ્યા સમ્યગ્ બોધનું કારણ બને છે. આ સૂક્ષ્મ બુદ્ધિએ વિચારી, ગોઠવવા જેવું છે. અધિકાર અને વિધિપૂર્વક વસ્તુ પ્રાપ્ત કરવી એ જુદું, ને એમજ તફડંચી કરવી એ જુદું! એમ નહિ કહેવું કે-'વ્યાખ્યા આપવામાં આટલું ઝીણવટથી જોવાને બદલે તે ગુણો વિનાના જીવની દયાભાવનાથી આવી સુંદર વ્યાખ્યા આપતાં શું સુધારો નહિ થાય?' કારણ એ છે કે એ ગુણો વિનાનો જીવ તો વ્યાખ્યામાંથી સીધું લેવાને બદલે ઊંધું લેશે! સામા પક્ષ (દલીલ) પરશે! સૂક્ષ્મ રહસ્યો સાંભળતાં રુચિને બદલે કદાચ વધારે અરુચિ ઉભી કરશે! કીર્તિ-માનપાનાદિની આશંસા પોષશે! ઇત્યાદિ નુકસાનો સાતના દરેક ગુણમાં કરેલ વર્ણનના અનુસારે જાણવાં એના બદલે સાતે ય ગુણવાળાને આપેલી વ્યાખ્યા કોઇ નુકશાન તો નહિ પણ સુંદર તત્ત્વ-પરિણમન, નક્કર આત્મ-શોધન-સંશોધન, સ્વપર કલ્યાણસાધન, વગેરે અદ્ભુત લાભ કરે છે. માટે ઉપલક દૃષ્ટિએ જોવા અને ધોરણ બાંધવા કરતાં સૂક્ષ્મ બુદ્ધિએ વિચારી નિર્ણય કરવા યોગ્ય છે. ફળ મળવાની તૈયારી હોય, ત્યારે એ મળે, એટલી ઊંચી ચીજ એ છે.

પ્ર૦—ભાવ નમસ્કારને નમસ્કારના તાત્ત્વિક સ્વરૂપવાળો કહ્યો, તો શું બીજા નમસ્કાર એ નમસ્કાર નહિ?

ઉ૦—અપેક્ષાએ નમસ્કાર ખરા, પરંતુ ગૌણ નમસ્કાર, વ્યવહારથી નમસ્કાર, એ દ્રવ્ય-નમસ્કાર છે; એમાં તાત્ત્વિક નમસ્કારધર્મ અર્થાત્ પૂર્વોક્ત અને હવે કહેશે તે ભાવસંકોચાત્મક પૂજ્યનું સ્વરૂપ અને એના વીતરાગતા-ફળને તરત ઉત્પન્ન કરવાનું સામર્થ્ય નહિ એ તાત્ત્વિક ધર્મ તો અરિહંતને કરાતા ભાવ-નમસ્કારમાં છે, કે જે અતિ ઊંચો અપૂર્વ યોગ છે; અને આત્માનું વિશિષ્ટ ઊર્ધ્વીકરણ કરી સાધેલી ઉચ્ચ આત્મદશાએ પ્રાપ્ત થાય છે.

તો પૂછવાનું મન થાય કે પ્રારંભિક અવસ્થાવાળાને કોઇ સ્થાન ખરું? તો કહ્યું કે હા, ભાવનમસ્કારની પ્રાર્થના કરો; દિલથી ઝંખના કરો કે અરિહંતના પ્રભાવે એ અવશ્ય પ્રાપ્ત થાય. અલબત એકલી પ્રાર્થના કરીને બેસી નથી રહેવાનું, પરંતુ એ પામવાના એક માત્ર હેતુથી ઊંચા-ઊંચા દ્રવ્યનમસ્કાર ખૂબ કરવાના છે, ભાવનમસ્કારરૂપી ફળને પેદા કરે એવા વૃક્ષના બીજનું આરોપણ કરવાનું છે. ધર્મ એક વૃક્ષ છે. એનું બીજ વાવવું પડે; એમાંથી ઝાડ ઉગે અને ફળ આવે. નિશ્ચયનય ફળને પેદા કરે તેને નમસ્કાર કહે છે. શુદ્ધ વ્યવહાર નય ફળ પેદા કરવાના જ એક હેતુથી એ માર્ગે લઇ જાય તેને નમસ્કાર તરીકે જણાવે છે. તાત્પર્ય, વીતરાગને નમસ્કાર વીતરાગ બનવા માટે કરો; વીતરાગતાની દિશાએ ચલાવે તેવો કરો. અરિહંતને નમસ્કાર. માત્ર કુલાચારથી અથવા શૂન્ય મગજે, કે દુન્યવી લાભની આકાંક્ષાએ નમસ્કાર તો થતો હોય, પરંતુ એમાંથી ફળ ન આવે. આપણે તો વીતરાગતાની દિશાએ ચલાય, અને ભાવનમસ્કાર કરવાની અવસ્થાએ પહોંચાય, એવું કરવાનું છે. તે આ રીતે એના બીજનું આરોપણ કરવાથી થાય. (સમાપ્ત)

—: નાથને ભૂલાવનાર લોથ. :—

રોજ વિચારો—"દુનિયામાં ધર્મી તરીકે વર્ષો વિતાવ્યાં છતાં અનંત દોષોમાંથી પાછા વળવા માટે કેટલા પ્રયત્નો કર્યા? ને કેટલા દોષ પાછા વાળ્યા?" જીવનની બાજી સંકેલતી વખતે શુદ્ધ ભાવનામાં રમતા રહેવા

માટે આ પહેલેથી વિચારવાનું છે. કેમકે સંસાર તો આકર્ષીને અનેક પ્રકારના દોષો અને દુષ્કૃત્યોમાં રકત રાખે છે. માત્ર નિરંજન નાથ શ્રી અરિહંત પ્રભુની ઓળખ થઈ જાય તો જ એ દોષો અને દુષ્કૃત્યોમાંથી બચવાનું બની શકે. આ જગતમાં જીવે પોતાના નાથને ઓળખ્યા નથી, તો જુઓ કે એ કેવા કેવા અકાર્ય કરે છે! એ નાથને ઓળખ્યા હોય, 'એવા નાથનો હું અનુયાયી;' એવું જાણ્યું હોય તો પછી અકાર્યમાં રકત બને? **પણ ધિક્કાર છે એવી દોષમય સંસારના લોથને કે જે લોથ જીવો પાસે નાથને ભુલાવી અકાર્યો કરાવે છે! એથી વધુ ધિક્કાર છે આપણા જીવને કે નાથને ભૂલી એવા સંસારની લોથમાં ઓતપ્રોત છે, ને શરમ વિના પાપો સેવે છે!** મોહની અંધ પરાધીનતામાં પડેલા જીવે જિનેશ્વરદેવની ઓથ નથી લીધી, ને જિનેશ્વરદેવની ઓથ નહિ પામેલાને અકાર્યોની લોથ ઉંચકવામાં લાજ કે શરમ નથી! શરમ કોની પડે? જગત તો એમાં ખૂંચેલું છે. એની શરમ શા માટે જ પડે? પરમાત્મપ્રીતિની સામે બિભત્સ એવા કામની અને સ્નેહની શરમ પડવાને લીધે તો પાપથી, અકાર્યથી પાછા ફરવાને બદલે જીવ પાપો અને અકાર્યોમાં હોંશહોંશે રચ્યોપચ્યો રહ્યો છે. ધિક્કાર છે જગત ઉપરના કામને! જગત ઉપરના સ્નેહને! જગત ઉપરના પક્ષને! કે એ જીવનો કચ્ચરઘાણ કાઢતા છતાં, જીવ તેનું પડખું છોડી શકતો નથી! જે જગત આવી રીતે જીવોને ફસાવી જાય, જીવો પર પાપોને વિંટાળી જાય, એનાથી બચવા એકલા તો એકલા, પણ ચારિત્ર લેનારા મહાવીર પ્રભુનું કેવું'ક અદ્ભુત પરાક્રમ! કેવીક જબરદસ્ત સાત્ત્વિક અને તાત્ત્વિક દૃષ્ટિ! જાતે જરાય ન ફસાતા, ઉપરથી બીજા અનેક ભવ્ય જીવોને પણ ફસાતા બચાવી સંસારથી છોડાવી મોક્ષ તરફ દોડતા કરી મૂકયા! મોક્ષમાં રવાના કરી મૂકયા, અને સ્વયં જીવનના અંતે સદાને માટે મોક્ષમાં જઈ વસ્યા! ધન્ય મારા વીર! ધન્ય મારા તારણહાર! જ્યાં સુધી જગતની ભયંકરતાની વિચારણા ન આવે ત્યાં સુધી આત્મા એવી કોઈ દિવ્ય સાધનામાં ન ચઢી શકે. ×××

અરિહંતના અનંત ઉપકારનો ખ્યાલ.

જગતની આટલી અવળચંડાઈ જોઉં છું એક બાજુ, ને બીજી બાજુ મારા વીરના સરળ અને સચોટ કલ્યાણમાર્ગોના ઉપકારોનો વિચાર કરૂં છું ત્યારે કોઈ મેળ ખાતો નથી! પહેલાં જગતના પ્રેમે અને પછી વીરજિનના પ્રેમે રાજા ઉદાયનમાં જુઓ કે કેવા આકાશપાતાળના અંતર પાડયા! રાણી પ્રભાવતીનું નૃત્ય પ્રભુને પ્રસન્ન કરવા માટે અને રાજા ઉદાયનનું વીણાવાદન પત્ની પ્રભાવતીને રિઝવવા માટે! એક બાજુ પ્રભુના અનંત ઉપકારની કેવી શરમ!! ને બીજી બાજુ મોહનું કેવું નાટક! રાજા જેવો રાજા કેવો પ્રેમનો પગારદાર!! પણ જ્યારે એજ ઉદાયન પ્રભાવતી દેવથી પલટો પામી આરાધના કરે છે, જિનાજ્ઞાને વળગે છે, ત્યારે અનાદિના કર્મપડળો ટપોટપ ખરી પડે એવી જિનભક્તિમાં ઓતપ્રોત થઈ જાય છે! જિનના આદેશ પાળવા પાછળ સગી કાયાને તોડી નાખતાં એમણે વાર ન લગાડી! પ્રભુની માયા લાગવી જોઇએ. એ માટે પ્રભુએ આપણા પર જે અનંતો ઉપકાર કર્યો છે, તેનો ભારે ખ્યાલ જોઇએ, તેની શરમ પડવી જોઇએ. પ્રભુને વિનવો, 'જ્યાં સુધી પ્રભુ આપ આ પૃથ્વી તલ પર વિચરો છો, ત્યાં સુધી પૃથ્વી પણ સૌભાગ્યવંતી છે! ત્યાં સુધી જગતની શોભા છે! આપ અનંત કલ્યાણના દાતાર છો! આવા

અનંત ઉપકારી એ મારા પ્રભુ ! આપ અમારા દુઃખ કયારે કાપશો ? આપના અનંત પ્રભાવમાંથી અમને અલ્પ પણ દો તો અમે વિષયો અને કષાયો સાથે જંગ મચાવી મૂકીએ.'

× આત્મ-જળમાંથી પરમાત્મ-અમૃત ×

મહર્ષિ કવિ શ્રી સિદ્ધસેન દિવાકર કહે છે કે—'એક પાણીનો પ્યાલો લઈએ અને તે પાણીમાં સતત અમૃતની ભાવના કરીએ તો તે પણ અમૃતસમ બની ઝેરને નાબૂદ કરે છે, તો હે જિનેન્દ્રદેવ ! પંડિત પુરુષો પોતાના આત્મામાં સતત આપનું તદાત્મભાવે ધ્યાન કરીને આપ સરખા પ્રભાવવાળા બને છે, એમાં શું આશ્ચર્ય ! પ્રભુના કલ્યાણ નામની પાછળ હૃદયની વિશુદ્ધિ જોઈએ. તેમ હૃદયની વિશુદ્ધિ હોય તો તરવાના રસ્તે નિમિત્તોને બળવાન બનાવી શકીએ છીએ; અને જેટલા પ્રમાણમાં નિમિત્તને બળવાન બનાવીએ તેટલા પ્રમાણમાં આપણા આત્મામાં આરાધનાનો વેગ વધે. પ્રભુના નામનું ને પ્રભુની મૂર્તિનું આલંબન મજબૂતપણે લઈએ તો આત્મામાં ઓર તેજ વધે.' "કેવી કેવી ગતિઓમાંથી હું કેવા કેવા દુઃખો ભોગવીને આવ્યો છું,"—આ ધ્યાનમાં જોઈએ. જગતમાંથી ભૂંડી-ઝળીને આવ્યો હોય; તે બળતરાના સંવેદનવાળો પ્રભુના મંદિરમાં આવે એટલે વીતરાગ મુદ્રાના શાંત સુધારસમાં તરબોળ બની શાંતિ અનુભવે છે.

卐 અખંડ વફાદારી અને પાલન. 卐

જિનની આજ્ઞા એવી વસ્તુ છે કે એની વફાદારી સાંગોપાંગ ને સંપૂર્ણ જોઈએ. એ અખંડ હોય તો જ ઉપરનાં ગુણઠાણા આપણને સંધરે. ત્યારે, જિનાજ્ઞાનું પાલન અખંડ હોય તો જ આપણને મોક્ષ મળે. બંનેમાં જરા ય ખામી ન ચલાવી લેવાય. બ્રાહ્મી સુંદરી અનુત્તરમાં ગયા હશે તે કેવું ચારિત્ર પાળીને ? ઉચ્ચ કોટિના આજ્ઞાપાલનવાળું જ ! છતાં સહેજ આજ્ઞાપાલન ચૂકયા તો સ્ત્રીવેદ ! સ્ત્રીવેદ એટલે ? ભરતના તાબેદાર ! તાબેદાર એટલે સુંદરીને ચારિત્ર લેવું છે, છતાં ભરતે રજા ના આપી તો સાઠ હજાર વર્ષ સંસારમાં અટકી જવું પડયું. ચારિત્રની ધીરતા પર ને જગતની બેપરવાઈ પર નવગ્રૈયવકે અને અનુત્તરે ય જવાય છે. આ ચારિત્રમાં વલોપાત કરવાનો નહિ; નહિતર એ દેવલોકે ન જવાય. આજે પણ સમકિતી ચારિત્ર લે, તો ય બહુ બહુ ચોથા સ્વર્ગ સુધી જાય. પૂર્વે મિથ્યાત્વી ચારિત્ર લે, તે પાળી બાર દેવલોકની ઉપર નવગ્રૈવેયક સુધી પણ પહોંચે ! પૂછો ને કેમ આવો ઉંધો ફેર ? કારણ એ કે એના સંઘયણના હિસાબે મનોબળ અને કષ્ટમાં ધીરતા વગેરે ઊંચા ! છતાં સમકિતના અભાવે ત્યાંથી નીકળીને પણ સંસારમાં ભમે. ત્યારે સમકિતી દેવ ચોથા દેવલોકથી નીકળી મહાવિદેહ જેવામાં જઇ ત્યાંથી જ ભવસાગર તરી જઈ શકે. જિનાજ્ઞાનો જ એક વિશ્વાસ—એ સમકિત. સમકિત એ સિક્કાની છાપ છે. ત્યારે ધીરતાપૂર્વકની કડક સંયમ—સાધના એ સોનું-ચાંદી છે. છાપ વિનાનું સોનું-ચાંદી એ માત્ર ધાતુ. છાપવાળું એ નાણું. સનેપાતિઓ દોડે ને લોકો માને કે, 'ભાઇમાં શકિત ઘણી આવી ગઇ !' પણ તે તો પછડાઈ જવા માટે ! તેમ અભવ્ય નૈવગ્રૈવેયક સુધી જાય, પણ પછડાવા માટે; કારણકે ચારિત્રરૂપી ધાતુ ઉપર સમકિતની છાપ નહિ અને અહીં તો છાપ વિનાનું ચારિત્ર એ ચારિત્ર જ નહિ. માટે સમકિત પહેલું સ્થિર કરો. પછી ચારિત્રમાં પણ જેટલી કમી રહેશે તેટલી મોક્ષે જવાની વાર. માટે ચારિત્ર અખંડ કરવા તરફ મથો. જિનાજ્ઞાને વળગો. જિનાજ્ઞા મળી એ કેટલું મોટું અહોભાગ્ય ! અને એ મુજબ પુરુષાર્થ ન કરવો એ કેટલી ભાવી ભયંકરતા !

સિદ્ધાન્ત મહોદધિ પૂ૦ પા૦ શ્રી ૧૦૦૮ શ્રી આચાર્ય દેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજની નિશ્રામાં ચડવાલ (રાજસ્થાન)થી

શ્રી શત્રુંજય તીર્થના છ'રી પાળતા યાત્રાસંઘના પ્રયાણનો

—: કાર્યક્રમ :—

	તિથિ		સ્થળ	માઇલ
(૧૨)	પોષ વદ	૮	કોટડા	૬
(૧૩)	,,	૯	ચારૂપતીર્થ	૧૦
(૧૪)	૧૦ થી	૧૨	પાટણ	૭
(૧૫)	વદ	૧૩	અઠીઆ	૮
(૧૬)	,,	૧૪	હારીજ	૧૦
(૧૭)	,,	૦))	મુજપુર	૯
(૧૮)	મહા સુદ	૧-૨	શ્રી શંખેશ્વરજીતીર્થ	૭
(૧૯)	,,	૩	પંચાસર	૬
(૨૦)	,,	૪	દસાડા	૬
(૨૧)	,,	૫	જૈનાબાદ	૫
(૨૨)	,,	(પ્ર) ૬	પાટડી	૭
(૨૩)	,,	(બી) ૬	શ્રી ઉપરીયાળાજીતીર્થ	૭
(૨૪)	,,	૭	બજાણા	૮
*(૨૫)	,,	૮	પીંપળી	૬
(૨૬)	,,	૯	ધરમહ	૬
(૨૭)	,,	૧૦	મેથાણ	૪
(૨૮)	,,	૧૧	રાજસીતાપુર	૧૦
(૨૯)	,,	૧૨	ચુડા	૬
(૩૦)	,,	૧૩	સુરેન્દ્રનગર	૬
(૩૧)	,,	૧૪	વઢવાણ શહેર	૪
(૩૨)	,,	૧૫	શીયાણી	૧૧
(૩૩)	મહા વદ	૧	લીંબડી	૮
(૩૪)	,,	૨	ચુડા	૧૦
*(૩૫)	,,	૪	મીત્રાપુર	૬
(૩૬)	,,	૫	રાણપુર	૬
(૩૭)	,,	૬	આગઉ	૯
(૩૮)	,,	૭	બોટાદ	૮
(૩૯)	,,	૮	લાઠીદડ	૮
(૪૦)	,,	૯	લાખીયાણી	૬
(૪૧)	,,	૧૦	પછેગામ	૧૦
(૪૨)	,,	૧૧	વળા	૩
(૪૩)	,,	૧૨	ઉમરાળા	૬
(૪૪)	,,	૧૩	સણોસરા	૮
(૪૫)	,,	૧૪	નોંધણવદર	૮
(૪૬)	,,	૦))	જમણવાવ	૬
(૪૭)	ફાગણ સુદ	૧	પાલીતાણા	૭

*આ નિશાનીવાળા ગામોમાં દેરાસર નથી.

તીર્થ માળા-રોપણ સં. ૨૦૧૫ ના ફાગણ સુદ ૩ ગુરૂવાર તા. ૧૨-૩-૧૯૫૯ થશે.

ટપાલ મંગાવવા માટેના નિયત કરેલા સરનામા.

શ્રી જૈન કારખાના પેઢી મું. જીરાવલાજી તીર્થ પો. રેવદર (રાજસ્થાન)

શેઠ વરધીચંદજી નાથાજી મુ મંડાર પો. મંડાર (રાજસ્થાન)

શેઠ જેસીંગભાઇ નેમચંદ ઠે. સંઘરબજાર, મુ નવાડીસા.

શેઠ લોગીલાલ કરમચંદ મંત્રી ઠે. કનાસાનો વાડો, મુ. પાટણ (ઉ. મુ.)

શેઠ ગોદડભાઇ મોતીલાલ વાયા હારીજ, [illegible] મુજપુર, મુ. મુજપુર

[illegible] વાયા વીરમગામ, [illegible] પાટડી.

શેઠ [illegible] મુ [illegible] [સૌરાષ્ટ્ર]

[illegible] મુ. [illegible] [સૌરાષ્ટ્ર]

શેઠ આણંદજી કલ્યાણજી મું. બોટાદ [સૌરાષ્ટ્ર]

જૈન સંઘની પેઢી મુ. વળા [વલ્લભીપુર] [સૌરાષ્ટ્ર]

ચેલાજી વનાજી જૈન યાત્રા સંઘ કેમ્પ મુ. પાલીતાણા [સૌરાષ્ટ્ર]

મુદ્રક ચંદ્રકાન્ત રતિલાલ શાહ. (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીની ખડકી, [illegible] ચોક, અમદાવાદ. ત્યાંથી છાપી પ્રસિદ્ધ કર્યું

દિવ્ય દર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ–૭, અંક–૨૧
બચુભાઇ ચીમનલાલ ઝવેરી મુંબઇ શાખા : ૧૬૭–૬૯, કીકા સ્ટ્રીટ. શનિવાર તા. ૭–૨–૧૯૫૬

તંત્રીસ્થાનેથીઃ—

મહા મા તા.

(પૂ. પં. શ્રી કાન્તિવિજયજી ગણિવરના લેખ–સંગ્રહમાંથી–સંપાદક : પૂ મુનિરાજ શ્રી મિત્રાનંદવિજયજી મ૦)

"जीयात् पुण्याऽर्जननी, पालनी शोधनी चमे । हंसविश्रामकमल-श्रीः सदेष्टनमस्कृतिः" ॥१॥
—શ્રી સિદ્ધસેનસૂરિજી.

પરમેષ્ઠિ નમસ્કારની ક્રિયા અલ્પ પરિશ્રમથી, અલ્પ સમયથી અને ધનના વ્યય વિના સાધ્ય છે, અને છતાં એનો લાભ મહાન છે. અનંતજ્ઞાનિઓની દૃષ્ટિમાં સઘળા મંગળો આવી ગયાં હતાં, તે સર્વમાં પરમેષ્ઠિ નમસ્કારને સૌથી વધારે સ્થાન આપ્યું છે. બીજા શાસ્ત્રોને શ્રુતસ્કંધ કહ્યાં છે, જ્યારે નવકારને મહાશ્રુતસ્કંધ કહેલ છે. નવકાર એ 'શબ્દ'થી નાનો હોવા છતાં અર્થથી અતિ મહાન્ છે, તેનું ફળ પણ અદ્‌ભુત છે. તેથી પ્રત્યેક કાર્યોની શરૂઆતમાં જ્ઞાનિઓ તેનું સ્મરણ કરવાનું વિધાન કરે છે. ઉઠતાં કે બેસતાં, સૂતાં કે જાગતાં, પ્રયાણ કે પ્રવેશ કરતાં, પચ્ચક્ખાણ પાળતાં, કે ભોજન કરતાં, જન્મ વખતે કે મરણ વખતે, દુઃખમાં કે સુખમાં, માંદગીમાં કે આરોગ્યમાં, વ્યાખ્યાનના પ્રારંભમાં, વ્રતોચ્ચારમાં, નંદીસૂત્ર સંભળાવવામાં, સૂત્ર ભણતાં, પક્ખીસૂત્ર બોલતાં કે સામાયિકાદિ ઉચ્ચરતાં, અટવીમાં કે કોઈ પણ સંકટમાં નમસ્કાર મહામંત્ર ગણવાનો હોય છે. જરૂર પડે તો અશુચિ વખતે પણ નવકારના સ્મરણનો નિષેધ નથી. ન્હાનું–મોટું કોઈ પણ કાર્ય કરવું હોય ત્યારે પ્રથમ નવકારનું સ્મરણ કરીને પછી તે કાર્ય શરૂ કરવું જોઇએ. સાધુને આહાર વાપરવા પહેલાં પણ નવકાર ગણવાનું વિધાન છે. એ પ્રમાણે મનુષ્યના જીવન વ્યવહારની સાથે નવકારનું સ્મરણ ઓત–પ્રોત રહેલું છે.

શ્રુતના પારગામી મહામહર્ષિઓ પણ પોતાનો અંતિમ સમય નમસ્કારના સ્મરણમાં વીતાવે છે. આ નવકાર પણ જેને યાદ ન રહી શકે તેને માટે એ પાંચે પદના આદિ–આદિ અક્ષરોનો બનેલો 'असिआउसा' આટલો નાનો મંત્ર પણ ગણવાનું વિધાન છે. એ પણ યાદ ન રહી શકે તેને માટે એ પાંચ પદના પહેલા પહેલા અક્ષરના સંયોગથી વ્યાકરણના નિયમ મુજબ બનેલો ॐ મંત્રાક્ષર પણ જ્ઞાનિઓએ બતાવ્યો છે.

એટલું પણ જે યાદ ન કરી શકે તેણે સ્વજનાદિ દ્વારા શ્રી નવકારમંત્ર સાંભળવો જોઇએ.

નમસ્કાર એ પંચપરમેષ્ઠિ પ્રત્યે આદર સૂચવનારી પવિત્ર ક્રિયા છે. આ ક્રિયા પુણ્યરૂપી શરીરને ઉત્પન્ન કરનાર, તેની વૃદ્ધિ કરનાર અને પુષ્ટ કરનાર પરમ પવિત્ર ક્રિયા છે. એ ક્રિયાનો વિષય મહાન્ એવા પરમેષ્ઠિઓ છે તેથી એનું ફળ પણ મહાન્ છે. પુણ્યરૂપી શરીરની હાલત અતિ નાજુક હોય છે. નમસ્કારની ક્રિયામાં એનું પાલન અને પોષણ કરવાની તાકાત રહેલી છે. જેમ માતાના ઉદરમાં બાળકનું શરીર સૌથી પ્રથમ સાત દિવસ કલલરૂપે, પછી સાત-સાત દિવસ અર્બૂદ (પરપોટો,) પેસી અને માંસ ખંડ, પહેલે મહિને કર્પ (૮૦ રતિભાર), બીજે મહિને ઘન માંસપેસી-સમચતુરસ્ર માંસ ખંડ બને છે. ત્રીજે મહિને માતાને દોહલા થાય છે, ને ચોથે મહિને માતાના અંગોમાં પીડા થાય છે, પાંચ મહિને હાથ-પગ, અને મસ્તક ફૂટે છે-પ્રગટે છે, યાવત્ આઠમે મહિને સંપૂર્ણ શરીર તૈયાર થાય છે. માતાના ઉદરમાં એવી તાકાત હોય છે કે એ કલલ-અર્બૂદ-માંસપેસી આદિમાંથી સર્વાંગ સુન્દર બાળક બની શકે છે.

પરમેષ્ઠિ નમસ્કારની ક્રિયાથી પુણ્યરૂપ કાર્મણ શરીરની ઉત્પત્તિ પાલન અને પોષણ થવાથી સર્વ પ્રકારના સુખની પ્રાપ્તિ થાય છે. સુન્દર શરીર, વિપુલ ધન, દીર્ઘ આયુષ્ય, અનુકૂળ કુટુંબ-પરિવાર, માનપાન, સારું ભોજન, આદિ વસ્તુઓ સૌને ગમે છે, પણ તે મળે છે પુણ્યરૂપી શરીરથી. એજ રીતે રોગી શરીર, દરિદ્રતા, ટૂંકું આયુષ્ય, પ્રતિકૂલ પરિવાર-આ બધું આરંભ-સમારંભની ક્રિયાઓ દ્વારા પુષ્ટ થયેલા પાપરૂપી શરીરથી પ્રાપ્ત થાય છે.

પુણ્ય પ્રાપ્તિની અનેક ક્રિયાઓ છે. તેમાં સૌથી શ્રેષ્ઠ અને સહેલી ક્રિયા આ પંચપરમેષ્ઠિના નમસ્કારની છે. તે ક્રિયાને જો રસપૂર્વક અને એકાગ્રચિત્તે કરવામાં આવે તો સમજવું કે પાપક્ષયનું અને પુણ્ય-પ્રાપ્તિનું કાર્ય સિદ્ધ થઇ રહ્યું છે. ભોજનની ક્રિયામાં જેવી એકાગ્રતા, અરક્ષિતતા, લયલીનતા અને એકમેકતા અનુભવાય છે, તેવી એકાગ્રતા વગેરે જો આ ક્રિયામાં આવી જાય, તો ભોજન જેમ તૃપ્તિનું કાર્ય કરે છે તેમ આ નમસ્કારની ક્રિયા પુણ્ય-પ્રાપ્તિનું કાર્ય અવશ્ય કરે છે. ભોજન ક્રિયામાં મન બરાબર પરોવાઇ જાય છે, ત્યાં અવિધિ થતી નથી, કોળીયો મોઢામાં જ જાય છે, કાંકરો આવે તો ફેંકી દેવાય છે, માંખી ન આવી જાય તેનો ખ્યાલ રહે છે, કારણ કે ભોજન દ્વારા તૃપ્તિ થાય છે અને શરીર પુષ્ટ બને છે, એ વાત હૃદયથી બરાબર સમજાઇ ગઇ છે. એજ રીતે પરમેષ્ઠિઓના નમસ્કારની ક્રિયા આપણા સર્વ કોઇ ઇચ્છિતોને, ઇષ્ટને સિદ્ધ કરી આપે છે આવી શ્રદ્ધા હૃદયમાં સ્થિર થયેલી હશે તો ભોજન ક્રિયાની જેમ નમસ્કારની ક્રિયામાં એકમેકતા અનુભવી શકાશે. પુણ્ય ઇષ્ટ-સિદ્ધિમાં સહાયક છે. **અને પાપ ઇષ્ટ-સિદ્ધિમાં વિઘ્નરૂપ છે.** નમસ્કારની ક્રિયા પુણ્યને ઉત્પન્ન કરે છે, પાળે છે અને પોષે છે, તેમજ પાપનો ક્ષય કરે છે. જ્ઞાનિઓ કહે છે કે-'નવકાર એ સર્વ પાપોનો નાશ કરનાર છે અને સર્વ મંગળમાં પહેલું મંગળ છે.' સ્વયં કરાતો ધર્મ હંમેશાં થોડો જ હોય છે. જ્યારે બીજાઓને કરાવવા દ્વારા થતો ધર્મ એનાથી કેઇ ગુણો વધારે હોય છે. તેના કરતાં પણ અનુમોદના દ્વારા થતો ધર્મ એથીએ વધારે હોય છે. નવકારની ક્રિયાથી ત્રણે કાળના પાંચેય પરમેષ્ઠિનું સુકૃત અનુમોદાય છે, અને તે સુકૃત ઘણું મોટું હોવાથી શ્રીપંચપરમેષ્ઠિને નમસ્કાર કરનાર પુણ્યાત્મા મોટામાં મોટા ફળનો ભોક્તા બને છે. આ એક નવકારરૂપ નાના સૂત્રથી-નમસ્કાર મહામંત્રથી ત્રણે કાળના અનંતાનંત પંચપરમેષ્ઠિના સુકૃતોની અનુમોદના થાય છે. તેથી પુણ્યરૂપી શરીર પુષ્ટ થાય છે, અને પાપરોગનો ક્ષય થાય છે. નમસ્કારની ક્રિયાનું આ મહાન્ ફળ આ રીતે યુક્તિગમ્ય થઇ શકે છે.

પુણ્યથી બધી જ બાહ્ય જડ સામગ્રી મળે, પણ તેથી કાંઇ જીવને શાન્તિ કે સુખ ન મળે. વીંછી કરડયો હોય ત્યારે મખમલની ગાદી, મિષ્ટાનના થાળ, ગુલાબની સુગંધ, રમણીના રૂપો કે વાજિંત્રના નાદો તેને શાન્તિ આપી શકે નહિ, પંચપરમેષ્ઠિઓના નમસ્કારની ક્રિયાથી પુષ્ટ થયેલું પુણ્યરૂપી શરીર બાહ્ય સામગ્રી આપે છે છતાં, જીવ તેનાથી શાન્તિ અનુભવતો નથી. જીવને આ જગતમાં શાન્તિ આપ-

[અનુસંધાન પાના ૧૭૦ પર]

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર
સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન
પૂ. ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.

જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ?

સર્વવિરતિની તાકાત ખીલવવા તથા તે પામવા દેશવિરતિની યોજના છે:—પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ પ્રથમ પંચાશકને વિષે સર્વવિરતિના સામર્થ્યના અભાવવાળા જીવો માટે, તેવી તાકાત મેળવવા દેશ-વિરતિ ધર્મની યોજના કહે છે. **સમ્યગ્દૃષ્ટિ આત્માને સર્વવિરતિ મેળવવાના કોડ સાથે સર્વવિરતિ માટેની તાકાત ખીલવવાની ધગશ છે. જ્યારે દેશવિરતિ આત્માને સર્વવિરતિ પામવાના કોડ સાથે, તે તાકાત ખીલવવાનો પુરુષાર્થ છે. એકને મનોરથ છે, બીજાનો પુરુષાર્થ છે.** દેવોના ભવમાં ય એ પુરુષાર્થ નથી. સર્વવિરતિની તાકાત ખીલવવાનો જોરદાર પુરુષાર્થ દેશવિરતિપણામાં છે. જ્ઞાનીએ એ પુરુષાર્થના બાર પ્રકાર બતાવ્યા. બારવ્રત એ જ બાર પ્રકાર. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત. પ્રથમ વ્રત સ્થૂલથી હિંસાનું વિરમણ, બીજું વ્રત સ્થૂલથી મૃષા-વિરમણ, ત્રીજું વ્રત સ્થૂલથી ચોરીનું વિરમણ, ચોથું વ્રત સ્થૂલથી અબ્રહ્મનું વિરમણ, પ્રથમ ૪ પાંચ અણુવ્રતમાં પહેલા ચાર અણુવ્રતમાં 'સ્થૂલ' એવો શબ્દ છે. પાંચમું વ્રત પરિગ્રહ-પરિમાણ વ્રત છે. ધન-ધાન્યાદિ પરિગ્રહની અમુક મર્યાદાનું વ્રત. એમાં 'સ્થૂલ' શબ્દની જરૂર નથી. 'પરિમાણ' શબ્દ જ એ વ્રતનું સ્વરૂપ જણાવે છે. જેમ પાંચમામાં તેમ છઠ્ઠામાં (પ્રથમ ગુણવ્રતમાં) પણ 'પરિમાણ' શબ્દ છે. છઠ્ઠા વ્રત (પ્રથમ ગુણવ્રત)નું નામ દિક્પરિમાણ વ્રત છે.

સંસારકેદની મુદત શાથી લંબાય છે ?:-

પાંચમા પરિગ્રહ પરિમાણવ્રતમાં જોઈ ગયા કે પરિગ્રહ એ સંસારની જડ છે, તેથી એનો સર્વથા ત્યાગ ન બને તો પણ એના પર કાપ તો અવશ્ય મૂકવો જોઈએ; અને જેટલો પરિગ્રહ રાખ્યો એના ઉપર પણ ગાઢ મૂર્છા-મમત્વ ન કરતાં એનો ય ભયની દૃષ્ટિથી જોવો જોઈએ; કારણ કે **પરિગ્રહ ઉપર જ અનેકાનેક હિંસામય આરંભ-સમારંભો અને જૂઠ, અનીતિ વગેરે પાપો તથા રાગ-દ્વેષ, ગુસ્સો, ગર્વ, કપટ-કલહ વગેરે દોષ-દુર્ગુણો પોષાય છે, તેથી જીવને સંસારકેદની મુદત આગળ લંબાય છે !**

સંસારમાં ચારેય બાજુ શું ચાલી રહ્યું છે?:-

હવે આપણે શ્રાવક-જીવનનું છઠ્ઠું વ્રત વિચારવાનું છે. એમાં જીવનમાં ચારેય દિશા-વિદિશા અને ઊંચે-નીચે કેટલેથી આગળ ન જવું તેની મર્યાદા નક્કી કરવામાં આવે છે. પૂછો, શી જરૂર છે આની ? જરૂર ? જરૂર મોટી છે. તમે જાણો છો કે સંસારમાં ચારેય બાજુ શું ચાલી રહ્યું છે. પાપ, પાપ ને પાપ સિવાય બીજું કાંઈ ખરું ? અલબત સંસારમાં ધર્મી જીવો છે, જિન-મંદિરો છે, ધર્મસાધના છે, પરંતુ આપણે સંસારમાં લાંબા પહોળા જઈને શું કરવાના ? પાપ કે ધર્મ ? અરે ! એક નાનો જ પ્રસંગ જુઓને કે બજારમાંથી સાંજ પડયે ઘેર આવ્યા, પછી જમીને મનને એમ થાય છે કે, 'લાવ બહાર ફરી આવું.' તો બહાર નીકળીને કેટલા દેરાસરોનાં દર્શન અને કેટલા ગુરુમહારાજોની સેવા-વૈયાવચ્ચ કરી આવવાના ? કહાય નહિ જ અગર કરો તોય મામુલી ! અને,

કેટલાં જડનાં દર્શન કરી ઈન્દ્રિયોની તૃપ્તિ-ઇતરાજી રકમ બંધ ઉભી કરી આવો ?

કેટલા રાગદ્વેષ પોષી આવો ?

વિકથાઓ કેટલી ? નિંદા કેટલી ?

અલકમલકના કચરા મનમાં કેટલા ઘાલી આવવાના ?

એથી કેટકેટલી કુવિચારોની હારમાળા ગળામાં ઘાલી કર્મના થોકના ધનામ લેવાના ?

જ્યારે આટલામાં આટલું, તો દુનિયામાં ચારેય કોર ફરવાનું રાખ્યું હોય તો આત્મા પર કેટલા

ભાર ચઢે ?

બીજી વાત એ છે કે કદાચ બહુ બધે ફરવાનું ન પણ કર્યું છતાં બહુ લાંબે ન ફરવાની પ્રતિજ્ઞા નથી તો ય એ જે છૂટ યાને અવિરતિ છે તેના યોગે પણ આત્મા પર પારાવાર કર્મના બંધનો લદાય છે.

માટે, એ બધાથી બચવા દિશા પરિમાણનું વ્રત કરવાનું છે. વેતરણ કરાવે છે. **અજ્ઞાન અને મૂઢતાને ખંખેરી નખાય, ને જ્ઞાન અને વિવેકને પ્રગટ કરાય, તો તો આ ભવની ભવ્ય તકના મૂલ્યાંકન થાય, ને જીવનને દગાભર્યા દુન્યવી પદાર્થો અને દુન્યવી વાતો ખાતર વેડફી ન નખાય.** મનોમન નિર્ધાર થઈ જાય કે—'મારે માર્ગાનુસારીના ગુણો પહેલાં, અને સંસાર પછી. સગી બાયડી ખાતર પણ ગુણને કોરાણે ન મૂકું. કોને ખબર છે એ કેટલું જીવશે, ને હું કેટલું જીવીશ ? એને ય હું સમજ પાડું કે જો, માણસાઈ તો આ ગુણો હોય તો છે, નહિતર તો પશુ-જીવન સમજવાનું. ખાધું-પીધું કે સંધર્યું-ભોગવ્યું એની કોઈ વડાઈ નથી.'

અણુવ્રતને ગુણ કરે તે ગુણવ્રત :—

પાંચમા વ્રતમાં જેમ પરિગ્રહનું પરિમાણ છે, તેમ છઠ્ઠા વ્રતમાં દિશાનું પરિમાણ કરવાનું છે. પહેલાં પાંચ વ્રતો અણુવ્રતો છે, જેનાં નામો જોઈ ગયા. પછી દિક્‌પરિમાણવ્રત, ભોગોપભોગપરિમાણવ્રત તથા અનર્થદંડ વિરમણવ્રત, આ ત્રણ ગુણવ્રતો આવે છે. અણુવ્રતોને ગુણ કરે તે ગુણવ્રત. ઔષધથી આરોગ્ય પ્રાપ્ત થાય છે, પણ પ્રાપ્ત થતા આરોગ્યને ગુણ કરનાર પથ્ય છે. આત્માને આરોગ્યની પ્રાપ્તિ માટે ઔષધરૂપે પાંચ અણુવ્રતો છે, અને એથી પ્રાપ્ત થતા આરોગ્યને ગુણ કરનાર ગુણવ્રત સહાયક છે. પાંચમા અણુવ્રતના ઉપકાર માટે તરત જ પ્રથમ દિક્‌પરિમાણ-વ્રત છે, કેમકે તે પાંચે ય વ્રતને ગુણ કરે છે. દા.ત. દિક્‌પરિમાણવ્રત એટલે કે દિશાઓનું પરિમાણ જો ન કર્યું હોય, ને બધે જવાની છૂટ હોય, તો દોડધામ કરી બધે જવાય અને ત્યાં પરિગ્રહના ઢગલા દેખાય, ઉલેચી લાવવાની શક્યતા દેખાય, પછી પરિ-ગ્રહના પરિમાણના વ્રતમાં એને એટલો આનંદ ન રહે. એને થાય, 'પરિગ્રહનું પરિમાણ રાખવામાં ભૂલ થઈ, ઉતાવળ થઈ, કલકત્તાનો (ત્યાંના વ્યાપા-રાદિનો) તો ખ્યાલ જ ન કર્યો !'

જ્યાં ત્યાં ફરનારાને પાપ વધે છે : ધર્મ નથી વધતો :—

બહુ ફરવાનું જેણે ઓછું કર્યું તેણે જીવનમાંથી ઘણાં પાપોને ઓછાં કર્યાં. જોશો તો દેખાશે કે, બહુ (જ્યાં ત્યાં) ફરનારાને પાપ વધ્યા હશે, ધર્મ નહિ વધ્યો હોય. સાધુની વાત ન્યારી. ત્રણે ય ગુણ-વ્રતો પથ્યનું કામ કરે છે. જેટલો ત્રણ ગુણવ્રતોનો વિકાસ તેટલો પાંચે ય અણુવ્રતોનો વિકાસ, આત્માના આરોગ્યનો વિકાસ. બહુ ફરનારો-ફરનારો ને જ્યાં ત્યાં જનારો મગજમાં અનેક પાપ-વાતોનાં ભૂંસાં ભરી લાવશે, ધર્મ-વાતો નહિ લાવે. અરે ! તીર્થની યાત્રાના સ્થળે ગયો હોય એની જ વાત કરોને ! તીર્થ કરવા ગયો એમ નહિ, પણ ફરતો ફરતો તીર્થમાં આવી ગયો હોય, તે ભગવાન તથા તીર્થની જ યાદગીરી લાવશે કે મગજમાં બીજું કંઈક ભરી લાવશે ? જે કેવળ તીર્થયાત્રાએ જાય અને એટલું જ કરે, બીજે નજર પણ ન કરે એની જૂદી. એવા કેટલા ? શિખરજીની યાત્રાએ ગયા, વચ્ચે કેઈક અલબેલી નગરીઓ આવે, 'આ મશીદ, આ કિલ્લો...' વગેરે જોવાય કે નહિ ? તો પછી પૂછો કે તો શું જાત્રા ન કરવી ? ના, એમ નહિ, જાત્રા જરૂર કરવી, વાત દિક્‌પરિમાણ-વ્રતની છે. માત્ર યાત્રાનો ખ્યાલ હોય એ વાત જુદી, પણ આ તો એ વિચારાય છે કે એ ખ્યાલ કેટલો અને બીજો કચરો કેટલો ? દિક્‌પરિમાણની કિંમત સમજનારાને જરૂર ખ્યાલમાં આવે કે જ્ઞાનીએ એ છઠ્ઠા વ્રતની કરેલી યોજના યોગ્ય છે.

અયોગ્ય દેશકાળમાં ન ફરવું એ માર્ગા-નુસારીનો એક મુખ્ય ગુણ છે :—

માર્ગાનુસારિતામાં પણ એવો ગુણ કહ્યો છે કે, અયોગ્ય દેશ તથા અયોગ્ય કાળમાં ન ફરવું. અયોગ્ય દેશ તથા તેવા કાલમાં નહિ ફરવાને માર્ગાનુસારીનો ગુણ કેમ બતાવ્યો ? એટલા જ માટે કે દુનિયામાં બહુ ફરવા માંડ્યા, શું દેખાવાનું ? કહો કે, જન્મો-જન્મ જોવાના પ્રતાપે જે સંસ્કારો પડ્યા હતા, પણ નવા જન્મમાં તે સૂતેલા પડ્યા હતા, તેને જગા-ડવાનું, તાજા કરવાનું દેખાવાનું. છોકરાને નાનપણથી

અમુક આદત પાડી હોય, કાળજામાં ઠોકી ઠોકીને શિખવ્યું હોય, 'આપણાથી નાટક-સિનેમા ન જોવાય, એ તો બહુ ઝેરી, આપણું કુલ ધણું ઊંચું! જેના યોગે ધણાં પાપો હલકા થાય. જ્યારે, ત્યાં (સિનેમા-નાટકમાં) તો પાપ, પાપ ને પાપ!' એ છોકરાને કેટલો લાભ થાય! જિંદગીમાં જે નાટક-સિનેમા ન જુએ તેને ભૂતકાળના પાપના ધણા સંસ્કારો તાજા ન થાય. ભૂતકાળના સંસ્કારો કયાં ઓછા છે? એકેક આકાશપ્રદેશને આત્મા અનંતીવાર સ્પર્શ્યો છે, એકેક યોનિમાં આત્મા અનંતીવાર ભટકયો છે, ચોરાશી લાખ યોનિમાં, ચારે ગતિમાં ઓછું ભટકયો છે? આ આત્માએ કયો અનુભવ નથી કર્યો? સિંહ, વાઘના ભવનો, કૂતરાના ભવનો, બિલાડાના ભવનો, ચકલા-ચકલીના ભવનો તેમજ દેવતાના જીવનનો, તમામ અનુભવ કર્યો છે.

સામગ્રી મળે તેવા, અને તેટલા પ્રમાણમાં પૂર્વના સંસ્કાર તાજા થાય છે—

કીડી, કેટલું નાનું પ્રાણી! પણ શું કરે છે? દાણાને ઘરમાં લાવ્યા જઈને કોરી ખાય છે; મર્મને જ ખાઇ જાય છે, પછી એના પર ગમે તેટલો વરસાદ થાય, ઉગે નહિ. કીડી આ કયાંથી શીખી? ભવે-ભવની કરામતો, યોનિ યોનિની કુનેહગીરી જીવને અભ્યસ્ત છે. સામગ્રી મળવાથી તે તાજી થાય છે. જેટલી જેટલી સામગ્રી મળે તેટલા તેટલા તે તાજા થાય છે. મનુષ્ય દેહમાં આવ્યા પછી તેવું શરીર નહિ વગેરે કારણે, અલબત જંગલી જીવોની જેમ ફાડી ખાવાની બુદ્ધિ ન થાય. છતાં આમાંય અપવાદ મળે. હમણાં જ એક એવો કિસ્સો જાંહેરમાં આવ્યો છે. વરની જેમ ચાળા કરનારા એક છોકરાને હોસ્પિટલમાં રાખ્યો છે. નાનપણામાં એને કોઈ વર ઉપાડી ગયેલું, એણે એને પાળ્યું, ઉછેર્યું. ભૂતકાળનો કાંઇ તેવો સંબંધ હશે. વાધણ આખા જગતને ભરખી ખાય પણ બચ્ચાંને કેવાં પાળે! પેલું બાળક વરની સાથે હર્યું-ફર્યું એટલે તેના જેવા ચાળા કરતું શીખ્યું, બચકાં ભરતાં, ફાડી ખાતાં પણ શીખ્યું. છે મનુષ્ય, પણ એનામાં જાણે મનુષ્યપણાની ગંધ નથી. મળી આવેલા એ છોકરાને હોસ્પિટલમાં રાખેલ છે, અને જેને તેને એ ફાડવા જાય તેથી બંધનમાં એને સાચવવો પડે છે.

જીવની પાસે અનંતા પાપના સંસ્કારો મોજૂદ છે. જેવી સામગ્રી મળે તેવા અને જેટલી મળે તેટલા પ્રમાણમાં તે જાગ્રત થાય છે.

વધારે દેશોમાં ફરનારને કયા સંસ્કારો તાજા થવાના, ધર્મના કે પાપના?

વધારે દેશમાં ફરવાથી પાપના સંસ્કારો તાજા થવાના કે ધર્મના? કઇ સામગ્રી વધારે મળવાની?

સભામાંથી:-ફરવાને અંગે આર્ય દેશ તથા અનાર્ય દેશનો ફરક નહિ? ફરક જરૂર, ધણો ફરક. આર્ય દેશ તે આર્ય દેશ અને અનાર્ય તે અનાર્ય. વાત આર્ય દેશની ચાલે છે, અનાર્ય દેશમાં તો ધર્મ નથી એટલે પ્રશ્ન નથી. આર્ય દેશમાં ય વધારે ફરનારો લાવે કયા સંસ્કારો? મુસાફરીએ ગયો, જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં ખાનપાનની, પહેરવા-ઓઢવાની સામગ્રી, મોજ-શોખનાં સાધનો કેઇ નવનવાં જોવા મળે.

લાવે કોણ?

દિક્પરિમાણવ્રતમાં દિશાઓમાં ફરવાને અંગે યોજનો આદિનું પરિમાણ કરવામાં આવે છે. પરિમાણ રાખી એ વ્રત ધારણ કરનારને જાગૃતિ રહે છે. કોઇ પ્રસંગ વ્રતમાં રાખેલા પરિમાણની હદ વટાવવાનો આવી જાય પણ એ આગળ ન વધે. એને વ્રત તરફ એટલો ખ્યાલ હોય છે કે આગળ વધવામાં કોઇ તેવા પ્રસંગે દેખીતું ધર્મનું પોષણ હોય તો પણ તેમ કરવામાં તે વ્રતની ઉપેક્ષા થઈ માને છે, માટે વ્રતને જ વળગી રહે છે.

પ્રઃ-એમ હોઇ શકે?

ઉઃ-હા, છઠ્ઠા વ્રતની પૂજાની ઢાળમાં તેવો પ્રસંગ બતાવ્યો છે; એક બાપ છે, તેને એક દિકરો છે, તેણે દિક્પરિમાણવ્રત યાવજ્જીવ માટે લીધું છે. તેમાં સો જોજનનું પરિમાણ રાખ્યું છે. સો જોજનથી આગળ ન વધવાનો આખા જીવન માટે તેને નિયમ છે. હવે એકવાર એવું બને છે કે એના દિકરાને અચાનક સાપ કરડે છે, સાપ કરડતાં જ તે નીચે પડયો, થોડી વારમાં મૂર્ચ્છિત થયો. મુઝવણ થઇ, કરવું શું? ઉપચારો શરૂ થયા, કાંઇ બાકી રહે? મંત્રવાદી, તંત્રવાદી અનેક આવી ગયા, અનેક પ્રયોગો થયા પણ કોઈનું કાંઇ ચાલતું નથી. એવામાં એક

પરદેશી માણસ ત્યાં આવી ચડે છે, તેને પણ ઉપાય પૂછવામાં આવે છે એ કહે છે, "ઉપાય તો છે પણ એ વનસ્પતિ અહીંથી બહુ દૂર છે. તે હાજર હોય તો તરત ઝેર ઉતરી જાય." ઉપાય તો જાણવા મળ્યો પણ એ ઔષધિ લાવે કોણ? એનું સ્થળ એકસો દશ યોજન દૂર છે. ચાલીને જાય અને લઈને આવે તેટલામાં તો બાળક ખતમ થઈ જાય! ખૂબી એ છે કે જેને વ્રત છે (સર્પ કરડયો છે તેનો બાપ) તેની પાસે ધર્મના યોગે આકાશગામિની વિદ્યા છે. આમ છતાં પ્રશ્ન છે કે, **ઔષધ લાવે કોણ?**

આવા આગ્રહમાં કારણરૂપ દયા છે કે મોહ?

તમને થશે, એવો પ્રશ્ન કેમ? એ જ પ્રશ્ન છે. એની પાસે ભલે આકાશગામિની વિદ્યા છે પણ સો જોજનથી આગળ ન વધવાનું એને યાવજ્જીવને માટે વ્રત છે, તેથી એ જવા તૈયાર નથી. એનો બાપ એને કહે છે, 'તારી પાસે વિદ્યા છે, જા! ઔષધિ લઈ આવ. તો આ બાળક બચી જાય!' કેવો પ્રસંગ! પોતાના દિકરાને સાપ કરડયો છે, પોતાની પાસે વિદ્યા છે, ઔષધિ આવે તો પુત્ર બચે તેમ કહેવામાં આવે છે. પોતાનો બાપ તેને જવાનું કહે છે, કેવો કટોકટીનો પ્રસંગ! આટલું છતાં પોતે પોતાના વ્રતને આગળ ધરીને જવાની ના કહે છે. આ એક ગંભીર પ્રસંગ છે. પરિગ્રહ પરિમાણમાં પણ ગંભીર પ્રસંગ આવે. વેપારમાં કમાઈ વધ્યે જતી હોય પરિમાણથી પરિગ્રહ વધતાં ભલે પોતાના તરીકે રાખે નહિ, પણ સ્વાર્થ માટે નહિ કિંતુ પરમાર્થ માટે રાખું તો શો વાંધો?' એવી મનમાં મુંઝવણ થાય. અહીં પણ એવી મુંઝવણ થાય, 'જવામાં શું વાંધો? બીજું કાંઈ નહિ તો જીવની દયા તો ખરી ને!' મુંઝવણ રહ્યા જ કરે કે, 'સો જોજનથી વધારે ન જવાનું વ્રત લીધું, પણ આવા આગાઢ કારણે તેમાં છૂટ હોય કે નહિ? છૂટ ન રાખી હોય તોય પેટામાં આવે કે નહિ? આ છોકરાની દયા માટે વ્રત કરતાં અધિક જવામાં ધર્મ વધે કે ઘટે?'... આવી મુંઝવણ થાય.

માણસનું ગણિત શું કામ લાગે?:—

કેવો સંસારની વિચિત્રતાનો પ્રસંગ! મોટા બે, બાપ અને બાપનો બાપ અખંડ ઉભા છે, અને નાના છોકરાને સાપ કરડયો છે! **માણસનું ગણિત આમાં શું કામ લાગે?** ગણિત સમજો છો ને? જીવનમાં જરા ય વાંધો વિઘ્ન ન આવે, માટે અમે આમ ગોઠવણ કરી દઈએ, એ ગણિત. વાંધાનો સંભવ ઉભો થવાનો હોય તો પહેલાં વાંધો બહુ જીવેલાને ઉભો થાય નાનડિયાને નહિ; એ ગણિત. પ્રેમપાત્રને વાંધો ન આવવા દેવા માટે અમે બરાબર સાવધાન રહીએ પછી એનો વાળ વાંકો કરનાર કોણ છે, એ ગણિત. આવા આવા તો કેઈ ગણિત ધારી મૂકયા હોય છે! પરંતુ **કર્મના ઉદય અને ભાવી ભાવ અર્થાત્ ભવિતવ્યતા એ બધાં ગણિત ખોટાં પાડે છે.** ત્યારે જ કર્મ અને ભવિતવ્યતાની જ્યાં જોહુકમી અને પ્રધાનતા છે, એવા સંસારની દગાખોરી પર વિવેકી માણસ સાવધાન બની જાય છે. વિશ્વાસઘાતી મિત્રના સંસર્ગમાં કદાચ રહેવું પડયું હોય તો જેમ ભય, શંકા અને દુઃખપૂર્વક રહેવાય, એવી રીતે સંસારવાસમાં રહેવું જોઈએ. સંસારને સારભૂત નહિ પણ અસાર, તુચ્છ અને અનાદરણીય લેખાય. તમારા આત્માને પૂછી જુઓ કે,

આજ સુધીમાં તમારા માંડેલા કેટલાં ગણિત ખોટાં પડયાં?

કરી રાખેલી કેટલી ધારણાઓ ધૂળમાં મળી?

સેવેલી કેટલી આશાઓ ફળીભૂત ન થઈ?

હેં! એકેય નહિ? કે ઘણી બધી? તો પછી સંસારવાસ સુખકારી કે દુઃખકારી? જે નોકર તમારું મામુલી ગણિત સાચવે, અને ઘણાં ગણિત પર ચોકડાં પાડે, આછાં ગણિત સાચાં નીવડવા દે, અને કિંમતી ગણિત ખોટાં પાડે, થોડી ધારણાઓ સફળ કરી આપે, ને ઘણી પર ધૂળ ફેરવે એવો નોકર સુખકારી લાગે કે દુઃખકારી? એવા નોકરથી થોડાં કામ મનગમતાં થતાં પણ હોય, છતાં સરવાળે ખેદ રહે કે આનંદ? નિર્ભયતા રહે કે ભયભીતતા? બસ, સંસારમાં પણ એ જ રીતે સમજવાનું છે. **વિવેકી સમજુ આત્માને સંસાર સાથેની દોસ્તી ભયભરેલી લાગે. સંસારનો પત્તો નહિ કયારે દગો દેશે! કયારે ઉંધું મારશે! માટે જ,**

કોની ખાતર ગુણો ગુમાવાય છે?

એવા સંસાર અને સંસારના પદાર્થો ખાતર

માર્ગાનુસારીના ગુણો જતા ન કરે, ગુણોનો ભંગ ન કરે. કહો તો ખરા કે ન્યાય-સંપન્નતા કોની ખાતર ચૂકો છો? પૈસાના કે માનપાનના લોભની ખાતર જને? એટલે ભયજનક સાંસારિક પદાર્થો ખાતર જને? અનુચિત ખર્ચ, અનુચિત સંબંધ, અનુચિત વેશ, —એ બધું એની જ ખાતરને? ઇન્દ્રિયોની ગુલામી અને કામક્રોધાદિ આંતર શત્રુઓના સેવન ભયભર્યા સાંસારિક પદાર્થો માટે જ ને? માતાપિતાની પૂજા-ભક્તિ ચૂકાય છે તે દગાખોર દુન્યવી લાલસાઓ પાછળ જ ને? પરોપકાર, સૌમ્યતા, દીર્ઘદૃષ્ટિ, સરળતા ઇત્યાદિ ગુણો કમાઈ લેવાનું કોણ નથી કરવા દેતું? વિશ્વાસઘાતી સાંસારિક વસ્તુઓ જ ને? **અજ્ઞાન અને મોહમૂઢ દશા હલકા ભવોમાં તો પાળી-પોષીને ઉભી રાખી, પરંતુ ઉચ્ચ માનવ ભવમાં ય જો ઉભી રખાય ત્યારે કમનસીબી અને અધઃપતનની હદ આવી જાય છે!** એ જ બધું ઉંધું.

દિશાપરિમાણ-વ્રતના મહત્ત્વને અનેક દૃષ્ટિબિન્દુથી સમજનારો આ શ્રાવક વ્રત પાળવા માટે કટીબદ્ધ છે; અને પુત્રમોહથી વ્રત તોડવા માટે કોઈપણ હિંસાએ તૈયાર નથી, ત્યારે એ વસ્તુને નહિ સમજનાર એનો બાપ વ્રત ઓળઘી આગળ જવા આગ્રહ કરે છે અને દિકરો ના પાડતાં કહે છે, 'તમે પૌત્ર ઉપર મોહાંધ છો માટે મને વ્રત તોડીને જવાનું કહો છો. અહીં જીવની દયાના કારણે તમારો આગ્રહ નથી, પણ પૌત્રના મોહના કારણે આ આગ્રહ છે.' બાપ આગ્રહ કર્યા કરે છે, 'અરે! આ દિકરો ચાલ્યો જશે!' આ વ્રતધારી તો ના પાડે છે.

સભામાંથી :—અનુકંપા તો ખરી ને?

અનુકંપા કરતાં વ્રતની કક્ષા ઊંચી છે. અનુકંપા ઉપાદેય છે. ઉપાદેય એટલે કર્તવ્ય. અરે! ઔચિત્ય પણ કર્તવ્ય છે. રાજા આવ્યો હોય તો, જો કે એ સુપાત્ર નથી, તેમ રાજા છે એટલે અનુકંપાનું પાત્ર પણ ન ગણાય, છતાં ય તેનો આદર કરી ચાંદીના પાટલે બેસાડવાનું ઔચિત્ય સાચવવું પડે. ઔચિત્ય પણ કર્તવ્ય, અને અનુકંપા કર્તવ્ય

પ્રશ્ન :—અનુકંપામાં ઔદયિકભાવ કે ક્ષાયોપશમિક?

ઔદયિકભાવ અને ક્ષાયોપશમિકભાવ:-

આ શબ્દો મોટા છે, પણ એનો અર્થ સમજવો અઘરો નથી, માટે શબ્દથી ગભરાશો નહિ. સીધી વાત એટલી સમજી રાખો કે આત્મામાં રાગ, દ્વેષ, કામ, ક્રોધ, માન, માયા, લોભ, હર્ષ-શોક, ભય, વગેરે જે લાગણીઓ ઉદ્ભવતી અને ચાલુ રહેતી દેખાય છે, એ બધી મોહનીયકર્મના ઉદયને આભારી છે. આત્માના મૂળ સ્વરૂપમાં કાંઇ એ ભાવો નથી; પરંતુ આત્મામાં Foreign matter પરદેશી તત્ત્વ કર્મ ભળ્યું, એથી રાગ, દ્વેષ વગેરે ભાવો દેખાય છે.

ત્યારે એમ નહિ કહેતા કે,

'તો પછી અમને રાગ, દ્વેષ વગેરે થાય એમાં અમારો વાંક નથી, અમે નાઇલાજ છીએ કેમકે એ તો કર્મના ઉદયે થઇ જાય છે.'

કર્મને ત્રણ રીતે તોડી-ફોડી શકાય :—

આવું બોલશો કે માનશો નહિ; કારણ કે રાગ, દ્વેષાદિ થવામાં કર્મના ઉદય કારણ ખરા, પણ તે ઉદય તાણી લાવેલા ઉદય, અથવા નિયંત્રણમાં નહિ લીધેલા કર્મના ઉદય. ઉદયને તાણવામાં ન આવે, અર્થાત્ ઉદયને જાગવાનું નિમિત્ત આપવામાં ન આવે, તો બચી શકાય. તેમ, ઉદયને નિષ્ફળ કરાય, તો બચાય. એનો અર્થ એ, કે **વૈરાગ્ય, ક્ષમાદિની ભાવનાઓ વગેરેથી (૧) એ કર્મના ઉદયને જાગતા અટકાવી શકાય છે. (૨) જાગેલાને રૂંધી નિષ્ફળ કરી શકાય છે, તેમજ (૩) કર્મના વિપાક-ઉદયને: અટકાવી, પ્રદેશ-ઉદય દ્વારા લુખ્ખે લુખ્ખા ભોગવી રદ કરી શકાય છે.** તાત્પર્ય, એ કર્મોને પ્રયત્ન દ્વારા તોડી-ફોડી શકાય છે. આવું શક્ય ન હોત, તો કોઇનો મોક્ષ જ ન થઇ શકત. કેમકે કર્મો અવશ્ય ઉદય દ્વારા રાગ, દ્વેષ દિ કરાવ્યા જ કરત અને પછી તેના અંગે નવાં નવાં કર્મ બંધાવ્યા જ કરત. માટે એવું નથી; પણ પ્રયત્ન દ્વારા કર્મને તોડીફોડી શકાએ છીએ. (ક્રમશઃ)

—: સૂચના :—

પૂજ્ય મુનિરાજોએ શિરનામાની હેરફેરી જણાવવા કૃપા કરવી, જેથી અંક ગેરવલ્લે જાય નહિ.

[અનુસંધાન પાના ૧૬૪નું ચાલુ]

નારાં સાધનો બહુ થોડાં છે. જીવરૂપી હંસને જો પંચપરમેષ્ઠિ નમસ્કારરૂપી કમળની શ્રેણીમાં લીન બનાવવામાં આવે તો બાહ્ય કોઈ પણ સંયોગમાં અનુપમ શાન્તિ મળી શકે છે. મહાજ્ઞાનિઓ પણ આત્મવિશ્રાંતિ માટે આ મંત્રનું જ ધ્યાન ધરે છે. એ મંત્રના ધ્યાનમાં જીવ પરોવાઈ જાય તો પછી આ એક જ સાધન વિશ્રાન્તિ માટે બસ છે. આ મહામંત્રના ધ્યાનના પ્રતાપે જંગલમાં પણ મંગલ થાય છે. એવા સર્વશ્રેષ્ઠ નવકારમંત્રની પ્રાપ્તિ થયા પછી બીજા તુચ્છ મંત્રો સાધવાની ઇચ્છા નષ્ટ થાય છે.

મનુષ્યોનો ઘણો ખરો વ્યવહાર નમ્રતા-નમસ્કાર આદિથી ઓતપ્રોત છે, બાળકો માતા-પિતાને અને શિક્ષકને નમન કરે છે. નોકરું શેઠને, ગરીબ તવંગરને, એમ દરેક સ્થળે નમનક્રિયા દેખાય છે અને તેથી જ તેઓ પોતાનું ઇષ્ટ સાધી શકે છે. અરિહંત કે પરમેષ્ઠિઓ દ્વારા પણ જો આપણે તેમના વીતરાગતાદિ મહાન ગુણોનો લાભ મેળવવા ઇચ્છતા હોઈએ તો તેમના પ્રત્યે નમ્રતાનો ભાવ કેળવી તેમને વારંવાર નમસ્કાર કરવો જોઈએ. જ્ઞાનિઓ જ્યાં અરિહંતનું મંદિર આદિ હોય તે સ્થાનમાં શ્રાવકોને વસવું યોગ્ય માને છે. કારણ કે જ્યાં અરિહંતનું બિંબ હોય તે સ્થાનમાં સિદ્ધ પરમાત્માનું બિંબ પણ હોય અને એ બન્ને પરમેષ્ઠિના દર્શન માટે આચાર્યોનું આગમન પણ થાય. આચાર્યો આવે એટલે તેમની સાથે ઉપાધ્યાય અને સાધુ ભગવંતો પણ આવે, આ રીતે પાંચે પરમેષ્ઠિનો સમાગમ થાય છે. ઉપરાંત આચાર્ય ભગવંતો દ્વારા જિનવાણીના શ્રવણનો, તેમના અનુભવ જ્ઞાનનો, આરાધનાની પ્રેરણાનો અને આહારાદિ હોવા દ્વારા સુપાત્રદાનનો પણ અપૂર્વ લાભ મળે છે. તે દરેકથી પુણ્યરૂપી શરીર એવું પુષ્ટ થાય છે કે-સંસારમાં જ્યાં સુધી રહેવું પડે ત્યાં સુધી સુખ-શાન્તિ-સમાધિમરણ-સદ્ગતિ-અને આરાધનાની ઊંચામાં ઊંચી સામગ્રી પ્રત્યેક ભવમાં મળ્યા જ કરે છે અને અંતે સર્વથા કર્મનો નાશ થતાં અનંત કાળ માટે શાશ્વત સુખના સ્થાનની પ્રાપ્તિ થાય છે. આ સઘળાયની પાછળ પરમેષ્ઠિ નમસ્કાર એ મુખ્ય કારણ છે. માટે સૌ કોઈએ આ મહાફળ આપનારી પવિત્ર ક્રિયામાં તત્પર બની જવું જોઈએ. × ×

કુંભોજગિરિ:—અત્રે પરમપૂજ્ય સિદ્ધાન્ત મહોદધિ આચાર્ય ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન પ્રશિષ્યરત્ન પૂ૦ મુનિરાજ શ્રી મુક્તિવિજયજી ગણિવરની નિશ્રામાં શ્રી ઉપધાનતપની સુન્દર આરાધના થઇ ઉપધાન શા. સુરતમલ હરજીજી ઓસવાલ, શા રતિલાલ ગેનાજી રાઠોડ, શા૦ તિકમચંદ હિરાચંદજી પોરવાલ તથા શા૦ હિરાચંદ બાલારામ ઢોણેવાડીકર તરફથી કરાવવામાં આવેલ. ઉપધાનમાં કુલ ૨૭૦ ભાઈ-બહેનોએ પ્રવેશ કરેલ. તેમાં લગભગ ૧૩૫ ભાઇ-બહેનો માળા પહેરનાર છે પૂ૦ શ્રી મુક્તિવિજયજી ગણિવરના શિષ્યરત્ન પરમ તપસ્વી પૂ૦ મુનિ શ્રી પ્રભાકરવિજયજી મહારાજે શ્રી પર્યુષણા પર્વમાં માસખમણની તથા કુંભોજગિરિ પર ૩૩ ઉપવાસની પ્રભાવક તપશ્ચર્યા કરી, તેઓશ્રીની આ તપશ્ચર્યાના અનુમોદન અર્થે અષ્ટાહ્નિકા મહોત્સવ તથા શ્રી સિદ્ધચક્રજીનું બૃહત્પૂજન ઉજવાયાં હતાં.

પૂ૦ ગણિવરશ્રીની ભવ્ય દેશનાથી આ વખતે મહારાષ્ટ્રમાં સુંદર ધર્મજાગૃતિ અને ધર્મપ્રભાવના થઈ રહી છે.

—: જલદી નોંધાવી દો. :—

પ્રકાશકીય:—પરમતેજ અરિહંત પરમાત્માના ભક્તને એમની અનેકવિધ વિશિષ્ટતાઓનો અને અસર્વજ્ઞની મહાન ન્યુનતાઓનો સુન્દર ખ્યાલ આવે, તેમજ જૈન દર્શનના તત્ત્વોનાં પરમતેજનો અદ્ભુત બોધ મળે એવું શ્રી લલિતવિસ્તરા ગ્રન્થનું વિસ્તૃત વિવેચન તૈયાર થઇ રહ્યું છે. અર્હદ્ભક્તને એના વિના ચાલી શકે નહિ. કુટુંબ, મિત્રમંડળ વગેરેમાં પણ ખૂબ ઉપયોગી અને આવશ્યક આ ગ્રન્થની કોપીઓ જલદીથી નોંધાવી દેવા અને પહેલા ભાગની દરેક કોપી દીઠ રૂા. ૫) કાર્યાલયે પહોંચતા કરવા વિનંતિ છે.

મુદ્રક : ચંદ્રકાન્ત રતિલાલ શાહ. (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીની ખડકી, માણેકચોક, અમદાવાદ. ત્યાંથી છાપી પ્રસિદ્ધ કર્યું.

દિવ્ય દર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ–૭, અંક–૨૨
બચુભાઇ ચીમનલાલ ઝવેરી મુંબઇ શાખા : ૧૬૭–૬૯, કીકા સ્ટ્રીટ. શનિવાર તા. ૧૪–૨–૧૯૫૯

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**ના વિદ્વાન શિષ્યરત્ન

પૂ. ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.

જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ? (ચાલુ)

કર્મો તોડવાના પ્રયત્ન કયા ?

પ્રયત્ન અનેક પ્રકારના છે.

(૧) પહેલો તો એ અટલ શ્રદ્ધાનો યત્ન, કે આપણા કલ્યાણ માટે રાગ, દ્વેષ, કષાયો નહિ કરવાનું તીર્થંકર ભગવાને ફરમાવ્યું છે, તો કેમ આપણે જિનના સુપુત્ર જિનની આજ્ઞાને માથે ન ચઢાવીએ ? જનની આજ્ઞા બહુ માની, હવે જિનની આજ્ઞા બહુ માનવાના રસ્તે લાગી જઇએ.

(૨) બીજો પ્રયત્ન એ કે આપણને મળેલી મહાકિંમતી બુદ્ધિશક્તિ દ્વારા રાગ–દ્વેષાદિ કષાયોથી નીપજતા ભયભ્રમણ સુધીના ભયંકર અનર્થ વિચારીએ, રાગ–દ્વેષાદિમાં પોષાતી આત્માની માયકાંગલાગીરી પરવશતા, અને ધર્મભ્રષ્ટતા વિચારીએ.

(૩) ત્રીજો પ્રયત્ન એ કે ખુદ તીર્થંકર ભગવાને અનંત બળ છતાં રાગ–દ્વેષાદિ કષાયોને મચક ન આપી, એને ન સેવ્યા, તેમ ચક્રવર્તી–શેઠ–શાહુકારો વગેરે મહાપુરુષોએ જાગ્રત બની રાગ–દ્વેષાદિને દેશવટા દીધા, ઇત્યાદિ વિચારીએ.

(૪) વળી, એ જોઇએ કે આત્માની ખરી સાત્વિકતા રાગ–દ્વેષાદિ તથા કામ–ક્રોધાદિ કષાયોને પગભર રાખવામાં નહિ, કિન્તુ કચરવામાં છે, ને અહીં એ કચરવાનું જેટલું સહેલું છે, એટલું એને પોષવા દ્વારા દીર્ઘાતિદીર્ઘ કાળ સુધી એના દુઃખદ પરિણામ ભોગવવા કઠીન છે. ક્રોધ દિ ન કરવા જતાં કદાચ અહીં બાહ્ય નુકશાન થાય તો તે મામુલી છે, પણ ક્રોધાદિ કરીને નીપજતા આત્મનુકશાન ભયંકર છે.

(૫) વળી, આ બધું માત્ર જોવા–વિચારવાનું જ નહિ, પણ એ કષાયોને પ્રસંગ આવ્યે આવ્યે અંકુશમાં લેવાના, ને એને ઓછા ઓછા કરતા જવાના ઉદ્યમમાં રહીએ. ત્યારે પ્રસંગ કયાં નથી આવતા ? જીવનમાં ડગલે ને પગલે રાગ, દ્વેષ, ગુસ્સો, ગુમાન વગેરે કરવાના પ્રસંગ ઊભા થયે જ જાય છે. એવા અવસરે સાવધાન રહીએ, ને જોઇએ કે–'એને દાબવાના પ્રસંગ જ આ છે, માટે અત્યારે જ એને દાબું; એને ન સેવું. રાગના પ્રસંગમાં જ વિરાગ, દ્વેષના પ્રસંગમાં જ ઉપશમ–સમતાભાવ, ક્રોધના પ્રસંગમાં જ ક્ષમા, ગર્વના અવસરે જ નમ્રતા... વગેરે રાખું.'

...આવા બધા પ્રયત્ન કરવા દ્વારા એ કર્મોને તોડી–ફોડી શકાય છે, અને વિરાગ, ઉપશમ, ક્ષમા, નમ્રતા, વગેરે સિદ્ધ કરી શકાય છે.

બસ, તો એ આવ્યું કે રાગ–દ્વેષ, કામ, ક્રોધ, લોભ વગેરે લાગણીઓ એ કર્મના ઉદયથી થતા ભાવ છે, અર્થાત્ ઔદયિકભાવ છે, અને વિરાગ, ઉપશમ, બ્રહ્મચર્ય, ક્ષમા વગેરે ભાવ એ કર્મના

તૂટવા-ફૂટવાથી જન્મતા ભાવ છે, અર્થાત્ ક્ષાયોપશમિકભાવ છે.

હવે અહીં એ પ્રશ્ન કરવામાં આવ્યો છે કે અનુકંપા એ ઔદયિકભાવની વસ્તુ છે કે ક્ષાયોપશમભાવની? અર્થાત્ અનુકંપાને કોણ પ્રેરે છે, રાગાદિ ભાવ કે વૈરાગ્યાદિ ભાવ?

આ પ્રશ્ન ઉઠવો સહજ છે. કેમકે માણસની દેખીતી ધર્મપ્રવૃત્તિ પણ કેટલીકવાર રાગાદિભાવથી થતી હોય છે; અને કયારેક સાંસારિક પ્રવૃત્તિ પણ વિરાગભાવથી થતી હોય એવું બને છે. દાખલા તરીકે, નવપદજી મહારાજની આંબેલની ઓળીનો તપધર્મ કર્યો; પણ જો એ ઉદ્દેશથી કર્યો કે એનાથી સારા પૈસા મળે, પુત્ર મળે, વગેરે; તો ત્યાં પૈસા-પુત્ર વગેરેના રાગ અને લોભથી પ્રેરાઇને તે ધર્મ કર્યો ગણાય. માટે તે ઔદયિક-ભાવથી ધર્મ કર્યો ગણાય. એમ, દાન કર્યું પણ માન જાળવવા અગર લેવા માટે, કે કીર્તિ વધારવા માટે, તો એ પણ અભિમાન, યા લોભથી પ્રેરાઇને કર્યું.

એના બદલે જો એ તપ કે દાન કેવળ ધર્મશ્રદ્ધાથી કર્યું, તો ધર્મશ્રદ્ધા એ મિથ્યાત્વકર્મના ક્ષયોપશમથી થનારો ભાવ, અર્થાત્ ક્ષાયોપશમિકભાવ હોવાથી, તપ કે દાન ક્ષાયોપશમિકભાવથી પ્રેરાઇને થયું ગણાય એમ કર્મક્ષયના હેતુથી અગર જિનાજ્ઞાપાલનના ઉદ્દેશથી ધર્મ કરાય; તેમાં પણ એ ઉદ્દેશ મોહનીય કર્મના ક્ષયોપશમથી પ્રગટતો હોઇને, ધર્મ ક્ષાયોપશમિક ભાવથી પ્રેરિત ગણાય.

ત્યારે, અનુકંપાનું સેવન થાય એમાં પણ એકાંત નથી. એ ય દુન્યવી માનપાનાદિ સ્વાર્થથી અર્થાત્ ઔદયિકભાવથી થાય અને ધર્મબુદ્ધિ અને ક્ષાયોપશમિકભાવથી ય થઈ શકે. ઔદયિકભાવ તો પાપ-સ્થાનક તરફ લઇ જાય. પાપથી પાછા હઠવામાં, ને ધર્મ કરવામાં કારણ ક્ષાયોપશમિક-ભાવ છે. તેના યોગે તેમ થાય. એમાં જરા સમજવાનું છે. ક્રોધ કરવામાંથી પાછો હટે અને ક્ષમા રાખે તે ક્ષાયોપશમિક ભાવે બને ખરું, પણ જો માર ખાવો પડે માટે, કે પોતાનું માન જાળવવા-વધારવા પાછો હટયો હોય, તો ત્યાં ઔદયિક ભાવ છે. **ઔદયિકભાવના ધર્મમાં એકના ખોળામાંથી ઉઠી બીજાના ખોળામાં બેસાય છે; ક્રોધથી ખસ્યો તો માન પાસે ગયો! 'હું ક્ષમાશીલ કહેવાઉ.' ત્યાં ઔદયિક ભાવ છે. અઢાર પાપસ્થાનકના કિલ્લાઓ એવી રીતે ગોઠવાયા છે કે સાવધાન ન હોય તે એકમાંથી નિકળીને તે બીજામાં ફસાય! આમાંથી કોઈ ભાગ્યવંત જ બચે. અનુકંપા સમકિતનું લક્ષણ છે, સમ્યક્ત્વનો ગુણ છે, ઉપાદેય છે.**

ધર્મની અવહેલનાની કલ્પિત કલ્પનામાં આત્માની અધીરાઈ છે : નબળાઈ છેઃ—

બાપ (પિતામહ) પોતાના પુત્રને આગ્રહ કરે છે પણ આ કહે છે, 'એ નહિ બને!' એને પોતાના પુત્ર તરફ શું પ્રેમ, દયા નથી? એવું નથી, પણ વ્રતના મૂલ્યને એ સમજે છે. એ કહે છે, 'માનો કે વ્રત ઉલ્લંઘીને હું જઉં તો પણ પાછો આવું ત્યાં સુધી આ જીવે કે નહિ તે કોને ખબર? અને વ્રત તો નક્કી ભાંગે જ! માટે હું વ્રત તો નહિ તોડું.'

પ્ર૦—આમ કરવાથી ધર્મની અવહેલનાનો પ્રસંગ આવે કે નહિ? જો ધર્મની, વ્રતાદિ પાલનની સાચી ધગશ હોય તો એવા અવસરે ધર્મ પોતે સહાય કરે છે. એ તો આપણી અધીરાઇ છે કે ધર્મની અવહેલનાની કલ્પના આવે છે. આવી કલ્પના કરી હોત તો મયણાએ ધર્મની પ્રભાવના કરી ન હોત. પોતાના હાથે અકાર્ય થાય તો ધર્મની અવહેલના થાય. એક બાજુ ધર્મ કરે અને બીજી તરફ અકાર્ય કરે તો ધર્મ નિંદાય.

જે કાંઈ કરવાનું તે કક્ષામાં રહીને : કક્ષાના ભંગથી નહિઃ—

અહીં તો કસોટીમાં, પરીક્ષામાં મક્કમ રહે છે, એ વાત છે. દયા કરવાની ખરી પણ વ્રતની કક્ષામાં રહીને. સાધુ માટે પણ એજ નિયમ; એ સર્વવિરતિની કક્ષામાં રહીને જ બધું કરે. સાધુ ભક્તને ત્યાં ગોચરી ગયેલ હોય, ગોચરી અશુદ્ધ હોય તો ભક્તને ચોધાર આંસુએ રડતો મૂકીને સાધુ પાછા ફરે ને? ભક્ત ગમે તેવો આગ્રહ કરે તો પણ, તેની દયા ખાતર પણ સાધુ અશુદ્ધ ગોચરી ન જ લે.

જીરણ શેઠનું દૃષ્ટાન્ત વિચારોઃ—

એમની તે વખતની ભાવના કેવી? મહિના-

ઓથી તેમની ભાવના ચાલુ હતી; એમાં ભગવાને પારણું કર્યું તે દિવસે એ શેઠની ભાવના એટલી હદે પહોંચી હતી, એટલી ધ્યાનની શ્રેણિએ આગળ વધતી હતી કે જો દેવદુંદુભિ ન સંભળાઇ હોત તો કેવળજ્ઞાન થાત. ભાવનાની શ્રેણિએ એવા ચડતા હતા કે પ્રથમ દેવલોક, બીજો દેવલોક એમ ગતિ પરત્વે વધાતું ગયું, બારમા દેવલોકને યોગ્ય સ્થિતિ ઉપસ્થિત થઇ, ત્યાં એ શેઠે દુંદુભિ સાંભળી. 'ભગવાને પારણું (બીજે) કર્યું !' એવો ધ્રાસકો પડયો, ભાવનાની ધારા અટકી, આથી કેવળજ્ઞાન અટકયું, અને એમણે બારમા દેવલોકનું આયુષ્ય ત્યાં બાંધ્યું. જીરણ શેઠ ચાર ચાર મહિનાથી ભાવના ભાવતા હતા તે તથા પારણું કર્યું તે દિવસની ભાવનાની ધારા ભગવાન નહોતા જાણતા ? એ વખતે યદ્યપિ ભગવાન છદ્મસ્થ હતા પણ એમને અવધિજ્ઞાન તથા મનઃપર્યવજ્ઞાન તો હતું ને ? એમનું અવધિજ્ઞાન એટલે ? દેવતા જેવાઓ પોતાને સાંપડેલા અવધિજ્ઞાનથી ભૂત, ભવિષ્ય વગેરે જાણે તો ભગવાન જીરણ શેઠનું ભાવિ તથા તેની ભાવના ન જાણે ? ભગવાને આ જાણવા છતાં અભિનવ શેઠને ત્યાં પારણું કર્યું. જે કાંઇ કરવાનું તે કક્ષામાં રહીને. કક્ષાનો ભંગ કરીને નહિ. ભગવાન કેમ જીરણ શેઠને ત્યાં ન પધાર્યા એ આપણે નથી જાણતા; પરંતુ એટલું તો જાણીએ જ છીએ કે આપણે ધારીએ છીએ તેવી જીરણ શેઠની દયા પ્રભુએ ન કરી.

કુમારપાલની મક્કમતા કેવી ! ત્રસને તો અભયદાન જ !

કુમારપાલે એક બોકડાના વધને પ્રસંગે, 'હું એક રાજા છું, હું જીવતો રહીશ તો ઘણો ય ધર્મ કરીશ,' શું એવી કલ્પના પણ કરી ? 'હું રાજા છું, ધર્મની પ્રભાવના, જીવતો હોઇશ તો કરીશ, મારા જેવી પ્રભાવના કોણ કરવાનું ?' આવું વિચાર્યું ? ના, એમણે તો પોતાનું વ્રત, પોતાનો ધર્મ સંભાળ્યો. એમાં એમનું અભિમાન નથી, વસ્તુસ્થિતિ છે. એમ તો એમના જેવી પ્રભાવના કરવાની બીજાની ગુંજાયશ નહોતી, આટલું છતાં કેવા મક્કમ ? એમના જેવી પ્રભાવનાની તે કાળે હરીફાઇ કોઇ કરી શકે તેમ નથી, એમ ખુદ ગુરુ પણ જાણે છે, એમણે એવી પ્રભાવનાની વિચારણા ન કરી. એમણે તો એક જ વાત રાખી 'વ્રત તે વ્રત ! ત્રસને તો અભયદાન જ, ભલે મારા પ્રાણ જાય.' દેવીએ ત્રિશુલ માર્યું, ભયંકર કોઢ રોગ અને પીડા થઇ, પણ બોકડાનો વધ નહિ તે નહિ જ. 'ધર્મ નિંદાશે તો ?' એ વિચાર એમણે આ રીતે ન કર્યો. ત્યાં તો તેવો પ્રસંગ હતો, બીજે દિવસે રાજાને રોગી બનેલો જોતાં લોકો બોલે, 'જોયું ! દેવીનો વધ અટકાવ્યો, દયા દયા કરી તો કેવું પરિણામ આવ્યું. રોગી થયો !' એમણે તો ધર્મ ન નિંદાય તેને અંગે પણ વિચાર કરી રાખ્યો હતો, કે રાત્રે જ ચિતામાં ખતમ થઇ જવું, કોઇને પત્તો જ ન લાગે કે કુમારપાલને શું થયું અને શાથી મર્યા ! ધર્મની નિંદા ટાળવા બીજો માર્ગ જરૂર વિચારાય પણ કક્ષા બહાર તો ન જ જવાય.

અડગતાનો મહિમા: શાસનદેવી હાજર:-

પેલો પરદેશી ઉભો છે, બાપ આગ્રહ કરે છે, 'શા માટે છોકરાને ગુમાવે છે ? વસ્તુ છે, વિદ્યા છે, આને બચાવવામાં ધર્મ છે, વ્રત પણ ધર્મ માટે છે ને ?' પણ વ્રતધારી ધીરતામાંથી લેશ પણ ડગતો નથી. બધાની ધીરજ ખૂટે તે પહેલાં, આ વ્રતમાં અડગ આત્માની ધીરતા જોઇને શાસનદેવી પ્રગટ થાય છે અને બધાને સંભળાવે છે, "શા માટે વ્યર્થ માથાફોડ કરો છો ?" વ્રત ટેકી તરફ નિર્દેશ કરી દેવી કહે છે: "આ મહાન્ ધર્મવીર છે, એના હાથનું માત્ર પાણી આ બાળકને છાંટશો કે તે તરત બેઠો થશે, જીવશે." વિચારો, સર્વવિરતિની તાકાત કેળવવા માટે આની તૈયારી કેટલી ? જેના ધર્મને જોઇ પ્રસન્ન થઇ દેવ જેને આકાશગામિની વિદ્યા આપે, એનું બલ કેટલું ! તરત જ ત્યાં એના હાથનું પાણી છંટાવવામાં આવે છે. છોકરો જીવતો થાય છે, સાપનું ઝેર ઉતરી જાય છે. વિચારો કે કેવી પ્રભાવના થઇ હશે ! આ એક ગંભીર વિચાર છે. વ્રતમાં ધીરતા ન હોય તો આ પ્રસંગે ઝટ એમ થાય, 'આવા પ્રસંગે વ્રતના ઠેકાને પકડી રાખી શું અનર્થ થવા દેવો ?' પ્રથમ એ વિચારવાનું છે કે આવી શકિત બહુ ઓછાની હોય છે. આકાશગામિની વિદ્યા માટે તો હજી કલ્પના પણ થાય કે તે વડે

તરત જવાય અને તરત વસ્તુ લઇને આવાય; પણ આજની મામુલી શક્તિ–સામગ્રીમાં તો કાર્યસિદ્ધિનો શો નિર્ણય? ત્યારે આપણા મનમાન્યા ઓઠા નીચે વ્રત ગુમ થાય એ નકકી. હાં, વ્રતરક્ષાની સામે કોઇ મોટું કારણ ઉભું થયું હોય તો એને પહેલું જોવું પડે; પણ ત્યાં તો વ્રતના આલાવામાં 'મહત્તરાગારેણં' નો અપવાદ બચાવ આપે છે, ને વ્રત ભાંગતું નથી.

પરિગ્રહનું મહત્ત્વ આંકવું એ સાધુને પણ આર્તધ્યાન કરાવે:—

પરિગ્રહમાં પણ આવો વિચાર આવે કે–'પરમાર્થ કર્યો ને!'

પરમાર્થ કર્યો એ વાત ખરી, પરમાર્થ એ પરમાર્થ, પણ પરમાર્થ કર્યા પહેલાં

પરિગ્રહ પોતાની હકુમતમાં રાખ્યો કે નહિ?
પરિગ્રહ પર રાગ થયો કે નહિ?
પરિગ્રહની કિંમત અંકાણી કે નહિ?

આ રીતે અંતરમાં પરિગ્રહ પર મહત્ત્વ રખાય તેનો ધર્મ કેટલો બળવાન બને? ધર્મ કર્યા કરે અને પરિગ્રહમાં મૂર્ચ્છા રાખે, તેને પોષે, એ ચારિત્ર સુધી પહોંચે? શાસ્ત્રમાં કહ્યું છે, 'ચારિત્રથી ઘણો લાભ છે, માટે ઓઘદૃષ્ટિએ કદી એ ચારિત્ર લે, પણ પરિગ્રહના રાગને નામશેષ ન કરે તો એ અહીં આવીને પણ કયારેક આર્તધ્યાન કરશે;' વિચારશે: 'આપણી સભામાં કોઇ આવતું નથી. પૈસાદાર કોઇ દેખાતો નથી' વગેરે.

શુભ પરિણામ ટકાવવા કેમ કઠીન?:—

હૃદયના શુભ પરિણામ ટકાવી રાખવામાં બહુ મુશીબતી છે. એનું કારણ છે, એક તો મન બહુ ચંચળ છે, અને બીજું, આત્મામાં ઊંડે ઊંડે પાપવાસના બેઠી હોય છે તેની કેટલીક વાર પોતાને ય ખબર નથી પડતી, 'પરિગ્રહ સારો છે. ધન કિંમતી છે, એ પણ જરૂરી તો છે જ' આવી વાસના એ પાપવાસના છે. એના ઉપર મન કેઈ કેઇ પાપવિચારોમાં ચઢી જાય છે, અને હૃદયને અશુભ ભાવોમાં તાણી જાય છે. સાધુ દીક્ષા લેવા છતાં જો એ વિચારસરણીને વશ થવાયું તો મન કહેશે, 'ભાઇ આપણે સાધુ થયા એટલે પૈસા છોડયા, પણ, પણ મહત્ત્વને કાંઇ એના વિના ચોટું જ ચાલે છે? ત્યારે ધર્મના કામ પણ પૈસાવાળા જ કરી શકે છે ને!' આમ મનનો ઝોક પૈસાના મહત્ત્વ ઉપર ઢળે છે, અને પૈસાદાર તરફ મીઠી નજર રખાવે છે. અલબત્ત સાધુએ તો જગતના જીવ માત્ર પ્રત્યે મીઠી નજર રાખવાની છે, અર્થાત્ મૈત્રીભાવ રાખવાનો છે; પરંતુ અહીં તો એ વસ્તુ છે કે ગરીબ પર નહિ, ને પૈસાદાર પર મીઠી નજર જે રહે, તે ખતરનાક છે. ખરી રીતે તો શું ગરીબ કે શું ધનવાન, કોઇની પણ ધર્મ–સાધનાની અનુમોદના કરાય; બાકી તો પરિગ્રહ પાપના ભાર નીચે દબેલાની તો ભાવદયા ચિંતવવાની હોય કે–'**આ બિચારા જીવનું આટલી પરિગ્રહપાપની પરવશતામાં શું થશે! કેમ એને એ પાપથી છોડાવું!**' ભાવનાની શુદ્ધિ જાળવવી એ રાધાવેધ સાધવા જેવું કાર્ય છે. એમાં વિવેક જ્વલંત જાગતો રહેવો જોઇએ. ધ્યાનમાં રાખવાનું છે કે અમુક શૈલીથી વિચારણા કરવામાં પાપનું પોષણ થાય છે, અને એના બદલે ડહાપણથી વિચારણા કરવામાં ધર્મનું પોષાય થાય છે. **ધર્મપોષક વિચારસરણી માટે આત્માના ઊંડાણમાં ધાર્મિક વલણની આવશ્યકતા રહે છે.** માટે પહેલું કામ આ કરો કે આપણા આત્માના અનાદિના ચાલી આવતા **પાપવલણને સુધારો, ધર્મવલણને ઉભા કરો.** તેમજ, એ ઉભા કરેલા ધાર્મિક પવિત્ર વલણને ટકાવવા માટે તેવી તેવી શુભ ભાવનાઓનું બળ રાખો; શુભ ભાવનાઓના પ્રવાહ મનમાં વહેતા રાખો. પ્રસંગ હોય યા ન હોય, પણ પોતાને નડતી દુર્ભાવનાઓ અને કુવિચારોનો નાશ કરે એવી શુભ ભાવનાઓનો ધોધ વરસવો જોઇએ. પૂર્વના મહાપુરુષોના એવા ઉત્તમ પુરુષાર્થ, ઉત્તમ વિચારસરણી, વગેરેના ખૂબ ખૂબ ભીનાં સ્મરણ રાખ્યા કરો. પાપસામગ્રી, પાપકરણી ને પાપવિચારસરણીના ભયંકર અનર્થ, એમાંથી બચવા માટે મળેલી આ માનવજીવનની ઉત્તમ તક, ઉત્તમ ધર્મશાસનના ઊંચા મહત્ત્વ, વગેરે અંગેની શુભ ભાવનાઓ, ને શુભવિચારણાઓ નિરંતર મનમાં વહેતી રહે તો જરૂર બચાવ થાય.

દિક્‌પરિમાણવ્રત અને રેડિયો કે છાપા?

દિક્‌પરિમાણ-વ્રત શા માટે? દિશાઓનું પરિ-

માણુ શા માટે ? બહાર વધારે જનાર આવનારને ભિન્ન ભિન્ન મનુષ્યો, દેખાવો, રિવાજો, મોજશોખો નજરે પડે, નિહાળાય એટલે આ આત્મામાં છૂપાયેલા, સૂતેલા પાપના સંસ્કારો તાજા થાય. દિગ્પરિમાણુ-વ્રતથી આ અટકે આ ગુણવ્રતનો પ્રથમ લાભ તો આ. બીજો લાભ ત્યાંના યોગે થતા પાપ અટકે છે. ખુલ્લું હોત તો ત્યાં પણ પરિગ્રહ, આરંભ, સમારંભના પાપ કરત. આ પાપ પર કાપ આ વ્રતે મૂકયો. વ્રત અતિ કડક પાળવું હોય, છટકબારી-છૂટછાટવાળું નહિ, તો પરિમાણુની બહારના પ્રદેશ સાથે વ્યાપાર પણ શા માટે કરે ? કાગળ પત્રનો વ્યવહાર પણ શું કામ કરે ? વ્યવસ્થિત રીતે છૂટ રાખી હોય તો વાત જુદી. છૂટમાં ય વધારે પડતી છૂટ ભોગવે તો વ્રત-ભંગ સુધી પહોંચી જવાય.

પ્ર૦—આજના જમાનામાં આવા કડક વ્રતમાં, પરિમાણુના પ્રદેશથી બહારના પ્રદેશના સમાચાર વર્તમાનપત્ર કે રેડિઓથી વંચાય ? સંભળાય ?

આ વ્રતની વાત કયાં કરો છો, માર્ગાનુસારીના ગુણમાં પણ એમ છે કે, અયોગ્ય દેશ કે અયોગ્ય કાલમાં ન ફરવું. અયોગ્ય દેશ-કાળના સમાચાર પ્રગટ કરતું છાપું વાંચવું કે તે માટે રેડિઓ સાંભળવો એ પ્રકારાંતરે અયોગ્ય દેશકાલમાં ફરવા જેવું છે. નથી ને છાપામાં વાંચ્યું કે રેડિઓમાં સાંભળ્યું, 'અમેરિકામાં નવી શોધ થઇ છે, એવાં નાનાં એરોપ્લેન નીકળ્યાં છે કે ઘરે ઘરે ગોઠવાય, અગાશીમાં રહી શકે;' તો પરિમાણુ એ આવશે કે પોતે છે અહીં, પણ સમાચાર દ્વારા અમેરિકામાં પેઠો. માર્ગાનુસારીનો જણાવાયો તે ગુણનો જેને ભારે ખપ હોય તે તો આ રીતે સંદેશા ન વાંચે, ન સાંભળે.

ચોથાથી પાંચમો સારો, કઇ રીતે ? :—

જ્યાં જવાથી આર્ય સંસ્કૃતિની મર્યાદા તૂટે તે દેશ પણ અયોગ્ય, તે કાળ પણ અયોગ્ય. કોઇને થાય, 'ત્યારે શું અફીણ ફાકી લેવું ?' ના, એમ નથી. સારા સમાજોમાં, સારા કુલોમાં આજ પણ સારો કાળ છે. કાળ એનો એ પણ તેના બે વિભાગ. હુંડા વસર્પિણીનો આ પાંચમો આરો અવસરે જેમ ચોથાથી સારો છે તેમ અવસરે છઠ્ઠાથી ભૂંડો પણ છે. સુષમાથી દુષમા સારો એ સાંભળ્યું હોયને ચોથાથી સારો એ તો બેસશે પણ છઠ્ઠાથી ખરાબ શી રીતે ? ચોથા આરામાં જીવો ઉચ્ચ કોટિના હતા, મર્યાદાનું પાલન હતું, ધર્મ-સામગ્રી વિપુલ હતી, પણ હું ત્યારે ત્યાં નહોતો અથવા ધર્મ સમજ્યો નહોતો તો મારે તે આરો શા કામનો ? મારે આ પાંચમો સારો કે જેમાં ધર્મ પામ્યો. ભલે આજે સમોસરણ જોવા ન મળે, સાક્ષાત્ પરમાત્માના દર્શન ન થાય તે વાત ખરી; પણ તે કાલમાં કદાચ પ્રભુના સાક્ષાત્ દર્શન થયા હશે તો ય તિરસ્કાર કર્યો હશે જ્યારે આજે સ્થાપનાના દર્શનથી આત્મા ઉલ્લસે છે, એ ચોથામાં લક્ષ્મી, વિભૂતિ ઘણી મળી હશે પણ તેથી માનપાનમાં, ઠકુરાઇમાં, અઢાર પાપ-સ્થાનકમાં ખૂબ મહાલ્યો હશે, આજે અલ્પ મળ્યું છે પણ એનાથી ધર્મની સેવા થાય છે માટે ચોથાથી પાંચમો આરો સારો.

आमचा देव तसा नाहि :—

ચોથાથી આ રીતે સારો થનારો એ જ પાંચમો આરો અવસરે છઠ્ઠાથી ભૂંડો થઇ જાય. શી રીતે ? છઠ્ઠા આરામાં ધર્મની સામગ્રી નથી, કેવળ કર્મની સામગ્રી છે. ત્યાં ધર્મ ન કરાય એ ખરું પણ ધર્મની અવગણના ન થાય. પાંચમા આરામાં ધર્મની સામગ્રી છે એટલે ધર્મ થાય પણ આત્મા જો:ભાનભૂલો બને તો ધર્મની અવગણના કરનારો પણ થાય.

છઠ્ઠા આરામાં એ નહિ બને. દક્ષિણ દેશમાં વિહાર કરતાં, જન્મે જૈન નહિ, જાતિએ જૈન નહિ, એવા અજાણ્યા માણસો રસ્તામાં મળે, અમે માર્ગ પૂછીએ, **या मार्ग** કહી એ માર્ગ ચીંધે, અમે કહીએ, 'એ તો વનસ્પતિમય માર્ગ છે, એ માર્ગે અમારાથી ન જવાય,' એ પૂછે, 'એમાં શું ?' પછી અમે અમારાં વ્રતો સમજાવી કહીએ કે-'આથી અમે વનસ્પતિને અડી પણ ન શકીએ;' એ લોકો મોંમાં આંગળાં નાખે.

ગુરુ કેવા હોવા જોઇએ, એ માટે સાધુનું વર્ણન સાંભળતાં એ કહે છે, **'असा तो आमचा देव नाहि'** અર્થાત્ અમારા દેવ તેવા નથી, જેવા તમારા ગુરુ છે. એને જૈન દર્શન પર, જૈનના ગુરુતત્ત્વ પર બહુમાન થયું એટલે એનાથી બોલ્યા વિના ન રહેવાય.

પાંચમો અવસરે છઠ્ઠાથી ભૂંડો કઇ રીતે ? :—

જ્યારે આજે જૈનો માટે જે સ્થિતિ છે તે તરફ જઇએ. એ સ્થિતિમાં થોડા ઘણા અંશે સાધુનો પણ પ્રમાદ હશે. 'પાલીતાણા, અમદાવાદ, પાટણ જેવા શહેરોમાં બહુ સાધુ-સાધ્વી રહે છે,' એમ કહેવાય છે ને? એ વચન આદરનું કે અવગણનાનું? શહેરમાં કઇ સ્થિતિ? સાધુ મહારાજ ઘરે પધાર્યા હોય ત્યારે શેઠ ખુરશી પર બેઠા હોય પણ ત્યાંથી ઉઠવાની એમને પુરસદ નહિ, હાથ જોડવાનો વિવેક નહિ. 'ઠીક છે, મહારાજ આવ્યા છે, વગર નોતરે આવ્યા છે,' એમ ધારી, સુખશાતા પૂછવાની તકે પુરસદ નહિ, વહોરાવવાનો વિવેક નહિ, કહી દે રસોઇયા ભણી, ધૂમ મારી દે, 'મહારાજ! મહારાજને વહોરાવજો!' બેય મહારાજ! હજી 'મહારાજ સાહેબને વહોરાવજો' એમ કહ્યું હોત તો ફેર પડત. કહો, આમાં ધર્મ-સામગ્રીનો આદર કર્યો કે અવગણના? દાન દેવરાવ્યું ત્રાહિત પાસે, રસોઇયા પાસે જેને સાધુની મહત્તાનો ખ્યાલ નથી, અને કયાંથી હોય? શેઠને નથી, એવું તો નજરે નિહાળે છે! 'મહારાજ! મહારાજને વહોરાવજો!' આ આધારે એ એમ માને છે કે એને એના શેઠ પેલા મહારાજ જેવો ગણે છે, એટલે એ દાન દે તો યે આદરથી નહિ. કોઇ ચીજ અમુક ઘરથી મળે એવી હોય, ચીજની જરૂર તો હોય તો મુનિ ત્યાં લેવા જાય, લીધા વિના ન ફરે પણ દશ્ય એવું થાય છે કે, બે પાંચ મિનીટ ખોટી થવું પડે. શેઠે મુનિનો આદર કર્યો કે અવગણના? પાંચમો અવસરે છઠ્ઠા થી ભૂંડો આ રીતે. છઠ્ઠામાં કેવળ પાપ કરનારો અને પાંચમામાં ધર્મની અવગણના કરનારો, એ બેમાં ભયંકર કોણ? હાથમાં કેવી ઉત્તમ ચીજ આવી, એનું મૂલ્ય કેવું કોડીનું કર્યું! આમ શાથી? ભૂતકાળમાં આવા ધંધા કર્યા હશે. ઘણા વર્ષોથી ધર્મનો આટઆટલો પરિચય છતાં, 'પરિગ્રહ એ પાપ છે, ઝેરી પુંફાડા છે,' એ વાત જચતી નથી એના અનેક કારણોમાં એક એ પણ કારણ છે કે પૂર્વે ધર્મનો આદર કરવાને બદલે અનાદર કર્યો હશે. દેવ, ગુરૂ તથા ધર્મના સ્થાને કુટુંબ, કંચન તથા કાયાને ગણ્યા હશે (કુટુંબમાં કામિની આવી ગઇ), અર્થાત્ દેવ, ગુરૂ તથા ધર્મનો આદર કરવાને બદલે ત્રણ કક્ષાનો (કહ્યા તે કુટુંબ-કંચન-કાયાનો) આદર કર્યો હશે, વધારે આદર કર્યો હશે. એ રીતે દેવ, ગુરુ અને ધર્મનો અનાદર કર્યો હશે પૂર્વે કરેલો ત્રણ કક્ષાના આદરનો સંસ્કાર અહીં ગળચીથી પકડે છે, એ ત્રણ કક્ષાનો જ આદર કરાવે છે અને દેવ, ગુરુ તથા ધર્મનો અનાદર કરાવે છે. છઠ્ઠા આરાવાળો જીવ ધર્મ નહિ કરે પણ ધર્મની અવગણના નહિ કરે. આ રીતે પાંચમો આરો છઠ્ઠાથી અવસરે ભૂંડો, એ હરગીજ ન ભૂલો.

અવિવેકી ધર્મસામગ્રીને કર્મ સામગ્રી બનાવે:-

તરવારની ધાર પર ચાલવું મુશ્કેલ છે તેવું પાંચમા આરામાં જીવવું મુશ્કેલ છે. કોઇક જ જોઇશે. કોઇક હોય તો સર્વવિરતિ લે અને નિર્ધાર કરે, 'બાવીશ પરીસહ સામટા આવે તો યે શું! પરવા નહિ!' તે તાકાત ન હોય તો સંસારમાં રહ્યો ય કરે શું? જે વીતરાગના શાસનને પામ્યો તેની પાસે એવો કીમીઓ છે કે કર્મસામગ્રીને ધર્મસામગ્રી બનાવી દે. જેને આ શાસન સ્પર્શ્યું નથી, આ શાસનની દૃષ્ટિમાં જેની દૃષ્ટિ મળી નથી તે જીવ પ્રત્યેક ધર્મસામગ્રીને કર્મસામગ્રી બનાવશે. એક દાખલો સમજો. એક માણસ અહીં રહેતો હોય, પણ દૂર રહેતો હોય, સાધુ પાસે આવતો ન હોય ત્યાં સુધી તો માને, 'આપણે ધર્મ નથી કરતા, સાધુઓ ધર્મ કરે છે, એ બધા પૂજ્ય,' પણ આવતો થાય, જરાક સુગુરુ કુગુરુના વિષયમાં ઉતરે, પછી અમુક સુગુરુની પ્રશંસા કરશે, ને બીજા સુગુરુની નિંદામાં ઉતરશે! સુગુરુ ઉત્કૃષ્ટ કોટિના હોય એ ખરૂં પણ બધા સરખા સામર્થ્યવાળા ન હોય, નીચી કક્ષામાં શાસ્ત્રે કર્યા સુધી સાધુપણું કહ્યું, એ વિવેક હોય તો તો પંચાતમાં નહિ પડે; એ વિવેક ન હોય તો નિંદામાં ઉતરવાનો!

(ક્રમશઃ)

-: શાસન પ્રભાવના અને સમાચાર :-

મુંબાઇ:-પરમ પૂજ્ય પન્યાસજી મહારાજ સાહેબ કનકવિજયજી ગણીવર આદિ મુનિવરો તથા પૂ૦ સાધ્વીજી મહારાજ શ્રી દર્શનશ્રીજી આદિની નિશ્રામાં અત્રે લાલબાગથી ચતુર્વિધ સંઘ સાથે છ'રી પાળતો શ્રી અગાસી તીર્થનો સંઘ, પાદરલી નિવાસી શેઠ હજારીમલજી સેરાજીએ લગભગ આઠસો માણસોને

કાઢયો હતો, અને અત્રેથી પોષ સુદ ૬ ના પ્રભાતે વાજતે ગાજતે પ્રયાણ કરી ભાયખલા, લાલવાડી દર્શન કરી બપોરના બાર વાગે પહેલો મુકામ દાદર જ્ઞાનમંદિરે કર્યો હતો. જ્યાં શ્રી રમીલાબેનનો દિક્ષા-મહોત્સવ પણ તે જ દિવસે ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. બીજા દિવસે અંધેરી, ત્રીજા દિવસે બોરીવલી, ચોથા દિવસે ભાઈંદર, પાંચમા દિવસે વસઇ, નિર્મલા થઇ. સુદ ૧૧ ના સવારે અગાસી તીર્થે સંઘ આવ્યો હતો. દરેક જગ્યાએ સંઘનું અતિ સુંદર સામૈયું કરવામાં આવ્યું હતું અને દરેક જગ્યાએ સેંકડો માણસોએ લાભ લીધો હતો. સંઘવીજીનો ઉલ્લાસ પણ અનેરો હતો. સુદ ૧૨ ના દિવસે સવારે આઠ વાગે માળારોપણનો વિધિ શરૂ થયો હતો. અને સંઘવીજીના સગાવહાલા વગેરેએ રૂા. ૩૭૦૫)ની બોલી બોલી, સાત જણાઓને બરાબર ૮-૪૫ વાગે માળા પહેરાવી હતી. ત્યારબાદ શ્રી પંન્યાસજી મહારાજનું પ્રવચન થયું હતું અને બરાબર ૧૧ વાગે શ્રી મલ્લીનાથજી પ્રભુને પધરાવવાની ક્રિયા શરૂ થઇ હતી, અને ૧૧-૪૫ વાગે પ્રતિષ્ઠા થઇ હતી.

ત્યારબાદ બરાબર સવા બાર વાગે મુંબાઇની નવ સંસ્થાઓ તરફથી શેઠ શ્રી મણીલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખપદે સંઘવીજીનું બહુમાન કરવામાં આવ્યું હતું અને માનપત્ર એનાયત કર્યું હતું. રા. શેઠ શ્રી જીવાભાઇ તથા શ્રી જેઠાભાઇ ઘીવાળાએ એ પ્રાસંગીક પ્રવચન કર્યું હતું અને યંગમેન્સ જૈન વેલ્ફીન્ટીયર ફોરે એન્ડના સુંદર સરોદોથી સ્વાગત કર્યું હતુ અને શાસનદેવની જયઘોષણા સાથે સભા વિસર્જન થઇ હતી. ત્યારબાદ ૧૨-૪૦ મીનીટે શ્રી શાંતિ-સ્નાત્રની ક્રિયા શરૂ થઇ હતી અને સંઘવીજી તરફથી સવારથી જ નવકારશીનું જમણ ચાલુ હતું. જેનો સાત-આઠ હજાર ભાઇ-બહેનોએ લાભ લીધો હતો. બહુ જ આનંદમય વાતાવરણ સર્જાયું હતું.

મુંબાઇનગરીથી આવો છ'રી પાળતો સંઘ આ પ્રથમ જ હોઇ સૌ કોઇ ભૂરી ભૂરી અનુમોદના કરતું હતું અને આનંદપૂર્વક સર્વે ભાઇ-બહેનો સુદ ૧૩ ના મુંબાઇ પાછા પધાર્યા હતા. પૂ૦ પંન્યાસજી મહારાજ આદિ મુનિવરોએ તથા સાધ્વીજી મહારાજોએ ગુજરાત તરફ પ્રયાણ કર્યું હતું.

ચડવાલથી શંખેશ્વર.

પૂજ્યપાદ સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ આદિ ઠા. ૫૧ ની નિશ્રામાં ચડવાલથી પો. સુ. ૧૨ ના શુભ મુહુર્તે તીર્થાધિરાજ શ્રી શત્રુંજયના છ'રી પાળતા સંઘનું મંગલ પ્રયાણ થયું. સંઘ-યાત્રામાં પંદરસોથી અધિક યાત્રિકો છે. પ્રયાણના દિવસે ચારથી પાંચ હજાર માનવ મેદની એકઠી થઇ. મંગલ નિમિત્તે સાતસો ઉપર આયંબિલ થયા હતા. સંઘનો પ્રથમ પડાવ ચડવાલ ગામની બહાર પડ્યો હતો. ભવ્ય સમારોહ પૂર્વક નવપદજીની પૂજા ભણાવાઇ, ઉત્સાહ અમાપ હતો. ક્રમશઃ સંઘ આગળ વધ્યો. ગામે ગામના સંઘોએ ઉમંગભેર સત્કાર-સન્માન કર્યા. જીરાવલામાં પાંચ હજાર માણસો સંઘ-દર્શન માટે એકત્રિત થયા હતા. સંઘવી તરફથી સાધર્મિકવાત્સલ્ય થયું. વરમાણ, મંડાર, પોથાવાડા, ખીમત, જેરડાના સંઘોમાં પણ ઉલ્લાસ ખૂબ હતો. પોથાવાડા, ખીમતના સ્થાનિક સંઘે સંઘનું સાધર્મિક વાત્સલ્ય કર્યું. નવાડીસા તથા જુનાડીસાના ભાવુક સંઘોએ સંઘના સ્વાગત માટે જોરદાર તૈયારી કરી હતી. નગરને વિશિષ્ટ રીતે શણગાર્યું હતું. યુવકોએ સામૈયામાં મેદનીને કાબુમાં રાખવા ચીવટ રાખી હતી. બન્ને સંઘોએ કરેલું શાનદાર સ્વાગત અભૂતપૂર્વ હતું. બન્ને સંઘોએ કરેલા સાધર્મિક વાત્સલ્યમાં વ્યવસ્થા સુંદર હતી.

પાટણના સકલસંઘે એકત્રિત થઇ દિવસો પહેલાથી સંઘને બાદશાહી સ્વાગતથી સત્કારવા તૈયારીઓ કરવા માંડી હતી. ચારુપતીર્થથી પો૦ વ૦ ૧૦ સવારે સંઘ રવાના થયો. પાટણથી નરનારીઓના ટોળા સામે આવી રહ્યા હતા. પાટણ શહેરને ધજા, પતાકા, તોરણો, બોડોં અને દરવાજાઓથી સુશોભિત કર્યું હતું. ભવ્ય સ્વાગત સાથે પૂ૦ આચાર્યદેવાદિ ૫૧ ઠાણાને સાગરના ઉપાશ્રયે પધરાવવામાં આવ્યા. સવાર-બપોર, તથા બીજા દિવસે પૂ૦ પં૦ ભદ્રંકરવિજયજી ગણિવરના પ્રવચનમાં પાટણની ભાવુક જનતાએ સુન્દર લાભ લીધો. ૭૫ વર્ષની વૃદ્ધવયે પૂ૦ આ૦ દેવે તથા મુનિઓએ તેમજ સંઘના યાત્રિકોએ બે દિવસમાં પાટણના જિનમંદિરોની ચૈત્યપરિપાટી કરી અથાગ આત્માનંદ મેળવ્યો. પાટણના સંઘે

સંઘને ૧ લે દિવસે સાધર્મિક વાત્સલ્ય આપ્યું હતું. બીજે દિવસે સંઘના યાત્રિકો સાથે આખા પાટણ શહેરનો જૈન સંઘ પાટણના સદ્‌ગૃહસ્થ તરફથી નવકારશી જમણ જમ્યો હતો. પાટણ આબાલવૃદ્ધ જૈનોએ બે દિવસ ખડેપગે હાજર રહી ઉત્તમ દ્રવ્યોથી સાધર્મિકોની ભક્તિ કરી હતી. પક્ષભેદ વિનાના પાટણના સ્વાગતથી બહાર પણ સુંદર છાપ પડી ત્યારબાદ સંઘ અડીયા-હારિજ-મુજપુર થઇ શંખેશ્વર તીર્થે પહોંચ્યો છે. સંઘની તરફથી ગામેગામ ધર્મક્ષેત્રોમાં સારી સખાવતો તેમજ પ્રભાવનાઓ થઇ રહી છે. જૈન-જૈનેતરો ભવ્ય સંઘયાત્રાની અનુમોદના કરી પુણ્ય ઉપાર્જી રહ્યા છે.

ઇડર—પૂ૦ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્ય રત્ન પંન્યાસજી શ્રી પ્રવિણવિજયજી ગણીવર તથા મહીમા સંપન્ન પંન્યાસજી શ્રી મહિમાવિજયજી તથા સુશીલવિજયજી મહારાજ આદિ ઠાણાની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન અભૂતપૂર્વ ધર્મકાર્યો થવા ઉપરાંત તેઓશ્રીની નિશ્રામાં પૂ૦ પં૦ શ્રી મહિમાવિજયજી મહારાજના સચોટ ઉપદેશથી કારતક વદ ૫ ના શુભ દિને મહામંગલકારી ઉપધાનતપ શરૂ થતાં ૧૬૭ સ્ત્રી-પુરુષોએ ઉલ્લાસપૂર્વક ભાગ લીધો. જેમાં નવ વર્ષની ઉંમરથી લઇ પંદર વર્ષની ઉમ્મરની બાલકુમારીકાઓએ પણ આ તપમાં પ્રવેશ કરવાની હિંમત દાખવી હતી.

આ તપની નિર્વિઘ્ને પૂર્ણાહુતિ થતાં પોષ સુદ ૫ થી બૃહદ્ અષ્ટોત્તરી સ્નાત્ર-મહોત્સવ સાથ અષ્ટાહ્નિકામહોત્સવ શરૂ કરવામાં આવ્યો હતો.

પોષ સુદ ૧૧ ના રોજ એક ભવ્ય વરઘોડો ચડાવવામાં આવ્યો હતો.

પોષ સુદ ૧૨ ના મંગલમય પ્રભાતે કન્યાશાળા પાસેના વિશાળ મંડપમાં ચિકાર માનવમેદની વચ્ચે પૂ૦ પં. શ્રી મહિમાવિજયજીના મહારાજના વરદહસ્તે માલારોપણની ક્રિયા કરવામાં આવી હતી. પહેલી માલ સરદારપુરના શાહ ચીમનલાલ તલકચંદના ધર્મપત્નિ સકરીબેને પહેરી હતી. ત્યાર બાદ અનુક્રમે દરેકને માલ પહેરાવવાની વિધિ લગભગ ૧૨ વાગ્યા સુધી ચાલ્યો હતો.

વિજય-મુહુર્તે શ્રી આદીશ્વર ભગવાનના દહેરાસરે નવેક બિમ્બોને ધામધૂમ પૂર્વક વિવિધ ગૃહસ્થો તરફથી ગાદીનશીન કરવાની ક્રિયા કરવામાં આવી હતી. બપોરના અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવાનું શરૂ કર્યું હતું. આ પ્રસંગની શોભામાં વધારો કરનાર દોશી ચુનીલાલ છગનલાલ તથા સાંકલચંદ ડુંગરશી તરફથી ઉદ્યાપનની સુંદર રચના કરવામાં આવી હતી.

પોષ સુદ ૧૧ ના દિને ઉદ્યાપન કરનારાઓ તરફથી તથા ૧૦-૧૨ ના દિને ઉપધાન કરાવનારાઓ તરફથી નવકારશી રાખવામાં આવી હતી. ઇડર સંઘના ભાઇઓએ પણ બહારગામથી આવનારાઓની સુંદર સેવા બજાવી હતી.

પોષ સુદ ૭ ના દિને ભગવાનને ગાદીનશીન કરવાના ચઢાવા બોલાવવામાં આવતા સારી એવી આવક થવા પામી હતી. તેમજ માલના ચઢાવાની આવક લગભગ ૮૦૦૦ રૂપિયા થવા પામી હતી.

ઉપધાન વાહકો તરફથી ઉપધાન કરનારાઓને પૂજના ડબ્બા તથા ચરવડાની લાણી આપવામાં આવી હતી. મુંબાઇવાલા શેઠ છોટાલાલ મણીલાલ તરફથી સવા રૂપિયાની લાણી કરવામાં આવી હતી.

બાકી રહેલા ચાર બહેનોને પોષ સુદ ૧૫ ના મંગલમય પ્રભાતે માલારોપણની વિધિ કરવામાં આવી હતી. તે નિમિત્તે સુદ ૧૪ ના રોજ એક ભવ્ય વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો. પોષ સુદ ૧૫ ના રોજ સકલસંઘ સાથે ગઢ ઉપર જાત્રાએ જતાં પ્રભુભક્તિની સુંદર રમઝટ જામી હતી.

ઇડરના આંગણે આવો ભવ્ય પ્રસંગ પ્રથમવાર જ ઉજવાતો હોઇ જૈન જૈનેતરોમાં અનુમોદનાનું કારણ બન્યો હતો. ૦ ૦ ૦

—: સૂચના :—

પૂજ્ય મુનિરાજોએ શિરનામાની હેરફેરી જણાવવા. કૃપા કરવી, જેથી અંક ગેરવલ્લે જાય નહિ.

મુદ્રક : ચંદ્રકાન્ત રતિલાલ શાહ. (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીની ખડકી, માણેકચોક, અમદાવાદ. માંથી છાપી પ્રસિદ્ધ કર્યું.

દિવ્ય દર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ–૭, અંક–૨૩
બચુભાઇ ચીમનલાલ ઝવેરી મુંબઇ શાખા : ૧૬૭–૬૯, કીકા સ્ટ્રીટ. શનિવાર તા. ૨૧–૨–૧૯૫૯

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન

પૂ. ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવ[illegible]

જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ? (ચાલુ)

વિવેકી કર્મસામગ્રીના સ્થાનમાં પોતા માટે તે સામગ્રીને ધર્મસામગ્રી બનાવે :—

કર્મસામગ્રીને ત્યાં રહે ધર્મસામગ્રી બનાવાય એવો પ્રસંગ દુનિયાના વ્યવહારનો કહું. ચાર ચોવટીઆ બેઠા હોય, ક્યાં? જ્યાં બેઠા હોય એ સ્થાન પ્રસિદ્ધ હોય, ચોવટનો ચોરો. એ ચાર ચોવટીઆ ત્યાં નિંદા જ કરતા હોય, બેફામ બોલતા હોય ત્યાં વિવેકી જઇ ચડે તો તાકાત હોય તો સમજાવે, 'ભાગ્યવાન્! આ શું?' પણ પેલા ન માને તેમ હોય તો, આ વિવેકી પોતાના મનથી વિચારે, 'આ કેવા પામર છે! પુણ્યે જીભ મળી છે, એનાથી પરમાત્માની સ્તુતિ થાય, ગુણ ગણાય તો એક એક અક્ષરે ભવાંતરમાં, મહામૂલ્યે ય ન મળે તેવું ઉત્તમ મળે, [illegible] કલાક ગુણ ગાયા હોય તો તો કેટલો લાભ થાય! તેને બદલે આ બિચારા એ જ જીભથી આવું નિંદ્ય આચરણ કરી રહ્યા છે, એ ખૂબ દયાજનક છે.'

નિંદ્ય-પ્રવૃત્તિનો ત્યાગ :—

માયામાં આરોપ ચઢાવવાનું માત્ર એક વચન કહ્યાથી પણ તેનું કટુફળ ભયંકર આવે છે; એનું શાસ્ત્રમાં દૃષ્ટાંત મળે છે. એ બદી જીવનમાં ભારોભાર પેસે તો શું પરિણામ આવે, તે જ્ઞાની જાણે. નિંદા-ત્યાગ એ માર્ગાનુસારીનો બાવીશમો ગુણ છે. અગિયાર ગુણ તથા આઠ ગુણ, પછી અરિષડ્ વર્ગનો વિજય, એ વિજય માટે ઇન્દ્રિઓનો વિજય, એ માટે એની ગુલામીનો ત્યાગ, પછી નિંદાનો ત્યાગ, પછી **નિંદ્ય-પ્રવૃત્તિનો ત્યાગ** આવે છે. પોતાના સ્થાનને ન છાજતી પ્રવૃત્તિ તે નિંદ્ય-પ્રવૃત્તિ. આ પ્રવૃત્તિ છાજે કે નહિ તે વિવેકથી વિચારી લેવું જોઇએ. દુનિયાની બીજી વાતોમાં તો એ આવડત છે, પણ અહીં આત્મિક શુદ્ધિની દૃષ્ટિએ અક્કલ વાપરી વિચારી લેવાનું છે. સભા-સોસાયટીમાં કેમ જવું, દોડતા જવું ન છાજે, શાંતિ જાળવવી, એ તો બધી ખબર છે. પણ વડીલે પોતાને છાજતો વર્તાવ રાખવો, ખાવાની ક્રિયા કેમ કરવી, બોલવું કેમ, લેવડ-દેવડ કેમ કરવી, એ બધામાં કેવો છાજતો વર્તાવ રાખવો, એ સમજવું જોઇએ. તે નિંદ્ય પ્રવૃત્તિનો ત્યાગ: અનિંદ્ય પ્રવૃત્તિ. આર્યદેશનો દયાળુ હલકામાં હલકી કોટિના ભિખારીને રોટલાનો ટૂકડો આપે, પણ તિરસ્કારથી નહિ. તિરસ્કાર કરવાને એનું હૈયું ના પાડે. આંગણે સાધર્મિ આવ્યો હોય તેનો આદર કરે, તિરસ્કાર ન કરે. એક બાજુ ધર્મ કરે અને બીજી તરફ બીજાને ઉતારી પાડે, બીજાનું હલકું બોલે, એવી કોઇ પ્રવૃત્તિ કરે, એ નિંદ્ય-પ્રવૃત્તિ. એવા હૃદયને ધર્મ કેટલો સ્પર્શી શકે?

પરમાત્મા પર બહુમાન ધર્મ પર બહુમાનથી થાય; ને ધર્મ પર બહુમાન ધર્મ

પામેલા પર બહુમાનથી થાય

ધર્માત્મા નજરે પડે, એને સહાયની જરૂર હોય, ધર્મ પર પ્રેમ હોય, તો એને જોઇને કેવા વિચાર આવે? 'અનંતાનંત જીવોમાં ધર્મ ધારણ કરનાર કેટલા? ધન્ય છે આ ભાગ્યવાનને કે ધર્મ ધારણ કર્યો છે! મારા અહોભાગ્ય કર્યાથી કે હું એમની ભક્તિ કરું!' એમ વિચાર આવે; સહાય શું, ભક્તિ કરવાનું મન થાય. પોતાના ધર્મને માનનારો દેખાતાં જેનું દિલ ઉલસતું નથી, એને ધર્મ સાથે કેટલો મેળ સમજવો? જૈનને જૈન ભાઈ નજરે ચઢતાં આનંદ આનંદ થાય. વિલાયતમાં ગુજરાતીને ગુજરાતી મળે, કાઠિયાવાડીને કાઠિયાવાડી મળે તો હરખનો પાર નહિ. 'મારા દેશનો,' એમ થાય. અહીં પણ સંસાર એ દેશ છે, સાધર્મિ એ પોતાના દેશનો વતની છે, તેને જોઇને બહુમાન થવું જોઇએ. તેની નિંદા ન કરાય. નિંદ્યપ્રવૃત્તિ તજે તથા તેવો તરીકો પણ તજે.

આ જીવે કઈ સગાઇ નથી કરી?:—

પેલો સંન્યાસી રાજકુમાર ભાઇ પાસે નજીકમાં જઇ ઝૂકીને પ્રણામ કરે છે, માને છે, 'પ્રથમ અરધી તુંબડીનો રસ ઢોળાયો તો એ નિમિત્તે ભાઈનાં દર્શન થયાં. જે થાય તે સારા માટે,' એમ માનીને ભાઇને હર્ષપૂર્વક પ્રણામ કરે છે. જ્ઞાની કહે છે, 'આ જીવે સગાઇ તો અનંતી કરી.' આ જીવે જગતના જીવો સાથે દરેક પ્રકારની સગાઇ કરી છે. દીકરો, મા, દીકરી, પત્ની, પતિ, ભાઇ, બહેન, સાસુ, સસરો, વેવાણ, મામી, ફોઇ વગેરે. સગાઇના વલણને સમજો. અરધી તુંબડીનો સુવર્ણરસ ભાઇએ ઢોળાવી નાખ્યા પછી પણ એના પર પ્રેમ ઉભો રહે છે, એને મળવા અને બાકીનો અડધી તુંબડી રસ સોંપી દેવા જાતે ચાલ્યો આવે છે, અને ભાઇના આ નિમિત્ત દર્શન મળવાનો આનંદ માણે છે, એ હૃદય કેવું? દેખાય છે આમાં કયાંય સ્વાર્થ માટેની સગાઇ? આત્માની ઊંચી ઉન્નતિ સાધવા માટે આ ભૂમિકા તૈયાર થઇ રહી છે. **જ્યાં આવા નિઃસ્વાર્થ પ્રેમ નથી, ત્યાં ઉપરની ભૂમિકાની સાધના કયાંથી શકય બને?**

સંત કે ધર્માત્મા કયારે બનાય?:—

નિકટના સગાં કે સ્નેહીએ નુકસાન કર્યું ત્યાં પ્રેમના ભુક્કા ઉડે, ને દ્વેષની આગો સળગે, વૈરની ગાંઠ બંધાય, ને દુશ્મનાવટ ઉભી કરાય, ત્યાં ઉપરની ધર્માત્માપણાની ને સંતપણાની સ્થિતિ કયાંથી આવવાની? માટે જ કયાંક એવું જોવા મળે છે કે શ્રાવક-જીવનની ક્રિયામાં કે વ્રતોમાં જોડાઈ જવા છતાં જેને સાચું ધર્માત્માપણું કહેવાય એના વાંધા હોય; કેમ એમ? એ જ કારણે કે ભૂમિકા તૈયાર નહોતી કરી; ધર્મ પામતાં પહેલાં કે પામ્યા પછી પણ નિઃસ્વાર્થ પ્રેમ કેળવ્યા-દાખવ્યા નથી; સગાંસ્નેહી તરફથી પણ થોડી ય અગવડ અપમાન આવે તેને ખમી ખાવાની તૈયારી નથી રાખી; જરાક-શા નુકસાનમાં ચડભડાટ કર્યા છે! આવી દુર્દશા જે ભોગવતો હોય, એ પરાયા તરફ શો પરમાર્થભર્યો પ્રેમ દાખવી શકવાનો? અવસર આવ્યે એ ગુરુ તરફથી અગવડ-અણગમતું જોતાં ગુરુ સામે પણ કેમ નહિ ચડભડે? ત્યારે સ્વાર્થનો ભંગ જોતાં દેવને પણ ટકે પૈ તોલુ કેમ નહિ કરે? આવું બધું આચરે એને ધર્માત્મા કહેવો? ત્યારે એકાદ વાર સાધુપણું ય લઈ લીધું, પરંતુ સ્વાર્થસાધુતા, ધમધમાટ, અસહિષ્ણુતા, વડિલ કે ગુરુ પ્રત્યે દ્વેષ, અરુચિ દાખવે એનામાં સંતપણું કહેવાય? ધર્માત્મા બનવું છે, સંત બનવું છે, તો ભૂમિકા બરાબર તૈયાર કરો.

આ સંન્યાસી-ભાઇની ઉદારતા, અને ભ્રાતૃપ્રેમ જુઓ, મોટાભાઇ પ્રત્યેની વિનય-સેવા જુઓ! કમાઇ પોતે કરી છે, તેમાંથી ભાઇને અડધી કમાઇ દઇ દે છે! ત્યારે મોટોભાઇ એને ઢોળાવી દે છે! છતાં ભાઇ પ્રત્યેનો પ્રેમ અને લાગણી એને છોડવા નથી! આની સામે આજના જમાનાવાળાના ઢંગ જુઓ. પોતે મોટો વેપારી હશે, ડૉકટર-વકિલ-હશે, તો ભાઇને પોતાને ત્યાં સર્વન્ટ (નોકર) તરીકે રાખશે. પોતાના ખીસામાં એ હજાર નાખવાના! ભાઇને બસોનો પગાર આપવાનો! આ આજની પ્રગતિ છે! ત્યારે પૂર્વ કાળની એ પ્રગતિ હતી કે નાનો ભાઈ પોતાની કમાઈ મોટાભાઇને ચરણે ધરે છે! જીવનના શ્વાસોશ્વાસ તો પૂરા થવાના, પરંતુ ઉદારતા, સહિષ્ણુતા, ખામોશ, વિનય, પ્રેમ વગેરે કમાઇ જવાય તો જીવનની વિશેષતા.

પોષ્ય પોષણ:—

પેલો સંન્યાસી પોતાના મોટાભાઇના ચરણે અ-

રધી તુંબડી રસ ધરવા આવ્યો છે. તે ભાઇને કહે છે, 'આ ચેલા બિચારા એવા ભોળા કે એણે તમને આ વસ્તુ ઓળખાવી નહિ. તમે રસ ઢોળી નાખ્યો એમાં તમારો દોષ નથી, કેમકે તમે એને ઓળખ્યો નથી. આ સુવર્ણરસ છે. બાર બાર વર્ષની મહેનતે મેં આ રસ મેળવ્યો છે અને આ ત્રણસો શિષ્યો, વગેરે હાલ એને આભારી છે.'

મોટાભાઇ આને પરિગ્રહનો ઉન્માદ દેખી મૂછમાં હસે છે. કોઇને ઉન્માદ થાય ત્યારે તેને મોંએ એકદમ ડૂચો ન દેવાય. ભાઇએ મૌન રાખ્યું એટલે સંન્યાસીને પાવર ચડયો, 'મારી અરધી તુંબડી ભલે ગઈ પણ હજી આ અડધી બાકી છે તેને સ્વીકારો, અને હવે આપણે ખૂર્નની જેમ રહીએ!' વિચાર કરજો, એક બાજુ ઉન્માદ પણ બીજી બાજુ પોષ્ય-પોષણનો ગુણ કેવો ઉમદા ખીલ્યો છે! દુઃખી ભાઈ એ સુખી ભાઇ માટે પોષ્ય છે, દુઃખી મિત્ર એ સુખી મિત્ર માટે પોષ્ય છે. વિધવા બેન કે બેટી, ભાઇ કે બાપ માટે પોષ્ય છે. જ્ઞાતિમાં કોઇ વૃદ્ધ, કે સામાન્ય સ્થિતિનું હોય તે સારી સ્થિતિવાળા માટે પોષ્ય છે.

પ્ર૦—અપરાધી હોય તો?

ઉ૦—એ પણ બાદ નથી. આપણું જ વિચારો ને? આપણા કોઈ અપરાધ થયેલા નથી? તો પોષ્યના અપરાધ પર એને છેહ ન દેવાય. સંસારમાં દોષો અનંતા છે. ગુણો સમુદ્ર સામે અંજલિજળ જેટલા છે. સમુદ્રમાં રત્નો ય છે; પણ કેટલા? અને ખારા પાણીનો પાર? આત્મામાં એક ગુણની પ્રાપ્તિ કયાં છે? સંસારના છેક છેડે આવે ત્યારે અનંતા ગુણ પ્રાપ્ત થાય છે, બાકી તો અનંતા ગુણના પ્રતિપક્ષી અનંતા દોષો બેઠેલા રહે છે, અસ્તુ. અહીં તો નાનો ભાઈ પોતાની બાર વર્ષની કમાઈ ભાઇને સોંપી દેવા ઉજમાળ થાય છે.

મહેનતનું ફળ કયાં ધરાય?

દુનિયામાં નિયમ છે, મહેનતનું ફળ જેના પર પ્યાર હોય તેને ધરાય છે. પતિ મજૂરી કરે, તેમ કરીને મળેલા ધનથી મેળવેલાં ઘરેણાં પત્નીને પહેરાવે છે, કેમકે તેના પર પ્યાર છે. **અહીં પણ ધર્મપ્રેમી મનુષ્ય મોહથી મેળવે છે; પણ મળેલાને ધરે કયાં? દેવ-ગુરુના ચરણે ને? કેમ? પ્રેમ ત્યાં છે, માટે.** પેલો સંન્યાસી પણ પોતે પોતાના માટે મહેનત કરીને મેળવેલ સુવર્ણરસ (ઢોળાતાં વધેલો બાકીનો પણ) મોટા ભાઇના ચરણે ધરે છે, કેમકે ત્યાં પ્યાર છે. વળી ખૂબી એ, શંકા પણ નથી કે-'હું આપી દઉંગો અને એ પછી વિપરીત થશે તો?' સંન્યાસીના હૃદયમાં સહજ પ્રેમ છે. સંન્યાસી તો આ તમામ પ્રવૃત્તિ કરી રહેલ છે. જ્યારે પેલા ભાઇ સાધુ તો ગંભીરતામાં સ્થિત છે, જોયા કરે છે; કેમકે એ જુદી જ વિચારસરણીમાં છે.

હવેથી મારો ભાગ નહિ: વ્રત પ્રત્યેની જાગતિ:-

પેલા યુરોપિયનને વિચાર થાય છે, 'આની બુદ્ધિથી હું લાખો કમાઉં, છતાં હું બધા ગાઠે બાંધું અને આને ૧૦૦ રૂપિયા જ આપું, તે ન શોભે.' એણે તે યુવકનો અરધો ભાગ નકકી કર્યો છે તે જોઇ ગયા. આ યુરોપિયનને આ વિચાર, પોતાનો સ્વાર્થ સર્યા પછી આવ્યો, પણ પછી તો આવો વિચાર ભાગ્ય હોય તો જ આવે. **વિના સ્વાર્થે સામા પર જેને આવી બુદ્ધિ થાય તે ઉત્તમ; સ્વાર્થ સર્યા પછી આવી બુદ્ધિ થાય તે મધ્યમ; અને પછી પણ ન થાય તે અધમ; ને ઉલટું, દુર્બુદ્ધિ થાય તે અધમાધમ.**

એ પેલા યુવકને હવે જણાવે છે, 'તમે મારા સોના પગારદાર નથી પણ અરધો અરધ ભાગીદાર છો, મેં કયારનું ય નકકી કર્યું છે, તમને આજે જણાવું છું, એકાઉન્ટન્ટને કહેલું જ છે કે અરધો ભાગ તમારા હવાલે નાખે.' પેલો આ સાંભળીને વિસ્મય પામ્યો. યુરોપિયનમાં માર્ગાનુસારિતાનો કૃતજ્ઞતા ગુણ કેવો!

દેવ-ગુરુના ગુણ અને ઉપકાર:—

પેલા સંન્યાસી ભાઇમાં વાત્સલ્ય ગુણ અને આ યુરોપિયનમાં કૃતજ્ઞતાનો ગુણ, જોતાં આવડે તો, એ આપણને ઊંચી સાધના માટે પ્રેરક છે. દેવગુરુ પ્રત્યે પ્રેમ હોવાનો આપણે દાવો કરીએ છીએ; ને એમનો આપણા પર અપરંપાર ઉપકાર છે, તેથી એમના પ્રત્યે કૃતજ્ઞતા પણ અદા કરવાની છે. હવે વિચારો કે દેવ-ગુરુ પ્રત્યે પ્રેમ અને કૃતજ્ઞતાની રૂએ આપણે કેટલું કરી છૂટવું જોઇએ. ધ્યાનમાં રાખજો કે

આર્યદેશમાં જન્મ્યા છો માટે આ બધું સાંભળવા મળે એવા ભાગ્યશાળી છો. તેથી મનમાં લાવતા નહિ કે-'અમારી જાત ને અમારું કુટુંબ સંભાળવાનું કે દેવ-ગુરુ ?' અનાર્ય તરીકે જન્મ્યા હોત તો કયાં આ પ્રશ્ન જ હતો ? તો આર્ય તરીકે અને એમાં ય જૈન તરીકે જન્મ્યા પછી તો ઊંચી ભાવના જોઇએ કે જાત-કુટુંબ પાછળ તો **જીવન-નિર્વાહ જેટલું ઘસાવાનું; પણ પ્યારા અને ઉપકારી દેવગુરુ પાછળ કરી છૂટવામાં કાંઈ બાકી નહિ રાખવાનું.**

ભૂતકાળનો ઉપકાર ય એમનો છે, ને ભવિષ્યમાં પણ ઉપકાર એ કરવાના છે. **આટલી ઊંચી માનવભવ વગેરે સ્થિતિ પામ્યા તે પૂર્વ જીવનના એમણે કરેલા ઉપકારથી. ને ભવિષ્યમાં ઊંચી સ્થિતિ મળશે તો તે પણ એમના ઉપકારથી. ત્યારે આપણા હૃદયના પ્રેમનું પાત્ર પણ એ ગુણભંડાર દેવ-ગુરુ જેવું કોણ છે ? ઉપકાર પ્રત્યે કૃતજ્ઞભાવ અને ગુણનિધિ પ્રત્યે પ્રેમ, એ બે દિલમાં એટલા બધા ઉછળતા રહેવા જોઇએ કે ડગલે ને પગલે દેવ-ગુરુની સેવા અને ખૂબ ભક્તિ કર્યા કરીએ.** પછી દુનિયાના કોઇ પણ સંબંધી કરતાં એમનું સવાયું, દોઢું, દસગુણું કરવામાં કેમ ઉભા ને ઉભા ન રહેવાય ?

વીતરાગ દેવ ને વિરાગી ગુરુની ભક્તિ શા માટે ?:—

કેટલાકને એવો ગાંડપણનો વિચાર આવે છે કે

પ્ર૦—'દેવ વીતરાગ છે અને ગુરુ ત્યાગી છે, તો એમને શી બહુ જરૂર છે કે એમની પાછળ આપણે લખલૂટ ખરચીએ ? પ્રભુ આગળ ધરેલું ફળ નિવેદ પૂજારી લઇ જાય છે, ને ગુરુના કરેલા સામૈયામાં વાજવાળો પૈસા ખાઇ જાય છે...'

ઉ૦—આ વિચાર જ ભૂલભર્યો છે. માનો કે દેવ મૂર્તિરૂપે નહિ પણ હજુરાહજુર હોત અને એમને ધરેલું બીજા લઇ જતા હોત તો શું તમે એમની ભક્તિ ન કરતા ? મોટા શહેરમાં દેશનેતા આવે છે. એને સેંકડો ફૂલહાર ચઢે છે. પણ હાર ચઢાવનાર શું એ જુએ છે કે-'આ નેતા તો હાર પૂરો ગળામાં ય ન લઇ જતાં તરત બીજાને આપી દે છે, માટે એમને હાર ફોગટ શું ચઢાવવો ?' ના, એ તો એમ જ માને છે કે-'ચાલો આવા નેતાને આપણે હાર ચઢાવ્યો એટલે કૃતકૃત્ય થયા ! આપણા ભાગ્ય કયાંથી કે એમના સ્વાગત કરવાનું મળે ?' તો અહીં પણ **દેવ ભલે વીતરાગ છે, ને ગુરુ ત્યાગી છે, પરંતુ એમની ઊંચી ભક્તિમાં આપણે ભાગ્યોદય સમજવાના છે. દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતાની કમી હોય ત્યારે મુફલીસ વિચાર આવે છે કે-'એમને બહુ શું કરવું છે ?' પોતાનું પાપી પેટ, પાપસગાં અને પાપી માનલાલસા પાછળ ભારે ખરચવું છે. ને દેવ-ગુરુની વાત આવે ત્યાં મુફલીસ વિચાર, એ સંસારમાં ઊંડા ઉતરવાની નિશાની છે.**

મારવાડી યુવક અડધો ભાગ જાણી ચોંકે છે ! કેમકે પરિગ્રહપરિમાણનું વ્રત છે, ને અહીં લાખોનો નફો છે. એકાઉન્ટન્ટને પૂછે છે, 'મારે હવાલે શી રકમ થાય છે ?'

એકાઉન્ટન્ટે જણાવ્યું, 'અઠ્ઠાવીશ લાખ !'

યુવકને તરત મુનિ પાસે લીધેલો ત્રીસ લાખ રૂપિયાના પરિમાણનો નિયમ યાદ આવે છે. તે વિચારે છે, 'મુનિએ નિયમ આપ્યો ત્યારે હું હસતો હતો, પણ જુઓ નિયમનો પ્રભાવ ! કાળના ગર્ભમાં શું છૂપાયું છે, તેની કોને ખબર ?'

એણે તરત યુરોપિયનને કહી દીધું, 'હવેથી વેપારમાં મારો ભાગ નહિ.' સામાને ખબર ન હોય એટલે થાય, 'કેમ ના પાડતો હશે ?' પણ આને તો વ્રત પ્રત્યે પ્રેમ છે, જાગ્રતિ છે.

વેણીચંદભાઇનો વ્રત-ધર્મ-પ્રેમ:—

મહેસાણાવાળા શ્રી વેણીચંદ સુરચંદને તો જાણો ને ? પ્રસિદ્ધ છે. જૈનોમાં એમની ખ્યાતિ છે. ધર્મનિષ્ઠ તથા પરમાર્થમાં ધોલ ખાઇને ય સામા પાસેથી પૈસા કઢાવવામાં જબરા. વખત એવો આવ્યો, પોતાના નિર્વાહ માટે પૈસાની જરૂર છે. મુંબઇ આવ્યા. બજારોમાં સૌ એમને ઓળખે. આવાને કોણ ન ઓળખે ? આવવાનું કારણ પૂછયું. હતું તે જણાવ્યું, 'ખીચડી ખૂટી.' વેપારીઓએ કહ્યું, 'તમારે આ માથા-ફોડ શી ? તમે તમારે ધર્મના કાર્યો કરો; અમે અમારા વેપારમાં તમારો એક એક આની ભાગ રાખીશું.' ત્રીજા અદત્તાદાન વિરમણ વ્રત તથા પાંચમા પરિ-

ગ્રહ પરિમાણુવ્રતમાં જાગ્રત આ શેઠ. એ વાત કબૂલે? એ તો કહે છે, 'ન માલૂમ! તમારા પૈસા કેવી રીતે આવ્યા હોય-મારે એ ન જોઇએ.' ધર્મ કેવો પરિણમ્યો હશે. સામેથી એવું ય કહેવાયું હશે, 'શેઠ! રહેવા દો ને! ધર્મ કર્યા કરો ને! જરા જમાનો ઓળખો. આ તો આનીનો ભાગ છે, પાઇનો ભાગ આપનાર છે કયાં?'

વેણીચંદભાઇ એ વાતને ઠોકરે મારે છે. ધર્મની પોતાને કિંમત હતી જીવન ધર્મ માટે છે, ધન માટે નહિ, એ પાકું સમજે છે. **ધર્મ ખોઇને ધન મેળવવાની વાત નહિ.** જેમ દૂધના ફોદા ય થાય, ને દૂધનો માવો ય થાય, એમ ઉત્તમ માનવભવના કૂચા ય થાય, ને ઊંચા સર્જને ય થાય. **મુરખ માણસ સ્વાર્થરસિકતા, ભોગવિલાસ અને સત્તા-સાહ્યબીમાં ખૂંચી ભવના કૂચા કરે છે. ત્યારે ડાહ્યો પુરુષ પરમાર્થ-પરોપકાર અને દાનાદિ ધર્મથી ઊંચા સર્જન કરે છે.**

વેણીચંદભાઇએ ઊંચા સર્જન કર્યા છે. એ જાતની તો શું પણ બીજાની ય અનીતિનું પાપ માથે લેવા તૈયાર નથી.

માણસને એ વિચાર જોઇએ કે-'**શા સારૂ? મારે જીવવા માટે કેટલું જોઇએ? ઊંચા ભવમાં નીચા અનીતિના કામ કરવા એ કુલટા કે વેશ્યા સ્ત્રીની જેમ મનુષ્યપણાને વિડંબવા જેવું છે.**'

'**મોહરાજાની એ કરામત છે કે જીવને પાગલ બનાવીને પેટની ચિંતાને બદલે પટારા ભરવાની ચિંતા કરાવી સફેદ કપડામાં ડાકુના જૂથ, અનીતિ દંભ વગેરેના કામ કરાવે છે.**'

'**હું તો ઉત્તમ કુળમાં જન્મેલો છું, તો મોહને હરગીઝ વશ ન થાઉં. અલબત્ત બહુ સફાઇથી અનીતિ આદિના કામ કરવામાં આવે તો કદાચ બીજાને ખબર ન પડે અને આપણી હલકાઇ ન જણાય, પરંતુ પોતાના મનને મલિન, નીચ અને ઘટ્ટું બનાવવું પડે એ કેટલું બધું ખરાબ! અથવા જીવનભર મન ડંખતું રહ્યા કરે એવી સ્થિતિ ઉભી કરવી એમાં શું સુખ?...**'

આ બધો વિચાર કરવામાં આવે તો અનીતિ, માયા, જૂઠ વગેરે આચરવા જરા ય તૈયારી ન હોય.

કર્મધંધો બંધ કરી ધર્મધંધો :—

વેણીચંદભાઇએ સામેથી ઓફર છતાં સામાના વેપારમાં ભાગ રાખવાનું કબૂલ ન કર્યું. એમણે તો વેપારી પાસેથી ખાંડની દલાલી કરવાનું કામ લીધું. પુણ્યશાળી હતા એટલે જોતજોતામાં, એમને રૂપિયા ચાર હજારની જરૂર હતી તેના કરતાં દલાલીની આવક વધી ગઇ. તે એમની જાણમાં નહિ! એમણે હિસાબ પૂછ્યો અને ખબર પડી કે આ તો વધી ગયું, તરત દલાલીનો ધંધો બંધ કર્યો. એક મોટી વેપારી કંપનીએ એમને ખૂબ આગ્રહ કર્યો, કેમકે આ તો વેણીભાઇ, પ્રામાણિકતામાં એક્કા! વેપારી કહે, 'તમારી અનુકૂળતાએ કામ કરજો,' છતાં વેણીચંદભાઇએ ધરીને ના પાડી. 'મારે એ પરિગ્રહના અને આરંભસમારંભના વેપારનાં પાપ શા સારૂ કરવા? બસ, ઘણું થઇ ગયું. જીવનનિર્વાહ થઇ રહેશે.' આ પાપનો ડર હતો! એટલે કર્મ-ધંધો બંધ કરી ધર્મ-ધંધામાં ચોવીસે ય કલાક લાગી ગયા.

ઉત્તમતાનું પારખું :—

જીવનું ઊર્ધ્વીકરણ થયું છે કે નહિ, અધમતા મટીને ઉત્તમતા વાસ્તવિક રીતે ઉભી થઇ છે કે નહિ, એનું માપ આના ઉપરથી નીકળે છે કે,

(૧) તૃષ્ણા કેટલી શમી? પાપનો ભય ડગલે ને પગલે કેટલો વહે છે? અને,

(૨) એ ભયથી અને તેટલું વધારેમાં વધારે, પાપકાર્યોથી, કેટલું બચાય છે?'

દિશાપરિમાણ કેમ ઝટ લેવાય?—

આ જાતિની ઉત્તમતા ઉભી થયા પછી આ પાપભરી પૃથ્વી ઉપર બહુ ફરવા-ફરવાનું મન ન રહે. ઝટ દિશાપરિમાણમાં આવી જવાય. પરિમાણ રાખ્યા પછી પણ એટલા ય ક્ષેત્રમાં લહેરથી ફરવાનું દિલ ન રહે. તે રોજ માટે ય દિશાનો સંકોચ કરવાનો. પાપમાં પહોળા બહુ થયા, બહુ નંબર લખાવ્યા, હવે તો સમજવાનું છે કે ઝીણામાં ઝીણા પાપનો નિષેધ કરનારા જિનશાસનની છાયા મળી તો પાપમાં પહોળા નહિ, સાંકડા બની જવાનું; પાપમાં નંબર લખાવ-

વાનું ઓછા કરતા આવવાનું-દિશાપરિમાણ એટલે કે મારે જીવનમાં આટલા ક્ષેત્રથી આગળ નહિ જવાનું, અને શકય એટલું હરવા-ફરવાનું ઓછું રાખવાનું. હાં, જો જો નવા જમાનાવાળા ટૂંકી દૃષ્ટિના કહેશે, મુંજી કહેશે, પરંતુ **આપણે તો તીર્થંકર ભગવાન અને ભાવી કાળ પર લક્ષ રાખવાનું છે. 'મારા પ્રભુએ પાપ અને પાપનાં સ્થાન ઓછાં કરવાનું કહ્યું છે, તો મારે એ જ મુજારક; તેમ ભાવી કાળ અહીંનો પાપપ્રવૃત્તિના કુસંસ્કારથી ન બગાડવાનું કહ્યું છે, તો મારે તો એ તરફ જોવાનું,' આ વિચાર જાગતો જોઇએ. પછી ઝટ દિશાપરિમાણનું વ્રત લઈ લેવાય.**

જેમાં કરવાનું કાંઈ નહિ અને કર્મ લાગ્યા કરે તે અવિરતિઃ—

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ પહેલા 'પચાશકજી'માં દિક્પરિમાણ વ્રતનો ઉપદેશ કરી રહ્યા છે. આ જીવને સંસારનું પરિભ્રમણ કર્મબંધથી છે. એ કર્મબંધનું કારણ મિથ્યાત્વ, અવિરતિ, કષાય તથા યોગો છે. તેમાં અવિરતિ નામનું કર્મબંધનું કારણ એવું છે કે જેમાં જીવને કેટલીક વાર લેવા-મૂકવાનું કશું ન હોવા છતાં પોતાને તે કર્મ લાગ્યા કરે, તેનો બંધ ચાલુ થયા જ કરે. મિથ્યાત્વમાં ખોટી માન્યતા કરવી પડે, કષાયમાં ધમધમવું પડે, યોગમાં ક્રિયા કરવી પડે, અને તેથી કર્મ લાગે; પણ આ અવિરતિમાં કરવાનું કાંઇ નહિ અને કર્મનો ચાંટલો ચોટયા કરે. નિગોદના જીવો, ને પૃથ્વીકાયાદિ જીવોને કયું પાપ મોટું? ઉત્કટ મિથ્યાત્વને અંગે, ત્યાં મન અને વચનયોગ નથી એટલે ઉત્સૂત્ર ચિંતન-ભાષણ યોગે દીર્ઘ સંસાર નિપજે તેવું નથી, નથી ત્યાં આભિગ્રહિક મિથ્યાત્વ કે નથી આભિનિવેશિક મિથ્યાત્વ. ત્યાં મિથ્યાત્વ જોરદાર નથી. કષાય પણ જોરદાર દેખાતા નથી, સંજ્ઞાઓ મંદ છે, ચૈતન્ય અતિ મંદ છે અને યોગ? એટલે મન-વચન-કાયાની દોડધામ છે કયાં? સ્થાવર જીવ દોડધામ કરે? એ જીવની બિચારાની જન્મથી જ એવી હાલત છે કે કોઇ હલાવનાર-ચલાવનાર ન મળે તો ત્યાંથી ખસે નહિ. અલબત એને મિથ્યાત્વાદિ નથી એમ નહિ, છે જ; પરંતુ તેવા પ્રકારના મિથ્યાત્વ, કષાય અને યોગ નથી. તેમ છતાં એ જીવોની ત્યાં અનંતકાલની સ્થિતિ શા આધારે? આયુષ્ય અંતર્મુહૂર્તનું. અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તના આયુષ્યે ત્યાં અનંતા જન્મ કરે, અનંતા મૃત્યુ કરે! એવી અનંતકાલની સ્થિતિ ત્યાં છે, અનંતા જન્મ-મરણના દુઃખ છે, તેમાં મહાન ફાળો અવિરતિનો છે. અવિરતિ એટલે પાપના ત્યાગની પ્રતિજ્ઞા ન હોવી તે. પાપ આચરતા ન હો, પણ ન આચરવાની પ્રતિજ્ઞા નથી, એ અવિરતિ કરવું કાંઇ ન પડે અને વળગતું જ રહે એવું આ પાપ છે. એક ઝાડના જીવને અંગે વિચારો. પ્રત્યક્ષ દેખાય છે કે તે હિંસા કરતો નથી, વાચા છે નહિ એટલે જૂઠું બોલવાનું નથી, હાલવા-ચાલવાનું નથી એટલે ચોરી કરવાની નથી, એને નથી સ્ત્રી કે નથી પરિગ્રહ. છતાં એને મહાવ્રતધારી ન કહેવાય. એ જીવને એ પાપો ન કરવાની પ્રતિજ્ઞા નથી એટલે અવિરતિનો બંધ સતત ચાલુ છે.

(ક્રમશઃ)

શાસન પ્રભાવના અને સમાચાર

ધન્ય મૃત્યુ.

જૈનાબાદ—અત્રે અમદાવાદ પાંચિયાની પોળના રહેવાસી ભાઇશ્રી કુમારચંદ્ર બુધાભાઇનાં માતુશ્રી મણિબેન જેઓ ચડવાલથી સિદ્ધગિરીના છ'રી પાળતા સંઘમાં સાથે યાત્રા કરતા જતા હતા. તેમનું સમાધિપૂર્વક અવસાન થયું છે. વૃદ્ધવયે પણ તેઓ રોજના ૭-૮ માઇલ પગે ચાલીને સંઘમાં જતા, અને દૈનિક ધર્મક્રિયાઓ સારી રીતે કરતાં હતાં. છેલ્લા ૩-૪ દિવસથી શ્વાસના દર્દને લીધે મોટરમાં જતાં મહા સુદ ૫ ના સાંજે દર્દ વધારે જણાતાં અમદાવાદ જવાનો વિચાર કરતા હતા. પૂ૦ મહારાજશ્રી પાસે તેમણે મંગલિક સાંભળી વાસક્ષેપ નખાવ્યો. પછી પરોઢિયે સવારે ઉઠી પ્રભુજીના દર્શન કરી વાસક્ષેપ પૂજા કરી પાલખીમાંથી બહાર મોટરમાં બેસવા માટે

જવા માંડયું. એમના કુટુંબી-સ્નેહીઓ સાથે લઈને જતા હતા, પરંતુ કર્મની ગતિ વિચિત્ર છે, વચમાં જ તેઓનો આત્મા આ ક્ષણિક દેહ છોડી પરલોક સિધાવ્યો. એમનાં માતાજી સિદ્ધગિરિ પાસે જ કાળ ધર્મ પામ્યાં હતાં અને આ પણ સિદ્ધગિરિયાત્રા સંઘમાં કાળધર્મ પામ્યાં. પુણ્યશાળીને જ આવા ધન્ય મૃત્યુ મળે.

ડભોઈ—ડાહ્યાભાઈ ચુનીલાલ હકમચંદના સુપુત્રોએ પોતાના ઉપકારી માતા-પિતાના સ્વર્ગવાસ નિમિત્તે અમદાવાદ-અરણ્ય સોસાયટીમાં અષ્ટાહ્નિકા મહોત્સવ અષ્ટોત્તરી સ્નાત્ર સહિત સુંદર રીતે ઠાઠમાઠથી ઉજવેલ. ત્યારબાદ અત્રેથી પોષ સુદ ૨ ની સાંજે પરમ પૂજ્ય પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજ આદિએ વિહાર આગળ લંબાવેલ, બારેજા, ખેડા, માતર થઈ વસો પધારતાં શ્રી સંઘે સુંદર સ્વાગત, વ્યાખ્યાન, પ્રભાવના વગેરેનો લાભ લીધો. બપોરે જાહેર પ્રવચન ચોકમાં 'સુખનાં સોપાન' ઉપર થતાં જૈન જૈનેતરોએ લાભ ઠીક લીધેલ. ત્યાંથી આગળ કલોલી, મહેશવ, આણંદ, છાણી, વડોદરા વગેરે સ્થળે ભવ્ય ધર્મોપદેશ અને શાસન-પ્રભાવના કરતાં કરતાં ક્રમશઃ પોષ વદ ૧ રવિવારે **ડભોઈ** પધારતાં ધજાઓ, બોડો આદિથી રસ્તાઓને સુંદર રીતે શણગારવામાં આવેલ, શ્રી સંઘ તરફથી સુંદર સામૈયું ગહુંલીઓ થઈ. સુંદર ઉપદેશ આપેલ પ્રભાવના થયેલ. પૂજ્યશ્રીના ઉપદેશથી અત્રેના શ્રી જિનમંદિરનો જીર્ણોદ્ધાર સુંદર શિલ્પ સ્થાપત્યાનુસાર દેલવાડાની ઝાંખી કરાવતું મંદિર, સાથે શ્રી જંબૂસ્વામિ જૈન આગમમંદિરની ભવ્ય ઇમારત તે સાથે સાથે ગામ બહાર ગુરુ પાદુકાઓની જીર્ણ દેરીઓનો નવેસરથી સુંદર રીતે જીર્ણોદ્ધાર ચાલી રહ્યો છે. તેની પુણ્ય પ્રતિષ્ઠાનો મહોત્સવ મહા વદ ૧૧ થી ફાગણ સુદ ૩ સુધી સુંદર રીતે ઉજવાશે. પૂજ્યશ્રીના પ્રવચનો રોજ ચાલે છે તેનો ભાવિક ભાઈ-બહેનો ઠીક લાભ લે છે.

પાદરા—પૂજ્ય મુનિરાજ શ્રી જયંતવિજયજી ગણિવર આદિ ઠાણા ૪, અંકલેશ્વરથી પોષ સુદ ૬ના વિહાર કરી શાસન-પ્રભાવના કરતા પાલેજ-ભીયાગામ થઈ અત્રે પધારતાં ત્યાંના સંઘની વિનંતિથી પૂજ્યશ્રીએ પોષ વદ ૮ શ્રી અરિહંત પરમાત્માની સાક્ષીએ લગભગ ૮૦, ભાઈ-બહેનોએ ઉલ્લાસપૂર્વક અતીત ભવપદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા કરાવી.

ક્રિયા કરનારાઓને આયંબિલ તથા બપોરે પૂજા ભણાવવામાં આવી. અત્રેથી પૂજ્યશ્રી વિહાર કરી પાલીતાણાના છ'રી પાલતા સંઘમાં લીંબડી ભેગા થવા ભાવના રાખે છે

ખંભાત—પૂ૦ મુનિરાજ શ્રી જયવિજયજી મ. સાહેબ અત્રે પધાર્યા. દરરોજ સુંદર શૈલીમાં વ્યાખ્યાન આપે છે. સાથે દર રવિવારે બપોરે સચોટ શૈલીમાં બોધદાયક કથાનકો પણ વર્ણવે છે.

મહા સુદ ૨ સોમવારના પરમ પૂ૦ પ્રાતઃસ્મરણીય વિજય દાનસૂરીશ્વરજી મ૦ સાહેબના સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે જયવિજયજી મ. સાહેબની નિશ્રામાં સવારના નવ વાગે જૈનશાળામાં પૂ૦ મુનિરાજે, મુલચંદ ડી. દલાલે તથા માસ્તર શાન્તિલાલે સ્વ. આચાર્યશ્રીના જીવનને લગતા સુંદર બોધદાયક પ્રસંગો વર્ણવ્યા હતા. વચ્ચે સ્વ૦ આચાર્યશ્રીના ગુણોનું વર્ણન કરતું ગીત સ્વ૦ રસિકલાલ પી. દંતારાએ ગાઈ સંભળાવ્યું હતું. બપોરે શ્રી સીમંધર સ્વામીના દહેરાસરે પૂજા રાખવામાં આવી હતી

શાહુરી-(જી. નગર) અત્રે જિનમંદિરમાં પૂ૦ આ૦ દેવ યશોદેવસૂરીશ્વરજીની નિશ્રામાં પ્રભુજીની પ્રતિષ્ઠા થઈ. આ પ્રદેશમાં સ્થાનકવાસીઓ વધારે હોવા છતાં પૂ૦ આ૦ દેવના પુન્યોદયે સૌ પધારે છે, લાભ લે છે, ભક્તિ કરે છે, ને દર્શન-પૂજાના નિયમો લે છે.

ભગવંતને ગાદી બિરાજમાન કરવાનો ચઢાવો (૧૦૦૧)મણ ઘી બોલીને શા. રાજમલ ગુલાબચંદ ગુંદેચાના સુપુત્રોએ લીધો. (ડીગરસ-પુસદ વગેરે ઠેકાણે અરજણ ખીમજીના ભાગીદાર છે. તેમણે બીજુ પણ ધ્વજા દંડ (૩૦૧)મણ એમ આશરે ૪૦૦૦) રૂપીયા વાપર્યા. કુલ ઉત્પન્ન રૂા ૬।।-૭ હજારના અંદાજે થઈ. અમલનેરથી રીખવચંદ હાથીચંદ, મચરથી શેઠ ઉત્તમચંદ સમદડીઆ, નગરથી લખમીચંદ લાલચંદ મુથા તથા સમશેરપુર, સંગમનેર-યેવલા-કોપરગામ, નગર, સોનઈ વગેરે આજુબાજુના સાધર્મિકો પધાર્યા હતા. યેવલાથી ચાંદીના રથમાં વરઘોડો કાઢયો હતો.

વારી–(જી. નગર) સ્થા. ભાઇઓનાં ૪/૫ ઘર છે તેમાં મંચરવાલા ધર્મનિષ્ઠ ધરાણાના શેઠ ઉત્તમચંદ આનંદરાય સમદડિઆના **મામા** રહે છે, તેમની પ્રેરણાથી ટ્રેનમાં શીખરજી વગેરે યાત્રાઓ કરીને આવ્યા તેના પુન્યાર્થે ચાંદીનો રથ લાવીને ભગવંતનો વરઘોડો કાઢયો. બહાર પત્રિકાઓથી આમંત્રણ આપીને સગાંવહાલાં સાધર્મિકોને બોલાવ્યા. અમલનેરથી. શ્રી રીખવચંદને પૂજા વગેરે માટે બોલાવ્યા સ્થાનકવાસીભાઇઓને અર્થ વગેરે કહી કથા–કીર્તનના રૂપમાં મારવાડી ભાષામાં સમજ આપી. કાર્યક્રમ સુંદર થયો. અને તેમના પર **સારો અસર થઈ.**

અમલનેર—વયોવૃદ્ધ સંઘના આગેવાન શ્રીમાન રા. બ. શેઠશ્રી જીવતલાલ પરતાપશી ૧૦–૧૨ માણસ સાથે તીર્થયાત્રાએ નીકળેલા. અમલનેરના સંઘે ખૂબ સ્વાગત કર્યું. ૩–૪ ઠેકાણે ચહા–નાસ્તા વગેરે થયા. બપોરે રીખવચંદ હાથીચંદને ત્યાં ૩૫–૪૦ જણનું જમવાનું થયું. અહીંથી શીરશાળા સંઘના આગ્રહથી રવિવારે બપોરે શીરશાળા થઇ આગળ ઈંદોર તરફ જશે. સીરપુર પણ જશે.

અમલનેરમાં રૂા. ૧૦૧) આબીલ ખાતામાં, રૂા. ૫૧) જ્ઞાનખાતામાં, રૂા. ૫૧) સાધારણખાતે, રૂા. ૨૫) ભક્તિમંડલ, રૂા. ૨૫) પ્લોટ સાધારણમાં, એમ શુભ કાર્યમાં વાપર્યા.

શાહુરી—(જી. અહમદનગર) ગામ નગરથી નાશીકના વિહારમાં વચ્ચે છે તાલુકાનું ગામ છે. ત્યાંનું મંદિર ૭ વરસ પહેલાં મહાપૂરમાં તણાઇ ગયું હતું તેથી નવીન બંધાવી પ્રતિમાજી શ્રી સુપાર્શ્વનાથ ભગવાન મોટા બિંબ ૩૫ ઈંચના લાવ્યા ને પોષ સુદ ૭ના રોજ અમલનેરથી શ્રી રીખવચંદ હાથીચંદ તથા નેમીચંદ કોડારી ગયા હતા. પ્રવેશ ખૂબ સુંદર રીતે થયો. પૌષ વદ ૧ પ્રતિષ્ઠા થઇ. પૂ૦ આચાર્યદેવ શ્રી યશોદેવસૂરીશ્વરજી મ૦ સુદ ૧૨–ને બુધવારે પ્રવેશ કર્યો. ૬ દિવસ શાહુરીમાં સ્થિરતા થઇ. ભક્તિને સમજનો નમુનો છે કે સમશેરપુર જેવા ૫–૭ ઘરવાળા ગામના દેવદ્રવ્ય ખાતામાં પૂ૦ શ્રી મુક્તિવિજયજી મ૦ સ૦ ના સદુપદેશથી રૂા. ૩૫૦૦) શાહુરીને આપ્યા, ને હજી આપવાની ભાવના છે. એવી રીતે બીજા ટૂરટીઓ દેવદ્રવ્યનો સદુપયોગ કરે.

સિહોર:—શાશ્વતગીરીરાજ શ્રી સિદ્ધાચલજીના ભાડવા નામના વિભાગ ઉપર સાંજ અને પ્રદ્યુમ્નકુમાર સાડા આઠ કોડ મુનિવરોની સાથે ફાગણ સુદ ૧૩ ના દિને સિદ્ધિપદને પામ્યા આ પવિત્ર ભૂમિતળની ૭ ગાઉની યાત્રા કરી અપૂર્વ લાભ મેળવો. આ શુભ દિવસની યાત્રાએ જનારા પ્રત્યેક યાત્રિકોને ચા, દૂધ, દહીં, ઠેમરા ઇત્યાદિ આપવાની સુંદર વ્યવસ્થા કોઇપણ પ્રકારના ભેદભાવ સિવાય કરવામાં આવશે. યાત્રાએ પધારી અમોને પણ આપની સેવા સુશ્રૂષા કરવાની અમૂલ્ય તક આપશો. ઉપરોકત વ્યવસ્થા શ્રી સિહોરપાલ કમીટી સ્વધર્મી બંધુઓના સહકારથી દસ વર્ષથી કરે છે. આવક ખર્ચનો રિપોર્ટ પ્રતિવર્ષ બહાર પાડવામાં આવે છે.

લી૦ શ્રી સિહોરપાલ કમીટી વતી
જયન્તિલાલ ટી. શાહના જયજિનેન્દ્ર.

—: જાહેરાત :—

આદોની મેડિકલ સ્ટોર તરફથી સાધુ-સાધ્વીજીને જરૂર હોય તો સારા વૈદના સૂચનાપત્ર મુજબ તામ્રભસ્મ, લોહભસ્મ, સુવર્ણમાક્ષિક, સુવર્ણ પર્પટી, સોનાનો વરખ, દવા માટે ભેટ મોકલાશે.

—: જલદી નોંધાવી દો. :—

પ્રકાશકીય:—પરમતેજ અરિહંત પરમાત્માના ભકતને એમની અનેકવિધ વિશિષ્ટતાઓનો અને અસર્વજ્ઞની મહાન ન્યુનતાઓનો સુન્દર ખ્યાલ આવે, તેમજ જૈન દર્શનના તત્ત્વોનાં પરમતેજનો અદ્‌ભુત બોધ મળે એવું શ્રી લલિતવિસ્તરા ગ્રન્થનું વિસ્તૃત વિવેચન તૈયાર થઇ રહ્યું છે. અર્હદ્‌ભકતને એના વિના ચાલી શકે નહિ. કુટુંબ, મિત્રમંડળ વગેરેમાં પણ ખૂબ ઉપયોગી અને આવશ્યક આ ગ્રન્થની કોપીઓ જલદીથી નોંધાવી દેવા અને પહેલા ભાગની દરેક કોપી દીઠ રૂા. ૫) કાર્યાલયે પહોંચતા કરવા વિનંતિ છે.

મુદ્રક : ચંદ્રકાન્ત રતિલાલ શાહ. (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીની ચાલી, માણેકચોક, અમદાવાદ. ત્યાંથી છાપી પ્રગટ કર્યું.

દિવ્યદર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : બચુભાઇ ચીમનલાલ ઝવેરી

કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. મુંબઇ શાખા : ૧૬૭-૬૯, કીકા સ્ટ્રીટ. વર્ષ-૭, અંક-૨૪ શનિવાર તા. ૨૮-૨-૧૯૫૯

તંત્રીસ્થાનેથીઃ—

જ્ઞાનખાતાની રકમનો કેળવણીમાં ઉપયોગ થઈ શકે ?

ચાણસ્મા શ્રી સંસ્કૃતિ રક્ષક સભાના મંત્રી શ્રી મનસુખલાલ ડાહ્યાચંદ શાહ તરફથી મુંબઇ, વાલકેશ્વર શ્રી આદીશ્વરજી જૈન મંદિર પેઢીના ટ્રસ્ટીઓને જ્ઞાનખાતાની રકમ કેળવણીમાં વાપરવાના ઠરાવ અંગે લખાયેલ પત્રની નકલ તથા ઠરાવની નકલ દિવ્યદર્શનમાં પ્રસિદ્ધ કરવા માટે મળેલ છે, તે નીચે મુજબ છે.

ચાણસ્મા, તા. ૭-૧-૫૯

પંચપરમેષ્ટી નમસ્કાર મહામંત્ર સ્મારક સ્વધર્મીબંધુ શ્રી વાલકેશ્વર જૈન શ્વે. પેઢીના કાર્યવાહકો (ટ્રસ્ટીગણ) મુંબાઈ,

પ્રણામ પૂર્વક લખવાનું કે, આ સભાની જનરલ મીટીંગ તારંગાતીર્થે પૂજ્ય આચાર્યો, મુનિવરો, સાધુ-સાધ્વી આદિ ઠા. ૬૦ તથા સેંકડો શ્રાવક-શ્રાવિકા શ્રી ચતુર્વિધ સંઘની નિશ્રામાં માગશર સુદી ૧૫, વદ ૧, વદ ૨, તા. ૨૬-૨૭-૨૮ ડીસેમ્બર અગાઉથી જાહેર નિમંત્રણ દ્વારા મળેલ, તેમાં મુંબાઇથી પ્રતિષ્ઠિત ધર્મપ્રેમી ગ્રહસ્થો તરફથી સભાને સૂચના મળેલ કે વાલકેશ્વરના ટ્રસ્ટીઓએ જ્ઞાનખાતાની આવક વ્યવહારીક કેળવણીમાં વાપરવા ઠરાવ કરેલ છે; માટે તે જૈન શાસન સિદ્ધાંતથી વિરુદ્ધ હોવાથી અટકાવવા ઠરાવ થઈ યોગ્ય કાર્યવાહી કરશો. હવે આ બાબતમાં સત્ય શું છે તે તપાસ કરવી જોઈએ. તેથી તારંગાતીર્થની જાહેર સભામાં આ સંબંધી ઠરાવ કે જાહેરાત કે ચર્ચા થવા દીધી નથી. હવે આ બાબતમાં આપે શું ઠરાવ કરેલ છે તેની અક્ષરસઃ નકલ મોકલી આપશો. તમો જાણો છો કે આ સભા ટ્રસ્ટ એકટની સામે પુરી ઝુંબેશ ઉઠાવી સુપ્રીમ કોર્ટ સુધી લડત ચલાવી જૈન સંસ્કૃતિ સિદ્ધાંતની યથાશકય રક્ષા કરી રહેલ છે. આપ જેવા સેવાભાવિ, ધર્મપ્રેમી વહીવટદારોને હાથે જાણેઅજાણે કોઈપણ જાતનું ધર્મ વિરુદ્ધ અયોગ્ય પગલું ન ભરાય એમ હરકોઈ ઇચ્છે છે. આપના વહીવટદારો પૈકી શ્રી. ભોગીલાલ લહેરચંદ શેઠનો તો સુપ્રીમકોર્ટની લડત સુધી સારો ફાળો સહકાર આ સભાને મળ્યો હતો, અને તેઓ પણ વાલકેશ્વરમાં ટ્રસ્ટી છે તેથી આપના હસ્તકની સંઘની સંસ્થામાં કોઈપણ જાતનું અયોગ્ય પગલું ન ભરાવું જોઇએ એવી અમોને ખાત્રી છે તો આ સંબંધમાં સત્ય હકીકત જણાવશોજી. અને ઠરાવની નકલ પણ મોકલી આપશોજી.

એજ૦ લિ૦ આપનો, મનસુખલાલ ડાહ્યાચંદ શાહ.
ચાણસ્મા સંસ્કૃતિ રક્ષક સભાના સેક્રેટરી, ચાણસ્મા.

વાલકેશ્વર આદીશ્વરજી જૈન મંદિર પેઢીએ કરેલ ઠરાવની નકલ.

તા. ૨૬-૧૨-૫૮

જ્ઞાનખાતાની રકમના ઉપયોગ બાબત વિચાર કરવામાં આવ્યો હતો, અને જ્ઞાનખાતાની રકમોમાંથી અત્યારસુધી જે કાર્યમાં આ ખાતાની રકમો વપરાય છે તે ઉપરાંત હવેથી (આજથી) જ્ઞાનખાતામાં જે રકમો આવે તે રકમનો ઉપયોગ અગાઉ આજદીન સુધી જે કાર્યોમાં થતો હતો તે ઉપરાંત પાઠશાળાઓ અગર પાઠશાળાઓના પુસ્તકો અગર પાઠશાળાઓના નિભાવ માટે વાપરવાનું નકકી કરવામાં આવે છે. તેમજ કોઇપણ એજ્યુકેશનના કાર્યોમાં આ ખાતાની રકમ વાપરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવે છે. આ અંગે ચોપડામાં જે કાંઈ ઘટતો ફેરફાર કરવો પડે તે કરવાના કામ માટે મેનેજીંગ ટ્રસ્ટીને તમામ સત્તા સર્વાનુમતે આપવામાં આવે છે.

નોંધ:—

લખતાં અત્યંત ખેદ થાય છે કે જો મુંબઇ વાલકેશ્વર દેરાસરના ટ્રસ્ટીઓએ ઉપરોકત ઠરાવ કર્યો હોય તો તે માત્ર જૈનધર્મ અને જૈનસંસ્કૃતિને જ નહિ, કિન્તુ આર્યસંસ્કૃતિને માટે ખતરનાક છે. પાશ્ચાત્યસંસ્કૃતિ જ્યારે ભૌતિકતા અને મહાઆરંભસમારંભાદિ પાપો ઉપર ઉભી છે, ત્યારે આર્યસંસ્કૃતિ આધ્યાત્મિકતા અને અહિંસાદિ ધર્મ ઉપર ટકેલી છે. આજનાં બીજાં દુન્યવી એજ્યુકેશન, જેવાં કે કોમર્સિયલ, એન્જીનીયરીંગ, મેડિકલ વગેરે, ભૌતિકતાદિને અનુલક્ષીને હોવાથી આર્યસંસ્કૃતિના પાયા સાથે સંબંધ ધરાવતા નથી, તો પછી જૈનધર્મ સાથે સંબંધ ધરાવવાની વાત જ કયાં ? તો આધ્યાત્મિક સંસ્કૃતિ-પોષક સમ્યગ્જ્ઞાન માટેનાં નાણાં ભૌતિક વિદ્યામાં લઇ જવાથી ધર્મસંસ્કૃતિનો દ્રોહ અને ઘાત થાય એ સ્પષ્ટ સમજાય એવું છે. બીજું,

ધર્મના સાત ક્ષેત્રો પૈકી આગમક્ષેત્ર જ્ઞાનખાતું એ ત્રીજા નંબરનું ધર્મક્ષેત્ર છે. એમાં અપાતાં નાણાં આગમ અને પૂર્વાચાર્યોના શાસ્ત્રોના સંરક્ષણ તથા સમ્યગ્જ્ઞાનની ભકિત નિમિત્તે અપાય છે. તો એ સમ્યગ્જ્ઞાનની ભકિતનું ટ્રસ્ટ થયું, એનો ઉપયોગ દુન્યવી ભૌતિક એજ્યુકેશનમાં કેમ થઇ શકે ? એવો ઉપયોગ કરવાનું ઠરાવનાર ટ્રસ્ટીઓ શું Breach of Trust નથી કરતા ?

વળી, આ રીતે એક ધર્મક્ષેત્રના નાણાંનો અનુચિત વ્યય કરવા જતાં, પછી બીજાં ધર્મક્ષેત્રના નાણાંનો અનુચિત વ્યય કરવાના પ્રસંગ ઉભા થશે. એમ થતાં ધાર્મિક જનતાના ધર્મબુદ્ધિએ અપાયેલાં નાણાં પાપમાં જવાથી ધર્મક્ષેત્રોની કિંમત ઉડી જાય, ધર્મક્ષેત્રો સીદાય, અને એ બધાની કારમી અસર ધર્મ ઉપર પડે એ સહજ છે. શ્રી મહાવીર પ્રભુનું ધર્મશાસન જે આજસુધી અવિચ્છિન્ન ચાલી આવ્યું છે અને હજી પણ તેમ ચાલશે તે તેમાં ધર્મક્ષેત્રોનું વ્યવસ્થિત સંચાલન એક અનિવાર્ય કારણ છે.

માટે, શ્રી વાલકેશ્વર આદીશ્વરજી જૈન મંદિર-પેઢીના ટ્રસ્ટીઓને જો ખરેખર ઉપરોકત ઠરાવ થયો હોય તો તેને વહેલી તકે નાબૂદ કરી ટ્રસ્ટ પાલન અને જૈન શાસ્ત્રોના ધારાધોરણને વળગી રહેવા ભાર-પૂર્વક વિનંતિ કરીએ છીએ.

—: જલદી નોંધાવી દો. :—

પ્રકાશકીય:—પરમતેજ અરિહંત પરમાત્માના ભકતને એમની અનેકવિધ વિશિષ્ટતાઓનો અને અસર્વજ્ઞની મહાન ન્યુનતાઓનો સુન્દર ખ્યાલ આવે, તેમજ જૈન દર્શનના તત્ત્વોનાં પરમતેજનો અદ્‌ભુત બોધ મળે એવું શ્રી લલિતવિસ્તરા ગ્રન્થનું વિસ્તૃત વિવેચન તૈયાર થઇ રહ્યું છે. અર્હદ્‌ભકતને એના વિના ચાલી શકે નહિ. કુટુંબ, મિત્રમંડળ વગેરેમાં પણ ખૂબ ઉપયોગી અને આવશ્યક આ ગ્રન્થની કોપીઓ જલદીથી નોંધાવી દેવા અને પહેલા ભાગની દરેક કોપી દીઠ રા. ૫) કાર્યાલયે પહોંચતા કરવા વિનંતિ છે.

ધર્મબીજનું વાવેતર અને પાક.

પૂર્વાચાર્યોએ કહ્યું છે કે જેવી રીતે વિધિપૂર્વક બીજ વાવ્યું હોય તો એમાંથી અંકુરો ફૂટે છે, ડાંડી આવે છે, તથા પાંદડાં અને પુષ્પ આવીને છેવટે ફળ તૈયાર થાય છે; તેવી રીતે ધર્મના બીજને વાવવાથી એના અંકુર વગેરે થઇને ફળ પર્યંતની ઉત્પત્તિ થાય છે;-એમ વિદ્વાન પુરુષોનું કહેવું છે. ત્યારે પ્રશ્ન થાય કે

પ્ર૦—ધર્મબીજનું વાવેતર અને અંકુરાદિ એટલે શું ?:—

ઉ૦—ધર્મની શુદ્ધ પ્રશંસા, કુશળ ચિત્ત, અને ઉચિત કૃત્યનું સેવન, એ ધર્મબીજનું આરોપણ છે; ત્યારે ધર્મની તીવ્ર અભિલાષા વગેરે, એ અંકુરાદિ છે... યાવત્ મોક્ષ એ ફળપ્રાપ્તિ છે.

ધર્મ બે પ્રકારે, શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. **શ્રુતધર્મમાં** પાંચ પ્રકારનો સ્વાધ્યાય અર્થાત્ શાસ્ત્રની **વાચના**=ભણવું, ભણાવવું, **પૃચ્છના**=શંકા જિજ્ઞાસા પૂછવી, **પરાવર્તના**=ભણી ગયેલા સૂત્ર-અર્થની આવૃત્તિ કરવી, **અનુપ્રેક્ષા**=ભણેલા ઉપર ચિંતન-મનન કરવું, અને **ધર્મકથા**=ધાર્મિક પદાર્થોની ચર્ચા-વિચારણા કરવી; એ આવે. એવી રીતે સમ્યક્ શાસ્ત્રોને લખાવવા, યોગ્ય જીવોને એનું દાન કરવું; વાચનાદિ યોગ્યજીવોને, બીજાને એમાં પ્રેરક-સહાયક થવું; ઇત્યાદિ શ્રુતધર્મની ઉપાસના છે. **ચારિત્રધર્મમાં** સર્વવિરતિ ચારિત્રરૂપી યતિધર્મ, અને દેશવિરતિ ચારિત્રરૂપી શ્રાવકધર્મ આવે. યતિધર્મમાં ક્ષમા-મૃદુતાદિ, દશકધર્મ, અહિંસાદિના પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પંચાચારનું પાલન વગેરે આવે શ્રાવકધર્મમાં સમ્યક્ત્વમૂળ સ્થૂલ અહિંસાદિ બાર વ્રત, અને એને ટકાવનાર નિર્મળ અને પુષ્ટ કરનાર જિનભક્તિ, સાધુસેવા, દાન-શીલ-તપ ભાવના, માર્ગાનુસારી વગેરે ગુણો આવે.

ધર્મબીજનું આરોપણ:—

એ ધર્મની શુદ્ધ પ્રશંસા કરવી, કુશળ ચિત્ત અને ચિંતન કરવું, તથા ઉચિત કૃત્યનું આચરણ કરવું, એ ધર્મબીજનું વાવેતર કરવારૂપ છે. ધર્મની શરૂઆત ધર્મપ્રશંસાથી થાય છે. ધર્મનો મહિમા લાગે, ધર્મનો પ્રભાવ જણાય, ધર્મ તરફ આકર્ષણ થાય, **સંભ્રમ-આશ્ચર્યકારી ભાવ થાય**, ત્યારે ત્યાં જે **ઉદ્ગાર** નિકળે કે-'અહો ! કેવો સુંદર ધર્મ ! કેવો મહાન ધર્મ ! કેવો અદ્ભુત ધર્મ ! કેવો ઉપકારી ધર્મ !' વગેરે, એનું નામ ધર્મ-પ્રશંસા. આ કરી એનો અર્થ એ, કે આત્મારૂપી ખેતરમાં ધર્મનું બીજ પડ્યું. એ હવે કયારે ને કયારે ઉગવાનું. સંઘયાત્રા-ઉત્સવ-વરઘોડા વગેરે શાસન-પ્રભાવનાના કાર્યો દેખી જૈનેતરોને આ પ્રશંસા થાય છે, એ એનામાં ધર્મબીજારોપણનું મહાન કાર્ય થયું કહેવાય; માટે પ્રભાવક કાર્ય કરનાર તો ધર્મબીજની લ્હાણી કરી ! જૈનેતરને આમ, તો જૈનને તો સમ્યગ્ધર્મના પ્રત્યેક અંગની જ્યાં ક્યાંય સાધના થતી હોય તેની પ્રસંસા જોઇએ, તો જ બીજ-અવસ્થામાં ય આવે, નહિતર તો બીજે ય નહિ, તો ઉપરની વાતે ય શી ? દુશ્મનનું પણ ધર્મકાર્ય જોયું, અસૂયા કે અવગણનાની દૃષ્ટિએ ન જોવાય. મુમુક્ષુ પુત્રાદિને કદાચ મોહથી ચારિત્ર લેવામાં સંમતિ ન અપાતી હોય તો ય ચારિત્રધર્મની પ્રશંસા તો જોઇએ જ. એમ કોઇનો પણ ત્યાગ, તપ, દાન, જ્ઞાન, સંયમ વગેરે ધર્મ જોઇને 'ધન્ય છે, આવો ધર્મ થઈ રહ્યો છે !' એમ પ્રશંસા ન થતી હોય તો મૌલિક વાંધો છે. દાનાદિ ધર્મનું બીજ જ ન હોય પછી ગમે તેટલું દાન-શીલ વગેરે કરે, એથી શું ? વળી ધર્મ-પ્રશંસા શુદ્ધ જોઇએ. શુદ્ધ એટલે પૂર્વે (પાનું)માં કહ્યું તેમ **उपादेयधियात्यन्तं**... તે તે ધર્મમાં કર્તવ્ય-બુદ્ધિ જોઇએ, સંજ્ઞાઓના નિગ્રહ અને ધર્મના ફળ તરીકે પૌદ્ગલિક ફળનો નિરાશંભાવ જોઇએ.

પ્ર૦—ધર્મ-પ્રશંસા તો હજી ધર્મના બીજરૂપ છે, અતિ પ્રાથમિક અવસ્થા છે, ત્યાં જૈનેતરમાં આટલું બધું ક્યાંથી હોય ?

ઉ૦—બીજની અવસ્થા ય કોઇને પણ સંસારના ચરમાવર્ત (છેલ્લા પુદ્ગલ પરાવર્ત) કાળમાં જ આવે છે; તેથી એથી અધિક કાળ હશે તો સંજ્ઞાઓના ભારે જોર હશે, અને ગમે તે ધર્મ પણ કરતો હશે તો તે કેવળ દુન્યવી સ્વર્ગાદિના સુખ લેવા માટે હશે, એવાને સાચી ધર્મપ્રશંસા નહિ જ જાગવાની. બાકી ઇતરધર્મીના હાથમાં ભલે શુદ્ધ સર્વજ્ઞકથિત ધર્મ નથી, છતાં એ ચરમાવર્તમાં હોઇ શકે, એને ય આર્યધર્મના પ્રતાપે મોક્ષની ઇચ્છા હોઇ શકે; તેથી

એની નજરે મહિમાવંતો શુદ્ધ ધર્મ આવતાં 'આ ખરેખરૂં કરવા જેવું છે' એવી એમાં કર્તવ્ય-બુદ્ધિ એને જાગી શકે છે. વળી એ આહારાદિ તથા કષાયાદિની સંજ્ઞાઓ પર અંશે પણ નિયંત્રણ કરનારો હોઇ શકે છે. નિયંત્રણના માર્ગે હોય એના પ્રયત્નમાં હોય એ ય નિગ્રહયુક્ત કહેવાય. વળી એ સંજ્ઞાઓના જોરમાં અવિવેકીપણું લાગે, ખરાબી દેખાય, એ પણ સંજ્ઞાઓનો એક પ્રકારનો નિગ્રહ છે, બીજું, એવા ઇતર ધર્મીને મોક્ષનું મહત્ત્વ અને સંસારની વિટંબણા સમજાયાથી ધર્મના ફળરૂપે સ્વર્ગાદિના પણ સંસાર માગવાનું ન ગમે, એ ય શક્ય છે, તેથી એને નિરાશંસભાવ પણ હોઇ શકે છે. આવો જીવ સદ્ધર્મની પ્રશંસા કરે, ગુણ ગાય, વાહ વાહ બોલે એ શુદ્ધ પ્રશંસા છે, અને એવી પ્રશંસા એ જ ધર્મબીજ બની શકે છે. બીજમાં પ્રશંસા આદિ કહી 'આદિ' શબ્દથી કુશળ ચિત્ત અને ઉચિત કૃત્યપાલન લીધા. કુશળ ચિત્તમાં, તે ધર્મ, ધર્મસ્થાપક, ને ધર્મગુરુ પ્રત્યે દ્વેષનો અભાવ આવે તેમજ શુભ આશય આવે. પ્રશંસા તો અન્ય હેતુથી ય થાય, પણ તેવી નહિ, કિન્તુ કુશળ ચિત્ત સહિત જોઇએ, અર્થાત્ મન મલિન આશયવાળું, અતિ નીચ વિચારસરણીવાળું ન હોવું જોઇએ. તેમ જીવન પણ ઉચિત કૃત્યોના આસેવનભર્યું હોય, નહિ કે અનુચિત કૃત્યભર્યું, અને ઉચિત કૃત્યોના કૃત્યોની બેપરવાઈવાળું એથી તો ધર્મ નિંદાય. પૂર્વે 'ધર્મના અધિકારી' પ્રકરણમાં ત્રીજો ગુણ ઉચિત વૃત્તિ કહ્યો છે, ઉચિત આજીવિકા-વ્યવસાય સાથે બીજો પણ ઉચિત વર્તાવ, ઔચિત્યનું અને યોગ્ય કાર્યોનું આસેવન જોઇએ. બહાર અનુચિત વર્તનારાને તો ધર્મમાં ય નવા ફતવા, નવા વિધિ, વગેરે સ્વચ્છંદપણે અનુચિત વર્તવાનું મન થાય છે.

તો જુઓ, ધર્મની શરૂઆત થવા માટે, બીજ પડવા માટે, વાણી-મન-કાયા, ત્રણેની શુદ્ધિ બતાવી. વાણી ધર્મપ્રશંસા કરતી હોય, નિંદા નહિ; મન કુશળ આશયોવાળું હોય, મલિન મન નહિ; અને કાયા ઉચિત કૃત્યમાં લાગેલી હોય, અનુચિત વર્તાવવાળી નહિ.

પ્ર૦—ધર્મબીજને આટલી બધી શી અપેક્ષા?

ઉ૦—બળેલું બીજ રસાળ જમીન, વરસાદ વગેરે છતાં કેમ ઉગતું નથી? કહેવું જોઇએ કે એમાંથી અનેક તત્ત્વો નાશ પામ્યા છે. સારી બીજમાં તો છૂપા એટલા બધા તત્ત્વો ભર્યા છે કે જેના પર અંકૂર-ડાળી, પત્ર, પુષ્પ વગેરે પ્રગટ થાય છે. એવું જ ધર્મબીજમાં હોવું જોઇએ. બીજથી આગળ ધર્માભિલાષારૂપી અંકુર વગેરેમાં જવાનું છે, એને યોગ્ય તત્ત્વો આમાં નહિ હોય તો એ ક્યાંથી પ્રગટવાના? ધર્મપ્રશંસા એ તો યંત્રનું એક ચક્ર છે, એની સાથે બીજાં કેટલાય ચક્ર ચાલતાં હોય તો, ધર્મરુચિને અટકાવે એવા જે અનેકાનેક દોષ-દુર્ગુણોએ હૃદયનો કબજો કર્યો છે, એને એથી ધક્કો લાગે, અને એ ધર્મપ્રશંસાદિમાંથી ધર્મ-ઇચ્છાદિરૂપ માલ તૈયાર થાય.

ધર્મચિંતાદિ એ અંકુરાદિ છે:-ધર્મચિંતા એ અંકુર, ધર્મસત્ શ્રવણ એ મૂળ સ્કન્ધ (થડ), ધર્માનુષ્ઠાન એ અવાન્તર (પેટા) ડાળી, અને દેવ-મનુષ્યની સંપત્તિ એ પુષ્પ સમાન છે; અને ફળ તરીકે મોક્ષ છે. અહીં ધર્મપ્રશંસા-કુશળચિત્ત-ઉચિતકૃત્યકરણરૂપ બીજમાંથી **અંકુરભૂત ધર્મચિંતા યાને ધર્મની હાર્દિક અભિલાષા** પ્રગટે છે, ધર્મને પોતાના જીવનમાં ઉતારવાની ભૂખ લાગે છે, ગરજ જાગે છે. ધર્મની સાચી ભૂખ અને ગરજ જુદી, દેખાવની કે ધન-માન વગેરેના સ્વાર્થથી થતી જુદી! 'લાખ રૂપિયા મળે તો સંઘ કાઢું,' એમ ઇચ્છા થાય, પણ પાસે જે છે એમાંથી બે-પાંચ પણ ગરીબ સાધર્મીને તીર્થયાત્રા કરાવવાનું શક્ય છતાં એ દિલ નથી થતું, તો એ ઇચ્છા દેખાવની કે સાચી? એમ ધન માટે આયંબિલ ઓળી કરવાનું મન થયું, પુત્ર માટે ભગવાનનું પારણું લેવાનું મન થયું, એમાં ખરેખર ભૂખ અને ગરજ તો ધન ને પુત્રની થઇ, ધર્મની નહિ, એવી ઇચ્છા અહીં નથી લેવાની, અહીં તો શુદ્ધ ધર્મની અભિલાષા, તમન્ના-તાલાવેલી લેવાની છે. મૂળમાં ધર્મની શુદ્ધ પ્રશંસા જાગે તો આ સુલભ બને છે. એ માટે પંચસૂત્રમાં કહ્યા મુજબ ધર્મ એ સમસ્ત કલ્યાણોનું કારણ છે, તેમ ધર્મ એ જ રક્ષક અને પાલક છે, ધર્મ એ જ ખરું જીવન છે,...વગેરે વગેરે શ્રદ્ધાપૂર્વક ઉછળતી પ્રીતિ ધર્મ પર રહેવી જોઇએ. એમ, **ધર્મની અભિલાષા જાગ્યા પછી, ધર્મનું સમ્યક્ શ્રવણ**

કરવાનું, જેથી ધર્મનું સમ્યગ્ જ્ઞાન મળે પુસ્તકમાંથી વાંચી લેવાય તે જુદું; અને ધર્મનું જ ઊંચું જીવન જીવનારા ત્યાગી-વૈરાગી સદ્ગુરુ પાસેથી મળે તે જુદું; કેમકે (૧) એમના મોંઢેથી નિઃસ્વાર્થ વાત્સલ્યભાવે કહેવાતાની ભારે અસર પડે છે; વિશેષ સંવેગ-વૈરાગ્યાદિ પ્રેરાય છે; તેમજ (૨) વાસ્તવિક પ્રક્રિયાત્મક જાણવા મળે છે; વળી, (૩) પહેલાં અઘરો લાગતો ધર્મ એ એવી રીતે કહે છે કે સાધવો સહેલો લાગે છે, ત્યારે, (૪) એ પણ લાભ છે કે એક સાથે વિવિધ શાસ્ત્રોની વાત સાંભળવા મળે છે, અને તે પણ ઉત્સર્ગ-અપવાદ વગેરે વિષય-વિભાગવાર મળે છે, અને પોતાની કક્ષા તથા સંયોગ અનુસાર કયો, ને કેટલો ધર્મ શક્ય બને, ઇત્યાદિ બધું વિવેકભર્યું જાણવા મળે છે. પુસ્તક જાતે વાંચી લેવાથી આ બધા લાભો કયાંથી મળી શકે? ત્યારે ગુરુ પાસે શ્રવણ કરવાનું તે પણ યોગ્ય કાળ-વિનય-બહુમાન વગેરે વિધિ સાચવીને કરવાનું તો એ સમ્યક્ શ્રવણ બને. એમાં ય શુશ્રૂષાશ્રવણ-ગ્રહણ-ધારણ-ઉહાપોહ વગેરે બુદ્ધિના આઠ ગુણ, તથા બોધપરિણતિ, સ્થૈર્ય વગેરે સાચવવા જોઇએ. આ સત્શ્રવણ એ અંકુર પર મુખ્ય સ્કન્ધ અવસ્થા થઇ. એ પછી એના પર બીજી ડાળીઓ, ડાંઠીઓ તરીકે **ધર્મનું અનુષ્ઠાન** આચરવાનું. સાંભળીને હેઠું નહિ મૂકવાનું, પરંતુ એમાંથી શક્ય હોય એટલો ધર્મ અમલમાં ઉતારવાનો, શક્યનો અર્થ એ છે કે ઉપદેશ તો આદર્શ વસ્તુનો પણ હોય, ને ઉચ્ચ સાધનાનો ય હોય, એમાંથી જેટલું બની શકે એટલું, પરંતુ એનો અમલ જોઇએ. દા. ત. પ્રભુભક્તિ અને શાસનપ્રભાવનાના પ્રસંગમાં સાંભળ્યું કે-' ધના પોરવાલ, વિમળશાહ વગેરેએ કરોડોના ખર્ચે આવા સુંદર જિનમંદિર બંધાવ્યા,' ત્યાં પછી એમ નહિ વિચારી બેસી રહેવાનું કે-' આપણાથી શ્યે એ બને?' ત્યાં તો શક્ય નાની ભક્તિ-પ્રભાવનાનાં ધર્મકાર્ય અમલમાં લાવવાનાં. ત્યાં એમ નહિ પૂછતા કે-' તો પછી ગુરુ નાના જ દાખલાને નાની જ વાત સંભળાવે તો સારું ને?' ના, ગુરુ તો ઊંચું શ્રવણ ભવ્ય પ્રેરણા-પ્રોત્સાહન માટે આપે છે. ધર્મક્રિયા અને જીવનમાં ધર્મમય આચારો **પણ ખૂબ ખૂબ** તથા વારંવાર સેવવા જોઇએ, જેથી અનાદિની પાપવાસનાઓ અને પાપકુટેવોના જોર મોળા પડે, તો આગળ ધર્મ-અનુષ્ઠાનના પરિણામે જે દેવ-મનુષ્યની સંપત્તિના સુખ આવવાના છે, ત્યાં જીવ મોહમૂઢ ન થાય, મદમાં મહેકી ન જાય. વળી અનુષ્ઠાન પણ સાંભલેલા વિધિ-વિધાન મુજબ થવો જોઇએ, પણ યથેચ્છ રીતે નહિ. આમ અનુષ્ઠાનમાંથી.....

દેવ-મનુષ્યની સંપત્તિ-વૈભવ નીપજે, તે ધર્મવૃક્ષમાં પત્ર પુષ્પ અવસ્થા છે. બીજ રોપ્યું એટલે ફટસર આ આવીને ઊભું જ રહે છે; પણ આના માટે ધર્મ નથી કરવાનો, કેમકે ધર્મનું આ ફળ નથી, તેમજ આની ઝંખનામાં આ મુખ્ય દૃષ્ટિ બને છે અને ધર્મ ગૌણ બની જાય છે, એ મોટું નુકસાન છે. અહીં એક પ્રશ્ન થશે કે તો પછી સંપત્તિઓને ધર્મવૃક્ષમાં કેમ ધાલી? ઉત્તર એ છે કે એક તો ધર્મબીજમાંથી જેટલું જેટલું નીપજતું આવે એટલું બતાવવું જોઇએ, તેમજ ધર્મની શુદ્ધ પ્રશંસા ઇચ્છા, સત્શ્રવણ, વગેરેથી પ્રાપ્ત થયેલ સંપત્તિઓ પણ પુણ્યાનુબંધી પુણ્યની હોય છે, તેથી ધર્મહૃદય વધતું-વિકસતું રહે છે. બાકી જ્યાંસુધી અંતિમ મોક્ષ ન મળે ત્યાંસુધી ધર્મ પુણ્ય જ આપે, પાપ નહિ! ને પુણ્યનાં ફળ સંપત્તિ જ હોય, આપત્તિ-વિપત્તિ નહિ! છતાં એમાં જીવનું મોક્ષ-પ્રયાણરૂપ ધર્મસાધન ચાલુ રહે છે. તે યાવત્ સર્વવિરતિ, અપ્રમત્તાવસ્થા, શુક્લધ્યાન સુધી; ને એમાં છેવટે, **મોક્ષરૂપી** ફળ નીપજે છે. ધર્મની શુદ્ધપ્રશંસા, કુશળ ચિત્ત અને ઉચિત કૃત્યકરણરૂપી ધર્મબીજમાંથી ઉગેલા વૃક્ષને ફળરૂપે મોક્ષ સાંપડે છે. અનાદિ અનંતાનંત કાળથી મોહમૂઢ અને કર્મવશ બની સંસારની ચારે ગતિના અનંત પરિભ્રમણ કરતો, તથા અપાર દુઃખ સાગરમાં રીબાતો જીવ એ બધાથી મુક્ત બની હવે અનંત કાળ માટે મોક્ષ અવસ્થામાં સ્થિર થાય છે. ત્યાં માત્ર દુઃખનો અભાવ નહિ, પરંતુ અનંત અવ્યાબાધ સુખ પણ છે. ગરીબી ટળે અને સારી રીતે પેટપૂર ખાવાપીવા મળે એ તો દુઃખ ટળ્યું, પરંતુ એના ઉપરે ય કરોડોની સંપત્તિ મળે તો એ સુખનો અનુભવ કરાવે છે, તેમ સર્વ કર્મના ક્ષયથી દુઃખ જવા ઉપરાંત સાચું **સહજ** અનંત સુખ મળે છે.

પ્ર૦—પરંતું મોક્ષમાં લાડી-વાડી-ગાડી કાંઇ નથી, તો સુખ શું ?

ઉ૦—પંચસૂત્રમાં એનું સ્પષ્ટીકરણ છે.—એક શત્રુના ક્ષયથી જેમ માણસને સુખ, એક રોગ દા.ત. એક ખાંસી ઓછી છતાં સુખ! એક ઇચ્છા પુરી થતાં સુખ! જગતની એક ગમતી ચીજ મળવાથી સુખ! તો પછી સર્વ શત્રુનો ક્ષય થઈ જાય, સર્વ રોગ નાશ પામે, સર્વ ઇચ્છાની પૂર્તિ થાય, અને સર્વ ઇષ્ટ પદાર્થો મળે તો સુખ કેટલું ? આવું મોક્ષનું સુખ છે. નિવૃત્તિનું એ સુખ છે! કિંચિત નિવૃત્તિના સુખનો અહીં અનુભવ નથી ? તો એ સંપૂર્ણ નિવૃત્તિ થઇ જાય તો સુખ અનંત! એકના નિવારણમાં એક સુખ તો અનંતના નિવારણમાં અનંત સુખ! છતાં આને કોઇ નિષેધાત્મક ન સમજે. કોઇ દલીલ કરે રોગ ગયો એટલે દુઃખ ગયું! એ બધું જાય તો દુઃખ જાય પણ સુખ શાનું ? ના, આ નિષેધાત્મક સુખ નથી. વિધેયાત્મક સુખ છે! ચોક્કસ સુખ છે! પણ સંયોગજન્ય સુખના ટેવાયેલાને એનો અનુભવ નથી. દુઃખના અભાવે ય છે! તદ્દુપરાંત અનંત સુખ છે. બાધક તત્ત્વો બેઠા હોય ત્યાં સુધી સત્ય તત્ત્વોનું જ્ઞાન ન થાય. સ્ફૂર્તિનું બાધક છે સુસ્તિ! તો સુસ્તિમાં સ્ફૂર્તિનો અનુભવ ન થાય! છતાં સુસ્તિ જવા ઉપરાંત વિશિષ્ટ વસાણાં-રસાયનના સેવનથી સૂક્ષ્મ જડતાનો ય નાશ થઇ સ્ફૂર્તિનો અનુભવ થાય છે. એમ અહીં સર્વ સંયોગ નાશ પામવાથી આત્માનું સ્વભાવગત અનંત સુખ પ્રગટ થાય છે. સંસારના ઇષ્ટ સંયોગોમાં સુખનો અનુભવ એ ખરજવાના સંયોગમાં ખણવાના સુખના અનુભવ જેવો છે; એ તો ભ્રમણા માત્ર છે. ભાવ આરોગ્યનું સુખ એ સાચું સુખ છે.

ધર્મવૃક્ષનું ફળ મોક્ષ જ છે, દેવતાઇ સુખ નહિ. કેમકે ફળ તો મુખ્ય સિદ્ધિને જ કહેવાય. જેમકે, ખેતીમાં ધાન્યનો પાક નીપજે એને ફળ કહેવાય છે; વચ્ચમાં ઘાસ પાકે, ડુંડિયા પાકે, એને નહિ. એ તો આનુષંગિક વસ્તુ કહેવાય, ફળ નહિ. આને તે જ સમજી શકે કે જેઓ આત્મા અને જડની વચ્ચે આકાશ-પાતાળના અંતર, આત્માનું મૂળગત અનંત જ્ઞાનાદિમય શુદ્ધ સ્વરૂપ, સાંસારિક સુખોમાં વિભાવ-દશાપણું, પરાધીન અવસ્થા, જડ પુદ્ગલનો સડન-પડન-વિધ્વંસનનો સ્વભાવ, મિથ્યાત્વાદિથી સંસાર અને સમ્યગ્દર્શનાદિથી મોક્ષ...વગેરે તત્ત્વને સચોટ-પણે સમજીને તે રીતે એને નવાજે છે. એમાં ય જે તત્ત્વથી ભાવિત મતિવાળા કહેવાય છે; અર્થાત્ વસ્તુના પરમાર્થને યાને ખરેખરી સચોટ શક્તિને જોનારા હોય છે, તેઓ તો સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગને પૂર્ણની બીજી અવસ્થામાં મોક્ષમાર્ગ તરીકે નથી માનતા, કેમકે એ અવસ્થાઓમાંથી બીજાં બીજાં ફળ થાય છે, તેથી એ ત્યાં મોક્ષરૂપી કાર્યને કરતા નથી. જો એ અવસ્થામાં એનામાં મોક્ષરૂપી કાર્ય કરવાની સચોટ શક્તિ ખરેખર હોય તો એ સીધું મોક્ષરૂપી કાર્ય જ કેમ ન કરી દે ? મોક્ષ નથી કરતા માટે એ અવસ્થામાં એ મોક્ષમાર્ગ તરીકે નથી. એ તો જ્યારે મોક્ષરૂપી અંતિમ મુખ્ય ફળને તરત પેદા કરનારી શૈલેશી અવસ્થા પ્રગટે ત્યારે કહેવાય કે એ હવે મુખ્ય ફળરૂપ કાર્યને કરી દેશે. તો એ શૈલેશી અવસ્થા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને જ મોક્ષમાર્ગ તરીકે ગણી શકાય; આવું પરમાર્થદર્શી નિશ્ચયનયનું મન્તવ્ય છે. બાકી જેનામાં તરત જ મોક્ષકાર્ય કરવાની સચોટ શક્તિ નહિ સહી, તો પણ ઉત્તરોત્તર વિકાસ થતાં પરંપરાએ જઇને મોક્ષકાર્ય જો થતું હોય તો તેવા પૂર્વાવસ્થાના સમ્યગ્દર્શનાદિને પણ મોક્ષમાર્ગ તરીકે વ્યવહારનય માને છે.

આ, ધર્મના બીજથી માંડીને ઉત્તરોત્તર વિકાસ થતાં ફળ સુધીની વાત થઇ. એમાં ભાવનમસ્કાર-ધર્મની પ્રશંસા, કુશળચિત્ત, વગેરે બીજાધાન, એની તીવ્ર અભિલાષારૂપી અંકુર, એને માટેનું સમ્યક્-શ્રવણ અને ઇચ્છાયોગની નમસ્કારક્રિયાઓ રૂપી સ્કન્ધ-ડાળી, વગેરે સાધતાં સાધતાં ભાવનમસ્કારરૂપી અંતિમ ફળ નીપજે; ત્યારે સાચું કહી શકાય કે હું ભાવનમસ્કાર કરું છું. એટલે એ દુર્લભ કહેવાય, અને તે પૂર્વે તો તેની પ્રાર્થના કરવાની હોય કે—'મને ભાવનમસ્કાર કરવાનું મળો. મારો ભાવનમ-સ્કાર હો.' આ પ્રાર્થનાની અંતર્ગત માનસિક પ્રશંસા, કુશળચિત્ત, તીવ્ર અભિલાષ વગેરે આવી જ જાય છે; પ્રાર્થના સવિનય નમનપૂર્વક થાય એટલે ઇચ્છા-યોગનું નમન પણ આવે; કે જે બધા ભાવનમસ્કાર

માટેના સમર્થ કારણો જ છે; તેથી પ્રાર્થના પણ સમર્થ કેમ ન કહેવાય ? માટે પ્રાર્થનાસૂચક 'નમો-ત્થુ ણં...' કહેવું યુક્તિયુકત છે. પ્રાર્થના કાર્યકર છે.

(ક્રમશઃ)

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી** મહારાજના પટ્ટાલંકાર
સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના વિદ્વાન શિષ્યરત્ન
પૂ. ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.

જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ? (ચાલુ)

પૃથ્વી-પાણી પ્રમુખનાજી થાવર ભેદ અનેક,
પ્રગટપણે તેહને નહીંજી પાપસ્થાનક એક;
તો પણ અજ્ઞાનિપણેજી (અવિરતિથી)
લાગે સઘળાં રે પાપ.

'અનાદિ'તત્ત્વ બુદ્ધિગમ્યઃ 'આદિ'તત્ત્વ શ્રદ્ધાગમ્યઃ-

આ જીવને અવિરતિ એટલે પાપની છૂટ અનાદિથી છે. જીવે અનાદિથી એની સાથે જીવન ગાળ્યું છે, છૂટાછેડા નથી કર્યા, તેનાથી ડાયવોર્સ નથી લીધો, અવિરતિ નામના કર્મ-હેતુની સાથે ગાંઠે બંધાઇને આ જીવ અનાદિથી રહ્યો છે. ફરીથી યાદ રાખો, જેમાં કરવાનું કાંઇ નહિ અને કર્મ સતત લાગ્યા કરે તેવો પરવાનો આ અવિરતિ છે. પાપથી છૂટાછેડા કરાય ત્યારે એ છૂટે; નોટીસ અપાય ત્યારે એ અટકે; ફારગતી લેવાય ત્યારે એ કર્મપ્રવાહ આવતો બંધ થાય.

પ્ર૦—પાપક્રિયા ન કરવા છતાં અવિરતિથી પાપ કેમ લાગે ?

ઉ૦—સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાનનું શાસન જ આ બતાવે છે કે હિંસાદિ પાપસ્થાનક સેવો તો તો પાપ લાગે, પણ ન સેવતા હો, છતાં 'હું હિંસાદિ નહિ સેવું' એવી પ્રતિજ્ઞા ન હોય, અર્થાત્ વિરતિ ન હોય, અવિરતિ હોય તો પણ પાપ લાગે. બીજાઓ તો કહેશે હિંસા કરો તો પાપ લાગે. જૈનદર્શન કહે છે હિંસાદિને વર્યા હો તો પણ પાપ લાગે. 'કરે તે ભરે' એ સ્થૂલ વાત છે, 'વરે તે ભરે' એ સૂક્ષ્મ વાત છે. 'વરે' એટલે પાપની સાથે લગ્ન, પાપની છૂટવાળો. પચ્ચક્ખાણ કરે એટલે પાપની છૂટ બંધ થઇ ગઇ.

વાત પણ સાચી છે કે **હિંસાદિ ન સેવવા છતાં એના** ત્યાગની પ્રતિજ્ઞા લેવામાં મન કેમ આનાકાની કરે છે ? એટલા જ માટે કે અવસરે જરૂર પડે તો હિંસાદિ કરી શકું. બસ, **મનમાં આવી પાપની અપેક્ષા બેઠી છે એ પણ ગુનો છે.** રીવોલ્વર લઇને ફરનારને પોલિસ પકડી પૂછે, 'કેમ રાખી છે ?' ત્યાં જો પેલો કહે કે-'હું કોઇને મારતો નથી; પરંતુ લાગ આવે તો મારી દઉં,' તો ય પોલિસ એને ગુનેગાર ગણશે. એમ અહીં પાપક્રિયાની મનમાં અપેક્ષા બેઠી હોય તો પણ પાપ લાગે. કહો કે અમને અપેક્ષા નથી, તો પછી પ્રશ્ન છે કે એના ત્યાગની પ્રતિજ્ઞા કેમ નથી કરી લેતા ?

દુનિયામાં પણ જુઓ કે ભાગીદારીમાં દુકાન હોય, અને છ-બાર મહિના બહારગામ જવું હોય; હવે ત્યાં મનમાં અપેક્ષા હોય કે-'ઠીક છે ભાગ ચાલુ રાખો, કમાણીનો લાભ થશે તો થશે;' એટલે એટલા વખત માટે ભાગીદારી બંધ ન કરી, અને ભાગ્યયોગે એ ગાળામાં ભાગીદારીના હાથે ખોટ આવી, તો તમે વેપાર નથી કર્યો છતાં ખોટનો હિસ્સો તમને લાગે કે નહિ ? હા, જો જતાં પહેલાં ભાગીદાર સાથે નક્કી કરી દો કે-'જો ભાઇ ! આ ૬-૧૨ મહિના તું વેપાર કરે એ તારા જોખમે. કમાય તો તારું, ને ખોવે તો તારું. હું તો માત્ર મારી મુડી પર વ્યાજ માગું.' આમ નક્કી કરી ગયા હો તો ખોટનો ભાર તમને ન ચડે. બસ, એ રીતે અહીં પ્રતિજ્ઞા લઇ નક્કી કર્યું કે-'આ આ પાપક્રિયા હું નહિ કરું' તો પછી કર્મનો ભાર માથે ન ચઢે.

એમ, બાર મહિના ઘર બંધ કરી બહારગામ

ગયા હો, પણ નળ અને ગટરના કનેકશન ઉભા હોય પછી ભલે બાર મહિના તે વાપર્યા નથી, છતાં મ્યુનિસીપલ ટેક્ષ ભરવો પડે છે.

એવી રીતે, કોઇની રકમ વ્યાજે રાખી; પછી ભલે તે વાપરી નહિ, પરંતુ સામાને નોટિસ ન આપી કે તારી રકમ લઇ જજે, તો વ્યાજ ભરવું પડે છે.

આવા દાખલા એ બતાવે છે કે ક્રિયા ન કરવા છતાં ભાર ચઢે છે. એવું પાપક્રિયા માટે છે. ત્યાગની પ્રતિજ્ઞા નથી, અવિરતિ છે, તો પાપકર્મનો બોજ માથે ચઢે છે, પછી ચાલુ પાપક્રિયા ન પણ કરતા હો.

પ્ર૦—તો તો પાપક્રિયા કરવા ન કરવામાં ફેર શો ?

ઉ૦—ફેર એ કે પાપક્રિયાને અમલમાં મૂકો ત્યારે અવિરતિ ઉપરાંત યોગનું પાપ વધારે લાગે. કર્મ-બંધના ચાર હેતુ,-મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ.

મિથ્યાત્વ એટલે પાપને પાપ તરીકે ન માનવું તે.

અવિરતિ એટલે પાપત્યાગની પ્રતિજ્ઞા ન હોવી તે.

કષાય એટલે રાગ-દ્વેષ કરવા તે.

યોગ એટલે પાપક્રિયા કરવાનો વિચાર કરવો, વાણી બોલવી, અગર કાયાથી વર્તાવ કરવો તે. અર્થાત્ પાપક્રિયામાં મન-વચન કે કાયાની પ્રવૃત્તિ એ યોગ.

દા. ત. 'જૂઠ ન બોલું' એવી પ્રતિજ્ઞા નથી એ અવિરતિનું પાપ. જૂઠ બોલ્યા એ યોગનું પાપ. એમાં રાગ-દ્વેષ થયા એ કષાયનું પાપ અને 'એમ બોલવામાં શો વાંધો ? જૂઠ બોલવું જ જોઇએ' એવો પાપમાં કર્તવ્યનો સિક્કો માર્યો એ મિથ્યાત્વનું પાપ.

હજી આટલેથી પતતું નથી, આ તો પાપ કરવા અંગે વાત થઇ એવું પાપ કરાવવા સંબંધમાં, અને પાપ અનુમોદવા યાને સંમતિ હોવા અંગે પણ જાણવું.

હવે વિચારજો કે પાપથી બચવું હોય તો કેટકેટલા દરવાજા બંધ કરવા જોઇએ, અને કેટકેટલી સાવધાની રાખવી જોઇએ. તેમ એ પણ જો જો કે ઘરવાસમાં રહીને પાપથી સંપૂર્ણ બચવું શક્ય છે ખરું ?

માટે તો જ્ઞાનીઓએ મોક્ષનો સીધો એક જ માર્ગ સર્વવિરતિ ચારિત્ર બતાવ્યો, કે જ્યાં અવિરતિ સર્વથા ત્યજાઇ જાય છે ને પાપક્રિયા ન કરવી પડે, ન બીજા પાસે કરાવવી પડે, કે કોઈ પાપક્રિયા કરે એમાં ન સંમતિ રાખવી પડે એ માટેની સુયોગ્ય સાધુચર્યા હોય છે. અમલત શ્રાવક-જીવનમાં ધર્મ ખરો, પરંતુ તે આ સ્થિતિએ પહોંચવા માટે; કેમકે મોક્ષ તો જ મળે કે જો મિથ્યાત્વ, અવિરતિ વગેરેનો સંપૂર્ણ ત્યાગ થાય.

પાપના આવા મોટા ઘેરાવામાંથી છૂટવા માટે પહેલાં કમમાં કમ મિથ્યાત્વનો ત્યાગ તો કરી જ દેવો જોઇએ; અર્થાત્ તીર્થંકર ભગવાને જેને પાપ તરીકે ઓળખાવ્યું અને ત્યાજ્ય કહ્યું; એના પર પાપ ન હોવાનો સિક્કો નહિ મારવો, એ કર્તવ્ય છે, ઉપાદેય છે, એવી મહોરછાપ નહિ મારવી, પછી શક્ય એટલી અવિરતિ છોડવી, વિરતિમાં આવી જવું. જીવનમાં ઘણાં એવાં પાપ કરવામાં જ નથી આવતાં તો પછી એના ત્યાગની પ્રતિજ્ઞા કેમ ન કરી લેવી ? બાકી જેની અવિરતિ હજી ઊભી છે, એવા પાપકાર્યમાં પણ રાગ ન કરવા, અને બને તેટલું ટૂંકે પતાવવું; અર્થાત્ કષાય અને યોગને કાબૂમાં લેતા આવવું.

(ક્રમશ:)

—: જાહેરાત :—

પહોંચબુક નં. ૪૦૩ થી ૪૧૦ બોવાઇ ગઇ છે. તો તે કોઇએ સ્વીકારની નહિ.

—: સૂચના :—

પૂજ્ય મુનિરાજોએ શિરનામાની હેરફેરી જણાવવા કૃપા કરવી, જેથી અંક ગેરવલ્લે જાય નહિ.

મુદ્રક : ચંદ્રકાન્ત રતિલાલ શાહ. (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીની ચાલી. માણેકચોક, અમદાવાદ. ત્યાંથી છાપી પ્રસાદ કર્યું.

દિવ્ય દર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ–૭, અંક–૨૫
બચુભાઇ ચીમનલાલ ઝવેરી મુંબઇ શાખા : ૧૬૭–૬૯, કીકા સ્ટ્રીટ. શનિવાર તા. ૭–૬–૧૯૫૯

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**ના વિદ્વાન શિષ્યરત્ન

પૂ. ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.

જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ? (ચાલુ)

આપની વાત એ હતી કે અનાદિથી અવિરતિ વળગી છે. અને અનાદિથી કર્મબંધ તથા સંસાર ચાલ્યો આવે છે.

પ્ર૦—'અનાદિ'તત્ત્વ શ્રદ્ધાથી જ માનવાનું કે બુદ્ધિગમ્ય છે ?

ઉ૦—બુદ્ધિગમ્ય છે. એકલી શ્રદ્ધાથી તો 'આદિ' તત્ત્વ માનવું પડે; કેમકે સંસાર કયારેક શરૂ થયો એમ માનવામાં તો બુદ્ધિ અટકી પડે છે. 'બાબા-વાક્યં પ્રમાણ' કરી લેવું હોય તો જુદી વાત છે. બાકી બુદ્ધિથી જોઇએ તો દેખાય કે આ ભવમાં શરીર, ઇન્દ્રિયો ને વિષયો મળ્યા છે એ સામગ્રી છે. એ ભૂતકાળના કર્મથી મળી છે. એ કર્મો એમજ ઊભા નથી થઇ ગયા, કે અનાદિના પડયા નહોતા; એ કર્મ તો ત્યારના શરીરાદિ સામગ્રીથી ઊભા થયેલાં. એ સામગ્રી પણ તેની પહેલાંના કર્મોથી મળેલ છે... એમ બુદ્ધિથી વિચારો તો અનાદિપણું મનાશે. માટે અનાદિતત્ત્વ બુદ્ધિગમ્ય છે સામગ્રી વિના કર્મ નહિ, કર્મ વિના સામગ્રી નહિ. આજની સામગ્રીથી જે કર્મો કર્યા તે નવાં, પણ આ સામગ્રી મળી છે, તે પહેલાંના કર્મોથી. નવાં કર્મ થયાં તેની સામગ્રી ભવિષ્યમાં મળવાની; પણ ભૂતકાળમાં કયાં કર્મ સાધનસામગ્રી વિના જન્મ્યાં હોય ? અને કયી સાધ-નસામગ્રી કર્મ વિના મળી હોય ? દરેકને એનું પૂર્વનું કારણ હોવું જ જોઇએ. કેમકે એ આત્માની જેમ સદાની નિત્ય વસ્તુ નથી. માટે કોઇપણ કાળની સાધનસામગ્રી પૂર્વના કર્મથી, તે એ કર્મ પૂર્વની સામગ્રીથી હોય. એમ ન માનો તો પ્રથમ શું કહેશો ? કર્મ તો તે સામગ્રી વિના ન હોય. સામગ્રી તો તે કર્મ વિના ન હોય. માટે બુદ્ધિ કહે છે, કર્મ તથા સામગ્રી બન્નેનો પ્રવાહ અનાદિ છે. એમાં અનાદિને બદલે આદિ તત્ત્વ માનવામાં બુદ્ધિ કામ લઇ શકતી નથી, એટલે એ તત્ત્વ માનવું હોય તો બુદ્ધિવિરુદ્ધ કોરી શ્રદ્ધા રાખવી પડે!

સત્ તર્ક અને કુતર્ક:–અલબત, બુદ્ધિ લડાવવામાં કુતર્કો કરવા હોય તો કરી શકાય છે. પરંતુ એની કશી કિંમત નથી. કુતર્કોની સામે કેટલીકવાર જ્ઞાનીના વચનની શ્રદ્ધા અને કેટલીકવાર સત્ તર્કયુક્તિ કામ કરે છે. મિથ્યાત્વીની પાસે એ બંને નથી. મિથ્યાત્વ દોષ એવો છે કે તેના યોગે મિથ્યાત્વી બનેલ જીવની પાસે સાચી વાત ગમે તેવી સુંદર યુક્તિથી કરો તો પણ તે નહિ માને. એ જ રીતે સમકિતી જીવની ખોટી વાત ગમે તેવા જોરદાર કુતર્કથી તેને કોઇ સંભળાવે, તો તે તેને ન જચે. ગોશાળાનો પેલો શકડાલ ભકત પરમાત્માનો શ્રાવક થયો. પછી ગો-શાળો એની પાસે ગયો છે, એને સમજાવવા ઘણું મથ્યો છે, તેણે ઘણા કુતર્ક કર્યા છે, તેમાં ન ફાવતાં પોતાની પૂર્વની શરમ લગાડવા પ્રયત્ન કર્યો છે; છતાં શકડાલ ડગ્યો નથી. સુદર્શન શ્રાવકને પલટાવવા શુક

પરિવ્રાજક ઘણું મથ્યો, એ શ્રાવક નથી ડગેલ. થાવચ્ચા પુત્રના શિષ્ય શુક પરિવ્રાજક પ્રથમ મિથ્યાત્વી હતા. સુદર્શન પ્રથમ એનો ભકત હતો. ચૌદપૂર્વી એવા થાવચ્ચા પુત્ર પધાર્યા, એમની એક દેશના સાંભળી સુદર્શન સમકિતી શ્રાવક થઈ ગયો. પછી એ પરિવ્રાજક એની પાસે ગયેલ છે, ઘણા કુતર્કો કર્યા છે, અને પોતાનો પૂર્વનો પરિચય આગળ કરીને એણે સુદર્શનને સમજાવવા પ્રયત્ન કર્યો છે; પણ સુદર્શનને અસર થઈ નથી. શ્રદ્ધા થયા પછી એની પાસે સેંકડો કુતર્કની વાતો કરો, નહિ એસે. યુકિત મળે તો માનવું તે બુદ્ધિગમ્ય, અમુક વિશ્વાસે માનવું તે શ્રદ્ધાગમ્ય. અનાદિ કર્મ અને સંસાર અંગે બને મળે છે, શ્રધ્ધા અને બુધ્ધિ.

શ્રદ્ધાગમ્યને બુદ્ધિગમ્ય બનાવવામાં તથા બુદ્ધિગમ્યને કેવળ શ્રદ્ધાગમ્ય કહેવામાં મિથ્યાત્વઃ-

નિગોદમાં અનંતા જીવો છે એ વાત શ્રદ્ધાગમ્ય છે, ત્યાં બુદ્ધિવાદ લગાડવો નકામો. જે પદાર્થ માત્ર કેવળજ્ઞાનરૂપી ચક્ષુથી જ દેખાય, એવા પદાર્થ આપણા માટે માત્ર શ્રદ્ધાગમ્ય જાણવા, ત્યાં બુદ્ધિવાદના અમલની દિવાકર મહારાજે ના કહી. બુદ્ધિગમ્ય વાતોને કેવળ શ્રદ્ધાગમ્ય કહેવામાં પણ મિથ્યાત્વ. નિગોદમાં અનંતા જીવો છે, કેટલા ? અનંતા સિધ્ધો કરતાં પણ અનંતા. આ વાત શ્રદ્ધાગમ્ય છે. એને આગમગમ્ય કહેવાય છે. આગમગમ્ય વાતમાં હેતુ ન હોય. શ્રદ્ધાગમ્ય કહો કે આગમગમ્ય કહો, એક જ છે, બુધ્ધિગમ્ય કહો કે હેતુ-પ્રમાણગમ્ય કહો, એક જ છે. કેટલાક પદાર્થો આગમગમ્ય અને હેતુગમ્ય બે રીતે મનાય છે. દા. ત. આત્મા, કર્મ વગેરે. પણ કર્મની સંક્રમ વગેરે ઝીણી પ્રક્રિયા એ આગમગમ્ય છે. એમાં કયાંક હેતુ ઘટાવી શકાય, પણ બધે નહિ.

કાર્યકારણ ભાવ એવો છે કે અનાદિતત્ત્વની અવ્યવસ્થા નથીઃ—

કર્મ તથા સામગ્રી અનાદિ છે એમ માનવું એ બુધ્ધિગમ્ય છે. કર્મ વિના સામગ્રી નથી, સામગ્રી વિના કર્મ નથી, પરસ્પર કાર્ય-કારણ છે એટલે અનાદિ સિદ્ધ છે. આ અનાદિપણું બુદ્ધિથી મનાય તેમ છે. પહેલું કર્મ કે સામગ્રી ? પહેલું વૃક્ષ કે બીજ ? ઈંડું પહેલું કે મરઘી પહેલી ? કર્મ તથા સામગ્રીમાં કાર્ય-કારણભાવ છે. બે ય કાર્ય છે, બે ય કારણ છે; પણ હાલની સામગ્રી તે પૂર્વના કર્મોનું કાર્ય છે અને ભવિષ્યના કર્મોનું કારણ છે, હાલનાં કર્મો પૂર્વના કર્મથી મળેલી સામગ્રીનું કાર્ય છે, ભવિષ્યની સામગ્રીનું કારણ છે. આ રીતે કાળભેદથી પરસ્પર કાર્ય કારણરૂપ છે, પણ કાર્ય તે કારણ, કારણ તે કાર્ય, એમ નથી. નામમાં સમાનતા છતાં વ્યકિતમાં ભેદ છે, એટલે તત્ત્વની અવ્યવસ્થા નથી. આ સામગ્રી મળી છે પૂર્વના કર્મથી, એ સામગ્રી નવાં કર્મ પેદા કરે છે, તેના યોગે નવી સામગ્રી મળશે એમ પ્રવાહ ચાલે છે. કાર્ય-કારણના ભૂતકાળના પ્રવાહ તરફ નજર કરો એટલે અનાદિતત્ત્વ બુદ્ધિગમ્ય મનાશે. સામગ્રી વિના જો કર્મ થઈ જતાં હોય તો તો મોક્ષ જ ન થાય, અથવા મુકિતમાં ય કર્મ લાગે; ત્યાં સામગ્રી ભલે નથી, છતાં કર્મ ચોંટી પડે.

સામગ્રીને વા ખાતી કરોને !:—

કર્મ ને સામગ્રી અનાદિથી છે એ તો ભૂતનો વિચાર. ભવિષ્યનો વિચાર કરો. સામગ્રી છે ત્યાં સુધી કર્મબંધ થવાનો અને પ્રવાહ ચાલવાનો, સામગ્રી અટકે એટલે કર્મબંધ અટકે. સિદ્ધિમાં (સિધ્ધોને) સામગ્રી નથી માટે ત્યાં કર્મબંધ નથી. વર્તમાન સામગ્રીનું કાર્ય કર્મ. વર્તમાન સામગ્રીમાંથી કાર્યને જન્માવવાની તાકાત કાઢી નખાય એટલે કાર્ય અટકે. આ ઉપાય છે. બીજથી વૃક્ષ થાય, એ વૃક્ષના છોડમાં પાછાં નવાં બીજ થાય, એ વવાય જમીનમાં પડે, ત્યાં પાણી પડે, ઉગે, વળી વૃક્ષ થાય, એમ નવાં નવાં બીજ વૃક્ષ થયા કરે પણ કોઇ બીજ ઉઠાવી, એમાંથી ઉગવાની શકિત કાઢી નખાય, પછી વૃક્ષ નવું ન થાય, કોઇ બીજમાં જીવાત પડે, તેના મર્મને કોરી ખાય પછી તેમાંથી નવો છોડ ન થાય. તાત્પર્ય કે સામગ્રીમાંથી કર્મને જન્માવવાની તાકાત કાઢી નખાય તો કર્મરૂપ કાર્ય અટકે. વર્તમાન સામગ્રી કઇ ? આ શરીર, ઇન્દ્રિયો અને બીજા પદાર્થો. ભૂતકાળની જેમ આ સામગ્રીમાં કર્મને જન્માવવાની તાકાત છે. તે તાકાત દૂર કરાય, અટકાવાય એટલે પછી સામગ્રી વા ખાય ! એવું કરોને !

ગોટલો કે આંબો પ્રથમ આકારમાંથી પડયો ?:—

પ્ર૦—એમ કહે છે કે પહેલું તો કાંઈ હોય ને?

ઉ૦—આ જ ખોટી શ્રદ્ધા છે, કહો ગોટલો પહેલો કે આંબો પહેલો? જેને પહેલો કહેશો એના માટે પ્રશ્ન થશે કે એ શું આકાશમાંથી પડ્યો? એકાએક ઉત્પન્ન થઇ ગયો? કે હવામાંથી ઇંદ્રધનુષ્યની જેમ કૂટી નીકળ્યો? શું કહેશો? કે જમીનમાંથી એમજ નીકળ્યો? તમે જ કહોને, શું થયું? આ પ્રશ્નમાં જ જવાબ છે. ગોટલો કહો તો આંબા વિના આવ્યો કયાંથી? આંબો કહો તો ગોટલા વિના પ્રગટયો કયાંથી? વાત એમ છે, એમ બેઠું છે કે, 'આદિ ન હોય એમ તે હોય?' બેઠું છે આમ, અને એ બુદ્ધિથી સંગીત નથી એટલે લોચા વાળવા પડે છે. અનાદિ પ્રવાહ માનો તો બુદ્ધિથી બેસે એવું છે કે ગોટલો આંબામાંથી, ને આંબો ગોટલામાંથી. એમ કર્મ સામગ્રીમાંથી, ને સામગ્રી કર્મમાંથી.

ઝેર દૂર થાય એટલે આરોગ્ય પ્રાપ્ત થાય:—

સામગ્રીમાંથી કર્મને જન્માવવાની તાકાત કાઢી નાખવી એનું નામ મોક્ષની સાધના. સામગ્રીમાંથી ભવિષ્યના કર્મને નિપજાવવાની શક્તિનો નાશ થઇ ગયો, તથા ભૂતકાળનાં સર્વ કર્મોનો નાશ થઇ ગયો એટલે મોક્ષ. જૈનશાસનની એ વિશિષ્ટતા છે કે એને પામેલો સમજી જાય, **'સામગ્રીની કર્મોત્પાદનની તાકાતને દૂર કરું. એ ઝેર દૂર કરું એટલે કર્મો નવાં કયાંથી લાગવાનાં? કર્મોત્પાદન-શક્તિ એ સામગ્રીનું ઝેર છે.'** આ શરીર, વિષયો, ઇન્દ્રિઓ, એ કર્મ-જન્ય સામગ્રી છે, એનું ઝેર કયું? મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. એ ઝેર નીકળી જાય કે ખેલ ખટકે. મિથ્યાત્વ, અવિરતિ તથા કષાય જાય પછી યોગ બહુ બાધક નથી. કેવળજ્ઞાન થયા પછી ક્રોડ પૂર્વનું આયુષ્ય હોય તો ઇન્દ્રિઓ છે, શરીર છે, યોગ છે, છતાં કર્મ નહિ. કેવળજ્ઞાન થયા પછી કેવલી નિત્યભોજી હોય, રોજ આહાર કરનારા. માત્ર અંત સમયે બાકીના કર્મ તેટલા સમયમાં ખપવાના છે, અને હવે આહારની જરૂર નથી, તો પોતાના જ્ઞાનમાં જરૂરી દેખાતું અનશન કરે. છદ્મસ્થપણામાં ૭ ૭ માસી તપ, પણ કેવળજ્ઞાન થયા પછી તપ નહિ. આહાર એમને વિષરૂપ નથી, આહાર કરે, ફરે-ફરે, ચાલતાં પરિશ્રમિત શરીરને આરામ પણ આપે, છતાં કર્મનું કલંક નહિ, કેમકે કષાય-રાગ-દ્વેષ વિનાની માત્ર યોગ-પ્રવૃત્તિ છે. મિથ્યાત્વ, અવિરતિ તથા કષાયના ઝેરને તેઓએ કાઢી નાખ્યું છે. એ ઝેર દૂર થાય એટલે આરોગ્ય (આત્માનું) પ્રાપ્ત થાય.

શરીર, ઇન્દ્રિઓ આદિ સામગ્રી જીવે છે મિથ્યાત્વાદિના આધારે:—

મિથ્યાત્વ, અવિરતિ, કષાયમય ભાવથી, આત્માના તદ્રૂપ ભાવથી શરીરાદિ સામગ્રી દ્વારા કર્મ આત્મામાં પેઠા છે-પેસે છે. સામગ્રી તો જડ છે, એ જીવે છે ક્યા ભાવ પર. સામગ્રી જેના પર જીવે તે તેની કહેવાય; એને કોણ પોતાની માને? વ્યવહારમાં નજર કરો, પોતાનો દીકરો હોય, છતાં ઘરે ન રહેતો હોય, બીજાના આધારે જીવતો હોય, બીજે પડ્યો-પાથર્યો રહેતો હોય તો બાપ કહે છે, 'એ તો આના પર જીવે છે, ત્યાં જ રહે છે, ઘર તરફ નજર કરતો નથી, એ એનો દીકરો! એ મારો દીકરો શાનો?' એમ શરીર, વિષયો વગેરેને આપણા શા સારૂ માનીએ? શા સારૂ એના સંબંધમાં મિથ્યાત્વાદિ સેવીએ? એકલી પ્રવૃત્તિ બાધક નથી. એકલા આહારથી તેવાં કર્મ નથી બંધાતા, એ તો બંધાય છે તેની સાથેની કર્મ બંધાવવાની શક્તિથી (સંજ્ઞા-વાસનાથી). હા! એ ખરૂં કે આહારમાં કર્મ જન્માવવાની શક્તિને પ્રપુલ્લિત રાખવાની તાકાત છે. પરંતુ કેવળજ્ઞાનીએ પહેલાં તપ વગેરે કરીને કષાય બાળી મૂકયા છે. તેથી હવે આહાર કર્મ જન્માવી શકતા નથી. છદ્મસ્થ જીવો માટે, પ્રમત્તો માટે, આહારાદિને પાપ સમજવાના છે. અહીં પાપ, અને કેવલીને પાપ નહિ, શાથી એ સમજો. કેવલીએ ઝેર કાઢી નાખ્યું છે માટે. ગૃહસ્થ પરિગ્રહથી અવસરે એવો પરમાર્થ કરે કે જેના યોગે આત્માનાં કેટલક કર્મો ઉખડી જાય; હેતુ એ જ કે એ પરિગ્રહમાંથી ઝેર નીચોવાઇ ગયું. પરિગ્રહમાંથી રાગ રૂપ ઝેર નીચોવાઈ જાય પછી તો ધર્મબુદ્ધિ વધે. લાખનો પરિગ્રહ થયો માટે મૂર્ચ્છા ઉતરી, એમ નહિ; પણ રાગ ઘટયો અને ધર્મબુદ્ધિ વધી માટે મૂર્ચ્છા ઉતરી. નહિતર તો મનને એમ થાય કે-'પરિગ્રહનું પરિમાણ કરવાનો એ મહિમા છે કે મારૂં

એટલી લક્ષ્મી મળે કલ્યાણને મળી, પેલાને મળી. આવું થાય ત્યાં તો રાગનો નાચ થયો મૂર્ચ્છા મધમધી

અવિરતિને વિનતિ:—

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ, એ ઝેર છે. એ ભાવો આત્માના કે જડના? જડનું તો એ પોષણ છે. શરીર, વિષયો, ઇન્દ્રિઓ, યોગની દોડધામ, આ બધા ભેગા થઇને અવિરતિને વિનવે છે, 'તમે રહેજો.' એ છે એટલે શું નથી? તમામ છે. આ બધા બંધાયેલા અવિરતિને રાત્રિભોજનમાં પાપ, તો ખાય નહિ; પણ વિરતિ નહિ કરે! અવિરતિને જાણે કહે છે, 'તમારે જવાનું નહિ.' વિષયો કહે, 'પુણ્યે અમે મળ્યા તે કૂચે મરવા?' કષાયો કહે છે, 'જો જો અમને અધા રાખતા નહિ! અમારા વિના જીવ નહિ શકે.' વિષય અને કષાયો કેવી પાગલતા કરાવે છે! આ તમામથી પ્રેરાયેલ આત્માને વ્રત કરતાં વસવસો થાય છે; 'બાધા લઇએ અને પછી શરીરને કાંઇ થાય તો!' વિચારશે, 'રાત્રે ન ખાવું એ ઠીક, પણ બાધા શા માટે? રખે રાત્રે કાંઇ થયું તો? બ્રહ્મચર્ય સુંદર; પાળવું; પણ નિયમ નહિ.' અવિરતિ આમ પોષાય છે. એવી પ્રેરણાથી પ્રેરાયેલ જીવ કુવિચારમાં આગળ વધે છે, "આ બધા ધર્મ કરે છે, ઠીક છે, ધર્મ કરવાના કયાં એક પ્રકાર છે, એ એમ ધર્મ કરે, આપણે બીજા પ્રકારે ધર્મ કરીશું વિરતિ સારી, કરે તેની બલિહારી, બાકી એ વિના કાંઇ બહુ બગડી જતું નથી...' આ રીતે અવિરતિને મનની ચોરીથી પોષે છે! મનની ચોરી ભારે ભૂલાવે છે.

ક્રિયા એ જડનો સ્વભાવ કે આત્માનો? ક્રિયાને જડ કહેનારો મૂર્ખ છે:—

પાંચ ઇન્દ્રિઓના વિષયો મન પાસે ચોરી કરાવે છે. આજ કારણે અત્યાર સુધી (પૂર્વે) અનંતી દ્રવ્યક્રિયા નિષ્ફળ ગઇ. એ ક્રિયામાં શું તાકાત નહોતી? તાકાત તો ઘણી હતી. ધર્મક્રિયા તો રસાયણ છે રસાયણ! ક્રિયાને જડ કહેનારો મૂર્ખ છે. એને પૂછો 'ક્રિયા એ વસ્તુ શી? વસ્તુ હોય તો બતાવ!' ક્રિયા 'એ વસ્તુનો ધર્મ છે, માટે વસ્તુ બીજી, અને ક્રિયા તો માત્ર એનો ધર્મ, ફળ પડ્યું; પડવું એ સ્વભાવ, પણ ફળરૂપી વસ્તુનો સ્વભાવ. ક્રિયા એ જડનો સ્વભાવ છે કે ચેતનનો? જો ક્રિયાને જડ કહેનારો ક્રિયાને જડનો સ્વભાવ કહે તો એની પાસે મડદું હાજર કરવું, પછી કહેવું, 'આ જડ છે, આની પાસે કરાવ ક્રિયા! ઉભું કર, બેઠું કર, ચલાવ, વાતો કરાવ!' ક્રિયા ચેતનની પ્રેરણાથી થાય છે. યોગ એ ચેતનનો ભાવ છે. એ પેદા થાય વીર્યાંતરાયના ક્ષયોપશમથી. નિગોદમાં પણ મંદ મંદ વીર્યાંતરાયનો ક્ષયોપશમ છે, માટે મંદ મંદ યોગ છે. યોગ પેદા થાય વીર્યાંતરાયના ક્ષયોપશમથી. સિદ્ધ ભગવાનને વીર્યાંતરાયનો ક્ષય થયો છે પણ સહકારી શરીર નથી માટે યોગ નહિ વીર્યાંતરાયના ક્ષયોપશમ સાથે તો સહકારી પુણ્યોદય ચાલુ છે. વીર્યાંતરાયના ક્ષય પછી કેવળીને ચાલુ ક્રિયામાં અઘાતી કર્મની સહાય છે.

રસાયણ તરફ દાંતિયા? દ્રવ્યક્રિયા તો રસાયણ છે રસાયણ!:—

ચેતનની ક્રિયા જડની સહાયથી થાય છે, એ ઔદયિકભાવથી. સિદ્ધને તે ભાવ નથી. દ્રવ્યક્રિયા અનંતીવાર નકામી ગઇ! એ નકામી જાય તેવી હતી? ના. એ ક્રિયા કરી પણ સામે મનની ચોરીથી મોહની ક્રિયા ચાલુ રાખી, મોહની ક્રિયારૂપ વાઘને દ્રવ્યક્રિયા રૂપ બકરીની સામે ઉભો રાખ્યો, પછી શું થાય! સામે વાઘ ઉભો હોય એટલે બકરીએ ખાધેલા ઘાસનું લોહી ન થાય, પાણી થાય. દરદી સારામાં સારું રસાયણ ખાય પણ સાથે ભારેમાં ભારે કુપથ્ય ખાય, ને ઝેર વ્યાપે, ત્યાં રસાયણ કરે શું! 'બાર બાર મહિના દવા ખાધી અને આમ?'—એમ એ રસાયણ તરફ દાંતિયા કરે તો? રસાયણ તરફ દાંતિયા કરનારો રસાયણ માટે નાલાયક છે. ભવિષ્યમાં કોઇ વૈદ્ય રસાયણ નહિ આપે, કહેશે, 'તું તો દાંતિયા કરતો હતો, રસાયણ માટે તું લાયક નથી! ભૂતકાળમાં ભૂલ થઇ તે થઇ, હવે એવી ભૂલ ન કરાય. વાઘ જેવી મોહક્રિયા સામે હોવાથી દ્રવ્યક્રિયાની શક્તિ ચાલી જાય છે, કમી થાય છે. ભાવક્રિયા પેદા કરનારી દ્રવ્યક્રિયા છે. દ્રવ્યક્રિયા ભાવક્રિયાની માતા થઇ શકે છે.

આ હાલતમાં દ્રવ્યક્રિયા કરે શું?:—

વાઘ જેવી મોહક્રિયા સામે હોવાથી શક્તિ

શોપાવાથી દ્રવ્યક્રિયા રાંકડી બને છે. જીવમાં આવડત હોય તો મોહક્રિયાને બકરી બનાવી દે. એ ક્રિયા સર્વથા ન છૂટે તો ક્રમે છોડે, પણ એ મોહક્રિયા એવી રીતે કરે કે તે ધર્મક્રિયા સામે વાઘની જેમ ઘાંતિયા ન કરે. પજુસણ પર્વ નજીક આવે છે. ભાવથી તેમજ ભાવ વિના પણ થોડી થોડી ભિન્ન ભિન્ન પ્રકારે દ્રવ્યક્રિયા થવાની. કાંક તપ થશે, કાંક પોષધ થશે, કાંક દાનાદિ પરમાર્થ થશે, પણ જો એની સામે મોહ(ક્રિયા)નું જોર હશે તો આ ક્રિયાની શક્તિ ક્ષય પામી જશે, હણાઇ જશે. દ્રવ્યક્રિયાની શક્તિને ઉત્તેજિત કરવી હોય તો મોહક્રિયાને ઓછી કરવી પડશે, પણ જો દ્રવ્યક્રિયામાં ઢીલા તો મોહક્રિયાનું જોર ઓર વધી જવાનું. વિચારો! દ્રવ્યક્રિયા તરફ મોહક્રિયા રોકવાળી હોય કે મોહક્રિયા તરફ દ્રવ્યક્રિયા રોકવાળી હોય? ઉપવાસનો રોક પારણા ઉપર? કે પારણાનો રોક ઉપવાસ પર? તપ આહારને ધરાય કે આહાર તપને? બજારમાં લેવાના પાંચ હજાર છે અને દાનમાં દેવાના પાંચસે છે, ખોટનો ધંધો નથી છતાં રોક કયાં? વધુ શાબાશી સારા ઉપવાસથી કે સારા પારણાથી? વધુ આનંદ સારા સામાયિકથી કે સારા ધન-લાભથી? બીજાનો વિચાર કરતા નહિ; પોતાની સ્થિતિ તપાસી લેજો. અવસરે કહેવાનું કરો છો ને, કે-'હું સામાયિક લેવા બેસતો હતો, પણ સારું થયું, નહોતું લીધું એટલામાં અમુક કામ આવ્યું, સામાયિક ન લેતાં ગયો તો કામ ક્ષેમકુશળ પતી ગયું!' કહો જો શું સારું લાગ્યું? આ હાલતમાં ક્રિયા કરે શું?

ધર્મક્રિયા એવી કરો કે જેથી મોહની ક્રિયા ધ્રૂજે!—

આવા ઉત્તમ કુલમાં જન્મ થયો, કેવી સરસ સામગ્રી મળી! ત્યાં એક ઉત્તમ સામાયિક થાય, ઉત્તમ કોટિની એક વાર પ્રભુની પૂજા થાય, એક નવકાર ઉત્તમ કોટિનો ગણાય, તો કેટલો લાભ? આ તો જીવનમાં હજારો નવકાર ગણી નાખ્યા છતાં ય ભાવના ફાંફા! ભાવને તાણી લાવીને પણ ધર્મક્રિયા એવી કરો કે જેથી મોહની ક્રિયા ધ્રૂજે! નવકાર ગણીને નીકળ્યો, ભલેને દુનિયાના કામે નીકળ્યો, **પણ એણે ધર્મને પ્રધાન રાખ્યો.** ચાર પુરુષાર્થમાં મોક્ષ તો ફળ છે, અને બાકીના ત્રણ સાધવામાં આવે છે. ગૃહસ્થ સંસારમાં છે એટલે ધર્મ, અર્થ તથા કામ ત્રણે ય પુરુષાર્થને સાધે છે ખરો, પણ ધર્મથી ભ્રષ્ટ માત્ર સિદ્ધ થવાનું માનનારો કયા પુરુષાર્થને પ્રધાન રાખે? **'ધર્મ પુરુષાર્થ અર્થ-કામના પુરુષાર્થને ઉરાવે, પણ 'અર્થ-કામ'નો પુરુષાર્થ ધર્મ-પુરુષાર્થને ન ઉરાવે, તો જ દ્રવ્ય-ક્રિયા ભાવક્રિયા બને, ભાવને જન્મ આપે.** શ્રી જિનેશ્વરદેવના શાસનની ધર્મક્રિયા સ્વરૂપે વાંઝણી નથી પણ આપણે એને વિધવા બનાવી દઇએ છે. છે અવંધ્ય, સંતાન જન્માવે તેવી પણ વિધવા બનાવી દેવાય ત્યાં શું થાય? ક્રિયાને ઉપયોગનો સંયોગ કરાવવાની જરૂર છે. લક્ષ વિના ક્રિયા કરાય છે, જોવામાં આવતું નથી કે સૌભાગ્યવતી ક્રિયાને રંડાપો શાથી આવ્યો છે? મોહક્રિયાના જોરે, મોહના અધિકારે ભાવને જન્મ આપવાની સ્થિતિમાંથી ક્રિયાને દૂર કરી છે.

તે દી ગયા!:—

આત્માને ઉદ્દેશીને શુભક્રિયા થાય, તો ભાવ જન્મે. એટલું જ નહિ, પણ એની સાથે મોહનો, મોહક્રિયાનો આત્મા પરથી અધિકાર ઓછો કરવાની હેઠે ઉતારવાની જરૂર છે. આવી શુભ ધર્મક્રિયા તે અધ્યાત્મ. આવો અધ્યાત્મી તો પછી ધર્મક્રિયામાં આનંદ આનંદ લૂટે! ઉપવાસમાં એને આનંદ આનંદ થાય; ઉપવાસના દિવસને તે રુડો દિવસ માને; 'ખાવાનું પાપ તો રોજ છે, આજે એ પાપ બંધ છે, ઉત્તમ!' એમ એ માને; વિચારે, 'અરે! કાલે પાછું એ પાપ શરૂ થશે! ઇચ્છું છું કે આવા ઉપવાસ ચાલુ રહે.' બીજે દિવસે પારણું, એમાં એને આનંદ ન હોય. પારણામાં મધમધતી દશ ચીજ હોય, પણ વાપરે કેવી રીતે? એમાં રસ ન હોય. જેને ઉપવાસની કે બીજી ધર્મક્રિયામાં આનંદ આનંદ હોય તેની રસનાની ઉજાણી વગેરે મોહની ક્રિયા પાંગળી હોય. મોહની ક્રિયાને પાંગળી કરનારે, આત્મા પરથી મોહનો અધિકાર ઉતાર્યો કહેવાય. આથી એને પેલી મધમધતી ચીજો, જાણે મનાવવા પ્રયત્ન કરે. જુઓ ખૂબી એક વખતના ચીજોને મનાવનારાને હવે ચીજો મનાવવાનો પ્રયત્ન કરે છે! કેવો ફેરફાર! દુનિયામાં

પણ દેખાય છે, **વિરાગીને રાગી મનાવે છે, રાગીને વિરાગી નહિ.** મોહનો અધિકાર ફગાવી દેનારને વિષયો જાણે મનાવે છે, લલચાવે છે, 'અમારામાં રસ, રૂપ, ગંધ, શબ્દ, સ્પર્શ છે, તમામ ભેગા કરીને અમારો ભોગવટો કરો.' પણ આ આત્મા કહી દે છે, 'તે દી ગયા! ત્યાગી નથી એટલે તમને ન છૂટકે લઉં, પણ ભેગા કરીને તો નહિ લઉં.'

બધાનો ભેગો હલ્લો કોણ ઈચ્છે? દસ દુશ્મનો ચડી આવ્યા હોય, એ દસેનેય એક સાથે આક્રમણ કરવાની તક કોણ આપે? જુદી જુદી ચીજોના ઠીક ઠીક સંયોગ કરી ખાવું, બૂટ, રસ, રૂપ, દ્રવ્ય, ગંધ, સ્પર્શ આદિ ભેગા કરી એનો આનંદ લેવો, તે સામટા શત્રુના હલ્લાને નોતરવા જેવું છે ત્યાગના પ્રેમી આત્માને વિષયો શું કરે? એના મનામણા આ આત્મા ન માને. પારણા વખતે વિષયો કહે, 'આ દૂધ મોળું છે, જરા ખાંડ લે. ગળ્યું થશે,' આ કહી દે, 'મોળું ને ગળ્યું! પેટમાં કયાં ભેદ છે? ગળ્યું દૂધ ઘણું પીધું! વળી પીત્રાશ ગયા પછી કયાં જીભ પર ગળપણ રહે છે?' વિષયો, ચીજો ઘણી ઘણી રીતે મનાવે, આ દાદ ન દે.

પ્ર૦—જડ ચીજો તે મનામણાં કરતી હશે?

દ્રવ્યક્રિયા વાઘ જેવી જેની અને તેની મોહક્રિયા બકરી જેવી બની જાય.

ઉ૦—મનામણાં એટલે? ચીજોનો ઝગમગાટ, મધમધાટ એ! એ કાંઈ ચેતન છે કે મનાવે? લોખંડ કરતાં સોના પર તથા સોના કરતાં રત્ન પર જીવ કેમ વધારે લલચાય છે? કારણકે લોખંડ કરતાં સોનાનો ઝગમગાટ વધારે, તેના કરતાં ઝગમગાટ વધારે રત્નનો. એ ઝગમગાટ જાણે મનામણા છે. પણ એને પરવશ ન થાય અર્થાત્ એમાં જીવનની મોજ ન દેખે એણે મોહનો અધિકાર પોતાના પરથી ઉતાર્યો. જે આત્માએ મોહનો અધિકાર ઉતાર્યો તે આત્માની ધર્મક્રિયા વાઘ જેવી હોય અને મોહક્રિયા બકરી બની ગઈ હોય. એ આત્મા ધર્મક્રિયા કરે, એમાં કેટલો આનંદ લૂટે!

આવો ગુરુ કોણ? :—

ઉપવાસ એટલે આહારનો સદંતર ત્યાગ. આજ તો એવું ચાલ્યું છે કયાંક, કે ફાવે તેટલા ટંક ખાય અને વાતો અધ્યાત્મકની કરે. કહે છે કે,

'ચેતનની ક્રિયા ચેતન કરે છે, જડની ક્રિયા જડ કરે છે.'

'જે કાળે જેનું જેમ બનવાનું હોય તેમ બને જાય; ભાવિભાવ! જેવ જેના પર્યાય. એના પર્યાય એવા હશે કે, મોંમાં જવું, ચવાવું, ગળે ઉતરવું, એમ બનવાનું હશે, એવું ભાવિ હશે.'

એને કહીએ, 'પર્યાય એડી હોય એ વખતે આવું બતાવનાર તારા સાધુ કે ગુરુ બેઠા હોય, ત્યાં ધારો કે એક તરફથી એક માણસ એને રેશમી ચાદર ઓઢાડવા આવે, અને બીજી તરફથી એક માણસ છરો ઘોંચવા આવે, ત્યારે એ ઉપદેશ કે, 'કોઈ ભગત શું કરે?' 'ભાવિભાવ! જે બનવાનું હશે તે બનશે,' જેવા પર્યાય,' એમ કહી જોયા કરશે કે છરાવાળાનો હાથ પકડશે? 'જેવા પર્યાય' એમ નહિ? 'બનવાનું હશે તે બનશે, જેવું ભાવી!' એમ હોય તો છરાવાળાને અટકાવવાની શી જરૂર? ભાવીભાવ તરીકે વાગવાનો હશે તો વાગશે, નહિ વાગવાનો હોય તો નહિ વાગે, અટકાવાય શા માટે? શું પોતે કે પર્યાય જોયા કરશે કે છરાવાળાને તેનો હાથ પકડી અટકાવશે? એણે કહેશે કે, 'વાત ખરી, બનવાનું હશે તેમ બનશે, પ્રયત્ન તો કરવો ને?' તો ભાવિભાવ કયાં રહ્યો? એને મોળો પાડયો, ને પ્રયત્નને આગળ કર્યો! વળી કહેશે, 'એમ અટકાવવાના પર્યાય લખ્યા હશે,' એમ જો લોચા વાળે, વેવલી વાતો કરે, એવાને પૂછો કે—'એ પર્યાયની ખબર શી પડી? અને જો ખબર પડે છે, તો પછી ખાવાના પર્યાય નથી એમ જાણી ઉપવાસ કેમ નથી કરતા?'

ભાવિભાવ કોને કહેવાય? :—

ભાવિભાવ એટલે? નિયમ વિના બને તે ભાવિભાવ. પણ કાર્યકારણના નિયમથી બને તે નહિ. ધર્મમાં પ્રગતિ ઉદ્યમથી બને છે. એને ભાવિભાવ પર ન છોડાય. ઉદ્યમ છતાં અચાનક પડાય તે ભાવિભાવ. શ્રેણિક મહારાજાના દિકરા નંદિષેણમુનિ, એ શું બીજે વહોરવા નહિ ગયા હોય? રૂપવતી સુંદરીઓ નહિ જોઈ હોય? કોઈએ મધુરા વચનો નહિ સંભળાવ્યા હોય? ત્યારે કયાંય નહિ ને અહીં, વેશ્યાએ, 'અહીં તો અર્થલાભ,' એટલું કહેતાં,

ત્યાં ભૂલ્યા, રહી ગયા, પડી ગયા ! ત્યાં ય ભાવિભાવ કહેવો મુશ્કેલ છે. ભાવિભાવમાં નિયમ ન હોય, કાર્ય-કારણમાં નિયમ દેખાય. એમને નિશ્ચિત ભોગાવલિનો ઉદય હતો એટલે પડયા. અહીં ગુરુ પર છરો મારનારાને અટકાવાય છે. 'પ્રયત્નથી અટકે,' એમ ખબર છે માટે અટકાવે છે. તે જ રીતે રેશમી ચાદર ઓઢાડવા આવનારને વધાવાય છે. શાથી ? એ નિયમ ખબર છે કે, 'વધુ વધાવવાથી તે ગુરુનો વધુ ભકત બને, વધુ સારી ચીજો લાવે.' આમ એને વધારે વધાવે, બોલાવીને, આદર આપીને પાસે બેસાડે, આ બધું કરે છે, નિયમ છે, કે એથી સામાને અસર થાય, એ નિયમ જાણે છે માટે એમ કરે છે, છતાં' પાછા, 'એના પર્યાય ઓઢાડવાના હશે, એને વધાવનારના પર્યાય તેવા હશે, એના પર્યાય વધાવાના હશે,' આમ લોચા વાળે, એ કાં દંભી છે અથવા અજ્ઞાન છે. (ક્રમશઃ)

—: જલદી નોંધાવી દો. :—

પ્રકાશકીય:—પરમતેજ અરિહંત પરમાત્માના ભકતને એમની અનેકવિધ વિશિષ્ટતાઓનો અને અસર્વજ્ઞની મહાન ન્યુનતાઓનો સુન્દર ખ્યાલ આવે, તેમજ જૈન દર્શનના તત્ત્વોનાં પરમતેજનો અદ્‌ભુત બોધ મળે એવું શ્રી લલિતવિસ્તરા ગ્રન્થનું વિસ્તૃત વિવેચન તૈયાર થઈ રહ્યું છે. અર્હદ્‌ભકતને એના વિના ચાલી શકે નહિ. કુટુંબ, મિત્રમંડળ વગેરેમાં પણ ખૂબ ઉપયોગી અને આવશ્યક આ ગ્રન્થની કોપીઓ જલદીથી નોંધાવી દેવા અને પહેલા ભાગની દરેક કોપી દીઠ રા. ૫) કાર્યાલયે પહોંચતા કરવા વિનંતિ છે.

નંદરબાર:—જૈન શ્વે૦ મૂ૦ પૂ૦ જૈન પાઠશાળાની પરીક્ષા મહેસાણા શ્રી જૈન ધ્રેયસ્કર મંડળની પરિક્ષક શ્રી રામચંદ્ર ડી. શાહ સાહેબે લીધી પરિણામ સારૂં આવેલ છે. મોટી બેનોમાં જીવવિચાર સાર્થ સુધીનો અભ્યાસ છે. પરીક્ષાનો ર્ઝનામો મેળાવડો તા. ૨-૧-૫૯ ના રોજ કરવામાં આવ્યો હતો. ર્ઝનામો સારા વહેંચાયા. ધાર્મિક શિક્ષણનો ઉપદેશ દેવાયો.

(અનુસંધાન પાન ૨૦૨નું ચાલુ)

ટકતી આવે, એકાગ્રતા વધતાં આડા-અવળા વિચારો ઓછા થતા આવે, અને ધર્મમાં તન્મયતા વધતી આવે, લયલીનતા વધતી આવે; તે ત્યાંસુધી કે આજુબાજુ બીજું શું ચાલી રહ્યું છે, શું બોલાઈ રહ્યું છે, એની કશી ખબર ન પડે. એટલું જ નહિ પણ, (૫) ધર્મસાધનામાં આત્મા વધુ ને વધુ ઠેરો બનતો આવે, અને એની અસર ધર્મસાધના સિવાયના કાળમાં પણ એવી પડે કે ત્યાં આત્માને રસ ન આવે.

આમ, ગુણ, ધર્મક્રિયા અને બીજી ધર્મસાધનાની અનેક ચઢતી ચઢતી કક્ષાઓને લક્ષમાં લેવાય, અને ઉત્તરોત્તર કક્ષામાં ચઢવા માટેનો પ્રયત્ન થાય, તો નિત્ય નવી સ્ફુર્તિનો અનુભવ કરવા મળે.

'નમોત્થુ ણં અરિહંતાણં' માં 'નમસ્કાર હો' કહીને ભાવનમસ્કાર પ્રાપ્ત કરવાની પ્રાર્થના કરાય છે. ત્યાં પ્રશ્નોત્તર કરવામાં આવ્યો.

પ્ર૦—ભાવ-નમસ્કાર જેને પ્રાપ્ત છે તે શા માટે આવી પ્રાર્થના કરે ?

ઉ૦—ભાવ-નમસ્કારમાં પણ અનેકાનેક કક્ષાઓ છે. તેથી નીચેની કક્ષાનો ભાવનમસ્કાર કરનાર એની ઉપરની કક્ષાના ભાવનમસ્કારની પ્રાર્થના કરે છે. પ્રાર્થના અને પુરુષાર્થ દ્વારા એ સિદ્ધ થાય છે. ત્યાં પણ એથી ઉપરની કક્ષાના ભાવનમસ્કારની પ્રાર્થના અને પુરુષાર્થ ચાલુ હોય એટલે એ સિદ્ધ થતો આવે.

અહીં ધ્યાનમાં રહે કે ભાવનમસ્કારમાં પણ ચઢતી-ઉતરતી કક્ષાઓ કહી એટલે નામાદિ નમસ્કારનું તો કહેવું જ શું ? આનો પણ વિચાર કરવા માટે એ જોઇએ કે, નામાદિ-નમસ્કાર એ શી વસ્તુ છે ?

oooo

-: શાસન પ્રભાવના અને સમાચાર :-

ભોપાલ:—મુનિરાજ વિદ્વાનંદમુનિ ઠા. ૨ વિહાર કરતાં સીહોર, સુજાલપુર, કાલીસિંધ, રંગમવર, ઉજ્જૈન, ફીંગંજ, ખારાકુવા તથા બાલકુમેઢ આદિ સ્થળોએ ધાર્મિક પાઠશાળા શરૂ કરાવી. પ્રભાવના આદિ ઉપરાંત પરીક્ષા લઇ ઇનામ આદિ વહેંચાવવા સાથે સારી પ્રેરણા આપી છે. પરિણામ સંતોષકારક આવે છે. અહિંથી મહીદપુર જવા ભાવના છે.

—: ધર્મસાધનામાં નિત્ય નવો વિકાસ કેમ થાય? :—

પ્ર૦—માણસ જે ચાલુ ધર્મસાધના અને ગુણપાલન કરતો હોય છે, એમાં તેવી સ્ફુર્તિનો અનુભવ નથી થતો, એનું શું કારણ, અને એની સામે શા ઉપાય લેવા?

ઉ૦—સારી સ્ફુર્તિ અને નવો નવો આલ્હાદ ન થવાની પાછળ અનેક કારણો હોઇ શકે છે. પરંતુ અહીં આપણે એક એવું કારણ, અને એની સામે ઉપાય વિચારીશું કે જેથી ધર્મના સાધક અને ગુણના પાલકને સારો પ્રકાશ અને પ્રેરણા મળે.

ધર્મની અનેક પ્રકારની સાધનાઓ છે; કેટલીક ગુણાત્મક, કેટલીક ક્રિયાત્મક અને કેટલીક પ્રતિજ્ઞાત્મક. વિષય-વૈરાગ્ય, મોક્ષપ્રીતિ, પાપનો ભય, દેવ-ગુરુ-ધર્મશ્રદ્ધા, દયા, મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ, ઉદારતા, ન્યાયસંપન્નતા-સૌમ્યતાદિ માર્ગાનુસારીના ગુણો, સદાચાર, બ્રહ્મચર્ય, ઇત્યાદિ ગુણાત્મક ધર્મ છે. દેવદર્શન-પૂજા, સાધુવંદનાભક્તિ, દાન, સામાયિક-પ્રતિક્રમણ, જાપ, સ્વાધ્યાય, ધર્મક્ષેત્રોની સેવા વગેરે ક્રિયાત્મક ધર્મ છે. શ્રાવકના વ્રતો, તપસ્યા, ત્યાગ વગેરેના નિયમો, એવું બધું પ્રતિજ્ઞાત્મક ધર્મ છે.

હવે અહીં એ સમજવાનું છે કે આ પ્રત્યેક ધર્મમાં અનેક પ્રકારની ચઢતી ચઢતી કક્ષાઓ છે. કેટલીય વાર માણસ થાપ ખાય છે, ને એમ સમજે છે કે-'જેટલો ધર્મ પોતે કરે છે તેમાં હવે નવું કાંઇ થઇ ન શકે. દા.ત વૈરાગ્ય ગુણ જે પ્રાપ્ત કર્યો તેમાં હવે નવું શું કરવાનું? પાપનો ભય હતો તે ભયમાં વિશેષ શું કરવાનું? એમ દેવદર્શન, સાધુવંદના, સામાયિક, એકાશન-ઉપવાસ, વ્રત વગેરે જે ચાલુ છે, તેમાં આગળ શું વિકસાવવાનું?'

પણ આ સમજ ભૂલભરેલી છે, એ જ વૈરાગ્યની કેટલીય ચઢતી માત્રા હોય છે. વિષયો પ્રત્યે સામાન્ય રીતે ઉદ્વેગ, સચિંતતા ઉભી થયા પછી દિનપ્રતિદિન એમાં વૃદ્ધિ કરવાની. વિષયો પ્રત્યે અરુચિ, ભડક વધતી જાય, વિષયોના ઘેરાવામાં અસ્વસ્થતા, અકળામણ જોર પકડતા જાય. એમ પાપના ભયમાં પણ વૃદ્ધિ થતી જાય. દુનિયામાં પણ જોવાય છે કે કરડકણા કૂતરા કરતાં તોફાની પાડાનો ભય વધારે; ને તેના કરતાં તોફાની હાથીનો વધારે; તેના કરતાં જંગલી પશુનો ભય વધારે. ન ગમતી વસ્તુઓમાં અરુચિ, ઉદ્વેગનું પણ એમજ છે. કોઇ કરતાં કોઇના પર અરુચિ વધારે, ઉદ્વેગ વધારે. ત્યારે ક્રિયાત્મક ધર્મમાં પણ વધતી માત્રાઓ છે, જેમકે, દેવદર્શન કરતાં જેમ જેમ આલ્હાદ વધે, એકાગ્રતા વધે, હૃદયનો ઝુકાવ વધે, તેમ તેમ દર્શનની કક્ષા વધે, એમ વંદનસામાયિકાદિ ક્રિયામાં પણ એવું સમજવું. આનંદ-કામદેવાદિએ સામાયિક પોષધાદિમાં સત્ત્વ કેળવ્યા, એવા સત્ત્વે પહોંચવાનું છે. વ્રતનિયમ અને તપસ્યામાં પણ ભાવનાનું બળ એવું વધારાય કે એમાં દિન પ્રતિદિન ઉલ્લાસ અને સત્ત્વ વધે.

તાત્પર્ય, (૧) કોઇ પણ પ્રકારનો ધર્મ એ એક નિધાન, મહાનિધાન, પરમનિધાન મળ્યું છે એમ ભાવના વધારતાં વધારતાં હૃદયમાં એનું મૂલ્યાંકન વધારતા જવાય; જગતમાં બીજી કોઇ વસ્તુ આની આગળ કિંમતી નથી પણ તુચ્છ છે, અસાર છે, એવી પરિણતિ ઘડાય. (૨) સાથે એમાં ઉત્તરોત્તર કિંમતી કિંમતી નિધાન મળ્યા જેવો આનંદ વધારતા જવાય. મૂલ્યાંકન વધારવાથી એની વધુ ને વધુ કદર ઉત્પન્ન થતાં, સામે દુન્યવી પદાર્થોની કદર ઘટતી આવે. આનંદ વધારવાથી સામે દુન્યવી પદાર્થોના આનંદ ઓછા થતા આવે. (૩) વળી ધર્મ સાધતાં સાધતાં સત્ત્વ એવું વધારતા જવાય કે સામાન્ય વિઘ્નથી માંડીને મોટ મોટા દેવતાઇ ઉપસર્ગ આવે તો પણ 'આ ધર્મ ન છોડું' એવી વિઘ્નજય અને સ્થિરતાની પરિણતિ વધતી આવે. (૪) ધર્મસાધનામાં દિનપ્રતિદિન એકાગ્રતાને વધારતા જવું જોઇએ. એ ૧ મિનિટ, ૨ મિનિટ,...૫ મિનિટ ટકતી આવે, ૧ શ્લોક, ૨ શ્લોક,...૫ શ્લોક સુધી

(અનુસંધાન પાન ૨૦૧મા પર)

મુદ્રક : ચંદ્રકાન્ત રતિલાલ શાહ. (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીની ખડકી
માણેકચોક, અમદાવાદ. ત્યાંથી છાપી પ્રસિદ્ધ કર્યું.

દિવ્યદર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ–૭, અંક–૨૬
બચુભાઇ ચીમનલાલ ઝવેરી મુંબઇ શાખા : ૧૬૭–૬૯, ફીકા સ્ટ્રીટ. શનિવાર તા. ૧૪–૬–૧૯૫૯

—: નિક્ષેપાની સમજ. :—

જૈનદર્શનની એક આગવી વિશેષતા નિક્ષેપની છે. **નિક્ષેપ** એટલે એક જાતના પ્રકારના. દા. ત. વિશ્વમાં દરેક વસ્તુના ઓછામાં ઓછા ચાર નિક્ષેપ માને ચાર પ્રકાર પડે; ૧. નામ, ૨ સ્થાપના, ૩. દ્રવ્ય, અને ૪ ભાવ; અર્થાત્ એ વસ્તુ નામથી હોય, સ્થાપનાથી હોય,...વગેરે. જેમકે, ઇન્દ્રનો વિચાર કરીએ તો નામઇન્દ્ર, સ્થાપનાઇન્દ્ર, દ્રવ્યઇન્દ્ર અને ભાવઇન્દ્ર–એમ ચાર વિભાગ પડે.

નામનિક્ષેપ એટલે ગુણ વિના ખાલી નામથી વસ્તુ દા. ત. કોઇ છોકરાનું નામ પાડયું 'ઇન્દ્ર' એનામાં ઇન્દ્રપણાનો કોઇ ગુણ નથી છતાં લોક એને ઇન્દ્ર કહે છે. તો એ પણ ઇન્દ્ર વસ્તુ થઇ, પરંતુ નામથી. એમ કોઇ સ્વયં કાયર હોવા છતાં કે ઇએ એનું નામ 'મહાવીર' પાડયું છે, તો એ નામથી મહાવીર છે. આની જેમ 'ઇન્દ્ર' 'મહાવીર' એવો અક્ષરસમૂહ એ પણ નામ છે; તો એને પણ નામ-નિક્ષેપ કહેવાય બોર્ડ પર 'ઇન્દ્ર' લખી પૂછવામાં આવે કે આ શું લખ્યું છે, તો ઉત્તર મળશે કે ઇન્દ્ર એટલે 'ઇન્દ્ર' શબ્દ એ પણ નામનિક્ષેપે ઇન્દ્ર-વસ્તુ થઇ. હવે,

સ્થાપના–નિક્ષેપ એટલે વસ્તુના ગુણ વિના જે ચિત્ર, મૂર્તિ વગેરેમાં એની કલ્પના સ્થાપી તે તો ઇન્દ્રની મૂર્તિને કે ચિત્રને પણ, 'આ શું છે' એમ પૂછતાં કહેવાય કે 'ઇન્દ્ર' છે. એ સ્થાપના નામની ઇન્દ્ર-વસ્તુ થઇ. સ્થાપના બે પ્રકારની હોય. **(૧) સદ્‌ભૂત સ્થાપના** એટલે કે આકૃતિવાળી સ્થાપના. દા. ત. તીર્થંકર ભગવાનની પ્રતિમા, ગુરુની મૂર્તિ, પિતાનો ફોટો, વગેરે પિતાના ને કાકાના ફોટાને પણ છોકરો કહે છે 'આ મારા પિતા છે, ને પેલા મારા કાકા છે.' એ સ્થાપના–પિતા-પિતા કહી રહ્યો છે. બીજી, **અસદ્‌ભૂત સ્થાપના** હોય છે. એમાં બરાબર મળતી આકૃતિ નહિ પણ માત્ર તે વસ્તુની કલ્પના સ્થાપી હોય છે, જેમકે, નવ–કારવાળી કે પુસ્તક આદિમાં ગુરુ આચાર્યની સ્થાપના કરાય છે. તો પછી એમાં આચાર્યની આકૃતિ મળતી નહિ છતાં કહેવાય છે કે આ સ્થાપનાચાર્ય છે. નામવસ્તુ કરતાં સ્થાપનાવસ્તુની એ વિશેષતા છે કે એની ઉપાસના કરીને લોક લાભ પામે છે; દા. ત. સ્થાપનાચાર્યનો વિનય–બહુમાન સાચવવાથી અથવા પરમાત્માની મૂર્તિની પૂજા ભક્તિ કરવાથી મહાન લાભ મળે છે.

દ્રવ્ય–નિક્ષેપ એટલે મુખ્ય વસ્તુની કારણ-ભૂત, યા કાર્યભૂત વસ્તુ. દા. ત. ઇન્દ્ર કે ન્યાયાધીશ જ્યારે સિંહાસને નથી બેઠો ત્યારે પણ 'ઇન્દ્ર' કહે-વાય છે, 'ન્યાયાધીશ' કહેવાય છે, સાધુના મડદાને પણ લોક 'આ સાધુ છે' એમ કહે છે, એના દર્શન કરે છે. રાજાના પુત્રને પણ લોક 'આ અમારા રાજા છે' એમ કહે છે. એમ વકતાને, લેખકને, ચિત્રકારને, ભલે પણ-લેખન-ચિત્રણની ક્રિયા ન કરતા હોય ત્યારે પણ 'આ વકતા છે, આ લેખક છે, ચિત્રકાર છે,' એ તરીકે બોલાવવામાં આવે છે; કેમકે એણે ભૂતકાળમાં બરોબર વકતા વગેરેનું કર્મ કર્યું છે, અગર ભવિ-ષ્યમાં કરનાર છે, આ બધી દ્રવ્યનિક્ષેપે વસ્તુ થઇ. આ સિવાય, ગૌણ અર્થમાં યાને ઔપચારિક રીતે પણ જ્યાં મુખ્ય વસ્તુનો વ્યવહાર થતો હોય તે બધ દ્રવ્યનિક્ષેપે વસ્તુ છે. દા. ત. કર્તાહર્તા મંત્રીને લોક

કહે છે, 'ભાઇ! આ તો રાજા છે.' મુખ્ય રાજા જુદો છે, આ ઉચ્ચારથી રાજા છે એમ મુખ્ય 'આવશ્યક' સવાર-સાંજ ભાવથી પ્રતિક્રમણ કરાય તે. પરંતુ સવારના ઉઠીને કરાતા શૌચ, દાતણપાણી, સ્નાન વગેરેને લોક આવશ્યક કહે છે, એ ઉપચારથી અર્થાત્ દ્રવ્યનિક્ષેપે કહેવાય. એમ પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયા પણ ભલે શુદ્ધ ઉચ્ચારણાદિ સાચવીને કરી, છતાં ભાવ વિના યાને મનનાં લક્ષ વિના કરી તો એ દ્રવ્ય આવશ્યક થયું, ભાવ આવશ્યક નહિ. એમ, ભાવની મુખ્યતા વિનાની એટલે કે પુષ્પાદિ દ્રવ્યોથી કે ગીત-નૃત્યથી પૂજા એ દ્રવ્યપૂજા.

ભાવ-નિક્ષેપ એટલે વસ્તુ જે નામથી ઓળખાય છે, તે નામનો અર્થ જેમાં ઘટતો હોય તે. દા. ત. 'ઇન્દ્ર' નામનો અર્થ છે 'ઇન્દન કરવું, દેવોની સભામાં વિશિષ્ટ ઐશ્વર્ય ભોગવવું તે' એ અર્થ તો જ્યારે એ દેવસભામાં ઇન્દ્ર તરીકે શોભતો હોય ત્યારે સંગત થાય. માટે એ અવસ્થામાં એ ભાવ-ઇન્દ્ર, ભાવનિક્ષેપે ઇન્દ્ર કહેવાય. સાધુપણાના ગુણમાં હોય ત્યારે ભાવસાધુ. શ્રાવકપણાની આંતરિક દશા વર્તતી હોય ત્યારે ભાવશ્રાવક. આંતરિક લક્ષવાળું પ્રતિક્રમણ એ ભાવ-આવશ્યક. એવું ચૈત્યવંદન એ ભાવપૂજા.

જિનના ૪ નિક્ષેપા :— 'જિન' અરિહંતના પણ ચાર નિક્ષેપા પડે 'જિન' એવું નામ એ નામનિક્ષેપ, જિનની મૂર્તિ એ સ્થાપનાનિક્ષેપ, વિચરતા જિન એ દ્રવ્યનિક્ષેપ, અને સમવસરણ પર દેશના દેતી વખતે ભાવજિન એ ભાવનિક્ષેપ. અહીં એટલું સમજવાનું છે કે ખરી રીતે 'જિન' શબ્દનો અર્થ 'રાગ-દ્વેષને જિતનાર' એવો થાય છે, તે મુખ્ય અર્થ તો બીજા વીતરાગ કેવળજ્ઞાનીમાં પણ ઘટે છે, છતાં તેમને ભાવજિન તરીકે અહીં ન કહ્યા અને, સમવસરણસ્થ અરિહંતને ભાવજિન કહ્યા, એનું કારણ એ કે પેલાનો 'વીતરાગ' કહેવાય છે, ત્યારે 'જિન' શબ્દ જિનેન્દ્ર ભગવાનમાં રૂઢ થયેલો છે. નહિતર તો વીતરાગ જ શા માટે, બાહ્ય શત્રુને જિતનાર પણ જિન છે, છતાં એ જિન નથી કહેવાતા; વિજેતા કહેવાય છે.

  

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**ના વિદ્વાન શિષ્યરત્ન

પૂ ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.

જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ? (ચાલુ)

ભાવિભાવ કોને કહેવાય ?:—

ભાવિભાવ એટલે ? નિયમ વિના બને તે ભાવિભાવ; પણ કાર્યકારણના નિયમથી બને તે નહિ. ધર્મમાં પ્રગતિ ઉદ્યમથી બને છે. એને ભાવિભાવ પર ન છોડાય. ઉદ્યમ છતાં અચાનક પડાય તે ભાવિભાવ. શ્રેણિક મહારાજાના દિકરા નંદિષેણમુનિ. એ શું બીજે વહોરવા નહિ ગયા હોય ? રૂપવતી સુંદરીઓ નહિ જોઇ હોય ? કોઇએ મધુરા વચનો નહિ સંભળાવ્યા હોય ? ત્યારે કયાંય નહિ ને અહીં, વેશ્યાએ, 'અહીં તો અર્થલાભ,' એટલું કહેતાં, ત્યાં ભૂલ્યા, રહી ગયા, પડી ગયા ! ત્યાં ય ભાવિભાવ કહેવો મુશ્કેલ છે. ભાવિભાવમાં નિયમ ન હોય, કાર્યકારણમાં નિયમ દેખાય. એમને નિશ્ચિત ભોગાવલિનો ઉદય હતો એટલે પડ્યા. અહીં ગુરુ પર છરો મારનારાને અટકાવાય છે. 'પ્રયત્નથી અટકે,' એમ ખબર છે માટે અટકાવે છે. તે જ રીતે રેશમી ચાદર ઓઢાડવા આવનારને વધાવાય છે. શાથી ? એ નિયમ ખબર છે કે, 'વધુ વધાવવાથી તે ગુરુનો વધુ ભકત બને, વધુ સારી ચીજો લાવે.' આમ એને વધારે વધાવે, બોલાવીને, આદર આપીને પાસે બેસાડે, આ બધું કરે છે, નિયમ છે, કે એથી સામાને અસર થાય, એ નિયમ જાણે છે માટે એમ કરે છે, છતાં પાછા, 'એના પર્યાય ઓઢાડવાના હશે, એને વધાવનારના પર્યાય તેવા હશે, એના પર્યાય વધાવાના હશે,' આમ લોચા વાળે, એ કાં દંભી છે અથવા અજ્ઞાન છે.

પ્ર૦—જે બનવાનું હોય તે તો બને જ ને? એમાં આપણો પ્રયત્ન શું કામ લાગે? અને લાગે તો બનવાનું બને જ એ કયાં રહ્યું?

ઉ૦—આવો પ્રશ્ન એ મૂળમાં વસ્તુની ગરજ ન હોવાનું સૂચવે છે. **ધર્મનો અવિહડ રાગ ન હોય, ભારે ગરજ ન હોય, ત્યારે એમ થાય છે કે-'એ ઉદયમાં હશે તો થઇ જશે, ધર્મ કરવાનું નક્કી થયું હોય તો આપણને એની બુદ્ધિ ન થાય? નથી થતી, માટે હજી ભાવિભાવમાં એ લખાયું નથી; હજી ભવિતવ્યતા પાકી નથી.' આ ઉઠાવા શાના અંગે છે?** વસ્તુસ્વરૂપની સમજના નહિ, પરંતુ મૂળમાં ધર્મનો ઝળહળતો રાગ નથી, **'ધર્મ એ જ જીવન છે, પાપ તો મોત છે,'** એવું દિલમાં હાડોહાડ વસ્યું નથી, એનો. જીવો પર જો ભારોભાર દયા હોય, તો શું એ એમ જોવા જશે કે-'ઉભા રહો, ભાવિભાવમાં છે? તો હું જીવને બચાવવા ઉદ્યમ કરું?' ના, એ તો ઝટ જરા ખસીને ચાલશે અને જીવને મારશે નહિ. કહો જો અહીં જીવ બચ્યો એ ભાવિભાવથી, કે પોતાના પ્રયત્નથી? અને પ્રયત્ન થયો તે શું ભાવિભાવથી, કે પોતાની દયાની લાગણીથી? ધર્મની લાગણી જો જોરદાર હોય તો ધર્મનો પ્રયત્ન ઝટ થાય; ત્યાં કાંઇ ભાવિભાવ પર ન છોડાય. દુનિયાના ઢગલાબંધ કાર્યોમાં જુઓ તો દેખાશે કે **જ્યાં ઇચ્છા છે, ગરજ છે, ત્યાં ઝટ પ્રયત્ન થાય છે.** સમજે છે કે હાથ હલાવી ખાશું તો પેટ ભરાશે, તો કામકાજ થઇ શકશે; એટલે ભાવિભાવ પર છોડયા વિના ઝટ ભોજનમાં પ્રયત્ન થાય છે. ખબર છે કે છોકરો પહેલી, બીજી વગેરે કક્ષાઓમાં ભણતો ભણતો મેટ્રિક થશે, તો ત્યાં મેટ્રિક કરાવવાનું ભાવિભાવ પર છોડતા નથી, પણ નિયમિત વર્ષો સુધી શાળાએ મોકલી ભણાવો છો. ઉલટું, ત્યાં જો છોકરો કહે, 'બાપાજી મેટ્રિક થવાનું લખ્યું હશે તો તે મિથ્યા થનાર નથી, અને નહિ લખ્યું હોય તો આપણે પ્રયત્ન કરવા છતાં કાંઇ વળવાનું નથી,' છોકરો જો આ શાસ્ત્ર તમને ભણાવે તો તમે શું કરો? એની વાત વધારી લો? કે-'બેસ બેસ ડોહડા! સીધો ભણવા જા. ભાવિમાં લખાયેલું પણ આપણા પ્રયત્નથી ફળે છે.' આમ, દુનિયાની ઢગલાબંધ વાતમાં રસ છે, રાગ છે, ગરજ છે, તો કૂલપાવર પ્રયત્ન કરો છો પછી અહીં ધર્મ-પ્રયત્નમાં લોચા કેમ? ભાવિભાવનું એ ઠુંઠું કેમ? કહો, તેટલી ગરજ નથી, કિંમત નથી. બાકી તો એ સમજવું જોઇએ કે ભાવિભાવમાં આપણો પ્રયત્ન પણ નિર્ણીત છે! માટે પ્રયત્નને અંતર્ગત ગણીને બનવાનું બને છે એમ માનવું જોઇએ.

પણ પ્રયત્નને બાદ રાખી કોરા ભાવિભાવ અને ત્રિકાલી પર્યાયનું અજ્ઞાનશાસ્ત્ર ગબડાવ્યે રાખી આજે લાખો કરોડો વર્ષથી ચાલી આવેલી ધર્મપુરુષાર્થની પવિત્ર સંસ્કૃતિનું ખૂન કરવું રહ્યું છે. **મહિરો ભાંગનારો તરકડાઓ જેટલું ભયંકર નહોતા કરતા, એટલું ભયંકર આવા સંસ્કૃતિનાશકો કરી રહ્યા છે!** એમને ભાન નથી કે અનંતાનંતકાળથી સંસારી જીવને વિષયો અને કષાયોનો રસ છે, અર્થ-કામનો રસ છે, વગર કહ્યે વગર શિખવ્યે, કેવા અર્થ-કામના પુરુષાર્થ કર્યે જાય છે. **એને ધર્મની સાધનમાં લાવવો હોય, તો ધર્મક્રિયાઓના વિવિધ પુરુષાર્થ કરાવવા દ્વારા અર્થ-કામ અને વિષય-કષાયના પાપમાંથી છોડાવવો જોઇએ, જેથી એ પાપની લગની ઓછી થતી આવે.** ત્યાં જો ભાવિભાવ પર છોડાય, તો શું એ ધર્મ કરવાનો કે પૂરા અર્થકામ? રસ તો એવી ચીજ છે કે પહેલાં સહેજ રસ જાગ્યો, એથી પ્રવૃત્તિ કરાય છે, પછી પ્રવૃત્તિ કરતાં કરતાં રસ વધે છે અને આગળ જોરદાર પ્રયત્નો થાય છે. જેવું દુન્યવી બાબતમાં, એવું ધર્મમાં. ત્યાં ભાવીના વિશ્વાસે ન બેસી રહેવાય. જ્ઞાનીની દૃષ્ટિએ ભલે અમુક રૂપે નિશ્ચિત વાત હોય, છતાં આપણું કર્તવ્ય એ કે અશુભમાંથી બહાર નીકળવાનો અને શુભમાં લાગ્યા રહેવાનો પ્રયત્ન ખૂબ કરવાનો.

જડની ક્રિયાની ઠામ ઠામ અસર:—

કહે છે કે 'જડની ક્રિયા ચૈતન્યને કશું કરતી નથી.' સાચી વાત છે આ? જડ આંખો ન મળી હોય, અગર મળેલી બગડી ગઇ હોય તો જીવ પ્રત્યક્ષ દર્શન કરી શકે? જડ એવા મેવા પકવાન્ન, મખમલની તળાઇ અને વાજિંત્રના ગીત

જીવને શાતા નથી કરાવતા ? જડ એવા કાગળ–કલમથી જીવ કવિતા કે લેખને જગતના ચોગાનમાં નથી મૂકતો ? જડ એવા માનવ શરીરથી જ જીવને મેક્ષ મળે છે, એ શું વસ્તુસ્થિતિ નથી ? તો પછી જડ ચેતનને કશું કરતું નથી એ કયાં રહ્યું ?

અરે ! ઉપવાસે પર ઉપવાસો થયા હોય, અશક્તિ ભારે થઇ હોય, ને આંખે અંધારા આવતા હોય, તે વખતે આત્મામાં શાસ્ત્ર ગોખવાનું કે સૂક્ષ્મ તત્ત્વચિંતન–મનન કરવાનું નથી થઇ શકતું, અને જડ શરીરને જડ આહાર આપવામાં આવે પછી એ થઇ શકે છે, એ હકીકત છે. તો જીવના તત્ત્વચિંતન પર જડની અસર થઈ કે નહિ ? આત્મા તો એનો એ જ છે, પહેલાં ય એ હતો અને અત્યારે ય એ છે, તો પહેલાં કેમ નહોતો કરી શકતો, ને હવે કેમ કરી શકે છે ? ચેતનને જડની આટલી સ્પષ્ટ ઉપયોગિતાનો પણ ઇન્કાર કરવો અને ભોળા જીવોને જડ મોજની અધિમાં પાડવા, એ કેવું કારમું અજ્ઞાનયુકત તોફાન ? ખૂબી તો એ છે કે આવું અજ્ઞાન ફેલાવનારા પાછા પોતે પ્રવચનો મોટા મોટા કરે છે, ને પેપરો કઢવે છે ! શા સારૂ ભાઈ ? પ્રવચન એટલે શબ્દસમૂહ, અને દૈનિક-માસિક પેપર એટલે કાગળ પર મશી, એ બંને જડ છે, એનાથી ચેતનને શી અસર થવાની હતી કે જીવોને એ આપવા મથો છો ? તો કહેવાનું જુદું ને આચરવાનું જુદું ? સમજી રાખો કે જૈનશાસન અવિચ્છિન્નપણે ચાલ્યું આવ્યું છે એ બાહ્ય શુભ વ્યવહાર અને શુભ ક્રિયાઓ ઉપર; તેમ જીવોનાં કલ્યાણ પણ એના પર જ થયા છે, અને થાય છે; પછી એને નકામા કહી ઉડાવવા એ જૈન ધર્મનો અને ઠેઠ જિનેશ્વર દેવનો દ્રોહ કરવા જેવું છે. પંચવસ્તુમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજ જણાવે છે, અનંતા દ્રવ્યશ્રુત ફેગટ ગયા. વાત સાચી, પરંતુ જ્યારે ભાવશ્રુત આવે છે, ત્યારે દ્રવ્યશ્રુતના આલંબને જ આવે છે. દ્રવ્યશ્રુત એટલે શાસ્ત્રને માત્ર જાણવું; ભાવશ્રુત એટલે જાણવા ઉપરાંત રૂંવાડે રૂંવાડે, અંતરાત્મામાં પરિણમાવવું. નવ નવ પૂર્વ સુધીના અનંતા દ્રવ્યશ્રુત નકામા ગયા, શાથી ? દ્રવ્યશ્રુત તો રસાયણ હતું, પણ સાથે મોહ કુપથ્યનું જોર હતું; એટલે એ નકામા ગયા. એનો અર્થ એ નથી કે-'ત્યારે એની જરૂર નહિ; જરૂર ભાવની; કેમકે ભાવશ્રુત એમજ પ્રગટી જાય એવું નથી. એ જેને પ્રગટયું છે એવા ભાગ્યવાન જીવોના જીવન જોઇએ તો જણાશે કે **તે પ્રગટવા પૂર્વે દ્રવ્યશ્રુતનું રસાયણ લેવાયું જ હશે.** વર્તમાન દ્રવ્યક્રિયાને વિધવા જેવી, ભાવ સતાનને જન્મ ન આપે તેવી બનાવી દીધી છે. એ વિધવા નહોતી, હતી સૌભાગ્યવતી; પણ **શુદ્ધ ઉપયોગના અભાવે ભાવપ્રેરક ન બની.**

ક્રિયા સાથે શુદ્ધ ઉપયોગનો યોગ કરાવવો જોઇએ, તો ભાવનો જન્મ થાય.

મોહની ક્રિયાથી મોહનો સંબંધ પોષાય છે; એમ ધર્મ ક્રિયા વારંવાર થતી હોય છતાં જો શુદ્ધ ઉપયોગ સાથે ન હોય તો, તેને સામેની મોહની ક્રિયા બકરી જેવી બનાવી દે છે; ને મોહની ક્રિયા વાઘ જેવી બને છે. એના બદલે ધર્મક્રિયાએ વાઘ જેવી બનવું ઘટે. આ પ્રાથમિક પગથિયું. એથી મોહની ક્રિયાથી આત્મા પોતાના પર મોહના અધિકારને પુષ્ટ ન કરે. પજુસણ આવે છે, આઠ આઠ પહોરના રોજ એ રીતે ચોસઠ પહોરના આઠેય દિવસ પોષધ થશે, સાવદ્ય યોગનો ત્યાગ થશે, એ ઘડીના છ ભાંગે સામાયિકથી કેટલાય પાપ અટકે, તેવાં સામાયિકો એક દિવસના ત્રીસ, એ હિસાબે આઠ દિવસના સામાયિકોથી યાને સાવદ્ય યોગના ત્યાગથી કેટલાં પાપ અટકે ? આત્માની કેટલી જ્યોતિ ઝળકે ! કેટલો બધો ભાવ ઝળકે ! બધું ખરૂં, પણ એ કરવામાં અગર શુદ્ધ ઉપયોગ નથી તો મોહનો અધિકાર આત્માને રાંકડો બનાવે છે ! અભયદાન અને પાપત્યાગના ભાવનું તેજ વધતું નથી, **સામાયિકની ચિકિત્સા લેવા છતાં તૃષ્ણા-મમતાનું કુપથ્ય એવું થાય છે કે ભાવને ક્ષય લાગુ થાય છે.** મોહનો અધિકાર દૂર કરી એ ક્ષયને ક્ષય લગાડવાની જરૂર છે. આત્મા પરથી મોહના અધિકારનો ક્ષય કરવો જોઇએ. એકદમ બંધ ન થાય તો ઓછો ઓછો તો કરતાં જ ચાલવું જોઇએ. એ માટે પણ, ધ્યાનમાં રહે કે ધર્મક્રિયાઓ ખૂબ સહાયક થશે. એને ખૂબ પ્રમાણમાં કરીને ભાવ જગાડવાની સાવધાનીમાં રહેવું.

મોહનો અધિકાર ઉઠાવવા શું કરવું ?:—

જીવનમાં ધર્મની ક્રિયાઓ, ધર્મની વાતો, ધર્મના બોલ, ધર્મની સલાહ, વગેરે વગેરે એવું વણાઈ જવું જોઈએ કે આત્મા પર ધર્મનો અધિકાર, ધર્મપ્રણેતા જિનરાજ દેવનો અને ધર્મોપદેશક ગુરુનો અધિકાર જામી જાય. આત્માનું વલણ જ ફરી જાય; એને પ્રતિપળ એમજ લાગ્યા કરે કે,

'મારા જીવન સુકાની દેવ, ગુરુ અને ધર્મ, મારા ઉપકારી અને હિતચિંતક એજ; મારે ઓથ અને આશ્વાસન લેવાનું હોય તો એ દેવ-ગુરુ-ધર્મમાં જ; પણ કુટુંબ-કબીલા કે માલમિલકતમાં નહિ. એ તો બધા મારા રસ્તે મળેલા પરાયા જેવા, લટકતી સલામ કરનારા! એમનું હું સાચવું-સેવા કરું એ મારૂં ઉચિત કર્તવ્ય. એ મારૂં સાચવે એમાં તો મારા દેવ-ગુરુ-ધર્મની કૃપા બાકી એમના સમાગમમાં રહ્યે મારે સાવધાન રહેવાનું, ધર્મજીવનને પ્રધાન રાખીને રહેવાનું; મારા ધર્મને એમના શરણે નહિ, પણ એ બધાને ધર્મના શરણે રાખવાના એમની પાછળ ધર્મને આંચ નહિ આવવા દેવાની. એમની સંગતમાંથી ય મારે ધર્મભાવનાના સાર ખેંચવાના, શક્ય ધર્મ-તારવણી કાઢવાની...'

આ રીતે જીવન જીવાય તો આત્મા પર દેવ-ગુરુ-ધર્મનો અધિકાર જામે અને મોહનો અધિકાર ઉઠી જાય.

આ કયાંનો ન્યાય: શા માટે મોંમાં કાદવ ભરવો ?:—નવરા પડયા, શરીર માંડતું હોય તો સામાયિક કરાય; ન માંડે ને કદાચ શરીર આડું પડે, તો પણ સૂતાં સૂતાં ય આંગળીના વેઢે ગણત્રી બંધ નવકાર ગણાયા કરે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુને નમસ્કાર થયા કરે. શાસન કેવું વિશિષ્ટ છે! ઘડી પહેલાં મહામોહની ક્રિયામાં પડેલો જો જાગ્રતિ ને આવડત હોય તો એવા નવકારમાં લીન થઈ શકે કે કેઈ પાપના ક્ષય થાય, અંતકાળે એક માત્ર નવકાર સંભળાવવાથી ચંડપિંગલ ચોરને પણ ધર્મી રાજકુમારનો જન્મ અપાવાયો છે ને? દુરાચારી ભાવતને દેવનો ભવ પમાડાયો ને? નવકારનો કેવો પ્રભાવ! પણ આત્માનો પ્રયત્ન તદ્રૂપ ભાવ જગાડવાનો જોઈએ. નવકારની એવી રટણા રહે કે કોઈ પડોશી અડોશી આવીને કોઈની નિંદા કરે, તો ન સાંભળે; એવો જવાબ આપે કે નિંદાને તમાચ પડે. આવી નિંદા સાંભળવી કે કરવી તે સામાને સારૂં લગાડવા માટે ને? ત્યાં વ્યવહારનો ય લાભ વિચારો કે એ તમારૂં શું ઉકાળવાના? ધારો કે અનાજનું રેશન છે, તમને ઘઉં જોઈતા હોય, અને એ એની પાસે હોય, તો તમને શું એ આપશે? ના, **તો આવા સામાનું મોં રાખવા સામાને જરા સારૂં લગાડવા પોતાના કાનને અને હૈયાને બગાડવા, પોતે નિંદા કરતા થઈ મોં બગાડવું, મોંમાં કાદવ ભરવો, આ કયાંનો ન્યાય?**

જાતની નિંદાથી જીવ બીજાની નિંદાના દોષથી બચે છે.:—

નિંદા કરતાં પહેલાં એક ખ્યાલ કરો. આ શાસનના નાયક સર્વજ્ઞ પરમાત્મા તો વીતરાગ છે, એ કોઈની નિંદા કરે નહિ પણ ખાલી કલ્પના કરવામાં આવે, કે એઓ જો આપણા દોષો કહેવા માંડે તો આપણી કઈ હાલત? છે કયાંય ઉભા રહેવાનું સ્થાન? જીવને પૂછો કે **તું જેની નિંદા કરતો હઇશ, એના તું કેટલા દોષ કહેવાનો? અને દોષ કહેનાર સર્વજ્ઞ તારા કેટલા દોષ ગણાવી શકે?'** બીજાની નિંદાનો વિચાર આવતાં જ આત્મા પોતાને કહી દે, 'અલ્યા! જાતનો વિચાર કરને!' તો નિંદાથી અટકાય. પોતાના જીવનમાંના દોષને કહેવા માટે કેટલા લાખ શબ્દ જોઈએ છે? મકાનમાં ચોર પેઠા હોય, માલિક ઉંઘતો હોય, એમના પર માલિકની દૃષ્ટિ ન હોય તો ચોટ્ટાઓ મોજ જ કરે ને? ગાંસડા-પોટલા નિરાંતે બંધાય તેટલા બાંધે! પણ માલિકની દૃષ્ટિ પડે તો ચોરના હાંજા ગગડી જાય. એક ચીજ ન ચોરી શકે, અહીં પણ જીવ નિંદાએ ચડે એટલે બીજાના દોષોના ગાંસડા-પોટલા બાંધશે, જાણે છે કે માલિકની દૃષ્ટિ નથી. પણ જો એ દોષોનો માલિક હાજર થઈ ગયો તો? જીભડી બંધ! બીજા ત્રીજા લોચા વાળવા પડે એના કરતાં નિંદાનો પ્રસંગ આવતાં જ જીવ જાગ્રત હોય તો બીજાના દોષોનો માલ ચોરવામાં જીભ ફ્રુજી જાય. **જાગ્રત આત્મા નિંદા કરે તો નહિ, પણ સાંભળે ય નહિ.** જો કોઈ

સંભળાવે કે 'કલ્યાણની આંખ બરોબર નથી, એની નજરનું ઠેકાણું નથી, જે તે સ્ત્રીને જોયા કરે છે, વગેરે તો તરત નિંદાથી બચવા ઇચ્છતો જીવ જાત માટે વિચારે, 'હું કોણ છું ? **એ ચોર ચોર છે તો હું શાહુકાર ચોર છું**, એ રસ્તા પર એની નજર ફેંકી ખુલ્લી રીતે એમ કરતો હશે તો હું ખૂબીથી ધર્મસ્થાનમાં નજર ફેંકી દેતો હર્ષશ મંદિર-ઉપાશ્રયમાં તો કોઇમા, એન કે એટી જેવી હોય, એમાં રૂપવતી પર ખૂબીથી જરા નજર કરી લેવાય, તો કોઇને શક ત્યાં ન ય થાય, આ કરનારો શાહુકાર ચોર ! **જાતના આ અથવા બીજા દોષોના ઢગલા વિચારાય, તો જીવ બીજાની નિંદાના દોષથી બચે.** નિંદાનો ત્યાગ એ માર્ગાનુસારિતાનો મહાગુણ છે. નિંદામાં પડ્યા તો એ ચોટ્ટો એવો છે કે બીજાને મદદે બોલાવે. તમે એક પાસે નિંદા કરતા કે સાંભળતા થયા, પછી બીજા ચારને તે મોકલશે.

માર્ગાનુસારીના ગુણોનું મહત્ત્વ: –

વિચારજો, માર્ગાનુસારીના વિવિધ ગુણો જીવનને કેવું ઉન્નત બનાવે છે, માનવજીવનને કેવું શોભિતું કરે છે, ને માનવજીવન જેવા વિશિષ્ટ જીવનમાં કેવી ખરી વિશિષ્ટતાઓ લાવે છે ! કોઇ ઝાડ-પાન, કીડા-મકોડા, ને પશુ-પંખીના અવતાર કરતાં અદ્‌ભુત શક્તિઓ અને મહાન સંભાવનાઓ ભર્યો આ માનવનો વિશિષ્ટ અવતાર મળ્યો છે, એ જરાય ભૂલશો નહિ. તો એ શક્તિઓ સંભાવનાઓ અને વિશિષ્ટતાને વાસ્તવિક પ્રાપ્ત કરેલી કરવા માટે પહેલા પાયામાં માર્ગાનુસારીના અનેકવિધ ગુણો કેળવ્યા વિના નહિ ચાલે. એ ગુણોને જેમ જેમ જીવનમાં જીવતા થશો, વિકસાવતા થશો, તેમ તેમ આંતર અનુભવ થશે કે 'ખરે જ ! હું વિશિષ્ટ અવતાર પામ્યો છું.'

સારા રૂપરસ વગેરે વિષયોમાં મસ્તી ઉડાવવાનું તો કીડા-મકોડાને ય આવડે છે. એવું આપણને આવડયું એમાં વિશેષતા શી ?

પેટ ભરીને ક્રોધ-લોભ ને મદ-માયા કરવામાં તો જંગલના પશુ ય જીવન વીતાવે છે, માત્ર એવું કરવામાં વીતાવેલા મારા જીવનની શી વિશેષતા ?

માનવ જીવનની વિશિષ્ટતા લૂંટવી હોય તો ન્યાયસંપન્નતાદિ કેમ પ્રકારના ગુણો જીવવામાં મચ્યા રહો. બીજો ધર્મ કરતા હશો, દહેરે-ઉપાશ્રયે જઈ દેવ-ગુરુની સેવા કરતા હશો, અવસરે દાન-શીલ-તપ આચરતા હશો, પણ જીવનમાં ન્યાયસંપન્નતા, ઔચિત્ય, કૃતજ્ઞતા, સેવા, પરોપકાર, સૌમ્યતા, નિંદાત્યાગ વગેરે માર્ગાનુસારી જીવનના ગુણો નહિ જળહળતા હોય, અને વિપરીત દોષો, અનીતિ, અનુચિત વાણી-વર્તાવ, કૃતઘ્નતા, સ્વાર્થાંધતા, ક્ષુદ્રતા, ધમધમાટ, નિંદા વગેરે ખદબદતા હશે, તો ઉત્તમ કુળને, ધર્મને, ધર્મગુરુને અને તમને લાંછન લાગશે; તેમજ કરેલા દાનાદિ ધર્મક્રિયાના **ફળમાં લક્ષ્મી વગેરે મળશે તે આ દોષોના વારસાથી ખદબદતા મળશે.** પછી વિચારો જીવની દુર્દશા કેવીક હશે ! એવી, કે ત્યાં તો ધર્મની રપશ્યના મોંઘી થઇ પડશે; ને પરિણામે દુર્ગતિના ભવોની પરંપરા ચાલશે.

સમજતા નહિ કે માર્ગાનુસારીના ગુણો વિના ધર્મનો અધિકાર મળે છે. **ધર્મના અધિકારી બનવા માટે પણ આ ગુણો ખૂબ જરૂરી છે; ને આત્મામાં ધર્મને પચાવવા તથા વિકસાવવા માટે પણ આ ગુણો વિના નહિ ચાલે.** ગુણોને જીવનમાં જીવી જુઓ, પછી એનો આનંદ અને ફૂંફ કેવા રહે છે એ કહેજો. પછી તો પૈસા ઓછા મળ્યા, કે પરિવાર ધાર્યો ન મળ્યો અથવા સારો ન મળ્યો, એની ય બહુ અફસોસી નહિ રહે; **ઉલટું ગુણો મળ્યા પર મનને મસ્તી રહેશે.** માટે આ ગુણોને પાયાના ગુણ સમજી એનો પાયો નાખવામાં અથાગ પુરુષાર્થ ફોરવો.

સામાન્ય જણાતી નિંદ્ય-પ્રવૃત્તિનું આ પરિણામ ! :—

નિંદાના ત્યાગ પછી નિંદ્ય-પ્રવૃત્તિનો ત્યાગ, એ ગુણ છે. પોતાને નહિ છાજતી પ્રવૃત્તિ તે નિંદ્ય-પ્રવૃત્તિ. ચક્રવર્તી જેવો આ ભવ, જીવ ધારે તો છ ખંડ પર કેવી હકુમત ચલાવે ? ચક્રવર્તીની આજ્ઞા કોઇથી ન ઠેલાય, પાળવી જ પડે. **પાંચ ઇંદ્રિઓ અને છઠું મન અથવા મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ, પ્રમાદ અને અજ્ઞાન આ છ ખંડ**

પર પૂરો કબજો રાખીને આત્મા સાર્વભૌમત્વ ભોગવી શકે. ભત્ર એવો છે, પણ ખ્યાલ નથી એટલે ચક્રવર્તીપણું ભોગવાતું નથી; છએની ગુલામી કરાય છે. અવળી જ પ્રવૃત્તિ આદરાય છે. ઠીક છે, પોતાની પાસે પૈસા છે, જરા માનપાન છે, એટલે ગંભીર થવાને બદલે તોછડાઈ ધમધમાટ અને રોફ કરે, તો આત્મિક લાભ-ગેરલાભની વાત તો પછી, પણ દુનિયાની દૃષ્ટિએ ય એથી શો લાભ તે વિચારો. ગેરલાભ જ થાય.

જેની સામે રોફ કરો, માનો કે સામામાં તાકાત ન હોય, સ્થિતિ તેવી હોય તો એ રોફ સહન કરે, પણ જાય વિરોધી થઇને. ગરજ હોય તો તમારી સેવા પણ કરે પણ એના અંતરમાં વિરોધ હોય. **પરિણામે માલ તમારો ખાશે અને વફાદારી બીજે હશે.** ત્યાંની વાત તમને નહિ કરે, તમારી વાત ત્યાં જશે. મારા શેઠ આવા, એમના બાપ આવા, ગુરુ આવા ઠેઠ પહોંચશે! ખોટી ધમધમાટ અને રોફ કરવા જેટલી સામાન્ય જણાતી નિંદ્ય-પ્રવૃત્તિનું આ પરિણામ!

(અનુસંધાન પાન ૨૧૦ મા પર)

શાસન પ્રભાવના અને સમાચાર

દાદર:—પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબને દાદર ચાતુર્માસ કરવા પધારવા આગ્રહભરી વિનંતી કરવા ટ્રસ્ટીઓ તેમજ આગેવાનો ખંભાત ગયા હતાં. ત્યાં આગ્રહભરી વિનંતી કરતાં તેઓશ્રીનું આંખનું મોતીઆનું ઓપરેશન કરાવવાનું હોઇને દાદર પધારવા ઇચ્છા બતાવી છે. ઘણાં વરસો થયાં દાદરની વિનંતી ઉભી છે. એટલે આ વરસે તેઓશ્રી પધારે તે માટે બધા ખૂબજ આતુર છે. એટલે પૂજ્યશ્રી જરૂર દાદર જ્ઞાનમંદિરના ઉપાશ્રયે પધારશે એવી પાકી આશા છે.

ડભોઈ:—પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી, ગામ બહાર સ્થાપન કરેલા બસો વર્ષથી પણ જૂના ગુરુરતૂપો જીર્ણ થઇ જતાં તેનો આમૂલચૂલ ઉદ્ધાર કરી, તે સ્થાને શ્રી આદિનાથ જૈનશ્રમણ સમાધિ રતૂપોનું અતિદર્શનીય નિર્માણ થયું છે તેમાં શ્રીરાયણ-સમવસરણ દ્વિ કલામય ચિત્રપટો સાથે આદિનાથ પ્રભુની ચરણપાદુકા, પ્રાચીન ૧૧ ગુરુપાદુકાઓ, પૂ૦ આત્મારામજી મ૦ આદિ સ્વ૦ ગુરુદેવોની નવ્યચરણપાદુકાઓ, જિનપ્રાસાદમાં શ્રી સુધર્મા ગણધરની મૂર્તિ, શ્રી હુમલજીની કાયોત્સર્ગ મૂર્તિ તથા જ્ઞાનમંદિરમાં નવ્ય સરસ્વતી મંદિરમાં સરસ્વતીની મૂર્તિની પ્રતિષ્ઠા ફા૦ સુ૦ ૩ ના ઉપરોક્ત પૂ૦ આચાર્યદેવના હસ્તે થશે.

આ પુણ્ય પ્રસંગે મુંબઇ નિવાસી શાસન પ્રેમી છગનલાલ લક્ષ્મીચંદ આંબાવાળા જેમના હસ્તે પૂર્વે શિલારોપણ થયું હતું તેઓ અષ્ટોત્તરી સ્નાત્રાદિ સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવી શાસન પ્રભાવનાનો સંપૂર્ણ લાભ લેશે.

ખદરપર:-(તળાજા) માહ સુદ ૧૦ ના રોજ આ૦ શ્રી દર્શનસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે જિન મંદિરની પ્રતિષ્ઠા કરાવવામાં આવી. આ પ્રસંગે અષ્ટાહ્નિકા મહોત્સવ-સ્વામીવાત્સલ્ય વગેરે થયા હતા. જૈન-જૈનેતર પ્રત્યાદિ પાંચ હજારની સંખ્યામાં એકત્ર થયા હતા. આનંદ ઉત્સાહ ખરેખર પ્રશંસનીય હતો.

સિહોર:—(સૌરાષ્ટ્ર)-ગુરુમહારાજ શ્રી મુળચંદજી મહારાજ (શ્રી મુક્તિવિજયજી ગણી)ના સદ્ઉપદેશથી આજથી છપ્પન વર્ષ પૂર્વે સ્થાપવામાં આવેલી શ્રી મુક્તિવિજયજી જૈન પાઠશાળાના નવા મકાનનું ઉદ્ઘાટન માહ વદ ૫ ના રોજ ભવ્ય સમારોહ સાથે ધર્મશાળાના ચોગાનમાં ભવ્ય મંડપ ઉભો કરી અધ્યક્ષ શ્રી મોહનલાલભાઇ મોહન ટોકીઝવાળાના પ્રમુખપણા નીચે શ્રી ભોગીલાલ મગનલાલ મહાલક્ષ્મી મીલવાળાના વરદ હસ્તે કરવામાં આવેલ. આમાં રૂા. ૫૧૦૧) શ્રી વલ્લભીપુર નિવાસી શેઠ લલ્લુભાઇ પદમશીના સુપુત્રો વર્ધમાનભાઇ તથા ધરમચંદભાઇ સ્મરણાર્થ. વસુમતીબ્હેન વર્ધમાન તરફથી રૂા. ૪૨૦૧) શ્રી સીહોર નિવાસી શાહ મણીલાલ ભગવાનજીના સ્મરણાર્થ તેમના ધર્મપત્નિ શ્રી કંચનબેન

મુળજીભાઇ તરફથી, રૂા. ૩૧૦૧) શ્રી ભાવનગર નિવાસી શ્રી કિશોરચંદ્રના સ્મરણાર્થે તેમના પિતાશ્રી શાહ પ્રાગજીભાઇ રણછોડદાસ તરફથી ભેટ મળેલ. તેમનાં સન્માન થયાં. શાળાના નિભાવ ખર્ચ માટે પણ સદર દાતાઓ શાહ પ્રાગજીભાઇ રણછોડદાસ તરફથી રૂા. ૧૦૦૧), શ્રી વસુમતીબેન વર્ધમાન તરફથી રૂા. ૫૦૧), શ્રી કંચનબેન મુળજીભાઇ તરફથી રૂા. ૨૫૦) તથા અન્ય સજ્જનો તરફથી જુદી જુદી રકમો આપતા રૂા. ૫૦૦૦) જેટલી દેણગી જાહેર કરવામાં આવી હતી.

વાપી:—કસ્તુરચંદ બાલુજીની સુપુત્રી બાલ-બ્રહ્મચારિણી બહેન સરસ્વતીને (ઉ. વ. ૧૯) દીક્ષા પ્રદાન વિધિ પો.પ વદ ૧૩ના રોજ અત્રેના નવા ઉપાશ્રયમાં પૂ. પન્યાસજી કનકવિજયજી ગણિવર, આદિ મુનિપુંગવોના પવિત્ર હસ્તે ધામધૂમથી થઇ. આ પ્રસંગે પંચકલ્યાણક મહોત્સવ ખૂબ ધામધૂમ પૂર્વક ઉજવાયો. દીક્ષા-વર્ષીદાનનો વરઘોડો બે હાથી સાથે સુંદર ચઢયો હતો. દેશના બાદ બે કુમારિકા-ઓએ ત્યાગમાર્ગે જવાની પ્રતિજ્ઞા લીધી હતી. નૂતન દીક્ષિતને પૂ. સાધ્વીજી દર્શનશ્રીના પ્રશિષ્યા જયકિર્તીશ્રી (દીક્ષાર્થીના મોટાબેન) સાધ્વીજી સર્વભદ્રાશ્રીજી તરીકે જાહેર કરાયા. દાદરવાળા દાન-વીર શેઠ પુનમચંદ બાબુભાઇ તરફથી શ્રીફળની પ્રભાવના થઇ.

(અનુસંધાન પાન ૨૦૬ નું ચાલુ)

બોલ બોલ કરવું એ પણ નિંદ્ય-પ્રવૃત્તિ છે: ~~આનું~~ દૃષ્ટાંત :—

નિંદા એ ગંભીર દોષ છે, તો નિંદ્ય-પ્રવૃત્તિ એ પણ જેવો તેવો દોષ નથી. બહુ બોલ બોલ કરવું એ પણ નિંદ્ય-પ્રવૃત્તિ છે બારે વર્ષે બાવો બોલે એનું વચન મનાય, પણ દિવસમાં બાર વાર બોલનાર બાવાનું વચન કોઇ ન માને. એક બાવાનું આ દૃષ્ટાંત છે. એક બાવો છે, એને ત્રણસો શિષ્યો છે. એ બાવાજી જમાત લઇને ફરતા ફરતા એક ગામ ગયા, મુકામ કર્યો. ગામના ખેડૂતો એમની પાસે આવ્યા, પગે લાગ્યા, કહેવા લાગ્યા, 'બાપજી! થોડા વરસાદ માટે અટકયું છે. કાંઇ પાક નહિ થાય!' પગે લાગી લાગીને સૌ ચાલતા થયા. એક ખેડૂત બેસી પગચંપી કરતો કાલાવાલા કરવા લાગ્યો. બાવા-જીને પ્રતિષ્ઠા માટે કાંક ચમત્કાર જેવું કરી બતાવવાનું મન થયું. બાવાજીએ એ ખેડૂતને કહ્યું, "અચ્ચા! ચિંતા મત કરના, સબ અચ્છા હો જાયગા.' એમ ગયો. બાવાજીએ તમામ શિષ્યોને દરેકને તળાવમાંથી દસ દસ બેડાં પાણી ભરી એના ખેતરમાં નાખી આવવાનો હુકમ કર્યો. તળાવ પાસે જ હતું. ત્રણસો શિષ્યો એટલે ત્રણ હજાર બેડાં પાણી થયું. નાના ખેતરમાં રેલમરેલ. રાત્રે પાણી નાખે એટલે કોને ખબર પડે કે શું થયું! શિષ્યોએ તો બાવાજીના વચનનો અમલ કર્યો. સવારે ખેડૂતે જોયું તો ખેતરમાં પાણી જ પાણી! પોતાના એક જ ખેતરમાં વૃષ્ટિ! કેવો ચમત્કાર! બીજે દિવસે આ જોઇ બીજો ખેડૂત આવ્યો. બાવાજીએ એને ય આશ્વાસન આપ્યું અને ચેલાને હુકમ કર્યો, તેમ અમલ થયો. ત્રીજે દિવસે ત્રીજા ખેડૂતને ત્યાં પણ તેમ થયું. પણ ચોથે દિવસે ચોથા ખેડૂતને બાવાજી જ્યારે આશ્વાસન આપતા હતા, ત્યારે ચેલાઓએ સાનમાં સમજાવી દીધું, 'કરેંગે સો ભરેંગે.' 'કરે તે ભરે' એ કહેવત તો છે ને? અહીં કહેવાનો ભાવ એ હતો કે, 'અમે હવે પાણી નહિ ભરીએ. જે આવો આદેશ કરે તે ભરે.' બાવાજી રોજ બોલવા લાગ્યા તો ચેલાઓએ પણ ન માન્યું. બીજે દિવસે એ ખેડૂતે જરા ય પાણી ન જોયું, બાવા પાસે દોડતો આવી ફરિયાદ કરે છે, ત્યારે બાવો સમજી ગયો, 'બહુ બોલવામાં મજા નહિ.' આ તો હુકમની વાત છે, પણ ખાલી બીજાું બોલ-બોલ કરાતું હોય ત્યાં પણ સામાને અવિશ્વાસ થઇ જશે કે આને તો બહુ બોલવાની કુટેવ છે. તેથી અવસરે 'વાઘ આવ્યો વાઘ' જેવું થાય; સાચા વાઘમાં ય કોઇ મદદ ન કરે. બહુ બોલ બોલ કર-વામાં જૂઠ આવી જાય છે. માટે તો **ઉપદેશ દેવામાં, વ્યાખ્યાન કરવામાં ય જોખી જોખીને બોલવું જોઇએ છે. નહિતર ઉત્સૂત્ર-ઉન્માર્ગનું બોલાઈ જવા સંભવ છે.** (ક્રમશ:)

મુદ્રક : **ચંદ્રકાન્ત રતિલાલ શાહ** (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીની ચાલી. માણેકચોક, અમદાવાદ. ત્યાંથી છાપી પ્રસાર કર્યું.

દિવ્યદર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ–૭, અંક–૨૭
બચુભાઇ ચીમનલાલ ઝવેરી મુંબઇ શાખા : ૧૬૭–૬૯, ફીકા સ્ટ્રીટ. શનિવાર તા ૨૧–૩–૧૯૫૯

તંત્રીસ્થાનેથીઃ—

જૈનશાસનના ભાવી માટે.

આજના પ્રસરતા જંગી ભૌતિકશિક્ષણથી શ્રી જૈન સંઘે ખૂબ ચેતવાની જરૂર છે. જો એની સામે ધાર્મિક શિક્ષણની ઘોંશ નહિ ઉપાડી લેવાય તો ઉગતા જૈન બાળ, કુમાર અને યુવાનોના મગજ જડવાદથી એવા ભાવિત થઇ જશે કે જે જૈનશાસન માટે ખતરનાક હશે. કેમકે એમાં બુદ્ધિવાદના જોરે દેવ–ગુરુ–ધર્મની શ્રદ્ધાના પાયા ડગમગી ઉઠે છે, વિલાસી સગવડોના જોરે સચ્ચારિત્ર સંકોચાતું જાય છે; ભૌતિક વિદ્યાના જોરમાં આધ્યાત્મિક અને તાત્ત્વિક શિક્ષણ અળખામણું બને છે; નવા જમાનાની વિકસેલી પ્રવૃત્તિઓના જોરમાં ધાર્મિક અનુષ્ઠાનોની પ્રવૃત્તિ ઘટતી આવે છે. ત્યારે જૈન શાસનના ટકાવ માટે ઉક્ત શ્રદ્ધા, સચ્ચારિત્ર, આધ્યાત્મિક–તાત્ત્વિક જ્ઞાન, અને ધાર્મિક અનુષ્ઠાનો વિના કયાંથી ચાલવાનું હતું ?

ખૂબ જ ખ્યાલમાં રહે કે શાસનની ઈમારત આવતી પેઢી પર ઉભવાની છે. એ પેઢી આજના બાળ અને કુમાર, યુવાનોની બનેલી હશે. ત્યારે ખેદનો વિષય એ છે કે એ મુનિ મહારાજના પરિચયમાં બહુ ઓછા આવે છે. કયાંક તો મુનિયોગ જ દુર્લભ છે, ત્યારે જ્યાં એ યોગ મળે છે ત્યાં પણ કેટલાય કારણોને લઈને એ સાધુના પરિચયમાં આવતા નથી. આ પરિસ્થિતિમાં એક ઉપાય તરીકે ધાર્મિક પાઠશાળા તથા સર્વતોમુખી વિદ્વત્તાવાળા ચારિત્રપાત્ર–શ્રદ્ધાળુ ફરતા શિક્ષકો છે.

જૈન સંઘે હજી આવા શિક્ષકો તૈયાર કરવાની અને ગામેગામ ફરતા કરવાની કોઈ યોજના કરી નથી. મદ્રાસના ઉત્સાહી પ્રસિદ્ધ કાર્યકર શ્રી રીખવદાસજી જૈને આ દિશામાં પગરણ માંડ્યું છે, એ જાણી આનંદ થાય છે. કાળ બળને પિછાણી શ્રી સંઘ નક્કર યોજના પૂર્વક પ્રયત્ન કરે એમ અમે ઈચ્છીએ છીએ.

બાકી ધાર્મિક પાઠશાળાઓ ચાલી રહી છે, એટલું સારૂં છે. છતાં તેમાં વિકાસ અને હજી ઘણા સ્થળોએ પાઠશાળાના નવનિર્માણની જરૂર છે. એના ખર્ચ માટે વિવિધ યોજના કરવાની જરૂર છે. યોજનાના એક પ્રકાર તરીકે નીચેનો પ્રસંગ માર્ગદર્શક બનશે. 'મુંબઇ જૈન ધાર્મિક શિક્ષણ સંઘના વિદ્યાર્થી દિનની ઉજવણી પ્રસંગે શ્રીમાન્ શેઠ શ્રી હીરાલાલ છગનલાલ શાહ (જામનગરવાલા) ના શુભ હસ્તે **૨૪ પાઠશાળાઓને**

(તેઓએ ઉધરાવેલી રૂા. ૫૬૬૨।। ની દિવાળી ઓણીની રકમમાં શિક્ષણ સંઘ તરફથી રૂા. ૮૪૨।। ની રકમનો ઉમેરો કરીને) દિવાળી ઓણી અંગેની કુલ રૂા. ૬૫૦૫) ની રકમ અર્પણ કરવામાં આવી હતી. તેમજ પરીક્ષક તરીકેની સેવા આપવા બદલ શ્રી ફતેહચંદ ઝવેરભાઇ શાહ, શ્રી મોહનલાલ ચોકસી, શ્રી મનસુખલાલ માણેકચંદ મ્હેતા વિ૦ ને પુસ્તકોની ભેટ તથા પં૦ અમૃતલાલ તરચંદ દોશીને રૂા. ૧૦૧) ની ભેટ બહુમાન પૂર્વક અર્પણ કરવામાં આવી હતી. તેમજ સંસ્થાના કાર્યકર શ્રી ચીમનલાલ પાલીતાણાકરને સંસ્થા તરફથી રૂા. ૧૦૦) આપવામાં આવ્યા હતા. તે ઉપરાંત શેઠ શ્રી હરગોવિંદદાસ રામજીભાઇ તરફથી પાઠશાળાઓના દરેક શિક્ષક અને શિક્ષિકાઓને પાંચ-પાંચ રૂપીયા અપાયા હતા.

આ પ્રસંગે શેઠશ્રી હીરાલાલ છગનલાલ શાહે સંસ્થાને રૂા. ૮૫૧) આપવાની ઉદાર-ભાવના દર્શાવી હતી. તેમજ અન્ય સદ્‌ગૃહસ્થોએ શિક્ષણ પત્રિકાના ગ્રાહક તરીકેના નામો નોંધાવ્યા હતા.'

આ ઉપરથી ખ્યાલમાં આવશે કે વિદ્યાર્થીઓએ દિવાળી પ્રસંગે ધાર્મિક શિક્ષણ સંઘની વતી ઘરોઘર ઓણીની પેટીઓ ફેરવી હતી. બીજું પાઠશાળાઓમાં ભોગ આપનારને પુરસ્કાર અપાયા. તથા શિક્ષકોને ઉત્તેજન દાન કરાવું. આવા બીજા કેટ ઉપાયો છે જે પાઠશાળાના સફળ સંચાલનમાં સારો ફાળો આપી શકે.

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**ના વિદ્વાન શિષ્યરત્ન

પૂ ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.

જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ? (ચાલુ)

સંન્યાસી રાજકુમારનું શું થયું ?:—

ગંભીર માણસ બહુ ન બોલે, બોલે ત્યારે અજબ બોલે. પેલો રાજકુમાર જે સંન્યાસી થયો છે, તુંબડી (બાકીની અરધી) સુવર્ણરસ લઇને મોટાભાઇને ચરણે ધરવા આવ્યો છે, ચરણે ધરે છે, ખૂબ બોલે છે ! પેલા મોટા ભાઇ જે સાધુ છે તે તો સાંભળ્યા જ કરે છે, હવે બોલશે એટલે રૂપક ફરી જશે. આપણે જોઇ ગયા, સંન્યાસીએ તુંબડી મૂકીને તેના તથા પોતાના ગુણ ખૂબ ગાયા અને કહ્યું,

'યહ આપા તુંબડી રસ હૈ, આપ ઉપયોગમેં લીજિએ.'

'સાધુ તો ટૂંકમાં એટલું જ કહે છે, 'હમે ન ચાહિયે.'

સંન્યાસી કહે છે, 'કયા કહા ? ન ચાહીએ ?' હવે એને પાવર ચડે છે. યહ તો સુવર્ણરસ હૈ, સુવર્ણરસ ! એક બિંદુ તામ્રપત્ર પર લગાયા જાય, સોના સોના હો જાતા હૈ, બાર બાર વર્ષકી જેહમત કા યહ પરિણામ હૈ,' વગેરે ચાલ્યું.

સમજી લ્યો, જેને જેનો રસ, તેને તેની કથાનો રસ, તેની પ્રવૃત્તિનો રસ, તેના ભોગવટાનો રસ, તેના ગુણગાનનો રસ. સામાની પ્રવૃત્તિથી પરખાઇ જાય, એને શેનો રસ છે. નવરો પડે, શેની કથા કરે છે, એની પ્રવૃત્તિ શી છે તેથી સામાનું અંતર જણાઇ જાય વગર વિશિષ્ટ જ્ઞાને આ રીતે સામાના અંતરને પારખી શકાય. એક, બે, ચાર, છ દિવસે પણ પકડાઇ જાય, કોઇ મહાદંભી હોય તો વાત જૂદી. કોઇ ભગત પગ દાબવા આવે, ધીરે રહીને વાતે વળે, 'સાહેબ ! કૃલાણુભાઇ આવા ને તેવા,' સાધુ સમજી જાય કે આને શાનો રસ છે ? કે, આને શાનો રસ છે ? કોઇને હલકો પાડે, પૂર્વગ્રહ યોગે સારી વાતને પણ ખરાબ રૂપમાં મૂકે, તો એ ઇર્ષ્યાનું રૂપક. જેને ધર્મનો રસ હોય તે તો પગ દાબતાં કહેતો જાય, 'સાહેબ ! હું પગ દાબું છું પણ મને એથી ભગત આપનો ન માનતા. મારામાં કાંઇ નથી. દેહરે બે ત્રણ વાર જાઉં છું ખરો, બે ત્રણ કલાક ગાળું છું પણ મને પરમાત્માનો ભકત ન માનતા અંદર અને બહાર કેટલાંય પાપ ચાલુ છે ! હું ઉજળો નથી,

કાળો મેશ છું,' અમને લાગે કે આને ગુણનો રસ છે.

વાતાવરણની અસર : સારા સંસર્ગમાં આવવાનો અભ્યાસ કરોઃ—

માણસ જેવા સંયોગ કે વાતાવરણમાં આવે તેવી તેને અસર થાય છે. સારા વાતાવરણથી ચડે, નરસાથી પડે. વાતાવરણ કહો કે સંયોગ, એક જ છે. પહેલાના સારા એવા ત્યાગી પણ બનાવટી અધ્યાત્મીના સંસર્ગમાં આવતાં રાત્રે ખાતા થઈ ગયા! છતાં વાત મોટી અધ્યાત્મની કરે! કહે, 'રાત્રે ખાવાનો પર્યાય હશે.' ઉત્તરમાં ય નિંદ્ય-પ્રવૃત્તિ! જાગ્રત આત્મા હોય તે નિંદ્ય-પ્રવૃત્તિ ન કરે, એ તો આત્મા સમકિતને અજવાળે, વિરતિને પુષ્ટ કરે, ચારિત્રને કલંક ન લાગવા દે, અને પવિત્ર માર્ગને ધોખો ન દે. કેમકે વાતાવરણ સારું છે. જેનું વાતાવરણ નરસું છે, આત્મ-જાગ્રતિનું જ્યાં દેવાળું છે એ આત્મા નિંદ્ય-પ્રવૃત્તિથી સમકિતને કાળું કરશે, વિરતિનો નાશ કરશે, ચારિત્રને કલંકિત કરશે.

પેલો સંન્યાસી તો પાવરમાં બેલે જ જાય છે, પણ સાધુ ગંભીર છે. સામામાં દોષ જુએ તો પણ અક્ષરે ય ન બોલે. જિજ્ઞાસા હોય તોય દાબી દે પોતે મૌન રહ્યા છતાં ભાર્યા પાવરમાં આવીને બોલ્યો, 'ન ચાહીયે' ના ઉત્તરમાં ચડયો એ અભિમાનમાં, 'શું મને મૂર્ખ સમજે છે? બાર બાર વર્ષની મહેનતે આ સિદ્ધિ મેળવી છે, એ રેંગડી-પેંગડી છે, એમ!' સાધુના હૈયાના ભાવની આને શી ખબર હોય?

રાગીને ત્યાગીના કે વિરાગીના હૈયાની ખબર ન હોય. કારણ, એકને ક્રોધ ગમે તો એકને ક્ષમા, એક આનંદમાં મસ્ત હોય તો એક ઉદાસીન હોય, પેલો ખાઉધરો હોય તો આ તપમાં મજા અનુભવતો હોય,-**સનાતન કાલના આ વિરોધ છે. માટે તપસ્વી, શીલધારી અને ક્ષમાશીલનું હૃદય જાણવા તમે તપમાં આનંદ અનુભવો, શીલની મજા લૂટો, ક્ષમાનું સત્ત્વ કેળવો.** આહાર, વિષય, કષાય વગેરેના પ્રતિપક્ષી જીવનમાં, સર્વથા નહિ, એક સાથે નહિ, તો અંશે અંશે અને ક્રમે ક્રમે આવો. ક્રમે ક્રમે તેવા ગુણને કેળવતા આવો. દિવસમાં પાંચ દસ વાર ક્રોધ થતો હોય તો બે વાર તો ગમ ખાવી જ, એવું નક્કી કરો. પાંચ સાત વાર અપમાન થાય તેવા પ્રસંગે એક બે વાર તો નમ્રતા રાખી ગળી જવાનો અખતરો કરો. ગુણને અનુભવ્યાની મજા જુદી છે. મનમાં ખુમારી રહેશે કે હવે કાંક રસ્તે છું. શાંતિ અનુભવાશે. ત્યારે સમજાશે કે ઘણી ઊંચી કોટિના ગુણો ધરનારના હૃદય કેવા હોતા હશે, કેવી સહેલાઈથી અને સહજભાવે એ એટલી ઊંચી સ્થિતિ રાખી શકતા હશે! આપણને આશ્ચર્ય થાય કે ગઈકાલના મહાસુકોમળ જીવન જીવનારા ધન્ના અને ગજસુકુમાળ એકાએક શી રીતે મહાતપસ્યા અને ભયંકર ઉપસર્ગમાં કઠોર ધીરતા રાખી શકયા! પરંતુ એમને મન એ સરળ અને સહજ બની ગયું આ વસ્તુ સમજવા માટે આપણે અંશે પણ સ્વજીવનમાં અનુભવ કરવો પડે. જ્યાં જ્યાં પ્રસંગ મળ્યો ત્યાં ત્યાં ઝટ દઈને ગુસ્સો કરવા જોઈતો હોય, અભિમાન દાખવ્યા વિના રહેવાતું ન હોય, તૃષ્ણાના ગુલામ બની ઝટ દોડવા જોઈતું હોય, રસનાને યથેચ્છ ફરવા દેવાતી હોય,...આવું આવું ચાલતું હોય પછી એ મહાન આત્માઓના હૃદયને શી રીતે સમજી શકાય? કદાચ મન પર કાબુ ન હોય તો એમે ય થાય કે આટલું કઠોર તે સધાતું-સહાતું હશે? એવું ય સાંભળવા મળે છે ને કે વિરાગી નાનડિયાને એના વડિલ કે બીજા મોટાઓ એમ કહેતા હોય કે-'તને વૈરાગ્ય શાનો? તું શું સમજે દીક્ષામાં? આ તો મહારાજે તારું મગજ ભોળવી નાખ્યું છે!'

શાસ્ત્રમાં લખેલા ઉત્તમ ક્ષમા-સમતાદિ ગુણો, ઊંચા ત્યાગ, ઉચ્ચ કોટિની તપસ્યાઓ, ઘોર પરીસહ-ઉપસર્ગનાં સહન, ઇત્યાદિની **હૃદયવેધી શ્રદ્ધા કરવા માટે આ જરૂરી છે કે એનો અંશે અંશે પણ આપણા જીવનમાં આપણે અમલ કરીએ; એને જીવનમાં પ્રસંગે પ્રસંગે આચરતા થઈએ.** ત્યારે માર્ગાનુસારી જીવનના ગુણોનું પાલન કરવામાં શું છે? એજ ને કે ઊંચી ભૂમિકાના ગુણો આત્મસાત્ કરવા માટેની પૂર્વ ભૂમિકા સર્જાય? **જીવનમાં સારું કંઈક પણ અમલમાં લાવવાના અખાડા કરાશે, તો જૈન ધર્મની સ્પર્શના થવી કયાં રીઢી પડી છે?** સમ્યક્ત્વમાં એટલી શ્રદ્ધા જ કરવાની હોય છે એવી સમજમાં તણાનારને એ

ખ્યાલ નથી કે સમ્યક્‌ત્વ પણ સડસઠ પ્રકારના વ્યવહારનું પાલન માગે છે; સમ્યક્‌ત્વ પણ એને ટકાવનારી અને અજવાળનારી કેટલી કરણી માગે છે. મહારાજા શ્રેણિક હમેશાં જિનપૂજન, સુવર્ણ જવથી સ્વસ્તિક, પ્રભુની સુખશાતાના સમાચાર લાવનારને વધામણીદાન, વગેરે કેટલી કરણી કરતા હતા! સાથે એમનું આંતરમંથન કેટલું ચલતુ હતું! અવસરે અવસરે ઉદારતા, ઔચિત્ય, ક્ષમા, નમ્રતા, વગેરે દાખવતા! **બસ, માનવજીવનનો અવસર મળ્યો છે તો એનાં ઊંચા મૂલ્યાંકન કરી દોષ-દુર્ગુણોના કચરા દૂર કરવા મથો, ને ગુણોના અલંકાર સજો; તથા પ્રમાદ, આળસ, ને બેદરકારીનો પશુતા હરાવે, અને ધર્મક્રિયા, પરોપકાર અને વિવેકના સુકૃતોની દિવ્યતાનો ખૂબ અભ્યાસ કરો.**

મારવાડી યુવકનું શું થયું?:—

હવે જુઓ પેલો મારવાડી યુવક પરિગ્રહનું પરિમાણ કરીને કલકત્તા ગયો છે તો કેવીક શાંતિ અનુભવે છે! એણે હિસાબમાં જોયું કે-'પોતાના ભાગના રૂપિયા અઠ્ઠાવીસ લાખ થઈ ગયા છે,' એટલે હવે વેપારમાં આગળ વધવું નથી. 'ત્રીસ લાખનું પરિમાણ પૂરું ન કરવું?' આવો વિચાર પરિમાણ કરવાનો હેતુ ન સમજે એને થાય. પરિગ્રહાદિ પાપ એ ઝેર છે એમ સમજનારને એના પરિમાણ પૂરા કરવાના અભખરા ન થાય.

યુવકે યુરોપિયનને નિયમના લાભનો આપેલો આછો ખ્યાલ:—યુવકે યુરોપિયનને કહી દીધું: 'હવે મારી ભાગીદારી બંધ.'

પેલો પૂછે છેઃ 'શું જુદી પેઢી ખોલવી છે?'

'ના, વેપાર જ કરવો નથી ને! બસ, હવે દેશમાં જઈ ધર્મસાધના કરીશ.'

યુરોપિયને ઘણો ય સમજાવ્યો, 'વેપાર સારો ચાલે છે, પ્રતિવર્ષે પાંચ સાત લાખ વધે છે, પાંચ સાત વર્ષ ખેંચી કાઢ, માલદાર થઈશ,' પણ આ માને? ન પલળ્યો. યુરોપિયનને કારણની ખબર નહોતી.

પૂછયું, 'કેમ આમ કરે છે?'

યુવકે જણાવ્યું, 'હમારા ગુરુ મહારાજ પાસે નિયમ લીધો છે કે ત્રીસ લાખથી વધારે પરિગ્રહ ન રાખવો.'

યુરોપિયન વિસ્મય સાથે પૂછે છે, 'એમ? એવા નિયમથી શો ફાયદો?' યુવક સમજાવે છે, 'બીજો ફાયદો તો હમણાં આપની સમજમાં નહિ આવે પણ આ એક ખુલ્લો (પ્રત્યક્ષ) ફાયદો દેખો કે આપ ચિંતા કેટલી કરો છો, તો હવે મારે કોઈ ચિંતા નહિ. હજી આટલું કમાઉં એ ચિંતા, બજારની ચિંતા, વેપારની ચિંતા, વહિવટની, બીજી ત્રીજી કેટલી ચિંતા! ત્યારે હું તો હવે મજાની તળાઈમાં સુખ ભરેલી આરામથી નિદ્રા લઈશ.' એમ કહીને પછી તો એણે આત્મા અને કર્મનો સિદ્ધાન્ત તથા ધર્મની વસ્તુ સમજાવી. યુરોપિયનનો ઘણો આગ્રહ અને લાભની મોટી લાલચ છતાં એણે પોતાનો ભાગ રદ કર્યો.

(ક્રમશઃ)

કેટલાક અગત્યના પ્રશ્નોનું સમાધાન.

(સમાધાન કરનારઃ-શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ)

હાલના કાયદામાં રિલિજિયન તથા ચેરીટિઝ સંપત્તિ કોને ગણવામાં આવી છે? વાસ્તવિક પરિસ્થિતિ શું હોવી જોઈએ?

આપણા ધર્મની રુએ ટ્રસ્ટી અને વહીવટદાર શબ્દોમાં શો ફેર છે? ગૃહસ્થોને ટ્રસ્ટી માનવા કે નહીં? ગૃહસ્થોને ટ્રસ્ટી માનવાથી શું નુકશાન છે? દરેક ગામના સ્થાનિક સંઘે ધાર્મિક મિલકતો માટે કઈ રીતે વહીવટ કરવો?

આજે કેટલાક વહીવટદારો ધાર્મિક મિલકતોના પોતે સર્વ સત્તાધિકારી હોય તેમ માનીને તે મિલકતોને ગમે તેવા બિન ધાર્મિક હેતુઓમાં ખર્ચવાના ઠરાવો કરે છે. તો તે પરત્વે તે મિલકતના મુખ્ય રક્ષકો પૂ૦ આચાર્ય મહારાજાઓ કેમ ઉપેક્ષા સેવે છે?

૧. (૧) અપુનર્બંધક ભાવથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધીના ક્ષમાદિક આધ્યાત્મિક ગુણોના વિકાસરૂપ અનાદિસિદ્ધ શાશ્વત ધર્મ-મોક્ષ માર્ગ-મોક્ષની સીડી છે. (૨) તીર્થંકર પરમાત્મા તેનો તો માત્ર ઉપદેશ જ આપે છે. પરંતુ સુપાત્ર જીવોને તેની સુલભતા થાય તે માટે તેઓશ્રી જૈન શાસન

નામની બંધારણીય ધર્મસંસ્થા સ્થાપે છે. એ શાસનને આધારે બીજા અનેક ધર્મશાસનો, રાજ્યશાસનો, જ્ઞાતિ વગેરે સામાજિક શાસનો, આર્થિક પુરુષાર્થનાં શાસનો તથા માર્ગાનુસારી સદાચારના આધાર ઉપર વ્યક્તિગત અને કૌટુમ્બિક વગેરે શાસનો અસ્તિત્વમાં આવે છે; જેથી માનવોને ચાર પુરુષાર્થની સંસ્કૃતિમાં સ્થિર રાખી, ખેંચી લાવી, જંગલીપણામાંથી બચાવાય છે. (૩) તે મહાશાસન સંસ્થાના સંચાલન માટે શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘની સ્થાપના પણ તેઓશ્રી જ કરે છે. (૪) તે સર્વના માર્ગદર્શન માટે શ્રી દ્વાદશાંગીની રચના ગણધર ભગવંતો કરી શકે તે રીતે ત્રિપદી પ્રભુ સંભળાવે છે. (૫) પાંચ આચારોના અનુષ્ઠાનોની સંખ્યાબંધ વિધિઓમાં ઉપયોગી થતાં ઉપકરણો–સાધનો, સમ્યગ્દર્શનાદિક ભાવ સંપત્તિઓ, તીર્થો મંદિરો વગેરે અને તેમાં ઉપયોગી ધન વગેરે સ્થાવર અને જંગમ સાત ક્ષેત્રાદિક ધાર્મિક દ્રવ્ય મિલકતોનો શ્રી શાસનની મિલકતમાં સમાવેશ થાય છે. શ્રી જૈન શાસનની અનન્ય માલિકીની એ સર્વ સંપત્તિઓ છે અને તેનો અનન્ય સંચાલક શ્રી સંઘ છે. આમ આ પાંચ અંગમય જૈનધર્મ પુરુષાર્થ જગતમાં અસ્તિત્વ ધરાવે છે.

૨. (૧) સર્વ ધર્મની ધાર્મિક સંપત્તિઓને હાલના કાયદામાં રિલિજીયન ગણી છે, અને (૨) બીજી ઉદારતાથી સામાજિક, આર્થિક, કૌટુમ્બિક હિતોને ઉદ્દેશીને અપાયેલી સંપત્તિઓ, તથા (૩) આધુનિક ભૌતિકવાદી પ્રગતિને પોષક નિશાળો, દવાખાનાં, કોલેજો, સુવાવડખાનાં, અનાથાશ્રમ તથા એવાં બીજા ખાતાંઓની સંપત્તિને ચેરીટેબલ ગણવામાં આવી છે. તેમાં પણ પાંજરાપોળ, ગાયોનાં ધાસ, કૂતરાના રોટલા, પારેવાની ચણ વગેરે અહિંસાની ધાર્મિક ભાવનાથી પ્રેરાઇને એકત્ર કરેલી સંપત્તિને પણ ચેરીટેબલ ગણવામાં આવી છે.

૩. અને એ તમામ સંપત્તિઓના વહીવટ કરનારાઓને ટ્રસ્ટીઓ કહેવામાં આવે છે, અને તેઓએ પબ્લીક ટ્રસ્ટના એકટ મુજબ વહીવટ કરવાનું ઠરાવાયું છે. એ કાયદાના ગુજરાતી ભાષાંતરમાં રિલિજીયન માટે ધાર્મિક શબ્દ વાપરવામાં આવ્યો છે, અને ચેરીટેબલ માટે ધર્માદા શબ્દ વાપરવામાં આવ્યો છે. એટલે ધાર્મિકમાં (૧) નો અને ધર્માદામાં (૨) અને (૩) નો સમાવેશ કરવામાં આવ્યો છે. આપણી રીતે (૧) અને (૨) નો ધાર્મિકમાં સમાવેશ થવો જોઇએ. અને (૩) નો ધર્માદામાં સમાવેશ થવો જોઇએ.

૪. રાજ્યે ધાર્મિક વહીવટદારોને ટ્રસ્ટી તરીકે માનવાનું વલણ રાખ્યું છે. પરંતુ આપણા પરમાત્માના શાસન મુજબ ટ્રસ્ટી શબ્દનો ચોક્કસ અર્થ નક્કી થતો નથી. છતાં જવાબદાર જોખમદાર વિશ્વાસપાત્ર વહીવટ ચલાવનાર વ્યક્તિ એવો અર્થ કરી શકાય. એ અર્થ પ્રમાણે આપણા પ્રભુએ શાસનની સર્વ જવાબદારીઓ મુખ્યપણે શ્રમણ ભગવંતોને–ધર્મગુરુઓને સોંપેલી છે. તેથી ખરા ટ્રસ્ટીઓ ધર્મગુરુઓ છે. આપણા ધર્મગુરુઓ ત્યાગી હોવાથી તેઓ નાણાં વગેરેને અડકે નહીં તેમજ તેને લગતું કામકાજ સીધી રીતે ન કરે. તેથી તેમના વતી ધાર્મિક ખાતાંઓનો વહીવટ શાસ્ત્રમાં ઠરાવેલી ઉત્કૃષ્ટ, મધ્યમ, અને જઘન્ય યોગ્યતાવાળા ગૃહસ્થો પોતાના આત્મકલ્યાણમાં નિર્જરા માટે ભક્તિથી કરે. તેવા ગૃહસ્થો મુખ્યપણે વફાદાર મુનીમને સ્થાને છે. તેથી તેઓને માટે વહીવટદાર શબ્દનો પ્રયોગ યોગ્ય છે, નહીં કે ટ્રસ્ટીનો. પરંતુ સાચા ટ્રસ્ટી ધર્મગુરુ વર્ગને ખસેડી દઇ, વહીવટો ઉપર પોતાની સત્તા સ્થાપિત કરવા રાજ્યે ગૃહસ્થોને ટ્રસ્ટી બનાવ્યા યા માની લીધા, અને તેમને તે જાતનું મહત્ત્વ, માન–પાન અપાતું રહ્યું. વાસ્તવિક રીતે વહીવટ કરનાર ગૃહસ્થો સર્વ સત્તાધિશ નથી. તેઓ સકળ સંઘને અને છેવટે શાસનના ધુરંધર આચાર્ય મહારાજાઓને જવાબદાર છે. મુદ્દાના કોઇપણ ફેરફાર કરવાનો તેમને સ્વયં લેશમાત્ર અધિકાર નથી. રાજ્યને કંઇ ફેરફાર કરાવવો હોય તો તે ધર્મગુરુઓને મળીને ઘટતો ફેરફાર કરાવી શકે. કારણ કે ગામેગામના સંઘો અને તેમના હસ્તકની તમામ ધાર્મિક મિલકતો શ્રી જૈનશાસન અને સકળ સંઘના તાબાની વસ્તુ છે.

પરંતુ ગૃહસ્થોને ટ્રસ્ટી માની લેવાથી, સરકારી ટ્રસ્ટના નિયમ પ્રમાણે વર્તવાને તેઓ બંધાયેલા છે. એટલે કે તેઓ ધર્મગુરુઓ, શાસન અને સંઘને જવાબદાર રહેવાને બદલે રાજ્યને જવાબદાર રહેવા બંધાયેલા છે. આથી રાજ્ય તેવા વહીવટો, ટ્રસ્ટો અને

ટ્રસ્ટીઓ સાથે સીધું જ સંબંધમાં આવી શકે. જુદા જુદા ગામના સંઘોને ધ્યાનમાં ન લેતાં, માત્ર ટ્રસ્ટીઓને જ ધ્યાનમાં લઇને તે દરેકને પોતાની સંસ્થાઓ માની લઇને રાજ્ય સીધા હુકમો–સીધા કેસો વગેરે કરી શકે. જો ગામેગામના વહીવટદારોને ટ્રસ્ટી માની લેવામાં ન આવ્યા હોત, તો રાજ્યને જ્યારે કંઇ ફેરફાર કરાવવો હોય, ત્યારે તે તે ગામના વહીવટદારોએ શ્રી સંઘને પૂછાવવું પડે. અને શ્રી સંઘ નામંજુર કરે, તો તે તે ગામના વહીવટદારો ઉપર રાજ્ય સીધું દબાણ ન કરી શકે. રાજ્યને કેન્દ્ર સાથે વાટાઘાટ કરવી પડે. રાજ્ય અને કેન્દ્રનો પરસ્પર વિરુદ્ધ મતભેદ પડે, તો બ્રાન્ચ કેન્દ્રને જ વળગી રહેવા બંધાયેલી છે. જેમ પ્રાંતિક રાજ્યોને પોતાના અધિકારની બહારની બાબતમાં વડી સરકારની મંજૂરી પ્રમાણે વર્તવું પડે છે. પરંતુ ગામેગામના વહીવટદારોને સીધા ટ્રસ્ટી માની લેવાથી કેન્દ્રની દરમ્યાનગિરી રહે જ નહીં. રાજ્યની આ યોજના છે. કારણ કે રાજ્ય શ્રી જૈન શાસન સંસ્થાનું અને તેના સંચાલક શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘનું અસ્તિત્વ જ માનતું નથી અને સીધા ટ્રસ્ટીઓ થનારા પણ રાજ્યની એ માન્યતામાં આડકતરા સમ્મત થઇ જાય છે. આનું બીજું પરિણામ એ આવે કે ટ્રસ્ટીઓ શાસનના નિયમ વિરુદ્ધ ધાર્મિક વહીવટોમાં વર્તન કરે અને રાજ્ય તેમાં સમ્મત થાય, તો પછીથી સંઘ, શાસન કે ધર્મગુરુઓનું તેમાં કંઇ ચાલી શકે નહીં.

૫. સ્થાનિક સંઘોએ જુદાં જુદાં બંધારણો ઘડવાની જરૂર નથી. નહીંતર દરેક સંઘને પોતાની મરજી મુજબ બંધારણ ઘડવાનો અધિકાર મળી જાય છે, અને તેથી ગમે તેવું બંધારણ ઘડી કાઢે. ખરી રીતે સૌ સ્થાનિક સંઘો પ્રભુએ સ્થાપેલા જૈન શાસનના બંધારણ પ્રમાણે વર્તવા બંધાયેલા છે, કારણ કે તે સર્વે બ્રાન્ચો છે. સ્થાનિક સંઘોએ સુવિહિત ધર્મગુરુઓની આજ્ઞા પ્રમાણે અને પરંપરાગત રિવાજ પ્રમાણે શાસન અને સંઘને અનુસરીને ચાલવું. શ્રી સંઘની એટલે કે ધર્મગુરુઓની આજ્ઞા વિના અમારાથી કોઇપણ ફેરફાર થઇ ન શકે એવું વલણ સ્થાનિક સંઘોએ રાખવું જોઇએ. નહીંતર આપણે જ હાથે ભગવાનનું શાસન અને તેનો સંઘ નથી એવી કબુલાત થઇ જાય છે અને તો તેના લોપના મહાપાપના ભાગીદાર બનીએ છીએ.

અત્યંત દુઃખનો વિષય તો એ છે કે પરમ પૂજ્ય આચાર્ય મહારાજાઓ અને આગેવાન પુરુષોને એ ખ્યાલમાં જ નથી કે અમારી ઉપેક્ષાથી આ રીતે શાસનની મહાઅપભ્રાજના થઇ રહી છે. હિંસાના પાપ કરતાં પણ શાસનની અપભ્રાજનાનું પાપ વધારે મોટું છે એમ શાસ્ત્રકાર ભગવંતોએ ફરમાવ્યું છે, કારણ કે તે મિથ્યાત્વ જેવા મોટા દોષોને પોષણ આપનાર છે. ○ ○ ○ ○

શાસન પ્રભાવના અને સમાચાર

છ'રી પાળતો સંઘ : શંખેશ્વરજીથી તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તરફ.

પૂજ્યપાદ સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની પુણ્ય નિશ્રામાં ચડવાલથી નિકળેલો ભવ્ય છ'રી પાળતો યાત્રા સંઘ મહા સુદ ૧ ના દિવસે શ્રી શંખેશ્વર મહાતીર્થમાં આવી પહોંચ્યો. ત્યાં તીર્થપતિ પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ પ્રભુના દર્શન–પૂજન કરી અનહદ પુણ્યલાભ મેળવ્યો. અનેક ગામોથી સંઘના દર્શનાર્થે મોટી સંખ્યામાં ભાવુકો આવી ગયા હતા. શંખેશ્વરથી સાધુ–સાધ્વીઓ તથા ભાવિકો સારી સંખ્યામાં સંઘયાત્રામાં સામેલ થયા હતા. બે દિવસની સ્થિરતા દરમ્યાન સંઘવી તરફથી તીર્થપતિને ભવ્ય અંગરચનાઓ થઇ હતી. પ્રથમ દિવસે સંઘવીના મામા શ્રી દલીચંદભાઇ ખડકીવાલા તરફથી ઘેબર આદિ પંચપકવાનનું ઉપસ્થિત યાત્રિકોને તથા ગામના જૈનોને સાધર્મિક વાત્સલ્ય અપાયું હતું. બીજે દિવસે સંઘવીના ઘુલીયાવાળા વેરાઇ તરફથી સાધર્મિક વાત્સલ્ય હતું.

શંખેશ્વરથી યાત્રિકોની સંખ્યા ૨૦૦૦ ની થઇ;

તેમાં ૧૦૦૦ છ'રી પાળવાવાળા છે. ૮૫ જેટલા મુનિવરો તથા ૨૫ સાધ્વીજીઓથી સંઘ શોભી રહ્યો છે. શંખેશ્વરજી પછી સંઘ પંચાસર, જૈનાબાદ થઈ દસાડા આવ્યો; તે દિવસે જિન મંદિરની ભીંતોમાંથી તેમજ પ્રભુજીના અંગોમાંથી ઠેઠ સાંજ સુધી અમી ઝર્યા કર્યા હતા. પાટડીમાં ભવ્ય સ્વાગત સાથે પૂ૦ આચાર્યદેવાદિ સકલસંઘ પૂ૦ સ્વર્ગસ્થ પરમગુરુદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજની અગ્નિસંસ્કારની ભૂમિએ તેઓશ્રીની પાદુકાના દર્શનાર્થે ગયો હતો. ત્યારબાદ નગર પ્રવેશ થયો. ઉપરીયાળા તીર્થમાં અમદાવાદથી શ્રી ચીમનલાલ કડીઆ, તથા શ્રી ચતુરદાસ ચીમનલાલ, શ્રી રસિકલાલ ભોગીલાલ, શ્રી હીરાભાઈ મણિલાલ, શ્રી સાણવાળા ચીનુભાઈ કડીયા રમણલાલ નગીનચંદ વગેરે ૫૦ થી ૭૫ ભાવુકો તથા વિરમગામ વગેરે સ્થળેથી પણ સંઘના આગેવાનો આવ્યા હતા. જૈન આરાધક મંડળે સ્નાત્રમાં તથા રાત્રે ભાવનામાં અપૂર્વ ભક્તિરંગ જમાવ્યો હતો. સંઘવીના વેવાઈ શ્રી હુકમીચંદ કુંગાજી કોલ્હાપુરવાળા તરફથી બરફી આદિ વિશિષ્ટ દ્રવ્યોથી સંઘવાત્સલ્ય થયું હતું. ત્યારબાદ બજાણા-પિંપળી-મેથાણ-રાજસિતાપુર થઈ યાત્રા સંઘ સુરેન્દ્રનગર આવ્યો. સ્થાનિક સંઘે ભવ્ય સ્વાગત કર્યું. ગીની વગેરેથી ગહુંલીઓ થઈ. પૂ૦ પં૦ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજે નમસ્કાર મહામંત્ર પર અદ્ભુત પ્રવચન કર્યું. સ્થાનિક સંઘે ગુલાબજાંબુ વગેરે દ્રવ્યોથી સંઘભક્તિ કરી. સાંજે સકલસંઘ તંબુમાં સંઘયાત્રાના હલેરાસરે વાજતે ગાજતે દર્શન માટે ગયો હતો. વઢવાણ સિટીમાં પણ ભારે ઉત્સાહથી સ્વાગત થયું. શ્રી રતિલાલ જીવણલાલ અમજીભાઈએ પોતાના ખર્ચે સંઘભક્તિનો ખડેપગે લાભ લીધો. ત્યારબાદ સીયાણી, લીંબડી, ચુડા થઈ રાણપુરમાં આવવાનું બન્યું. નરોત્તમભાઈ છગનલાલ મોદીએ શ્રી સંઘનું ગીની મૂકીને તથા પૂ૦ આચાર્યદેવને ઘરે પધરાવી ગીનીથી પૂજન કર્યું. તેમજ સંઘને જમણ આપ્યું. દરેક ગામના સંઘોએ સંઘભક્તિનો સારો લાભ ઉઠાવ્યો. ત્યાંથી અલાઉ થઈ બોટાદ મુકામે આવ્યા. ત્યાં પણ અદ્ભુત સ્વાગત થયું. લાઠીદડ થઈ લાખીણી આવતાં, પહેલેગામથી પૂ૦ આ૦ મ૦ લાવણ્યસૂરિ મહારાજ પણ પધારવાના હોઈ બન્ને આચાર્યદેવોનું સાથે સ્વાગત થયું. સંઘપ્રયાણ નિર્વિઘ્ને આગળ વધી રહ્યું અને મહા વદ ૧૪ના મંગલ પ્રભાતે અનંતસિદ્ધનિદાન શ્રી શત્રુંજય મહાતીર્થની શીતળ છાયામાં સંઘ આવી પહોંચ્યો; ફાગણ સુદ ૩ના શુભ દિવસે સંઘમાળ પહેરાવાઈ.

સંઘ-યાત્રાની કેટલીક વિશેષતાઓ:—

(૧) સંઘ સાથેના દહેરાસરમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ પ્રભુ છે. શેઠ શ્રી કસ્તૂરભાઈ પણ પૂર્વે આ અપૂર્વ બિંબને નિહાળી ખૂબ જ આનંદિત થયા હતા. ધાતુના પ્રતિમાજીનું શિલ્પ બેનમુન છે. ખાસ આ પ્રતિમાજી પૂ૦ પાદ આચાર્યદેવના સંસારી નિવાસ પિંડવાડાથી લાવવામાં આવ્યા અને ચડવાલમાં સમારોહપૂર્વક પ્રવેશ થયો. પોષ સુદ ૧૨ના મંગલ દિવસે વાજિંત્રોના મંગલતૂર સાથે પ્રયાણનો પ્રારંભ થયો. પ્રભુનો રથ ચાલ્યો અને ત્યાં જ ફણીધર નાગરાજ ત્યાંથી પસાર થયો. અજબ પ્રભાવી પાર્શ્વનાથ પ્રભુના પુણ્ય સાંનિધ્યથી વિશાલ સંઘયાત્રા નિર્વિઘ્ને આગળ વધી રહી, આજના વિષમ કાળે પણ પ્રાયઃ સહુની અનુકૂળતાઓ સચવાય છે. બધાનું આરોગ્ય પણ સારું છે સૌ કોઈ પ્રતિદિન વધતા ઉલ્લાસે ગિરિરાજ ભણી ડગ ભરી રહ્યા.

(૨) પૂ૦ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા કે જેઓના આત્મ પ્રદેશે-પ્રદેશે સંયમ-તપ-ત્યાગ અને શાસનનો રાગ પરિણામ પામી ચૂક્યો છે. બાલ, યુવાન અને વૃદ્ધ સાધુઓના વિશાલ પરિવાર સાથે તેઓશ્રીની વૃદ્ધ વયે ૮-૧૦ માઈલ સુધીની પાદયાત્રા સૌ કોઈને અજબ પ્રેરણા આપે છે, તેઓશ્રીનો પુણ્ય પ્રભાવ શાસન પ્રભાવનાના આ મહાન કાર્યમાં દરેકને હૂંફ આપે છે. તેઓશ્રીની સંયમરક્ષાની સતત્ ખેવના સૌ કોઈને આંજી દે છે. મુનિપરિવાર પણ સાથે વિશાલ માનવ ગણ હોવા છતાં આંતરમુખી રહી પોતાની ચર્યામાં જ તલ્લીન છે.

(૩) ભવ્ય ભાવનાઓથી ભરેલા સંઘવીઓને જોવા ગામેગામ માનવસાગર ઉભરાય છે. કોણ છે આવી ભવ્યયાત્રાનું આમંત્રણ આપનાર! એવી આશ્ચર્યની લાગણી વચ્ચે જ્યાં ૧૩-૧૮-૨૨-૨૫ વર્ષની ઉમ્મરના નાના સંઘવીઓને (ચાર ભાઈઓને) જુએ છે. ત્યાં ધન્ય ધન્ય એવા વચનો દર્શકોના મુખમાંથી ખરી પડે છે.

આ વયમાં લાખોની સંપત્તિને ધર્મ માર્ગે ખરચવાની સદ્‌બુદ્ધિને પ્રશંસે છે. ઉંમર નાની હોવા છતાં પ્રશંસનીય નમ્રતાને ઝુકી પડે છે. મોહક લક્ષ્મીને પાણીની જેમ ખરચી કરાતા ધર્મના ભગીરથ કાર્યોની જૈનેતરો પણ સાચા દિલથી અનુમોદના કરી જૈન શાસનની નિકટ આવી રહ્યા હોય એવું દેખાય છે.

(૪) સંઘયાત્રાના પડાવ માટે નાના મોટા ૮૦ તંબુઓ રાખ્યા છે. એક નગરનો વસવાટ થયો હોય એવું દૃશ્ય ખડું થાય છે. યાત્રિકો આવ્યા પહેલાં વહેલી સવારે ખેતરમાં જતી કેટલીક જૈનેતર ભદ્રિક બાઇઓ તો માત્ર તંબુના દર્શન-નમન કરીને પણ હર્ષ અનુભવે છે.

(૫) સંઘયાત્રામાં જોડાયેલા યાત્રિક વર્ગમાં કોઈ છઠ્ઠને પારણે છઠ્ઠ, કોઈ ૫૦૦ આંબેલ, કેટલાક આંબિલ ઓળીઓ, કેટલક વચમાં વચમાં ઉપવાસ, આંબેલ વગેરે તપસ્યાઓ કરી પગે ચાલે છે. ગામે ગામ ધર્મક્ષેત્રોમાં દાન કરે છે; કેટલાક રોજની ૩૦-૨૫-૨૦-૧૦ એવી બાંધી (પક્કી) નવકારવાળીઓ ગણે છે; વિષયના વિરાગ અને કષાયના ત્યાગનો સારો અભ્યાસ કરે છે. નિયમિત દર્શન-પ્રભુપૂજન-ગુરુવંદન-પ્રતિક્રમણ વ્યાખ્યાન શ્રવણ-એકાશન વગેરે ધર્મના અંગોની ટેક જાગૃત આરાધક ભાવની પ્રતીતિ કરાવે છે.

(૬) સંગીતકાર શ્રી ગજાનનભાઇ રોજ બે કલાક બપોરે સ્નાત્રમાં તથા રાત્રે ભાવનામાં યાત્રિકોને જિનભક્તિમાં લયલીન બનાવે છે. જૈનેતરો પણ પ્રભુભક્તિની રમઝટ જોઇ શિર ઝુકાવે છે. માર્ગમાં દેવગુરુ અને તીર્થાધિરાજના ગુણ ગાતા કેટલાક ગ્રુપો ચાલતા દેખાય છે. દરેક ગામમાં જિનમંદિરે દર્શન તથા નમસ્કાર મંત્રનો મંગલજાપ કરી પ્રાયઃ યાત્રિકો પ્રયાણ કરે છે.

(૭) જૈનોની વસ્તીવાળા નાના મોટા દરેક ગામોમાં સંઘનું સ્વાગત થાય છે. પહેલેથી તે તે ગામના સંઘો આવી તમામ સગવડ માટે પુછપરછ કરી વ્યવસ્થા જાળવે છે. સામૈયામાં દુન્દુભિ-નિશાનડંકા-વાજિંત્રો પાર્શ્વનાથપ્રભુનો રથ અથવા પાલખી પૂ. વયોવૃદ્ધ આચાર્યદેવાદિ વિશાલ મુનિપરિવાર, સંઘવીઓ તથા જૈન-જૈનેતર માનવસાગર વગેરે ખૂબ જ આકર્ષક હોય છે. જૈનેતરોના ટોળે ટોળા પણ સંઘના દર્શન માટે ઉમટે છે. અનેક જૈનેતરો જેમાં વકીલો-ડૉક્ટરો-કલેક્ટરો-ગરાસદારો વગેરે ધર્મપ્રેમ તો જૈનોનો, પ્રભુભક્તિ, લક્ષ્મીનો સદુપયોગ ખરેખર જૈનોને જ વર્યો છે એવી ભૂરિ ભૂરિ પ્રશંસાઓ કરતા હોય છે. આવા મહાન સંઘોમાં ધર્મ-પ્રશંસાનું પ્રબળ નિમિત્ત મળવાથી અનેક આત્માઓમાં ધર્મબીજના વપનનો મહાન લાભ સર્જાય છે.

(૮) દરેક ગામના ધાર્મિક ખાતાઓમાં સંઘવી તરફથી ઉદાર સખાવતો થઈ રહી છે. પચીસ સુધીની સંખ્યામાં જૈનોના ઘરવાળા ગામોમાં સંઘવી તરફથી જૈનોને નવકારશીનું આમંત્રણ અપાય છે.

(૯) સવારે પ્રતિક્રમણ-સામાયિક-નવકાર જાપ દેવદર્શન આદિ આવશ્યક કાર્યો કરી ૫-૬-૭-૮-૯-૧૦ માઇલ સુધીનો વિહાર હોય છે તે પ્રમાણ વિહાર કરી સામૈયા બાદ પૂજા-સ્નાત્ર-એકાસણું થયા પછી રોજ વિશાલ તંબુમાં પ્રભાવક પ્રવચનકાર પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવરનું સ્ટા. ટા. ૩ા૦ થી ૫ સુધી પ્રવચન થાય છે. તારક તીર્થોનો મહામહિમા, સંઘયાત્રાના લાભો, વિષયકષાયની ભયાનકતા મૈત્र्यાદિભાવનાઓ, સહિષ્ણુતા, ગંભીરતા ઔદાર્ય સાધર્મિક ભક્તિ, આત્મશુદ્ધિ અને તેના ઉપાયો જૈનશાસનની ભવ્યતા વગેરે વિષયોની છણાવટ આબાલવૃદ્ધ સૌ કોઇ સમજી શકે તેવી કથારસથી ભરપુર શૈલીથી થાય છે. શ્રોતાઓની ભારે ભીડ જામે છે. મોક્ષમાર્ગની આરાધનામાં જરૂરી એવા સર્વરસોને પોષતી વાણી નિત્ય નવું જોમ આપી જાય છે. કેટલાક નાના બાળકો અને મારવાડી નારીગણ પણ વ્યાખ્યાનના એવા રસિયા થયા છે કે ૩ા૦ ના ડંકે તરત હાજર થઈ જાય છે. વચમાં વચમાં પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરના સૌમ્ય શૈલીમાં થતા પ્રવચનો શ્રોતાઓને અનેરી રસલ્હાણ આપી જાય છે.

(૧૦) સંઘયાત્રામાં ૧૦ થી ૧૫ ભજનિકો નિત્ય પોષધ કરી યાત્રામાં ચાલતા. × ×

મુદ્રક : ચંદ્રકાન્ત રતિલાલ શાહ (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીની ચાલી, માણેકચોક, અમદાવાદ. ખાતેથી છાપી પ્રગટ કર્યું.

દિવ્ય દર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : બચુભાઇ ચીમનલાલ ઝવેરી

કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ–૭, અંક–૨૮

મુંબઇ શાખા : ૧૬૭–૬૯, કીકા સ્ટ્રીટ. શનિવાર તા. ૨૮–૩–૧૯૫૯

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન

પૂ. ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.

જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ? (ચાલુ)

આજની રાક્ષસી તૃષ્ણાની સામે આ પ્રસંગ વિચારવા જેવો છે. સામેથી આગ્રહપૂર્વક ચાલી આવતા મોટા પ્રલોભનને લાત મારવાનું એ પરાક્રમ કર્યા ? અને પાસે ઘણું ય છતાં વલખાં મારી મારીને લાલચભર્યા જોખમી ધંધા ઉભા કરવાની આજની કંગાળિયત કયાં ? ત્યારે એનો પ્રત્યાઘાત તેય કયાં કપરો નથી પડતો ? કેટલી ચિંતા, હૃદયવેધ, દોડધામ અને અવસરે નુકસાનીના પરિણામ, વગેરેનું કોઇ માપ ? પછી એમાં આત્માનો વિચાર કયાં ઉભો રહે ? પુરસદ જ કયાં છે ? પુરસદ છે જડ લક્ષ્મીની ચિંતા, ચીવટ અને ઉદ્યમ રાત કે દિ' કરવાની ! ન આત્માનો વિચાર, ન પરમાત્માનો વિચાર !

જે આત્માને અનંતકાળ વચ્ચે આ જીવન તો એક નિમેષ માત્ર છે, એને જ અર્થ–કામના ટૂંકા જીવન પાછળ ભૂલવાનો ?

જે પરમાત્માના રુડા પ્રતાપે આટલે બધે ઊંચે આવ્યા ને ઊંચી સામગ્રી પામ્યા એમને જ વિસરવાના ?

દુનિયાની જડ લક્ષ્મી ને વિષયો તો જીવને એવા પાગલ બનાવે છે કે હૈયાનાં જે હેત એના પર વરસે છે, તે પરમ ઉપકારી પરમાત્મા પર નથી વરસતા ! જે ભક્તિ લક્ષ્મી–વિષયોના દેનાર અને ધરનારની કરવામાં આવે છે એ મૂળ દાતાર પરમાત્મા પર નથી વરસાવતી ! કેવી કરુણ દશા ! જ્યાં સુધી દિલમાં પરમાત્મા ઉપર અથાગ પ્રીતિ–ભક્તિ નહિ ઉભરાય, પ્રીતિ–ભક્તિનાં કાર્યો નહિ કરાય, ત્યાંસુધી આત્માના મૌલિક ગુણ કૃતજ્ઞતાના માલિક કયાંથી બનાશે ? મનને એમ થવું જોઇએ કે–**'મને આટલે બધે ઊંચે ચઢાવનાર પરમાત્મામાં હવે એવો મળો જાઉં કે મને ખુદ મારું ય અલગપણું ને મમત્વ ભાસે નહિ, તો મારી કાયા–કંચન–કુટુંબના સ્વાતંત્ર્ય અને મમતાની વાતે ય શી ?'**

પરમાત્મામાં રસ લેવા માંડયો, પરમાત્મામાં મળી જવા માટે ઉજમાળતા આવી, પછી તો મનથી પરમાત્માની દુનિયામાં વિહરવાના આનંદ લૂંટાય, બહારની પાપભરી દુનિયામાં નહિ ! બહારના જગત માટે તો નિયમ થઇ જાય કે આટલી મર્યાદાથી બહાર આ જીવનમાં મારે જવું નહિ; અને જેમ જેમ એ મર્યાદા ઓછી કરતા આવો, તેમ તેમ પરમાત્માની દુનિયામાં વધુ વિહરવાનું બળ મળે.

પરમાત્માની દુનિયા સમજો છો ? પરમાત્માએ પ્રકાશેલું ષડ્દ્રવ્ય અને એના અનંત પર્યાયોનું તત્ત્વજ્ઞાન, વિશ્વમાં ચાલી રહેલા કર્મોના વિચિત્ર નાટકો, મહાપુરુષોના પરાક્રમભર્યા જીવન–ચરિત્રો, આત્માની મિથ્યાત્વ, અવિરતિ અને રાગ–દ્વેષાદિમાં થતી ભયં-

કર બરબાદી...વગેરે વગેરે દુનિયામાં વિહરવાનું છે.

મારવાડી યુવકે યુરોપિયનની ભાગીદારીમાં ચાલતા ધીખતા ધંધામાં હવે રહેવા ના પાડી; કેમ ? પરિગ્રહનું પરિમાણ થઇ જવા આવ્યું.

વેણીચંદભાઇમાં પણ જોઇ ગયા ને કે ચાર હજાર લેવા હતા છતાં આઠ હજારની દલાલી થઇ ગઇ; બબર પડતાં તરત ધંધો બંધ કર્યો. એમની નેકી જોઇ એક ઈંગ્લીશ કંપનીએ બાર મહિને લાખ રૂપિયાની દલાલી આપવા આગ્રહ કર્યો. કેમ ? આ બીજા દલાલ જેવા નહિ કે વેપારીના હિસાબે લે-વેચ કર્યા પછી ભાવ અનુકૂળ ફરતા લાગે તો પોતાના નામે વેપાર ચડાવે; ને વેપારી માટે બીજો સોદો કરે ! આ તો ધર્માત્મા શ્રાવક ! એ એવું કરે ? યુરોપિયન કંપની મોટી હતી, વેપાર જબરો હતો, એના મેનેજરને થયું, 'આવો પ્રમાણિક દલાલ શોધ્યો મળે કયાંથી ?' એ વેણીચંદભાઇને મળ્યો, કહ્યું, 'તમે રહી જાઓ ! હું તમને બાર મહીને લાખ રૂપિયા ની દલાલી આપીશ તમને બીજી પૂછ-પરછ પણ નહિ, માત્ર સોદો કરવાનો.' **આ પુણ્ય-શાળી પુરુષ, પાપના પગલાંની ગંધથી ડરનારો પુરુષ, માને ? એ આત્મા લાખની દલાલીના લાલચમાં ખૂંચે ? એને તો એમાં આત્માના પુણ્ય અને ધર્મની રાખ થતી દેખાય છે.** મેનજરે ઘણું સમજાવ્યા પણ લાખની દલાલીની લલચને લાત મારી, એ દલાલી જતી કરી, મેસાણા ભેગા થઇ ગયા ! એ કદાચ માર્ગ કઢી શકત, પોતે ન રાખતાં મેસાણા પાઠશાળાને આપે પણ ધર્મખાતા માટે વેપાર શાનો ? તેમ પોતાના પરિગ્રહના રાગનું શું ? એટલે હવે તો કેમ ? બાંધ બિસ્તર ને થા ઘર ભેગો. દિક્પરિમાણ વ્રતનું રહસ્ય એ કે પાપના દેશમાંથી જેટલા બચ્યા એટલો લાભ.

(૬) દિક્પરિમાણવ્રત પ્રથમના પાંચે અણુવ્રતોને ગુણ કરે છે:—

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ પંચાશકજીમાં શ્રાવકધર્મનું નિરૂપણ કરી રહ્યા છે. પ્રથમના પાંચ વ્રતોને પોષતું એની પછી તરતનું પહેલું વ્રત (ગુણવ્રત) દિક્પરિમાણ-વ્રત છે. પાંચ અણુવ્રતો શેના માટે ? એ વ્રતોથી હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ તથા પરિગ્રહનો અમુક અંશે ત્યાગ કરવામાં આવ્યો. દિક્પરિમાણવ્રતથી પાપદુનિયામાં ફરવાનો સંકોચ કર્યો. જેટલું પરિમાણ રાખ્યું, માનો કે હજાર માઇલ, તેથી બહાર જવાનું જ બંધ કર્યું, એટલે બહારના પાપોમાં જોડાવાનું સહેજે બંધ થયું. એક ફરવા-ફરવાના ક્ષેત્રના સંકોચથી કેટલાય પાપ અને પાપના નિમિત્તો બંધ થઇ જાય છે. માટે તો શ્રાવકને રોજના ચૌદ નિયમોમાં દિશાના પરિમાણમાં ય વિશેષ સંકોચ કરવાનો હોય છે. પાપના ખૂબ જ ભયવાળો આ દિક્પરિમાણવ્રત લઇને મહાન આશ્વાસન અનુભવી શકે છે.

ભાવમાં ફરક માટે અતિચાર:—

એ વ્રતના અતિચારોમાં, પોતાને રાખેલા પરિમાણનુ વિસ્મરણ થાય તો અતિચાર લાગે. દિશાના માઇલોમાં ફેરફાર કરે તો અતિચાર લાગે. બે સામ સામી દિશાએ હજાર-હજાર માઇલ જવાનું રાખ્યું, એક દિશાએ બારસો માઇલ જવાનું થાય ત્યારે હજાર હજારને બદલે એક તરફ બારસો માઇલ જવાનું નક્કી કરે અને બીજી તરફ આઠસો માઇલ રાખે, તો સરવાળે તો ૨૦૦૦ હજાર માઇલ થયા, પરંતુ વૃદ્ધિ હાની કરી તેમાં અતિચાર. એકદર બે હજાર માઇલની મર્યાદા સાચવી માટે વ્રતની અપેક્ષા રહી, એટલે વ્રતનો સર્વથા ભંગ નહિ, પણ ધાલ-મેલ કરી તેથી અતિચાર લાગ્યો.

પ્ર૦—અતિચાર તજવાનું જાણવા છતાં સેવે તો તે અનાચાર નહિ ?

ઉ૦—ના, સમગ્રપણે વ્રત જાળવવાની બુદ્ધિ છે તો અનાચાર નથી. બાકી વ્રતની ઉપેક્ષા કરી અતિચારને અનાચાર-ભાવે, કર્તવ્યભાવે સેવે તો દૂષણ વધે, તો અનાચાર લાગે. પડિક્કમણું કરવા છતાં, પડિકકમણું કરનારો, પહેલાં જે પાપને સેવતો હતો તે પાપને સેવે તો છે, પણ પ્રથમ જે ભાવે સેવતો હતો તે ભાવે એ નથી સેવતો, તો પ્રતિક્રમણ એ દંભક્રિયા નથી. એમ વ્રત લીધા પહેલાં અતિચાર જે ભાવે સેવતો હતો તે ભાવે વ્રત લીધા પછી નથી સેવતો, માટે તે વ્રતભંગનું કારણ નથી. જો તે ભાવે

સેવે તો વ્રતને ભાંગી જતાં વાર લાગે નહિ.

દિક્‌પરિમાણવ્રત સ્વતંત્ર વ્રત શા માટે ? :-

શ્રાવકના બાર વ્રતમાં આ એક સ્વતંત્ર વ્રત છે. ભોગોપભોગ પરિમાણ વ્રત અથવા બીજા કોઇ વ્રતમાં એને ન સમાવતાં, કે અમુક દિશાએ અમુક મર્યાદા ઉપરાંત ન જવું એવો નિયમ અવાંતર નિયમમાં ન રાખતાં એને એક સ્વતંત્રવ્રત રાખ્યું તેનો આશય શો ? જગતભરના દેશોમાં અનેક જાતિનાં હિંસાદિ પાપો ચાલી રહ્યાં છે, આ જીવ એને કરતો-કરાવતો નથી તો મર્યાદા ઉપરાંતના એ ક્ષેત્રોનાં પાપમાં ફરવાની છૂટ માથે વહોરવાની જરૂર શી ? દિશાપરિમાણથી એ આંકે છે સર્વવિરતિની સ્થિતિ એવી છે કે જ્યાં રહે ત્યાંનું પણ પાપ ન લાગે, એને કોઇ પણ ક્ષેત્રનું પાપ ન લાગે એ આદર્શ છે આ વ્રતનો. જો કે એ ક્ષેત્રનાં પાપો ન કરવા, ન કરાવવા, એ રૂપે પ્રતિજ્ઞા નથી, છતાં એ ક્ષેત્રમાં જવાનું બંધ કરવાથી એની પાપક્રિયાઓમાંથી અંશે બચવાનું મળે છે. સર્વવિરતિમાં તો જગતભરના પાપોમાંથી સર્વથા મુક્તિનાં પચ્ચક્‌ખાણ છે. એ સ્થિતિએ પહોંચવા માટે આટલો સંકોચ કર્યો. યાદ રાખો, દેશ વિરતિ સર્વ વિરતિ માટે છે. **જે વિરતિ કે વ્રત-પચ્ચક્‌ખાણ સર્વવિરતિ માટે નથી તે સાચી વિરતિ નથી.** દિક્‌પરિમાણવ્રત સર્વવિરતિ માટે છે.

વ્રતનું શુદ્ધ પાલન કરવું હોય તો અતિચારોનો ત્યાગ કરવો જોઇએ. અતિચારના નામથી લલચાશો નહિ ! અતિચારથી વ્રત ભાંગતું નથી તો પણ તેટલા માત્રથી એ આચરવાની વસ્તુ નથી. અતિચાર ન આચરવાથી વ્રત મક્કમ થાય, શુદ્ધ રહે. વ્રતભંગના પરિણામમાં તથા અતિચાર સેવવાના પરિણામમાં ઘણું અંતર છે. વ્રતભંગના પરિણામમાં વ્રત તરફ નિરપેક્ષપણું છે, જ્યારે માત્ર અતિચાર સેવવાના પરિણામમાં વ્રત તરફ સાપેક્ષપણું ઉભું છે. સર્વવિરતિના આદર્શે પહોંચાડનારા અણુવ્રતોને ગુણકારિતા આ દિશાપરિમાણવ્રતમાં ભરપૂર પ્રમાણમાં છે, એ સમજાય એવું છે. સ્વતંત્ર વ્રતનો આ છે આશય.

અતિક્રમાદિનો વિચાર:—

પ્ર૦—અતિચાર ત્રીજા નંબરે શાથી ?

ઉ૦—અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચાર, એ પ્રથમના ત્રણે ય અતિચાર છે, પ્રમાણમાં ફરક છે. છેલ્લો અનાચાર જુદો છે. અતિક્રમથી મોટો દોષ વ્યતિક્રમ, તેથી ઉપર અતિચાર. ન કરવા યોગ્યનો વિચાર કર્યો તે અતિક્રમ, સેવન કર્યું નથી, માત્ર માનસિક વિચારણા છે કે-'આ પાપ કરું' પછી તે માટે ઉભા થવું તે વ્યતિક્રમ; પછી તે પાપો કરવા સુધી પહોંચે અર્થાત્ પાપની શરુઆત સુધીની ક્રિયા તે અતિચાર; અને પાપ કરે એટલે અનાચાર. પ્રથમના ત્રણે પ્રમાણાંતરે અતિચાર જ છે. જ્યાં સુધી વ્રત સીધું ભાંગે નહિ ત્યાં સુધી અતિચાર, ભાંગે એટલે અનાચાર એક દૃષ્ટિએ વિચારીએ તો અતિક્રમાદિ એ અનાચાર તરફનાં પગલાં છે. આગળ વધતાં અનાચારે પહોંચી જાય. અહીં અતિચાર કહ્યો છે તેમાં વ્રત ભાંગવાનો પરિણામ નથી. પરિગ્રહનું પરિમાણ કર્યું દસ હજારનું, તે મળી ગયા છે, છતાં લાગ્યું કે-'બજારમાં મોટો લાભ થાય તેમ છે, પરિમાણ તો દસ હજારનું છે પરંતુ જોઇ લેવાશે; જવા દે બજારમાં, લાભ લઇ લેવા દે,' આ થયો અતિક્રમ; બજારમાં જવા ઉઠ્યો તે થયો વ્યતિક્રમ; ત્યાંથી પગલું માંડે ત્યાંથી લઇને દસ હજાર ઉપરાંત હાથમાં લેવાની જેટલી તૈયારી કરે તે તમામ અતિચાર, જ્યાંસુધી દસ હજાર ઉપરનો લાભ હાથમાં ન લે ત્યાંસુધી અતિચાર; અને હાથમાં લે એટલે અનાચાર. અતિક્રમાદિ એક રીતે અનાચાર તરફ લઇ જનાર છે, પણ અનાચાર નથી. અતિક્રમમાં ભલે માનસિક રમણતા, વ્યતિક્રમમાં ભલે ઉઠવું, અતિચારમાં ભલે તૈયારી, પણ તે બધું અનાચાર નથી. અનાચાર તો પ્રતિજ્ઞાભંગ સાક્ષા આચરે ત્યારે થાય છે.

અતિચારને દૂષણ કેમ કહ્યું ?:—

ત્યારે પ્રશ્ન થશે કે-'તો પછી અતિચારને દૂષણ કેમ કહ્યું ?' વાત એમ છે કે એવી પ્રવૃત્તિ ન જોઇએ કેમકે એક તો વ્રતનું ધ્યેય ચૂકાય છે; ને બીજું એ કે પરિણામે વ્રતભંગમાં જઇ ફસાય. દા. ત. અમુક દિશાનું પરિમાણ કર્યું, પછી બહારના ભાગમાં પોતે ન ગયો છતાં આજે નોકરને મોકલ્યો, પછી થયો રિવાજ. જ્યારે જ્યારે કામ પડે ત્યારે તમારે નોકરને મોકલે. એ સંબંધમાં વિચાર ન

રહ્યો. નોકર મરી ગયો અને લાભ જોરદાર દેખાયો, એ કામ બીજાથી થાય તેમ નથી, કાં પોતાથી થાય અને મરી ગયો તે નોકર જ તે કામ માટે હુશિયાર હતો. પછી શું થાય ? 'નોકરને મોકલવામાં વાંધો નથી' એમ માનતો થયેલો, લોભે તણાઈ, જરૂર પડયે પોતે જશે ! માટે મર્યાદા બાંધી. મર્યાદા બહારના ભાગમાં નોકર મોકલે તો અલબત્ત વ્રત. ભાંગે નહિ, પણ અતિચાર લાગે એ અતિચારને દૂષણ એ માટે કહ્યું કે પરિણામે પોતે વ્રતભંગે ચાલ્યો જાય, એવું લપસણું ઉભું થાય છે.

પોતે કરે નહિ, એ બીજા પાસે કરાવે તો કર્મ ન લાગે ?:—

પ્રશ્ન—પોતે તો જતો નથી, બીજાને મોકલે એમાં દોષ શાથી ?

ઉત્તર—જેવી નિયમની કક્ષા તે મુજબ દોષ લાગે. કરવું, કરાવવું, અનુમોદવું, કર્મ તો ત્રણેથી લાગે છે, પણ વાત વ્રતની ચાલે છે. જેની શક્તિ એવું વ્રત લે. માત્ર કરવું નહિ એમ વ્રત લે તો વ્રતનું એટલું જ બંધન. કરવું ય નહિ, કરાવવું ય નહિ, એવુ સામર્થ્ય હોય તો એવું વ્રત લે. અનુમોદના પણ ન કરવી એવી તાકાત હોય તો તેવું વ્રત લે જેવા તાકાત. દુનિયામા પણ જુઓ. કાયદેસર ખૂનનો મુન્હો એક કર્યો હોય, બીજાએ તૈયારી કરી આપી હોય, ત્રીજાએ એ બેને જરા ટેકો આપ્યો હોય, વાતચિતમાં માત્ર રસ લીધો હોય તો ખૂન કરનારને ફાંસીની સજા થાય છે, જ્યારે બીજા બેને સખ્ત કેદ કે એવી સજા થાય છે. સજામાં ભેદ પડે છે. અહીં પણ એવું, કર્મ બંધનની સજા ખરી, પ્રમાણમાં ભેદ. સરખા જ કર્મ લાગે એમ એકાંત નહિ. પોતે ન જવું એટલુ જ વ્રત છે, બીજાને ન મોકલવો એવું વ્રત નથી, છતાં વ્રતનું ધ્યેય નથી સચવાતું, એ વાંધો છે. દા૦ ત૦ પોતે જૂઠ ન બોલવું એવું વ્રત છે, ને હવે જો બીજા પાસે જૂઠ બોલાવરાવે તો વ્રતનો ઉદ્દેશ ન સચવાવાને લીધે દોષ લાગે છે. **શ્રાવકના વ્રતમાં બે મુદ્દા છે. (૧) ધ્યેય, ને (૨) વ્રતપાલન.** વ્રતની અપેક્ષા છે ત્યાં સુધી વ્રત કાયમ. અપેક્ષા કાયમ છતાં ધ્યેય ચૂકે એ અતિચાર. શ્રાવકના વ્રતમાં બે વાત. એક ધ્યેયની, બીજી વ્રતના પાલનની. પરિગ્રહ પરિમાણુવ્રતમાં નિષ્પરિગ્રહપણાનું ધ્યેય છે, ને પરિમાણુ-વ્રતનું પાલન છે. વ્રતના પાલન પર નિરપેક્ષ થાય તો વ્રતભંગ થાય. વ્રતના પાલનને સાક્ષાત્ બાધક ન હોય છતાં પરિણામે બાધક હોય તેમજ ધ્યેયને બાધક હોય તેવી કોઇ પ્રવૃત્તિ તે અતિચાર. દસ હજારનું પરિમાણુ રાખ્યું, લાભ વધારે થઇ ગયો, વ્રતને પાળવું તો છે એટલે પોતે ન રાખ્યા, સીધા પત્ની કે પુત્રના નામ પર કરી નાખ્યા, પણ ત્યાં મમત્વ અને સત્તા પોતે રાખે છે એ પરિણામને ધક્કો કેમ ન પહોંચાડે ? તેમ જવું છે નિષ્પરિગ્રહતાએ, એ ધ્યેય આ રીતે કેમ સચવાય ? સર્વથા નિષ્પરિગ્રહી થવાનું ન બની શકવાથી પરિમાણ કર્યું, હવે એની ભાવના કઇ હોય ? 'પરિગ્રહ સંસારની જડ છે, પાપ છે, સર્વથા નથી છોડાતો માટે પરિમાણ કર્યું; પણ એથી વધારે થાય એવી પ્રવૃત્તિ શા માટે કરું ? એવી વાતચિત કાને પણ ન ધરું' આ ધ્યેય કયારે સચવાય ? અતિચાર ન લગાડે તો ને ? અતિચારથી સર્વથા વ્રત-ભંગ નહિ પણ ધ્યેય ન સચવાય.

લગભગ ઠેરનો ઠેર !:—

દિગ્પરિમાણ વ્રતમાં પણ ધ્યેય શું છે ? જરૂરિયાતથી બહારના ભાગના પાપોમાં ન જોડાવાય એજ ને ? એ કયારે સચવાય ? વ્રત બહારના ભાગમાં પોતાને કાયાથી ન જવાનું કર્યું, પણ માણસ મોકલે, ચીજ મંગાવે, ચિઠ્ઠી-પત્રો મોકલે, એક બીજી દિશામાં માણસોની (પ્રમાણની) વધઘટ કરે તો ધ્યેય ન સચવાય. વ્રત પળે પણ અતિચાર લાગે. ધ્યેય ન સચવાય માટે અતિચાર. દિગ્પરિમાણવ્રતમાં પાપના ક્ષેત્રોનો સંકોચ કર્યો, ભોગોપભોગ પરિમાણ વ્રતમાં ભોગ-ઉપભોગની વસ્તુનો સંકોચ છે. ધ્યેય પાલનને અંગે અતિચાર ન લગાડાય માટે દરેક વ્રતના ધ્યેયને બાધક અતિચારો જણાવી દીધા.

છૂટની વાત જુદી:—

પ્ર૦—પરિમાણ બહારના ભાગનો માલ મંગાવાય ?

ઉ૦—મંગાવાય નહિ. વેપારીએ પોતાના માટે મંગાવ્યો હોય તે લેવામાં વ્રતને અતિચાર નહિ. છતાં વ્રતમાં જ આની છૂટ રાખી હોય તે વસ્તુ જુદી.

પ્ર૦—કુટુંબ માટે વ્યાપાર છે, વ્રત પોતાના માટે છે. તો વ્યાપાર માટે બહારથી માલ ન મંગાવાય ?

ઉ૦—આવા વ્રતો કુટુંબને ભેળું સમજીને જ કરાય છે. દા. ત. પરિગ્રહ પોતાનો જુદો અને કુટુંબ માટે જુદો ન ગણાય. ત્યાં જેમ જુદો રાખે તો અતિચાર, એમ અહીં અતિચાર લાગે. ધ્યેય ચૂકયો કે અતિચાર. અતિચારનો અર્થ જ અતિ ચાલવું, ધ્યેયનું ઉલ્લંઘન કરવું. પ્રથમના પાંચ અણુવ્રતને ગુણ માટે ત્રણ ગુણવ્રત છે, અભ્યાસ માટે ચાર શિક્ષાવ્રત છે. ત્રણે ય ગુણવ્રતો પાંચે ય વ્રતોને પોષક છે. આ વ્રત ખાસ, માટે સ્વતંત્ર વ્રત છે. ધ્યેય તરફની દૃષ્ટિએ; કુટુંબ માટે વ્યાપાર સમજી માલ મંગાવે તો ય ધ્યેય ચૂકાય છે માટે અતિચાર. વ્રતમાં જ છૂટ રાખી હોય એ વાત જુદી.

ઉપયોગે ધર્મ:—

સ્મૃતિનું અંતર્ધાન (સ્મૃતિભ્રંશ) એ પણ અતિચાર. બસો માપવાનું પ્રમાણ રાખ્યું હોય, ત્રણસો માપવા જવાનો પ્રસંગ આવ્યો અને પોતાને યાદ ન હોય કે બસો માપવા રાખ્યા કે ત્રણસો, વખતે ત્રણસો રાખ્યા હશે એવી કલ્પના કરે તો એ સ્મૃતિનું અંતર્ધાન થયું, સ્મૃતિભ્રંશ થયો; અને ભૂલી જવું એ પણ અતિચાર. 'બસો જ રાખ્યા છે.' એમ નક્કી હોય ને ત્રણસો જાય તો તો ભંગ જ થયો. પણ ત્રણસો માપવા જતાં મનમાં ધારે છે, 'ના ! ના ! ત્રણસો જ રાખ્યા છે,' માટે સ્મૃતિભ્રંશનો અતિચાર લાગ્યો.

પ્રશ્ન—એવા સંદેહમાં ત્રણસો માપવા ન જાય, બસો માપવા જ જાય તો ય અતિચાર ?

હા ! ઉપયોગે ધર્મ છે. રાખેલા ખરા પરિમાણનો માનસિક ચોકસ ઉપયોગ (ખ્યાલ) ન રહ્યો, એ વ્રતમાં અતિચાર છે. પહેલા વ્રતના પચ્ચક્ખાણમાં ત્રસ મારવો નહિ, એ નિયમ છે છતાં ગાઢ બંધને બાંધવો, ભાત-પાણીનો વિચ્છેદ કરવો, અતિભાર ભરવો એ અતિચાર કહ્યા ને? એમ અહીં પરિમાણનું વિસ્મરણ થાય તો અતિચાર લાગે. ઉપયોગ ચૂકાય કે અતિચાર. માટે વ્રતને વારંવાર યાદ કરવું જોઈએ. અતિચારના પરિહારની કાળજી ન રખાય તો વ્રત ભાંગવાનો વખત આવે. અતિચારની આદત પડી જવાથી વ્રત તરફ નિરપેક્ષ વૃત્તિ થાય, 'એમાં શું ?' એમ થાય. 'એમાં શું' એથી તો પેલી વિધવાએ શું કર્યું ? 'ધોળો ફક દિવસ છે, મુનીમ ભાઈ જેવો છે, ઘરે ભાભી છે, દૂધ પીને પા અરધા કલાકમાં ચાલી આવીશ, જવા દે, એમાં શું ?' બસ ! આ 'એમાં શું, એમાં શું,' કર્યું. અત્યાર સુધી જે ગુણ ચડવાની શ્રેણિ હતી તે ઉતરવાની નિસરણી થઈ, સ્વર્ગમાં જવાને બદલે ભોંયરામાં જવાનું થયું. વ્રત લીધેલું સારી રીતે અજવાળાય અને ધ્યેયે પહોંચાય માટે જ્ઞાની અતિચાર ન લગાડવાનું કહે છે, માટે બાધક સંયોગો જણાવી, તેની અતિચાર તરીકે ઓળખાણ કરાવે છે.

પ્ર૦—સ્મૃતિભ્રંશ-ભૂલી જવું એનો સંબંધ તો મતિ સાથે છે ને !

ઉ૦—મતિ સાથે છે એટલે. ઉપયોગ સાથે છે. વ્રત આત્માનો પરિણામ છે. ઉપયોગ યાને જાગ્રતિ રહે તો વ્રતના પરિણામને વાંધો ન આવે. પણ વ્રતનું સ્મરણ જ ન રહે તો પરિણામને ધક્કો લાગે.

વ્રતને અંગે શાસ્ત્રે બે મર્યાદા બાંધી. જ્ઞ પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા. જ્ઞ પરિજ્ઞા એટલે વ્રતની ઘટના અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા એટલે વ્રતનો સ્વીકાર. આ બે મર્યાદા. બન્ને આત્માના જ્ઞાનવાળી છે. એ જ્ઞાનમાં ધાલમેલ કરાવે એ અતિચાર નહિ ? માટે ભૂલી જવું એ પણ અતિચાર.

જાગ્રતિ રાખવા માટે અતિચારોનો પરિહાર છે:—

જે કોઈ વ્રત-નિયમ લેવાય, તેનું વારંવાર પારાયણ કરવું જોઈએ. ડાયરીમાં નોંધી રાખે અને છ મહિને ય ડાયરીનું એ પાનું ન ઉઘાડે, યાદ રહે કયાંથી ? સ્થિતિ શી થાય ? નિરંતર યાદ કરે તો ડાયરીને રોજ ઉઘાડવાની જરૂર નથી. છતાં અવરનવર સ્મૃતિને લખાણ સાથે મેળવી લેવી જોઈએ. સામાન્ય ચૌદ નિયમ ધારનાર માટે હાજરી બે વાર, સવાર-સાંજ રાખી. દિશાપરિમાણ, ભોગોપભોગ-પરિમાણ વગેરેમાં જિંદગીભરના પરિમાણનું વ્રત છતાં ચૌદ નિયમથી તેમાં ય સંકોચ કર્યો. ઉપયોગે ધર્મ તે આ. શી શાસનની વિશિષ્ટતા ! એમાં એક વાત તો એ કે સંકોચ થાય;

ને બીજી વાત, મોટા વ્રતનો ખ્યાલ રહે. એ ખ્યાલ ન રહે તો ઉપયોગ ન રહે. પ્રતિ સમય કાંઇ જપમાળા ન ગણાય, ગૃહસ્થને કામધંધા ઘણા હોય પણ અવસરે અવસરે ભોગોપભોગ પરિમાણના તથા બીજા હોય તે તે નિયમો યાદ કરે એટલે ઉપયોગ જાગ્રત રહે. બીજા કાર્ય વખતે એ ઉપયોગ છૂપાયલો હોય છે, ગૌણ હોય છે, બીજા કામકાજનો ઉપયોગ મુખ્ય બને છે, પ્રસંગે તે ઉપયોગ જાગ્રત થાય છે એટલે વ્રતનો ખ્યાલ રહે છે. ચૌદ નિયમ ધારનાર કંઇ એને પળે પળે યાદ જ કર્યા કરે છે એમ નથી, પણ કયાંક જાય, એની પાસે કાંઇ ધરવામાં આવે છે ત્યારે ઝટ, 'કેટલાં દ્રવ્ય છૂટાં છે, કેટલા ચૂલા ખુલ્લા છે,' તરત તે વિચારવામાં આવે છે. એ ઉપયોગ લબ્ધિરૂપે હોય છે તે અવસરે જાગ્રત થાય છે. જાગ્રતિ રાખવા માટે સ્મૃતિભ્રંશરૂપ અતિચાર ત્યજવાનો છે.

ખતરનાક પરિણામ બાદ માટે કયારે આવ્યું ? મર્યાદા ચૂકી તો ને ? :—

અતિચારનો વિચાર વ્રતના વિચારની અંતર્ગત છે અર્થાત્ અતિચારની વાત વ્રતની મર્યાદા ન ચૂકવા માટે કહી છે. અતિચારમાં આગળ વધે, મર્યાદા ચૂકે, વ્રત જાય. નંદિષેણ મુનિ મર્યાદા ચૂકયા, પરિણામ ખતરનાક આવ્યું. જ્ઞાનીએ દીઠું હતું, જોયું હતું એ વાત ખરી, પણ અવળો પુરુષાર્થ થશે અને તેથી પતન થશે, મર્યાદા ચૂકવાથી પતન થશે એ પણ જ્ઞાનીએ સાથે જોયું જ છે ને ? ખતરનાક પરિણામ આવ્યું કયારે ? વેશ્યાના ઘરે ગયા નહોતા ત્યાં સુધી તો કાંઇ નહિ, પણ અજાણ્યે ત્યાં ચઢી ગયા પછી વેશ્યાએ અર્થલાભ માગ્યો, ત્યારે તો સમજાઇ ગયું કે આ ઘર ધર્માત્મા માટે યોગ્ય નથી. છતાં અર્થલાભ કરાવવા ઉભા. ત્યારે અર્થલાભ જોતાં વેશ્યાએ બદલામાં ભોગ આપવાની વાત કરી. તો ય મુનિ ઉભા રહ્યા છે. હવે વેશ્યા હાવભાવ સાથે આગ્રહ કરે છે; મુનિના પગ પકડે છે. આ અતિચારનો માર્ગ છે. **અતિ+ચાર** વધારે જવું. મર્યાદાનું ઉલ્લંઘન કરવું. વ્રતની મર્યાદા છે, સ્ત્રીથી પરપુરુષ સાથે, પુરુષથી પરસ્ત્રી સાથે એકાંતમાં ન બેસાય, ત્યાં ન ઠરાય, એકાંતમાં વાતચીત ન થાય, મૌનપણે પણ એકાંત ન સેવાય, તો હાવભાવ જોવાની વાતે ય શી ? ગૃહસ્થ માટે એ નિયમ કે ગૃહસ્થ પોતાના મિત્રને ઘેર જાય, એ વખતે જો ઘરમાં મિત્ર ન હોય અને બાઈ એકલી હોય તો ઘરમાં પગ ન મૂકે. ગૃહસ્થની આ મર્યાદા. અહીં તો ઉપરથી વેશ્યા આગતા સ્વાગતા કરે છે.

ભવિતવ્યતા :—

પ્રશ્ન—એ તે નિકાચિત કર્મ કે ભવિતવ્યતા ?

ઉ૦—નિકાચિત-અનિકાચિત કર્મ, પુરુષાર્થ એ એક દૃષ્ટિએ ભવિતવ્યતાના પેટામાં છે. કેમકે એ બધા ભવિતવ્યતાના ભાવોમાં આવી જાય છે. ભવિતવ્યતા નિયતાનિયત છે, અર્થાત્ ચોકસ-અચોકસ છે. ચોકસ એ રીતે કે તે તે કાળે તે તે ભાવ ચોકસ બનવાના; પરંતુ અમુક કર્મ, પુરુષાર્થ વગેરે આવી મળવાના તો જ એ ભાવ બનવાના, એ દૃષ્ટિએ અનિયત. આમ છતાં પુરુષાર્થમાં અભ્યાસનો પ્રયત્ન કમી ન કરાય. પુરુષાર્થ માટે પ્રયત્ન કરાય છતાં સફલતા ન મળે ત્યાં ભવિતવ્યતાનું નામ લેવાય. એમ સવળો માનીને અવળો પ્રયત્ન થયો તો એ પાંચે ય કારણનો સમન્વય છે. નિકાચિત કર્મ એ તો કર્મ જ એવું કે પ્રાયઃ વિપાકોદયમાં આવ્યા વિના જાય જ નહિ.

સભામાંથી:—નંદિષેણે પ્રયત્ન કર્યા કમીક યોં હતો ? એમણે પ્રયત્ન ઘણો કર્યો હતો, છતાં અંતે સફળતા ન મળી ત્યાં ભવિતવ્યતા કહેવાય. નિકાચિત કર્મનો ઉદય તથા ભવિતવ્યતા, બન્ને એમના માટે કહેવાય. વાત એવી છે કે કેટલાકને તો પુરુષાર્થ માટે પ્રયત્ન કરવો નથી એટલે મોં પહોળું કરી ભવિતવ્યતાને પહેલેથી જ યાદ કરે છે. પુરુષાર્થ માટે પ્રયત્ન કર્યો ? ભવિતવ્યતાની દૃષ્ટિમાં પુરુષાર્થ પડયો છે કે નહિ એની પ્રયત્ન વિના ખબર પડે શી રીતે ?

કહેાને, 'ત્યાંય કહેવાય, ભવિતવ્યતા નથી માટે પ્રયત્ન નથી થતો. હોય તો પુરુષાર્થ થાય નહિ ?' એમ માપ ન કઢાય. સામાયિક એ સમભાવ પુરુષાર્થ લાવવાનો પ્રયત્ન છે. ભવિતવ્યતામાં સમભાવ છે કે નહિ તે સમભાવ માટે સામાયિકનો પ્રયત્ન કર્યા વિના કેમ જણાય ? ખરી રીતે વસ્તુની ગરજ પર આધાર છે. ગરજ હોય તો પુરુષાર્થના ગલ્લાંતલ્લાં

ન થાય; પુરુષાર્થ સહેજે થઇ જાય. ઉદ્યમ કરવા છતાં ફળ પ્રાપ્ત ન થાય ત્યાં કહેવાય કે ભવિતવ્યતા. ભવિતવ્યતા તો એક ચાર્ટ (Chart) છે, નકશો છે. એ ભવિતવ્યતા રૂપી નકશામાં ભાગ્ય, પુરુષાર્થ વગેરે કારણો અને કાર્ય નોંધાયેલા પડયા છે. જ્ઞાનીએ ભવિતવ્યતા જોઇ છે, એમાં કારણો અને કાર્ય જોયાં છે. નંદિષેણનું ભાવીફળ જ્ઞાનીએ જોયું હતું, સાથે એવું બનવાનાં કારણો પણ જોયાં હતાં. નંદિષેણે પોતે વેશ્યા આગળ મદ કરવાનો પુરુષાર્થ કર્યો એટલે પરિણામ અનિષ્ટ આવીને ઉભું.

માર્ગાનુસારીના ગુણો કેટલું મહાન કાર્ય કરે છે! એ ગુણોમાં, કામ-ક્રોધ-લોભ, માન-મદ-હર્ષ, એ છ અંતરંગ શત્રુ, એનો વિજય કરવાનો છે. ઘર વેશ્યાનું છે, તે કદાચ ખબર ન હોય, પણ બાઇ જો એમ કહે છે કે-'અમે તો અર્થલાભના કાંક્ષી, ધર્મલાભને શું કરીએ?' તો સમજાય એવું છે કે એને ધર્મનો ખપ નથી. એવાની સાથે માથાફોડ શી? છતાં નંદિષેણે બતાવ્યું કે-'જો સાધુ અર્થલાભ પણ કરાવી શકે છે. માત્ર એ કરાવવો નથી માટે નથી કરાવતા.' અર્થલાભ કરી દેખાડયો તો વાત આગળ વધી. હવે ત્યાં જ્યારે વેશ્યા કહે છે, 'અમે તો આર્યદેશની વેશ્યા, માલ આપ્યા વિના દામ ન લઇએ.' ત્યારે તો એ વેશ્યા હોવાનું સમજાઇ જ ગયું? હવે 'અયોગ્ય દેશકાલમાં ન ફરવું" એ માર્ગાનુસારી ગુણનો પ્રસંગ આગળ આવ્યો. નંદિષેણે ત્યાંથી તરત જ ચાલ્યા જવું જોઇતું હતું, પણ તેમ ન કરતાં ઉભા રહ્યા. આમાં જો આપણે એમ કહીએ કે 'ભવિતવ્યતાએ ભૂલાવ્યા,' તો પછી ગુણના પાલનનો પુરુષાર્થ કરવો જ જોઇએ એ સ્થિતિ કયાં રહી? ઠીક છે બીજાના માટે કહીએ કે 'ભવિતવ્યતા જ કોક એવી કે આવા ખબરદાર પણ અહીં ફસાયા,' પરંતુ આપણી વાત માટે ભવિતવ્યતાને ભળાવતાં પહેલાં એ જોવું જોઇએ છે કે આપણે ધર્મપાલન ને ગુણરક્ષાનો શકય ઉદ્યમ કર્યો? તે કરવા છતાં પરિણામ વિલક્ષણ આવે. પછી કહી શકીએ કે-'શું કરીએ? ભવિતવ્યતા જ એવી.' બાકી પહેલાં તો તે પુરુષાર્થની જ ચીવટ જોઇએ. જોઇશું તો જણાશે કે શું ગૃહસ્થે કે શું સાધુએ, માર્ગાનુસારીના ગુણની મક્કમ સાધના અને વિકાસ ઉપર શ્રાવકપણા કે સાધુપણાની મહાન ખીલવટ કરી દેખાય છે; એથી ઉલ્ટું એમના કોઇ ગુણમાં ખામી આવતાં એ સ્ખલના પામ્યા જણાય છે.

મહાવીરપ્રભુનો જીવ સોળમા ભવમાં **વિશ્વભૂતિ મુનિ** મહાવિરાગી, મહાસંયમી અને મહાતપસ્વી છતાં એમણે પિતરાઇ ભાઇની મશ્કરી ઉપર માર્ગાનુસારિતાનો સૌમ્યતા ગુણ ગુમાવ્યો અને બળના લોભરૂપી અંતરંગ શત્રુને પરવશ થયા તો ગબડયા. **કંડરીક** હજાર વર્ષ સુધી સાધુપણામાં રહેવા છતાં ઇન્દ્રિયનિગ્રહનો ગુણ પાળવો ભૂલ્યા તો સંયમથી ભ્રષ્ટ થઇ સાતમી નરકે ગબડાવનારા પતન સુધી પહોંચ્યા.

આજે પણ આપણા કોઇના જીવનમાં તપાસીશું તો દેખાશે કે કોઇ ને કોઇ માર્ગાનુસારી ગુણની ખામીએ સ્ખલના પામતા હશું. મારે શ્રાવક જીવન કે સાધુજીવનની અપેક્ષાએ તો એ ગુણોનો વિકાસ ઊંચી કક્ષાનો કરવાનો છે. એ માટે ભવિતવ્યતા પર આધાર રાખવાની કંગાળિયત કરવાને બદલે ભગીરથ પુરુષાર્થ કરવો જોઇશે. (ક્રમશઃ)

(અનુસંધાન પાન ૨૨૬ નું ચાલુ)

અંતરાત્મદશામાં, અને અંતરાત્મદશામાંથી પરમાત્મદશામાં જાઉં. પરંતુ ઘાતી કર્મોનો ક્ષય થઇ ગયો, પરમાત્મદશા સિદ્ધ થઇ, એટલે તો આશંસા પૂર્ણ થઇ. માટે તીર્થંકર પરમાત્માને નિરાશંસભાવે પોતાના કલ્પ મુજબ, 'નમો તિત્થસ્સ' કહીને સિંહાસને બેસવાનું; તેથી એ એમ બોલે છે. એટલે એ સિદ્ધ થયું કે વીતરાગ સિવાય બીજાને ભાવનમસ્કારની પરાકાષ્ઠા પ્રાપ્ત નથી, તેથી એમને પરાકાષ્ઠા સુધી પહોંચાડનાર ઊંચા ઊંચા ભાવનમસ્કાર પ્રાપ્ત કરવા માટે પ્રાર્થના કરવી જ રહે છે.

પ્ર૦—વીતરાગને ભાવનમસ્કારની પરાકાષ્ઠા શી રીતે?

ઉ૦—પહેલાં કહ્યું છે, 'નમસ્કાર' શબ્દ 'પૂજા'ના અર્થમાં છે, ચાર પ્રકારની પૂજામાં ય ભાવપૂજા એ પ્રધાન છે, શ્રેષ્ઠ છે, તથા ભાવપૂજા 'પ્રતિપત્તિ' પૂજારૂપ હોય છે, ને તે વીતરાગમાં જ પૂર્ણપણે મળે છે. બીજાઓએ પણ કહ્યું છે **'पुष्पामिषि स्तोत्रप्रतिपत्तिपूजानां यथोत्तरं प्राधान्यम्।'**

—: 'નમસ્કાર'ના ચાર નિક્ષેપામાં કક્ષાઓ. :—

હવે પ્રસ્તુતમાં 'નમસ્કાર'ના પણ ચાર નિક્ષેપા કર્યા, અને એમાં ચઢતી-ઉતરતી કક્ષાઓ કેવી રીતે તે જોઇએ.

પહેલો, નામ નમસ્કાર એટલે એક તો કોઇનું **'નમસ્કાર'** એવું નામ પાડયું, તો એ વ્યક્તિ નામથી નમસ્કાર કહેવાય, પછી ભલે એનામાં નમસ્કારનો ગુણ ન હોય. તેમ બીજું, 'નમસ્કાર' એવી અક્ષરોની રચના એ પણ નામ-નમસ્કાર. ત્યાં, 'નમસ્કાર'નામની વ્યક્તિઓમાં તો ધન, સૌંદર્ય, હોશિયારી, વગેરેની ચઢતી-ઉતરતી કક્ષાઓ **અર્થાત્** તરતમતા હોય છે, એ અનુભવસિદ્ધ છે. ત્યારે, 'નમસ્કાર,' એમ બોલાતા વર્ણસમૂહમાં શુદ્ધિ-અશુદ્ધિ, મૃદુતા-કર્કશતા, વગેરે ઉચ્ચારણની ઢબના હિસાબે તરતમતા હોય, એ સમજાય એવું છે. **બીજો, સ્થાપના-નમસ્કાર** એટલે નમસ્કારની સ્થાપના; દા૦ ત૦ નમસ્કારનું કોઇ ચિત્ર, મૂર્તિ, વગેરે. તો જેમ દેવની મૂર્તિઓમાં ઘડતરના ને કળાના હિસાબે ચઢતી-ઉતરતી કક્ષા હોય છે, એમ આમાં પણ હોઇ શકે છે. **ત્રીજો, દ્રવ્ય-નમસ્કાર** એટલે પૂર્વે કહ્યું તેમ દ્રવ્ય-સંકોચ. ચિત્તમાં નમસ્કારનો ભાવ ન હોય, પણ બહારથી નમું છું, વંદુ છું વગેરે બોલે, હાથની અંજલિ જોડે, મસ્તકે લગાડે,...એ બધું દ્રવ્ય-નમસ્કાર. ત્યાં પણ એ બાહ્ય ક્રિયામાં ચઢતી-ઉતરતી કક્ષાઓ હોઇ શકે છે: કોઇનું બોલવાનું 'આપને વાંદું છું,' અને કોઇનું 'તમને વાંદું છું;' કોઇની અંજલિ વ્યવસ્થિત, અને કોઇની અવ્યવસ્થિત; કોઇ અંજલિને લલાટે લગાડે છે, તો કોઇ મોંઢા આગળ, ને કોઇ છાતી આગળ રાખે છે. આ બધી દ્રવ્યનમસ્કારમાં કક્ષાઓ અર્થાત્ તરતમતા ગણાય. તો જેમ નામાદિ-નમસ્કારમાં કક્ષાઓ હોય છે, એમ, **ચોથો ભાવનમસ્કાર** અર્થાત્ ભાવસંકોચ એટલે કે નમસ્કાર સંબંધી વિશુદ્ધ મનનું નિયોજન, એમાં પણ તરતમતા યાને ચઢ-ઉતર કક્ષા હોય છે; કોઇને માનસિક ઊંચી વિશુદ્ધિ, તો કોઇને નીચી. ઊંચીમાં પણ કોઇને અધિક ઊંચી, તો કોઇને ઓછી ઊંચી. આમાં નીચેની કક્ષાની વિશુદ્ધિવાળાને હજી ઊંચી કક્ષાની વિશુદ્ધિ પ્રાપ્ત નથી, સિદ્ધ નથી; તો **'असिद्धेता-प्रार्थनावचः'** પ્રાર્થના દ્વારાએ અસિદ્ધને સાધવાની આવશ્યકતા રહે છે જ, એટલે એ પ્રાર્થના સૂચક 'નમોત્થુણં' પાઠ બોલે એમાં કશું અઘટિત નથી. તેથી સમજાશે કે ભાવનમસ્કારવાળો પણ આ પાઠ બોલી પ્રાર્થના કરે એમાં મૃષાવાદ લાગવાનો આક્ષેપ કર્યો તે બોટો ઠરે છે. માટે 'નમોત્થુણં' આ પાઠ સર્વસામાન્ય ઘટી શકે છે.

વીતરાગને માટે શું?:—હા, જે માનસિક વિશુદ્ધિ, જેમ જેમ રાગ-દ્વેષાદિ દોષ ઘટતા ઘટતા આવે એમ, વધતી વધતી હોય છે, એની પરાકાષ્ઠા સર્વથા રાગાદિ વિનાના વીતરાગ આત્મામાં મળવાની. એનાથી હવે ઊંચો માનસિક વિશુદ્ધિ યાને ભાવનમસ્કાર નથી. **જેટલી સાધનાઓ છે, તે બધી વીતરાગ બનવા માટે છે. આત્માની સર્વથા શુદ્ધિ કરવા માટે છે. માટે કોઇપણ ધર્મ સાધના કરતાં વીતરાગ બનવાનું ધ્યેય નજર સામે રહેવું જોઇએ.** વીતરાગ બની ગયા, સાધનાકાળ પૂરો થયો. એટલે સર્વોત્કૃષ્ટ ભાવનમસ્કારવાળા વીતરાગને પ્રાર્થના કરવાની જરૂર પણ નથી. તો તેમને કાંઇ, નમોત્થુણં' બોલવાનું હોતું પણ નથી. હવે તો એ બીજાને માટે નમસ્કરણીય થયા, કૃતકૃત્ય થયા, એમણે બીજાને નમવાનું નહિ. વીતરાગ એ તો **સાધક** અવસ્થા મટીને **સિદ્ધ** અવસ્થા થઇ; હવે એમાં બીજા સાધકની જેમ નમસ્કારાદિ-સાધન કરવાની રહે નહિ.

પ્ર૦—તો પછી વીતરાગ અરિહંત પરમાત્મા સમવસરણમાં બિરાજમાન થતાં પહેલાં 'નમો તિત્થસ્સ' (તીર્થને નમસ્કાર) એમ શા માટે બોલે છે?

ઉ૦—એ નમસ્કારની સાધના તરીકે નહિ, પણ એક કલ્પ તરીકે, એક આચાર તરીકે. સાધનામાં તો એ ઉદ્દેશ હોય છે, એ આશંસા હોય છે, કે આ કરીને હું મારા કર્મોનો ક્ષય કરું, અહિરાત્મદશામાંથી

(અનુસંધાન પાન ૨૨૫ મા પર)

મુદ્રક : ચંદ્રકાન્ત રતિલાલ શાહ (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીની ખડકી, માણેકચોક, અમદાવાદ ખાતેથી છાપી પ્રસિદ્ધ કર્યું.

દિવ્ય દર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ઘીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ–૭, અંક–૨૯
બચુભાઇ ચીમનલાલ ઝવેરી મુંબઇ શાખા : ૧૬૭–૬૯, ફીકા સ્ટ્રીટ. શનિવાર તા ૪-૪-૧૯૫૯

પુષ્પાદિ ચાર પ્રકારની પૂજા.

પુષ્પ, આમિષ, (નૈવેદ્યાદિ), સ્તોત્ર અને પ્રતિપત્તિ,–એમ ચાર પ્રકારની પૂજામાં ઉત્તરોત્તર પૂજા વિશેષતાવાળી છે; વધારે વધારે ચઢીયાતી છે. પુષ્પપૂજા કરતાં આમિષ–પૂજા, એનાં કરતાં સ્તોત્રપૂજા, ને સૌથી શ્રેષ્ઠ પ્રતિપત્તિપૂજા.

પુષ્પ–પૂજામાં, તાજાં સુગંધિદાર સુંદર અખંડ પુષ્પો ચઢાવવાં; સોયથી પરોવીને નહિ, પણ હાથેથી ગુંથેલા એના હાર ચઢાંવવા; પુષ્પવૃષ્ટિ, ફૂલવાડી–રચના.... એ બધો **પુષ્પ–પૂજા.**

આમિષ–પૂજામાં, આમ તો આમિષ શબ્દના અનેક અર્થ છે,–દા. ત. માંસ, ભોગ્યવસ્તુ, રુચિકર વર્ણપ્રશંસા વગેરેના લાભ, ધાન્યાદિ–સંચયના લાભ, રોચક રૂપ–રસ–ગંધ વગેરે, રોચક શબ્દ–ગીત, નૃત્યાદિ, ઈન્દ્રિયના મનગમતા વિષયો, તથા ભોજન–જમણ વગેરે;–પરંતુ પ્રસ્તુત 'આમિષ' નામની અર્હત્–પૂજામાં એમાંથી અયોગ્ય માંસાદિ ન યોજવા, પણ યથાયોગ્ય હોય તે યોજવા. એમાં ચંદન, કેશર, કસ્તૂરી, બરાસ વગેરેના તિલક–વિલેપન આવે, ચાંદી–સોનું–મોતી–રત્નની આંગ આભૂષણ આવે, દશાંગધૂપ, વાસક્ષેપ, દીપક, અક્ષતાદિ આવે, ફળ–મેવા–મિઠાઈ ધરવાનું આવે, વિવિધ વાજિંત્રોના નાદ–ગીત–નૃત્ય, તેમજ ઊંચા સત્કાર–સન્માન–પ્રશંસા આવે, જેની જેવી શક્તિ તેવી ભક્તિ કરે. એટલું ધ્યાનમાં રહે કે અંતરમાં ભાવ યાને વિશુદ્ધ મનોનિયોજન ન હોય કે એનો ઉદ્દેશ ન હોય, તો આ બધું માત્ર દ્રવ્યપૂજામાં જાય; કેવળ મજૂરીમાં ખપે! માટે ભાવયુક્ત થવું જોઇએ, ઊંચા ભાવને પેદા કરવા થવું જોઇએ.

સ્તોત્ર–પૂજામાં. પરમાત્માના ભાવભર્યા સ્તોત્ર–સૂત્ર–સ્તવન–સ્તુતિ–છંદ–શ્લોક–પદ્યો વગેરેને **ભાવોલ્લાસથી ઉભરાતા હૃદયે, મધુર કંઠે, અને ગંભીર સૂરે** બોલવા–ગાવાનું આવે. એમાં (૧) સ્વાત્માની નિંદા, (૨) પરમાત્માના ગુણગાન, (૩) પરમાત્મા પ્રત્યેની ભક્તિ–ઉદ્ગાર, કે (૪) વસ્તુની પ્રાર્થના આવે. (૧) સ્વાત્માની નિંદામાં પોતાના મન–વચન–કાયાના દુષ્કૃત્ય–દોષ–દુર્ગુણો, **માનસિક** દુષ્ટ વિચારો દુર્ભાવનાઓ, દુષ્ટ વૃત્તિ, **વાચિક** નિંદા–કુથલી–વિકથાના દુર્વચનો, અસત્ય માયાવી યા પાપપ્રેરક ભાષણ, અને

(અનુસંધાન પાન ૨૩૩ ઉપર)

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર
સિદ્ધાંતમહોદધિ પૂ આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન
પૂ ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.

જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ? (ચાલુ)

આજે પણ આપણા કેટલાના જીવનમાં તપાસીશું તો દેખાશે કે કોઇ ને કોઇ માર્ગાનુસારી ગુણની ખામીએ રખડપટ્ટીના પામતા હશું. મારે શ્રાવક જીવન કે સાધુજીવનની અપેક્ષાએ તો એ ગુણોનો વિકાસ ઊંચી કક્ષાનો કરવાનો છે. એ માટે ભવિતવ્યતા પર આધાર રાખવાની કંગાળિયત કરવાને બદલે ભગીરથ પુરુષાર્થ કરવો જોઇશે.

આ વિચાર ખાસ તો એટલા માટે કરવો પડે છે કે બચપણમાંથી એ ગુણોનું સંસ્કરણ નથી થયું હોતું તેથી હવે વિશેષ ગરજ, ધગશ અને પુરુષાર્થની આવશ્યકતા છે. બાકી જે ભાગ્યવાન આત્માને જન્મથી માતાપિતા વગેરેમાં માર્ગાનુસારી ગુણોનું ભવ્ય પાલન જોવા મળે છે, ઉપરાંત માતપિતા તથા શિક્ષક વગેરે તરફથી વારંવાર એનું શિક્ષણ તથા પ્રેરણા મળે છે, અને ગુણો પાળવાની ચીવટ મળે છે, એને આગળની ઊંચી સમ્યક્ત્વાદિની સાધના વખતે વિશેષરૂપે ગુણોની કક્ષામાં આગળ વધવાનું સરળ બને છે. માટે તો માતાપિતા અને શિક્ષક વગેરે બાળકમાં ગુણોના પાલન માટે પ્રેરણા કરનારા અને અનુકૂળતા કરી આપનારા હોય. શ્રાવક પોતાના સંતાનને એવા બનાવે કે જેને જોનારને એના ગુણસંપન્ન શ્રાવકપણાનો ભાસ થાય. ગુણો અને શ્રદ્ધાનું સિંચન તો પ્રથમથી કર્યું હોય. સંતાનમાં જે શ્રદ્ધા, શ્રાવકપણું, અને ગુણો લાવવાની ઇચ્છા હોય, તે પોતાના જીવનમાં કેવા ઝગમગતા હોય ? શ્રાવકપણાની પહેલી ભૂમિકા માર્ગાનુસારિતા છે. વ્યવહારથી શ્રાવકપણું મળે છે પુણ્યથી. કેમકે શ્રાવકનું કુળ પુણ્ય અપાવે છે. યોગે વ્યવહારથી શ્રદ્ધા થાય છે. શ્રદ્ધાના બે પ્રકાર. પુણ્યની શ્રદ્ધા તથા તાત્ત્વિક શ્રદ્ધા. પહેલી શ્રદ્ધા પ્રયત્નથી બીજામાં પલટાય. તાત્ત્વિક શ્રદ્ધા મિથ્યાત્વના ક્ષયોપશમથી મળે છે. પુણ્ય શ્રદ્ધામાં એમ થાય કે-'**ભાઇ ! અમારે તો આ તીર્થંકર ભગવાન એ દેવ, સાધુ મહારાજ અમારા ગુરુ, જૈનધર્મ અમારો ધર્મ. એને જ માનું, એમના જ રિવાજ પાળું, એમના જ તહેવાર પાળું,**' તાત્ત્વિક શ્રદ્ધામાં એમ થાક કે-'આજ સાચા પરમાત્મા છે, એમનું જ વચન સાચું છે, એજ યુક્તિયુક્ત છે, એજ જીવનમાં ઉતારવા લાયક છે,'-આ થાય તે તાત્ત્વિક શ્રદ્ધા. તાત્ત્વિક શ્રદ્ધાવાળાને આશ્રવ માત્રમાં ખેદ થાય, સંવર માત્રમાં આનંદ થાય. તો જ તે તાત્ત્વિક શ્રદ્ધા. કુળસંસ્કારની શ્રદ્ધાવાળાને એવું થાય જ એ નક્કી નહિ.

ત્રણેય પુરુષાર્થની સાધનામાં લક્ષ્ય કયાં ?:-

આની પ્રાથમિક ભૂમિકા માર્ગાનુસારિતાના ગુણો છે. પહેલા ગ્રુપમાં ૧૧ ગુણો અને બીજા ગ્રુપમાં ૮ ગુણો જોઇ ગયા. ત્યાર પછી હૃદયમાં છ ખુરશી પર બેઠેલા, છ શત્રુ સુભટો, કામ, ક્રોધ, લોભ, માન, મદ, ને હર્ષ, આ છ આંતર શત્રુ પર વિજય, એ છનો ત્યાગ આ ત્યાગ પ્રારંભમાં તો પ્રાથમિક ભૂમિકાના ક્રોધાદિનો સમજવો; એમ સદાચારની મર્યાદાનું ઉલ્લંઘન કરાવનાર કામનો ત્યાગ સમજવો. ક્રોધમાં સામાન્ય ગુસ્સો નહિ, પણ લોકમાં જે ક્રોધ વડે, ક્રોધીલો, તામસી, ખૂન્નસખોર તરીકેની ખ્યાતિ થાય તે ક્રોધ સમજવો અર્થાત્ પ્રથમ પગથિયે તે ક્રોધનો ત્યાગ તો અવશ્ય કરવાનો. બધા માટે એમ સમજી લેવું. પછી ઇન્દ્રિઓનો વિજય એટલે એની (એના વિષયોની) ગુલામીનો ત્યાગ. પછી નિંદાનો ત્યાગ, પછી નિંદ્ય-પ્રવૃત્તિનો ત્યાગ. ત્યાર પછી ધર્મ, અર્થ તથા કામને પરસ્પર બાધ ન આવે તેમ વર્તવું. તેમજ એવો ધર્મઘેલો ન થાય કે આજીવિકા માટે વખાણ ઉઠયા પછી બે ચાર રોડીઆઓ પાસે રૂપીઓ આઠ આના માગવા પડે. ત્યારે એવો અર્થઘેલો એટલે કે પૈસા કમાવા પાછળ એવો પાગલ ન બને કે લોક એને

વેદીઓ કહે, 'બસ! પૈસાની જ લગની છે,' ગૃહસ્થ છે એટલે આજીવિકા અંગે જોવું પડે, પણ અર્થ એ રીતે ન સાધે કે જેથી ધર્મને બાધા પહોંચે, કામ એટલે વિષયસુખની સાધના પણ તે રીતે ન સાધે. કમાણીમાં એવો ન ખૂચે કે ધર્મને જૂની કામને પરવશ થાય. જીવન તો એવું જીવાય કે અમુક પ્રકારના ખાનપાન વગેરેનો ત્યાગ કરે, તપ કરે, પર્વ તિથિએ ઉપવાસ ન થાય તો પર્વની યાદ ખાતર પણ એકાસણું-બેઆસણું કરે. ધર્મ કરે તે પણ અર્થ-કામની ઇચ્છાથી ન કરે.

તાત્પર્ય, અર્થ, કામ તથા ધર્મને, પરસ્પર બાધા ન પહોંચે, તે રીતે સાધે. ત્રણેયને સાધવા એવું ખાસ નથી, તેમાંય ભૂમિકા મુજબ ભેદ પડે. ધર્મને બાધા ન પહોંચે એ ખ્યાલ ધર્મી સમાજે ખાસ રાખવાનો છે. બીજે તો ધર્મના ભોગે અર્થ કામ સધાય છે. અર્થ કામ માટે ધર્મને બગાડનારા ઘણા. અહીં તો ધર્મની ખાસ સંભાળ રાખવાની. ધર્મ મામુલી નથી. કક્ષા ફરે, સંયોગ ફરે, ઉંમર વધે, તેમ ધર્મ વધારે કરવાનો, ને અર્થ-કામ ઘટાડવાના. પચાસ વર્ષની ઉંમર થઇ, દીકરો આવી મળ્યો પછી અર્થ કામની પંચાત પોતે કરવાની જરૂર શી? ત્રણે સાધવા જ એવું જો હોય તો તો એ ચાલુ જ રહેવાના. પણ એવું નથી. આર્યસંસ્કૃતિમાં તો પાછલી વયમાં ધર્મસાધનામય જીવન બનાવવાનું છે. અલબત માર્ગાનુસારીની ભૂમિકામાં ધર્મ, અર્થ, કામ, ત્રણેયને સાધે છે, છતાં આગળ પ્રગતિ માટે ધર્મને મુખ્ય બનાવવાનો છે. એમાં સંયોગ આવી મળતાં એકલો ધર્મ કેવો સાધ્ય બનાવવાનો તે જુઓ.

સાધુએ હવે વળગેલી બલાને ઠેકું આપ્યું:—

પેલો રાજકુમાર સન્યાસી પોતાના મોટા ભાઇને અડધી તુંબડી રસ આપવા મથે છે.

ભાઇ સાધુ કહે છે, 'મારે ન જોઇએ; છતાં તારો આગ્રહ હોય તો એને ઠેકાણે નાખ.'

એને મનમાં થાય છે, 'હયો બોલ્યા, ન જોઇએ, છે કિંમત? બાર બાર વર્ષનો મહેનતે મેળવ્યો છે, કહે છે ઠેકાણે નાખ!' એનો પારો ચડયો, લાગ્યો બોલવા. સાધુ તો એક જ વાત કહે છે, 'હું કહું છું, મારે ન જોઇએ, પાછો લઇ જા, તેમ ન થાય તો ઠેકાણે નાખ.' ઠેકાણે નાખવાનું કહ્યું એટલે આનો પારો વધારે ચડયો. 'ઘેલો થયો ઘેલો! ઠેકાણાનું કહે છે? આને ભાન નથી, આ ચીજ શી છે?' બસ! એ તો કહે, 'ઠેકું નહિ, પાછો ય ન લઇ જઉં, આપ્યા વિના રહું નહિ.' પેલા સાધુને એમ થાય કે, આ બલા કયાંથી મને વળગી? પણ યાદ રાખો, સ્નેહ એતે ભાઇ તરીકેનો છે, અવિવેકના ઘરનો નહિ એટલે પોતે ભાઇને અર્પિત થઇ જવા માટે બાકીનો અડધી તુંબડી રસ આપી દેવા માગે છે.

એ સાધુને થયું, 'આ એમ નહિ માને, આને હવે મનાવવા, સમજાવવા કાંઇક કરવું પડશે, સાધુએ તો તરત, પેલો મોં સામે બોલતો રહ્યો, ને પેલી તુંબડીને પગનું ઠેબું માર્યું. તુંબડીની એકક કેવી હોય? તુંબડી ઉથલી ગઇ, રસ બધો ઢળી ધૂળ-ભેગો થઇ ગયો!

મેં તો સિદ્ધશિલા માટે કર્યું છે: રત્ન-શિલામાં શા માલ છે?:— સંન્યાસી રાજકુમાર તો આ જોઇને ધુંઆપુંઆ થઇ ગયો, વધારે બગડયો, કહે છે, 'પારો ચડયો, ઠેકાણે નાખ્યો! હું તમને પૂછું છું, આટલી ખુમારી રાખો છો, તે કહો તો ખરા બાર વર્ષમાં તમે શું લીલું વાળ્યું? મારી કરી કમાઇ ધૂળમાં ભેળવી! આવા બાર બાર વર્ષની મહેનતે મેળવેલા રસની આ કિંમત?'

સાધુ સાંભળ્યા કરે છે. બોલીને પેલો થાકયો, શાંત થયો, ત્યારે સાધુ કહે છે,

'સાંભળ! અબજોની કિંમતે ય ન મળે એવું મનુષ્ય જીવન તે રસ પાછળ ઢોળ્યું! છે એનો કોઇ વિચાર? આવું જીવન ફરી કયાં મળશે?'

આમ કહી પગના અંગુઠા થી જરા ધૂળ ઉડાડી, એ ધૂળ ઉડીને સામે પડેલી શિલાને અડી કે પત્થરની શિલા રત્નશિલા થઇ ગઇ

આ જોઇને પેલો આભો બની ગયો! કેટલાય પતરાંઓ સુવર્ણના થાય તો ય એની કિંમત આ રત્નશિલા પાસે શી! આ તો કાળો શાહી જેવો થઇ ગયો. સાધુ સમજાવે છે,

"આટલા સુવર્ણ સમાં બની પડી ગયો!' ને પાછો મને પૂછે છે, 'શું લીલું વાળ્યું?' યાદ છે

બાલપણની તાકાત? કાકાને લાત મારી રાજ્ય લેવાની તાકાત હતી; પણ આપણને મરાવી નાખવાનું કહેનાર કાકા પર ઉદારતા કરી રાજ્ય-વૈભવ છોડી નીકળ્યા. એવા મહાન ત્યાગ કરનારા તેં બાર-બાર વર્ષ તુંબડીના રસ પાછળ ગાળ્યા? ને બાવાની લંગોટીઓ ધોઈ? આ કિંમતી જીવનનું ભાન ન રહ્યું? કિંમતી મનુષ્ય જીવન આ રીતે ગુમાવ્યું? પાછો મારામાં ખુમારી માને છે? ખુમારી તને છે કે મને? મેં તો જે આ તપ અને સંયમ આચર્યાં છે તે આ પંપાળુની શિક્ષાને રત્નની કરવા માટે નહિ, પણ લિફ્ટવિલા માટે; કર્મનો કુચો કરવા માટે! અનાં મીઠાં ફળ તો શાશ્વતાં સુખ છે. રત્નચિંતા બનાવવાની લબ્ધિ તો ઘાસ છે ઘાસ! તપથી એ તો આગતુક ઉભી થઈ ગઈ છે. તારો ધર્મ કયો? કુલ કયું? જાત કઈ? જડ વસ્તુમાં પાગલ થયો? સુવર્ણ રસ અને ત્રણસો શિષ્યો મળ્યા એની ખુમારીમાં ભાન ભૂલ્યો? બાવાની લંગોટીઓ ધોવા કરી? જીવનને બરબાદ કર્યું!"

રંગ બદલાયો, ઢંગ બદલાયા :—

પેલો ભાઈ હવે શું બોલે? એનો પાવર પીગળી ગયો. ભાઈ આ સાધુનો હતો ને? પગમાં પડ્યો, રોયો, ચોધાર આંસુએ રડતાં. કહે છે, 'ભાઈ! તારો આ ઉપકાર? એનો બદલો વળે તેમ નથી. એક જ પ્રાર્થના, મને તારા જેવો બનાવી દે. પેલાએ એને સાધુ બનાવ્યો, એની પાછળ પેલા ત્રણસે ય સાધુ બન્યા. આખો મામલો બદલાઈ ગયો. આંતરવૃત્તિ પલટાઈ એટલે રંગ પલટાયો. તુંબડાના રસમાં પરિગ્રહ હતો, એથી ક્ષુદ્રતા વૃત્તિ હતી. કયાં સુધીની? ભાઈ સામે કેવો પાવર કર્યો હતો? પરિગ્રહ ધર્મ કરાવે કે પાપ? પરિગ્રહ ઢીલો પડી ગયો; ક્ષુદ્રતાવૃત્તિ પલટાઈ ઉદારતામાં! રાગ પલટાયો ત્યાગમાં! પાવર પલટાયો ભાઈના શરણે જવામાં! ધર્મ-પુરુષાર્થ જીવંત જોઈએ.

કેસરીયાજીનો આદર કે આશાતના?:—

પેલો યુવક પુરોપિયનને ભાગની ધરતીને ના કહે છે. પુરોપિયન કહે છે, 'ભાગ રહેવા દે, પેઢીમાં રહે, તારે કરવાનું કાંઈ નહિ, ખા, પી, ને ભાગ મજા કરે.' પુરોપિયનના મનને એમ કે, આ તમામ આની બુદ્ધિથી મળ્યું છે તો બદલો પણ વળે, અને વેપારી-વૃત્તિ લોભની પણ હતી. આ હોય, આનો ભાગ હોય તો કમાણી સારી થાય. મારવાડીઓ કેસરીયાજીનો ભાગ પેઢીમાં રાખે છે. વેપાર, નફો, લક્ષ્મી તે પોતાના પુણ્યથી વધે, કેસરીયાજીના ભાગથી નહિ. **જે કેસરીયાજીએ મોહ તજવાનો કહ્યો છે, સંસારને અસાર કહ્યો છે, લક્ષ્મીને સ્વયં લાત મારી છે, ને બીજાને લાત મારવાનું કહ્યું છે, એ કેસરીયાજીનો ભાગ રાખવો એ તે કેસરીયાજીનો આદર છે કે આશાતના?** પુણ્યાર્થે વધે આદરથી, આશાતનાથી નહિ. ઠીક છે, પૂર્વની પુણ્યાઈ છે ત્યાં સુધી હુંડી વટાવી ખાઓ, પણ પુણ્ય ખૂટયે લક્ષ્મી કયાં ય જશે, ને તમે કયાં ય જશો! ગયા પછી અહીંવાળાને તમારું એડ્રેસ નહિ જડે એડ્રેસ! તો વહારે ધાવાની વાતે ય કયાં? વહારે તો અરિહંત ધાય; પણ તે પરિગ્રહને બદલે અરિહંતને વહાલા કરો તો. યુવક કહે છે, 'જન્મ્યો ત્યારે શું લઈને આવ્યો હતો? કલકત્તામાં આવ્યો ત્યારે ય અગિયાર રૂપીઆની ને કરડીમાં રહ્યો હતો, પુણ્યોદયે આ મળ્યું, હવે શા માટે પચાત જોઈએ?' એણે યુરોપિયનને કહ્યું, એમાં કેવું ઔચિત્ય સાચવ્યું, કહે છે, 'મારે કાંઈ ન જોઈએ. આ તમારી જ કૃપાથી મળ્યું છે. કામ પડે તો અરધી રાતે બોલાવજો, ચાલ્યો-દોડ્યો આવીશ.' યુરોપિયન તો સમજતો હતો, કોની બુદ્ધિથી કોને મળ્યું છે. બસ! એ યુવક તો થઈ ગયો મારવાડ ભેગો. હવે એ શું કરે છે તે જોયું. (સમાપ્ત.)

—: જલદી નોંધાવી દો. :—

પ્રકાશકીય:—પરમતેજ અરિહંત પરમાત્માના ભકતને એમની અનેકવિધ વિશિષ્ટતાઓનો અને અસર્વજ્ઞની મહાન ન્યુનતાઓનો સુન્દર ખ્યાલ આવે, તેમજ જૈન દર્શનના તત્ત્વોનાં પરમતેજનો અદ્‌ભુત બોધ મળે એવું શ્રી લલિતવિસ્તરા ગ્રન્થનું વિસ્તૃત વિવેચન તૈયાર થઈ રહ્યું છે. અર્હદ્‌ભકતને એના વિના ચાલી શકે નહિ. કુટુંબ, મિત્રમંડળ વગેરેમાં પણ ખૂબ ઉપયોગી અને આવશ્યક આ ગ્રન્થની કોપીઓ જલદીથી નોંધાવી દેવા અને પહેલા ભાગની દરેક કોપી દોઢ રૂા. ૫) કાર્યાલયે પહોંચતા કરવા વિનંતિ છે.

શાસન પ્રભાવના અને સમાચાર

ત્રણસો માઇલ દૂરથી શ્રી શત્રુંજય તીર્થની પદયાત્રાએ આવેલ સંઘનું મહા વદ ૧૪ના પ્રાતઃકાળે પાલીતાણામાં થયેલું ભવ્ય સ્વાગત તથા માલારોપણ સમારંભ.

રાજસ્થાનના એક નાના ચડવાલ ગામથી તા. ૨૧-૧-૫૯ના રોજ નીકળેલા યાત્રા-સંઘે તા. ૮-૩-૫૯ના પ્રભાતે પાલીતાણામાં અપૂર્વ સ્વાગત સાથે પ્રવેશ કર્યો. કોલ્હાપુરના જાણીતા વ્યાપારી રૂવ-શેઠ ચેલાજી વનાજીની ઇચ્છાનુસાર આ પદયાત્રા તેમના સુપુત્રો બાબુભાઇ, ભૈયાજી, નવલમલ અને અશોકકુમારે કાઢી છે. ભારતભરમાં એ જૈનયાત્રામાં જોડાવા માટે પત્રિકાઓ મોકલવામાં આવી હતી; જેથી બે હજાર જેટલી વિશાળ સંખ્યામાં માનવ-સમૂહ આ સંઘમાં જોડાયો. જાણીતા વિદ્વાન જૈનાચાર્ય પરમનિસ્પૃહિ સિદ્ધાંત મહોદધિ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં યાત્રાળુઓ અહર્નિશ ધર્મારાધન કરી રહ્યા હતા. પૂ૦ પં૦ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર અને પૂ૦ શ્રી ભાનુવિજયજી ગણિવર દરરોજ ધર્મદેશનાની રેલ છેલ વરસાવતા. બન્ને વખત પ્રતિક્રમણ, એકાસણા, પાદવિહાર, રાત્રિભોજન ત્યાગ, ચૌવિહાર, વિશિષ્ટ જિનભક્તિ, ધર્મશ્રવણ, તીર્થાધિરાજની નવકારવાળીઓ, ખમાસમણાં આદિ અનેક રીતિએ ધર્મરક્ત યાત્રાળુઓ આરાધના કરી જીવનના સમયને સફળ કરી રહ્યો હતો. રાજસ્થાનથી પાલીતાણા આવતા સુધીના લગભગ દરેક સ્થળના શ્રી સંઘો અને જૈનેતર પ્રજાએ પણ આ યાત્રાળુઓ, સંઘવીજી અને સંઘનું ભાવભીનું સ્વાગત કર્યું અને કેટલાક સંઘોએ તથા યાત્રાળુઓએ જમણો આપીને ખૂબ ભક્તિ કરી. સંઘવીજી તરફથી પણ જુદા જુદા ધર્મકાર્યોમાં ઉદારતાથી મદદો અપાતી. શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પાલીતાણાની પેઢી તથા શ્રી સંઘ તરફથી પાલીતાણા મુકામે તા. ૮-૩-૫૯ના રોજ પ્રભાતે ભવ્ય સ્વાગત થયું અને તા. ૧૨-૩-૫૯ ફા૦ સુ૦ ૩ના રોજ સવારના શાશ્વતા ગિરિરાજ ઉપર પુણ્યશાળી સંઘવીઓને પૂ૦ પા૦ શ્રી ૧૦૦૮ શ્રી આચાર્યદેવશ્રીના વરદ હસ્તે સંઘ માળારોપણ થયું. આ યાત્રા-સંઘમાં આવેલા યાત્રાળુઓ માટેના સામાન ફેરવવાની, તંબુઓની, જમણની, વાહન, આદિની સઘળીએ વ્યવસ્થા સંઘવીજી તરફથી કરવામાં આવી હતી, જે આજદિન સુધીના સંઘોમાં ઘણી અનોખી હતી. સ્થળે સ્થળે ધર્મનો જયજયકાર થઇ રહ્યો. સામૈયા તથા માળારોપણના મહાપ્રસંગે અનેક જૈન આગેવાનો પાલીતાણા આવી પહોંચ્યા હતા. મહા વદ ૧૪ની વહેલી સવારે ભવ્ય સ્વાગત થયું શહેરવાસીઓ અને અન્ય યાત્રિકોની સંખ્યા વિપુલ હતી. જાણે માનવ સાગર ઉમટ્યો! છેલ્લા કેટલાય વર્ષોમાં આવું સ્વાગત યોજાયું ન હતું. એમ વાતો થાય છે. સુ૦ ૧ના મંગલ દિવસે યાત્રિકોને છ ગાઉની યાત્રા સંઘવીજીના મામા શ્રી દલીચંદજી ખડકીવાલાએ કરાવી સિદ્ધવડ આગળ તેમના તરફથી લાડુ ગાંઠીયા ભાતામાં અપાયા. બીજા એક ભાઇએ દહીં અને પુરીથી સંઘભક્તિ કરી. ફા૦ સુ૦ બીજના બપોરે સામુદાયિક જાપનો પોગ્રામ પુનાવાલા શ્રી પુનમચંદજી સંઘવી તરફથી ગોઠવાયો હતો. વંડામાં ઊભા કરેલા ભવ્ય મંડપમાં બનાવેલા પુષ્પગૃહમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પધરાવી જાપનો પ્રારંભ કરવામાં આવ્યો. જાપ સમયે ચિત્તની એકાગ્રતા કેળવવા દરેકને સમવસરણમય નવકારનું એક ચિત્ર આપવામાં આવ્યું અને તેની સમજુતી પૂ૦ મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવરે આપી હતી. કેટલાંક જાપકો એક એક નવકાર ગણી એક એક પુષ્પ પ્રભુજીને ચઢાવતા. જાપની વચમાં વચમાં પૂ૦ ભદ્રંકરવિજયજી ગણિવર, ભદ્રાસવાલા શ્રી રીખવચંદજી તથા બીયાવરવાલા હેડમાસ્તર શૌરીલાલજીના નમસ્કાર-મંત્રના મહિમાને વર્ણવતા રોચક પ્રવચનો થયા હતા રાતના શ્રી જીવતલાલ પ્રતાપશીના પ્રમુખપણા નીચે 'છ'રી પાળતા યાત્રિકો તરફથી અભિનંદનનો ભવ્ય સમારંભ યોજાયો હતો. ચારે સંઘપતિ ભાઇઓને માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. શ્રી ચીમનલાલ કડીયા, શ્રી સોમચંદ ડી. શાહ, શ્રી પુલચંદ મહુવાકર વગેરે

વક્તાઓના અનુમોદનીય પ્રવચનો થયા હતા. સંગીતકાર શ્રી ગજાનનભાઇ પ્રસંગોચિત ગીત ગવરાવ્યા હતા. ફા૦ સુ૦ ૩ ને દિવસે મંગલમુહુર્તે પૂ૦ આચાર્યદેવના પાવન હસ્તે સંઘમાળ પહેરાવવાની મંગલકીયા થઇ. ૮ માળાની ઉછામણીમાં લગભગ ૧૦૦૦૦) ની ઉપજ થઇ. પ્રથમ માળ સંઘપતિ બાબુભાઇને કોલ્હાપુર નિવાસી શ્રી હિંદુમલ જિતરાજ રાઠોડે રા. ૩૫૦૧) માં ચઢાવો લઈ પહેરાવી. વાતાવરણ ભારે ઉત્સાહવાળું હતું. યાત્રિકોની ચિકાર મેદની હતી. ત્યાર બાદ સંઘવીએ બનાવરાવેલો સોને રસેલો ચાંદીનો મુગટ તીર્થપતિ ઋષભદેવને પહેરાવવામાં આવ્યો અને વાતાવરણ જયનાદોથી ગાજી ઉઠયું. તે દિવસે સંઘવી તરફથી સમગ્ર યાત્રિકોને તથા પાલીતાણાવાસી સકલ સંઘને નવકારશીનું જમણ અપાયું. અને યથોચિત દાન અપાયું. પૂ૦ આચાર્ય દેવના પુણ્ય આશીર્વાદ પામી ૩૦ મુનિરાજોએ ચોવિહાર છઠ કરી સાત યાત્રાઓ કરી હતી. ફાગણ માસની સીતમ ગરમીમાં યાત્રાઓનું સત્ત્વ ફોરવી પ્રભુમાર્ગની અટલ શ્રદ્ધાની પ્રતિતિ કરાવી હતી. બીજા મુનિઓએ તેઓની ભક્તિનો ખડેપગે લાભ ઉઠાવ્યો હતો.

સતારા—પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી ફા૦ સુ૦ ૩ ના મંગલ દિવસે પૂ૦ મુનિરાજ શ્રી મુક્તિવિજયજી ગણિવરે પૂ૦ તપસ્વી મુનિપ્રવર શ્રી હિમાંશુ વિજયજી મ૦ ને ગણિપદ પ્રદાન કર્યું હતું. છત્રપતિ શિવજીના વખતના પ્રાચીન જિનમંદિરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ બિરાજે છે. અઢાર અભિષેકની ક્રિયા થઇ હતી. ઉપરોક્ત બન્ને પ્રસંગને અનુલક્ષીને શ્રી સંઘ તરફથી પંચાહ્નિકા મહોત્સવ ઉજવાયો હતો.

ડભોઇ—અત્રે **પૂજ્ય આચાર્ય શ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજની** પુણ્ય નિશ્રામાં હમણાં દર્ભાવતીના આંગણે એક મહાન્ પ્રતિષ્ઠા–મહોત્સવ ખૂબ જ સુંદર રીતે ઉજવાઇ ગયો. આચાર્ય શ્રી ડભોઇના જ એક મહાન્ રત્ન છે. તેઓશ્રીના હાથે ડભોઇના સમાજ ઉપર અનેક ઉપકારો થયા કરે છે. તેમાં શ્રી ઋષભાદિ જયતિલકપ્રાસાદ તથા આર્ય જંબૂસ્વામિ જૈન આગમ મંદિર સહુ કોઇને અનોખું આકર્ષણ પેદા કર્યું છે. આટલા પ્રદેશમાં એવી સુરમ્ય શીલ્પ સમૃદ્ધિ ધરાવનારૂં બીજું કોઇ મંદિર કે સ્થાન નથી. પૂજ્ય આચાર્યશ્રીના ઉપદેશથી એવું નયન મનોહર ત્રીજું સ્થાન હાલમાં ખડું થયું છે, અને તે છે શ્રી **આદિનાથ જૈન શ્રમણ સમાધિ સ્તૂપ.** શ્રી સાગર સંઘે જિર્ણોદ્ધાર કરાવી પાંચ સુંદર હવેલીઓ, તેમાં સુંદર રચનાઓ તેના ઉપર ઊંચુ સ્કેલ અને શ્રમણ સિંહોના પ્રતિક સમાન દરવાજે કરવામાં આવનારા પ્રાચીન કલાના સિંહો તથા ચૌદ ગુણસ્થાનોની ચૌદ દીવાદાંડીઓ વગેરેથી આ સ્તૂપો પણ અપૂર્વ કોટિનાં દર્શનીય બન્યાં છે. તેમાં શ્રી ઋષભજિનની ચરણ પાદુકા, તથા ૨૫૦ વર્ષ જૂની પુરાણી ગુરૂચરણ પાદુકાઓ વગેરેની પ્રતિષ્ઠા પૂ૦ આચાર્યદેવની નિશ્રામાં ફાગણ સુદિ ત્રીજે ખૂબ ધામધૂમથી કરવામાં આવી. મુંબઇના શેઠ છગનલાલ લક્ષ્મીચંદ આંબાવાલાએ અઠ્ઠાઇ મહોત્સવ અને નવકારશી કરવાની ઉદારતા કરી. આ પ્રસંગે નાણ સમક્ષ એમણે અને બીજાઓએ વ્રતો લીધાં.

પ્રતિષ્ઠાની ઉછામણીઓ બોલાતાં ચઢાવાઓ ઘણા સારા થયા હતા. સ્તૂપની પ્રધાન હવેલીમાં શ્રી આદિનાથ ભગવાનની રાયણ પાદુકા, હવેલીસરમાં શ્રી બાહુબલીજીની કાયોત્સર્ગ મૂર્તિ તેમજ શ્રી સુધર્મા સ્વામીની મૂર્તિ આર્યજંબૂસ્વામી જૈન મુક્તાબાઇ આગમ મંદિરમાં શ્રી સરસ્વતી દેવીની પ્રાચીન મૂર્તિ પણ બીરાજમાન કરવામાં આવી. બીજી જૂની ૧૧ ગુરૂચરણ પાદુકાઓ જેમાં સં૦ ૧૭૭૮ નાં એક અજ્ઞાન તથા સં૦ ૧૭૬૨ ના કલ્પસૂત્ર સુબોધિકાકાર ઉપા૦ શ્રી વિનયવિજયજી મહારાજ આદિનાં મુખ્ય હતાં. અને પૂ૦ સ્વ૦ શ્રી આત્મારામજી મહારાજ, પૂ૦ કમલસૂરિ મ૦, પૂ૦ ઉ૦ શ્રી વીરવિજયજી મ૦, પૂ૦ આ૦ શ્રી વિ૦ હાનસૂરિ મ૦, આદિ ગુરૂમહારાજાઓનાં નવીન ભરાવેલાં ચરણ પાદુકાઓ પ્રતિષ્ઠિત કરવામાં આવી. પૂજ્ય આચાર્ય શ્રી સિદ્ધગિરિરાજ તરફ વિચરવાની ભાવના રાખે છે.

શિવગંજ (રાજસ્થાન)–વર્ધમાન જૈન વિદ્યાલયની મુલાકાત પં૦ શ્રી મંગલવિજયજી મ૦ સાહેબે લીધી; અને સંતોષ વ્યક્ત કર્યો વિદ્યાલયના સભ્ય પંડિત પુખરાજજી અમીચંદજી અવાર નવાર મહેસાણાથી આવી, સંસ્થાના કાર્યની ઝીણવટ ભરી તપાસ કરી વધુ વિક-

સિત અને સુવ્યવસ્થિત બનાવવા સતત પ્રયાસ કરે છે. તે જ પ્રમાણે તા. ૧૯-૨-૫૯ થી ત્રણ દિવસ સુધી મહેસાણાથી અત્રે પધારી દરેક વિદ્યાર્થીઓનો અભ્યાસ તપાસી તેઓ સાથે તથા સ્ટાફના દરેક માણસો સાથે સંસ્થાના વિકાસ અંગે અનેક વિચારણાઓ તથા તેઓને સુચનાઓ કરેલ; તેમજ વિદ્યાલયના તંત્રી માસ્ટર સાહેબ ભીખમચંદજી તથા જેસિંગલાલભાઈ સાથે વિદ્યાર્થીની સંખ્યા વધારવા અને વ્યવસ્થિત રીતે તત્ત્વજ્ઞાનના અભ્યાસ સાથે હિન્દી, અને ઈંગ્લિશનો અભ્યાસ કરાવી સારા સ્કોલરો કેમ તૈયાર થાય અને હિંદભરમાં તેમજ મુખ્યત્વે રાજસ્થાનમાં તત્ત્વજ્ઞાનનો બહોળો પ્રચાર કેમ થાય અને પાઠશાળાઓ સ્થાપી તેમાં શિક્ષકો નિયુક્ત કરવા માટે બહુ ઊંડી વિચારણાઓ કરી હતી. હાલમાં શિક્ષક કાન્તિલાલ તથા ભુરમલજી સંતોષકારક કાર્ય કરી રહેલ છે અને તેથી પણ પ્રૌઢ અને અનુભવી અધ્યાપક નિયુક્ત કરવાની વિચારણા ચાલે છે.

(અનુસંધાન પાન ૨૨૭નું ચાલુ)

કાયિક હિંસા, આરંભ-સમારંભ, પરિગ્રહ, ચોરી-છિનારી, પાપપ્રવૃત્તિઓ, પરિગ્રહની ધોંશ વગેરે, તેમજ રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ, માન-મદ-અહંત્વ, ઈર્ષ્યા-અસૂયા-કિન્નાખોરી, વગેરે દુર્ગુણો, આહારાદિ સંજ્ઞાઓ, માયાદિ શલ્ય, રસ-ઋદ્ધિ-શાતાગારવ અને, દેવ-ગુરુ-ધર્મની આશાતના-અવિર્ણપટ્ઠાદિ, તેમજ જ્ઞાનાચારાદિ પંચાચારની વિરાધના, બીજાઓને ધર્મના અંતરાય અને બુદ્ધિભેદની પ્રવૃત્તિ, વળી આર્તધ્યાન-રૌદ્રધ્યાન-કુવિકલ્પો તથા કર્મભારેપણું, સંસાર ભ્રમણ, દુર્ગતિની દુર્દશા...ઇત્યાદિ ઘણું ઘણું નિંદવાનું આવે. સ્તોત્ર પૂજામાં પરમાત્મા આગળ આ બધાના ઇકરાર કરવા, ખેદ-પશ્ચાત્તાપ વ્યક્ત કરવા, ક્ષમા અને દયા યાચવી, એવું બધું આવે. (૨) પરમાત્માના ગુણગાનની સ્તોત્રપૂજામાં, એમનું સ્વરૂપ-જીવન-ગુણ-શક્તિ-ઉપકારનાં ગુણગાન. (૧) અનાદિકાળનું વિશિષ્ટ તથાભવ્યત્વ, જગતકર્તાપણાનો અભાવ, વીતરાગભાવે શાસન સ્થાપકપણું વગેરે **સ્વરૂપ**; (૨) પૂર્વ ભવના અને અંતિમ ભવના ભવ્ય સાધનામય એમનાં **જીવન**; મહાવૈરાગ્યમય, ઉગ્ર ઉપસર્ગ-પરીસહ સહનમય, નિરપવાદ-નિરતિચાર ચારિત્ર; લગભગ કાયોત્સર્ગમાં રહેવાનું, કઠોર સંયમમય, સર્વોચ્ચ અહિંસામય, ઘોર તપોમય...એવું એવું જીવન, (૩) એમના ઊંચા શમ-સંવેગ-નિર્વેદ-ગાંભીર્ય-સહિષ્ણુતા-ઉદારતા, ક્ષમા-મૃદુતાદિ અનેક ગુણો હાસ્ય-શોક-ભયાદિરહિતતા, મહાસમતા-મહાસમાધિ-ભારંડપક્ષીવત્, અપ્રમત્તતા, વાયુવત્, અપ્રતિબદ્ધના, ગગનવત્, નિરાલંબનતા પૃથ્વીવત્ સર્વંસહિષ્ણુતા, કમળવત્, નિર્લેપતા, શંખવત્, નિરંજનતા, મન-વચન-કાયાની મહાગુપ્તિ, મહાધ્યાન વગેરે વગેરે અનેકાનેક વિવિધ ગુણો; (૪) અનુપમરૂપ, રોગરહિતતા, સફેદ રુધિર, સુગંધિ શ્વાસોશ્વાસ, વગેરે મૂળ અતિશયો, જન્મથી અવધિજ્ઞાન અને દીક્ષાથી માંડીને મનઃપર્યવજ્ઞાન તથા કેશ-નખ વધે નહિ, કેવળજ્ઞાનથી માંડીને જઘન્યથી ક્રોડ દેવતા સેવામાં રહે, ચાલે ત્યાં પંખી પ્રદક્ષિણા દે, વૃક્ષ નમે, દેવકૃત સુવર્ણ કમળ પર પાદસ્થાપન વગેરે અશોકવૃક્ષાદિ આઠ પ્રાતિહાર્ય (વિશિષ્ટ દેવકૃત શોભા), વગેરે **અતિશયો** રૂપ શકિત, માત્ર ત્રિપદીના દાનમાં દ્વાદશાંગી રચાવવાની શકિત, દેશનાની વાણીના પાંત્રીસ અતિશયો રૂપ **શક્તિ**; અને (૫) પાંચમું પરમાત્માનો અચિંત્ય **ઉપકાર**, જેવો કે શાસન-સ્થાપના, જીવાદિ નવ તત્ત્વના ઉપદેશ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગનું દાન, અનન્ય લભ્ય સ્યાદ્વાદ આદિના સિદ્ધાન્ત, નય-નિક્ષેપ-ભંગ-અનુયોગ, સૂક્ષ્મ અહિંસાદિના વ્રત-આચાર વગેરે આપવાનો ઉપકાર...આ બધું સ્તોત્રપૂજામાં ગાવા-પ્રશંસવાનું આવે. (૩) પરમાત્મા પ્રત્યેના ભકિત-ઉદ્ગારની સ્તોત્રપૂજામાં સુંદર ઉપમાઓથી પોતાનો પ્રભુ પ્રત્યેનો ભકિતરાગ, ને સ્નેહ-બહુમાન વ્યકત કરવાનું, પ્રભુએ મહાપાપીઓને પણ તાર્યા અને સેવકને ન તાર્યો, વગેરેના મીઠા ઠપકા,...એવું બધું સહજ નિર્દોષ પ્રીતિ-ભકિતના ઉછાળામાં કહેવાનું આવે. (૪) પ્રાર્થના-સ્તોત્રમાં આત્મ-સંપત્તિ, મોક્ષ, મોહનાશ, ગુણો, રાગાદિજય, સમાધિ વગેરે માટે પ્રભુને વિનંતિ પ્રાર્થના, અરજી કરવાની આવે. આ ચાર પ્રકારની સ્તોત્રપૂજા ખૂબ સમજી-યાદ રાખીને એના પર વિસ્તાર વિચારી માલ તૈયાર રાખવાનો છે.

પછી દેરાસરમાં જઈએ ત્યાં પ્રભુ સામે દર્શન કરતાં શું વિચારવું–બોલવું એમાં મગજ મૂઢ કે અજ્ઞ નહિ રહે; તીર્થયાત્રાએ જતાં તીર્થગિરિ ચઢતાં શું ચિંતવવું, શી ભાવના ભાવવી વગેરેની મુંઝવણ નહિ રહે. આમાંથી ભરપૂર ખોરાક મળી રહેશે. ચારે પ્રકારના સ્તોત્રના ભાવો નજર સામે તરવરતા હશે તો અદ્‌ભુત કાવ્યો–શ્લોકો સ્તવનો વગેરે રચી શકાશે.

(૪) **પ્રતિપત્તિ પૂજામાં** આપ્ત પુરુષ એટલે કે અત્યંત વિશ્વસનીય વીતરાગ સર્વજ્ઞ પ્રભુના ઉપદેશનું પાલન આવે. પૂર્વની ત્રણ પૂજા કરતાં આ ઊંચી પૂજા છે, વાસ્તવિક નક્કર પૂજા છે. કેમકે, જીવનમાં જેની આજ્ઞાનું પાલન જ ન હોય, એની બીજી પૂજા કેટલી કારગત થાય? અલબત, શક્તિ ન હોય એટલું ઉપદેશ-પાલન ન બને એ સ્વાભાવિક છે, પરંતુ સર્વ ઉપદેશની પૂર્ણ વફાદારી સાથે શક્તિના પ્રમાણમાં તો એનું પાલન જોઈએ ને? ત્યારે જેટલું ન બની શકે એ લાવવા માટે પૂર્વોક્ત ત્રણેય પ્રકારની પૂજા કરવાની છે; એ ઉદ્દેશ ત્રણેય પૂજાના આસેવનમાં ન ભૂલાય. સર્વશ્રેષ્ઠ આપ્ત પુરુષ જિનેન્દ્ર પરમાત્માના ઉપદેશમાં, મુખ્યપણે મિથ્યાત્વ અને હિંસા–અસત્ય વગેરે પાપોનો પ્રતિજ્ઞા પૂર્વક સર્વથા ત્યાગ, તથા ક્રોધાદિ કષાઓ અને ઇન્દ્રિયવશતા વગેરે પ્રમાદનો ત્યાગ કરવા રૂપ નિવૃત્તિ-ધર્મ અને એકાંતે જ્ઞાનાચારાદિ પંચાચાર આરાધવા રૂપ પ્રવૃત્તિ-ધર્મ આવે. એના પેટામાં અંશે નિવૃત્તિ–પ્રવૃત્તિ ધર્મ આવે. એ જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી મોક્ષમાર્ગ છે, અહિંસા–સંયમ–તપરૂપ ઉત્કૃષ્ટ મંગળભૂત ધર્મ છે. એની પૂર્વસાધનાના ઉપદેશમાં દાન–શીલ–તપ–ભાવ, યોગ પૂર્વસેવા, માર્ગાનુસારી ગુણો, શ્રાવકધર્મ અને સાધુધર્મની યોગ્યતાના ગુણો, સમ્યક્ત્વના અને શ્રાવકના આચાર–અનુષ્ઠાન વગેરે આવે.

કોને કેટલી પૂજા? :—આ ચારે પ્રકારની પૂજા દેશવિરતિ અર્થાત્ સ્થૂલ અહિંસાદિ વ્રતવાળા શ્રાવકને હોય છે. ત્યારે સર્વવિરતિ સાધુને સ્તોત્ર અને પ્રતિપતિ, એમ બે પ્રકારની જ પૂજા હોય છે; કારણ કે સાધુને સૂક્ષ્મ અહિંસાનું વ્રત છે, તેથી એકેન્દ્રિય વનસ્પતિકાય જીવ રૂપ પુષ્પને એ અડે ય નહિ તો પુષ્પપૂજા ક્યાંથી હોય? તેમજ સાધુ પાસે દ્રવ્ય નથી તેથી આમિષ–પૂજામાં શું સમર્પે? માટે એ બે પૂજા એમને નહિ.

પ્ર०— સાધુ જેમ ભિક્ષા વહોરી લાવી વાપરે છે, તેમ આ આમિષ–પૂજાની વસ્તુ વહોરી લાવીને પૂજા કરે તો?

ઉ०— ન કરી શકે, એના બે કારણ છે; એક તો, આમિષ–પૂજા એટલે પ્રભુ આગળ વસ્તુ માત્ર મૂકવાની નથી, અર્પણ કરવાની છે; અને તે તો પોતાની માલિકીની વસ્તુ હોય તો જ બની શકે. બીજું એ કે, ત્યારે સાધુ જો એવું અર્પણ કરવું છે માટે વસ્તુને વહોરીને પોતાની માલિકીની બનાવવા જાય, તો પહેલાં તો પોતાનું પરિગ્રહ વિરમણ વ્રત ગુમાવશે, અકિંચન યતિધર્મ ખોશે. ભિક્ષા, વસ્ત્ર–પાત્ર રજોહરણ, એ તો સાધુધર્મના સાધન છે એટલે એનો પરિગ્રહ નથી ગણાતો. આમિષ–પૂજાનાં દ્રવ્ય એ સાધુધર્મ પાળવા માટે જરૂરી નથી.

—: સુવાક્ય :—

જીવને વિશ્રાંતિનું સ્થાન કયું? ઇષ્ટ–નમસ્કાર એ જીવને વિશ્રાંતિ આપે છે. પંચ–પરમેષ્ઠિ એ ઇષ્ટ ગણાય છે. પંચ–પરમેષ્ઠિમાં ઇષ્ટ ન આવે ત્યાં સુધી જ્ઞાન અને ચારિત્ર પણ ફળતું નથી. જેનાથી આપણી કાર્ય–સિદ્ધિ થાય તે આપણને ઇષ્ટ લાગે એવો અબાધિત નિયમ છે. આપણું કાર્ય આ પરમેષ્ઠિએ થીજ સિદ્ધિ થાય છે એવી પ્રતીતિ ન થાય ત્યાં સુધી તેમના પ્રત્યે પ્રીતિ–ભક્તિ ઉત્પન્ન થઇ શકે નહિ. દરેક મનુષ્યને કંઇને કંઇ ઇચ્છા હોય છે. તે ઇચ્છાની પૂર્તિ જેનાથી થાય, તે આપણને ઇષ્ટ લાગે છે. ધનથી માણસની ઇચ્છાઓ પૂરી થાય છે. તેથી ધન ઇષ્ટ લાગે છે. ઇષ્ટ એટલે જેના કાર્યમાં પરિશ્રમ ન લાગે તે. પરમેષ્ઠિ ઇષ્ટ છે એમ જ્ઞાનીઓ જાણે છે, પણ આપણે જાણતા નથી. તો પ્રથમ શરત એ છે કે આપણે જ્ઞાનીઓના વચનમાં વિશ્વાસ રાખવો જોઇએ, જ્ઞાનને વિકસાવવું જોઇએ અને તદનુસાર આચરણ કરવું જોઇએ. મનુષ્યને કોઇપણ સહેલું કાર્ય હોય તો તે ઇષ્ટ–નમસ્કાર. (પરમેષ્ઠિ–નમસ્કાર) ઇષ્ટને નમસ્કાર કરવામાં શરીરને કશો પરિશ્રમ પડતો નથી. ૦ ૦ ૦

મુદ્રક : **ચંદ્રકાન્ત રતિલાલ શાહ.** (બી. કોમ) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીની ખડકી, માણેકચોક, અમદાવાદ. ત્યાંથી છાપી પ્રસિદ્ધ કર્યું.

દિવ્ય દર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : બચુભાઇ ચીમનલાલ ઝવેરી

કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. મુંબઇ શાખા : ૧૬૭-૬૯, કીકા સ્ટ્રીટ.

વર્ષ-૭, અંક-૩૦

શનિવાર તા. ૧૧-૪-૧૯૫૯

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના** પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના** વિદ્વાન શિષ્યરત્ન

પૂ ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.

ગૃહસ્થધર્મ કેમ દીપે?

ચક્રવર્તી મોક્ષ સાધે, રંક નરકે જાય, એમ શાથી ?:—

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ ભવ્ય જીવોના ઉપકારને માટે જીવનમાં અનુભવેલો આત્મશુદ્ધિનો માર્ગ પ્રકાશમાં મૂકે છે. એમાં એજ વાત આવવાની કે અનંતકાળથી આત્મા કર્મના મેલવાળો છે, તે મેલ દૂર કરી શુદ્ધિ કેમ પ્રાપ્ત કરે. એટલા માટે પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિનું આ શાસ્ત્ર હાથમાં લેનારે, લેતાં પહેલાં સમજી જ લેવાનું કે એમાં વાત આત્મશુદ્ધિની જ આવવાની. મલિનતાની વાત મળે તેમ છે કે નહિ,એમ ધારી શબ્દના અર્થ મરડીને, મચડીને કોઇ પ્રયત્ન કરે તો ફાંફા છે. આત્મશુદ્ધિની અને આત્મશુદ્ધિના ઉપાયો વિના બીજી વાત આમાં મળવાની નથી. કર્મથી મલિન તો ખરો, પણ અઢાર પાપ સ્થાનકથી ય આ આત્મા મલિન છે, અનંત કાળથી મલિન છે. એ ખૂબ ધ્યાનમાં રાખો. એટલે પ્રત્યેક પાપસ્થાનક ઉભું થતાં મલિનતાનો જ ખ્યાલ આવે, ને આત્મા ભડકતો રહે. પાપ ખંખાવે તે પાપસ્થાનક. એના એ પાપસ્થાનક જ સેવાતા રહે તો કર્મનો મેલ દૂર ન થાય. એ મેલ ધર્મથી અથવા ધર્મસ્થાનકના સેવનથી દૂર થાય. ધર્મને જગાવે તે ધર્મસ્થાનક. અઢાર પાપસ્થાનકની સામે ધર્મસ્થાનકો વિચારી લેજો.

પાપસ્થાનકની ગુલામી:—

આવડે છે ધર્મસ્થાનકનાં નામ ? ના, અઢાર પાપસ્થાનકનાં નામ કહો તો, કડકડાટ કહી આપીએ. કેમ એમ ? કહોને જીવન જ પાપસ્થાનકભર્યું છે માટે. ના, પાપસ્થાનકનાં નામ સારા જૈન કુળમાં જન્મ્યા એટલે ગોખાઇ ગયાં છે, ને વાર-તહેવારે પ્રતિક્રમણમાં બોલવા-સાંભળવા મળે છે માટે એ બરાબર યાદ છે. છતાં એટલું ય સારું છે. એથી ય આ પાપસ્થાનક છે એવો ખ્યાલ આવે છે પણ એ ખ્યાલ કયારે ? પ્રતિક્રમણ કરો ત્યારે જ ને ? એના બદલે પાપસ્થાનક સેવાય ત્યારે પણ જો ખ્યાલ આવતો હોય કે-'હું જે આ પાપસ્થાનક સેવી રહ્યો છું એ મારા આત્માનો મેલ છે, અશુદ્ધ અવસ્થા છે, આત્મા એથી ખરાબ-ખસ્ત થઇ રહ્યો છે,' તો પછી જાગ્રતિ કેવી રહે ? પાપસ્થાનક સેવવામાં હોંશ રહે કે ઉદ્વેગ ? આરંભસમારંભના કાર્ય કર્યા એટલે કમમાં કમ અસંખ્ય સ્થાવર જીવની હિંસાનું પાપસ્થાનક સેવાયું; એ વખતે બાહોશી કે બેહોશી ? થોડું પણ અસત્ય, અનીતિ આચરી એ પાપસ્થાનક, મેલ; એમાં બહાદુરી મનાય કે બાયલાપણું ? આત્માનું નિરીક્ષણ કરવાનું છે, ઊંચા ભવમાં ય કેવી ખરાબી સેવાઈ રહી છે એનું હૃદયવેધી દર્શન જગાવવાનું છે. પરરૂપ જોવાનો દૃષ્ટિદોષ, પરિગ્રહ,

ક્રોધાદિ કષાયો, રાગ, દ્વેષ...વગેરે બધાં પાપસ્થાનક છે.

આંતર ખેદ :—

જીવને એમ આંતર ખેદ થાય કે 'અહો! આ તે મારું કેવું જીવન! ગમે ત્યારે ને ગમે ત્યારે એક નહિ તો બીજું પાપસ્થાનક ચાલુ જ હોય છે! શું આવો ઉચ્ચ ભવ, ઊંચા તત્ત્વસમજ મળવા છતાં, આમ જ પાપસ્થાનકની ગાઢ દોસ્તીમાં ને ગુલામીમાં જ પૂરો થવાનો? એનાં સેવન વિના એક ઘડી ખાલી નહિ? પાપસ્થાનક મિટાવી ધર્મસ્થાનક સેવવાની બહાદુરી કેળવવા માટે જ્યારે ભગવાન શ્રી જિનેશ્વરદેવનું અણુમોલું શાસન મળ્યું છે, ત્યારે હું કંગાળ પાપસ્થાનક સેવ્યે જવાની કાયરતા કરી રહ્યો છું? ના, અહીં તો મારે ક્રોધ કરવો જ જોઇએ, અભિમાન બતાવવું જ જોઇએ, એ બધી ઘેલછામાં શી બહાદુરી છે? ક્ષમા–નમ્રતાદિ નથી જાળવી શકતો એ તો બાયલાપણું છે...' આમ જાગ્રતિ રહ્યા કરે તો તો પછી કેટલાંય પાપસ્થાનકને પાછાં વળાવાય, પાપસ્થાનક ન છૂટકે સેવાય, અને સેવાય તેમાં પણ કેટકેટલો કાપ મૂકાય, અને સેવાતાં પર મનને ભારે ખેદ અને ભય રહે

ધર્મ–સ્થાનકનાં નામ :—

પાપસ્થાનકથી બચવા માટે સામે ધર્મસ્થાનકો છે, એનાં નામ ગણો. પહેલે પ્રાણાતિપાત એટલે કે હિંસાની સામે જાતે અહિંસા, અર્થાત્ જીવ ન મારવો તે; તથા બીજે જીવ મરતાં હોય તેની રક્ષા, દયા–હિંસાની સામે આ અહિંસા અને દયા એ ધર્મસ્થાનક થયું. જૂઠની સામે સત્ય, મૌન અને શાસ્ત્રસ્વાધ્યાય, પરમાત્મસ્તોત્ર પાઠ વગેરે. ધ્યાનમાં રાખજો કે ધર્મસ્થાનક એવાં ઉભાં કરવાનાં છે કે જે આપણને પાપસ્થાનકથી બચાવે. તો જૂઠથી બચવું હોય તો કેટલીક વાર સત્યથી બચાય, ને કેટલીકવાર મૌન તથા અલ્પભાષણથી બચાય; તેમ શાસ્ત્રસ્વાધ્યાય ને પ્રભુનાં સ્તોત્રપાઠ કરતાં રહીએ તો ગપાટા સપાટાથી બચવામાં જૂઠથી બચાય. અદત્તાદાનની સામે ન્યાયનીતિ–પ્રામાણિકતાનું પાલન, અને અધિક ખર્ચ, જૂગાર વગેરેનો ત્યાગ. આગળ ટૂંકમાં ગણો. મૈથુનની સામે બ્રહ્મચર્ય અને સદાચાર. પરિગ્રહની સામે એની મર્યાદા અને પ્રભુભક્તિ વગેરે તથા દાન. ક્રોધ–માન–માયા–લોભની સામે ક્ષમા–નમ્રતા–મૃદુતા–સરળતા–નિઃસ્પૃહતા. રાગની સામે વૈરાગ્ય; દ્વેષની સામે શાંતિ–સમતા; કલહની સામે સંપ, સહાનુભૂતિ અને મૈત્રીભાવ. અભ્યાખ્યાન એટલે કે આળ ચઢાવવાની સામે વિચારપૂર્વકની વાણી, આત્મલઘુતા, અને મૈત્રી કરુણાભાવ. પૈશુન્યની એટલે કે ચાડીચુગલીની સામે ગંભીરતા. રતિ અરતિ અર્થાત્ હર્ષ-ઉદ્વેગની સામે ઉદાસીનતા. 'શુભાશુભ કર્મ એની મરજી મુજબ ફાવે ત્યારે સારું–નરસું કરે છે એમાં હું શું કામ લેવાદેવા જાઉં, હું તો તટસ્થ રહી જોયા કરું' એ ભાવનાપૂર્વકની તટસ્થતા, એનું નામ ઉદાસીનતા. અથવા હર્ષ–ઉદ્વેગ થવા જાય છે તો પ્રભુનું સ્મરણ એ ધર્મસ્થાનક. અર્થાત્ પૂર્વે પ્રભુને ભજ્યા છે તો સારું મળે છે, ને પ્રભુને ભજવામાં ખામી રાખી છે તો નરસું મળે છે, એ ચિંતન. પરપરિવાદ એટલે કે નિંદા નામના પાપસ્થાનકની સામે હૃદયમાં અસ્ખલિત વહેતો ગુણાનુરાગ, અને વાણીમાં અખંડ વહેતો ગુણાનુવાદ. માયામૃષાવાદની સામે સ્વદોષપ્રકાશન, અને સ્વકીય ગુણગોપન. મિથ્યાત્વશલ્યની સામે સમ્યગ્દર્શન અને એનો ૬૭ પ્રકારનો વ્યવહાર.

આ તો ટૂંકમાં નામ ગણ્યા. બાકી તો બીજાં કેટલાં ય ધર્મસ્થાનક આમાં તે તે સ્થળે ગોઠવી શકાય. માનવભવ જેવો ઉચ્ચ ભવ સુવર્ણસમા આત્માનો પાપસ્થાનકનો મેલ દૂર કરવા માટે છે; ને તે ધર્મસ્થાનકના તેજાબથી હટાવી શકાય. પાપસ્થાનકના સેવનમાં તો હોંશ-હોંશિયારી નહિ પણ નિરાશા–નિસાસા થવા જોઇએ. રોજ વિચારાય કે શું હજી મારે પાપસ્થાનક વિનાનું જીવન બનાવવું શક્ય નથી? અને જો એમ લાગે કે સર્વાંશે એ મેલ હાલ નીકળે એમ નથી તો શક્ય મેલ કાઢવા માટે. ગૃહસ્થધર્મના બારવ્રતભર્યું ધર્મજીવન સ્વીકારાય. મેલ સર્વાંશે કાઢવાની તૈયારી ન હોય, અર્થાત્ સર્વવિરતિની તૈયારી ન હોય, તેવાઓ માટે જ્ઞાનીએ દેશવિરતિનો ધર્મ બતાવ્યો. અઢારે ય પાપસ્થાનકના ત્યાગને એક સામટો નહિ તો ધીમે ધીમે થોડા થોડા ત્યાગ માટે જ્ઞાનીએ દેશવિરતિ બતાવી. જેથી ધીમે ધીમે પણ મેલ ઓછો થાય, ને આત્મા શુદ્ધિ પ્રાપ્ત કરતો જાય. એટલા માટે જ પરિગ્રહનું

પરિમાણ રખાવ્યું, પર્વતિથિ આદિના બ્રહ્મચર્ય યોજ્યા, જૂઠ અને ચોરી સ્થૂલથી ત્યજાવી, ત્રસની હિંસાથી વિરમવાનો નિયમ રખાવ્યો.

વ્રત વિનાની જે પાપની છૂટ રાખી છે, એ પણ શુદ્ધિ છે, અગર શુદ્ધિમાં ઉપયોગી છે એવું માનવાની ભૂલ ન કરતા. એ માન્યતા હોય તો નીકળી જાય એ અતિ આવશ્યક છે. ખૂબી છે આ સમજવાની. એમાં ગફલત થાય તો વ્રત લેવા છતાં મિથ્યાત્વ ગુણસ્થાનકે રહેવાનું થાય, ને આત્મા લેપાયા કરે.

છૂટને શુદ્ધિ નહિ માનવાનું સમજવામાં આવ્યું? જુઓ, હાલતા-ચાલતા જીવની હિંસા ન કરવી એ નક્કી કર્યું, હવે સ્થાવર જીવોની હિંસા છોડાય એમ નથી એટલે એ ઉભી રહી, તો શું એને શુદ્ધિ ગણવી? લાખ રૂપિયા ઉપર પરિગ્રહ ન રાખવો એમ મર્યાદા બાંધી, તો લાખ રૂપિયાની છૂટ રહી એને શું શુદ્ધિ કહેવી? ના, ન કહેવાય. પણ જો લોચા વાળો કે-'ઘર લઈ બેઠા એટલે એટલું તો કરવું પડે ને? એમાં ગેરવ્યાજબી શું?' તો વિચારો કે મનની અંદરખાને આટલા પણ પાપસ્થાનક માટે અશુદ્ધિ, મેલ હોવાનું તરવર્યા કરે છે ખરું? તરવરે તો એમ થાય કે-'આ ય મારા આત્માનો કચરો છે, અને લાચાર છું કે મૂળમાં જ એવું પાપઘર કરી બેઠો છું કે આટલો ય કચરો સેવવો પડે છે! **પાયાનો ગુનો હોવાનું યાદ નથી આવતું તેથી એની ઉપર સેવાતાં પાપસ્થાનક માટે 'એ તો કરવું જ જોઈએ ને?' એવું વિચાર અને વાણીમાં આવે છે.** એ શાના જેવું છે? હિસાબ ગણતાં પ્રારંભમાં સત્તર પંચા પંચાણું માંડયા પછી આગળ ગમે તેટલું સાચું ગણિત કરે, અને જવાબ સાચો ન આવે, છતાં પાછળના ગણિત પર મદાર બાંધી કહે-'જુઓને ભાઈસાહેબ! ૯૫+૧૫ એટલે ૧૧૦ આવે જ ને?' એના જેવું છે. આ પણ આંશિક દૃષ્ટાન્ત છે. દૃષ્ટાન્તમાં તો મૂળ ૧૭×૫ ૯૫ ખોટું, છતાં ૯૫+૧૫નો સરવાળો ૧૧૦ સાચો છે, જ્યારે અહીં તો મૂળ સંસાર રાખ્યો એ ય ખોટો છે, અને પછી સ્થાવર જીવોની હિંસા, ધનનો પરિગ્રહ, વિષયસેવન વગેરે ય પાપસ્થાનક જ છે, મેલ જ છે. આ વિવેક જૈનદર્શન આપે છે. સંસાર ચલાવો છો, આરંભ-સમારંભ, પરિગ્રહ વગેરે સેવો છો, પણ એ સેવતાં એટલું નિશ્ચિત સમજતાં ચાલો કે-'આ બધા પાપસ્થાનક સેવી રહ્યો છું અને એ આત્માને મલિન કરી રહ્યા છે.' જો આ જાગ્રતિ રહે તો પછી એમાંથી શક્ય એટલું બચવાનું દિલ રહેશે, કાળજી અને પ્રયત્ન રહેશે; તેમ એની પાછળ મક્કમતિયા દુર્ગુણો સેવવાનું અને તેથી માર્ગાનુસારીના ગુણ ગુમાવવાનું નહિ બને, અને એક દિવસ સર્વથા પાપસ્થાનક રહિત જીવન લેવાની તમન્ના રહેશે.

વાત આ છે કે પહેલાં દૃષ્ટિ ચોકખી થવી જોઈએ. શુદ્ધિને શુદ્ધિ અને મેલને મેલ તરીકે દેખવો જોઈએ; એટલું જ નહિ પણ મેલભર્યા જીવન પ્રત્યે ઉદ્વેગ અને અકળામણ રહ્યા કરવી જોઈએ, પછી ભલેને ધનના ઢેર અને પરિવારની વિશાલતા હોય. દૃષ્ટિની નિર્મળતા સાચવતાં અને વિકસાવતાં આવડે તો છ ખંડ, ચૌદ રત્ન અને નવ નિધાનનો માલિક ચક્રવર્તી પણ સંસારથી છૂટી જાય! પણ શુદ્ધિ ભૂલેલો ચપ્પણીઆવાળો નરકે જાય. રંક સાતમીએ ગયેલ છે કેમકે ચપ્પણીઆને ય મેલ માનતાં ન આવડયો, જ્યારે છ ખંડની રિદ્ધિસિદ્ધિને મેલ માન્યો તે ચક્રવર્તીએ મોક્ષ સાધ્યો છે.

ભોગના ઘરમાં મહાત્યાગ:--

છ ખંડના પરિગ્રહમાં રહ્યા રહ્યા ચક્રવર્તી કેવળજ્ઞાન સુધી પહોંચે, એ કયારે બને? અઢળક રત્નો પગે અથડાય, સેવામાં યક્ષ-દેવતાઓ હરેક પળે હાજર હોય, તેવા વૈભવનેય એ મેલ સમજે છે ત્યારે. આરિસાભવનમાં કેવળજ્ઞાન! આરિસાભવન એ ત્યાગ-ભવન કે ભોગનું ભવન? એ ભોગની ભાવના જગાડે કે ત્યાગની? ચારે તરફ આરિસા જ આરિસા! શણગાર સજીને, બણી ઠણીને ત્યાં આવેલ હોય, ઠઠારો કરીને આવેલ હોય, ને આગળથી પાછળથી જ્યાંથી જુઓ ત્યાં શું દેખાય? પણ આ શાસન પ્રાપ્તિનું એ અહોભાગ્ય છે કે એ ય તુચ્છ માન્યું, ત્યાં આરિસાભવનમાં ત્યાગભાવના એવી ઊંચી કોટિની કેળવી કે ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈ કેવળજ્ઞાન મેળવ્યું. આ કયારે બન્યું? છ

ખંડના ભોગમાં નિરંતર મલિનતા માનતા હતા ત્યારે ! હૈયામાં સતત્ ઉદ્વેગ અને ભડક રહેતી હતી તો ! એ દૃઢ માન્યતા હતી કે-**'પરિગ્રહનો મેલ આત્માને મલિન કરનાર છે, પરિગ્રહનું જેટલું પ્રમાણ વધારે તેટલો મેલ વધારે.'** પરિગ્રહ તરફ દૃષ્ટિ હોય, આસક્તિ હોય તો આરિસાભવનમાં કેવળજ્ઞાન ન થાય, કેવળજ્ઞાન તો અનાસક્તિથી થયું છે, પણ એ અનાસક્તિ વસ્તુત હતી. 'પરિગ્રહ હોય તો શો વાંધો ? માત્ર એના પર આસક્તિ ન જોઇએ, આસવા તે પરિસવા,' એમ કોરા પાઠથી કામ ન થાય.

પાપ - સ્થાનક પાપની પ્રભાવના કરે, ધર્મની નહિ :—

આરંભ-સમારંભ, વિષયસેવન, અને પરિગ્રહ તો પાપસ્થાનક જ. એજ ભરત ચક્રી છ ખંડ જીતીને આવ્યા પછી શું શું બન્યું છે એ વિચારી જુઓ. માત્ર એક બાહુબલી આજ્ઞાધારી બનવામાં બાકી રહ્યા હતા, અઠાણુ ભાઇએ તો દીક્ષા લીધી છે, ત્યાંય આજ્ઞા મનાવવાનો પ્રયત્ન કર્યો માત્ર બાહુબલી એક બાકી ત્યાંય ઊંચા-નીચા થઇ ગયા ! ૬ છ ખંડના વિજયથી સંતોષ પામ્યા ? ચક્રરત્ન શાળામાં પેસતું નથી.

ભરત ચક્રી પૂછે છે સેનાપતિને, 'ચક્રરત્ન શાળામાં કેમ પેસતું નથી ?'

સેનાપતિ કહે છે: 'શી રીતે પેસે ? તમે માનો છો ચક્રવર્તીપણું આવી ગયું, બધા જિતાઇ ગયા, પણ હજી એક બાકી છે. નાનો ભાઇ ધમંડમાં બેઠો છે. એને સામે મળવા આવવાની ફુરસદ નથી ! રાજા મહારાજાઓ દિગ્વિજયના અભિનંદનમાં આવી ગયા પણ એ આવે છે ? એને તો એમ છે, ભરત મારે કોણ ?'

પાણી ચડાવે છે.

ભરત કહે છે: 'એમ ? ત્યારે શું થાય ?'

'શું થાય ? કહેણ મોકલવું જોઇએ, આજ્ઞામાં આવી જા !'

આ બધું શું અનાસકિત ભાવનું છે ? **પરિગ્રહ એ પાપનું સ્થાનક, એ તે પાપની પ્રભાવના કરે કે ધર્મની ?** પાપની કરે, ધર્મની નહિ. તમને ઘરમાં પેસતાં શેના ભણકારા થાય છે ? 'આ પાપ છે, તે પાપ છે' એવા ? ત્યારે ? અહીંથી સાંભળીને જાઓ છતાં ત્યાં કયો અવાજ ? શેનું સ્થાનક ? ત્યાં અવાજ સુખના જ સંભળાય છે. 'આમાં સુખ, તેમાં સુખ,' મહારાજ તો કહે કે, 'ચારિત્ર લઇ લ્યો,' પણ તો પછી ગાદી પાથરી બેસવાનું સુખ મળે ?' આવું આવું થાય ને ? કહો જો, હૃદયથી 'ઘરમાં ને ઘરના પદાર્થોમાં સુખ,' એમ મનાયા કરે, એમાં કોઇ ભય ન રહે તો સમકિત રહે !

છ છ ખંડ ઓછા પડયા ? :—

ભરત ચક્રી તદ્ભવ મુકિતગામી છે, આરિસા ભવનમાં કેવળજ્ઞાન મેળવનારા છે તેમને ભાઇની સાથે લડવાનો મોખ નથી. કહી દે છે ભલે ચક્રરત્ન અંદર ન આવે, આપણે ભાઇ સામે યુદ્ધ નથી કરવું.

સેનાપતિ ચબરાક છે. કહે છે-'યુદ્ધ કયાં કરવું છે ? આ તો વ્યવહારુ મર્યાદાની વાત છે કે મોટાભાઇ આવો જંગી વિજય મેળવીને આવે, ત્યારે નાનાભાઇએ તો અભિનંદનાર્થે બીજાઓ કરતાં પહેલાં આવવું જોઇએ; કદાચ એ વ્યવહાર ભૂલે તો એને શિખામણ દેવી જોઇએ. તેમ કરવા છતાં ય જો એ ન માને અને અભિમાનમાં તણાય તો સામ-દામ-દંડ-ભેદથી એમને ઠેકાણે લાવવા જોઇએ એ રાજનીતિ છે. આપ વડીલ ભાઇ, પિતા જેવા; એમણે એમને ગમે તે રીતે રાહ પર લાવવા જોઇએ...'

સેનાપતિએ બરાબર ચડાવ્યા. હવે ભરત અટકયા ? ના, બાહુબલી પાસે સુવેગ નામના દૂતને મોકલ્યો. દૂત એટલે ? મહાકુશલ, ખેલાડી, આજની ભાષામાં કહીએ તો, પોલિટીકલ, મુત્સદ્દી.

બાહુબલીનું બલ ઉપરાંત આદેયનામ કર્મ કેવું ! :—

દૂત ત્યાં પહોંચે તે પહેલાં રસ્તામાં તેને શો અનુભવ થયો ? એના રાજ્યની સરહદ આખીમાં લોકોને કલ્લોલ કરતા જોયા, આનંદ આનંદ કરતા જોયા, બધાના મોંથી બાહુબલીની પ્રશંસાના એક સરખા શબ્દો કાને પડયા. આ જોઇને એનું પાણી અરધું તો શોષાઇ ગયું હતું. તે પહોંચ્યો બાહુબલીની રાજધાનીમાં, પહોંચ્યો કચેરીમાં. દૂતની ખૂબી એ કે સામા માણસની તથા સ્થાનની યોગ્યતા મુજબ

શબ્દ બોલે. આ તો ભરતનો દૂત એટલે પૂછવું શું ? એ શું બોલે છે, કેવી રીતે બોલે છે તે જોઇએ. રસ્તાના અનુભવથી અરધો તો નરમ થઇ ગયો અને કચેરીમાં પેઠો ત્યાં તેણે શું જોયું ? સ્વર્ગની અમરાપુરી કે અસુરની અલકાપુરી જાણે મૃત્યુલોકમાં ઉતરી આવી એવી ભવ્ય શોભા ! કચેરીમાં આવી બાહુબલીને પ્રણામ કરીને ઉભો રહ્યો. બાહુબલીનું પુણ્ય કેવું ! બલ તો મળ્યું હતું પણ એની હાક કેવી ! આદેયનામકર્મ એવું જોરદાર કે આખી સભા વફાદારીથી (પરાણે એમ નહિ) પડતો બોલ ઉપાડી લેવા તૈયાર ! અંજાઇને એમ નહિ પણ આકર્ષાઇને ! કેવો દેખાવ ! દૂત પણ ધ્રૂજે !

બાહુબલીએ પૂછેલું ભાઇનું કુશલ વગેરે :–

બાહુબલીને શી ખબર કે કોણ છે ને કેમ આવ્યો છે, એટલે પૂછયું, 'કોણ ?' ચાલ્યું હવે. હું ભરતજીનો દૂત.' 'એમ !' ભરતનું નામ, મોટાભાઇનું નામ સાંભળી બાહુબલી ખુશી થયા, પૂછવા માંડયું, 'મોટાભાઇ કુશલ છે ? ખુશી મજામાં છે ? સાંભળ્યું છે, દિગ્વિજય કરી આવ્યા, સારી રીતે દિગ્વિજય થયો ને ? તમામ રાજાઓ વ્યવસ્થાસર વશ થઇ ગયા ? પ્રજા ખુશી આનંદમાં છે ને ?' દૂતે જોયું 'આટલો બધો આમને ભરતજી પર પ્રેમ છે, વિનય છે. હવે અહીં 'તમને ભરતજીએ આજ્ઞામાં આવી જવાનું કહેવરાવ્યું છે.' એમ એકદમ કેમ કહેવાય ? પણ દૂત છે ને ? હોશિયાર છે, ધીરે ધીરે પગલું માંડે છે.

દૂત કહે છે,–જરા હસીને, 'હેં હેં હેં–બહુ સારૂં પૂછયું. 'જેની મહેરબાનીથી સમસ્ત વિશ્વમાં ઘરે ઘર કુશલ છે, તેના કુશલનું શું પૂછવું ?' પહેલો પ્રશ્ન બાહુબલીનો ભાઇના કુશલ અંગે હતો ને ? કહે છે 'ઘરે ઘર કુશલ જેના યોગે તેની જાતના કુશલમાં પ્રશ્ન શો ? જેના પ્રતાપે જગત સુખી, તેની જાતના સુખમાં પૂછવાનું શું !' દૂત ચતુર છે ! પોતાના સ્વામીનો પ્રતાપ પહેલેથી ગાવા લાગે છે. સ્વાર્થ છે સ્વામીનું ઓજસ પાડવાનો.

મદાંધતા કોઇનું લીલું ન વાળે:—

સ્વાર્થ શું કરાવે ? આ કરાવે. પોતાના માલિકનું ગૌરવ ગાવું છે, બાહુબલી કરતાં ભરત ઊંચો એમ જણાવવું–ઠસાવવું છે. એને ખબર નથી કે એનું એવું કથન સાંભળ્યા પછી બાહુબલી ભરત માટે એવો શબ્દ સંભળાવશેને કે આખી સભામાં પોતે તો ઝાંખો પડશે પણ પોતાના સ્વામીને ઝાંખપ લાગશે. બાહુબલીના રાજ્યમાં પ્રજાને એટલું સુખ છે કે સભામાં બેઠેલા તો જાણતા ય નથી કે ભરત વળી કોણ છે ? **મદાંધસ્વામીના મદાંધ નોકરો ન પોતાનું સારૂં દેખાડે, ન સ્વામીનું લીલું વાળે,** દૂતની વાગ્વારા આગળ ચાલી, "તમારા મોટા ભાઇ જેના માલિક તે જગત કુશલ જ હોય ને ? ભગવાનના વચનમાં ભવ્યને અંશેય શંકા ન હોય, તેમ જેના રાજા ભરત ત્યાં વિઘ્નની શંકાય કરાય નહિ. દુશ્મનોને ધૂળ ભેગા કરી મહાન વિજય મેળવનાર તમારા મોટાભાઇની પ્રજા લહેર કરે છે. સુર અસુરો જેના ચરણે લોટે છે તેના દિગ્વિજયની વાત શી કરવી ?"

"આ દુઃખની કથની કયાં કહેવી ?" દૂતની વાણીની સફાઇ:—

દૂત આગળ વધે છે, "માત્ર એક વાતનું એમને દુઃખ છે.' 'ભાઇને, મોટા ભાઇને દુઃખ ?' બાહુબલના હૃદયમાં દુઃખ થાય છે, પણ એ પૂછે તે પહેલાં દૂત આગળ વધે છે. 'હવે ય પોતે પોતાના ભાઇ સાથે નથી, એકલા છે, બસ ! આ વાતનું એમને દુઃખ છે.' ચકોર દૂત આજ્ઞામાં આવવાની આજ્ઞા સંભળાવતા પહેલા ભૂમિકા કરે છે. આમાંથી એક બોધ લેવાનો કે **સામાને કડવો અક્ષર કહેવો હોય તો ય ભૂમિકા બાંધીને કહેવાય.** કોઇ જૂઠ બોલ્યો કે ચોરી કરીને આવ્યો હોય તો ય આવેશમાં આવીને એને સીધો ગુનેહગાર તરીકે ન ઠોકી બેસાડાય. દૂત ક્રમસર બોલે છે. 'એમને બંધુદર્શનની ઝંખના છે. ભાઇ સાથે નથી, પોતે એકલા છે, એ જ એમને મોટું દુઃખ છે. દિગ્વિજયના આનંદ આનંદ પ્રસર્યા, પણ કોઇ ભાઇ દેખાયો નહિ ! ઉલટું બન્યું એવું, અઠ્ઠાણું ભાઇને કહેવરાવ્યું, પણ કોને ખબર, એ શું ઊંધું સમજ્યા, કે ભગવાન (પિતા) પાસે જઇને એમણે દીક્ષા લઇ લીધી. આ દુઃખની કથની કયાં કહેવી ?" દૂત કેવી સફાઇથી વાત કરે છે ! એ કહે છે,

વચનેકા દરિદ્રતા ।

"છતાં એમને આપની આજ્ઞા છે, એમણે કહ્યું, 'જાઓ નાનાભાઇ બહુબલીને સંદેશ પહોંચાડો, 'ભાઇ આવ! તારા સંગમથી મને સુખ થશે, તારા દર્શનથી નેત્રને આનંદ મળશે; કલેજું ઠંડુગાર બનશે.' આટલું બોલી હવે દૂત મુદ્દા પર આવે છે, 'અને ત્યાં આવવામાં આપને સંકોચ શાનો? પિતાની ગેરહાજરીમાં મોટા ભાઇને જગત પૂજ્ય માને છે, સેવા કરે છે; પિતાની ગેરહાજરીમાં આપના આ મોટાભાઇ પાસે આવી એમની સેવા કરવામાં આપને કાંઇ લાંછન નથી. દેવો પણ જેમને નમે છે એવા તમારા મોટાભાઇને નમવામાં ગૌરવ છે. એમ ન માનતા કે તમે ન ગયા એટલે એમને બોટું લાગ્યું હશે, રીસાઇ ગયા હશે; એ તો મોટા એ મોટા! જ્યાં તમે એમની પાસે જશો ત્યાં એમના હૃદયને આનંદ થશે, છ ખંડ જીતીને આવ્યા છે, મહાન્ રિદ્ધિસિદ્ધિના સ્વામી છે, વૈભવનો પાર નથી, રાજ્યાદિ આપીને તમને ન્યાલ કરી નાખશે, ઇંદ્ર અને ઉપેંદ્ર જેમ સાથે બેસીને રાજ્ય કરે, તેમ ભરત બાહુબલ સાથે બેસી જગતનું રાજ્ય કરે; ભરતજી આ ઇચ્છે છે." વચને કા દરિદ્રતા!

પ્ર૦–આવી ખૂબીને રાજ્યનીતિ કહેવામાં આવે છે. 'નીતિ' કેમ કહી?

ઉ૦– લઇ જાય તે નીતિ, આ શબ્દાર્થ. કોઇ પર્વત પર લઇ જાય, કોઇ રાજમહેલમાં લઇ જાય, કોઇ ભોંયરામાં લઇ જાય, પાપમાં લઇ જાય તે પાપનીતિ, ધર્મમાં લઇ જાય તે ધર્મનીતિ, નીતિ બે પ્રકારની. પાપનીતિ, ધર્મનીતિ. આવી રાજનીતિ એ પણ પાપનીતિ છે.

દૂતે છેલ્લે ધમકી પણ સંભળાવી દીધી: સુફીયાણી સલાહ આપી દીધી :–

"મોટાભાઇ ભરત સાથે બેસી રાજ્ય કરવામાં આપને શરમાવાનું કારણ નથી, શરમાવાની જરૂર નથી, આપ જરૂર આ વાત વધાવી લેશો, ભરતજીના સંદેશને સ્વીકારશો; પણ જો હઠે ચઢશો તો કહેવું પડે, તમારા મોટાભાઇ એ સાંખી લે એવા નથી. યોગ્ય વાતમાં સામા માટે બધું ન્યોચ્છાવર કરી દે, પણ અયોગ્ય વાતમાં સામો સગો ભાઇ હોય, બંધુ હોય તો પણ ચાલવા ન દે, સાંખી ન લે! ધમંડીઓ, મવીષ્ટો, મદાંધોને અંકુશમાં લેવા એ રાજધર્મ છે. કદાચ તમારા કાનમાં જુદો મંત્ર ફૂંકનારા, જુદી સલાહ આપનારા મળશે, એના દોરવાયા ન દોરાશો, ભરતજી અત્યારે કઇ પાયરીએ છે તેનો વિચાર કરશો. ઇંદ્ર જેવો જેનું ગૌરવ કરે તેને નમવામાં લજ્જા શી? વળી તમારે તો એ પૂજ્ય પિતાજીના સ્થાને મોટાભાઇ છે. એમને નમવાથી ને એમની આજ્ઞા ઉઠાવવાથી તમે યાવજ્જીવ સુખી થશો, નહિતર પરિણામ સારું નહિ આવે."

સંસારની અસારતાનું ચિત્ર:—

દૂતના આ બોલ સંસારની અસારતાનું ચિત્ર રજૂ કરે છે.

સંસાર કેવો સ્વાર્થરસિકતાને પોષે છે! સ્વાર્થ સિદ્ધ કરવામાં કેવી કેવી પોલીસી રમવા પ્રેરે છે! સ્વાર્થની વાતને કેવો ઉચિત વ્યવહારનો વાઘો પહેરાવે છે!

વગેરે અનેક બાબતો એ શિખવી જાય છે. ભરતને આજ્ઞા મનાવવી છે; પછી ત્યાં વિચાર નથી કે બાહુબલ તો પોતાનો ભાઇ છે, તેમ પિતાએ દરેક ભાઇને સ્વતંત્ર રાજ્ય આપ્યું છે, પણ નહિ કે એકની નિશ્રામાં બીજાએ રાજ્ય કરવાનું. હવે આજે ભરત પાસે પુણ્યાઇ છે, માટે.

પિતાએ ગમે તે કર્યું,
ન્યાય ગમે તે કહેતો હોય,
મોટાની મોટાઈ ખરી રીતે નાનાનું લેવામાં નહિ પણ નાનાને દેવામાં ભલે હોય,
પરંતુ પુણ્યાઇના જોર પર જોહુકમી કરવી છે. નહિતર નાનાભાઇ બાહુબલની આમા શી કસૂર છે?

—: સંઘ-વાત્સલ્ય :—

સમ્યગ્દર્શન કયારે ટકે?:—

પુણ્યથી મળેલી લક્ષ્મી, બળ, સત્તા અને હોશિયારી એ વાત્સલ્ય ભુલાવે છે. ગરીબ ભાઇ હજી પ્રેમ, વત્સલતા ધરાવતો હશે, પણ શ્રીમંત ભાઇ અરુચિ-અણગમો અને અસદ્ભાવ ધરાવતો હોય, એવું ઘણું જોવા મળે છે. આ તો સગા ભાઇ-ભાઇની વાત જોઇએ છીએ કે બંનેએ એક બીજા ઉપર સદ્ભાવ અને વાત્સલ્ય ધરવાના હોય; બાકી તો શાસ્ત્ર સમ્યગ્દર્શનના આઠ આચારોમાં, સંઘ સાધ-

ર્મિક પર વાત્સલ્ય અને ઉપબૃંહણા અર્થાત્ પ્રશંસાનો આચાર પાળવાનું કહે છે. **માત્ર આપણો સગો ભાઈ જ શું, કોઇ પણ જૈન ભાઈ પ્રત્યે હૈયામાં હેત, સદ્‌ભાવ અને સમર્થન ઉછળવા જોઇએ.** આ ત્રેવડ ન હોય અને એના બદલે અભાવ–અરુચિ અને અસૂયા–તિરસ્કાર રમ્યા કરતા હોય તો સમ્યગ્દર્શન ટકવું મુશ્કેલ છે.

સમ્યક્ત્વને વર્તન સાથે સંબંધ ખરો ?:–

એમ માનતા નહિ કે સુદેવ–ગુરુ–ધર્મની શ્રદ્ધા કરી, તત્ત્વની શ્રદ્ધા કરી, પછી દર્શનના આચાર ન હોય તો ય સમકિતને આંચ ન આવે ! માણસ ભ્રમણામાં એવો તણાય છે ને એમ સમજે છે કે, 'સમ્યક્ત્વ તો માત્ર આંતરિક માન્યતાની વસ્તુ છે ને બાકીનું એનાથી કાંઈ ન બને છતાં એનો ખેદ રાખે તો ચાલે.' પણ આ માનવું ભૂલભરેલું છે જો એવું હોય તો માનો કે કોઇ દેવદ્રવ્ય ખાઇ જતો હોય અને મનમાં ખેદ કરતો હોય, કોઈ સાધ્વીના શિયળ લૂંટતો હોય ને મનમાં દુઃખ ધરતો હોય, અદાવતના કારણે કોઈ સાધુનું ખૂન સુધી કરાવવામાં ભળતો હોય ને કહે કે 'શું કરું, આ ખોટું થાય છે.' તો શું સમ્યગ્દર્શન રહે ? શાસ્ત્ર આવા પ્રસંગમાં સાફ સાફ કહે છે કે **'મૂલગ્गી बोहिलाभस्स'**–સમ્યગ્દર્શનના મૂળમાં એ અગ્નિ સમાન છે. ત્યારે એ તો ન રહ્યું ને કે દિલમાં શ્રદ્ધા હોય પછી ગમે તેમ વર્તીએ પણ દિલમાં ખટકો હોય તો સમ્યક્ત્વ રહે ? કહો કે શ્રદ્ધા તો કરવાની, ઉપરાંત અમુક જાતના પાપ તો જીવનમાં હોવા જ ન જોઇએ માટે તો સાધુના આચાર અને પ્રાયશ્ચિત્તના ગ્રન્થોમાં લખ્યું કે સાધુ અમુક હદથી આગળ દોષ સેવે તો તેને મિથ્યાત્વ લાગે; એવું જ કર્તવ્યને જો અમુક મર્યાદા બહાર ચૂકે તો ય મિથ્યાત્વ લાગે. સાધુની સાધુજોગી મર્યાદા અને સાધુ યોગ્ય કર્તવ્ય; ત્યારે વ્રતધારી શ્રાવકના કર્તવ્ય અને મર્યાદા અમુક કક્ષાની; તેમ જિનેશ્વરદેવમાં શ્રદ્ધા ધરાવનાર જૈનના કર્તવ્ય અને મર્યાદા અમુક કક્ષાની. એ કર્તવ્યનાં **પાલન કરવાં જ જોઇએ, એ દોષની મર્યાદા બહારના દોષ નહિ જ સેવવા જોઇએ.** જૈનપણું જાળવવું હોય તો અરિહંત ભગવાનના વચનમાં સંપૂર્ણ નિઃશંકતાની જેમ સંઘસાધર્મિકના પ્રત્યે વાત્સલ્ય અને પ્રશંસાનો આચાર ધરવો જ જોઇએ.

રગડા ઝગડાનું મૂળ : ઝેરી માનસ :–

વિચારો કે **આ વાત્સલ્ય આચારનું બરાબર પાલન થતું હોય તો સંઘોમાં રગડા–ઝગડા, વૈર–વિરોધ વગેરે જોવા મળે ?** સંઘોમાં તડા અને ધડા, પક્ષ અને મનોભેદ દેખવા જડે ? ત્યારે **પ્રશંસાનો આચાર બરાબર પળાતો હોય તો પોતે ગમે તેવી ઊંચી તપસ્યા, જ્ઞાનાદિ–સાધના, કે ધર્મ–પ્રભાવના કરતો હોય પણ એ બીજાની નીચેની કક્ષાની તપસ્યા, જ્ઞાનાદિ–સાધના કે પ્રભાવના પ્રત્યે હલકી દૃષ્ટિથી જુએ ખરો ?** આજે તો હું સારો વક્તા ગણાતો હોઉં, પછી બીજા સામાન્ય વકતૃત્વ શક્તિવાળાની પ્રશંસા કરવાને બદલે 'એમનામાં આવડત નથી, એ તો બાંધોટા પાડે છે, કહેવાના વિષયમાં ક્યાંથી ક્યાંય ઉપડી જાય છે,...' વગેરે વગેરે નિંદા, સુગ કે ઉતારી પાડવાનું કરતાં કાંઇ આંચકો નથી આવતો ! મારામાં જ્ઞાનશક્તિ વિશેષ હોય તો બીજા અલ્પ જ્ઞાનશક્તિવાળાને તુચ્છ લેખતાં વાંધો નથી લાગતો ! કંઇક તપસ્યા કરતો હોઉં તો બીજાઓ ખાઉકલા અને આહારના ગુલામ દેખાય છે ! જરા કડક ચારિત્ર પાળતો હોઉં તો ઓછી કડક પાળનારાનો ઠેકાણા વિનાના લાગે છે ! કઈ દુર્ઘ[illegible]વા ઝેરી માનસ ! **વીતરાગ પ્રભુના ધર્મ[illegible]નામાં વીતરાગના ભક્ત પ્રત્યે શું આ અરુચિ ને તુચ્છતા સમાય ?** ધનવાન શ્રાવક સામાન્ય શ્રાવકને જાણે દબાયેલા ગણે છે ! ધર્મસ્થાનના વહીવટદારી શ્રાવકોને ભૂલ કરતા માને છે, ને નોકરોને ન્યાજબી વર્તનવાળા માને છે ! જૈન ભાઇઓ પર જોહુકમી, મિજાસ, તિરસ્કાર, દ્વેષાદિ બધું શું છે ? વાત્સલ્ય–ઉપબૃંહણાનું દેવાળું ને મિથ્યાત્વનું તાંડવ કે બીજું કાંઇ ? સમ્યગ્દૃષ્ટિના આ ચાળા હોય ?

(ક્રમશઃ)

–: સુચના :–

પૂ. મુનિરાજોએ શિરનામાની હેરફેર જણાવવા કૃપા કરવી. **—પ્રકાશક**

—: શ્રી મહાવીરજી તીર્થ કેસ. :—

(લે. શ્રી જવાહરલાલ નાહટાના હિન્દી લેખ ઉપરથી)

ઉદયપુર સ્ટેટમાં જેમ શ્રી કેસરિયાજીતીર્થ પ્રસિદ્ધ છે તેમ જયપુર રાજ્યમાં શ્રી મહાવીરજીનું તીર્થ પ્રખ્યાત છે. આ તીર્થ જયપુરથી ૧૦૮ માઇલ દૂર છે. નાગદા રેલ્વે લાઈન ઉપર શ્રી મહાવીરજી નામનું સ્ટેશન છે ત્યાંથી ત્રણ માઇલ ઉપર શ્રી મહાવીરસ્વામીજીનું મંદિર છે. ગાડીના દરેક ટાઈમે મોટર, ઘોડાગાડી આદિનું સાધન મળે છે. જેથી યાત્રાળુઓને કોઈ જાતની તકલીફ પડતી નથી. રહેવા માટે મોટી મોટી ધર્મશાળાઓ છે, દર વર્ષે ચૈત્ર સુદ ૧૩ થી ચૈત્ર વદ ૧ સુધીનો મોટો મેળો ભરાય છે. મેળા વખતે મુસલમાન, ભીલ, ગુજર, જૈન જૈનેતર મોટી સંખ્યામાં આવે છે. દરેક વર્ષે શ્રી કેસરીયાજીની જેમ બાધા–માનતા રાખવાવાળા જૈન–જૈનેતરો યાત્રા કરવા સારી સંખ્યામાં આવજાવ કરે છે.

આ મંદિર જૌહરાજ પલ્લીવાલ શ્વેતામ્બર જૈને બનાવરાવ્યું છે. આ ભાઈ અલવર સ્ટેટના હરસાના ગામના રહેવાસી અને ભરતપુર સ્ટેટમાં દીવાન હતા; જેમણે ભરતપુર અને તેની પાસે ડીગ ગામમાં પણ શ્વેતામ્બર જૈન મંદિર બનાવરાવેલું છે. એ મંદિર આજ સુધી શ્વેતામ્બર જૈન પલ્લીવાલોના વહિવટમાં છે. ભરતપુરના મંદિરમાં મૂલનાયક શ્રી મુનિસુવ્રતસ્વામિજીની પધરામણી હરસાના નિવાસી જોહરાજ પલ્લીવાલની લેવાઈ છે. આ મંદિરની સેવા–પૂજા માટે આજ સુધી ભરતપુર સ્ટેટ તરફથી સહાયતા મળે છે. એ પ્રમાણે જયપુર રાજ્યે પણ શ્રી મહાવીરજીના મંદિરને દર વર્ષે ત્રણ હજાર આવક થાય એટલી જાગીર આપી હતી. જેની આવક આજે દર વર્ષે આઠ હજાર લગભગ થાય છે. તે સિવાય મંદિરમાં લાખો રૂપીયાની આવક આવે છે. બીજી સંપત્તિ પણ શ્રી કેસરીયાજીથી ઓછી નથી. પણ વધારે છે. આ આ તીર્થની વ્યવસ્થા સન ૧૯૧૮ સુધી જૈન શ્વેતાંબર પલ્લીવાલોની સૂચના પ્રમાણે થતી હતી. રાજ્ય તરફથી મળેલી જાગીરનો પ્રબંધ સમારકામ માટે સરકારે મંદિરનો અધિકાર લઇ લીધો હતો. લગભગ અગીઆર વર્ષ સરકારી વહિવટ ૧૯૩૦ સુધી રહ્યો.

જયપુરમાં દિગંબર જૈનોની સંખ્યા ઘણી હોવાથી દિગમ્બરભાઇ સરકારના દરેક મોટા સ્થાનમાં રાજકર્મચારી છે. સન ૧૯૩૦માં પ્યારેલાલ દિગંબરજૈન સ્ટેટમાં કૌનસિલ મેમ્બર હતા. એમની સૂચનાથી દિગંબર જૈનોની દરખાસ્ત લઇને મહાવીરજી મંદિર દિગંબર જૈનોને ૧૯૩૦માં સોંપી દીધું અને તેની સાથે નક્કી કરવામાં આવ્યું કે વહિવટમાં કોઇ પ્રકારની ત્રુટી થશે તો મંદિર પાછુ લઇ લેવામાં આવશે. પહેલા તો શ્વેતાંબર પલ્લીવાલ ભુલથાપમાં રહ્યા, પરંતુ થોડા વરસો પછી દિગંબરભાઇઓ શ્વેતાંબરભાઇઓ સાથે ભેદભાવ કરવા લાગ્યા. આથી સમાજમાં જાગૃતિ ફેલાઇ મંદિરની સાર સંભાળ માટેની પ્રવૃત્તિઓ થવા લાગી કેટલીક દરખાસ્તો મુકાઇ સન ૧૯૪૧ થી કોરટમાં ઘણી વાર કેસ ચાલ્યા. જેમાં ત્રણ ચાર વાર તો ફોજદારી કેસ ચાલ્યા, આ બધામાં શ્વેતાંબર જૈનો જીત્યા અંતે દીવાની દાવો થવાની વાત આવી. જયપુર સ્ટેટના નિયમાનુસાર આવા પ્રકારનો દાવો કરતાં પહેલાં સરકારી એડવોકેટ જનરલની રજા લેવી પડતી. તેઓની દરખાસ્ત સન ૧૯૪૨માં ચેરેટીમાં આપવામાં આવી. બાર વર્ષ સુધી દીગંબર જૈનોએ કેસ ચલાવ્યો. અંતે શ્વેતાંબરોનો વિજય થયો. દીવાની દાવો દાખલ કરવાની સન ૧૯૫૬માં શ્વેતાંબરજૈનોને આજ્ઞા મળી ગઇ. પછી દીવાની દાવો ભરતપુર કોર્ટમાં કરવામાં આવ્યો. મહાવીરજીની પ્રબંધકારી કમીટીના ૩૨ મેમ્બરો છે,

ઘણો સમય લાગ્યો શ્વેતાંબરોની તરફથી બે ભાઈ મુખ્ય છે. નારાયણલાલજી પલ્લીવાલ હાલ જયપુર. બીજા મુલચંદજી ગામ સાથાવાલા. બન્ને તરફથી સેકડો સાક્ષીઓની સહીઓ કોર્ટમાં દાખલ થઇ ચૂકી છે.

વાચક! જાણે છે કે આજ કાલ કોર્ટમાં કેટલો ખર્ચ થાય છે. યોગ્ય વકીલ, બેરીસ્ટરો વિના ન્યાય મલવો મુશ્કેલ થઈ જાય છે. માટે આ ખર્ચાને શ્વેતાંબર જૈનોએ પુરો કરવો જોઇએ. અને જયપુર જૈન શ્વેતાંબર મહાવીરજી તીર્થરક્ષક કમીટીને દરેક પ્રકારની સહાય કરવી જોઇએ.

સહાય કરવાનું ઠેકાણું :-

નારાયણલાલ પલ્લીવાલ

C/o. **રામરહ બદ્રીનારાયણ,**

ઠી. જૌહરી બજાર, જૈપુર. (જયપુર)

મુદ્રક : ચંદ્રકાન્ત રતિલાલ શાહ. (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીની ખડકી, માણેકચોક, અમદાવાદ. ત્યાંથી છાપી પ્રસિદ્ધ કર્યું.

દિવ્ય દર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ–૭, અંક–૩૨
બચુભાઇ ચીમનલાલ ઝવેરી મુંબઇ શાખા : ૧૬૭–૬૯, કીકા સ્ટ્રીટ. શનિવાર તા. ૨૫–૪–૧૯૫૯

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન

પૂ ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.

—: 'શ્રી ઋષભદેવપ્રભુના ૯૮ પુત્રોને ભવ્ય ઉપદેશ.' :—

દરેક જીવનાં કર્મ અને સુખદુઃખ જુદાં :–

'હે વત્સ! એવી હિંસાદિ પાપસ્થાનકની પ્રવૃત્તિથી સ્વજનોને તમે સુખી કરવા ચાહતા હશો, પરંતુ એ સમજી રાખો કે **એ જીવોનાં દરેકનાં કર્મ જુદાં જુદાં છે, ને એનાં સુખદુઃખ પણ જુદાં જુદાં છે, સ્વતન્ત્ર છે.** એનાં કર્મ પ્રતિકૂળ હોય તો તમે એને સુખી કરી શકતા નથી; ને તમે કશું ન કરો તો ય એનાં અનુકૂળ કર્મ એને સુખ આપે જ છે. **ખરી રીતે તમે તો એને પાપક્રિયાઓમાં તાણી દુઃખના વન તરફ ઘસડી રહ્યા છો. શા માટે એવી સામાની ભાવહિંસા કરવાનું કરવું?** તેમ, શા માટે એવા અલગ અલગ કર્મસ્વતંત્રતાવાળા જીવોને આપણે જાતે સુખી કરી દેવાનો ભ્રમ સેવવો? એને સુખ મળશે તો એનાં કર્મના પ્રતાપે મળશે. આપણે એને સુખ આપીએ છીએ એ માનવું ખોટું છે. દરેક જીવનાં કર્મ અને સુખદુઃખનાં સ્વાતન્ત્રની વસ્તુ ઉપર એ પણ વાત છે કે **ક્ષુદ્ર જીવો જો પોતાના કર્મનો માર તો ખાઈ રહ્યા છે, તો પછી આપણે એને હિંસાદિ આરંભો દ્વારા કાં વધુ પીડવા?'**

દેવો, રાક્ષસો સરખાનેય ભોગો કાયમી નહિ :—

'હે ભાગ્યવાનો! સમજી રાખજો કે **મોટા દેવતાઓ, ગંધર્વો, યક્ષો અને રાક્ષસો જેવા પણ ગમે તેટલા ઊંચા ભોગો અને પાપક્રિયાઓમાં મહાલે, પણ એમને ય ત્યાંથી ચ્યવવું પડે છે!** મૃત્યુવશ થવું પડે છે! ને એના દારુણ વિપાકથી દીર્ઘકાળ પીડાવું પડે છે! દેવોની આ સ્થિતિ, તો તમારે કયાં આ બધું કાયમી એસી રહેવાનું છે? કે કયાં એના ભયંકર પરિણામથી બચી શકાવાનું છે? તમે ય અનંતીવાર એવા દેવના અવતાર જોઈ નાખ્યા! આજે કયાં એમાંનું કશું ઉભું છે? કયાં એ ભોગોનો કોઇ આનંદ, કોઇ તૃપ્તિ આજે અનુભવી શકો છો? તો પછી મરણની સામે આંખમિંચામણા, અને ભોગોની લંપટતા શા સારૂ કરી રહ્યા છો?'

ભોગો અને સ્વજન પરિચયમાં કલેશ :—

'હે બાળ! જરાય ભ્રમણામાં ન રહો કે ઇન્દ્રિયોના મનગમતા વિષયોના ભોગવટા અને પ્રિયજનોના પરિચય સુખકારી છે! **એ ભોગો અને એ પરિચયો તો આ જીવનમાં અને પરલોકમાં બંને ઠેકાણે કેવળ કલેશને આપનારા છે.**

એ ભોગો અને પરિચય પાછળ અહીં મનને કેવી ચિંતા, ભય અને સંતાપ રહ્યા કરે છે એ કલેશ નહિ તો બીજું શું છે?

ભોગો અને સ્વજન સંબંધો પાછળ કાયાને વિડંબવી પડે છે, એ કલેશ નહિ તો શું કહેવાય?

એના ઉપર જ કેવી આફતો ઉભી થાય છે,

રોગો પીડે છે, દોડધામ કરવી પડે છે, આ બધું કલેશનું જ સ્વરૂપ છે.

એની પાછળ પવિત્ર ભાવનાઓ, ઊંચા વ્રત-નિયમો, નિર્મળ તત્ત્વચિંતન, દેવગુરુભક્તિ અને ધર્મ-સાધના વગેરે વિસારી પાપવિચારો, અવિરતિ અશુભ લેશ્યા-ભાવનાઓ, અતત્ત્વચિંતન, મોહાંધોની, સેવા-ગુલામી, અને પાપસ્થાનકોની ક્રિયાઓનાં આચરણ કરવાં પડે, એ શું કલેશ નથી?

'હજી એટલેથી બસ નથી, એની પાછળ પરલોકમાં એથી ય કેઇ ગુણા કલેશ ઉતરી પડે છે! એ ભોગો અને પરિચયોની આસક્તિમાં એક આંખના પલકારા જેટલા સૂક્ષ્મ કાળમાં ય અસંખ્ય વાર જ્ઞાનાવરણાદિ સાતે ય કર્મના થોકબંધ ભાર આત્મા પર વધે છે!...જૂના કેઇ શુભ કર્મ અશુભમાં પલટાઇ જાય છે! કેઇ નવાં શુભ કર્મોની કમાઇ થતી નથી, ને નવાં પાપ બંધાય તે પણ અનુબંધવામાં બંધાય છે! આ બધાં પાપના ભારનો ભયંકર વિપાક પરલોકમાં આવીને ઊભો રહે ત્યાં દુઃખ, દૌર્ભાગ્ય અને દુર્દશાનો કોઇ પાર રહેતો નથી! ભવોના ભવો સુધી ધર્મ પામવાની વાતે ય શી? પછી ચોરાશી લાખ યોનિમાં ચિરકાળ ભમવાનું જ થાય એમાં શી નવાઈ?

'આ બધું કલેશ, કલેશ ને કલેશ નહિ તો બીજું શું કહેવાય? એ વખતે પૂર્વે વહાલા કરેલા વિષયો અને પ્રિય જનો કોઇ જ બચાવવા કે સુખી કરવા આવતા નથી. તો પછી એના ભોગ અને પરિચયમાં શા સારૂ લંપટ થઇ એવી રહેવું? એમાં શી વડાઈ કે શી સુજ્ઞતા ગણાય?' માટે,

સંસારનું મૂળ કષાયઃ—

'હે ભવ્યાત્મા! એમાં લેશ પણ મૂંઝાઓ ના, મોહ ન કરો. ધ્યાનમાં રાખજો કે **એ ભોગો અને સ્વજનપરિચયોની પાછળ જીવને કેઇ કષાયો કરવા પડે છે!** કેઇ રાગદ્વેષ, કેઈ મમતામાયા, ને કેઇ મદ-માન સેવવાનું બને છે! કેટલાય રોષ, ઇર્ષ્યા અને અસૂયા, કેટલીય તૃષ્ણા, લોભ અને આસક્તિમાં સબડયા કરવાનું બને છે! અને **'कषायमूलः संसारः'** સંસારનું મૂળ કષાયો છે; એટલે એ **કષાયના મૂળમાંથી સંસારનું મોટું વૃક્ષ જન્મે છે, એ ખૂબ વિચારણીય છે,** ગયા સંસારની શી અફસોસી કરવી? પણ નવો દીર્ઘ સંસાર ન ઊભો થાય એ તો જોવું જ ને? જો એ ન થવા દેવો હોય તો કષાયોને મૂકવા પડશે. **કષાય સેવવા એટલે ભવવાસને રીઝર્વ કરાવવા જેવું છે, દુર્ગતિને કુંકુમ પત્રિકા લખવા જેવું છે, સંસાર-કેદની સજા ઊભી કરવા જેવું છે.**

વિદ્વાનો, વિરક્તો, અને તપસ્વીઓ પર કષાયોની શિરજોરી!:—

હે વિચક્ષણો! ધ્યાન રાખજો કે **એ કષાયોની કુટિલતા કોઇ વિલક્ષણ છે!**

મોટ મોટા શાસ્ત્રવેત્તાઓ પણ જો માયા વગેરે કષાયમાં પડયા, તો એ કષાયો એની વિદ્વત્તાની લેશ પણ શરમ રાખ્યા વિના એક કંગાળ ક્ષુદ્ર જન્તુની જેમ એને ઘોર દુર્ગતિના ચક્કાવે ચઢાવી દે છે!

મોટ મોટા વૈભવ વિલાસોથી વિરક્ત બનીને બધું ત્યજી વનમાં જઇ બેઠેલાંને પણ કષાયો અહંત્વ અને મહામિથ્યાત્વમાં ફસાવી રાખી અંતે ભવસાગરમાં નિરાધાર કરી દે છે!

ભલભલા ઉપવાસ-છઠ્ઠ-અઠ્ઠમ અઠ્ઠાઇ...યાવત્ માસ-ખમણ સુધીના તપ કરનારાઓએ પણ જો મદ-માયાદિ કષાય સેવ્યા, તો એ કષાયો એમને ય ભવાટવીમાં ભટકતા કરી દીધા છે!

વિચારજો કષાયોની શિરજોરી! મહાવિદ્વત્તા, વૈરાગ્ય કે તપસ્યાવાળાને પણ જો એ ફેંદી નાખે, તો અજ્ઞાન, વિષયાંધ અને ભોગીની કેવ પારાવાર દુર્દશા ન કરે? એનો અર્થ એ નથી કે તો પછી વિદ્વત્તા, વૈરાગ્યાદિ કેળવવાથી ય શું, જો કષાયોની શિરજોરી જ હોય? કેમકે એ તો કષાયોને કાઢી મૂકયા પછી ફરી એને પાછો પગદામ આપીએ, તો એની શિરજોરી છે. બાકી તો,

કષાય-નિવારણના ઉપાય કયા?:—

શાસ્ત્રાધ્યયન, તત્ત્વજ્ઞાન, વૈરાગ્ય અને તપ-સ્યા, એ તો કષાયોને દૂર રાખવાના સચોટ ઉપાય છે. કહો, **એ જ ઉપાય છે, પણ અજ્ઞાન, વિષયાસકિત અને ભોગો નહિ.**

અજ્ઞાનાદિ તો કષાયોને મંદ નહિ પણ પુષ્ટ કરનારા છે. વિષયો, લક્ષ્મી, ભોગો,

પરિવાર; એ બધા તો કષાયોને પ્રેરનારા છે, ઉદ્દીરનારા છે. એટલે ત્યાં તો કષાયોને હટાવવાનો કોઈ અવકાશ નથી. જુઓને આ તમે રાજ્યલક્ષ્મી અને વિષયાદિના સંગમાં એટલા છો માટે જ ભરત પર ગુસ્સો, અહંત્વ વગેરે ધખધખે છે ને? એ કષાયો માસક્ષમણ સુધીના તપ કરનારને પણ અનંતા ગર્ભાવાસ ઉભા કરી આપે, તો બીજાનું એ શું ન કરે? માટે, એ કષાયો અને એના પોષક પાપકર્મો ત્યજી દેવા યોગ્ય છે. તો,

ગમે તેટલું આયુષ્ય પણ કેટલું?:—

पुरिसोरम पावकम्मुणा, पलियंतं मणुयाण जीवियं।

सन्ना इह काममुच्छिया, मोहं जंति नरा असंवुडा॥

હે પુરુષાર્થી પુત્રો! પાપકર્મથી વિરામ પામો, પાપકર્મથી આ મનુષ્ય જીવનને સુખી બનાવવા ધારતા હશો, પણ ભૂલશો નહિ કે મનુષ્યોનું આયુષ્ય વધારેમાં વધારે હોય તો તે ત્રણ પલ્યોપમ સુધીનું જ હોય છે. પછી તો એ આયુષ્ય ખતમ! એની સાથે અહીંની બધી લહેર ખતમ! અને પાપકર્મનાં ફળ દીર્ઘાતિદીર્ઘ કાળ સુધી ભોગવવા ભવચક્રમાં ભમવાનું! માટે પાપકર્મોથી આવા ટૂંકા જીવનને દીર્ઘ ભાવીકાળના ભોગે લહેર કરાવીને શું કરવું છે? કહેશો નહિ કે 'શું કરીએ, પાપકર્મ અમારાથી છૂટતા નથી!' એ કાયરતા પશુને છાજે, પુરુષને નહિ!

પુરુષ એટલે તો પુરુષત્વવાળો, પુરુષાર્થ કરી શકનારો. અબળા પુરુષાર્થ કરવાની તાકાત છે, તો શું સીધા હિતકારી પુરુષાર્થ કરવાની તાકાત નથી? એ તો જે શિથિલ છે, નબળા છે, કાયર છે, તે લોક ઇન્દ્રિયસુખોમાં મૂર્છિત બની વિષયો અને પરિવારના રાગરૂપી કીચડમાં ચોંટી રહે છે. તમારે શા સારૂ એવા નબળા બની ચોંટયા રહેવું?

મોહ છોડયા પછી કેમ જાગે?:—

તમને થશે કે કદાચ ભોગો પરિવાર વગેરે મૂકી તો દઈએ, પરંતુ પછી મોહ જાગે તો?

પરંતુ હે પુત્રો! ધ્યાનમાં રાખો કે માણસ જ્યાં સુધી સંવર નથી કરતો, એ બધાના ત્યાગની હાર્દિક પ્રતિજ્ઞા નથી કરતો, ત્યાં સુધી એ મોહ પામે છે. સંવર કર્યા પછી તો મન કહે છે, 'મારે પ્રતિજ્ઞા છે, હવે છોડયું તે છોડયું; એને મનમાંય ધરાય નહિ.'

સારાંશ, **જીવન ટૂંકું છે, વિષયો કલેશરૂપ છે, માટે ગૃહવાસ મૂકી દો; રાગાદિ કષાય-ચોરોનો માર ન ખાઓ.** ગૃહવાસમાં તો એ જ મળે છે, કષાયોથી પીડાવાનું જ રહે છે.

નહિ કહેતા કે-'ગૃહવાસ છોડીએ તો ખરા, પરંતુ પછી સાધુજીવનમાં ભૂખ-તરસ વગેરે પરીસહ કષ્ટો અને અધમ જીવોના ઉપસર્ગ-ઉપદ્રવો વેઠવા પડે ને? એ શી રીતે વેઠાય?'

કારણ કે, કષ્ટો અને ઉપદ્રવો ગૃહવાસમાં પણ કયાં નથી? બાકી જો એટલું વિચારાય કે,

શું પીડા આપણને જ છે?:—

'ण वि ता अहमेव लुप्पए, लुप्पंती लोअंसि पाणिणो'

આ જગતમાં હું એકલો જ પીડાતો નથી, બીજા પ્રાણીઓ ય ભારે પીડાઓ વેઠે છે. તો પીડા વેઠવાનું મારે કયાં નવું છે? ઉલ્ટું, ફરક એ પડે છે કે **અજ્ઞાન જીવોનું ઘણું બધું વેઠેલું અકામ નિર્જરામાં જાય છે, ત્યારે મુનિજીવનમાં વેઠેલું સુંદર સકામનિર્જરાનો લાભ આપે છે.** અકામ-નિર્જરા એટલે પરાણે કર્મ ખપે તે પણ થોડા, અને નવાં પાપના બંધ બહુ! સકામનિર્જરામાં પરાણે નહિ પણ કર્મક્ષય કરવાની ઇચ્છાથી સહર્ષ કષ્ટ ઉપદ્રવ વેઠવાનાં હોય છે, તેથી ત્યાં વિપુલ કર્મક્ષય થાય છે, ને નવાં કર્મ ઓછાં લાગે છે!

ત્યારે તમને એમ થશે કે કષ્ટ-ઉપદ્રવ તો વેઠી લેવાય પરંતુ ગૃહવાસ છોડયા પછી પૂર્વના ચિરકાળના પરિચિત સ્નેહી-સ્વજનો લોભાવે-આકર્ષે, ત્યાં શી રીતે સ્થિર રહેવાય?

સ્વજનો કેમ ન આકર્ષી શકે?:—

પણ હે સૌમ્ય! એમાં જો જો કે **ગૃહવાસ છોડયો એ અસંયમના જીવનથી છૂટી સંયમ-જીવન આદરવા માટે ને? તો જેને અસંયમના જીવન ઉપર ભારે કંટાળો છે, તિરસ્કાર છે, એને સંસારી સ્વજનો આકર્ષવા કેમજ સમર્થ થઇ શકે?** કેમકે એમની સાથેના સહવાસમાં તો અસંયમ આદરવા પડે છે! એટલે જ મન કહી દે

કે જ્યાં અસંયમ જીવવું પડે એવા આ સ્વજન-સ્નેહીઓના સહવાસથી સર્યું. કિંમત શાની છે? સ્વજનો અને વિષયોની? કે દીર્ઘ સુખદાયી સંયમ જીવનની?

એ તો જે સત્ત્વ વિનાના હોય તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જીવનને બદલે સ્વજન અને વિષયોરૂપી ચેતન-અચેતન વસ્તુમાં આકર્ષાઈ મોહ પામે! કેમકે એના મોહ છોડી સમ્યગ્દર્શનાદિમાં સ્થિર રહેવાનું એમનામાં સત્ત્વ નથી. એના માટે સત્ત્વ જોઇએ છે. મોટાં રાજ્યો સર કરવાની તૃષ્ણાથી જંગી યુદ્ધો ખેલે કે કામરાગની પાછળ પ્રાણ સુધીની કુરબાની આપે એવા સત્ત્વની કિંમત નથી, એમાં સાચું સત્ત્વ નથી; કારણ કે ત્યાં પોતાના રાગાદિ આંતર દુશ્મનોની ભારે ગુલામી સેવાતી હોઇ નિઃસત્ત્વ દશા છે.

સત્ત્વ શું?:—

પરંતુ હે પુત્રો! સમજજો કે **આત્મા એના શુદ્ધ સ્વરૂપમાં માત્ર નિર્મળ જ્ઞાન-દર્શનના સ્વરૂપવાળો છે; પણ રાગદ્વેષાદિ મલિનતાવાળો નહિ!** વિશુદ્ધ અસાંયોગિક આનંદવાળો છે, પરસંયોગાધીન શાતાઅશાતાવાળો નહિ! એનું સત્ત્વ એ શુદ્ધ જ્ઞાન અને આનંદ છે; પણ એના પર કર્મના આવરણ ચઢી જવાથી એ ઢંકાઇ ગયા છે. એટલે પછી આત્મા રાગ-દ્વેષાદિની કંગાલિયતના ભોગવે છે; નિઃસત્ત્વ, નિર્મળ અને અજ્ઞાન બની કષાયની પરિણતિમાં નિરંતર મગ્ન રહે છે. એને ખબર નથી કે **જગતના ભાવોનું માત્ર દર્શન કરવાનું હોય, એમાં લહેવાઈ-લપટાઇ જવાનું નહિ!** પણ સત્ત્વ નહિ હોવાથી પોતાના જ હૃદય પર પોતાનો કાબુ નથી રહેતો, હૃદય લહેવાઇ જાય છે, અને તેથી એમાં મિથ્યાત્વ, અસંયમ, રાગ-દ્વેષ, મોહ-માયા, અને જડના વિકલ્પો વગેરે કેઇ અવગુણો ઘૂસીને આત્માને દીર્ઘ દુર્ગતિના પંથે ચઢાવી દે છે! બસ, અહીં **સત્ત્વ એ ખીલવવાનું છે કે હૈયું કાબુમાં રહે, જગતના ભાવોમાં લહેવાઇ ન જાય, રાગદ્વેષાદિને પરવશ ન થઈ જવાય, અને દૃઢ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય જીવન જીવાય.** સત્ત્વ કેળવવું હોય તો આ કેળવો; બાહ્ય યુદ્ધો કરવામાં શા સત્ત્વ હતા? ત્યાં તો નીતરતી આંતરશત્રુની ગુલામીમાં સત્ત્વહીનતા જ દેખાય છે. જેમ, માણસ 'જુઓ હું કેવો બહાદુર છું' એવા ગુમાનથી શાબાશી લેવા જો પોતાના જ પગ પર કુહાડો મારે તો તે મૂર્ખ ગણાય છે, એવી રીતે 'બીજા કરતાં અમે નબળા નથી બળવાન છીએ,'—એ શાબાશી લેવા સત્ત્વહીનપણે કષાયો અને કલહને પરવશ થઇ પોતાના આત્મા પર કુઠારાઘાતથી ય મહાભંયકર પ્રહાર કરવા, એ સરાસર મૂર્ખતા છે.

સર્પ કાંચળી ત્યજે તેમ મુનિ માનમદ ત્યજેઃ-

હે પુણ્યવંતા પુત્રો! ધ્યાનમાં લેજો કે **મહામુનિઓ અથાગ સત્ત્વને વિસ્તારી, જેવી રીતે સર્પ કાંચળીને ત્યજીને ચાલ્યો જાય પછી એના સામું ય ન જુએ, તેવી રીતે માન, મદ, તૃષ્ણા વગેરેને પડતા મૂકી સંયમજીવનમાં ચાલ્યા જાય છે.** અને એવા સત્ત્વશીલ રહે છે કે પછી એનો વિચાર સરખો ય કરતા નથી. માણસને અહંત્વ મારે છે, 'હું ધણી, હું ધણિયાણી, હું બાપ, હું રાજા...તે હું એકદમ છોડી દઉં તો કેવો લાગું!' —આ માન નડે છે. એમ જીવને તૃષ્ણા પીડે છે, રાગાદિ પીડે છે. તેથી જ, જેમ **પેટના દર્દથી પીડાતો ઉત્તમ જમણ જમવાનું ચુકાવે, એમ આ કષાયોથી પીડાઈ રહેલો ભવ્ય મોક્ષમાર્ગ સાધી લેવાનું ચૂકે છે.** સત્ત્વ પ્રગટાવનારા મહર્ષિઓ વિકટ સંયોગોમાં પણ એ માન, મદ વગેરેની લેશમાત્ર પીડાને વહોરતા નથી; અને મુક્તિના રાહે પોતાની સાધનામાં આગેકૂચ કરતા પોતે કોઇ પણ જીવને સહેજ પણ કલેશરૂપ નથી બનતા.

પરપીડા કેમ ત્યજાય?:—

હે ચતુર પુરુષો! ખ્યાલમાં લેવા જેવું છે કે જીવન જીવતાં એવા કેઇ પ્રસંગો આવે કે જ્યાં પોતાની સ્વાર્થપૂર્તિ કરવા માટે બીજા ક્ષુદ્ર જીવોને પીડા આપવા, યાવત્ એનો નાશ કરવા સુધી જીવ લલચાય; પરંતુ તે પોતાના જ રાગ, લોભ વગેરેની પરવશતાને લઇને બને છે; ત્યારે, **મહામુનિઓને તેવી કોઇ સ્વાર્થપૂર્તિ કરવી નથી, કે રાગાદિની અંશ માત્ર પરવશતા નથી, તેથી શું કામ કોઇ એક પણ જીવને સહેજ પણ દુભવે?** ત્યારે શું પરને પીડા આપ્યા પછી એના પડઘો નથી

પડતો ? યાદ રાખો,

પરપરાભવનું ફળ :—

'जो परभवइ परंजणं, संसारे परियत्तइ महं।'

-જે બીજા જીવનો પરાભવ કરે છે, એ સંસારમાં બહુ કાળ ભટકે છે. એક ભવમાંથી બીજા ભવમાં, એક દુઃખમાંથી બીજા દુઃખમાં, એક પરાધીનતામાંથી બીજી પરાધીનતામાં, એક પુદ્ગલ પરથી બીજા પુદ્ગલ પર, એક ચિંતામાંથી બીજી ચિંતામાં, એક કર્મના ઉદયમાંથી બીજા કર્મના ઉદયમાં,...એમ કેટલીય જાતના પરિવર્તન વેઠયે જાય છે! માટે જ કહેવાય કે,

'परोपकारः पुण्याय, पापाय परपीडनम्।'

પરોપકાર, પરદયા, એ પુણ્યદાયી છે, અને પરપીડા એ પાપઅર્જક છે. વાત પણ સાચી છે, બાવળ વાવીને કેરી કયાંથી ઉગાડી શકાય ? કોઇને તાંબિયા પૈસા ધીર્યા ઉપર એની પાસેથી હીરામાણેક પાછા કયાંથી મેળવી શકાય ? બીજાને દુઃખ-અશાતાના દાન દીધા પછી સુખ-શાતા મળવાની શી આશા રાખી શકાય ? ત્યારે ધરવાસમાં કમમાં કમ સ્થાવર જીવોને માર માર કર્યા સિવાય કયાં રહેવાય છે ? તો એનું ફળ શું આવવાનું ? એના બદલામાં શું મળવાનું ?

મોહશાસનથી ધર્મશાસન વહું કેમ ? :—

હે સોભાગી જીવો ! એટલું તો વિચારો કે **આ સર્વોચ્ચ ભવ પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય સાંપડયા ઉપર શું પરપીડામય દુર્ભાગી જીવન જીવવામાં શોભા છે ? તે પણ શું મદ-માયાની ચક્કીમાં પિસાયા કરવાનું દૌર્ભાગ્ય વેઠીને ?** જરા નજર નાખો પૂર્વના ચક્રવર્તી સરખા મહાવૈભવી જીવોના ચારિત્રજીવન પર ! એમના વૈભવ-વિલાસમાં શી ખામી હતી ? એમની સત્તા, ઠકુરાઇ અને દમામમાં શી કમીના હતી ? છતાં સાધુજીવન લીધા પછી એ શા સારૂ પોતાના પૂર્વદીક્ષિત એક દાસના દાસ સાધુના ચરણમાં માથું ઝુકાવી વંદના કરે ? પોતાના ચક્રવર્તી સમ્રાટપણાની જહાંગીરશાહી વખતે પોતાના એક નોકરનો પણ જે નોકર હતો, એ હવે મુનિ બની ગયેલ છે, અને પોતે એની પછી મુનિદીક્ષા લે છે, તો એના પગમાં પડી નમસ્કાર કરવામાં એને કેમ લજ્જા નથી આવતી ? તેમ એ વંદના લેનાર મુનિને આવા ચક્રવર્તી મુનિ વંદનાની મળવા બદલ કેમ અભિમાન નથી થતું ? **મોહશાસન મૂકીને ધર્મશાસન પામ્યાની આ બલિહારી છે કે એક વખતનો ઊંચો નીચાને નમતાં શરમાવતો નથી, કેમકે એને માન-મદ નથી; ત્યારે એક સમયનો નીચો નમન લેતાં ફુલાતો નથી;** કારણ કે **એ પણ મદ અભિમાનથી દૂર ને દૂર રહે છે.** બાકી મોહના શાસનમાં તો ઓછા પુણ્યવાળાને ય ખુમારી હોય છે, ને વધુ પુણ્ય ધરાવનારા ય અહંકારના ઘોડાપૂરમાં તણાઇ જાય છે ! મોહરાજાની આ કરામત છે કે જીવની કાનપટ્ટી ઝાલીને એને એવી ભ્રમણા કરાવે કે-'હું કમ નથી, કાચો નથી ! હું તો પહોંચતો છું, પાવરધો છું. હું શાનો દબાઉં ? શાનો ગાંજ્યો જાઉં ?'... આમ ભ્રમણા સેવી સેવીને જાતે જ પાયમાલ થાય છે ! અંતે તો વળવાનું-ટકવાનું કાંઇ જ નહિ, છતાં કર્મ એની સામે કોઇ એક ઓઠું ગમે તે નિમિત્ત ધરીને એને ચીડવે છે ! મદમાં નચાવે છે ! બાલિશ જીવને ભાન નથી કે-**'એક રે દિવસ એવો આવશે, જ્યારે હું ય નહિ હોઉં, ને સામેનું નિમિત્તે ય નહિ હોય ! ને મદમાં સહી મર્યાના દારુણ વિપાક મારે ભોગવવા પડશે !'** આ ભાન હોય તો શેખી શાના ઉપર ?

મુનિઓ દૂરદર્શી, અતીત-અનાગતદર્શી :-

હે વીરો ! વીરતા તો તે મહામુનિઓની યાદ કરો કે જે એ વસ્તુને બરાબર સમજતા હોય છે, તેથી જ એ

'दूरमणुपस्सिया मुणीऽतीतमणागयं तहा।'

-દૂર અતિદૂરવર્તી મોક્ષ તરફ એ મીટ માંડી રહ્યા હોય છે; 'કયારે હવે જલદી મોક્ષ મળે ? કેમ મોક્ષની નિકટ નિકટ પહોંચી જવાય ?' એ તમન્નામાં હોય છે; અને મોક્ષ એટલે તો **સર્વથા** મદરહિત સ્વસ્થ વીતરાગ અવસ્થા; તો 'કેવી રીતે એ મદના સર્વથા ભુક્કા કરી નાખું ?' એ માટે એ મુનિઓ જીવોની ભૂતકાળની સંસારમાંની ઊંચી-નીચી સ્થિતિ અને ગતિને જોનારા હોય છે. એ ઊંચી-નીચી કેવી ? **કર્મને પનારે પડયા જીવને એક**

વાર કુળ, લક્ષ્મી, સત્તા, હોશિયારી વગેરેના શિખરે ચઢવાનું બને છે, તો બીજી વાર એની ખીણોમાં પટકાવાનું બને છે ! ત્યાં મદ-માન કર્યાના શા લેખા રહ્યા ? ઉલટું ભાવી સંસાર-માંની ઊંચી-નીચી સ્થિતિ-ગતિઓમાં પાછું ચઢવા-પડવાનું ચાલુ જ રહે છે ! જેમાં ઉન્માદ-ઉદ્વેગ સિવાય બીજું કાંઈ જોવા મળતું નથી ! આનું હુબહુ નિરીક્ષણ કરનાર મહામુનિ જાતે મદના લેપથી સહેજ પણ લેપાતા નથી; તેમ મદભર્યા ભોગો અને પાપક્રિયાઓ આદિને લેશ પણ આવકારતા નથી.

'धम्मस्स पारए मुणी आरंभस्स अंतए ठिए ।'

-શ્રુતધર્મ અને ચારિત્રધર્મને પાર કરી ગયેલા મુનિ સાવદ્ય વ્યાપાર યાને પાપક્રિયાના છેડે ઉભેલા અર્થાત્ એનાથી સર્વથા રહિત બનેલા હોય છે.

મહામુનિઓના પરાક્રમો:—

હે બુદ્ધિમાન પુત્રો ! **આ મહામુનિઓ દેવો નથી હોતા, તમારા જેવા મનુષ્યો જ હોય છે. છતાં એમનું સત્ત્વ, એમની બુદ્ધિમત્તા, અને એમનો પુરુષાર્થ જુઓ કે**

રાગદ્વેષ અને મદમાયાને લેશ પણ મચક ન આપવા માટે ઠંડી વગેરેથી બચવા મુકામની બારી સરખી પણ બંધ કરતા નથી !

મન મોકળું કરવા કે બીજી ત્રીજી રક્ષા-સગવડ અર્થે કોઇની ય સાથે પ્રશ્ન-ઉત્તર કે વાતચીત સરખી કરતા નથી !

સૂર્યાસ્ત થયે એક ડગ આગળ ચાલતા નથી, પછી ભલે ભયભર્યા સ્થાને રાત્રિભર રહેવું પડે !

હે વીરો ! શું વીરતા તો આ કેળવવા જેવી ? કે એથી ઉલટી નામની વીરતા ને પોતાના રાગદ્વેષા-દિથી હારવાની કાયરતા ? બુદ્ધિ, સત્ત્વ અને પુરુષાર્થ ક્યાં ફોરવવાના ? જુઓ કે

એ મહામુનિઓ તો અતિદુઃખદ ઠંડી-ગરમી, ડાંસ-મચ્છર, પ્રહાર-પરાભવ વગેરે ઘોર પરીસહો અને દૈવી-માનવીય પ્રાણાન્ત સુધીના ભયંકર ઉપ-સર્ગોમાં એવા અડોલ અને ઉપશમ રસતરબોળ રહે છે કે એવા વખતે શરીરે રોમાંચ ખડા થઇ જવા વગેરે કોઇ વિકાર એમનામાં જાગતો નથી. કોઇ અરેરાટી, કોઇ હાય કે વોય, કોઇ સિત્કારી કે આંતર ઊંકારો, કશું જ એ થવા દેતા નથી. કેટલી વીરતાભરી ભવ્ય નિષ્પ્રકંપતા-નિર્વિકારતા !

પરાક્રમ જ ખેડવા હોય તો આ સ્થિતિએ પહોં-ચવાના ખેડો કે પછી કોઇ કાયાના ચામડા ઉઝરડી નાખે કે આખા ને આખા સળગાવી મૂકે છતાં લેશમાત્ર ચૂંકારો-ઊંકારો ન થાય કે કોઇ દ્વેષ-દીનતાનો વિકાર થાય નહિ.

અહીં વિચાર થઇ પડશે કે જરા છોલામણ કે તણખામાં ઝણઝણાટી થઇ જતી હોય ત્યાં આ તે શી રીતે બને ?

પરંતુ એ નિર્બળતાનું કારણ તો એ છે કે પોતાના આત્મસ્વરૂપનો વિચાર નથી કરવામાં આવતો.

આત્મસ્વરૂપની ભાવના :—

આત્મસ્વરૂપનું વારંવાર ચિંતન જોઇએ, ખૂબ ખૂબ ભાવના ભાવવી જોઇએ. **વારંવારની એક સરખી ભાવના દીર્ઘકાળ સુધી કર્યા કરવાથી આત્મા અને મન એવા ભાવિત થઈ જાય છે કે પછી વસ્તુને તે સ્વરૂપે જાણે સાક્ષાત્ અનુ-ભવે છે.** ભાવનાના એક પ્રકાર તરીકે આત્મસ્વરૂપની એ રીતે ભાવના કેળવવી જોઇએ કે, 'મારો આત્મા એટલે કે **ચેતન એવો હું સ્ફટિક રત્નની જેમ નિર્મળ અને અક્ષય છું.** મારામાં નથી તો કોઇ રાગદ્વેષાદિના ડાઘ લાગતા, કે નથી તો કોઇ છેદન-ભેદન વગેરે થઇ શકતું.' કલ્પના કરાય કે, 'જાણે મને કોઇ હીરામાણેકની પેટીઓ ભેટ ધરવા આવે છે, અથવા પૃથ્વીનું સામ્રાજ્ય સોંપવા તૈયાર થાય છે, અગર તો જાણે કોઇ મારું સર્વસ્વ લૂટવા આવે છે, છતાં નિર્મળ દર્પણ જેવો હું આત્મા માત્ર એનું શુદ્ધ દર્શન કરી રહ્યો છું, પણ કોઇ જ રાગ, દ્વેષ, કે હર્ષ, ઉદ્વેગ વગેરે વિકાર હું અનુભવતો નથી એમ જાણે શરીરમાંથી માંસના લોચા કપાવા માંડે છે, કે શરીર જાણે સળગવા લાગે છે, છતાં હું જરાય કપાતો નથી કે સળગતો નથી; એવો **હું વજ્રથી અધિક કઠિન છું, અવિકાર અને અવિનાશી છું.'** આવી આવી વિવિધ ભાવના વારંવાર કરવામાં આવે તો ખરા પ્રસંગના અવસરે અંશે પણ નિર્વિ-કારતાનો અનુભવ કરી શકાય.

સમભાવથી ભયનો અભાવ:—

હે સુજ્ઞ પુરુષો ! સત્ત્વશીલ મહામુનિઓ ત્યાં સુધીના સામાયિક-ભાવમાં ચઢેલા હોય છે કે ભયંકર ઉપસર્ગોમાં પણ એ રોમાંચ, કંપ વગેરે કોઇ જ વિકાર જાગવા દેતા નથી; અને,

'सामाइयमाहु तस्सजं, जो अप्पाण भए न दंसए।'

-સામાયિક પણ તેને કહે છે કે જ્યાં સમભાવને આત્મસાત્ કરવાના હિસાબે કોઈ પણ પ્રકારના ભયને પરવશ થવાનું હોતું નથી. સમભાવ જગાડયો છે એટલે જીવન-મરણ, શત્રુ-મિત્ર, સુખ-દુઃખ, ઇત્યાદિ પ્રત્યે સમદૃષ્ટિ છે, એમાંથી એકેય સારું-નરસું કે આદર-અનાદર યોગ્ય લાગતું નથી. પછી શા માટે દુશ્મન, દુઃખ, કે મરણનો ઉપસર્ગ ઉપસ્થિત થતાં ભય થાય ? જીવન મરણાદિ પર આ સમદૃષ્ટિ એટલા માટે છે કે એ બધું પર છે; તો પરની પાછળ ધસડાવા કે ભય પામવાનું શા સારૂ કરવું ? માટે જ 'ચાલો, ઉપસર્ગ વેઠવાથી પરજનોની પ્રશંસા મળશે, અગર પરભવે સ્વર્ગાદિનું જીવન મળશે' એવી લાલસા પણ હોતી નથી. વિચારવા જેવું એ છે કે **મનુષ્ય જીવન પામીને કઈ જાતના સત્ત્વ અને વિવેક જગાવી શકાય, કેવા પરાક્રમ આદરી શકાય ? અને કેવા ઊંચા વિકાસ સાધી શકાય ?**

દિવ્ય, માનવી ય અને પાશવી કર્તવ્યના વિભાગ :—હે નરરત્નો ! આ **અણમોલા સમયના કર્તવ્ય પરખો;** કયાં કર્તવ્ય દિવ્ય ? કયાં માનવી ય ? ને કયાં પાશવી ચાલુ જીવન સરખાવતાં ચોંકી ઉઠશો ! **દિવ્ય કર્તવ્યો બજાવવા માટે તો મહર્ષિનું જીવન અપનાવવું પડશે,** અને ત્યાં,

(૧) પૂર્વે ભોગવેલા ઇષ્ટ વિષયોનું સ્મરણ પણ કરવાનું હોતું નથી; કેમકે એ વાસનાને ઉત્તેજિત કરનારું છે. સાથે,

(૨) સર્વથા કષાયમુક્ત થવાની ચિંતા રાખ્યા કરવાની હોય છે. તેમજ,

(૩) ઇષ્ટાનિષ્ટ વિષયોમાં મનને મુદ્દલ લઇ જવાનું હોતું નથી.

આ જે કરી જાણે તે જ ભવ્ય સમાધિનો અનુભવ કરી શકે છે. **જેમ વિજયી જુગારી** ૧, ૨, ૩, આંક નહિ પણ ચોકિયાને પકડનારો હોય છે, **તેમ બુદ્ધિમાન પુરુષ ગૃહસ્થધર્મ, મિથ્યામતિના ધર્મ અને કુગુરુ પાસસ્થાદિના ધર્મને ત્યજી યતિધર્મને વળગનારો હોય છે.**

દિવ્ય કર્તવ્યના સ્વાદને ધ્યાન પર લો, દિવ્ય કર્તવ્યના સ્વાદને જીવનમાં અનુભવો.

હે દીર્ઘદર્શી પુત્રો ! સૂક્ષ્મતાથી જોશો તો જણાશે કે

उत्तरमणुयाण आहिया, गामधम्मा इइ मे अणुस्सुयं ।
जंसी विरया समुट्ठिया कासवस्स अणुधम्मचारिणो ॥'

-ઉત્તમ મનુષ્યોને માટે વિષયો એ તો ગામડિયાપણાના પ્રદર્શક છે. માટે એનાથી વિરામ પામી, અર્થાત્ પ્રતિજ્ઞાપૂર્વક એના ત્યાગી બની, એ ભવ્યાત્માઓ તીર્થંકર ભગવાનના અનુયાયી બનનારા હોય છે ! **આ જગતમાં અર્હંત પરમાત્માના અનુયાયી બનવાથી અધિક કર્તવ્ય પંડિતો માટે શું હોઈ શકે ?** અજ્ઞાન જીવોને દીર્ઘ કે વિશાલ દૃષ્ટિ હોતી નથી તેથી,

'वित्तं पसवो य नाइओ, तं बाले सरणं ति मन्नइ' ।

-અજ્ઞાન જીવો ધન, પશુ અને સગાંસંબંધીને શરણ તરીકે સ્વીકારે છે. જાણે એનાથી જ સુખ અને સંરક્ષણ મળશે એમ માની એની જ ચિંતા અને સેવામાં રચ્યો પચ્યો રહે છે. પરંતુ એમાં પોતે જ ઉપાર્જેલા કર્મો વડે એ આ સંસારમાં, અનેકાનેક જન્મ-જરા-મૃત્યુના ઉપદ્રવોથી પીડાય છે ! કેવી વિટંબણા ! **અશરણને શરણ તરીકે સેવવા પાછળ કયી દુર્દશા ! વિચારજો કે શું પર, વિનાશી અને વિપત્તિકારી ધન-પશુ-સગાં એ શરણ આપે ? કે સ્વકીય, અવિનાશી અને સંરક્ષક યતિધર્મ જ એ શરણ આપી શકે ?**

इणमेव खणं वियाणिया, णो सुलभं बोहिं च आहिए ।
तिविहेण वि पाण मा हणे, आहियते अणियाण संवुडे ।
एवं सिद्धा अणंतसो, संपइ जे अ अणागए वरे ॥'

વર્તમાન દુર્લભ ક્ષણને પિછાણોઃ—

હે મહાભાગ ! આ જન્મની અપૂર્વ ક્ષણનાં યોગ્ય મૂલ્યાંકન કરો. આ તે ક્ષણ છે, તે અવસર છે, કે જ્યાં પ્રતિકૂળતા આવકારવા દ્વારા સંસારમાં સામા પૂરે જઈ શકાય, અને છતાં આશ્ચર્ય છે કે મુક્તિના કિનારે પહોંચી શકાય ! અને મુક્તિએ પહોંચ્યા પછી માથે કોઇ સત્તાધીશ નથી, પરાભવ કરનાર નથી, શત્રુ નથી, કે ક્લેશ દુઃખનું કોઈ જ નિમિત્ત નથી. **આ તે અવસર છે કે જ્યાં સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીના ઉત્તમ વ્યાપાર કરી શકાય. બીજા ત્રીજા વ્યાપાર ખેડવાના ભવ ઘણા, રત્નત્રયીના વ્યાપાર ખેડવાનો ભવ માત્ર એક મનુષ્યભવ, અને તે પણ માત્ર સામગ્રીસંપન્ન માનવભવ !** તો શા માટે એની એ પ્રમાણે કદર કરતા નથી ? ને અન્ય ભવ સુલભ કષાય પ્રવૃત્તિમાં શા સારૂ તણાઇ રહ્યા છો ?

બોધિ ફરીથી દુર્લભ છેઃ—

ધ્યાનમાં રાખજો કે આવી ક્ષણ, આવો મનુષ્ય ભવ તો દુર્લભ છે જ, પણ વિશેષે કરીને **બોધિ યાને હિત પ્રાપ્તિ અહિત ત્યાગ અત્યંત દુર્લભ છે.** અહીં એને આદરી શકો એ સુલભ બન્યું છે, છતાં જો નહિ આદરો તો પરભવે તો એ કયાંથી જ પ્રાપ્ત કરી શકાશે ? કેમકે **અહીં છતી સગવડે એની ઉપેક્ષા એ એવા મોહનીય કર્મને દૃઢ કરે છે કે જે પરભવે મહાવિઘ્નભૂત બને છે. સંસારમાં જન્મ્યું સાર્થક થવાનો આધાર સારા જીવન પર છે. સારૂં જીવન એટલે જન્મ-મરણની જંજાળનો અંત લાવે તેવું જીવન. એ અંત થવાનો આધાર સંબોધિ પ્રાપ્ત કરવા ઉપર છે.**

ત્રિવિધ-ત્રિવિધે હિંસા ત્યજો; નિદાન ત્યજોઃ સંવર કરોઃ—

સંબોધિમાં જે અહિતનો ત્યાગ કરવાનો છે, તેમાં પહેલું તો **જીવમાત્રની હિંસાનો ત્રિવિધિ-ત્રિવિધે ત્યાગ કરવાનો છે.** 'કોઇ પણ જીવને મનથી, વચનથી, અને કાયાથી મારૂં નહિ, મરાવું નહિ, તે મારતાંને અનુમોદું નહિ;' એ રીતે પ્રતિજ્ઞાપૂર્વક હિંસાત્યાગ કરવાનો છે, જીવમાત્ર પ્રત્યે, ચાહે તે આપણો માથાવાઢ દુશ્મન હોય, એની ઉપર પણ આપણા દિલની આ દયાભરી કોમળતા વિના સકલ કર્મનું નિરાકરણ થઇ શકે એમ નથી. ઉલટું **હિંસાથી, તો કર્મના ભાર વધે છે.**

અહિત ત્યાગમાં બીજું, કોઈ પણ પ્રકારનું નિયાણું કરવાનું નથી. અર્થાત્ પર પુદ્ગલ માત્રની આશંસા ત્યજી દેવાની છે. ધર્મના ફળરૂપે ય નહિ, ને વર્તમાન આકાંક્ષારૂપે ય નહિ.

હિતના આદર તરીકે સંવર આદરવાનો છે. સંવર એટલે જગતમાં જેટલાં પાપસ્થાનક કહેવાય છે, એ સર્વથી નિવૃત્ત થવું તે. આગળ વધતાં ક્રિયા માત્રથી પાછા હટવાનું છે, અને અયોગી કેવળી બનવાનું છે.

હે પુણ્યવાનો ! આમ કરીને આજ પૂર્વે અનંતા ઉત્તમ આત્મા સિદ્ધિપદને પામ્યા છે, વર્તમાનમાં ય ઉત્તમ જીવો એ રીતે સિદ્ધિપદ પામે છે, અને ભવિષ્યમાં પણ પામશે. તો તમારે ય એમનો રાહ પકડી જીવનને સુંદર સફલતા પમાડવા જેવી છે. જે કાંઇ વિચારણા કરવાની છે તે આંખ મિંચાયા પહેલાં કરજો. **આંખ મિંચાયા પછી, જીવનદોરી કપાયા પછી, એક પણ વિચારણાને અવકાશ નહિ મળે.**"

આ સાંભળીને અઠ્ઠાણું ય પુત્રો ભરત પ્રત્યેની દુશ્મનાવટને તો શું, પણ આત્મા ય સંસારમોહને વિસરી ગયા, મોહ મૂકી દીધો અને પ્રભુ પાસે ચારિત્ર લઈ સ્વ-પરના તારક બની ગયા. ★

—: જલદી નોંધાવી દો. :—

પ્રકાશકીય:—પરમતેજ અરિહંત પરમાત્માના ભક્તને એમની અનેકવિધ વિશિષ્ટતાઓનો અને અસર્વજ્ઞની મહાન ન્યુનતાઓનો સુન્દર ખ્યાલ આવે, તેમજ જૈન દર્શનના તત્ત્વોનાં પરમતેજનો અદ્‌ભુત બોધ મળે એવું શ્રી લલિતવિસ્તરા ગ્રન્થનું વિસ્તૃત વિવેચન તૈયાર થઈ રહ્યું છે. અર્હદ્‌ભક્તને એના વિના ચાલી શકે નહિ. કુટુંબ, મિત્રમંડળ વગેરેમાં પણ ખૂબ ઉપયોગી અને આવશ્યક આ ગ્રન્થની કોપીઓ જલદીથી નોંધાવી દેવા અને પહેલા ભાગની દરેક કોપી દીઠ રૂા. ૫) કાર્યાલયે પહોંચતા કરવા વિનંતિ છે.

મુદ્રક ચન્દ્રકાન્ત રતિલાલ શાહ. (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીની ખડકી, માણેકચોક, અમદાવાદ. ત્યાંથી છાપી પ્રસિદ્ધ કર્યું.

દિવ્ય દર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ઘીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ-૭, અંક-૩૩
બચુભાઇ ચીમનલાલ ઝવેરી મુંબઇ શાખા : ૧૬૭-૬૯, કીકા સ્ટ્રીટ. શનિવાર તા. ૨-૫-૧૯૫૯

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી** મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના વિદ્વાન શિષ્યરત્ન

પૂ. ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.

ગૃહસ્થધર્મ કેમ દીપે? (ચાલુ)

—: ચંડકૌશિયાનું દૃષ્ટાન્ત :—

દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી પહેલા ભવનું પ્રમાણ:—

ઋષભદેવ પ્રભુએ અઠ્ઠાણું પુત્રોને આપેલી એજ દેશના આપણે પણ વિચારવાની છે. આંખ મીંચાયા પછી કાંઈ નહિ વળે. પછી પાછું આવું આ મોહનું નાટક ચાલુ રહેશે, કદાચ ભવાંતરમાં વૃદ્ધિ પામશે.

પ્ર૦—વૃદ્ધિ શી રીતે ?

ઉ૦—ચંડકૌશિયાનો પ્રસંગ યાદ કરો. દરેક ભવે **દ્રવ્યથી**, **ક્ષેત્રથી**, **કાલથી** અને **ભાવથી** એનો ગુસ્સો વધતો ચાલ્યો. જન્મે જન્મે વધતો ગયો. પ્રથમ સાધુના ભવમાં માત્ર એક ક્ષુલ્લક સાધુ પર ગુસ્સો કર્યો હતો એટલે **દ્રવ્યથી**, એક વ્યક્તિ પર ગુસ્સો હતો, **ક્ષેત્રથી**, ઉપાશ્રયમાં રહેનાર એ સાધુ પ્રત્યે હતો એટલે એટલા ક્ષેત્ર પૂરતો હતો; **કાલથી**, તો કેટલો જ કાલ, કેમકે લગભગ જીવનના અંતકાલે આ બનાવ બનેલ છે, **ભાવથી**, એક માત્ર દંડો અને તે એકવાર ઠોકવાની બુદ્ધિ હતી, 'આ બહુ વાચાલ છે, જરા દંડો મારી સીધો કરી દઉં,' આ રીતે દંડો મારવા પૂરતો ગુસ્સો હતો, મારી નાખવાની બુદ્ધિ નહોતી સાધુથી દેડકી મારી હશે, ક્ષુલ્લક સાધુ મહારાજને પ્રાયશ્ચિત્તની યાદી કરાવતો હતો, એ માનતો 'મહારાજ ભૂલી ગયા,' એટલે 'મહારાજ પેલી દેડકી,' એમ બોલી પ્રાયશ્ચિત્ત માટે યાદ કરાવતો હતો. સાધુને થયું, આજે આને દેડકી ભુલાવી દઉં, સાંજે તો ન બોલ્યા; રાત્રે દંડો લઇને આવેશમાં દોડયા ઠોકવા ક્ષુલ્લકને. અંધારે કાંઇ દેખાયું નહિ, વચ્ચે એક થાંભલે જોરથી પટકાયા, માથું ફૂટી ગયું, કાલ કરી ગયા. ચારિત્ર પાળ્યું હતું, એટલે જ્યોતિષ લોકમાં દેવ થયા.

દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી ગુસ્સાનું બીજા ભવનું પ્રમાણ:—

ત્યાર પછી તાપસ થયા. ત્યારનું ગુસ્સાનું પ્રમાણ તપાસો. ત્યાં ગુસ્સાના દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવનું પ્રમાણ વધ્યું. **દ્રવ્યથી**, જે ફલ લેવા આવે તે તમામ પર ગુસ્સો હતો, 'બતાવી દઉં જે ફલ લેવા આવે એને !' **ક્ષેત્ર** વધ્યું, વાડી સુધી ગયું જો જો પહેલા ભવમાં દ્રવ્યમાં એક વ્યક્તિ હતી, ક્ષેત્રમાં માત્ર ઉપાશ્રય હતો. **કાલથી**, પ્રથમ ભવમાં જોયું કે જીવનના અંતકાલે બનેલું એટલે ઘણો ઓછો કાલ ! જ્યારે આ ભવમાં એની માલિકી પછી જ્યારે જ્યારે લગભગ વાડી ખીલવા માંડી અને ખીલેલી રહી તેટલા તેટલા કાળ માટે બતાવી દેવાની ભાવનાનો ગુસ્સો રહ્યો **ભાવથી**, પ્રથમ ભવમાં તો દંડા પૂરતી વાત હતી, હવે 'બસ મારું, એવો મારું કે હરામખોર ખોડ ભૂલી જાય, એ શિક્ષા જોઇને બીજો આવે નહિ,' વધ્યું પ્રમાણ.

દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી ગુસ્સાનું ત્રીજા ભવનું પ્રમાણ:—

ત્યાંથી પછી પ્રમાણુ તપ સેા ચંડકૌશિયા સર્પના ભવનું. તાપસ મરીને સર્પ થયેા, લેાકેાએ એનું નામ ચંડકેાશિયેા પાડયું. શાથી? તાપસનું નામ કૌશિક હતું. અતિ ક્રોધી હેાવાથી એને ચંડકૌશિક કહેતા. એકવાર રાજકુમાર ફૂલ લેવા આવેલ; એને મારવા ફરસી લઇને આ તાપસ દોડયેા! વચ્ચે કૂવેા આવ્યેા, ત પસ પડી ગયેા, ફરસી પેાતાને જ ભેાંકાઈ, મરી ગયેા! એ મરીને સર્પ થયેા! તાપસ મનુષ્યપણામાંથી ભ્રષ્ટ થઇ હવે પટકાયેા તિર્યંચપણામાં! તે પણ હલકા હિંસક સર્પપણામાં! કષાયેાની જોહુકમી જોજો. જરાક શું સ્વમાન ઘવાતું લાગ્યું એના ઉપર સાધુએ સાધુ પર કષાય કર્યો, તેા એ કષાય એવેા ફાટયેા-ફૂલ્યેા કે તાપસપણું પામ્યા છતાં એને ક્રૂર અને વિકરાળ બનાવ્યેા. પછી કર્મને કયાં શરમ છે? પટકયેા સર્પયેાનીમાં! પૂર્વ નામના હિસાબે પ્રભુએ એને 'બુજ્ઝ બુજ્ઝ ચંડકેાશિયા!' કહ્યું, તેમાંથી એ સર્પનું નામ ચંડકૌશિક થયું. બાકી તેા સર્પનું નામ પાડવા કેાઇ ફેાઇ થેાડી જ હતી? હવે કષાયનું પ્રમાણ વધ્યું. દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ, એ ચારના પ્રમાણે માજા મૂકી! તાપસના ભવમાં દ્રવ્ય હતું, ફૂલ લેવા આવે તેટલા પૂરતું; હવે જે કેાઇ આવે, પછી ભલેને પરમ તારક મહાવીર મહારાજા હેાય, એમને ય ઝેરી દંશ દેતાં વાર નહિ, વિચાર નહિ! આ શાનેા પ્રતાપ? **માનવભવમાં આંતર દુશ્મનનેા આદર કર્યો, તેા નતીજો એ આવ્યેા કે એ ફાટયેા-ફૂલ્યેા!** ક્ષેત્રથી પ્રથમના તાપસના ભવમાં તેા નજીક આવે તેટલા પૂરતું પ્રમાણ હતું, હવે 'નજીક આવે તેને ડસી મારી નાખું, એટલું જ નહિ પણ દૂરથી દેખું તેા દૃષ્ટિ ફેંકી પ્રાણ લઉં!' આ થયું. એ દૃષ્ટિવિષ સર્પ હતેા. **કાલથી** જોતાં તાપસના ભવમાં બાલપણથી તેા ન હેાય ને? આ તેા જન્મથી, ભવ જ સર્પનેા! અને ભાવથી! 'બસ! મારી જ નાખું!' કેટલાં પશુ-પંખી અને માનવેાના મડદાં પાડયાં! યાવત્ જંગલની વનરાજી ખાખ કરી નાખી! પરાકાષ્ઠાએ પરમાત્મા મહાવીરદેવને મારી નાખવા ડસ્યેા!

પ્રમાણની વૃદ્ધિની માત્રા પરમાત્મા સુધી પહેાંચીઃ –

ભગવાન તેા ત્યાં જાણીને જ પધાર્યા હતા. જાણતા જ હતા, એ કરડશે, ભલે કરડે પણ પ્રતિબેાધ કરવેા છે. સાપને દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવનું એ ક્રોધને અંગે પ્રમાણ એટલું વધી ગયું, ન પૂછેા વાત! **ત્રણ લેાકના તારણહાર, જગત માત્રના જીવેા પર અપરંપાર કરુણા ધરનાર, ભયંકરમાં ભયંકર દુશ્મન માટે પણ એકાંત વાત્સલ્યમય હૃદયવાળા, એવા એમને ય બચકું ભરતાં, દંશ મારતાં વાર ન કરી!** એ ભગવાનને દૃષ્ટિથી કાંઇ ન કરી શકયેા, બચકું ભરીને પણ અંદર ઝેર દાખલ ન કરી શકયેા, માત્ર ચામડી તેાડી શકયેા, પછી શું જોયું? ઉજ્જવલ, ગાયના દૂધ જેવા લેાહીની ધારા બહાર નીકળી! એ થંભ્યેા, વિચારમાં પડયેા. ત્યાં ભગવાને હવે અવસર જોઈ કહ્યું, **'બુજ્ઝ બુજ્ઝ, ચંડકેાશિયા!'** આપણે આટલા પ્રસંગ પૂરતું દૃષ્ટાંત છે.

કાળ વાનરના જડબામાં નાચવાનું-કૂદવાનું કેવું?:—

ઋષભદેવ ભગવાન અઠ્ઠાણું પુત્રેાને સમજાવે છે. **'જે મનુષ્ય માનવજીવનમાં આંતર દુશ્મનેાને વધારી જગતને દબાવવાના કેાડ સેવે છે, કરપીણ કાળ રાજા એની સામે અટ્ટહાસ્ય કરી રહ્યેા છે!'**

જંગલના વાંદરાના મેાંમાં વડનેા ટેટેા પેઠેા. એ ટેટામાં કીડા કૂદ કૂદ કરી રહ્યા છે, પણ તે કયાં સુધી? વાંદરેા જડબું ન દાબે ત્યાં સુધી જ ને? વાંદરેા જડબું દાબે એટલે ટેટેા ચવાઇ જાય, ને અંદરના રસમાં આસકત કીડા ખતમ થઇ જાય! તેા **'કાલ વાનરના જડબામાં રહી અર્થકામ રૂપ ટેટામાંના જીવે કૂદવાનું હેાય? સંસારના મૂળસમા આરંભ-સમારંભનું મૂલ અર્થ-કામ છે.'** ભગવાને અઠ્ઠાણુંને આ વાત સમજાવી દીધી, સાધુ બનાવ્યા, ઉદ્ધર્યા.

કયા પરમાત્માની વડાઈ?:—

આ ભગવાને શું કર્યું? જગતની દૃષ્ટિએ ન્યાયી ગણાતા એવા એક નહિ, બે નહિ પણ સામટા અઠ્ઠાણુંને **રાગ-દ્વેષમાં ખદબદતા અને ઘેાર કર્મના કતલખાનામાં ધકેલાઈ જતા** જોઇ એમનેા

સંસારનો રંગ ઉતરાવી ચારિત્રના રંગવાળા બનાવ્યા ! બીજી તરફ ગીતામાંનો પ્રસંગ વિચારો. તેઓ કૃષ્ણને પરમાત્મા માને છે. અર્જુનને તેમનો ભક્ત માને છે. યુદ્ધ પ્રસંગે કુરુક્ષેત્રમાં અર્જુન નજર નાખીને કહે છે: "આ કોણ ? પિતામહ ભીષ્મ, ગુરુ દ્રોણાચાર્ય, વડીલો, બંધુજનો ! શું આમને મારીને રાજસંપત્તિ લઉં ? નથી જોઇતી મારે એ ! દુર્યોધન ગાદી ન આપે તો ન સહી, જંગલમાં રહીશું, ત્યાં અમને બહુ આનંદ હતો, હજી આનંદ રહેશે, ભીખ માગીશ એ હા પણ આ યુદ્ધ નહિ થાય, હરગીજ નહિ થાય,' ના પાડી યુદ્ધ કરવાની. શ્રી કૃષ્ણ કે જેમને પરમાત્મા કહેવામાં આવે છે તે વિરાગી બનેલા, યુદ્ધથી પરાઙ્મુખ બનેલા ભક્ત અર્જુનને શું કહે છે: "મૂર્ખો છે! અજ્ઞાન છે! કોઇ મરતું નથી, કોઇ મારતું નથી, આત્મા અમર છે, મરતો નથી. તારો આ વૈરાગ્ય નથી, કાયરતા છે. **ક્લૈબ્યં મા સ્મ ગમઃ પાર્થ!** હે અર્જુન નિર્બળતાને ન પામ..." અહીં પ્રશ્ન થાય છે કે–'જો! આત્મા મરતો નથી તો પછી આ પ્રયત્નની શી જરૂર ?' પણ એ કોણ વિચારે ? એમના પરમાત્મા શ્રી કૃષ્ણ અર્જુનને હવે કહે છે: 'તને અહંભાવ થયો છે, તને એ ટું ગુમાન થયું છે કે, બધું હું જ કરું છું. હું તને કહું છું કે જો તને પાપનો ડર લાગતો હોય તો તું મારા ચરણે સમર્પણ કર. તુ જે કાંઇ કરે તે મારા ચરણે ધરી દે. જે કાંઇ તપ કરે, ખાય પીયે, જે કાંઇ કરે, મને અર્પી દે. નિરહંભાવે અને નિઃસ્વાર્થ ભાવે તું ક્રિયા માત્ર કર્યે જા! અહીં પણ મને સમર્પણ યુદ્ધક્રિયા કર.' આમ કહીને જે કુરુક્ષેત્રનું યુદ્ધ અટકવાનું હતું તે શરૂ કરાવ્યું, વિરાગી અર્જુનને યુદ્ધમાં ઉતાર્યો. આ પણ પરમાત્મા ! ઋષભદેવ પણ પરમાત્મા ! પણ પરમ આત્માનાં લક્ષણ કોનામાં ? બેમાં અંતર કેટલું ? એક રાગીદ્વેષી થઇને લડવાનું પૂછવા આવેલાને વિરાગી બનાવ્યા ! એકે વિરાગી ભક્તને યુદ્ધથી પાછા હટવા ઇચ્છનારને મહારાગદ્વેષ ભર્યા યુદ્ધમાં ઉતાર્યો! લોહીની નદી વહેતી કરાવી!

એ પરમાત્માએ પોતે જ કહ્યું છે, આપણે નથી કહેતા, ગીતા કહે છે—

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत!।
.....संभवामि युगे युगे ॥

હે અર્જુન ! જ્યારે જ્યારે ધર્મની ગ્લાની થાય છે, ત્યારે ત્યારે અભ્યુદય કરવા હું જન્મ લઉં છું.

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।

સાધુઓના રક્ષણ માટે અને પાપીઓના નાશ માટે જન્મ લઉં છું.

જાતનું ભાન ભૂલે એને કોણ બચાવે?

પ્ર૦—કોઇ ફરજ ભૂલે તો ભાન ન કરાવાય ?

ઉ૦—ભાન કરાવાય પણ કક્ષામાં રહીને, કક્ષા બહાર જઇને નહિ.

આ પરમાત્મા (ઋષભદેવ)નો કિમિઓ તો જુઓ. લડવા તૈયાર થયેલા અઠ્ઠાણુને સંસારના ઉદ્ધારક સાધુ સંત કર્યા ! ભરત રોતો થયો. અઠ્ઠાણુ સામે કહેણ મોકલનારો ભરત રડે છે, ચોધાર આંસુથી રડે છે, ચરણમાં પડે છે. 'કહે છે, 'ભગવાનના સાચા પુત્રો તમે છો, સપુત તમે છો, હું તો કમજાત કે સત્તાના મદમાં ભાન ભૂલી, પિતાએ તમને આપેલા રાજ્ય તરફ નજર કરી !'

પેલા પરમાત્માએ, લડાઇથી પાછા હટવા સુધી પહોંચેલા ભક્તને લડાઇમાં ઉતાર્યો. કુરુક્ષેત્રની લડાઇ બંધ રહેલી ઉભી કરી. કુરુક્ષેત્રનું યુદ્ધ થયું એટલે પતી ગયું ? ત્યાર પછી ભરત ભૂમિ પર યુદ્ધો ન થયાં ?

'આતતાયીને હણવામાં પાપ નથી,' બોલ્યા ! મિથ્યાજ્ઞાન છે! પહેલાં તો દુર્યોધન આતતાયી છે ? ને આતતાયી કોને કહેવો એ વિચારણીય છે. દુશ્મનને પણ જ્યાં મિત્ર માનવાનો છે, બનાવવાનો છે, ત્યાં કયાં ગયા ? હિંસા સુધી ગયા !

પ્ર૦—રથાન કે વેશ ભાન ન કરાવે ?

ઉ૦—રથાન પણ કરાવે, ને વેશ પણ ભાન કરાવે, કુલ પણ ભાન કરાવે. પણ કોને ? જેને જાતનું ભાન હોય એને ને ? વેશથી આત્માનું કલ્યાણ છે, જગતે માન્યું છે. ઉપદેશમાળામાં વેશના ગુણ ગાયા છે. રૂપવતી સ્ત્રી નીકળી, કદાચ ગૃહસ્થ નજર નાખી દેશે, પણ સાધુને એમ કરતાં વેશ અટકાવશે. પ્રસન્નચંદ્ર રાજર્ષિને દુર્ધ્યાનથી પાછા ફરવામાં એક કારણ વેશ હતું. વેશના ગુણ તો ગાયા, પણ સાથે જ કહ્યું, **વેશ હોય પણ ગુણ ન હોય, તો કામ ન થાય,**

બચાવ ન થાય. વેશના પરિવર્તન માત્રથી કલ્યાણ નથી. ઝેરનું નામ અમૃત રાખી કોઇ ખાય તો ન મરે? નામ પરિવર્તન કરે, રંગ પરિવર્તન કરે, સ્વાદ પરિવર્તન કરે, Sugar Cosated શુગર કોટેડ કરે, એવું ઝેર ખાય એટલે ન મરે? અધર્મને ધર્મ કહેવાથી, હિંસાને અહિંસા કહેવાથી અહિંસા ન થઇ જાય. સ્વચ્છંદે નાચે, જગતના પાઠ ભણાવે એવાને વેશમાત્રના પરિવર્તનથી શું વળે? રાજ્ય છીનવી લેનારની હિંસામાં ધર્મ હોય એવું શ્રી વીતરાગના શાસનમાં ક્યાંય જાણ્યું છે?

પ્ર૦—કાલિકસૂરિનો પ્રસંગ?

ઉ૦—કાલિકસૂરિનો દાખલો લીધો! એ આખો પ્રસંગ જુદો છે. સાધ્વી સંસ્થા પર આફત છે, જુલમ થઇ જાય! આર્ય દેશમાં આ આફત? પોતાની બેન છે માટે ગયા એમ નહિ પણ તેઓ કેમ ગયા? સામે સાધ્વી છે માટે. પ્રશ્ન સાધ્વી-સંસ્થાનો છે. રાજાએ સાધ્વીને કેદ પૂરી છે, એનું શીલ લૂંટવા માટે. બચાવવાના અનેક પ્રયત્નો પછી આ માર્ગ લીધો છે. સાધ્વીને બચાવવા પૂરતું જ આ કામ. જે ગર્દભીલ રાજા સાધ્વીને પકડી ગયો છે તેની પાસે ગર્દભી નામની વિદ્યા છે. એ વિદ્યા યોગે એ રાજા ગધેડીનું રૂપ કરી ભૂંકે, એનો અવાજ સાંભળનારા હેઠા પડી જાય, ભોંય ભેગા થઇ જાય. આમણે શબ્દવેધી દૃષ્ટિવેધી સુભટો કબજે કર્યા, લડવામાં કરવાનું એક જ, ભૂંકવા માટે ગધેડી બનેલા (બીજાનું ભૂરું કરવા એકવાર ગધેડી બનાય છે!) ગર્દભીલ રાજાના (ગધેડીના) મોંને બાણોથી ભરી દેવું-મોં પહોળું કરે કે ભૂંકતાં પહેલાં-અવાજ કરતાં પહેલાં કે જરાક અવાજ થતાં એ મોંને બાણોથી ભરી દેવું કે અવાજ ન કરી શકે. આ રીતે એ રાજાને પકડીને સાધ્વીને છોડાવી છે.

બે તાબોટા ઝીલવા, આ?:—

આવો દાખલો ક્યાં લાગુ કરાય છે? 'કોઇ અનીતિ કરે, ચોરી કરે, બસ એને મારો! કાપો!' આમ મરશે, કપાશે તો પછી જગતમાં જીવાડનાર કોણ? જગતના સમ્યગ્ વ્યવહારનો ઠેકો લઇ શકાય? એમ તો દુનિયામાં ખૂણેખાંચરે કેઇ અનાડીપણું કરનારા હોય છે. ઇશ્વર કેમ એમનો નિગ્રહ કરતા—કરાવતા નથી? કહોને એ શક્ય જ નથી. અલબત્ત સત્તાધીશો અનાડીઓનો નિગ્રહ કરવા બનતું કરે છે. **પરંતુ ઇશ્વરની દરમિયાનગીરીમાં તો ઇશ્વરનું વીતરાગપણું ઉઠી જાય.** બાકી સત્તાધીશોથી પ્રસરતી કારમી પશુહિંસા, શિકારી ટોળીઓ, વ્યાપક માંસાહાર વગેરે, એ અનાર્ય સંસ્કૃતિના નાચ છે. એને વિકાસયુગ કહેવામાં આવે છે; અને આર્ય લોકો પણ એના ગુણ ગાય છે. આજે તો વાણીનો જમાનો છે, થૂંક ઉડાવવાના પૈસા પડતા નથી. કલજુગનો મહિમા છે! કલયુગમાં આવાને વધાવી લેનારા મોજુદ છે. શાસનની જ્યોતનો ઝગમગાટ અજવાળનારાનો રાહ ન્યારો છે. એનો બોધ હોય, એવી વાણી હોય, જગત આફરીન થઇ જાય પણ આજે તો ભય છે કે જગતના (જગતને ગમતા) ઉદ્ગાર નહિ કાઢીએ તો કિંમત નહિ રહે. એટલે માન-પાનની લાલસાથી, બે તાબોટા ઝીલવા યથેચ્છ બોલાય છે.

છે કોઇ શાસ્ત્રનો પાઠ? કોઇ પૂછે છે?:—

સાધુની વાણી કેવી હોય? દશવૈકાલીકમાં સાતમું અધ્યયન એ વિષે છે. ચોર જતો હોય તો સાધુથી એને 'ચોર' એમ ન કહેવાય. કહે તો હિંસા કરી ગણાય. આ તો કહે છે, ન્યાયી હિંસા એ અહિંસા છે. 'કોઇ બે પૈસા લૂંટી જાય, એને અમે મારીએ, એ ન્યાયી હિંસા!' છે કાંઇ? મારી મહોર છાપ! જડવાદના ઘરના બધા ભેગા થયા છે, કોઇ પૂછતું નથી, 'ન્યાયી હિંસા એ અહિંસા, આતતાયીને હણવામાં પાપ નહિ,' વગેરેમાં છે કોઇ શાસ્ત્રનો પાઠ? ક્યારે બને? ઘરની વાત જાણતા હોય ત્યારે ને!

ગીતા કહે છે!:—

સભામાંથી:-કૃષ્ણે આવું કહ્યું એ બને? રૂપક ન હોય? આ તમારો આક્ષેપ નથી?

ઉ૦—આપણે ક્યાં સાચું ખોટું સાબિત કરવા બેઠા છીએ. આપણે કહેતા નથી, ગીતા કહે છે. આપણે આક્ષેપ કરતા નથી. રૂપક એટલે અર્થ જુદા! તમે ગમે તે અર્થ કરો, ત્યાં શું અર્થ થાય છે? કયો અર્થ ઘટે છે? 'આ ઠીક નથી' એવા ભયથી કેટલાકોએ રૂપક ફેરવી અધ્યાત્મ ગીતા ઉભી કરી છે. આ તો ઐતિહાસિક બીના છે, રૂપક હોય, માન્યું, તો યુદ્ધ નથી થયું? કુરુક્ષેત્રનું યુદ્ધ

થયું એ ઇતિહાસ જેવો તેવો પ્રસિદ્ધ છે? રૂપક હોય તો થઇ શકે તો પક્ષી, ભીષ્મ, પાંડવ, કૌરવ એવાં નામ શા માટે? કોઇ કોષમાં એ શબ્દોના અર્થ યુદ્ધાદિના વાચક છે? હોય તો લાવો, બતાવો! જૈન ગ્રંથોમાંય નાટકની રચના છે, પાત્રો પણ છે, પણ નામ કયાં? રાગ કેશરી, દ્વેષ ગજેન્દ્ર, ક્રોધ મિત્ર,... વગેરે. રૂપક હોય ત્યાં આવાં નામ હોય. રૂપકવાળો અર્થ તમે ભલે ઘટાવો, એ ધર્મના ચુસ્ત માનનારને લાવી એ અર્થ કરાવો તો ખરા!

(ક્રમશ)

—: કોને કેટલી પૂજા? :—

ચારે પ્રકારની પૂજાની વાત પૂર્વે કરી હતી એ ચારે પ્રકારની પૂજા દેશવિરતિ અર્થાત્ સ્થૂલ અહિંસાદિ વ્રતવાળા શ્રાવકને હોય છે. ત્યારે સર્વવિરતિ સાધુને સ્તોત્ર અને પ્રતિપત્તિ, એમ બે પ્રકારની જ પૂજા હોય છે; કારણ કે સાધુને સૂક્ષ્મ અહિંસાનું વ્રત છે, તેથી એકેન્દ્રિય વનસ્પતિકાય જીવ રૂપ પુષ્પને એ અડે ય નહિ તો પુષ્પપૂજા કયાંથી હોય? તેમજ સાધુ પાસે દ્રવ્ય નથી તેથી આમિષ-પૂજામાં શું સમર્પે? માટે એ બે પૂજા એમને નહિ.

પ્ર૦—સાધુ જેમ ભિક્ષા વહોરી લાવી વાપરે છે, તેમ આ આમિષ-પૂજાની વસ્તુ વહોરી લાવીને પૂજા કરે તો?

ઉ૦—ન કરી શકે, એના બે કારણ છે; એક તો આમિષ-પૂજા એટલે પ્રભુ આગળ વસ્તુ માત્ર મૂકવાની નથી, અર્પણ કરવાની છે; અને તે તો પોતાની માલિકીની વસ્તુ હોય તો જ બની શકે. બીજું એ કે, ત્યારે સાધુ જો એવું અર્પણ કરવું છે માટે વસ્તુને વહોરીને પોતાની માલિકી બનાવવા જાય, તો પહેલાં તો પોતાનું પરિગ્રહ વિરમણ વ્રત ગુમાવશે, અકિંચન યતિધર્મ ખોશે. ભિક્ષા, વસ્ત્ર-પાત્ર રજોહરણ, એ તો સાધુધર્મના સાધન છે એટલે એનો પરિગ્રહ નથી ગણાતો. આમિષ-પૂજાનાં દ્રવ્ય એ સાધુધર્મ પાળવા માટે જરૂરી નથી.

પ્ર૦—ઠીક છે; પણ **જો સાધુને પુષ્પપૂજા નહિ, કેમકે એમાં હિંસા થાય છે, તો ગૃહસ્થને પણ એવી હિંસાવાળી પૂજા શા માટે?**

ઉ૦—સાધુની કે યાવત્ વીતરાગની સાથે તુલના કરતા આવા પ્રશ્નો કરવા પહેલાં એક વાત ચોકસ સમજી રાખો કે ધર્મની સાધના કક્ષાવાર હોય છે. જેવી રીતે કેળવણી કક્ષાવાર હોય છે. દાખલા તરીકે—બાળકને એની કક્ષા મુજબ, ૧લા, ૨જા, ૩જા, વગેરે ધોરણવાળાને, યાવત્ કોલેજીયન અને પી. એચ. ડી. ભણનારને એની કક્ષાનુસાર હોય છે; જેવી રીતે રોગીને ચિકિત્સા (ટ્રીટમેન્ટ) એની કક્ષા મુજબ—અર્થાત્ એની ઉંમર કેટલી, રોગ કેટલો જૂનો, કેટલો ઉગ્ર, શેમાંથી ઉદ્ભવેલો...વગેરે વગેરે જોઇને કરાય છે; એવું ઘણા ક્ષેત્રોમાં; એમ, ધર્મક્ષેત્રમાં પણ કષાયરોગના દરદી જીવને કક્ષા મુજબ ધર્મ ઔષધની ટ્રીટમેન્ટ હોય તો ગૃહસ્થ એવી આરંભ-સમારંભની હિંસા, વિષયોનાં આકર્ષણ-સેવન, પરિગ્રહની પ્રવૃત્તિ, તથા સાંસારિક મોહક ક્રિયાઓમાં બેઠો છે કે એ બધાએ એને આવજ્જ લીધો છે. એમાંથી એને છોડાવવા માટે પરમાત્માની ભક્તિ અને મમતા જગાડવાની છે. તો જેમ દુન્યવી સગાં-સ્નેહીઓનાં સત્કાર-સન્માન કરવાથી સ્નેહ-પ્રીતિ વધે છે, ટકી રહે છે, એવી ગૃહસ્થની સ્થિતિ છે, તેમ એ સ્થિતિવાળાને પરમાત્માની પ્રીતિ-ભક્તિ-મમતા જગાડવા-ટકાવવા-વધારવા માટે પણ એમનાં સત્કાર-સન્માન કરવા અતિ આવશ્યક છે. એ માટે અભિષેકપૂજા, પુષ્પપૂજા, વગેરે પૂજા એ જ ઉપાય છે, અને એ ગૃહસ્થે કરવી જ જોઇએ. એમ કરતાં કરતાં વીતરાગ પ્રત્યેની ઊંચી પ્રીતિ-ભક્તિ વધવાથી એનામાં સર્વ હિંસાદિ પાપો ત્યજી નિરવદ્ય-નિષ્પાપ જીવન સ્વીકારવાના પરિણામ જાગશે અને સ્વીકાર તથા પાલન થશે.

પ્ર૦—પણ એને **પુષ્પાદિપૂજામાં હિંસાનું પાપ તો લાગે ને?**

ઉ૦—તો તો સાધુ પણ વિહારમાં નદી કેમ ઉતરી શકે? એમને ય હિંસા લાગે! પણ વસ્તુસ્થિતિએ એવું નથી. આ સ્વરૂપ-હિંસા છે, પરિણામ-હિંસા નહિ. અર્થાત્ એને હિંસા કરવાના માનસિક પરિણામ નથી; પરિણામ તો જેમ સાધુને સાધ્વાચારના, તેમ ગૃહસ્થને પ્રભુ-ભક્તિના છે; અને

કર્મબંધ પરિણામના અધારે થાય છે; માટે એ પાપરૂપ હિંસા ન કહેવાય. જેમ દસ માઇલ તાપમાં તપતો ચાલી આવેલો મુસાફર તૃષા નિવારવા પાણી માટે બીજો ઉપાય ન હોય તો નદીના ભઠ્ઠામાં બોદે છે. તો ત્યાં બોદવામાં તો ઉલટું પ્રવાસના શ્રમ વગેરે ઉપરાંત શ્રમ વધશે, ધૂળનો મેલ વધુ લાગશે, અને તરસ વધશે! તો એવું શા માટે કરે? પરંતુ જે પાણી પ્રાપ્ત થશે એનાથી જ આ અને પૂર્વના શ્રમ-મેલ-તૃષા દૂર થાય છે, તેથી એ એમ કરે છે. એ શ્રમ વગેરે ત્યાજ્ય નહિ પણ ઉપાદેય બને છે. એવી રીતે અહીં પુષ્પાદિ પૂજા અવશ્ય ઉપાદેય છે. ગૃહસ્થ દ્રવ્યમાં બેઠેલો છે, એ દ્રવ્યની મૂર્ચ્છા એને વીતરાગની નજીક આવવામાં અંતરાયભૂત છે. માટે એ મૂર્ચ્છાને તોડવા માટે સર્વોચ્ચ પાત્રભૂત વીતરાગની ભક્તિમાં દ્રવ્યનું સમર્પણ, ત્યાગ અત્યંત જરૂરી છે. એ કરે તો જ એમના પર સાચો ભક્તિભાવ જાગે-વધે. જેમની ભાવપૂજા કરવી છે એ એમના પર અત્યંત ભક્તિ બહુમાન વિના ન આવે, અને એ લાવવા માટે તો એ ભાવના કેળવવી પડે કે-'પ્રભુની દ્રવ્યપૂજામાં, મારું ચાલે તો, મારું સર્વસ્વ અર્પી દઉં. પ્રભુ! તમારાથી વધુ કિંમતી કઈ ચીજ છે?' આ તમન્ના હોય તો પછી શક્ય એટલા દ્રવ્યથી પૂજાભક્તિ અવશ્ય થાય. પાછું દ્રવ્ય સંગ્રહવાળો ગૃહસ્થ તો સમજે છે કે 'અહીં પ્રાપ્ત થયેલ બધું જ પૂર્વભવની પરમાત્માની સેવાથી, કૃપાથી મળ્યું છે, એમના પ્રભાવે મળ્યું છે, તો એ ઉપકાર પ્રત્યેની કૃતજ્ઞતાની રૂએ પણ એમને અર્પણ કરવું જોઇએ.' એટલે હવે જે એમ કહે કે 'ફૂલપાંખડી જ્યાં દુભાય, તિહાં નહિ જિનવરની આણ,' એ કહેનારને પૂછો કે તો પછી કૃતજ્ઞતા ભૂલવામાં અને મૂર્ચ્છા પોષવામાં જિનવરની આણ ખરી? માટે સમજવું જોઇએ કે વસ્તુસ્થિતિએ ગૃહસ્થની અવસ્થા જ એવી છે કે એને મૌલિક ગુણ કૃતજ્ઞતા, તથા મૂર્ચ્છા-ત્યાગ, ભક્તિ બહુમાનની ઉત્તરોત્તર વૃદ્ધિ, બીજા આકર્ષણો ઘટાડી વીતરાગનાં આકર્ષણની વૃદ્ધિ, વગેરે માટે, પુષ્પ-આમિષપૂજા જોરદાર રહેવાની ને સ્તોત્ર-પ્રતિપત્તિપૂજા ગૌણ. એને ચારેય પૂજા, ને સાધુને બે.

પ્ર૦—તો સાધુને બે પૂજા ઓછી રહેવાથી લાભ ઓછો મળવાનો ને?

ઉ૦—ના, ઓછો નહિ! કેમકે લાભનો હિસાબ પોતાની કક્ષા મુજબના કર્તવ્ય અને કક્ષા મુજબના સુકૃતોના પાલન ઉપર છે. બીજું એ છે કે સર્વ પ્રકારની સામના શુભભાવના જતન, રક્ષણ અને વર્ધન માટે છે. ત્યારે જો આ પૂજા શુભભાવ છે તો અપરિગ્રહ-વ્રત એ મહાશુભ ભાવ છે. એમ, સર્વથા અહિંસકપણું એ અત્યંત ઊંચો શુભભાવ એટલે ગૃહસ્થ પાસેથી આમિષપૂજાના દ્રવ્ય લઇ પહેલાં તો અકિંચનપણાનો મહાશુભ ભાવ તોડીને પછી દ્રવ્યપૂજા કરવી, એના કરતાં અપરિગ્રહ-મહાવ્રતનું પાલન કરવું એ મહાલાભકારી છે. શાસ્ત્રે દ્રવ્યપૂજા કરતાં ભાવપૂજાનો અનંતગુણો લાભ કહ્યો છે; કેમકે દ્રવ્યપૂજામાં જિનાજ્ઞાપાલનની અભિલાષા માત્ર છે, ત્યારે પ્રતિપત્તિરૂપ ભાવ પૂજામાં જિનાજ્ઞાપાલનનો સીધો અમલ છે. ગૃહસ્થે તો દ્રવ્યપૂજામાં થોડો ત્યાગ કરી બાકીનું હજી પોતાના તરીકે રાખ્યું છે, અને એની પાછળ રંગરાગ અને સંસાર રાખ્યો છે, ત્યારે સાધુએ તો સર્વસ્વ ત્યાગ કરી પ્રભુના શાસનને સર્વાંશે નિજના જીવનમાં ઉતારવા ભેખ ધર્યો છે અને બીજાના જીવનમાં ઉતરાવવાનું મીશન (પ્રચાર-કાર્ય) હાથ ધર્યું છે. એ ઉપકારી પ્રભુ પ્રત્યે મોટી કૃતજ્ઞતા છે, એમાં અનંત લાભ છે, માટે એમને દ્રવ્યપૂજા ન હોવામાં કોઇ લાભની ન્યૂનતા નથી.

તો સર્વવિરતિ સાધુને સ્તોત્ર અને પ્રતિપત્તિ એમ બે પ્રકારની પૂજા કરવાની. એમાં પ્રતિપત્તિમાં આગળ વધતાં ઉપશાન્તમોહ યા ક્ષીણમોહ વીતરાગ બનેલા આત્માને હવે જિનાજ્ઞાપાલન સંપૂર્ણ આત્મસાત્ થવાથી એકલી પરાકાષ્ઠાની પ્રતિપત્તિ પૂજા હોય છે.

૦ × ૦ × ૦

અનેક અરિહંતને નમસ્કારનું તત્ત્વજ્ઞાન.

'નમો અરિહંતાણં' એમાં અનેક અરિહંત કેમ લીધા? એક જ અરિહંત લઇને 'અરિહંતસ્સ' એમ કેમ ન મૂકયું?—આ પ્રશ્ન છે.

એનું સમાધાન એ છે કે (૧) અરિહંત પરમાત્મા અનેક હોય છે એ, તથા (૨) અનેકને

નમસ્કારનું ફળ વધારે આવે એ સૂચવવા માટે બહુ-વચન-પ્રયોગ 'અરિહંતાણં' લીધો.

પરમાત્મા અનાદિ શુદ્ધ ન હોય :—

આ બેમાં પહેલા સૂચનથી જ પંતજલિ દર્શન, ન્યાય-વૈશેષિક દર્શન, વગેરે અનાદિ શુદ્ધ-બુદ્ધ-મુક્ત એક નિત્ય ઇશ્વર માને છે, એ મત અસત્ ઠરે છે.

ઇતર દર્શનો કહે છે :—

ઇશ્વર એ અચિંત્ય, અસાધારણ અને સર્વશક્તિ-માન અનાદિ અનંત વ્યક્તિ છે'

'ઇશ્વર અખિલ વિશ્વનો કર્તાહર્તા છે, નિયન્તા છે, અતીન્દ્રિય તત્ત્વનો ઉપદેષ્ટા છે. એની ઇચ્છા વિના એક પાંદડું પણ હાલી શકતું નથી.'

આવો ઇશ્વર જીવ-વસ્તુથી તદ્દન વિલક્ષણ હોય, તેમજ ઘડયે ઘડાય નહિ, પણ નિત્ય નિર્દોષ, અને નિત્યજ્ઞાન શક્તિવાળો હોય. એ છે તો જ વિશ્વની વ્યવસ્થિત રચના છે, અને એનું જટિલ સંચાલન ચાલી શકે છે.'

ઇતર દર્શનોની આ માન્યતાની સામે,

જૈન દર્શન કહે છે, 'વિશ્વની રચના અને સંચાલન, એ પરમાત્માનું કાર્ય જ નથી. **વિશ્વમાં જીવ, પુદ્ગલ વગેરે મૂળ દ્રવ્યો અનાદિ નિત્ય છે; અને એમાં સર્જાતી ઘટનાઓ એ કાળ-સ્વભાવ-ભવિતવ્યતા-કર્મ (ભાગ્ય) અને પુરુષાર્થ, એ પાંચ કારણના સમવાય પર સર્જાય છે.** આ પાંચ પૈકી કર્મ એવાં વિચિત્ર હોય છે કે એના આધારે વિચિત્ર વિચિત્ર સર્જનો થાય છે. ઇશ્વરને જગત્કર્તા તરીકે માનનારને પણ આ તો માનવું જ પડે છે; નહિતર જીવનાં તેવા કર્મ વિના જ જો ઇશ્વરે નરક વગેરે સ્થળ બનાવ્યા રહીએ, તો તો તેવા ઇશ્વર જેવો ભયંકર ક્રૂર-ઘાતકી બીજો કોણ?

'જીવોનાં કર્મનો ન્યાય આપવા ઇશ્વર એમ કરે છે,' એવું પણ ન કહેવાય; કેમકે **ઈશ્વર તો અનંત શક્તિમાન છે, તો બિચારા અજ્ઞાન જીવને પહેલા ગુનો કરતાં જ કાં ન રોકે કે જેથી એવો ક્રૂર ન્યાય ચુકવવાનું ઉભું જ ન થાય?**

બીજું, ઇશ્વરને સર્જન કરવા **શરીર જોઇએ;** તે પોતાના કર્મ વિના કયાંથી બની શકે? ઇશ્વરને તો કર્મ છે નહિ. ત્યારે જો કહો કે 'વિશ્વના જીવોના ભાગ્યથી એ બને છે,' તો તો એવું થયું કે **'જમે દુર્યોધન, અને ઝાડે જાય શકુનિ મામો!' જીવોના પાપે સંસારની લોથ ઈશ્વરના માથે આવી!** એકનાં કરેલ કર્મ બીજો ભોગવી શકે નહિ. જેવું જેવું ભાગ્ય, તેવું તે ભોગવે સારાં ભાગ્યવાળો જીવ ઘડામાંથી ઠંડુ પાણી પીશે, ને નરસા ભાગ્યવાળો કીડી એજ ઘડા નીચે મરશે. કર્મ કરે તે થાય, ઇશ્વરને એ જંજાળ શા માટે? બીજી વાત એ છે કે,

અનાદિ-શુદ્ધ ઇશ્વરને **શરીર નહિ, તો એ ઉપદેશ પણ કેવી રીતે કરી શકે?** ત્યારે, સર્વ-જ્ઞાની ઇશ્વરના ઉપદેશ વિના યથાસ્થિત અને સંપૂર્ણપણે તત્ત્વ જાણવાનું ગજું કોનું? અતીન્દ્રિય પદાર્થોની સૂક્ષ્મતાના સંપૂર્ણ સત્ય બુદ્ધિના તર્કના જોરે ન જોઇ-જાણી શકાય. એ તો એનાં પ્રત્યક્ષ દર્શન કરી યથાસ્થિત કહેનાર કોઇ સ્વ-કર્મરચિત શરીરધારી પરમાત્મા જોઇએ. ૦૦૦૦

(અનુસંધાન પાન ૨૬૬નું ચાલુ)

રૂા. ૩૦૦) પાયા ફંડ ખાતે મદદના સંસ્થાને આપ્યા. સંસ્થાના સેક્રેટરી ડોકટર શ્રી મગનલાલ લીલા-ચંદભાઇની વિનંતિથી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી ચન્દ્રસાગર સૂરીશ્વરજી, આદિ મુનિરાજોએ તા. ૨-૪-૫૯ ના રોજ સંસ્થામાં પધારી, કાર્યક્રમ, શિક્ષણ પ્રથા વ્યવસ્થા અંગેની માહીતી પંડીત શ્રી પુખરાજજી દ્વારા મેળવી સંતોષ વ્યકત કરેલ તેમજ વિદ્યાર્થીઓને રોચક શૈલીમાં સુંદર ઉપદેશ કર્યો. સંસ્કૃત, પ્રાકૃત, ધાર્મિક, સાહિત્યાદિ વિવિધ વિષ-યોની વાર્ષિક પરીક્ષા ચૈત્ર વદમાં શરૂ થશે.

—: જલદી નોંધાવી દો. :—

પ્રકાશકીય:—પરમતેજ અરિહંત પરમાત્માના ભકતને એમની અનેકવિધ વિશિષ્ટતાઓનો અને અસર્વજ્ઞની મહાન ન્યુનતાઓનો સુન્દર ખ્યાલ આવે, તેમજ જૈન દર્શનના તત્ત્વોનાં પરમતેજનો અદ્‌ભુત બોધ મળે એવું શ્રી લલિતવિસ્તરા ગ્રન્થનું વિસ્તૃત વિવેચન તૈયાર થઇ રહ્યું છે. અહદ્‌ભકતને એના વિના ચાલી શકે નહિ. કુટુંબ, મિત્રમંડળ વગેરેમાં પણ ખૂબ ઉપયોગી અને આવશ્યક આ ગ્રન્થની કોપીઓ જલદીથી નોંધાવી દેવા અને પહેલા ભાગ-ની દરેક કોપી દીઠ રૂા. ૫) કાર્યાલયે પહોંચતા કરવા વિનંતિ છે.

શાસન પ્રભાવના અને સમાચાર

—: ઉત્તર મહારાષ્ટ્રમાં ધર્મજાગૃતિ :—

પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની પાવન આજ્ઞાથી પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય યશોદેવસૂરિ મહારાજ ઉત્તર મહારાષ્ટ્રમાં તેમજ ખાનદેશમાં વિહરી પોતાની પ્રૌઢપ્રતિભાથી ધર્મોપદેશ કરી જૈનધર્મની અજોડ પ્રભાવના કરી રહ્યા છે. હમણાં હમણાં તેઓશ્રીએ અનેક ગામોમાં સ્થાનકવાસીભાઈઓને જિનબિંબના દર્શન-પૂજનની આવશ્યકતા સમજાવી સત્યધર્મને પંથે વાળ્યા છે. અને ગામેગામ જિનમંદિરોના નવનિર્માણ આરંભાવ્યા છે. ગત માહ માસમાં તેઓશ્રીની પ્રેરણાથી શહુરીમાં પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો; જ્યાં મોટી સંખ્યામાં સ્થાનકવાસીઓ વસે છે. સોનઇમાં પણ પ્રતિષ્ઠા થવાની હતી. રામપુરથી શ્રી તખ્તમલજીએ સોનઇનો સંઘ કાઢ્યો. સંઘ એલચપુર પહોંચ્યો ત્યાં શંખેશ્વર પાર્શ્વનાથના અલૌકિક બિંબની ભક્તિ-કરી સંઘ શહુરી આવ્યો, શ્રી ધનસીલાલજીએ સંઘ-જમણ આપ્યું. ત્યાંથી અનુક્રમે સંઘ સોનઇ પહોંચતાં શાનદાર સ્વાગત થયું. સોનઇમાં પહેલા બધો વર્ગ મૂર્તિપૂજક હતો પણ મુનિ-વિહારના અભાવે ભાવનામાં મંદતા આવી હતી સૂરિજીના સદુપદેશથી જાગૃત થયેલા સંઘે ૨૫-૩૦ હજારના ખર્ચે ભવ્યપ્રાસાદ બનાવી ભવ્ય રીતે પ્રતિષ્ઠા-મહોત્સવ ઉજવ્યો. આઠ હજારની ઉપજ થઈ અને ધાર્મિક પાઠશાળાનો પ્રારંભ થયો. ભગવદ્ બહુમાનના યોગે સારું ધર્મભાવનાનું પુર આવ્યું છે, સોનઇથી ભાનરહીવરાનો સંઘ નિકળ્યો. બસો વર્ષનું જીર્ણ જિનમંદિર છે, જૈનોના ૫૦ ઘરમાં જિનદર્શન-પૂજનની ભાવના અલ્પ થઇ હોવાથી ઘણી આશાતના થતી હતી. સૂરિજીના સદુપદેશથી નવીન દહેરાસર માટે ટીપ થઇ. ગામ વચ્ચેની જગ્યામાં જિનમંદિરનું ખાતમુહુર્ત થયું. જૈનોમાં મૂર્તિપૂજાની મહત્તા સમજમાં આવી. આ રીતે બીજા પણ અનેક ગામોમાં જિનમંદિરોના નવનિર્માણનો, આશાતના નિવારણનો તથા દર્શન-પૂજનનો પ્રારંભ થયો છે. ઉગ્ર વિહાર કરી અનેક કષ્ટો સહીને સૂરિજી તથા તેમના શિષ્યો જાગૃતિ લાવી રહ્યા છે. જિનમંદિરોના નિર્માણાદિમાં ધનની ખાસ આવશ્યકતા રહે છે. ખાસ લાભ લેવાની ઇચ્છાવાળાઓએ તથા જ્યાં દેવદ્રવ્યનો વધારો હોય તેઓએ ઉપરોકત ક્ષેત્રમાં હાથ લંબાવી સાથ આપવાની આવશ્યકતા છે. સૂરિજીની પ્રતિભા-સયમ ત્યાગ ગજબ કોટિના છે. ચાર ક્રોડ નવકારનો તેઓએ જાપ પૂર્ણ કર્યો છે. વૃદ્ધાવસ્થામાં પણ યૌવનનું તેજ તેમના લલાટ પર ચમકે છે.

મક્ષીજી (મ પ્ર):—અત્રેથી પૂ શ્રી વિદ્વાનંદ મુનિજી મ૦ આદિ વિહાર કરી સીહોર, કાલીસીંધ, સુજાલપુર, રન્યભંવર વગેરે ગામોમાં પધાર્યા ઉપદેશ આપી પાઠશાળાઓ શરૂ કરાવાઇ. ત્યાંથી બાલકુમેઢ (જી. ઉજ્જૈન) પધારતાં ત્યાં પાઠશાળા અને દેરાસરનું કામ શરૂ કરાવાયું. મંદિર માટે ચંદો થયો. એક ભાઇએ મકાન દહેરાસર માટે ભેટ આપ્યું. ઉજ્જૈનથી વિહાર કરી ઉહેલ પધારતાં ત્યાં આગળ દશ વર્ષથી જે કુસંપ હતો તે દૂર કરાવાયો એ ખુશાલીમાં ૫૦ આંબેલ થયાં.

મેસાણા સંસ્કૃત પાઠશાળા:—શ્રી સિદ્ધગિરિ છ ગાઉ પ્રદક્ષિણા અંગે ફા. સુદ ૧૩ સંઘને સંસ્થા તરફથી રૂા. ૫૦૦)નું ભાતું અપાયું. જે પ્રસંગે પરીક્ષક શ્રી વાડીલાલ તથા શ્રી કપુરચંદભાઇએ સુંદર વ્યવસ્થા જાળવી હતી. સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ તથા બ્રહ્મચર્યાશ્રમના આમંત્રણથી પરીક્ષક શ્રી વાડીભાઇએ પરીક્ષા લીધી. શિક્ષણ અંગે બહેનોને સુંદર ઉદ્બોધન કર્યું, અને સંસ્થાની સુંદર પ્રગતિ માટે સંતોષ વ્યકત કર્યો પરીક્ષકની પ્રેરણાથી કલકત્તા નિવાસી ધર્મપ્રેમી શેઠ મણીલાલ વનમાળીદાસ તરફથી રૂા. ૨૦૦) તથા શેઠ નરભેરામ પાનાચંદ તરફથી રૂા. ૧૦૦) કુલ

(અનુસંધાન પાન ૨૬૫ મા પર)

મુદ્રક : ચંદ્રકાન્ત રતિલાલ શાહ. (બી. કોમ) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનાની ખડકી, માણેકચોક, અમદાવાદ. ત્યાંથી છાપી પ્રસિદ્ધ કર્યું.

દિવ્ય દર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ–૭, અંક–૩૫
બચુભાઇ ચીમનલાલ ઝવેરી મુંબઇ શાખા : ૧૬૭–૬૯, ક્રીકા સ્ટ્રીટ. શનિવાર તા. ૧૬–૫–૧૯૫૯

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**ના વિદ્વાન શિષ્યરત્ન

પૂ ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.

સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે?

રાગ કૂંકીને કરડે છે :—

પરમ ઉપકારી શ્રી જિનેશ્વરદેવનું શાસન કહે છે કે સંસારમાં આધિ–વ્યાધિ–ઉપાધિના ત્રિવિધ તાપથી તપી રહેલા જીવોએ જો શાંતિ મેળવવી હોય, એવી ઠંડક જોઇતી હોય જેથી એ ત્રિવિધ તાપનો લેશ પણ આત્મામાં રહે નહિ, તો રત્નત્રયીની આરાધના સિવાય બીજો કોઇપણ ઉપાય જગતમાં નથી. રત્નત્રયી એટલે સમ્યગ્ દર્શન, જ્ઞાન તથા ચારિત્ર. એની આરાધના એટલે એનું ઉપાર્જન, રક્ષણ, વર્ધન, નિર્મલીકરણ, અનુમોદન, પ્રીતિ, ભક્તિ વગેરે વગેરે. **રત્નત્રયીની આરાધના એટલે ત્રિવિધ તાપને શમાવી અપૂર્વ ચિરજીવી શાન્તિ અને ઠંડક આપનારી પ્રક્રિયા.** આવી શાંતિ, આવી ઠંડક પ્રાપ્ત કરવા માટે દર્શન, જ્ઞાન, ચારિત્ર (રત્નત્રયી)ની આરાધના સિવાય આ જગતમાં બીજી કોઇપણ આરાધના ભૂતકાળના અનંતકાળમાં કદી પણ સમર્થ બની નથી. તેથી તેવી બીજી કોઇ પણ આરાધના કરી શાંતિ ને ઠંડક મેળવવા ફાંફાં મારીએ તો આત્માનું નર્યું અજ્ઞાન છે એમાં તો આધિ–વ્યાધિ–ઉપાધિના તાપ પીડ્યા કરે છે.

આધિ એટલે માનસિક સંતાપ, હાયવોયની વિચારણા, સંકલ્પ–વિકલ્પની હારમાળા. નિરંતર અજંપો. સૂક્ષ્મ કોટિમાં ઉતરીએ તો આત્માનો જડ સામગ્રીમાં તોષ એ પણ આધિ છે. જડ સામગ્રીમાં મન પ્રફુલ્લતા અનુભવે તો એ પણ એક પ્રકારની આધિ છે. સૂક્ષ્મ વાત છે આ આને સૂક્ષ્મ એટલા માટે કહેવાય છે કે આમાં આધિપણું શું એમાં તાપ ક્યાં આવ્યો, એની તરત ખબર પડતી નથી. આધિ તત્કાળ સીધી પીડે એ તો જણાય. સીધું બચકું ભરે, ડંખ મારે કે કરડે ત્યાં તમે કરડવાનું કહેવા તૈયાર છો, પણ ઉંદર કૂંકી કૂંકી કરડે એ વખતે પીડા નથી જણાતી એટલે કરડયો લાગતું નથી. પણ કૂંકી રહ્યા પછી જાગતાં કે હાય હાય કરતાં ખબર પડે છે કે હાય! ઉંદર કરડયો. તેમ, **રાગ, હર્ષ કે રતિના ઘરની આધિ આત્માને વળગી, ડંખ મારે, પણ તરત હાય લાગતી નથી એટલે ખબર નથી પડતી કે આ કરડી; કેમકે કૂંકીને કરડવાનું છે. પણ રાગનો કાળ પૂરો થાય ત્યારે ખબર પડે છે.**

રાગનો કાળ પૂરો થાય એટલે? કર્મની એક થપાટ પડે, કાં તો ઝૂંટવી લે, કાં તો પરવશ કરે, ત્યારે ખબર પડે! પછી વિચાર કરે કે–'હું તો મનોરથ કરતો હતો પણ કંગાલ કંગાલ થયો. મેં ધાર્યું હતું બહુ સારો લાભ થશે, સારો પરિગ્રહ સાંપડશે, પણ અહીં તો સરટેકસ, સુપરટેકસ, આ ટેકસ, ને તે ટેકસ લાગુ થઇ ગયા, મને શી ખબર કે આવા ટેકસ પડશે નહિ તો આવી મહેનત કોણ કરે?' પરિગ્રહ પર રાગ ન હોત, આધિને ડંખવા દીધી ન

હોત તો પીડા ન હોત. ઉદર કૂંકે છે ત્યારે ડંખની પીડાની ખબર પડતી નથી, કૂંક પૂરી થઇ કે પીડા થાય; એજ રીતે રાગની કૂંક પૂરી થાય ત્યારે હૃદય ઉઠે છે, 'અરેરે! મેં તો આમ ધાર્યું હતું અને આમ થયું!' એમ કહી હવે પોતાની જાતને ગમાર કહે છે.

દીકરો નહોતો ત્યાં સુધી, 'પુત્ર કેમ થાય, કયારે થાય, આવો થાય, લેવો થાય' વગેરે મનોરથ કરે છે! દીકરો મળ્યો, ખરાબ પાકયો એટલે મારે છે બૂમ કે-'હાય! આવો પાકયો?' રાગનો કાળ પૂરો થયા પછી, પીડા થયે ચાદર ઓઢીને રૂએ છે! આ બધી છે રાગની આધિ.

સંસારમાં કેઈ બાબતોની આધિ:—

બરાબર તપાસજો. રાગનો, ખુશીનો, અને આનંદ-મંગળનો ઠંડકવાળો ડંખ જો લીધો, તો ઉદરના કૂંકવાળા ડંખની જેમ એ પૂરો થયે સંતાપ, ચિંતા, વગેરેની બળતરા ઊભી કરતો દેખાશે. પછી કોકને પુણ્યનું જોર વધારે હશે તો અનુકૂળતા વધારે ટકવાના હિસાબે રાગનો કાળ લાંબો ચાલશે. પણ એનો અંત તો આવવાનો, આવવાનો, ને આવવાનો જ છે. ખરું જોતાં એના વચલા કાળમાં ય ઝોલા તો આવે જ છે. છોકરો સારો આવી મળ્યો છે છતાં એને બિમારી આવી, એ વેપારાદિમાં ખૂવ્યો-ખાવ્યો, એ આંધો-પાછો થયો, એને કોઇએ કનડયો ઉતારી પાડયો, વગેરે વગેરે કેઈ બાબતો એવી ઊભી થાય છે કે **એમાં રાગી માબાપના હૃદય વલોવાઈ જાય છે! આધિના જ્વાલ ચઢે છે! હાલતાં ને ચાલતાં ચિંતા, વિમાસણ, ને વિકલ્પો, હૈયાને સંતાપ્યા કરે છે!** અને આ કાંઇ એક જ બાબતમાં છે? **સાંસારિક જીવનમાં એવી ઠગલાબંધ બાબતો છે કે જે આધિની આતશ સદા અણુ-ખુઝી રાખે છે.** કહો કે **સંસાર એટલે આધિની અગ્નિ ભઠ્ઠી.**

કેઈ લાગણીઓ પાછળ આધિ:—

આધિ પાછી એક પ્રકારની નથી. **આત્માની કેઈ લાગણીઓ આધિથી પરિવરેલી બને છે.** રાગની આધિ જુદી, તેમ દ્વેષની આધિ જુદી. પેલી તો હજી સંતાપ તરીકે વરતાતી નથી, પણ આ દ્વેષની આધિ તો સહેલાઇથી વરતાય છે. **અણગમતી વસ્તુ પર અરુચિ ઉઠી એટલી વાર, એની પાછળ આધિ ઉઠી જ છે!** એમ ઈર્ષ્યાની પાછળ આધિ! કોઇના પર દ્વેષ થયો તો ત્યાં જાગી આધિ! આધિ સમજો છો ને? માનસિક ખોટી ગડમથલ. એક દ્વેષ કે ઈર્ષ્યા જાગી, કે તરત એના વિકલ્પો, હાયવોય, કુવિચારોની હારમાળા, અને માનસિક યોજનાઓ વગેરે વગેરે કેઇ પાપી ગડમથલ ચાલે છે! આ બધી આધિ છે. એમ ગર્વની પાછળ, દંભની પાછળ, નિંદાની પાછળ, તૃષ્ણાની, મમતાની, વગેરે વગેરે આંતર દુશ્મનોની પાછળ, **દુનિયાની એકેક ચીજ પાછળ આધિના ઝુંડ ઉભરાય છે.**

આવી આધિનું જોર હોય ત્યાં સુધી જીવને શાંતિ શી રીતે મળે? હૈયે તોષ અને ઠંડક કયાંથી હોય? ત્યારે એ વિના સુખ શું? સુખ કાંઈ બહારની વસ્તુનો ધર્મ થોડો જ છે? **સુખ એ તો આપણા અંતરમાં અનુભવવાની વસ્તુ છે.** બાહ્ય જોતાં તો મમ્મણ પાસે અઢળક ધન હતું. પરંતુ એને સુખનો અનુભવ કયાં હતો? કેમ નહિ વારૂ? કહો, રાત ને દી' આધિથી પીડાતો હતો માટે. ત્યારે પુણિયા શ્રાવક પાસે બાહ્યથી ધન કાંઇ નહિ, છતાં આધિની પીડા નહોતી તો સુખશાંતિમાં ઝીલવાનું અખંડ ચાલુ હતું. પણ જીવનો અનાદિ-કાળનો આ અભ્યાસ છે કે આધિને છોડવી નહિ. વળવાનું કાંઇ નહિ છતાં આધિની પીડા વહોર્યે જવી એ કેટલું કંગાલિયતભર્યું?

વિના વ્યાધિએ વ્યાધિની પીડાવાળું વાતા-વરણ:—બીજો તાપ વ્યાધિની પીડાનો છે. એ તો અનુભવની વસ્તુ છે. મનુષ્યને સારામાં સારી રીતે સંપત્તિ, પરિવાર, આબરૂ વગેરે આવી મળ્યા હોય, 'શેઠ સાહેબ!' ના સન્માન મળતા હોય, ભારે ખુશીમાં બેઠો હોય, અનેક જાતિના જગતના કે ધર્મનાં કામો કરી રહ્યો હોય, ત્યાં એકાએક માથામાં જોરદાર પીડા થઇ આવે, શરીરમાં બેચેની થઇ જાય, એટલે ઝટ **ખુશીની ભરતીમાં ઓટ આવવા લાગે છે,** એ વખતે બીજું બધું ભૂલી જાય છે. એને ચેન ન પડે, દોડાદોડ કરી વૈદ્ય કે ડૉકટરને બોલાવે, કહે, **'હમણાંને હમણાં મટે તેવું ઔષધ (દવા) જોઇએ.'** વ્યાધિની પીડામાં આકુલ-વ્યાકુલ થઇ

જાય છે. કંઈક તો બિચારા પૂર્વના એવા પાપનો ઉદય લઈને આવ્યા હોય છે કે જિંદગી સુધી વ્યાધિથી તપ્યા કરે! તેમાંય આજના કાલમાં પોતે જ એવી કોઈ સામગ્રી ઊભી કરી છે, એવું વાતાવરણ સર્જ્યું છે, કે વ્યાધિ ન હોય તોયે વ્યાધિની પીડા અનુભવ્યા કરે! મન વલખાં મારે છે કે 'શરીર દુઃખલું દેખાય છે, 'હોં! સારો રસાયણ-વિદ્યા જાણનાર વૈદ્ય છે કે નહિ?' વૈદ્યને જઈને પૂછશે, "વૈદ્ય! જુઓ તો ખરા, રાત્રે ઊંઘ નથી આવતી! 'ઊંઘ નથી આવતી? કેમ?' 'તે અમને શી ખબર, જુઓ તમે.' વૈદ્ય પૂછે છે, 'તમે કયારે સુઓ છો અને કયારે ઉઠો છો?' આ કહે, 'સુઉં છું તો દશ વાગે, ઉઠું છું ૭ વાગે પણ વચ્ચે આંખ ખૂલી જાય છે.' આખા દિવસનો થાકેલો હોય, નિદ્રા આવી જાય, પણ **સુતી વખતે ભેજામાં કેઈક વિચારોની ગડમથલનું ભુંસું ભરીને સુતો હોય, એટલે અધવચ્ચે આંખ ન ખૂલી જાય તો બીજું થાયે શું?** પણ આજ કાલનો વૈદ્ય કે ડૉકટર ઘરાક જોઈને મક્કમ, મનમાં વિચારે, 'ખમતી આસામી છે, હાથે કરીને પૈસા ખુવાર કરવા આવ્યો છે, ભલે આવ્યો. વળી 'ના' કહીશ તો મને અણઝ માનીને બીજા વૈદ્ય-ડૉકટરને પકડશે. ત્યારે આપણે તો ધંધો માંડી બેઠા છીએ. ધંધો ન ચલાવીએ તો ઘર કેમ નભે?'... પછી એને કહેશે, 'જુઓ, તમને એનીમીયા છે, આ દવા ખાઓ, આ રીતે ખાઓ,...' વગેરે વગેરે. ચાલ્યું, બસ આ રીતે વ્યાધિનો તાપ હાથે કરીને ઊભો કરે છે.

વ્યાધિના તાપની કરુણ કથની:—

આજના કાળે વ્યાધિઓ કેટલા પ્રકારની? એમ તો પ્રાચીન ચરક-સુશ્રુત જેવા વૈદકના ગ્રન્થો કેટલીય પ્રકારની વાતની વ્યાધિઓ, કેટલીય જાતની પિત્તની વ્યાધિઓ, અને કેટલીય ભાતની કફની વ્યાધિઓ બતાવે છે; પરંતુ તે કાળે વૈદ્યો અને વૈદ્યોને ત્યાં જનારાઓ બહુ ઓછી સંખ્યામાં દેખાતા એ સૂચવે છે કે વ્યાધિઓ બહુ ઓછા પ્રમાણમાં રહેતી. જ્યારે **આજે ડૉકટરોની અને એને ત્યાં જનારા દરદીઓની સંખ્યા ભારે મોટી દેખાય છે,** એટલે **વિચારવાનું છે કે આજના કાળે વ્યાધિઓના ઉપદ્રવ કેટલા? એમાં આજની જીવન પદ્ધતિ એવી** બનાવી દીધી છે કે વ્યાધિને વહેલું તેડું મળે. એના પરિણામે દવા લેવા દોડે. એ દવાઓ પાછી એવી કે એક વ્યાધિ શાંત કરે ત્યાં બીજી વ્યાધિએ થોડા વખત પછી દેખાવ દીધો જ છે! દા૦ ત૦ પેટમાં મળ છે, અને સાથે મેલેરિયા કે ઇન્ફ્લુએન્ઝા છે, કવીનાઇનથી મેલેરીઆ દાબ્યો, અથવા બીજી દવા ઈંજેકશનથી ઇન્ફ્લુએન્ઝા દાબ્યો, એટલે મળને જે તાવ પકવનારો હતો, તે તાવ દૂર થયાથી પછી કેટલાય દિવસો કે મહિના સુધી મોં કડવું, અંગ સુસ્ત, વગેરે વ્યાધિઓ પીડયા જ કરે છે! **વ્યાધિઓના આ તોફાનમાં જીવને શાંતિ અને સુખના અનુભવ કેવા!** ચાલાક ડૉકટરો વળી વાતવાતમાં પૂછી લે છે, 'કેમ ધંધો શો કરો છો?' દરદી ભલેને મોતી પરોવતો હોય પણ પોતાની ઠાંસ બતાવવા કહેશે 'ઝવેરાતનો ધંધો ચાલે છે,' એટલે ડૉકટર વિચારે છે કે હવે વાંધો નહિ. પછી સાચવીને કહેશે, 'જુઓ આ તમને જે છાતીમાં દુઃખે છે, તેનાથી જરા સાવચેત રહેવાનું છે. તમારું સ્ક્રીનીંગ કરવું પડશે, બ્લડ ટેસ્ટ, કફ ટેસ્ટ, યુરીન ટેસ્ટ...બધી તપાસ આપણે કરી લઈએ. જરાય ચિંતા કરશો નહિ, સારું થઇ જશે...' બસ દરદીને ઉતાર્યો વહેમમાં, અને નાણાંકોથળી સાવધાન કરવામાં! દરેક તપાસનાં જુદાં બીલ, ઉપર ઈંજેકશનો, પેટંટ દવાઓ,...ખાસું રૂપિયા ૩૦-૪૦ નું આંધણ! અને દરદી પાછો સંતોષ માને છે કે-'સારું થયું બધી તપાસ થઇ ગઇ. ડૉકટર બહુ લાગણીવાળો.' **વ્યાધિઓના તાપની પણ કરુણ કથની છે. કેટલાય પૈસા, કામો વગેરે ભગાડે છે.**

ઉપાધિ એટલે આધિની સ્ટીમરમાં બેસવાનો પાસપોર્ટ:—

આધિ-વ્યાધિ-ઉપાધિના તાપનું પૂછશો નહિ! હવે ઉપાધિ-ઉપ એટલે પાસે, પાડોશમાં, અને 'આધિ' એટલે સંકલ્પ-વિકલ્પ, સંતાપ, અજંપો વગેરે. આધિ પાછી આવી! આધિની સમીપ લાવે તે ઉપાધિ. જેની પડોશમાં આધિ રહે તે ઉપધિ. કોણ એ? પૈસા-ટકા, માલમિલકત, સ્ત્રી, પુત્ર, દુકાન પેઢી, માનસન્માન વગેરે ઘણું ઘણું, યાવત્ કાયા સુદ્ધાં, એ ઉપાધિ. એકલો પડયો રહેતો, શાંતિમાં હતો, લગ્ન

કર્યા એટલે આધિની પડોશમાં રહેવા આવ્યો; માટે લગ્ન એ ઉપાધિ. પુત્રની ઝંખના કરી, નહોતો તે પુણ્યે મળ્યો, એટલે હવે આ આધિની પડોશમાં રહેવા ગયો! વિચારો કે શું જોઇને આ મૂર્ખ આત્મા, આધિ-વ્યાધિ-ઉપાધિના એમ ત્રિવિધ તાપવાળા સંસારમાં ઠરી ઠામ બેસી શકતો હશે! ત્રણે કાલમાં આત્માને આ ત્રિવિધ તાપો તપાવી રહ્યા છે. ત્રણે કાલ એટલે ગત ભવ, આ (વર્તમાન) ભવ, અને આવતો ભવ. ત્રણે કાલ એટલે કાર્યના બનવા પહેલાંનો કાલ, કાર્ય બનતી વખતનો કાલ, અને કાર્ય પછીનો કાલ. ત્રણે કાલમાં આત્મા આધિ-વ્યાધિ-ઉપાધિના તાપે તપ્યા કર્યો છે. આ રીતે તપ્યો તપ્યો છતાં માને છે, 'થાય છે! દેવભક્તિ, જ્ઞાનધ્યાન, વ્રત-પચ્ચખ્ખાણ વગેરે કરવાની શી ઉતાવળ છે?' ધર્મમાં આ વિચાર! અને જેમાં આત્મા સારી રીતે સળગે તેમાં પાવરધો બનવાનું! આધિ-વ્યાધિ-ઉપાધિના કામ જલદી કરવાના! કેવી કમનસીબી હાથે કરીને તાણી લાવવાની! **હા! જે બિચારા વીતરાગનું શાસન પામ્યા ન હોય તે તો તેમ કરે, પણ શ્રી વીતરાગ પરમાત્માનું શાસન પામ્યા પછી આ કંગાલિયતતા રહે, મૂઢપણું થાય, એ ભવિષ્યની મહાન દુર્દશા સૂચવે છે.**

ઉપાધિ એનું નામ કે જેને પામવાથી આધિ માંધી હતી તે સસ્તી થઇ.

ઉપાધિ એ આધિને તેડાવવાની કંકોત્રી છે.

આધિની સ્ટીમરમાં બેસવાનો પાસપોર્ટ ઉપાધિ છે.

ઉપાધિ એટલે જીવને પરમાત્માથી દૂર પાડનારો અને પરાયામાં પલોટી નાખનારો વળગાડ!

મોટરવાળાને શી ચિંતા?:—

શ્રીમંતને મોટરમાં જોઇને કદાચ મનમાં થાય, 'આપણે તો ટાંટીઆ ઘસીને આવવું પડે છે, આ તો આવ્યા મોટરમાં, છે કાંઇ ચિંતા?' પણ એ વિચાર્યું ખરું કે મોટર એ ઉપાધિ છે ત્યાં આધિ (ચિંતા) ન હોય? કહ્યું ને, **આધિની સ્ટીમરમાં બેસવાનો પાસપોર્ટ ઉપાધિ છે?** હૈયાનો ફોટો લેવાતો નથી એટલે એમ ખબર ન પડે, પણ એમને પૂછયે ખબર પડે કે, એમને ચિંતા છે કે નહિ, અથવા કેટલી ચિંતા છે. પૂછો કે-'શેઠ! તમારે મોટર એટલે છે કાંઇ ચિંતા? આ તરત આવ્યા! અમારે તો ટાંટીઆ ઘસીને આવવાનું. પેલો શેઠ જો ઠાંશમાં રહે તો એ વાત જૂદી, બાકી સરલ હોય તો કહે, 'મારી ચિંતાની કથાં માંડે છે? **ભલા ભાઇ! તારે તો આ ટાંટીઆ ઘસીને આવવું એટલી જ ચિંતા પણ મારે તો મોટર પાછળ ઢગલો ચિંતા! મારી ચિંતા કેટલી કહું?'** કહેવામાં આવે કે 'કહો તો ખરા!' તો એ સંભળાવે છે, 'શોફરની પરાધીનતા ભારે. સાંજે મને ઘેર મૂકીને ગયો, પછી કદાચ કામ પડયું કાંક જવાનું, ચાલવાની ટેવ નથી, અગર પેટ્રોલમાં ખામી પડે છે તેથી ચાલતા જવાય નહિ; ને શોફર ઝટ આવે નહિ. અવસરે એ કહીય દે 'શેઠ! ન બની શકે' પાછી એકલા એની જ પરાધીનતા છે? ના, પેટ્રોલ ખૂટયું, લેવા ગયા, કહી દે છે, 'નહિ મળે! કંટ્રોલ છે.' મઝિઆરું કુટુંબ એટલે મોટરમાં જરા વધારે દેખે કે આંખ કરે છે, 'બસ! ભાઇને માટે જ મોટર છે, અમારો તો હિસાબ જ નહિ!' મારી ચિંતાનું પૂછે છે? આ મોટર દેખીને લોક દાઢમાં ઘાલે છે. એક પછી એક માગનારા આવીને ઊભા રહે છે. બસ લાવો જ લાવો. 'શેઠ! આમાં આપવા પડશે, આટલા તો દેવા જ પડશે. અમારું આટલું કામ તમે નહિ કરો તો કોણ કરી આપશે?' હવાલદારો, અમલદારો વગેરે કેઇનાં ખીસાં ભરવાનાં! અરે! એક નવા વર્ષની બોણીઓ દેતાં ડૂચો નીકળે છે! શું પૂછે છે મને ચિંતા નહિ? મહોબતવાળો આવ્યો, કહે, 'શેઠ! એક કામ છે, જરા મોટર જોઇએ.' આ સાંભળીને પેટમાં દિવેલ રેડાય છે! **ઉપાધિ ઘરમાં વસી એટલે આધિ-ડાકણ જેવી પાડોશણની સાથે રહેવું.** પેલાને ના તો કહેવાય નહિ કેમકે મહોબત રહી, એટલે હવે કેમ ઊઠાં ભણાવવા એ એને દૂરથી દેખતાં જ ગોઠવી રાખીએ, પછી એ માગણી કરે એટલે ઊઠા ભણાવીએ, 'લઇ જાઓ ને! પણ જુઓને શોફર હરામી છે. પેટ્રોલ ભરાવવાનું છે...' એવાના પગનો પડછાયો દેખાય ત્યારથી ઊઠાં ભણાવવાના વિચાર આવે છે! પાછા સાફ લગાડીએ, આપણે તો મહોબત છે, એટલે એકબીજાની વસ્તુ એકબીજાને કેમ કામ ન આવે? એમ સમજીને

આપણી મોટર એ તમારી જ છે, પણ હરામી શોફર આવશે જ નહિ...” કહો જો, આવું આવું બને છે ને? તો ઉપાધિવાળાને કેટલી આધિ? કેટલી પીડા? વિચારી જુઓ કે બાલપણાથી **જેમ જેમ ઉપાધિ વધી, તેમ તેમ આધિ-માનસિક ચિંતાઓ, કલેશ વગેરે-વધ્યું છે કે નહિ?**

ઉપાધિમાં સ્વતંત્ર ખરાબી શી?:—

પ્ર૦—ઉપાધિ જો આધિને લાવનાર છે માટે પીડારૂપ છે તો તો પછી તાપ આધિનો રહ્યો; ઉપાધિનો જુદો તાપ ક્યાં રહ્યો? તેથી તાપ એ જ જાતના કહો, આધિ અને વ્યાધિના.

ઉ૦—એટલે એમ કહેવરાવીને તમારે આધિ ન રાખ્યાનો ડોળ કરીને ઉપાધિના થોક વધારવા છે, એમ ને? પણ જો જો હોં, **ઉપાધિના સ્વતંત્ર તાપ પણ ઓછા નથી.** જુઓને, પહેલી તો આ કાયા જ ઉપાધિ કેટકેટલી વેઠ કરાવે છે? એને ખવરાવો-પીવરાવો, નવરાવો-ધોવરાવો, અપમાનથી બચાવો, અકસ્માતથી બચાવો, રોગથી બચાવો, રોગ આવે તો દવા પથ્ય વગેરે કેટલી માવજત કરો... ઓલ્યો કેટલું કેટલું?

સાધુને ઉપાધિની પીડા કેમ નહિ?:—

પ્ર૦—પણ એ તો મુનિમહારાજને ય કરવું પડે છે ને?

ઉ૦—કરવું પડે છે પણ કેવી રીતે અને શા માટે? એ વિચારો. **સાધુ તો મન-વચન-કાયાથી કરવા-કરાવવા-અનુમોદવા રૂપે લેશ પણ હિંસા ન થાય એ રીતે સર્વથા અહિંસા પાળવા પૂર્વક કાયાને ધારી રાખે છે, અને તે પણ એની સેવા કે સ્વાગત માટે નહિ. કિન્તુ કેવળ મોક્ષમાર્ગની સાધનામાં ઉપયોગી બનાવવા માટે.** આ ઉપરથી સમજી શકશો કે બંને વચ્ચે કેટલો મોટો તફાવત છે. **સાધુની દેહચર્યાની રીત નિષ્પાપ છે, અને દેહચર્યા પાળવાનો ઉદ્દેશ દેહ દ્વારા એકલી પવિત્ર દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપની આરાધનાનો છે,** તેમજ ચોવીસે ય કલાક દેહ પાસેથી એ કામ લે છે. ત્યારે ગૃહસ્થને તો દેહ પાલનની રીત પણ પટ્ કાય સમારંભ અને રાગ-દ્વેષાદિ પાપોથી લચપચ હોય છે. એવા દેહથી કદાચ ધર્મ કરે તો ય તે કેટલો? સાધુજીવનની અપેક્ષાએ અતિ અલ્પ, બાકી સત્તર પાપસ્થાનકનાં સેવન ભારોભાર! માટે જ એ કાયા ભારે ઉપાધિ! અને તે અનેકાનેક વેઠના તાપ દેનારી!

પૈસા પાછળ પીડા:—

હવે આગળ વધો બીજા નંબરમાં પૈસા એ ઉપાધિ. કહો જો એને લાવવા, સાચવવા, વધારવા, ખરચવા, રોકવા, વગેરે ક્રિયાઓમાં કેટલો શ્રમ, કેટલી તકલીફ, અને કેટલો ત્રાસ અનુભવો છો? એ તાપ નથી તો શું છે? એમ, ઘર, રાચરચીલું, સરંજામ, વાસણ, ફરનીચર, વગેરે વેઠ કરાવે છે કે નહિ? કહોને **એકેકી ચીજ પાછળ કેવ જાતની મહેનત લેવી પડે છે, કષ્ટ ઉઠાવવા પડે છે.** ત્યારે પરિવાર માટે શી શી તકલીફ, ત્રાસ, નથી ઉઠાવવા પડતા?

પ્ર૦—**પણ આ બધું ન કરીએ તો જીવન કેમ ચાલે?**

ઉ૦—તો એટલું તો નક્કી ને કે જીવન જે જાતનું જીવો છો એમાં આ બધા તાપ સહવા પડે છે? માટે જ કહો કે તાપ દેનારી એ બધી વસ્તુ ઉપાધિ છે. અને તમે કહો છો 'જીવન ચલાવવા માટે;' પણ એ તો કહો કે **બીજી જાતનું કોઈ જીવન જગતમાં છે કે નહિ કે જ્યાં આ ઉપાધિઓથી સતાપ્યા રહેવું ન પડે.**

પ્ર૦—જીવન તો છે, સાધુજીવન. પણ હમણાં એ બને એવું નથી, પછી શું થાય?

ઉ૦—બરાબર. તો હવે તમારું ચાલુ જીવન જીવતાં એમ તો થયા કરવું જોઇએ ને કે,

ગૃહસ્થની શુભ ભાવના:—

'જીવને આ આધિ-ઉપાધિઓના યંત્રમાં પીસનારું જીવન તુચ્છ છે! વેઠ છે! માનવપણાના પુણ્યને નિષ્ફળ કરનારું છે! જીવન તો સાધુપણાનું! ક્યારે એ ધન્ય દિવસ સાંપડે કે જ્યારે હું ઉપાધિમુક્ત એવું પવિત્ર જીવન પામું! ન પામું ત્યાં સુધી અહીંનું જીવન એવું જીવું કે એ સાધુજીવન પામવાનો નિકટ પહોંચાડે. એનો સીધો ઉપાય આ કે ચાલુ જીવનમાંથી બને તેટલી ઉપાધિ ઓછી કરતો ચાલું જે ઉપાધિ છૂટે એવી ન હોય ત્યાં પણ એના તાપ ઓછા

થાય એવો રસ્તો કાઢું !..." આવું આવું શ્રાવક નહિ વિચારે તો બીજો કોણ વિચારશે ?

જેને વીતરાગ ભગવાન સર્વ ઉપાધિથી રહિત છે માટે વહાલા છે, એણે તો ઉપાધિને કમમાં કમ અણખામણી તો કરવી જ પડશે.

સંસાર બધો ઉપાધિ ઉપર જ નભેલો આવ્યો છે.

ઉપાધિ ઉપર જ આધિ અને વ્યાધિના તાપ છે.

આમાંથી છૂટવા ઇચ્છનારો ઉપાધિમાં શા હરખ અનુભવે ? શા ગર્વ લે ?

કુલટા નારીના પતિ હોવાનો ગર્વ ધરવા જેવો ઉપાધિની મલિકીનો ગર્વ છે.

ઉપાધિના નગ્ન સ્વરૂપને સમજનારો સારા પૈસા-પરિવાર કે સારી કાયા-કીર્તિ મળવા ઉપર ન ગર્વ કરે કે ન હરખાઇ જાય. એ તો સમજે કે 'આ બધી ઉપાધિ છે, તાપની ભઠ્ઠી છે, જીવને પરમાત્માથી છેટે રાખનારી છે. એમાં આત્માની સમૃદ્ધિનું દિવાલ છે.'

આપણી વાત આ ચાલે છે કે આધિ-વ્યાધિ-ઉપાધિના તાપ મિટાવવા કોઈ સમર્થ હોય તો તે ભગવાન જિનેશ્વરદેવોએ ઉપદેશેલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્નત્રયી છે. એની વિચારણા કરવા માટે પહેલાં એ વિચારીએ છીએ કે આધિ-વ્યાધિ-ઉપાધિ જીવને કેવા કેવા તાપ આપે છે, ને સંસાર આનાથી કેવો ભયોભયો છે. આધિ-ઉપાધિને જો સુખરૂપ નહિ પણ તાપરૂપ સમજો, તો તો પછી આગળનું કામ સરળ બને એવું છે. આગળનું એટલે સમજ્યા ને ? દર્શન-જ્ઞાન ચારિત્રને જીવનમાં મહેકાવવાનું. માટે પહેલું આ કરો કે દૃષ્ટિ નિર્મળ થઇ આધિ-વ્યાધિ-ઉપાધિને હિમ નહિ, ભઠ્ઠી દેખે. સારી માનેલી ઉપાધિ કેવી સંતાપે છે એના પર શાસ્ત્રનું એક દૃષ્ટાન્ત જુઓ.

ચંદ્ર અને મંત્રીનું દૃષ્ટાન્ત :—

એક નગરમાં ચંદ્ર નામનો એક શ્રેષ્ઠિપુત્ર રહેતો હતો. એના પિતા પાસે ધન તો ઘણું હતું પણ ભાઇને પરદેશ જઇ આપ કમાઇ કરવાના કોડ જાગ્યા ! માતાપિતાને કહે છે,

'મારે પરદેશ વેપાર કરવા જવું છે.'

પિતા કહે છે, 'શા સારૂ ? અહીં આપણી દુકાન ચાલે છે તેમાં ખુશીથી વેપાર કર.'

પેલો કહે, 'ના, એમાં મારો પુરુષાર્થ શો ? મારે તો આપકમાઇ કરવી છે. સાત્ત્વિક માણસો બાપ-કમાઈ પર નથી જીવતા. હવે હું મોટો થયો છું માટે આપકમાઇ કરી ધન લાવીશ.'

પિતા કહે, 'તો તું અહીં જ જુદી દુકાન અને જુદો વેપાર કર.'

'ના, અહીં ગામમાં ને ગામમાં શી બહાદુરી ? હું તો પરદેશ જઇ વેપાર કરીશ.'

માતાપિતાએ ઘણું સમજાવ્યો, પરંતુ એ એકનો બે ન થયો. પરદેશનાં જોખમ, સ્વજનોનો વિયોગ, ધર્મસાધનામાં અંતરાય, વગેરે વગેરે ઘણું સમજાવ્યું પણ મનમાં પરદેશનો ચડસ જાગ્યા પછી એના પર વિચાર જ કોણ કરે છે ?

માતાપિતાએ એ પણ કહ્યું કે-'ભાઇ ! તને ઉછેરી મોટો કર્યો તે અમારી આંખ આગળ તને સુખી જોવા. તું જાય, પછી અમારે તો ઝુરવાનું ને ? અને આપણને જરૂર કરતાં વધુ મળ્યું છે. આ બધું તારું જ છે. હવે ઉપર ઢેર કરીને શું કરવું છે ? જીવન જીવવામાં એનો શો ઉપયોગ ? સંતોષ અને ધર્મસાધના એજ માનવ જીવનના અલંકાર છે, એજ સાચી સમૃદ્ધિ છે. માટે સંતોષ રાખી પરદેશનો વિચાર છોડી દે. (ક્રમશઃ)

—: સુવાક્યો :—

દુન્યવી સગવડ-અગવડ અંગે ભાગ્યની પેટીના ભરોસે રહેવાનું. એ પેટી જો કાણી, તો બહાર કાણું જ સમજે. પેટી અધુરી થતી લાગે તો પરમાર્થ પરોપકારનાં સુકૃતો કર્યે રાખવાનાં, જેથી પેટી પુણ્યે ભરી રહે.

× × ×

ગુરુજનની પૂજા એટલે માનવી તરીકે મળેલી બુદ્ધિ-શક્તિનો પહેલો સદુપયોગ.

× × ×

—: બહિરાત્મા-અંતરાત્મા-પરમાત્મા :—

['બહિરાત્મા-અંતરાત્મા-પરમાત્મા' એ પર ગયા લેખમાં આછો ખ્યાલ આપ્યો હતો, ત્યાંથી આગળ ચાલે છે..... —પ્રકાશક]

નમી રાજર્ષિને ઇન્દ્રે બંગલા બંધાવવા, કોટ સમરાવવા વગેરે કહ્યું, પણ મહર્ષિએ ઉત્તર કર્યો કે 'માર્ગમાં જે ઘર કરી બેસે તે ઠગાય છે.'

સંસાર તો જંગલ છે, જંગલમાં તો સિંહ-વાઘ-વરુથી મરવાનો, ને લૂંટારાથી લૂંટાવાનો ભારે ભય ! ત્યાં મુકામ કરી નિરાંતે ન બેસાય. એમ ઉત્તમ મનુષ્યભવમાં જો કાયા-માયામાં નિરાંત કરી, તો મુક્તિના મુખ્ય સ્ટેશન ભૂલી જવાશે, ને લુંટાવાનું થશે ! દિલ્હી જવું છે, વચલા સ્ટેશને મેઇલ ઊભો; ત્યાં પ્રવાસી નીચે ઉતરે તો ય કેવા હૃદયે ? કયી સમજ સાથે ? એજ ને કે ગાડી અને માલ ન ઉપાડી જાય; નાસ્તાપાણીમાં બહુ ખર્ચાઈ ન જાય.

એમ અંતરાત્મા આ જીવન-વિસામાને હવે બહુ પાપ સેવનરૂપી ખર્ચથી નભાવવા ખૂશી નહિ. એટલે પાપપ્રવૃત્તિઓમાં શક્ય ઘટાડો કરે છે. એ માટે દાન-શીલ, ત્યાગ-તપ, શમ-દમ (કષાયનિગ્રહ-ઇન્દ્રિયનિગ્રહ) શુભ ભાવનાઓ વગેરેના ભવ્ય પુરુષાર્થ, અને હિંસાદિ પાપોમાં મરખમ ઘટાડો કરે છે. એમાં કાયાથી શક્ય ન હોય તો વાણીથી, ને એ શક્ય ન હોય તો મનથી કરે છે. આત્મદૃષ્ટા બન્યો એટલે આત્માના તારક દેવાધિદેવ અને સદ્ગુરુ પર અથાગ શ્રદ્ધા-પ્રીતિ-ભક્તિ આદરે છે, બસ ! એક જ લગની છે. **'આત્માની ઉપરના કર્મના અને દોષના ભાર ઉતારું, ગુણસમૃદ્ધિ વધારું, આત્માનું પાપવીર્ય ઘટાડી ધર્મવીર્ય વધારું.'** અંદર ધર્મવીર્ય તો ઘણું છે, પણ બહિરાત્મભાવે એને છાની દીધું છે, આવરી દીધું છે. બહિરાત્મભાવની વાસનાઓને જેમ જેમ ઘટાડવામાં આવે, તેમ તેમ ધર્મવીર્ય વધે છે. અલબત એ માટે ધર્મનો પુરુષાર્થ વધતો રહેવો જોઇએ. ધર્મવીર્ય વધવાથી અંતરાત્મભાવ પણ વિકસિત બને છે. પછી કાયાદિની ખાનપાનાદિ પ્રવૃત્તિ કયાં થઇ જાય છે, એની જાણે ખબર જ નથી પડતી ! તેથી ઉલટું, ધર્મની વૃત્તિ-પ્રવૃત્તિ સહજ જેવી બનતી આવે છે ! ક્ષમાદિ ધર્મ આત્મસાત્ યાને આત્માના સ્વભાવભૂત બનતા આવે છે. સ્વરૂપરમણતા વધતી ચાલે છે.

પરમાત્મદશા:-અંતરાત્મભાવમાં આગળ આગળ વધતાં જ્યાં ઉચ્ચ નિરાલંબન ધ્યાનથી સ્વરૂપરમણતાની પરાકાષ્ઠાએ પહોંચી, ક્ષમાદિ ધર્મ અને તત્ત્વસંવેદનને બિલકુલ આત્મસ્વભાવભૂત કરી દે છે, ને આત્મા વીતરાગ બને છે, ત્યારે ત્રીજી પરમાત્મદશા પ્રગટ થાય છે. ત્યાં જ્ઞાનાવરણાદિ ઘાતી કર્મોનો નાશ થઇ જવાથી લોકાલોક-પ્રકાશક અનંતજ્ઞાન-દર્શન અને અનંત વીર્ય આદિ પ્રગટે છે. હવે અહીં ત્રણે ય કાળનું સમસ્ત વિશ્વ પ્રત્યક્ષ દેખાતું હોવાથી કશું જ ન જાણેલું ન દેખાતું રહેતું નથી કે જેના માટે ચિંતન કે ધ્યાન કરવું પડે. માટે **આ ધ્યાનાતીત શુદ્ધ સ્વરૂપસ્થ અવસ્થા છે.**

અલબત અહીં હજી અઘાતી કર્મો અને દેહનો સંબંધ છે, કર્મનો ઉદય અને દેહની પ્રવૃત્તિ છે, છતાં અજ્ઞાન અને નિદ્રા, મિથ્યાત્વ-અવિરતિ-રાગ-દ્વેષ-કામ અને હાસ્યાદિ ૬, (હાસ્ય-શોક, રતિ-અરતિ, ભય, જુગુપ્સા) તથા દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્યના પાંચ અંતરાય, એ આત્માના મુખ્ય અઢાર દોષ એના અવાન્તર પ્રકારો સહિત સર્વથા નાશ પામી ગયા હોવાથી, તદ્દન શુદ્ધ સ્વચ્છ ગુણમય અવસ્થા પ્રગટ થઇ ગઇ છે; માટે આ **સદેહ પરમાત્મદશા છે;** પરમાત્મા બનેલાને હવે નથી રાગ, નથી દ્વેષ; નથી કામ, નથી ક્રોધ; નથી હર્ષ, નથી શોક; નથી આહારાદિની આસક્તિ, નથી વિષયતૃષ્ણા. એ તો વીતરાગ, ઉદાસીન, અને સમભાવી હોય છે; નિષ્કામ અને નિસ્તૃષ્ણ હોય છે. સ્વચ્છ દર્પણની જેમ સદા વસ્તુમાત્રના અનાસંગ જ્ઞાતા-દૃષ્ટા હોય છે. એમને હવે કશું ઇષ્ટ, અનિષ્ટ લાગવાનું હોતું નથી; માટે તો એ સુખે-દુઃખે, ભવે-મોક્ષે સમભાવવાળા અને નિરીહ કહેવાય છે; તેથી જ એ ઇંદ્રાદિના સન્માન પ્રત્યે નથી રાજી થતા, કે પિશાચી ઉપદ્રવો પ્રત્યે નથી નારાજ થતા. આત્માની વિભાવદશામાંથી મુક્ત સ્વભાવરમણતાવાળી આ કેવી અલૌકિક સહજ સુંદર દશા ! કયાં માટીની કાયાના ક્ષણજીવી જડ સૌંદર્ય, અને કયાં સચ્ચિદાનંદઘન આત્માના શાશ્વતા ચૈતન્યમય સૌંદર્ય ! અગ્નિના ભીષણ તાપ અને તેજ-

બની જલદતામાં સર્વ અશુદ્ધિઓ બળી ખાખ થઇ ગયા પછી ચળકતા સો ટચના સુવર્ણ જેવી આત્માની વિશુદ્ધ પરમાત્મ અવસ્થામાં હવે ઉજ્જવળ અનંત જ્ઞાન-દર્શનની જ્યોતિ ઝગમગે છે. પળે પળે આપણા આત્માની થતી રાગી-દ્વેષી દશા, આત્મામાં ખદબદતા ક્રોધ-લોભ, માન-મદ, હર્ષ-શોક, આત્માને પીડતી ઇષ્ટ આહાર-વિષયાદિની આસક્તિ અને અનિષ્ટના અણગમા,-આ બધું આત્મસુવર્ણને કથિર જેવું બનાવી દે છે; ત્યારે પરમાત્મદશા આત્મસુવર્ણને જ્વલંત ઝગમગાટ અર્પે છે. હજી દેહસ્થ હોવાથી આને સદેહ પરમાત્મદશા કહી.

પછી બાકીના અઘાતીકર્મ, શાત-અશાતા વેદનીય કર્મ, આયુષકર્મ, નામકર્મ અને ગોત્રકર્મ ભોગવાઇને નાશ થઇ જતાં, હવે કોઇ કર્મનો સબંધ નહિ રહેવાથી તે આત્મા દેહ દ્વિસબંધ-રહિત બની સદાને માટે મોક્ષ પામે છે, તે **વિદેહ પરમાત્મદશા** છે. ત્યાં હવે સદા અનંતજ્ઞાન, અનંત દર્શન, અવ્યાબાધ સુખ, અનંત ચારિત્ર (વીતરાગતા), અક્ષયપણું, અરૂપીપણું, અગુરુલઘુપણું અને અનંત વીર્યાદિ,-એમ મૂળ આઠ ગુણ પ્રગટ રહે છે. ત્યાં સાંસારિક સુખ-દુઃખ, જન્મ-મરણ, સુરૂપ-કુરૂપતા, ઉચ્ચ-નીચ ગોત્ર, માનાપમાન વગેરે કોઇ દ્વન્દ્વો નથી. સ્ફટિકવત્ શુદ્ધ આત્મદ્રવ્ય ઝળહળે છે.

કયા પરમાત્મા અરિહંત ?:—સદેહ પરમાત્મદશાની સાથે, જે જીવે પૂર્વની વિશિષ્ટ સાધના કરીને તીર્થંકર-નામકર્મનું ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જ્યું હોય તેમને, તે પુણ્ય ઉદયમાં આવવાથી, પહેલાં સ્તોત્રપૂજાના વિષયમાં અરિહંતના ૩૪ અતિશય, ૩૫ વાણીગુણ વગેરે જે શકિત કહી આવ્યા, તે પણ પ્રગટ થાય છે, અષ્ટ પ્રાતિહાર્યાદિ પૂજાને અર્હ (યોગ્ય) બને છે, માટે તે અરિહંત, યા અરહંત કહેવાય છે; અને તે ધર્મ-તીર્થ (ધર્મ-શાસન)ની સ્થાપના કરે છે. માટે તે તીર્થંકર પરમાત્મા પણ કહેવાય છે. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એ ચતુર્વિધ સંઘને તે સ્થાપે છે. આમ એ પરમાત્મા 'બનેલા' હોય છે, 'અનાદિના' નહિ. ૦૦

—: શાસન પ્રભાવના અને સમાચાર :—

શ્રી નવપદની ઓળી તથા શ્રી મહાવીર જન્મ-કલ્યાણકની ઉજવણી.

ચૂડા (સૌરાષ્ટ્ર)—પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયજી પ્રેમસૂરીશ્વરજી મહારાજને નવપદની ઓળીની આરાધના માટે મુનિવરની માગણી કરતા પૂજ્ય મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ આદિ ઠાણા ૪ ચૈત્ર સુદ ૬ ના દિવસે પધાર્યા હતા. ઓળીમાં નવે દિવસ સવારે સિરિસિરિ વાલ કહા ઉપર વ્યાખ્યાનો અને બપોરે ૩ થી ૪। શ્રી શ્રીપાળ રાજાનો રાસ રસપ્રદ શૈલીએ વાંચતા હતા. તથા શ્રી વીર જન્મ-કલ્યાણકની ઉજવણી થઇ હતી.

શિવગંજ—મહાપ્રભાવી શ્રી સિદ્ધચક્રની મહાન આરાધના ૧૫૦ મહાનુભાવોએ કરેલ, જેમાં વર્ધમાન જૈન તત્ત્વ પ્રચારક-વિદ્યાલયના ૧૪ વિદ્યાર્થીઓએ ઓળીની આરાધના કરેલ. બીજાઓએ યથાશક્તિ આચામ્લ કરેલ. ભગવાન શ્રી મહાવીરદેવના જન્મ-કલ્યાણક મહોત્સવ અંગે ધામધૂમપૂર્વક વરઘોડો નીકળેલ, બાદમાં પ્રવચનો, તથા પંચકલ્યાણક પૂજા થયેલ.

અહમદનગર (મહારાષ્ટ્ર) જૈન શ્વેતાંબર પાઠશાળા માટે ધાર્મિક અભ્યાસ કરાવવા ચારિત્રપાત્ર પ્રૌઢ શિક્ષક અગર શિક્ષિકાની જરૂર છે. સંગીતના જાણકારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

અભ્યાસ, અનુભવ, પગાર સાથે લખો.

શ્રી ઋષભ સંભવ જિન શ્વેતાંબર સંઘની પેઢી.

ઠે. કાપડ બજાર, જૈનમંદિર.

મુ. અહમદનગર.

પોસાલિયા—અત્રે પૂ૦ ઉ૦ શ્રી ધર્મવિજયજી મહારાજ આદિની નિશ્રામાં પૂ૦ મુનિરાજો શ્રી પુણ્યોદયવિજયજી મ૦ તથા શ્રી વિમલપ્રભવિ૦ મ૦ના સંસારી પિતા શ્રી હીરાચંદજીના સ્વર્ગવાસ નિમિત્તે એમના ભા૫ શા૦ તોલચંદજી રાયચંદજી તથા પુત્ર રાજમલજી હીરાચંદજી તરફથી ચૈ૦ વ૦ ૫ થી ૧૩ સુધીમાં ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ તથા શાન્તિસ્નાત્ર અને સ્વામીવાત્સલ્ય ઉજવાઇ ગયા. નાના ગામમાં પણ શાસનપ્રભાવના અને ધર્મઉદ્યોત સારા થયા. સંઘમાં ભવ્ય ઉલ્લાસ હતો.

મુદ્રક : ચંદ્રકાન્ત રતિલાલ શાહ. (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનાની ખડકી, માણેકચોક, અમદાવાદ. ત્યાંથી છાપી પ્રસિદ્ધ કર્યું.

દિવ્ય દર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : બચુભાઇ ચીમનલાલ ઝવેરી

કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ–૭, અંક–૩૬

મુંબઇ શાખા : ૧૬૭–૬૯, કીકા સ્ટ્રીટ. શનિવાર તા ૩૦–૫–૧૯૫૯

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના** પટ્ટ લંકાર સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના** વિદ્વાન શિષ્યરત્ન

પૂ. ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.

સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે?

ચડસ અને મમતનાં તોફાન :—

ચડસ અને મમત 'હિતની ગમે તેટલી જોરદાર શિખામણ પણ સાંભળવા દેતા નથી. એક વસ્તુનો ચડસ જાગ્યો અને આગ્રહ પકડયો એટલે સમજો કે એક ગ્રહ વળગ્યો! સુજ્ઞ માણસે તો એ ઊભા થાય ત્યાં ચેતી જવા જેવું છે; નહિતર **સમજી લેવું કે કોઈ મહાન આપત્તિને નોતરી રહ્યા છીએ. ચડસ અને મમત પાછળ તો ઘોર આપત્તિઓ ઊભી થઈ છે.**

રાવણ સીતાને પત્ની બનાવવાના ચડસમાં ચઢયો તો ધર્મીને ન છાજે, એવું પરસ્ત્રી હરણનું પાપ કરનારો બન્યો. છતાં સીતા તો માની જ નહિ, તોય રાવણ એને કબજામાં રાખવાની મમત મૂકતો નથી! યાવત્ રામ-લક્ષ્મણ સાથેના યુદ્ધમાં અનેકવાર નાસીપાસ થવા છતાં મેલી વિદ્યા સિદ્ધ કરીને જ્યારે સીતાને કહે છે કે–'બોલ, હવે માને છે કે નહિ? નહિતર તારા રામ–લક્ષ્મણ બધાનો વિનાશ કરી નાખીશ;' ત્યારે પણ સીતા મક્કમતાથી ના પડે છે; કહે છે, **'રાવણ! સમજી લેજે કે તું ગમે તે કરે પણ મને તું સ્પર્શવા પામે એ પહેલાં મારું મડદું દેખી લેજે.'**

કહો હવે તો એને પકડી રાખવાનો મમત મૂકી દેવો જોઈએ કે નહિ? પણ ના, **મમત એટલે તો દુનિયાના ભયંકર ગ્રહ કરતાં ય મહાભયંકર ગ્રહ!** તે કેમ છૂટે! રાવણને એટલું થયું કે આ સીતાથી મારું કંઈ તો સિદ્ધ નહિ થાય, માટે એને રાખવી વ્યર્થ છે. છતાં એમ તો ન જવા દઉં રામ–લક્ષ્મણને હરાવીને અહીં પકડી લાવું; દરમ્યાન ભરી વચમાં એ એને તુચ્છકારી પછી એક દયા-દાન કરવા રૂપે સીતાને સોંપું.'

શું થયું આ? સીતાને રાણી બનાવવા તો ચડસ તો ઉતર્યો, કેમકે ચાલે એવું નથી; પણ એને સીધે સીધી જવા દેવા તૈયાર નથી. મમત–કદાગ્રહ થયો કે એમ કાયરની જેમ, હારેલાની જેમ ન જ જવા દઉં. આ મમતમાં લડયો ને લક્ષ્મણના હાથે મર્યો!

ચડસ અને મમતે એને શું પરખાવ્યું? મહાન સામ્રાજ્ય મહાસમૃદ્ધિ-વૈભવ-વિલાસ, યાવત્ મહામૂલો માનવભવ બધું સાફ! અને નરકનું પ્રયાણ! આજ ને? એના સગા ભાઇ વિભીષણે એને સોનેરી શિખામણ આપી હતી, પણ ચડસ-મમત આગળ શું કરે એ?

જમાલી પણ મમતમાં ભીંત ભૂલ્યો. પ્રભુ મહાવીરદેવનો વિરોધ કર્યો, પ્રભુને ખોટું કહેનારા માન્યા. સમ્યક્ત્વ ગુમાવ્યું! ઉત્સૂત્રભાષી થઇ દીર્ઘ સંસારી થયો! શાના ઉપર આ બધું? મમત ઉપર. 'મને જે લાગે છે, જે નજરે દેખાય છે, તે ખોટું શાનું હોય? બસ! એજ સાચું,'–એવા **મમત ઉપર કેટલુંય બીજું સારું ગુમાવવાનું**

થાય છે.

ચડસ અને મમતનું સ્વરૂપ :—

ઓળખી લેજો ચડસ અને મમતને. **ચડસમાં તીવ્ર લાલસા અને લંપટપણું છે, મમતમાં તીવ્ર પકડ અને દુરાગ્રહ છે.**

સુભૂમ ચક્રવર્તીને ચડસ લાગ્યો કે 'છ ખંડ નહિ, બાર ખંડનો ચક્રવર્તી થાઉં.' અને એણે લવણ સમુદ્ર ઉપર વિમાન લઈને ધાતકી ખંડમાં જવાનું કર્યું. **બ્રહ્મદત્તને મમત** જાગ્યો, 'દુનિયાના એક પણ બ્રાહ્મણને ન છોડું, બધાની આંખો ફોડાવી નાખું ત્યારે જપું;' બંને ય મરીને સાતમી નરકમાં સીધાવ્યા!

ચડસ કેવા જાતના હોય છે. જુગારનો ચડસ, સટ્ટાથી લાખો કમાઈ લેવાનો ચડસ, પરદારા ભોગનો ચડસ, સારું સારું ખાવાનો ચડસ, બધે રોફ જ બતાવવાનો ચડસ, સત્તા ભોગવવાનો ચડસ,...કેવા જાતના ચડસ હોય છે. અહીં પ્રશ્ન થાય,

પ્ર૦— તો પછી કોઈને ક્ષમા જ રાખવાની ટેવ હોય પરોપકારની જ તમન્ના હોય, અહિંસા-સત્યની જ ધગશ હોય, તો શું એ ચડસ ન કહેવાય?

ઉ૦—ના, એ તો તીવ્ર શુભ અભિલાષા છે, સારી અત્યંત રુચિ છે, અતિશય સત્પ્રેમ અને સદ્‌રાગ છે, ચડસ નથી. **ચડસ અને મમત તો ખોટી વસ્તુના કહેવાય, દુર્ગુણ-દુષ્કૃત્યોના કહેવાય.**

વીર પ્રભુ ઘોર તપ કર્યે ગયા, તે એમને તપનો શું ચડસ હોવાનું કહેવાય? ના, તપનો અતિરાગ કહેવાય. તેમ પાપી સંગમ દેવ ભયંકર ઉપસર્ગોથી ડગાવવા ઘણું મથ્યો, છતાં પ્રભુએ ક્ષમા-સમતા ન છોડી, ને એની આગળ નમતું ન જોખ્યું, તે શું પ્રભુ મમતમાં ચઢયા હતા? ના, એ તો દૃઢ પ્રતિજ્ઞ હતા, ક્ષમા-સમતાની દૃઢતાવાળા હતા.

મમત તો કષાયોના કહેવાય છે, અસત્યનો મમત અર્થાત્ દુરાગ્રહ કહેવાય. **વડિલો, હિતૈષીઓ કે, ગુરુઓની હિતશિક્ષાને અવગણી પોતાની ખોટી વાત વસ્તુ પકડી રાખે એ મમત કહેવાય.**

ચડસ-મમતનાં ફળ :—

ચડસ એ અભ્યુદય-ઉન્નતિ માટે નાલાયક બનાવે છે ત્યારે મમત એ હિતશિક્ષા અને સદ્‌વર્તાવ માટે અયોગ્ય ઠેરવે છે.

ચડસમાં પુણ્યની ઘોર બરબાદી થાય છે, કેમકે એમાં આંધળિયા કરીને એકલું દુનિયાનું મેળવી લેવું છે, મેળવવામાં બાકી રાખવું નથી; **ત્યારે મમતમાં ધર્મ માટેની લાયકાતનો નાશ છે.** દૃઢાગ્રહી, ભારે અહંકારી, એ ધર્મ માટે લાયક નથી રહેતો ત્યારે, પૂર્વનું પુણ્ય ભોગવાઈ ગયું અને નવા પુણ્યને લાવનાર ધર્મ પણ ગયો પછી કઈ દશા?

ખૂબી તો એ છે કે ચડસમાં કાંઈ દુનિયાભરનું ધન વગેરે મળી જતું નથી, અને મમતમાં કાંઈ દુનિયાભરની શાબાશી મળતી નથી, છતાં રાંક જીવ આ ટૂંકાશા પ્રકાશમય ભવમાં ઘોર અંધારા કરી મૂકે છે! આ દુનિયાની નજરે પણ હલકો ઠરે છે. અને પરલોકમાં દીર્ઘકાળ પીડે એવી પાપબુદ્ધિ દૃઢ કરે છે!

પૂર્વવાસનાઓને પુષ્ટ ન કરાય :—

જીવનમાં વિચારી જો જો કે કયાં કયાં ચડસમાં ચઢવાનું થાય છે, ને કયાં કયાં મમતમાં પડવાનું થાય છે, નાની પણ વસ્તુનો ચડસ ખોટો; નાની પણ વાતનો મમત ખોટો! એમાંથી ય કંઈ ને કંઈ અનર્થ ઊભો થાય છે; દા૦ ત૦ ઘરમાં જરા દમામથી બેસવાનો ચડસ છે ઉપલક દૃષ્ટિએ જોતાં લાગે કે-'એથી કુટુંબીઓ દાબમાં રહે છે,' પરંતુ ખરું જોતાં અંદરખાને એ હાર્દિક સ્નેહભર્યું આકર્ષણ નથી ધરતા હોતા; કદાચ વિરુદ્ધ વલણવાળા પણ થાય છે, તેથી બીજાની આગળ ઘસાતું ય બોલે છે. એવા બીજા ય કેવા અનર્થો ચડસ પાછળ ઊભા થાય છે. એવું જ મમતથી એક વસ્તુની તાંત પકડી રાખવા જતાં ય નુકશાન ઊભાં થાય છે, ને પાછળથી પસ્તાવો હૈયાને શેકયા કરે છે! **આ જગતમાં આત્માને વિષે અનંતાનંત કાળથી ચાલી આવતી પૂર્વવાસનાઓની કારમી અસરનો ગંભીર વિચાર થાય, તો પોતાના મહાકિંમતી આત્મદ્રવ્યને બિનજરૂરી ચડસ અને મમત કરી એ કુવાસનાઓ રૂપી ડાકણોને**

પોષવા-વધારવાનું કેમ જ કરાય? આમ તો હજી બીજી કેટલી ય વાસના અને વિકારો નડે છે, જે હાલે છૂટે એમ નથી, પરંતુ આવી ચડસ-મમતની વાસનાઓ તો ધારીએ તો છોડી શકાએ. તો એટલું તો કરી જ લેવું ઘટે ને?

સામાન્ય વસ્તુઓમાં ચડસ શા?:—

એ બસ ધ્યાનમાં રાખવાનું છે કે કમમાં કમ નજીવી વાત-વસ્તુના તો ચડસ-મમત નહિ જ રાખવા; કેમકે **જેમાં બહુ માલ નથી, જેથી બહુ મોટો લાભ નથી, એના ચડસ રાખવાથી શું?** એના મમત કર્યાથી શું વિશેષ ખાટી જવાનું? દા૦ ત૦ રોજ એની એ કાળી ચાહ પીવાની, એની એ રોટી-દાળ ખાવાની, કે ધોઇ ધોઇને એના એ સાદા ચાર ચોથરા ઓઢવાના, તેમ એના એ સામાન્ય મકાનમાં રહેવાનું,—એ વસ્તુ નજીવી છે. હવે એમાં બહુ ટેસનો, બહુ સફાઈનો, બહુ શોભાનો ચડસ રાખવામાં મુશીબત એ ઊભી થાય છે કે પછી એ ચડસની પાછળ જે ચોકસાઇ, મહેનત, ધન-સમયાદિવ્યય અને વિચારસરણી કરવામાં આવે છે, તે ધર્મસાધનાને ધક્કો પહોંચાડે છે. પાછું એમાં જરા વધ્યો-વચકો લાગ્યો કે આત્મા ખળભળી ઉઠે છે, મોંદું બગાડે છે, સૌમ્યતાને બદલે ઉગ્રતા તરવરે છે, વાણી કર્કશ નીકળે છે, સામાના સ્નેહના નાજુક તારને ધક્કો પહોંચાડે છે. શાથી આ બધું? ચડસને લીધે ને ચડસ ન હોત તો મન મનાવી લેત કે "**આ તે શું બહુ સારૂં કિંમતી મળ્યું છે કે એમાં વળી પાછા ઓરતા કે 'આવું જ જોઇએ ને તેવું જ જોઇએ?' 'એ તો જેવું મળ્યું તેવું ચાલે.'** બહુ ખટપટ કરી જરાક સારૂં બનાવવા ગયા, પણ પછી એના પર દિવાળી કોને? લુચ્ચી ઇન્દ્રિયોને! ને લીધેલું હરામ કરનાર મનને! પણ આપણા પ્રાણપ્યારા આત્માને શું? એને તો નવાં પાપોની લોથ ઉંચકવાની! જે ધર્મભાવનાના અખંડ સ્રોત અહીં વહેવડાવી શકાય એ ધર્મભાવનામાં નજીવી વાત-વસ્તુના મમત-ચડસ પાછળના સંકલ્પ-વિકલ્પો આવીને ભંગ પાડવાના, અંતરાય કરવાના! વિચારવું તો એ જોઇએ છે કે **ખોટા અધિકાર શા બજાવવા?**

વસ્તુ મળે છે આપણા પુણ્ય મુજબ જ, વધારે ઓછું નહિ. તો જે મળ્યું તેમાં બહુ માની લેવું જોઇએ. વિચારવું જોઇએ કે દુનિયામાં ઘણાને મળે છે એના કરતાં તો આ બહુ છે. તો એના સામે નજર રાખીને **જે મળ્યું તેને વધાવી લેવું, પણ ચડસ નહિ રાખવો.**

ચડસના નુકસાન:—

જડ અને તે પણ નજીવી વસ્તુઓના **ચડસ રાખવામાં તો હોય એની બહુ કિંમત આંકતું અને છે, તેથી આત્માની અને આત્મહિતની વસ્તુની કિંમત આંકતું ભૂલાય છે.** દાખલા તરીકે, છોકરો જે પોતાની પરણી લાવેલી પત્નીની બહુ કિંમત આંકતો બને છે, તો માતાની કિંમત આંકવાનું ભૂલે છે. **સ્વાર્થના મૂલ્યાંકન કરનારાના મગજમાં પરમાર્થનું મહત્ત્વ વિચારમાં નથી આવી શકતું.** રમતિયાળ છોકરાને રમતના ચડસ હોય છે તો વિદ્યાના મહત્ત્વનો કયાં વિચાર જ આવે છે? દુરાચારના ચડસવાળો પવિત્ર સદાચારી જીવનના મહામૂલ્યાંકન શું કરી શકે? બસ, એજ વાત અહીં છે. **દુન્યવી વાત-વસ્તુના જો ચડસ-મમત રાખો તો મન એની જ ગડમથલમાં રોકાયેલું રહેશે! એનાં જ મહત્ત્વ વિચાર્યા કરશે!** એટલે સ્વાભાવિક છે કે આત્મા, પરમાત્મા અને આત્મહિતના વિચારોને કે એનાં મૂલ્યાંકનને મગજમાં જગા નહિ મળે, એના માટે સમય નહિ રહે! તો પછી આવા સુંદર ભવમાંથી પશુ જીવન કરતાં વિશેષ શું મેળવ્યું?

કર્તવ્યસાદ:—

માટે જ, **જો આ ઉજળા અવતારની સાર્થકતા કરવી હોય, તો વારે ને વારે પોતાના આત્માનું મૂલ્યાંકન કરો, પરમાત્માનું મહત્ત્વ વિચાર્યા કરો, આત્મહિતકારી વસ્તુઓ,—પરમાર્થ-પરોપકાર, દયા, કૃતજ્ઞતા, દયા, વિશ્વ વાત્સલ્ય વગેરે ગુણો અને દેવ-ગુરુ-ધર્મની ઉપાસના,—એની મહત્તા મનમાં લાવ્યા કરો, એની જ તીવ્ર અભિલાષા સેવ્યા કરો.**

આધિ-ઉપાધિ ઉપર ચડસ-મમત:—

ભૂલશો નહિ, આ ચડસ અને મમત એક પ્રકારની

(અનુસંધાન પાન ૨૯૯ મા પર)

—: અરહંત અનંતા શી રીતે :—

બહિરાત્મભાવમાંથી નીકળી અંતરાત્મા અને પરમાત્મા બનવા માટે એમને સર્વજ્ઞોકત તત્ત્વો અને મોક્ષમાર્ગનું જ્ઞાન તથા ધર્મશાસનની નિશ્રા (ઓથ) જોઇએ; અને તે પૂર્વે થઈ ગયેલ અરિહંત પરમાત્મા થકી જ મળી શકે વળી તે પૂર્વના અર્હત્પરમાત્મા પણ એમની પૂર્વે થઈ ગયેલ અરહંત પ્રભુના તત્ત્વદર્શન અને ધર્મશાસનના આધારે જ બન્યા હોય, એમ પૂર્વે પૂર્વે વિચારતાં અનંતા અરિહંત પરમાત્મા યુક્તિ પુરઃસર સિદ્ધ થાય છે. એટલે જે લોકો પાર્શ્વનાથ અને મહાવીરસ્વામીને જ ઐતિહાસિક તીર્થંકર તરીકે ઓળખાવી એમની પૂર્વના તીર્થંકર ભગવાનો અંગે સંદેહ ઊભો કરે છે, તેઓ અજ્ઞાન યા મિથ્યા ગ્રહને લીધે વાસ્તવિક નિશ્ચિત હકીકતનો ખોટો વિરોધ કરનારા છે. અરિહંત પરમાત્મા એક બે નહિ, પણ અનેક થઇ ગયા છે, એ વાસ્તવિક નિશ્ચિત હકીકતનું સૂચન 'નમો અરિહંતાણં'માંના બહુવચનથી થાય છે. કેમકે બહુવચન એ, અદ્વૈત યાને જેનો બીજો પ્રકાર નથી એવી એક માત્ર વસ્તુનો નિષેધ કરે છે.

અહીં એટલું ધ્યાનમાં રહે કે-'જગતમાં આત્માનું અદ્વૈત એટલે એકમાત્ર આત્મા-પરમાત્માનું અદ્વૈત છે, એટલે કે એકમાત્ર પરમાત્મા જ વસ્તુ સત્ છે, અથવા એકલું જ્ઞાનમાત્ર કે શબ્દમાત્ર વસ્તુસત્ છે, અર્થાત્ જ્ઞાનનું અદ્વૈત, શબ્દનું અદ્વૈત છે, વિશ્વ એકલું જ્ઞાનસ્વરૂપ છે, શબ્દસ્વરૂપ છે, આવા અનેક અદ્વૈત પ્રવર્તે છે; એ બધા મિથ્યા અને નિષેધ્ય છે, પરંતુ પ્રસ્તુત 'અરિહંતાણં'માંના બહુવચનથી માત્ર આત્મા અને પરમાત્માના અદ્વૈતનો નિષેધ સૂચિત છે.

પ્ર૦—'નમો અરિહંતાણં'થી અનેકને એક જ નમસ્કાર કરવા જતાં નમસ્કાર વહેંચાઇ નહિ જાય?

ઉ૦—ના, આ દાન જેવી ક્રિયા નથી. આ **બહુવચનથી તો નમસ્કારના ફળની અતિશયતા સૂચવાય છે.** કેમકે નમસ્કારના વિષય ઘણાં લેવાથી નમસ્કાર કરનારને ફળ અતિશય મળે છે. એટલે પ્રશ્ન ઉઠે કે જેમ એક રૂપિયાનું દાન ઘણા વચ્ચે વહેંચાવાથી દરેકને જેમ રૂપિયાનો અંશ માત્ર મળે છે, તેમ ઘણાંને એક નમસ્કાર કરવામાં શું ફળના નાના ટૂકડા ન થઇ જાય?' પરંતુ આ પ્રશ્ન વિચારપૂર્ણ નથી. કેમકે દાનની ક્રિયામાં તો યાચકને લેવાનું છે, તેથી અનેક યાચકોમાં એક દાનની વસ્તુ વહેંચાઇ જાય એ સહજ છે; પરંતુ નમસ્કારની ક્રિયામાં તો નમસ્કરણીય વીતરાગ અરિહંતને કૃતકૃત્ય હોવાથી કશું લેવાનું નથી; એમાં તો નમસ્કાર કરનારને પમવાનું છે. તેથી **જેવી રીતે દર્શન ક્રિયામાં** કોઇ એક જ બગીચો જુએ, ને કોઇ એક સાથે અનેક બગીચા જુએ, તો પહેલા કરતાં બીજાને વધારે આહ્લાદ થાય છે; અર્થાત્ દર્શનક્રિયા એક છતાં એના અનેક વિષયો હોવાને લીધે એના ફળના ટૂકડા નથી થતા પરંતુ ઉલ્ટું ફળમાં આહ્લાદ વધે છે; **તેવી રીતે નમસ્કાર ક્રિયાના** વિષય અનેક હોવાથી એના શુભ ફળમાં વધારો થાય છે. અનેક અરિહંત પ્રભુને નમસ્કાર કરવા માટે આંતરિક દૃષ્ટિ સમક્ષ અનેક અરહંત પ્રભુ લાવવા પડે; અને એમ કરી નમસ્કાર કરવામાં ભાવોલ્લાસ ઘણો વધી જાય; ને તેથી નમસ્કાર કરનાર ભાગ્યશાળી એકને નમસ્કાર કરી ફળમાં શુભ ભાવના પામે તેના કરતાં અનેકને નમસ્કાર કરી ફળમાં શુભ ભાવનાના ઉત્કર્ષને પામે એ સહજ છે. આ અત્યધિક ભાવોલ્લાસનો અનુભવ કરવા માટે-'નમો અરિહંતાણં'...વગેરે પંચપરમેષ્ઠિ-સૂત્ર બોલતાં આપણે જાણે લોકની બહાર અલોકમાં ઊભા છીએ, અને સામે લોકમાં જાણે આપણી દૃષ્ટિ સમક્ષ અનંત અરિહંત, અનંત સિદ્ધ, અનંત આચાર્ય-ઉપાધ્યાય-સાધુને સાક્ષાત્ જોતાં નમસ્કાર કરીએ છીએ,-એવું કરવાથી થાય છે ત્યારે એકને બદલે અનેક પરમાત્માને નમસ્કાર કરવામાં શ્રમ કે ધન ખર્ચ વગેરે તો કાંઇ લાગતો નથી, પછી શા સારૂ અનેકને લઇને આવો સહેલો છતાં ઊંચો લાભ ન લેવો? કહે છે ને **'वचने का दरिद्रता?'**-કોઇની સાથે વાતના પ્રસંગે વિવેકના બોલમાં કંજૂસાઇ શા માટે કરવી? એમ અહીં **'नमनविषये का दरिद्रता?'**—નમસ્કારના વિષય લેવામાં કંજૂસાઇ શા માટે કરવી? વિષય તરીકે શા માટે અનેક અરહંત ન લેવા?

'નમોત્થુણં' 'નમસ્કાર હો' એ અર્થમાં **કેટલાક સામર્થ્યયોગની પ્રાર્થના સૂચવે છે, તો**

બીજાઓ બીજો અર્થ લે છે. તે એ છે કે આ પ્રાર્થનાવચન વસ્તુમાત્ર લોકોત્તર જહાજ પામવાની ઇચ્છાવાળા માટે તેના સાધન તરીકે પહેલો ઇચ્છાયોગ કહે છે. લૌકિક જહાજ તરીકે નાવ, સ્ટીમર વગેરે ગણાય; લોકોત્તર જહાજ તરીકે અરહંત પરમાત્માનું પ્રવચન અર્થાત્ જિનશાસન કહેવાય; કેમકે એ એનો આશરો લેનારને ભવસાગરથી પાર ઉતારે છે; પરંતુ તે વસ્તુસ્થિતિએ આશરો લેનારને, અર્થાત્ ખરેખર આ જહાજ સ્વીકારનારને પાર ઉતારે છે. ખાલી નામથી જૈન હોય, યા માત્ર પૌદ્ગલિક દુન્યવી લાલસાઓ પોષવા માટે જ બીજા ઉપાયોની જેમ જૈનશાસનનો ઉપયોગ કરતો હોય, એ જૈનશાસનનો વસ્તુસ્થિતિએ આશરો લેનારો ન ગણાય. કેમકે જૈનશાસન તો સંસારનો અંત કરનારું છે. જ્યારે આને તો સંસાર પોષવો છે, સંસારનો અંત નથી લાવવો ઇતરની જેમ એવાને પણ ઇચ્છાયોગ વગેરે હોઇ શકતા નથી; તેમ એ ભવપાર કરી શકતો નથી. તો જે ખરેખર જિનશાસનને સ્વીકારનારા છે, એમને હવે એની ઉપાસના કરવા માટે સાધન તરીકે ત્રણ પ્રકારના યોગ છે, એમાં અહીં 'નમોત્થુ' કહીને પહેલો ઇચ્છાયોગ કહે છે. તેમાંથી બીજો શાસ્ત્રયોગ અને પછી ત્રીજો સામર્થ્યયોગ જન્મે છે; અને સામર્થ્યયોગથી તરત જ મહાફળ કૈવલ્ય (કેવળજ્ઞાન) પ્રાપ્ત થાય છે, એમ યોગના આચાર્ય કહે છે.

પ્ર૦—ઇચ્છાયોગ વગેરે શું છે?

ઉ૦—ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્ય યોગ, એ તાત્ત્વિક ધર્મની પ્રવૃત્તિસ્વરૂપ છે, કેમકે યોગ એટલે મોક્ષની સાથે યોજી આપે તે; અને તાત્ત્વિક ધર્મપ્રવૃત્તિ એ કરી આપે છે, માટે તે યોગ કહેવાય. એમાં ઇચ્છાયોગ વગેરે એ ક્ષયોપશમ ધર્મપ્રવૃત્તિના યથાયોગ્ય નામ છે. યથાયોગ્ય એટલા માટે, કે જે ધર્મપ્રવૃત્તિમાં ઇચ્છાની મુખ્યતા છે તેનું નામ ઇચ્છાયોગ; શાસ્ત્રની મુખ્યતા છે તેનું નામ શાસ્ત્રયોગ; અને સામર્થ્યની મુખ્યતા છે, તેનું સામર્થ્યયોગ. ત્રણેય પ્રવૃત્તિ ધર્મની તો ખરી જ; પાપપ્રવૃત્તિ નહિ, સંસારપ્રવૃત્તિ નહિ. ધર્મપ્રવૃત્તિ પણ તાત્ત્વિક ધર્મની પ્રવૃત્તિ લેવાની; અર્થાત્ જેમાં ખરેખર ધર્મનું લક્ષણ ઘટે જે ખરેખર જીવને દુર્ગતિથી ધારી [બચાવી] સદ્ગતિમાં ધરે તેનું નામ ધર્મ. તે જ તાત્ત્વિક ધર્મ કહેવાય અને તે સર્વજ્ઞકથિત જ હોવો જોઇએ. સર્વજ્ઞ વિના બીજાનું ગજું નહિ કે એવો ધર્મ બતાવી શકે. હવે (૧) ધર્મનો સાધક આત્મા પહેલે તબક્કે ઉચ્ચ કોટિની ધર્મસાધના નથી કરી શકતો; પહેલાં તો એ સાધનામાં પ્રવર્તે ત્યાં એને કેટલીય વિકલતા યને ત્રુટિઓ રહી જાય છે. પરંતુ એને ધર્મ કરવાની ઇચ્છા પ્રબળ છે, તેથી અહીં ત્રુટિવાળી ક્રિયાની મુખ્યતા ન ગણતાં ઇચ્છાની મુખ્યતા ગણીને આવી ધર્મસાધનાને **'ઇચ્છાયોગ'** નામ આપ્યું. એથી સ્પષ્ટ છે કે એકલી ધર્મ–ઇચ્છા એ ઇચ્છાયોગ નથી, પરંતુ ધર્મ–ઇચ્છાવાળી ધર્મક્રિયા એ ઇચ્છાયોગ છે. પછી

(૨) શુદ્ધ ધર્મ કરવાની ઇચ્છાના જોર પર ધર્મક્રિયામાં આગળ વધતાં વધતાં જ્યારે ક્રિયાની બધી વિકલતા અર્થાત્ ખામીઓ દૂર કરી, શાસ્ત્રે કહ્યા મુજબ અવિકલ યાને સંપૂર્ણ શુદ્ધ ક્રિયા કરે છે, ત્યારે તે ધર્મપ્રવૃત્તિ **'શાસ્ત્રયોગરૂપ'** બને છે. એમાં શાસ્ત્રના આદેશ સાચવવાનું મુખ્ય છે, માટે તે શાસ્ત્રયોગ કહેવાય છે.

(૩) એમાં પણ આગળ વધતાં જ્યારે અધિક એટલે કે વિશેષતાવાળી ધર્મસાધના કરવાનું સામર્થ્ય ફોરવે છે, ત્યારે તે સાધનામાં તેમાં શાસ્ત્ર ઉપરાંત આત્મસામર્થ્યની વિશેષતા હોઇને તેને **'સામર્થ્યયોગ'** કહેવામાં આવે છે.

આ ત્રણે ય યોગ અલબત આગમમાં સૂત્રરૂપે અર્થાત્ શબ્દશઃ ક્યાં ય સાંભળવા નથી મળતા, છતાં યુક્તિસ્વરૂપ શાસ્ત્રથી એ સિદ્ધ થાય છે; અને **'આગમ-ઓપપત્તિચ...'** એ શ્લોક મુજબ આગમ અને યુક્તિ, બંનેથી પદાર્થ સિદ્ધ થાય છે, ને તેનું શ્રવણ, મનન, આદિ કરવું જોઇએ. એટલું ખરું કે યુક્તિ લડાવવા જતાં આગમનો વિરોધ ન આવવો જોઇએ. બાકી એવા કેટલાય પદાર્થો છે કે જે સીધા શબ્દશઃ વર્તમાન આગમમાં નથી મળતા, છતાં એ યુક્તિથી સિદ્ધ થાય છે, તેમજ આગમ વિરુદ્ધ નથી કિન્તુ આગમોક્ત પદાર્થની સાથે સંગત થાય છે. ઇચ્છાયોગાદિ ત્રણ યોગ આ પ્રકારના છે.

★ ★

શાસન પ્રભાવના અને સમાચાર

સુરેન્દ્રનગર:—અત્રે પંન્યાસપદવીઓનો મહોત્સવ સુંદર રીતે ઉજવાઇ ગયો. જુદા જુદા ગૃહસ્થો તરફથી રોજ નવનવી પૂજા, મોટા દેરાસરમાં પ્રભુજીના વિશાલ પરિવારને અંગરચના, રાત્રે ભાવના વગેરે થતું સંઘ પ્રભુના ભક્તિરસમાં ઝીલ્યો. સુરતવાળા ગવૈયા પુનાણી મધુર સંગીતે પૂજા ભણાવતા, તથા રાત્રે આરતી પછી પાર્શ્વનાથપ્રભુ વગેરેના ભક્તિ–વૈરાગ્યભર્યા આખ્યાનમય ગુણગીત કરતા, જે સાંભળવા વિશેષ લોકો ખાસ ચાહીને તે સમયે આવતા. શેઠ શ્રી ચીમનલાલ નરશીભાઇ તરફથી શાંતિસ્નાત્ર અને શેઠ શ્રી કેશવલાલ ધારસીભાઇ તરફથી સંઘજમણ થયું. બહારગામથી સંભાવિત ગૃહસ્થો સારા પ્રમાણમાં આવેલા.

અહમદનગર:—ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી અત્રે પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજે પૂજ્ય ગણિવર્યો શ્રી મુક્તિવિજયજી મહારાજ, શ્રી ત્રિલોચનવિજયજી મહારાજ, શ્રી હિમાંશુવિજયજી મહારાજને વૈશાખ સુદના મંગળ મુહૂર્તે પંન્યાસપદે આરૂઢ કર્યા. તે નિમિત્તે સંઘે સુંદર જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવ્યો. દૂર દક્ષિણ સુધીમાંથી અને આજુબાજુથી સારા પ્રમાણમાં ગૃહસ્થો પધારેલા.

ભુજ-વાંકી (કચ્છ):— પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની સૂચનાનુસાર અત્રે પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયકનકસૂરીશ્વરજી મહારાજે પૂજ્ય ગણિવર શ્રી સુદર્શનવિજયજી મહારાજને પંન્યાપદે આરૂઢ કર્યા. અત્રે જિનેન્દ્રમહોત્સવ સારો ઉજવાયો.

જ્ઞાન દ્રવ્યનું રક્ષણ કરો.

(શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ.)

દુ:પમા નામના પાંચમા આરારૂપ આ વર્તમાન કાળમાં, દિવસે દિવસે બુદ્ધિની મંદતા થવાથી જિનવચન ઉચ્છેદ સરખું થઇ જશે એમ માની, ભગવંત નાગાર્જુન, શ્રી સ્કંદિલાચાર્ય વગેરે પૂર્વ પુરુષોએ આગમને પુસ્તકારૂઢ કર્યું છે માટે જિનાગમ પ્રતિ બહુમાનવાળા જીવોએ તે પુસ્તકો લખાવવાં, અને વસ્ત્રો, રત્ન, સુવર્ણ મોતી વગેરેથી તે પુસ્તકારૂઢ શ્રુતજ્ઞાનની પૂજા ભક્તિ કરવી જોઇએ. કહ્યું છે કે,

न ते नरा दुर्गतिमाप्नुवन्ति
न मूकतां न जडस्वभावम् ।
न अन्धतां बुद्धिविहीनतां च
ये लेखयन्तीह जिनस्य वाक्यम् ॥

અર્થ:-જેઓ શ્રી જિનેશ્વરદેવોનાં વચનોને (આગમોને) લખાવે છે, તે પુરુષો આ સંસારમાં દુર્ગતિને પામતા નથી, મુંગા થતા નથી, જડ સ્વભાવવાળા (અજ્ઞાન) થતા નથી, આંધળા થતા નથી, તથા નિર્બુદ્ધિપણાને (મૂર્ખતાને) પામતા નથી.

માટે પુસ્તકો લખાવવાં જોઇએ, તથા જૈનશાસ્ત્રોને ભણનારાઓનું ભક્તિપૂર્વક સન્માન કરવું જોઇએ. કહ્યું છે કે,

पठति पाठयति पठतामसौ
वसन भोजन पुस्तक-वस्तुभि.।
प्रतिदिनं कुरुते य उपग्रहं
स इह सर्व विदेव भवेन्नर: ॥

અર્થ:-જે સ્વયં જૈનાગમને ભણે છે, બીજાને ભણાવે છે, ભણનારાઓને વસ્ત્ર, આહાર કે પુસ્તક વગેરે વસ્તુઓ આપીને હંમેશા સહાય કરે છે, તે પુરૂષ આ સંસારમાં સર્વત્ર શ્રેષ્ઠ છે.

વળી લખેલા પુસ્તકોનું સંવેગી અને ગીતાર્થ સાધુઓ પાસે વ્યાખ્યાન કરાવવું જોઇએ. વ્યાખ્યાન કરાવવા માટે સાધુઓને પુસ્તકો આપવાં જોઇએ અને એ વંચાતા આગમનું હંમેશા સોનારૂપા વગેરેથી પૂજન કરીને શ્રવણ કરવું જોઇએ.

એ મુજબ ત્રીજા આગમરૂપ ક્ષેત્રમાં ગૃહસ્થે પોતાના ધનનું યથાશક્તિ વાવેતર કરવું જોઇએ." (ધર્મસંગ્રહ પૃષ્ઠ ૩૨૪ થી ૩૨૬)

જૈન શાસ્ત્રકારો આ પ્રમાણે જ્ઞાનદ્રવ્યનો ઉપયોગ જિનાગમના નિમિત્તે જ કરવાનું ફરમાવે છે. તેમ છતાં આજે, જેઓને ધાર્મિક અને રક્ષણ કરનારા સદ્-

ગૃહસ્થો માનીને, શ્રી સંઘે સાતક્ષેત્રોના દ્રવ્યોની રક્ષાનું કામ સોંપ્યું હોય છે, તેઓ કેમ જાણે કે તે દ્રવ્ય પોતાની અંગત માલિકીનું હોય, તેમ તેનો પોતાની ઇચ્છા પ્રમાણે શાસ્ત્રાજ્ઞા વિરુદ્ધ ઉપયોગ કરવા માટે મનફાવતા ઠરાવો કરે, એ કેટલું આશ્ચર્ય ગણાય? શ્રી સંઘ, શાસન કે શાસ્ત્રાજ્ઞા પ્રત્યેની ઉપેક્ષાનું કારણ શું સમજવું? અજ્ઞાન કે ધનમદ?

શાસ્ત્રકારો જ્યારે પોતાના ઘરનું ધન સાત-ક્ષેત્રોમાં વાવેતર કરવાનું કહે છે, ત્યારે તે ક્ષેત્રોમાં ધનનું વાવેતર કરવાને બદલે, રક્ષણ માટે સોંપાયેલા ઉત્તમ ક્ષેત્રોનું ધન ઇચ્છા પ્રમાણે ગમે તે રીતે વાપરવા કેટલાક વહીવટદારો આગળ આવે છે; અને જેઓને શ્રી જૈનધર્મ કે જિનાગમ ઉપર આદર નથી, જેઓ તેની મહત્તા જાણતા નથી, જેઓ તેની અદ્‌ભુત ખૂબીઓથી સાવ અજ્ઞાત છે, એવા નાદાન લોકો જ્યારે તેમની પ્રશંસા કરે છે; ત્યારે તેઓનો ધનમદનો પારો પરાકાષ્ઠાએ પહોંચે છે, નાદાન લોકોની પ્રશંસાથી ફૂલાઇ જઇ પોતાની જાતને બુદ્ધિ-માન માનવી, એના જેવી મૂર્ખતા બીજી શી હોઇ શકે?

જડવાદના પક્ષપાતી લોકો ગમે તેમ કહે, પરંતુ આત્મવાદના પ્રચાર માટેના શ્રી જિનાગમોના રક્ષણ વગેરે માટેનું ધન તે રીતે ઉપયોગ ન કરતાં, જડ-વાદી શિક્ષણના પ્રચારમાં કયા અધિકારને આધારે ખર્ચવા તેઓ તૈયાર થતા હશે? તેઓની આવી અનધિકાર ચેષ્ટા શ્રી સંઘ એક ક્ષણ માટે પણ ચલાવી ન જ શકે, અને ચલાવવી ન જ જોઇએ.

માની લઇએ કે ગૃહસ્થોને આજે ધંધા માટે હાલનું શિક્ષણ લેવાની જરૂર છે, તો તેને માટે પોતાની પાસેનું ધન તેઓ આપી શકે છે. મોટી મોટી યુનીવર્સીટીઓ, કોલેજો અને શાળાઓ અબ-જોના ખર્ચે ચાલે છે. રાજ્ય પણ તેમાં અઢળક નાણું ખર્ચે છે. તેમ છતાં જરૂર હોય તો પોતાનાં મોજશોખ ઓછા કરીને પોતાની પાસેનું ધન આપી શકાય છે. તેમાંનું કંઇ ન કરતાં, શ્રી સંઘે વિશ્વા-સથી રક્ષણ કરવા અને શાસ્ત્રાજ્ઞા મુજબ વાપરવા સોંપેલા ધન માટે મન માન્યા ઠરાવો કરવાની બુદ્ધિ ધર્મનિષ્ઠ ગણાતા સદ્‌ગૃહસ્થોને થાય, તો પછી શ્રી સંઘે કોનો વિશ્વાસ કરવો?

આગમો લખવા-લખાવવાની વાતો તો દૂર રહી, પરંતુ પૂજ્ય મુનિમહારાજઓ વગેરેને ભણવા માટે શા શા સાધનોની જરૂર છે, તે પૂછવા જવાની પણ ગૃહસ્થોને પુરસદ નથી હોતી. પરિણામે બુદ્ધિશાળી અને ત્યાગી એવા ઘણા મુનિમહારાજઓ યોગ્ય સાધનોના અભાવે જ્ઞાનાભ્યાસ કરી શકતા નથી હોતા.

શ્રી સંઘને સોંપાયેલું ભાવિકો તરફનું ધન-જ્ઞાનપૂજનનું ધન જે આગમોના રક્ષણ અને મુનિ-મહારાજઓના પઠન માટે છે, તેને પણ વહીવટ કરનારાઓ પોતાના અંગત વિચારો પ્રમાણે ગમે ત્યાં ખેંચી જાય, એના જેવો ખેદનો વિષય બીજો કયો હોઇ શકે? શ્રી સંઘમાં આના જેવી બીજી અરાજકતા કઇ હોઇ શકે?

આપણે તો એવા વહીવટદારોને વિનંતી કરીએ કે, બંધુઓ! તમને જિનાગમ અને જૈનશાસ્ત્રો તરફ આદર ન હોય, તો કૃપા કરીને તેવા ખાતાંનો વહીવટ કરવાનું છોડી દો.

રાજ્યના વર્તમાન અમલદારોને ધર્મ કે આત્મ-વાદની પડી નથી. તેઓ આજે અનાત્મવાદના શિક્ષ-ણમાં ચકચૂર છે. પરંતુ ધાર્મિકોએ આત્મવાદ અને તેના શાસ્ત્રોનું રક્ષણ કરવું જોઇએ. તો આજે ઉલટી ગંગા કેમ વહે છે? ★

—: કલ્યાણક-ઉજવણી રદ કરવાનો ધડાકો :—

પ્રભુ શ્રી મહાવીર કલ્યાણક ઉત્સવ નિમિત્તે સંયુકત રીતે જે કાર્યક્રમ રખાયેલ, અને જે અંગે એક કરતાં વધુ હેંડબીલો દ્વારા જાહેરાત કરાયેલ, એ સારાએ કાર્યક્રમ એકાએક છેલ્લી ઘડીએ રદ કરવાની જાહેરાત કરવામાં જરૂર ઉતાવળ થઇ છે. સાંભળવા મુજબ આ જાતની હીલચાલ દિલ્હીમાં ઊભી થઇ છે. એ પાછળનો હેતુ શુદ્ધ છે એ માટે બે મત નથી, પણ જે કાર્યવાહી હાથ ધરવામાં આવી તે ગળે ઉતરે તેવી નથી જ કલકત્તામાં પણ ચારે ફીરકાના આશ્રયે મોટા પ્રમાણમાં ઉજવણી કરવાનો નિર્ણય થયો હતો; અને એવી જ સ્થિતિ કેટલાક મોટા શહેરોમાં રાખેતા મુજબ હાથ ધરાઇ હતી. એમાં એકાએક આવી હાકલ કરવી એ ઇષ્ટ હેતુ સિદ્ધ કરવાને બદલે વિસંવાદ ઊભો કરનાર નિવડે છે; અને કેટલીક વાર

આપણને હાસ્યજનક દશામાં મૂકી દે છે. જબલપુરનો બનાવ આગલી સાંજે બન્યો હોત અને આ પગલું ભર્યું હોત તો એ વાસ્તવિક ગણાત. બાકી જે કરુણ ઘટનાને અઠવાડીયાઓ વીતી ગયા એને આગળ ધરી એક પવિત્ર પ્રસંગ પર સેન્સરીનું સીલ મારવું એ કેવી રીતે વ્યાજબી ઠરી શકે ? શું આમ કરવાથી ગાંધીજીના શબ્દોમાં કહીયે તો પાંચસોમાં બજલેથી રાજ્ય કરતી અને તુમારશાહીમાંથી ભાગ્યે જ ઊંચી આવતી સરકાર આપણને એકદમ ન્યાય તોળી દેશે એમ માનવું એ તો આકાશમાં કિલ્લો બાંધવા જેવું છે ! આવી ઉજવણી ટાણે મર્યાદિત વાણીમાં જબલપુરના પ્રશ્નને ભગવંતના જીવંત પ્રસંગો સાથે વણી લઈ, આપણા ઉપર રાજ ચલાવનારા અને કોઈપણ ધર્મને અન્યાય ન કરવાની બડી બડી બાંગો પોકારનારા-સૂત્રધારોને-મહેમાનોને કાને થયેલ દુઃખ-દર્દ પહોંચાડવાનું કાર્ય કરવાની અગત્ય હતી. રાષ્ટ્ર પ્રમુખ કે ગવર્નર જેવી વ્યક્તિઓ ઉજવણી કાર્યમાં પ્રમુખસ્થાને હોય ત્યારે આ કહાણી સરળતાથી રજુ કરી શકાય કેમકે તેઓ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહથી રહિત હોય છે. બાકી જે તંત્ર હાઈકોર્ટના ચુકાદાને જજ સાહેબોની સાચી ટીકાને-અવગણી કેવલ પોતાનો કક્કો ખરો કરવા સારુ, ખરા-ખોટાની તુલના કરવાની તસ્દી લીધા વિના પ્રીવી-કાઉન્સીલ સુધી દોડી જાય છે ! એવું તંત્ર, પોતાના તીર્થંકર દેવના જન્મ પ્રસંગે ભક્તિ દર્શાવવાના પ્રસંગને રદ કરવા માત્રથી જાગૃત બનશે એમ માનવું તે પોતાની જાતને છેતરવા તુલ્ય છે.

વધુ આશ્ચર્યની વાત તો એ છે કે રથયાત્રાના કાર્યક્રમ સાથે અન્ય ફીરકાઓને કશો સંબંધ ન હોવા છતાં, એ પણ મોકૂફ રાખી શ્વે. કોન્ફરન્સના સૂત્રધારોએ, જબલપુરના કાર્યને કેવી રહાય કરી છે એ તો ભાવિ ઇતિહાસકાર કહી શકે. બાકી એ કાર્યક્રમ રદ કરવામાં શ્વે. સમાજની લાગણી પ્રદર્શીત કરી નથી જ.

('સ્વયંસેવક'માંથી સાભાર)

(અનુસંધાન પાન ૨૮૫નું ચાલુ)

અધિ છે, અને એ દુન્યવી કોઇને કોઇ ઉપાધિ ઉપર ઊભા થાય છે, અધિ અને ઉપાધિના તાપ, કહો, કેવા ? માણસ કદાપી ભલે લે કે હું વધુ સુખી થઇ રહ્યો છું પણ આધિ-ઉપાધિમાં દિલને જંપ, સ્વસ્થતા, શાન્તિ, પ્રસન્નતા ન હોય. એમાં પાછા ચડસ-ચડાવ કરાય એટલે એ અંજપા-અશાન્તિ વધે છે. માણસ કેટલીય માનસિક કલ્પનાઓ અને ચિંતાઓ ઉપર ચડસમાં ચડે છે. એટલે મૂળ આધિ ઉપાધિ છે. તો કહો, આ દિવ્યાધિ-ઉપાધિના તાપ આવી પડયા છે કે ઊભા કર્યા છે ? મન ઠગતું હોય, મનાવતું હોય કે 'શું કરીએ આ બધું આવી પડયું છે,' તો એવા મનને ઓળખી લેજો, અને ઠગાશો નહિ

આધિ પર કેટલું ગુમાવવાનું ? :—

શ્રેષ્ઠીપુત્ર ચન્દ્ર પરદેશ અને તે પણ દરિયાપાર જવાનો ચડસ લઇ બેઠો, માનસિક એક આધિ જાતે ઊભી કરી, તો પછી માતા-પિતાનું ભંગતું હૃદય જોવા તૈયાર નથી, એમની સોનેરી શિખામણ પર પણ ધ્યાન દેવા તૈયાર નથી. ત્યારે ધર્મકર્માધનો જે અહીં અણમોલો અવસર આવી મળ્યો છે અનો તો વિચાર જ શું કામ કરે ? પિતા પાસેથી ઉછીની મૂડી-માલ લઇ જવા તૈયાર થઇ ગયો. નવી ઉપાધિ ઊભી કરી તો જુઓ કે એ કેવા તાપમાં તપશે.

(ક્રમશઃ)

—: સૂચના :—

આથી ગ્રાહકભાઇઓને જણાવવામાં આવે છે કે તા. ૨૩-૫-૫૯ નો 'દિવ્યદર્શન'નો અંક અનિવાર્ય સંજોગોને લીધે પ્રસિદ્ધ નહોતો થયો તો તેની નોંધ લેવા કૃપા કરશોજી. **પ્રકાશક.**

★

મુદ્રક : ચંદ્રકાન્ત રતિલાલ શાહ. (બી. કોમ) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીની ખડકી, માણેકચોક, અમદાવાદ ત્યાંથી છાપી પ્રસિદ્ધ કર્યું.

દિવ્ય દર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : **બચુભાઇ ચીમનલાલ ઝવેરી** કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ–૭, અંક–૩૭
મુંબઇ શાખા : ૧૬૭–૬૯, કીકા સ્ટ્રીટ. **શનિવાર તા. ૬–૬–૧૯૫૯**

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના** પટ્ટાલંકાર
સિદ્ધા[redacted] પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના** વિદ્વાન શિષ્યરત્ન
[redacted] **ભાનુવિજયજી ગણિવર મહારાજનાં આધ્યાત્મિક પ્રવચન.**

સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે?

અપશુકનો અને કર્મનો સંબંધ:—

હવે એ નીકળવા માટે જ્યાં ઊભો થવા જાય છે ત્યાં પગના અંગૂઠામાં ધોતિયાની કિનાર ફસાઇ પડી. ત્યાંજ માતાપિતા કહે છે, 'ભાઇ જો, આ અપશુકન થાય છે, માટે આ વાત રહેવા દે.' પણ માનવું છે કોને? આધિ અને ચડસના હઠાગ્રહ ભારે! ચાલવા જાય છે ત્યાં બહારનો શબ્દ સંભળાયો કે 'શું ધૂળ સારૂં છે?' જરા આગળ ચાલ્યો કે ઉમરામાં ઠેસ વાગી. પાછું ત્યાં સ્નેહીઓએ અપશુકન થયાનો ખ્યાલ આપ્યો. પરંતુ એની એ પરવા નથી કરતો. ઘરની બહાર નીકળતાં બિલાડી આડી ઉતરી, તો ય આગળ ચાલ્યો. સામેથી વિધવા બાઇ, રાખોડી ચોળેલો ચિપિયાવાળો બાવો, ગધેડું, વગેરે અપશુકન સામા આવતા મળ્યાં. વળાવા આવેલા સ્વજનો કહે છે,

'ભાઇ! **આવા અપશુકનમાં જવાનું પરિણામ સારૂં નહિ.**'

આ કહે છે, 'અપશુકન શું કરતા હતા? કર્મમાં લખ્યું હશે તે બન્યા વિના રહેવાનું છે? શું અપશુકનથી ખરાબ થશે?'

'અપશુકનથી ખરાબ બને એમ નહિ, પણ અપશુકન ખરાબ કર્મ ઉદયમાં આવવાની આગાહી કરે છે. માટે ચેતી જવું જોઇએ.'

'પણ આપણાં કર્મ ખરાબ હશે તો તો અહીં બેઠા પણ એનો ભાવ ભજવશે; ને ખરી વાત તો એ છે કે પુરુષાર્થ આગળ કર્મ રાંકડા છે.'

વિચારજો ચંદ્રના કુતર્ક અને ધિઠ્ઠાઇ પાછળ ચડસ કેવું કામ કરી રહ્યો છે! એ એને એટલું વિચારવા નથી દેતો કે **જીવનમાં એવી કેટલીય બાબતો બને છે કે જો સાવચેતી રાખીએ તો નુકસાનથી બચીએ છીએ, અને ન રાખીએ તો નુકસાનમાં ઉતરવું પડે છે, અશુભ કર્મના ઉદયના ભોગ બનવું પડે છે.**

શરીરની પ્રકૃતિથી વિરુદ્ધ એવી વસ્તુ ખાઓ કે વધારે પડતું ખાઇ નાખો, તો અશાતા ઉદયમાં આવે છે.

થોડા પગારમાં પતશે એમ માની અપ્રામાણિક નોકર રાખ્યો તો ધોખામાં ઉતરવું પડે છે.

પરિવાર સાથે મિજાજથી વર્તો તો એની અપ્રીતિ–દુર્ભાવ ઊભા થાય છે.

કર્મના ઉદય બે જાતના :—

આ બધું શું સૂચવે છે? અલબત્ત સાવચેતી–સાવધાનીથી વર્તવામાં પણ કોકવાર નુકશાન આવે છે, નથી આવતા એમ નહિ. પરંતુ એમાંથી એ સૂચિત થાય છે કે આત્મામાં **એવા કેટલાંય કર્મ હોય છે કે જેને નિમિત્ત મળે તો ઉદયમાં આવવાનું થાય; ત્યારે કેટલાંક એવાં કર્મ છે કે જે નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના જ એના નિર્ધારિત સમયે ઉદયમાં આવે જ.**

પ્ર૦—નિમિત્ત નહિ મળવાના અભાવે ઉદય નહિ આવતાં કર્મોનું શું થતું હશે ?

ઉ૦—ચિંતા કરશો નહિ. સિલિકમાં રહેલાં કર્મ ઉપર તો ઘણી પ્રક્રિયાઓ થાય છે. એનું કારણ એ કે કેટલાંય કર્મ શિથિલ બંધવાળા હોય છે, ને એમાંથી પોતાની જાતની બીજી પ્રકૃતિમાં સંક્રમણ થાય છે. દા૦ ત૦ અશાતા વેદનીય કર્મનું શાતા વેદનીય કર્મમાં સંક્રમણ; અથવા શાતાનું અશાતામાં સંક્રમણ એમ, ઉદ્વર્તના અપવર્તનાથી પણ કર્મની કાળસ્થિતિના વૃદ્ધિ-હ્રાસ એમ કેટલાક કર્મ એનો રસાનુભવ કરાવીને આત્મા પરથી ખરી જવાને બદલે માત્ર પ્રદેશોદયથી ખરી જાય છે. એમાં એના રસનો અનુભવ નથી થતો. આવું કામ ચાલુ જ છે. હાં, એવા ઢીલાં કર્મોને તેવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના નિમિત્ત મળી જાય તો ઉદયમાં આવી જાય. નહિતર ન આવે.

જેમકે, જ્ઞાન મેળવ્યા પછી જો એનું વારંવાર આવર્તન ન કર્યું તો જ્ઞાનાવરણકર્મ ઉદયમાં આવી જાય, અને ભણેલું ભૂલાઈ જાય છે. એમ, વૈરાગ્યાદિથી કષાય મોહનીય, કામ મોહનીય, કે હાસ્યાદિ મોહનીયને દબાવ્યા છતાં જો તેવા ખોટા નિમિત્તને સેવ્યાં, કે બાધક સંયોગોમાં જઈ ઊભા, તો કષાય મોહનીયાદિ કર્મ ઉદયમાં આવવા તૈયાર છે !

પ્ર૦—કર્મની ઉપર વિવિધ પ્રક્રિયાઓ થવામાં મુખ્ય કારણ કોણ ?

ઉ૦— આત્માના શુભાશુભ અધ્યવસાય અને પરિસ્થિતિ. આ એક મહત્ત્વની વસ્તુ છે કે જીવ જેવા જેવા અધ્યવસાયમાં રમે છે, અર્થાત્ વિચારો કરે છે, લાગણી અને વલણ ધરાવે છે, માનસિક ભાવમાં રમે છે, તેવી અસર કર્મના બંધ, સંક્રમણ, કાળસ્થિતિ વગેરે પર પડે છે.

અધ્યવસાય શુભ ચાલતા હોય, તો

(૧) શાતા વેદનીય, યશ નામ કર્મ, ઉચ્ચ ગોત્ર વગેરે શુભ કર્મ બંધાય છે; અને

(૨) જે જ્ઞાનાવરણાદિ અવશ્ય બંધાનારા અશુભ કર્મો છે, તેનો રસ મંદ બંધાય છે, જે મંદ રસનો ઉદય થાય ત્યારે તે ઉગ્ર રસ જેટલી પીડા નથી આપતો.

(૩) વળી બંધાતી શુભ કર્મ પ્રકૃતિઓમાં તેની સજાતીય, અશુભ કર્મપ્રકૃતિઓમાંના કેટલાંક કર્મનાં દળિયાં સંક્રમિત થવાથી શુભ જેવા થઈ જાય છે. વળી

(૪) શુભ અધ્યવસાયના બળે પૂર્વબદ્ધ અશુભ કર્મોની સ્થિતિમાં તથા રસમાં મંદતા થાય છે, હ્રાસ થાય છે, અને શુભના સ્થિતિ-રસમાં વૃદ્ધિ થાય છે.

શુભ અધ્યવસાયની બલિહારી છે, અને અશુભ અધ્યવસાય એ તો આપરૂપ છે. માટે શુભનો જ ખપ રાખવો.

વળી પરિસ્થિતિ એ [illegible] કામ કરે છે કે જીવની વર્તમાન પરિસ્થિતિ [illegible] આદિ ગતિ ભોગવવાની ચાલતી હોય તો [illegible] બીજી નરકાદિ ગતિના કર્મ એના એના ઉદય ક્રમશઃ પ્રાપ્ત થયેથી એમજ પ્રદેશોદયથી ભોગવાઈ જાય છે. વળી પરિસ્થિતિ જ્ઞાનાવરણાદિ કર્મના ક્ષયોપશમની ઊભી કરી હોય, તો કેટલાં ય કર્મોની અનુદય અવસ્થા કરાય છે.

આ બધું સૂચવે છે કે,

અવળા પુરુષાર્થથી અશુભ કર્મ જાગતાં થઈ જાય અને શુભ કર્મ દબાઈ જાય; તેમ સવળા પુરુષાર્થથી એથી ઉલટું થાય, એવું બનવા સંભવ છે.

ઉપાધિ શું કરે છે ?:—

જગતની આધિ-ઉપાધિઓ આ કામ કરે છે કે એ કેટલાંય અશુભ કર્મને જગાડી આપી એના દ્વારા દુઃખના તાપમાં તપવાનું ઊભું કરી આપે છે, માટે જ, પૈસા વધ્યા એટલે કહેવાય લાગે કે 'ચાલો, સુખ-સગવડનું સાધન વધ્યું', પરંતુ ખરી રીતે તો એ ઉપાધિ વધી. તે

કેટલાંય કષાય મોહનીયાદિ કર્મને સતેજ કરી ક્રોધાદિના તાપ વરસાવે છે,

અમુક પ્રકારના આરોગ્યના નિયમના ભંગ કરાવી સુતેલા અશાતાકર્મને જાગ્રત કરે છે,

રોફ અથવા કૃપણતાના યોગે અપયશ જગાડી આપે છે,

બીજાની અપ્રીતિ ઊભી કરે છે.

આવું આવું આધિ-વ્યાધિ-ઉપાધિ કરતી હોવાથી, આધિ-વ્યાધિ-ઉપાધિમય સંસારને જ્ઞાનીઓ તાપ, અશાંતિ અને દુઃખનું કારણ કહે છે.

ચંદ્ર સમુદ્રપ્રવાસે :—

શ્રેષ્ઠિપુત્ર ચન્દ્ર ચડસમાં ચડ્યો છે, મમતમાં ફસાયો છે, કર્મસિદ્ધાન્તના મર્મને સમજતો નથી એટલે કુતર્ક કરે છે કે 'અપશુકન શું કરતા'તા? કર્મમાં લખ્યું હશે તો અવશ્ય બનશે, અને બરી વાત એ કે પુરુષાર્થ આગળ કર્મ રાંકડા છે.' એમ અપશુકન તથા વડિલોની હિતશિક્ષાની અવગણના કરી આગળ ચાલ્યો, તે બંદરે પહોંચી માલ ભરેલાં વહાણ લઈ સમુદ્રમાં મુસાફરી કરી રહ્યો છે.

અપશુકનના ભાવ :—

જુઓ હવે અપશુકન ભાવ ભજવે છે. એણે કરેલા કર્મ ઉદયમાં આવે છે. એ ઉદયમાં આવવા માલ-મિલકતના સર્વ નાશનું નિમિત્ત મળે છે પ્રતિકૂળ દરિયો. ત્યાં દરિયામાં ભયંકર તોફાન ઉપડ્યું, વહાણ ચઢ્યું હિંડોળે! ખલાસીઓ ઘણા ય કાબુ રાખવા જાય છે. પરંતુ કુદરત રહી ત્યાં શું ચાલે? નાસ્તિકમાં નાસ્તિકના પણ અહીં પાણી ઉતરી જાય છે, હૈયાં દીન અને અનાથ જેવા બની જાય છે, કેવા કારણે કુદરતના કોપ આગળ માણસ ભારે અશરણ, નિરાધાર અને દુઃખી બની જાય છે, એ વસ્તુ સમજવા દિલ હોય તો અતીન્દ્રિય યાને નજરે ન દેખાતા તત્ત્વ પર શ્રદ્ધા થાય પાછું એવું ય બને છે કે એવા કુદરતના કોપ કે અકસ્માતમાં માણસ અણધારી રીતે કદાચ બચી ય જાય! મોટરના કે તેવા કોઈ અકસ્માતમાં આખેઠ મરી ગયાના, ને બચ્ચું જીવતું રહી ગયાનું સાંભળવા મળે છે? અંજારના ધરતીકંપમાં કહે છે કોઠીના છાલકા નીચે આવી ગયેલું કૂતરૂ ત્રણ દિવસે અખંડ જીવતું નીકળ્યું! ત્યારે બીજાના કેટલાકના મોત પણ નિપજ્યાં! આ સૂચવે છે કે શુભાશુભ કર્મની શ્રદ્ધા કરો; અને જો કર્મ છે તો આત્મા પણ છે, માટે આત્મતત્ત્વની શ્રદ્ધા કરો.

આત્માની શ્રદ્ધા કરો એટલે? એટલું જ નહિ કે આત્મા અને શરીરની જુદાઈ માત્ર સમજી રાખવાની; ત્યારે? હૈયે એ સચોટ વસાવવાનું કે આપણું સ્વરૂપ દેહ નથી પણ આત્મા છે, માટે દેહ કરતાં વધુ આત્માનું મમત્વ ધરવાનું, દેહહિત કરતાં આત્મહિતની વધુ તાલાવેલી જોઈએ.

શ્રદ્ધાભર્યો સચોટ નિર્ણય કરો :—

'અમને આત્માની શ્રદ્ધા છે'—એમ બોલવું સહેલું છે, પણ અંદરખાને જ્યારે તપાસવામાં આવે કે જગતની વસ્તુ કરતાં આત્માનું મમત્ત્વ કેટલું છે, પોતાના શરીર કરતાં પોતાના આત્મા પ્રત્યે પક્ષપાત કેટલો છે, અને એ બધાનું સમાલવા જતાં આત્મહિત ન ધવાય, આત્મહિત સારૂં સધાય એનો વિચાર કેટલો રહે છે, ત્યારે સમજાય કે હૈયે આત્મશ્રદ્ધા ખરેખર ફરસી છે કે માત્ર બોલવા પૂરતી છે. હૃદયનો પ્રદેશે પ્રદેશ એ શ્રદ્ધાભર્યા નિર્ણયથી સચોટ રંગાઈ જાય કે,

'एगो मे सासओ आवा, णाणदंसणसंजुओ।
सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा॥'

—'મારો આત્મા જગતથી તદ્દન નિરાળો, જગત પાસેથી કોઇ આધાર નહિ પામનારો, અને સ્વયં સ્વરૂપસ્થ રહેનારો છે; શાશ્વત-સનાતન છે, તેમજ શુદ્ધ જ્ઞાન-દર્શનથી તદ્રૂપપણે પરિવરેલો છે. બાકીના સર્વ જડ-ચેતન ભાવો મારાથી બાહ્ય છે, અને એ બધા જ સાંયોગિક છે, સંયોગને લીધે જ મારા સંબંધમાં આવેલા છે, પણ સંયોગ તો અવશ્ય નાશવંત છે. તો મારા આત્મસ્વરૂપને એની સાથે શું લાગે-વળગે?'

'संजोगमूला जीवेण पत्ता दुःखपरंपरा'—

બાહ્ય સંયોગને લીધે જ આ વિરાટ ભવસાગરમાં મારે દુઃખની પરંપરા ચાલી આવી છે, તો એવા વિનાશી પર પદાર્થનો ધડો રાખ્યાથી શું? હું તો મારા સહજ જ્ઞાનદર્શન-સ્વરૂપ ઉપર જ નિર્ભર રહું...'

—આવો અટલ વિશ્વાસ આત્માના તાણેવાણે વણાઈ જવો જોઈએ. પછી અણધાર્યા અશુભ કર્મના ઉદય જાગે ત્યારે કાંઈ જ આશ્ચર્ય ન લાગે, એના પર મન વલોપાત ન કરે કે-'અરે! આ કેવું કે ભારે દુઃખ આવ્યું! હાય! શું કરૂં?...' ત્યાં તો મનમાં નિશ્ચિતપણે સ્ફુરતું હોય કે,

'આ આપત્તિને મારા આત્મસ્વરૂપ સાથે કાંઈ સંબંધ નથી, મારા આત્માનો એક પણ

પ્રદેશ એ બગાડી કે નષ્ટ કરી શકતી નથી. તેમ, આવેલા અનિષ્ટનો સંયોગ ટકવાનો પણ નથી. તો આવી બધી પરિસ્થિતિમાં મારે એના તરફ ઉદાસીન રહી મારા આત્મ-સ્વભાવભૂત જે રાગદ્વેષ વિનાના શુદ્ધ જ્ઞાન-દર્શન, તેમાં જ લીન રહેવાનું...'

આવી નિર્ધારિત માન્યતા જાગતી રહેતી હોય તો ભારે ઉપદ્રવો પણ મનને આકુલ-વ્યાકુલ કરી શકે નહિ. મન નિશ્ચિન્તપણે જોયા કરે 'શું થાય છે,' વિચારે કે, **'આ બધાં કર્મનાં નાટક છે, એમાં મારે શા સારૂ હર્ષ-ખેદ કરવા ?'**

વહાણ ભાંગ્યું ! :—

શ્રેષ્ઠિપુત્ર ચન્દ્રનું વહાણ ભાંગ્યું, અંદર બેઠેલાની ચિચિયારીનો કરુણ આર્ત્તનાદ વાતાવરણમાં ગુંજી રહ્યો ! ચંદ્રના પણ હોશકોશ ઉડી ગયા ! પ્રયાણ પહેલાં અભિમાનનાં પૂર સડસડાટ ઓસરી ગયા ! હાય ને વોય કરવા લાગ્યો ! વહાણ ભાંગી જતાં પડ્યો વિશાલ સમુદ્રમાં ! ડૂબું-ડૂબું થઈ રહ્યો છે ! કોણ બચાવે ? ઊંચે આભ ને નીચે મહાકાય જળ-નિધિ ! વગર જોઇતી ઉપાધિ ઊભી કરી તો આ પરિણામ આવીને ઊભું રહ્યું ! **પરદેશની આપ-કમાઈની માનસિક આધિ ઉપાધિ ઊભી કરી તો અપશુકનનાં એંધાણ પરખ્યાં નહિ !** આધિ ને ઉપાધિમાંથી બચ્યો તે ભાગ્યશાળી ! **આજના જગતમાં ઉભરાઇ ઉઠેલા સંતાપના મૂળમાં, જુઓ, શું દેખાય છે ?** આધિ, વ્યાધિ ને ઉપાધિ કે બીજું કાંઇ ? પછી એમાં વેર ને ઝેર, અસત્ય ને અનીતિ, દમ ને દમામ, વગેરે કેટ અવગુણોથી માનવ જીવનને વિડંબવાનું જોરમાં ચાલી રહ્યું છે ! **એ તો જ મીટે કે સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રના પવિત્ર માર્ગ અપનાવાય.**

પાટિયું મળ્યું :—

ચંદ્ર ભર દરિયામાં પડ્યો છતાં પુણ્ય થોડું જાગતું છે તે એના હાથમાં એક પાટિયું આવી ગયું. તેને ઝટ વળગી ગયો ! વળગે જ ને ? **જ્યાં દરિયામાં ડૂબાડૂબ સ્થિતિમાં હોય, ને પાટિયું હાથ લાગે ત્યાં જીવવાનો લોભ તત્કાલ એને હાથમાં પકડાવી જ દે. પણ મુશીબતી અહીં છે કે સંસારમાં ડૂબાડૂબ સ્થિતિમાં ધર્મનું આલંબન મળે છે તે પકડવું નથી !** કેમકે ડૂબાડૂબ લાગ્યું છે કોને ? પાટિયાના આધારે ચંદ્ર સમુદ્રતટે કોઇ દ્વીપના કિનારે આવ્યો. થાકયો છે ભારે, એટલે થોડી વિશ્રાન્તિ લે છે.

ચંદ્રની નિરાશા :—

પછી વિચાર કરે છે, 'હવે શું કરવું ? બધાના ના કહેવા પર નીકળ્યો, અને બધું ગુમાવ્યું, હવે આ સ્થિતિમાં એમને મોં શું બતાવું ? મારે ઘેર તો જવું જ નથી. ત્યારે હવે આગળ જઇને ય શું કરું ? પાસે કાંઇ જ રહ્યું નથી તો શેના પર વેપાર પણ થાય ? ત્યારે આપકમાઇની ટેકવાળો હું શું કોઈની નોકરી-ગુલામી કરું ?...અરેરે ! મારે કેટલું બધું દુઃખ આવ્યું ! હવે કયાં જાઉં ? શું કરું ?'

સંયોગને પરવશ:—

જે ચંદ્ર એક વખત ભારે ગુમાન કરતો હતો એ જ અત્યારે ગરીબડો થઈ ગયો છે. તમે કહેશો કે 'સંયોગો ફરી ગયા ને ?' તો વિચારવા જેવું છે કે

સંયોગો પર માણસનો કાબુ કે માણસ પર સંયોગોનું નિયંત્રણ ?

સંયોગ માણસના ગુલામ કે માણસ સંયોગોનો ગુલામ ?

સંયોગને તો આવવું હોય ત્યારે આવે છે, ને જવું હોય ત્યારે જાય છે.

જો માણસ સંયોગોનો ગુલામ છે, અર્થાત્ સંયોગોને ધાર્યા કાબુમાં રાખી શકતો નથી, ઇષ્ટ સંયોગોને ધારણા મુજબ નથી તો ઊભા કરી શકતો કે નથી ટકાવી શકતો, તેમ અનિષ્ટ સંયોગોને જો નથી હટાવી શકતો કે નથી નિવારી શકતો, તો **મનગમતા સંયોગ પર ગુમાન શા ધરવા'તા ? કે એના શા ઓરતા કરવા'તા ?** ગુમાન કર્યે એ થોડા જ ટકે છે ? આશાઓ ધર્યે એ થોડા જ મળી જાય છે ? એવું જ અણગમતા સંયોગના ખેદ કર્યે કે એ ન આવવાના વલખા માર્યે થોડા જ અટકે છે ? તો શા સારૂ ખેદ કે વલખાં મારવા ? **જ્યાં ગુલામી છે, જ્યાં આપણું ધાર્યું થવાનું નથી, ત્યાં તો ઉદાસીન બની રહેવું જોઇએ.** પણ

(અનુસંધાન પાન ૨૯૮ મા પર)

૧. ઇચ્છાયોગ.

'कर्तुमिच्छोः श्रुतार्थस्य ज्ञानिनोऽपि प्रमादतः। विकलो धर्मयोगो यः स इच्छायोग इष्यते ॥ १ ॥

અર્થ:—કહ્યું છે કે (ધર્મ) કરવાની ઇચ્છાવાળા (અને) આગમશ્રવણવાળાની (એ આદરણીય તત્ત્વનો) જ્ઞાની છતાં પ્રમાદના લીધે (થતી) જે ખામીવાળી ધર્મપ્રવૃત્તિ, એને ઇચ્છાયોગ માનવામાં આવે છે.

વિવેચનઃ—પહેલી ઇચ્છાયોગની કક્ષાની ધર્મ-પ્રવૃત્તિમાં ચાર વસ્તુ છે.

(૧) કોઇ આશંસા વિના જ તેવા પ્રકારના કર્મ-ક્ષયોપશમથી ધર્મ કરવાની ઇચ્છા,

(૨) તે ધર્મના વર્ણનવાળા આગમનું કરેલું શ્રવણ,

(૩) શ્રવણથી થયેલું સાધ્ય ધર્મના તત્ત્વનું જ્ઞાન, અને

(૪) વિકથાદિ પ્રમાદવશ ખામીવાળી ધર્મસાધના.

(૧) ઇચ્છાયોગ એ પાયાની ધર્મસાધના છે. એમાં મુખ્ય પહેલી તો ધર્મ કરવાની ઇચ્છા જોઇએ, હાર્દિક ઊર્મિ જોઇએ. ધર્મની એકલી જાણકારી કારગત ન બને; એને સાધવાની ગરજ, તાલાવેલી અને તમન્ના હોય તો આગળ વધાય. આ અંતર-માંથી ઉઠે, તો એની પાછળ શકય ધર્મપ્રવૃત્તિ પણ થાય, ને તે સમય થાય. દેખાદેખી કે શરમાશરમી કરવું પડે કે બળાત્કારે ધર્મપ્રવૃત્તિ થાય તો ત્યાં વેઠિયાગીરી જેવી કરાશે. ઇચ્છા નથી, ને પ્રવૃત્તિ કરવી પડે, એમાં અકળામણ થશે, 'કયાં લપ આવી! કયારે પૂરી થશે!...' વગેરે. એવી ધર્મપ્રવૃત્તિ એ પ્રાથમિક ઇચ્છાયોગમાં પણ નહિ. માટે એ હાર્દિક ઇચ્છાપૂર્વક જોઇએ.

હાર્દિક ઇચ્છા પણ કોઇ બહાના હેઠળ, કોઇ પૌદ્ગલિક ધન–માનાદિની આશંસાપૂર્વક નહિ જોઇએ. એમાં તો લક્ષ ધર્મ સિદ્ધ કરવાનું નહિ, પણ દુન્યની લાભ સિદ્ધ કરવાનું રહે છે. તેથી ધર્મ સહજ યાને સ્વભાવગત નથી બનતો આવતો. ધર્મ ભૂલવા માગીએ તો ન ભૂલાય, એના બદલે પરાણે યાદ કરવો પડે, યાદ કરો ને ભૂલી જવાય છે, એ શાથી? નિરાશંસભાવે ધર્મ કરવાની તાલાવેલી જોર-દાર નથી જગાડી તેથી. બીજા બહાના હેઠળ થતી ધર્મપ્રવૃત્તિ પગાર માટેની નોકરી ભરવા જેવી છે. પગાર બંધ કે ઓછો થવો લાગે એટલે એ નોકરી મૂકી બીજું પકડાય છે, તેમ આશા, અપેક્ષા ન ફળતી કે ઓછી ફળતી લાગતાં ધર્મપ્રવૃત્તિ છોડી બીજા કાર્યોમાં ઓતપ્રોત થવાય છે.

ધર્મપ્રવૃત્તિ બે જાતની :— (૧) **ઔદયિક** ભાવની, (૨) ક્ષાયોપશમિક ભાવની. **ઔદયિક ભાવની** એટલે ધનાદિ–લોભ, માન 'હું સારો દેખાઉં...' વગેરે મોહોદયથી પ્રેરાઈ જે ધર્મપ્રવૃત્તિ કરાય તે. **ક્ષાયોપશમિક ભાવની** એટલે મિથ્યાત્વ મંદ પડયું રાગાદિ મંદ પડયા ને આત્મહિતાર્થે જે ધર્મપ્રવૃત્તિ થાય તે. ઔદયિક ભાવમાં આંધળી દોટ, ને કૂતરું ચાટી જાય; આંધળો આત્મા ધર્મ કરી કરીને રાગ–લોભાદિ કષાયોને પોષશે! માટે રાગાદિ કર્મનો ક્ષયોપશમ થઇને શુદ્ધ નિરાશંસભાવે ધર્મની ઇચ્છા અને ધર્મ થવો જોઇએ. એથી સુસંસ્કાર–વૃદ્ધિ થાય. એવા ધર્મના અભ્યાસથી પાછો ક્ષયોપ-શમ વધે, અને વિશેષ ઊંચો ધર્મ સધાય. તો શાસ્ત્ર-યોગ તરફ જવાય.

(૨) ધર્મની ઇચ્છા તો કરી, પરંતુ સીધા ધર્મ-પ્રવૃત્તિ લઇ બેસવાનું નહિ, પણ તે ધર્મની વિધિ શી, યોગ્યતા શી, ઇત્યાદિ બતાવનારા આગમનું શ્રવણ કરવું જોઇએ. તો જ એનું સમ્યગ્જ્ઞાન થઇ સાચી સાધના થાય, આપકલ્પનાથી યા કોઇ કોઇનું જોઇ લીધા માત્રથી નહિ. કેમકે બીજાનું જોવામાં તો કોને ખબર કે એ બીજો અવિધિ આદિથી કરતો હશે તો. ત્યારે સ્વયં કલ્પનામાં તો સાચી વિધિ વગેરે ન જાણી શકાય. ધર્મનું તંત્ર અતીન્દ્રિય છે, કેવી કેવી ઝીણવટભર્યા વિધિવિધાન અને કેવી કેવી વિશેષતા જાળવવાથી કેવા કેવા પુણ્યાનુબંધી પુણ્યના અઢળક ઉપાર્જન થાય છે, પ્રાગ્બદ્ધ કયા કયા અશુભ કર્મદલિયાનાં શુભમાં સંક્રમણ થાય છે, અપવર્તના (સ્થિતિ–રસના હ્રાસ) થાય છે, પ્રદેશોદય થાય છે, વગેરે શા શા સામાન્ય ને વિશિષ્ટ ફળ મળે છે.

ત્યારે કઇ કઇ અયોગ્યતા, વિધિભંગ, આશાતના વગેરેથી કયા કયા મોહનીય કર્મ, ને જ્ઞાનાવરણાદિ કર્મ બંધાય છે...ઇત્યાદિ બધું અતીન્દ્રિય છે, ચક્ષુ કે મનથી જાણી શકાય નહિ. દાળમાં મસાલો નાખી જીભે મૂકી તો ઝટ ખબર પડી કે આ મસાલો ઓછો-વધુ છે. પણ અતીન્દ્રિયમાં તો સર્વજ્ઞનાં શાસ્ત્રથી જ ખબર પડે માટે શાસ્ત્ર સાંભળીને ધર્મ-પ્રવૃત્તિ કરે તો એ પ્રવૃત્તિ ઇચ્છાયોગમાં આવે. કહે છે, 'એ કલાક પૂજામાં થાય છે માટે વ્યાખ્યાને નથી આવતો,' અરે પણ સાંભળ્યા વિના ધર્મનો હક જ કયાં છે ?

(૩) આગમ સાંભળ્યા તો હોય, પણ ધર્મપ્રવૃત્તિ વખતે યાદ ન હોય યા સમજ્યો ન હોય તો ય ન ચાલે, માટે જે ધર્મપ્રવૃત્તિ કરવી છે, તેને અંગે શાસ્ત્રશ્રવણ કરવા ઉપર તેનું ગ્રહણ-અવધારણ જોઇએ. એનાં રહસ્ય, સિદ્ધાન્ત વગેરે તત્ત્વને બરાબર સમજવા-યાદ રાખવા જોઇએ; ચોકસરૂપે મનમાં ઠસાવી-ઠરાવી રાખવા પડે. સાંભળીને ઉઠયા પછી કાંઇ નહિ એ તો સુપ્તનૃપકથા જેવું છે; રાજા ઉંઘ લાવવા માટે વાત સાંભળે એના જેવું છે. માટે સાંભળ્યા પર સ્થિર જ્ઞાન જોઇએ.

(૪) ધર્મની ઇચ્છા, શ્રવણ અને જ્ઞાન કર્યું પણ પછી પ્રવૃત્તિ ન કરે તો ઇચ્છાયોગ નહિ. માટે ઇચ્છા અને જ્ઞાનનો અમલ જોઇએ. અલબત સાચી ધગશ હોય તો પ્રવૃત્તિ થાય; પરંતુ કેટલીક વાર ખોટી રીતે સાંસારિક ગડમથલમાં ગુંથાઈ ધર્મપ્રવૃત્તિ ગુમાવવાનું થાય છે, તે ન થવું જોઇએ. ઇચ્છાના અમલની જેમ શ્રવણનો અમલ ન કરે, તો પછી હૃદય ધિકું થઇ જાય છે, 'તુમ કહે તે ભલા, હમ સુનતે ભલા' સાંભળ્યું કે મૈત્રી પ્રમોદ વગેરે ભાવના એ ધર્મનો પાયો છે, પણ પછી અમલમાં દેવાળું, માર્ગાનુસારીના ગુણો સાંભળ્યા, પરંતુ જો અમલ નહિ; તો હૃદય નઠોર થતું આવે છે. સાંભળ્યા પછી કહે છે, 'અમે પામર છીએ, નથી બનતું, આ કલેજે ઠંડક છે. દુનિયાના પ્રસંગમાં કેમ પામર છીએ નથી બોલાતું ? ત્યાં તો ભાવ, ફાવટ થવાનું, વગેરે સાંભળી ઝટ સોદો કરવા દોડાય છે. અહીં પામર છીએ કહીને છૂટી જવું એ સારા સારા ઉપદેશને ચાવી ખાવા જેવું છે; જેમ દુઃખીના દર્શને પાપ ન ખર્ચે કે બીજી શકય સહાય ન કરે, તો એવાં દર્શન ચાવી ખાધાં ગણાય. માટે અમલમાં જોઇએ. શ્રી ભદ્રબાહુસ્વામી કહે છે, **'વર્તમાનમાં બોધિને નિષ્ફળ કરનારો તું ભવાંતર માટે બોધિ કયા મૂલ્ય પર માગી રહ્યો છે ?'** બોધિ એટલે ધર્મશ્રદ્ધા એને નિષ્ફળ કરવી એટલે કે શકય અમલમાં ન ઉતારવી, એ ભવાંતરે બોધિને માટે નાલાયક ઠેરવે છે. માટે તન-મન-ધન તોડીને ધર્મપ્રવૃત્તિ જોઇએ.

આમ, ધર્મ-સાધના સુધી આવવા છતાં, અનાદિના અભ્યાસવશ નિદ્રા, વિકથા,-રાજકથા, સ્ત્રી-કથા, દેશકથા, ભોજનકથા, તથા અનુપયોગ, શરીર-રાગ, થાકની અરુચિ (દ્વેષ), અનુપયોગ, વિસ્મરણ, સંશય, ચંચળતા, ઇત્યાદિ પ્રમાદ થઇ જવાથી ધર્મ-ક્રિયા બરાબર શાસ્ત્રવિધાન-મર્યાદા-ચોકસાઇને અનુસારે નથી ચાલતી. દા. ત. ચૈત્યવંદનાદિ ક્રિયામાં કાળ, મુદ્રા વગેરેના ભંગ થાય, અશુદ્ધિ થાય, ઇત્યાદિ. તેથી ક્રિયા ખોડખાંપણવાળી થાય છે; વિઘ્ન આવતાં ચલિત થવાય છે. માટે એ ઇચ્છાયોગરૂપ છે. આનો અર્થ એ નથી કે-'પ્રમાદ રાખવો !' પ્રમાદને તો જ્ઞાન, વીરતા-ધીરતા અને સ્થિરતાથી દૂર કર્યે જ જવાનો, પરંતુ જ્યાં સુધી શાસ્ત્રે કહેલા કાળ, આસન-મુદ્રા વગેરેમાં સહેજ પણ ત્રુટિ રહેશે, અતિચાર લાગશે, ત્યાં સુધી તે ધર્મપ્રવૃત્તિ ઇચ્છાયોગ ગણાશે.

★

—: સુવાક્ય :—

દુન્યવી સગવડ-અગવડ અંગે ભાગ્યની પેટીના ભરોસે રહેવાનું. એ પેટી જો કાણી, તો બહાર કાણું જ સમજે. પેટી અધુરી થતી લાગે તો પરમાર્થ પરોપકારનાં સુકૃતો કર્યે રાખવાનાં, જેથી પેટી પુણ્યે ભરી રહે.

× × ×

—: સુચના :—

પૂ. મુનિરાજોએ શિરનામાની હેરફેરી જણાવવા કૃપા કરવી. જેથી અંક ગેરવલ્લે જાય નહિ. —પ્રકાશક.

શાસન પ્રભાવના અને સમાચાર

દાહદ:—પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબને શ્રી આ. ક. લ. દાહદ જ્ઞાનમંદિરના ઉપાશ્રયે ચાતુર્માસ કરવા ઘણાં વરસોથી આગ્રહભરી વિનંતી હોઇને ચાલુ વરસે પોતાના શિષ્ય પરિવાર સહ દાહદ પધારવા કૃપા કરી છે. પૂજ્ય અગાસી મુકામે પધારતાં દાહદથી સંખ્યાબંધ ભાઇ-બહેનો જઇ પહોંચ્યા હતા. પ્રભુજીની પૂજા આંગી તથા સાધર્મિક ભક્તિનો લાભ એસ. શાંતિલાલે લીધો હતો. વૈશાખ સુદ ૧૦ ને સોમવારે દાહદ શિવાજી પાર્કથી બેંડ, શણગારેલા ઘોડા, મોટા શાસન ધ્વજ, શણગારેલી ગાડીઓ, ફુલ બેન્ડ, વિશાલ સાજન વગેરે ભવ્ય સામૈયાપૂર્વક પૂજ્યશ્રીનો પ્રવેશ થયો. આ સામૈયું હજારો માણસોએ જોઇ નેત્ર પાવન કર્યાં હતાં. પૂજ્યશ્રીએ સુંદર મંગળ વ્યાખ્યાન આપ્યું હતું. રોજ સવારે ૯ વાગે વ્યાખ્યાન ચાલુ છે.

શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠની પરીક્ષાઓ.

પૂના:—અખિલ ભારતીય શિક્ષણ સંસ્થા શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ (પૂના)ની જૈન દર્શનની છ પરીક્ષાઓ પ્રબોધિની-પ્રાથમિક-પ્રારંભિક-પ્રવેશ-પરિચય અને પ્રદીપ ભારતભરના કેન્દ્રોમાં લેવાની તા. ૧-૨ ઓગસ્ટ ૧૯૫૯ નક્કી કરવામાં આવી છે. પરીક્ષાઓ અપાવવા ઇચ્છતી પાઠશાળાઓ, મંડળો કે ગુરુકુળો અને વિદ્યાલયોએ પરીક્ષાના ઉમેવારી પત્રો મંગાવીને તા. ૨૨ જૂન ૧૯૫૯ સુધીમાં ભરી મોકલવાના રહેશે.

વિદ્યાલયો, ગુરુકુળો અને બોર્ડિંગોના પરીક્ષાર્થીઓની અનુકૂળતા માટે સપ્લીમેન્ટરી પરીક્ષાઓ તા. ૨૨-૨૩ ઓગસ્ટ ૧૯૫૯ નક્કી કરવામાં આવી છે. સૌ કોઇ તત્ત્વ જિજ્ઞાસુઓ નાત-જાત કે ઉંમરના ભેદભાવ વિના કોઇ પણ પ્રદેશમાંથી આ પરીક્ષાઓ આપી શકે છે. વધુ માહિતી માટે શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ, ૨૧૫-૧૬, બુધવાર પેઠ, પૂના-૨, ના સરનામે સંપર્ક સાધો.

મહુધા:—પૂજ્ય સાધ્વીજી મહારાજ શ્રી પ્રવીણશ્રીજી મહારાજ તા. ૧૬-૫-૫૯ મંગળવારે અત્રે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાના એકાએક સમાચાર આવતાં અમદાવાદ વગેરે સ્થળોનાં સાધ્વીજીઓ અને શ્રાવિકાઓમાં આઘાતની લાગણી પ્રસરી હતી. સ્વ૦ સાધ્વીજીએ ૫૮ વર્ષની વૃદ્ધ વયે પૂજ્ય વયોવૃદ્ધ આચાર્યદેવ શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજની નિશ્રાવર્તી પૂજ્ય સાધ્વીજી હીરશ્રીજીનાં શિષ્યા સા૦ શ્રી હેમશ્રીજી મહારાજ પાસે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી હતી, સોળ વર્ષ સુંદર સંયમ, વૈયાવચ્ચ, તપ, વિહાર વગેરે આરાધના કરતાં સ્વર્ગવાસના દિને તેઓ સાધ્વી સમુદાય સાથે નડીઆદ પાસેના મહુધા તરફ વિહારમાં તેમને રસ્તામાં ગભરામણ થઇ હતી. મહુધા પહોંચતાં શ્રી સંઘે ખડે પગે તેમની સેવા કરી, સાધ્વીજીઓએ તેમને સુંદર અન્તિમ આરાધના કરાવી હતી. સાધ્વીજીના સંસારી પુત્ર અમદાવાદના જાણીતા ઇન્કમટેક્ષ પ્રેકટીશનર, સી. એમ. શાહની કુાં. વાળા શ્રી ચંદુભાઇ કુટુંબ સહિત મહુધા પહોંચી ગયું હતું. મહુધાના સંઘે સ્વર્ગસ્થ સાધ્વીજીની સમસાનયાત્રા પણ ભારે ઠાઠથી કાઢી હતી. સ્વર્ગસ્થ સાધ્વીજીએ પોતે દીક્ષિત થતાં પહેલાં પોતાની બે દીકરીઓને વૈરાગ્ય પમાડી દીક્ષા અપાવી હતી, જેઓ હાલ સાધ્વીજી શ્રી ચંદ્રોદયાશ્રીજી અને સાધ્વીજી શ્રી હેમલતાશ્રીજીના નામથી વિચરે છે. સ્વર્ગસ્થ સાધ્વીજી પોતાના પરિચયમાં આવનાર સૌ કોઇને વૈરાગ્ય પમાડવાનો પ્રયત્ન કરતાં હતાં અને કહેતાં કે સંયમ અને તપમાં જેવું સુખ છે, તેવું સુખ જગતમાં બીજે કયાંય નથી. સ્વર્ગસ્થના આત્માને ચિરશાન્તિ પ્રાપ્ત થાઓ.

હારીજ:—મેળાવડા પ્રસંગે બાળકો રજુ કરી શકે તેવા વૈરાગ્યમય સંવાદોની સો બુકો પાઠશાળાઓને ભેટ આપવાની છે, તેર નયા પૈસા સાથે લખો.

એન. બી. શાહ.

જૈનપાઠશાળા, હારીજ. (ઉ૦ ગુ૦)

★

(અનુસંધાન પાન ૨૯૪નું ચાલુ)

આ સમજ કે હોંશિયારી નથી એટલે વરણાગી કે ત્રિભુવન થવાય છે; અને એની પાછળ કેટ પાશવી કૃત્યો આચરાય છે, ધમંડ-હિતૈષીઓની અવગણના, અન્યાય, ઇર્ષ્યા, સ્વાર્થાંધતા, અસહિષ્ણુતા વગેરે સેવાય છે. વિચારો કે આ બધું શાના ઉપર? એકાકી સંયોગો પર જ ને?

જો એ જાગ્રતિ હોય કે "સંયોગો તો એની રીતે વર્તવાના-ટકવાના, મારી ઇચ્છા પ્રમાણે નહિ, તો એમ થાય કે તો પછી શું કામ હું મળેલી મહાદુર્લભ માનવતાને દોષ-દુષ્કૃત્યોથી વિણસાડી નાખું? શા માટે સંયોગોના ગુન્હે મારા આત્માને પાપોથી દંડું? હું તો ઉલટું એજ સંયોગોમાંથી આત્મહિતનો કસ ખેંચી લઉં. એના જ દ્વારા પછી ભલે એ સારા હો, યા નરસા, ઉત્તમ સદ્‌ગુણો, સદ્‌ભાવના અને સત્કૃત્યોની ભરચક કમાઈ કરી લેવાની."

પેલા મારવાડીનો પ્રસંગ :—

પેલા મારવાડી યુવકનો પ્રસંગ યાદ કરો. કલકત્તે દોરી-લોટો લઈને ગયેલો, ભાગ્યની પેટી ખૂલી, ને યુરોપિયનના ભાગમાં રૂપિયા અઠ્ઠાવીસ લાખ કમાયો. ત્રીસ લાખનું પરિગ્રહ-પરિમાણ છે, એટલે એ હવે ધીખતો ધંધો અને યુરોપિયનનો રહેવા માટે ઘણા આગ્રહ છતાં વેપારમાંથી ભાગ કાઢી નાખીને દેશ તરફ પાછો ફરે છે. અહીં જુઓ સંયોગ અનુકૂળ છતાં મનને એમ નથી થતું કે-'લાવોને હજી બે લાખ લેવાના પહોંચે છે તો લઈ લઈએ, અથવા એથી પણ વધારે મેળવી લઈએ, એને ધર્માદામાં કાઢી નાખશું.' કેમ નથી થતું? એટલા જ માટે કે સંયોગ આપણા કાબૂમાં નથી. એ તો ગયો મારવાડમાં ૨૮ લાખ લઈને! અઠ્ઠાવીસ લાખ લઈને જે જાય તેનો સત્કાર કેવો હોય? નગરમાં પેસે છે, ખૂબ સન્માનપૂર્વક. પ્રથમ મશ્કરી કરનારા, આજે પાકટ કે ઘરડા બનેલા આ જોઈ મોંમાં આંગળાં નાખે છે, કહે છે, 'દોરી-લોટામાંથી આ? કરમ તારી ગતિ ન્યારી! પરદેશ તો ઘણાય જાય છે, પણ એ બધા આવું થોડું જ કમાઈ લાવે છે? આ નજરે જોવા છતાં એમ નથી થતું કે-'ભાઈ! **ભાગ્ય પર વિશ્વાસ રાખો. ભાગ્ય પરખીને ચાલો.**'

ત્યાં પછી મારવાડી પોતે એક સારું મકાન લે છે, તેમાં રહે છે. ત્યાર પછી એ, સ્નેહી-સંબંધી પિછાણવાળા નજીકના દૂરના સગાઓને એક ઉત્તમ પ્રકારનું ભોજન કરાવે છે, સન્માનપૂર્વક-કેવું ભોજન? ગામડામાં કદી ન થયું હોય એવું? દિલાવર વિના એવું ભોજન કોણ કરાવે? દિલાવરીના ગુણને સાંકડા મનવાળો શું સમજે? **જગતમાં પણ મોટો તે કહેવાય છે કે જે ખાઇને નહિ પણ ખવરાવીને રાજી થાય.** ખાવાની તૈયારી હોય અને કોઈ આવી ચડે તો ભાણે બેસાડી જમાડતાં જેટલું લોહી વધે, પોતાને ખાતાં એટલું લોહી ન વધે! એમાંનો આ હતો. પોતાના જ્ઞાતિ-જનોને જમતા જોઈ એને આનંદ આનંદ થાય છે. જમનારાઓ પણ જમતાં જમતાં ગુણ ગાતા જાય છે, 'શું આ શેઠનું ભોજન!' હવે તો શેઠ કહેવા પડે ને! લક્ષ્મીને માન છે!

એ શું કહે છે? "મારું કાંઈ નથી, **તમારા જેવા પુણ્યવંતોની ભૂતકાલમાં ભક્તિ કરી હશે, જેથી એણે મારા નામે ૨૮ લાખ રિઝર્વ કરાવી દીધા હશે. એ ચિઠ્ઠી અહીં ફાટી ગઇ. આપ્યા તો તમે જ છે.**' વિચારવા જેવું છે કે પ્રસંગ એકનો એક, પણ ખતવણી-ખતવણીમાં ફરક! આની ખતવણી સ્વોત્કર્ષની નથી પણ **સામાના ગૌરવને ગાવાની છે.** એનું પ્રત્યક્ષ પરિણામ સામાનો સદ્‌ભાવ વધે. (ક્રમશઃ)

—: સુવાક્ય :—

જેના હૃદયમાં ભારોભાર દયા ભરી હોય એનાં હૈયાં તો એટલા મૃદુ અને મીણ જેવા ઓગળી જનારાં હોય કે સામાની ભૂલ પર દયાના ભરપૂર ઝરણાં વહે.

☆

મુદ્રક : ચંદ્રકાન્ત રતિલાલ શાહ. (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીની ખડકી, માણેકચોક, અમદાવાદ. ત્યાંથી છાપી પ્રસિદ્ધ કર્યું.

દિવ્ય દર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ–૭, અંક–૩૬
બચુભાઇ ચીમનલાલ ઝવેરી મુંબઇ શાખા : ૧૬૭–૬૯, કીકા સ્ટ્રીટ. શનિવાર તા. ૨૦–૬–૧૯૫૯

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી** મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના વિદ્વાન શિષ્યરત્ન

પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજશ્રીનાં આધ્યાત્મિક પ્રવચન.

સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે?

મન મર્યા પછી દુઃખ નથીઃ—

ચિત્ત અને સંભૂતિને ઊંચી કક્ષાવાળા મુનિ મળ્યા તો એમણે ઊંચી સલાહ એ આપી કે– **મહાનુભાવ! તમે જો આપઘાત કરી કાયાનો સર્વનાશ કરવાની શૂરવીરતા ધરાવો છો, તો એના કરતાં તો કાયાને કષ્ટ પડે એવી ત્યાગવૃત્તિ અને તપસ્યા આદરવાની બહાદુરી કાં નથી કરતા?'**

આપઘાતથી તો દુઃખ ઉભાં રહેશે, અહીંના દુઃખ કરતાં ભાવી જન્મના ભારે દુઃખના ભોગ થવું પડશે. ત્યારે,

સંયમ અને તપથી તો દુઃખના કારણભૂત આત્માનાં પાપ બળીને સાફ થઇ જશે.

તો આવી સુંદર તક શા સારૂ ગુમાવો? માનજો ને કે–"મરીને બધું મૂકવું'તું, 'દેખવું નહિ ને દાઝવું નહિ' એમ એ બાબતનું મન પણ મૂકી દેવું'તું, તો અહીં જીવતા રહી સંયમ અને તપમાં ચઢીને પૂર્વનું મન વિસારે કાં ન પાડી દઉં?" જે **મન પલટાઈ ગયા પછી દુઃખ કયાં રહેવાનું છે?**

મન મરીને મૂકાય તો જીવતા ન મૂકી શકાય?:—

વાત પણ સાચી છે કે જીવનમાં મોટું પણ કોઇ નુકસાન ઉભું થઇ ગયું છતાં જો પછી મન એમાં ન લઇ જાઓ તો દુઃખ નહિ લાગે; ત્યારે, નાના પણ નુકસાનમાં જો મન ગયા કરશે, તો દુઃખ લાગ્યા જ કરશે, તો જો મરીને મનને મૂકી શકાય, તો શું જીવતા ન મૂકી શકાય? સુખમય જીવન જીવવું હોય અને ઉજ્જવળ કાર્યો કરતાં રહેવું હોય તો આ એક ઉપાય છે કે જૂની નુકસાનની વાતોના વિચાર કે સ્મરણ મૂકી દેવા.

આપઘાતનો બીજો રસ્તો કહે છેઃ—

મુનિએ તો ચિત્તસંભૂતિને ચારિત્ર અને તપના માર્ગે ચઢાવી દીધા; પરંતુ અહીં તો બ્રાહ્મણ ચંદ્રને કહે છે, "જો તારે મરવું જ હોય તો આ સામે દેખાતા પર્વત પર એક 'કામિતપતન' નામનું પતન સ્થળ છે, તેના ઉપરથી જે ઇચ્છાનો સંકલ્પ કરીને માણસ પડતું મૂકે છે ને મરે છે, તેને તે ઇચ્છા પછીના જન્મમાં સફળ થાય છે. માટે આપઘાત જ કરવો હોય તો ત્યાંથી પડીને કર."

દૃઢ, નિર્વિકાર મન બનાવવા શું કરવું?

ચંદ્રના પગમાં આ સાંભળીને જોર આવ્યું. બ્રાહ્મણે મનગમતું કહ્યું ને? બસ, આ વાત છે કે આપણી ઇચ્છાને અનુકૂળ કોઇ કહે, કે અનુકૂળ કોઇ વર્તે તો આપણે ખૂશી–ખૂશી! સ્વાર્થ લગનીનો આ નાચ છે. સ્વેચ્છાની ગુલામીનું આ એક પ્રદર્શન છે. અને **ઇચ્છાની પૂર્તિ પરનો આનંદ એ ઇચ્છાની સફળતા ન થવા પર ઉદ્વેગને અવકાશ આપે જ છે, 'થયું' તો વાહવાહ અને**

ન થયું તો ય વાહવાહ,' એવું **માનસિક સમતોલપણું કયારે આવે?** મનવાંછિત બનતું આવ્યું કે ઝટ એના પર હરખાયા, એથી નહિ. એ તો મનને ધડતા રહેવું પડે, ટીપતા રહેવું પડે, ને એવું કઠિન બનાવતાં રહેવું પડે કે **બાહ્ય સંયોગ-વિયોગો થવા પર એ લેવાઈ ન જાય, આનંદ-ઉદ્વેગની પીગળામણ ન અનુભવે, રતિ-અરતિના વિકારે વિકૃત ન થાય.** વર્ષોના સતત્ અભ્યાસનું આ કાર્ય છે, એક બે પ્રસંગનું નહિ. **અનેકાનેક પ્રસંગોમાં મજબૂત રહી રહીને મનને પીગળતું, લેવાઇ જતું, ને વિકૃત થતું અટકાવવાનો અભ્યાસ કર્યે જવાય, ત્યારે એવું દૃઢ મન, નિર્વિકાર મન તૈયાર થાય.**

ચંદ્ર પર્વત પરથી પડવા જાય છે —

દ્રેચ બ્રાહ્મણનો ઉપકાર માન્યો, ને ત્યાંથી જઇ પર્વત પર ઝપાટાબંધ ચઢી જાય છે. ભારે ઉછરંગ છે પડતું મૂકી કુટાઈ છુંદાઇ જવાનો. કહો, આવું પર્વત પરથી ખીણમાં પટકાઈ મરવાનો ઉત્સાહ હોય? મહામુનિઓના તેવા ઉપસર્ગમાં તમને ઝટ ગભરામણ થાય છે, 'હાય! આ તો કેમ સહન થાય? અને આવું ભયંકર સહવામાં તે ઉછરંગ હોતો હશે?' પરંતુ દુનિયાના પણ આવા ચંદ્ર જેવાના દાખલા જુઓ-વિચારો તો લાગશે કે,

કષ્ટમાં ઉછરંગ કયારે થાય?:—

કોઇ ચોકસ લક્ષ્યની લગની લાગ્યા પછી એ સિદ્ધ કરનારા ઉપાય ભલેને કઠિન હોય, ભારે કષ્ટ-ત્રાસભર્યા હોય, તો ય એ આદરવાના ઉછરંગ છે, આદરવામાં જરાય ગભરામણ નથી થતી. મોક્ષપ્રાપ્તિનું, આત્મસંશોધનનું, અને કર્મક્ષયનું પાકું લક્ષ્ય બંધાઇ એની લગની લાગી જવી જોઇએ. પછી એના ઉપાયભૂત કષ્ટમય અનુષ્ઠાનોમાં પણ ભારે ઉત્સાહ અને ખંતથી પ્રયત્ન થાય છે.

આત્માને ખડતલ બનાવો:—

જીવનની નદી વહી ચાલી છે. એને કદાચ આખી નહિ તો ય એમાંથી અમુક નહેરને મોક્ષમાર્ગની કષ્ટમય સાધનાના ક્ષેત્ર પર વહેવડાવવાની જરૂર છે. એ કરવાથી આત્મા ખડતલ બને છે. સુંવાળી સાધનામાં ખડતલ નહિ બનાય. સાધના કરતાં, તન, મન, ધન વગેરે જે કોઇ સંપત્તિ મળી છે તેનો ભોગ આપવો જોઇએ. **જીવને એમ થાય કે હું સાધના કરી રહ્યો છું તેમાં તન-મન-ધનનો ઘસારો ઉપાડી રહ્યો છું, તો આત્મા ખડતલ બને** અને એથી ઊંચી ઊંચી સાધનાઓના પરાક્રમ ખેડી શકે. આ બંધુ ય શકય છે હોં, પણ મૂળમાં મુખ્ય લક્ષ્યની લગની લાગવી જોઇએ.

એક વાર સમુદ્રમાંથી બચ્યામાં સંકેત:—

ચંદ્રને લગની લાગી છે તેથી પર્વત પર સડસડાટ ચઢી જઇ એક મોટી શીલા પર ચઢી આપઘાત માટે નીચે પડતું મૂકવાની તૈયારી કરે છે. કેવી દુર્દશા! માનવજીવનનો સર્વનાશ સર્જવા તૈયાર થયો છે! એને એ વિચાર નથી આવતો કે- 'આ હું, સમુદ્રમાં વહાણ ભાંગીને કટકા થઇ જવા છતાં તરવાનું પાટિયું પામ્યો, બચ્યો અને સમુદ્રના કિનારે આવી પહોંચ્યો, એમાં ભાગ્યનો મને જીવતો રાખવાનો અને માનવપણાના ફળ પમાડવાનો કોઇ ગૂઢ સંકેત લાગે છે!' નહિતર ત્યાં જ કેમ ડૂબી ન મરત? કહે છે ને કે 'અણી ચૂકયો સો વરસ જીવે!' માટે આપઘાત નકામો છે! આ વિચાર નથી માટે આપઘાત કરવા તૈયર થઇ ગયો છે.

વસ્તુના એંધાણ પરખીને ચાલો:—

માણસ જો એટલું દેખે કે-'**અમુક અમુક બાબત બની ગઇ, અગર બની રહી છે, એ આ-આ સારી-નરસી વસ્તુની સૂચક છે,' તો પછી સારી વસ્તુને અનુકૂળ અને નરસીને પ્રતિકૂળ વર્તાવ રાખે, પણ એથી ઉલટું નહિ.** પરંતુ આ નથી જોવાતું માટે નુકશાનકારી પ્રવૃત્તિ કરાય છે. બાકી **જીવનમાં બનતા બનાવો એ તો કેટલીય વાર સારા-નરસા ભાગ્યના સૂચક હોય છે, સારી-નરસી આગાહી કરે છે.** એના પર લક્ષ રખાય તો કેટલાય હિતને વિકસાવી શકાય અને અહિતને સંકોચી શકાય.

સટોડિયા પાયમાલ કેમ થાય છે?:— એક, બે, ચાર વારના ખોવાના પ્રસંગમાંથી કમ ભાગ્યની એંધાણી પરખતા નથી માટે.

કયારેક કોઈ સારો માણસ મળી ગયા પછી

સારા લાભને અનુકૂળ વર્તવામાં કેમ ખામી રખાય છે? એ જોવાતું નથી કે 'મને આવો સારો માણસ અચાનક કેમ મળે? એને અકસ્માત્ કેમ મારી સાથે વાત કરવાનું બને? જરૂર આમાં કોઇ શુભ ચિહ્ન પડેલા છે. તો આમને હું સારી રીતે વધાવી લઉં.'

શુકન, મુહૂર્ત, અંગસ્ફુરણ, સહજ ત્રાહિતના સહજ શબ્દોનું શ્રવણ, વગેરે કેઇ નિમિત્તો શુભ-અશુભની એંધાણી આપે છે.

પથારીમાંથી સવારે ઉઠયા અને અજીર્ણનો ઓડકાર આવ્યો, એ શું છે? પેટની અસ્વસ્થતાનું સૂચન. હવે જો એના પર ચેતી જાય અને ભોજનનો ત્યાગ કરે તો અજીર્ણનું આગળ પૂછડું ન ચાલે. પણ ઠેકાણું પડતું આવે.

એમ, પરોઢે સારું સ્વપ્ન આવ્યું અને જાગ્યા, પછી સારી પ્રવૃત્તિ રાખે તો લાભ સારો થવાની વકી રહે.

એવી રીતે સ્નેહી-કુટુંબીના મુખમાંથી જો અરુચિભર્યો શબ્દ નીકળ્યો, તો તરત સમજી લેવું જોઇએ કે આમના દિલમાં ઉદ્વેગ, અસદ્ભાવ જેવું થયું લાગે છે; માટે હવે એ શમી જાય એવી પ્રવૃત્તિ કરવી. એમ જો કરાય તો મામલો સુધરી જાય.'

વાત આ છે કે **જીવનમાં બનતા બનાવોના એંધાણ પરખો, અને એ પરથી આગળની પ્રવૃત્તિ-નિવૃત્તિ ઘડો.** એથી જીવન જીવવાની મઝા આવશે! કેમકે કેઇ અનર્થોથી બચી જવાશે, અને કેઇ કલ્યાણના દ્વાર ખુલ્લા થશે!

જીવતર કંટાળાભર્યું કયારે લાગે છે? ડગલે પગલે અણગમતું બનતું હોય અને મનગમતું થોડે અંશે પણ ન બનતું હોય તો જ ને? અલબત, એમાં પૂર્વકૃત કર્મના ઉદય કારણ હોય છે, પરંતુ પહેલાં આપણે કહી આવ્યા છીએ તેમ કેટલાંય કર્મોને તો નિમિત્ત આપીને જગાડવામાં આવે છે, એ ન ભૂલતા; અને મહાન નિમિત્ત આ છે કે **બનતા બનાવો, આપણી પરિસ્થિતિ, આજુબાજુનું વાતાવરણ, ઉપસ્થિત થતા સંયોગો, સ્નેહી-સંબંધીના પલટાતા દિલ, ઇત્યાદિથી સૂચિત થતા ભાવને આપણે લક્ષમાં લેતા નથી અને ઉંધી પ્રવૃત્તિમાં દોડયા જઇએ છીએ એથી પછી અનિષ્ટ ઊભાં થાય છે, અને ઇષ્ટ દૂર રહે છે.** એથી જીવન ભારે નિરાશા, ખેદ અને કંટાળાભર્યું ન થાય તો બીજું શું થાય?

ચંદ્રને રોકવા 'સબૂર'!:—

શ્રેષ્ઠિપુત્ર ચંદ્ર સમુદ્રમાંથી બચી ગયાના સંકેતને નહિ સમજતો અત્યારે પર્વત પરથી નીચે ખીણમાં પટકાઇ-છુંદાઇ મરવા તૈયાર થયો છે. ત્યાં પાછળથી અવાજ આવે છે, 'સબૂર!' આને થાય છે કે, વળી આ વિઘ્ન કયાં આવ્યું!'

ઇચ્છા ને મરવા માત્રથી ધાર્યું મળે?:—

એ તો મનમાં એ કામના રાખે છે કે-'મરીને આગળના જીવનમાં દુનિયામાં મહાન નામ કાઢું! ને આખી દુનિયા મને સન્માને!' કેમ જાણે ફરી તરત મનુષ્યભવ મળશે, અને એ પુણ્યાઇને યોગ્ય સુકૃત વિના જ ખાલી ઇચ્છવા તથા પટકાઇ મરવા માત્રથી એવી વિશ્વ વ્યાપી નામના અને લોકસન્માન મળી જશે! મળે? એમ મળતું હોય તો તો જિંદગીભર પાપાચરણ, જુલ્મ, ને અનાડીપણું વગેરે કરીને અંતે આટલું કરી લે એટલે પત્યું! બધાં દુષ્કૃત્યો માફ! પણ એવું નથી. સુકૃત વિના દુન્યવી સુખ-સૌભાગ્ય અને સન્માન-સુયશ મળવા કયાં નવરા પડયા છે? આ બધું ખૂબ જોઇતું હોય તો દેવ-ગુરુ-ધર્મની સાધનાના ખૂબ ખૂબ સુકૃતો આચરો, પરમાર્થ સેવો, ઇન્દ્રિયો અને મનના સ્વેચ્છાચાર અટકાવો.

પણ આ બધું ન બનવામાં કારણ જોશો તો પેલી આધિ-વ્યાધિ-ઉપાધિના તોફાન જ દેખાશે. ત્યાં એટલો વિચાર નથી કે **આધિ-વ્યાધિનાં તોફાનમાં સુખનું સંગીત બજી રહ્યું છે કે સંતાપના આર્તનાદ ઉઠી રહ્યા છે? આનંદના સુખદ શ્વાસ ચાલી રહ્યા છે કે ઉદ્વેગના નિસાસા નખાઇ રહ્યા છે?** ચંદ્ર શું કરે છે, 'સબૂર!' એવો અવાજ કોનો છે, પછી શું થાય છે, એ બધું જોવાનું છે, પણ તે પહેલાં એટલું કરવાનું છે કે આધિ-વ્યાધિ-ઉપાધિ એ સંતાપકારી છે, એ બરાબર હૈયે જચી જાય, અને આજની દુનિયાની નવી જાતની આધિઓ, લેવા-દેવા વિનાની માનસિક ચિંતાઓ, તથા વધતી જતી ઉપાધિઓ અને પાછાં

એનાં ગવાતાં ગુણગાનમાં આકર્ષાઈ ન જવાય!

હિસાબ તો તપાસો!

આવી આધિ-વ્યાધિ-ઉપાધિની ભડભડ બળી રહેલી જ્વાળાઓનો તાપ મિટાવવાને જગતમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના સિવાય બીજું કોઇ ઔષધ નથી. અનુભવમાં હોય તો લાવો, બતાવો! રત્નત્રયીની સાધનામાં કશી ચિંતા નહિ, ધારીએ ત્યારે ઉંઘ આવે, ત્રિવિધ તાપની પીડા નહિ. **રત્નત્રયીના શરણ વિના જીવનમાં છૂટકો નથી, બીજો ઉપાય નથી;** હોય તો બતાવો! રત્નત્રયી એ ઔષધરૂપ છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર, ત્રણેય ઔષધરૂપ પણ તેમાં જોરદાર ઔષધ ચારિત્ર. તમે કદાચ પૂછશો, 'અત્યાર સુધી સમ્યક્ત્વને જોરદાર ઔષધ કહેતા હતા, આજે આ જુદું?' જુદું નહિ અને જુદું ખરું! સમ્યક્ત્વને જોરદાર ઔષધ કહેતા હતા એ વાત સાચી.

સમ્યક્ત્વ એટલે?-'ધર્મ પર અનન્ય શ્રદ્ધા રાખો, સંસારને અસાર માનો, સારું જે બને તે બનાવો, ન બને તે માટે અકળામણ અનુભવો. માપને હેય માનો, ધર્મના ગુણગાન ગાઓ.'

આ સમ્યક્ત્વ, એમાં ના નહિ પણ **હિસાબ** તો તપાસો? ૧૦-૧૦, ૧૫-૧૫ કે ૨૦-૨૦ વર્ષથી એમ સાંભળ્યું, માન્યું, હવે આધિ-વ્યાધિ-ઉપાધિના તાપમાં ઘટાડો થયો કે વધારો? જો ઘટાડો નહિ, તો સમજો કે હવે ચારિત્ર એ જોરદાર ઔષધ સેવવાનું. ચારિત્ર એટલે ઓઘો જ એમ નહિ, ઓઘો લેવાય તો સારી વાત; ન લેવાય તો વ્રત, પચ્ચક્ખાણ, વિરતિ, નિરંતર જીવનમાં હોય તે પણ ચારિત્ર; અલ્પાંશે ચારિત્ર. શાસ્ત્ર કહે છે, કેટલીકવાર **એના સારા અભ્યાસ પછી નિશ્ચય-સમ્યક્ત્વ આવે.**

પરિગ્રહ એ આત્માની પૂંઠે પડેલી બલા છે:—

વ્યવહારથી તો દર્શન-ઔષધ ઘણું પીધું; પણ આધિ-વ્યાધિ-વ્યાધિના તાપ વધી રહ્યા છે એને શાંત કરવાનો ઉપાય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પંચાશકમાં ચારિત્રથી બતાવે છે. પહેલા પંચાશકમાં વિશેષરૂપે ચારિત્ર લીધું; દર્શનની બહુ વાત ન કરી, જ્ઞાનનું ઘણું પિંજણ ન કર્યું, પણ લગભગ વ્રતોની જ વાત કરી. ત્યાં કહ્યું, શ્રાવક વ્રતો લે. **આ શું સમજીને? યુગોના આધિ-વ્યાધિ-ઉપાધિના તાપોને શાંત કરવા માટે અણમોલ ઔષધ વિરતિ છે.** એ વસ્તુ નજર સામે રાખી વિચારો. વિરતિ હોય એટલે ઝટ થાય, પચ્ચક્ખાણ છે, પાછો હટ' હિંસા-જૂઠ-ચોરી-અબ્રહ્મનો સ્થૂલથી ત્યાગ, પરિગ્રહનું પરિમાણ, વ્રત ન હોય તો તો આધિ-વ્યાધિ-ઉપાધિના અનહદ તાપ અવશ્ય થવાના, આધિ એટલે માનસિક ચિંતા. કોઇને બજારમાં સોદાનું વલણ સારું આવ્યું, એ વખતે પરિગ્રહ-પરિમાણ વ્રત કહે છે: 'તારે એ વિચાર પણ ન થાય કે સારું થયું. પરિગ્રહ ને પાપ સમજ્યો છે, ત્યારે તો પરિમાણ રાખ્યું છે.'

પરિમાણ પાપનું હોય, ધર્મનું નહિ કે આથી વધુ ન કરવો. દાન-શીલ તપ-ભાવ એ ધર્મમાં પરિમાણ નથી કહ્યું, 'વધારે દાન નહિ દઉં, આટલું જ દેવું, તપમાં એક જ ઉપવાસ કરવાનો, વધારે નહિ' શું એમ કહ્યું? ના. પરિગ્રહમાં કહ્યું.

પરિગ્રહનું પ્રમાણ રાખવું એ નિષ્પરિગ્રહપણામાં પહોંચવા માટે છે. પરિગ્રહ એ આત્માની પૂંઠે પડેલી બલા છે, ડાકણ વળગી છે ડાકણ! ડાકણ લોહી ચૂસી જાય! પરિગ્રહ એ આત્માનું ભાવ લોહી ચૂસી જાય છે.

આરંભ-વિષય પરિગ્રહનું મૂલ્ય જેટલા પ્રમાણમાં વધારે તેટલા પ્રમાણમાં દાન, શીલ, તપ ભાવનું મૂલ્ય ઘટવાનું. એ ઘટે તો આ વટે.

મિથ્યાત્વનું જોર:—

બીજાં પાપો કરતાં પરિગ્રહનું પાપ એક દૃષ્ટિએ વિશેષ છે. એક આત્મા હિંસામાં રક્ત હોય, કોઇ જૂઠમાં રક્ત હોય, ચોરીમાં રક્ત હોય, અબ્રહ્મમાં રક્ત હોય, એ આત્મા કંગાલ જરૂર છે, પણ સાથે સાથે સમજવાનું કે એટલી અધમ કોટિના વિચારનો તે ન હોય કે જેટલો અધમ વિચારવાળો જેના હૃદયમાં પરિગ્રહ વસી ગયો હોય, તે હોય. સમરાદિત્ય કહાની શરૂઆતમાં કહ્યું છે, અર્થ તથા કામ બે ય અધર્મ, પણ તેમાં ય અર્થ કરતાં કામ વધારે અધર્મ છે. અર્થની લગની કામની લગની કરતાં ભૂંડી છે. કેમકે કામની વાસનામાં

તેટલા ક્રૂર પરિણામ અને કાળી લેશ્યા નથી જેટલી અર્થની લાલસામાં છે.

અર્થ એ લોભનો બાપ છે અને લોભ પાપનો બાપ છે:—અઢાર પાપ સ્થાનકમાં અઢારમું મિથ્યાત્વશલ્ય મહાન છે. એક અઢારમું હોય તો સત્તર પાપસ્થાનકો ખતરનાક છે, પણ જો મિથ્યાત્વશલ્ય ન હોય તો આત્મા એટલો સંસારમાં રૂલે નહિ.

સત્તરનું જોર:—

આમ જોર મિથ્યાત્વશલ્યનું છે. પણ સત્તરમાં એ જાતિનું જોર છે કે **એ સત્તર જીવનમાં જો વધારે કૂદતા-મહાલતા થાય, તો એ દૂર બેઠેલા અઢારમાને પોતાની પાસે લાવીને બેસાડે.** મિથ્યાત્વ-શલ્ય, સલામત હોય તો સત્તરે પાપસ્થાનક કે તેમાંનું કોઇ પણ આત્માનું સત્યાનાશ વાળે. હિંસા હોય તથા સાથે મિથ્યાત્વ હોય તો શું થાય? બેફામ કત્લેઆમ. જગત પર હત્યાકાંડ મચ્યા તે એથી. દુશ્મનને શું નબળા માત્રને બેસાડી દેવા, બસ એક લગની! મિથ્યામતિના યોગે ત્રણ લાખની વસ્તિવાળા શહેરનો વસ્તિ સાથે બૉમ્બમારાથી સંહાર થયો!

મહત્વ મિથ્યાત્વના ત્યાગનું છે:—

મિથ્યાત્વ હોય તો સત્તર કે તેમાંનું એક પણ પાપસ્થાનક આત્માનો કચ્ચરઘાણ વાળે. સત્તર હોય કે તેમાંનું એક હોય પણ મિથ્યાત્વ ન હોય તો એટલો કચ્ચરઘાણ ન નીકળે. હિંસા ખરી પણ મિથ્યાત્વ નહિ એવા દૃષ્ટાંતો વિચારો. મહાશ્રાવક ચેડા મહારાજા જેવા યુદ્ધમાં ઉતર્યા છે, બાહુબલી જેવાએ ભરત સામે સંગ્રામ ખેલ્યા છે. વેપાર હિંસાનો કે બીજું કાંઇ? યુદ્ધમાં સગા ભાઇની સામે ઉતરીને બાહુબલી એવા લડ્યા કે જો નારનાં કાળજાં કંપી ઉઠે. એવી હિંસામાં પડે છતાં મિથ્યાત્વશલ્ય ન હોય તો પરિણામ શું? એ પાપ આત્માનું એવું સત્યાનાશ ન કાઢે. ઉંધો અર્થ ન કરતા, ન સમજતા કે મહારાજે હિંસાનું મહત્વ ગાયું. મહત્વ હિંસાનું નથી, મિથ્યાત્વના ત્યાગનું છે.

પાપસ્થાનકથી ધર્મ ન થાય:—

એમ બાર મહિના સુધી બાહુબલી કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા. અભિમાનથી? ના. ઉપદેશમાળામાં શ્રી ધર્મદાસગણિ મહારાજ કહે છે,-**જો ધર્મ મદથી થતો હોય તો બાહુબલીને ભયંકર જંગલમાં તપ કરવાની જરૂર નહોતી, બીજા ઘણા પ્રકાર હતા. એ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા, ટાઢ-તડકો એમણે વેઠ્યો તે પરિણામ મિથ્યાત્વના ત્યાગમાંથી જન્મ્યું હતું, નહિ કે અભિમાનમાંથી.** માન્યુ કે-'મારા નાથે કહ્યું છે કે ચારે આહારનો ત્યાગ કરાય, જમીન પર બેસવા સરખાની વાત નહિ, ઘોર ગરમી કે કાતીલ ઠંડીમાં પણ કાઉસ્સગ્ગ ધ્યાનથી ન ચૂકાય, જગતની માયાનો ઉત્તર પણ ન દેવાય, કોઇ મારવા આવે તો ચસકાય પણ નહિ, તો કેવલજ્ઞાન થાય.' કહો, **બાહુબલીનું કાઉસ્સગ્ગ ધ્યાને રહેવું એ અભિમાનથી છે કે મિથ્યાત્વશલ્યના ત્યાગથી?** એમણે શું કર્યું, જરા વિચારો! બાર બાર મહિના કેવી રીતે ઊભા રહ્યા! શરીરે વેલડીઓ વીંટાણી, દાઢું વધાર્યું તેમાં ચકલાંએ માળા ઘાલ્યા, સિંહાસને બેસનાર એક વખતના ફક્કડલાલ બાહુબલીની કાયામાં (દાઢીમાં) પંખેરા માળા ઘાલે છે. શરીરની શુશ્રુષા કરતા નથી, સારસંભાળ લેતા નથી; શું આ અભિમાનથી? ના. અભિમાન તો પાપસ્થાનક છે. એણે તો માત્ર નાના ભાઇ પાસે નમવા જવાથી અટકાવ્યા. બાકી ચારિત્ર લઇ કાઉસ્સગ્ગ ધ્યાને ઉભા, એ તો પ્રચંડ ધર્મ-ધગશથી, ગર્વ તો પાપસ્થાનક છે, પાપસ્થાનકથી ધર્મ ન થાય. ધર્મ તો મિથ્યાત્વના ત્યાગથી થાય. તુલનામાં પાપને મહત્વ ન આપતા.

ભરતે અન્યાય કર્યો ત્યારે બાહુબલીએ મૂઠી ઉગામી હતી!:—

એજ બાહુબલી યુદ્ધમાં હિંસા કરતા હતા પણ મિથ્યાત્વ નથી, એટલે હિંસાના વ્યાપારમાં પણ મિથ્યાત્વના ત્યાગે, એના તાલ પર ટકોરા માર્યો, હૃદયમાં જઇને ભંભા વગાડી-'હાં-હાં, ભાઇને મારવા ઊભો થયો?' યુદ્ધમાં એ કેવા સમર્થ હતા! છતાં મિથ્યાત્વશલ્ય નથી તો એ ભાઇને મારવા ઊભા રહે? કરોડોની મેદની જોઇ રહી હતી, દેવતાઓ જોઇ રહ્યા હતા, એમને ભય હતો કે હવે બાહુ-

બલીની મૂઠીથી ભરતનું શું થશે ! ભરત ન જીવે !' ભરતના દંડે બાહુબલીનો મુગટ માત્ર તૂટે છે, જ્યારે બાહુબલીના દંડે ભરતના કવચ તૂટે છે. ભરત પણ ચક્રી છે, એમના ફટકાથી બાહુબલી જંઘા સુધી જમીનમાં ખૂંચી જાય છે. જ્યારે બાહુબલીના ફટકાથી ભરત કંઠ સુધી ખૂંચી જાય છે. એજ બાહુબલી એજ ભરતને દડાની જેમ આકાશમાં ઉછાળે અને નીચે પડતાં ઝીલે. આવા વિજયી બાહુબલીએ ભરતે જ્યારે અન્યાય કરી ચક્ર ફેંકયું ત્યારે બાહુબલીએ મુઠી ઉગામી. શું હવે કલ્પના ન આવે કે આ મુઠી પરાક્રમ શું કરશે ? (ક્રમશઃ)

— (૩) સામર્થ્યયોગ —

(લ૦)-શાસ્ત્રસંદર્શિતોપાયસ્તદતિક્રાન્તગોચરઃ। શક્ત્યુદ્રેકાદ્વિશેષેણ સામર્થ્યાખ્યો ऽયમુત્તમઃ ॥ (૩)

અર્થ :—(સામાન્યથી) શાસ્ત્રે કહેલા ઉપાયવાળો, (૫)૫) શક્તિની પ્રબળતાએ (વિશેષ રૂપે) શાસ્ત્રકથનની મર્યાદા ઉપરનો વિશિષ્ટ ધર્મવ્યાપાર એ ઉત્તમ સામર્થ્યયોગ છે.

વિવેચન:—યોગોમાં ઉત્તમયોગ સામર્થ્યયોગ છે. એમાં **(૧) સાધનાના ઉપાયો શાસ્ત્રમાં કહ્યા હોય પણ સામાન્યથી,**

(૨) ઉપાયો વિશેષરૂપે શાસ્ત્રકથનની મર્યાદા બહારના હોય,

(૩) સાધના શક્તિની પ્રબળતાથી થતી હોય અને

(૪) શાસ્ત્રથી વિશેષરૂપે ન કહી શકાયેલા ઉપાયોને પણ સામાન્યથી નહિ, કિંતુ વિશેષરૂપે સેવાતા હોય,

(૧-૨) શ્રેષ્ઠ યોગ સામર્થ્યયોગ છે, કેમકે તે વિલંબ વિના પરમ ફળને પેદા કરે છે. પરમફળ છે વીતરાગ સર્વજ્ઞતા અને મોક્ષ, એ બંનેને એ જાતના સામર્થ્યયોગ, જે આગળ કહેવાશે તે, ઢીલ કર્યા વિના ઉત્પન્ન કરે છે. આવો યોગ કેમ સાધવો એના ઉપાય શાસ્ત્રમાં કહેલા મળે ખરા, પણ સામાન્યરૂપે કહેલા મળે, વિશેષ ઝીણવટ-સ્પષ્ટીકરણથી નહિ; કેમકે એ શબ્દ ઉતારી શકાવા મુશ્કેલ છે; એ તો અનુભવગમ્ય છે, જે અનુભવ કરે તે સમજી શકે. **'જિન હી પાયા, તિન હી છિપાયા, ન કહે કોઉ કે કાનમેં'** જેને અનુભવની તાલી લાગી, એણે એને છિપાવી અર્થાત્ અંતરમાં જ અનુભવી, બહાર શબ્દથી કોઇને કહી નહિ, કેમકે શબ્દમાં ઉતારવી મુશ્કેલ છે. દા.ત. અપ્રમત્તભાવના અધ્યવસાય કરતાં અનંતગુણી વિશુદ્ધિવાળા અધ્યવસાયમાં ચઢે ત્યારે અપૂર્વકરણ લાધે, અને એ યોગમાં પછી તો પ્રતિક્ષણ અનંતગુણી વિશુદ્ધિવાળા અધ્યવસાય ઉત્તરોત્તર જાગતા જાય છે, એ શાસ્ત્રે કહ્યું. પરંતુ એ અધ્યવસાયો માટે આત્મામાં શી મથામણ કરવાની, કેવા સંવેદન અનુભવવાના વગેરે ઉપાયોના વિશેષરૂપે સ્પષ્ટ અને વિસ્તૃત વર્ણન શાસ્ત્રે ન કર્યા. એવા ઉપાયો એ તો સામર્થ્યયોગનો વિષય છે. એમાં પ્રવૃત્તિ થાય એ સામર્થ્યયોગ. એ માટે શાસ્ત્રે અપૂર્વ શ્રદ્ધા-સંવેગનું બળ, સમ્યગ્દર્શનની અધિકાધિક નિર્મળતા, અપૂર્વ સંયમ-શુદ્ધિ, પરપરિણતિના ત્યાગપૂર્વક આત્મરમણતાનો મહાવિકાસ, તન્મય સતત તત્ત્વ ચિંતન બાહ્ય-અભ્યન્તર તપ...વગેરે ઉપાયો કહ્યા, ધર્મધ્યાનની ઉત્તરોત્તર પ્રબળતા, આવા આવા પ્રકારનું શુકલધ્યાન...વગેરે ઉપાય બતાવ્યા, પણ એ બધું સામાન્યનિર્દેશરૂપ છે. એમાં ઝીણવટભરી આંતર પ્રક્રિયા શી શી ચાલે, ક્ષયાદિને વિશેષ સ્વરૂપ કહેવાય. એનો નિર્દેશ શાસ્ત્રમાં નહિ; એ તો ઊંચે ચઢેલો આત્મા પોતાની આંતરિક પ્રબળ શક્તિથી અનુભવમાં ઉતારે છે. માટે એ ધર્મવ્યાપારને સામર્થ્યયોગ કહેવામાં આવે છે.

પ્ર૦—તો પછી શાસ્ત્રની શી જરૂર ? આંતરિક શક્તિથી જ ઊંચે જવાશે.

ઉ૦—ના, શાસ્ત્ર તો બહુ જરૂરી છે. કેમકે મૂળમાં સામાન્યથી ય જાણ્યા ન હોય તો વિશેષ શાના પર ? શાસ્ત્રે આના માટે અમુક અંશ સુધી જે ઉપાયવર્ણન કર્યાં છે, તેને શાસ્ત્રમાંથી બરાબર જાણ્યા હોય, તો એને અમલમાં મૂકી શકાય, અને એ અમલનો હાર્દિક ખૂબ અભ્યાસ વધે, તો ઉચ્ચ વિશેષતા તરફ જઇ શકાય છે, અને પ્રબળ શક્તિ પ્રગટાવી શકાય છે. એ શક્તિ કાંઇ એમ જ પ્રગટી નથી જતી, આત્માને પૂર્વે કસવો પડે છે.

(૩) સામર્થ્યયોગ માટે સાધનામાં આત્માની પ્રબળ શક્તિ કામે લાગી જવી જોઇએ. એ શક્તિ માટે

મુખ્યતયા આત્મપરિણતિ યાને અધ્યવસાયની વિશુદ્ધિ ખીલવવા-વિકાસવાનો પુરુષાર્થ કેળવવો જોઇએ.

અધ્યવસાય બે પ્રકારના-૧. સંકલેશરૂપ, અને ૨. વિશુદ્ધિરૂપ. સંકલેશાત્મક અધ્યવસાય મલિન હોય છે, રાગ-દ્વેષાદિ કષાયોના જોરવાળા હોય છે; ત્યારે વિશુદ્ધિરૂપ અધ્યવસાય નિર્મળ હોય છે, કષાયોની મંદતાવાળા હોય છે. માટે જ, ઊંચા નિર્મળ અધ્યવસાયે ચઢેલો જીવ જો ત્યાંથી પડવા માંડે, નિર્મળતાગુમાવતો જાય ને મલિનતા પામતો જાય તો તે સંકલેશવાળો કહેવાય. એથી ઉલટું, કોઇ અત્યંત મલિન અધ્યવસાયવાળો જીવ મલિનતા ઓછી કરતો આવે ને નિર્મળતા પામતો જાય તો એ વિશુદ્ધિવાળો કહેવાય છે; પછી ભલે પર્વત પર ચઢતા ને ઉતરતાની જેમ બંને એક અધ્યવસાયસ્થાનકે ભેગા થયા હોય; જેમકે એક ૧૧ મે ગુણસ્થાનકેથી પડતો અને બીજો ૭ મે ગુણસ્થાનકથી ચઢતો, એ બંને નવમે ગુણસ્થાનકે ભેગા થયા, અર્થાત્ સમાન અધ્યવસાયસ્થાને પહોંચ્યા, પણ પડતો એ સંકલેશમાં છે, ત્યારે ચઢતો એ વિશુદ્ધિમાં છે. સામર્થ્યયોગ તરફ જવું હોય તો સંકલેશ મૂકીને આ વિશુદ્ધિનો મહાન પુરુષાર્થ કરવાનો છે. મંદ મિથ્યાત્વના છેલ્લા અધ્યવસાય કરતાં અનંતગુણ વિશુદ્ધિ કેળવવામાં આવે ત્યારે સમ્યક્ત્વનું પહેલું અધ્યવસાય પ્રાપ્ત થાય છે. પછી એમાં અનંતગુણી વિશુદ્ધિએ ચઢતાં ચઢતાં અવિરતિ સમ્યગ્દૃષ્ટિના ઊંચામાં ઊંચા અધ્યવસાયે પહોંચાય, તેની વિશુદ્ધિ કરતાં અનંતગુણી વિશુદ્ધિ સધાય ત્યારે દેશવિરતિનું પહેલું અધ્યવસાયસ્થાન પ્રાપ્ત થાય છે; એમાં પણ અનંતગુણી વિશુદ્ધિ કરતાં કરતાં દેશવિરતિ શ્રાવકનો જે ઊંચામાં ઊંચો અધ્યવસાય મળે તેની વિશુદ્ધિ કરતાં અનંતગુણ નિર્મળતા કેળવવામાં આવે ત્યારે સર્વવિરતિ-સાધુપણાનું પહેલું અધ્યવસાયસ્થાનક પ્રાપ્ત થાય. એ પછી તો એમાં ય ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગના અનંતગુણ અનંતગુણ વિશુદ્ધિવાળા અસંખ્ય અધ્યવસાયસ્થાનક પસાર કરવામાં આવે ત્યારે સામર્થ્યયોગનું પહેલું અધ્યવસાય-સ્થાનક પ્રાપ્ત થાય છે. તાત્પર્ય એ આવ્યું કે મનથી ઉત્તરોત્તર વિશુદ્ધિ કરવાનો પ્રચંડ પુરુષાર્થ આદરવો જોઇએ, અને એ પ્રયત્નની ધારા વહેતી રહેવી જોઇએ. ક્રોધ-માન-માયા-લોભ, રાગ-દ્વેષ, હર્ષ-ઉદ્વેગ, વગેરેના ભારે નિગ્રહ કરી એમાં મંદતા મંદતા કરતા આવવું જોઇએ. અલબત્ત એ માટે દાનાદિ ધર્મસાધનાઓ, વિનયાદિ ગુણો, અહિંસાદિ વ્રતો. ઇન્દ્રિય-સંયમ, તપ, સ્વાધ્યાય, ધ્યાન વગેરે પણ અત્યંત જરૂરી છે, એથી એમાં પણ પ્રગતિશીલ રહેવું જોઇએ.

(૪) સામર્થ્યયોગમાં ચોથી વાત એ કહી કે શાસ્ત્રે વિશેષ રૂપે નહિ કહેલા ઉપાયોને પણ સામર્થ્યયોગી સામાન્યરૂપે નહિ કિન્તુ વિશેષરૂપે સાધે છે, અર્થાત્ આંતરશક્તિનો અગ્નિ એટલો બધો ભભુકયો હોય છે કે એ શાસ્ત્રવચનની ઉપરના ઉપાયોમાં પ્રચંડ પરાક્રમ આદરે છે. ત્યારે, આવા પ્રચંડ પરાક્રમભર્યા યોગદાવાનળ ભભુકયા વિના અસંખ્ય જન્મોના સંગૃહીત જ્ઞાનાવરણાદિના અનંતા કર્મદલિકોને ક્ષણવારમાં ભસ્મીભૂત કરી નાખવાનું કયાંથી બને ?

ધર્મસાધનાની ઊંચી કક્ષા-સામર્થ્યયોગ :

ધર્મસાધવાની ત્રણ કક્ષાઓ છે, ૧. ઇચ્છાયોગની ૨. શાસ્ત્રયોગની, અને ૩. સામર્થ્યયોગની. પૂર્વ વર્ણન કર્યું છે તે મુજબ ઇચ્છાયોગની કક્ષામાં મુખ્યતા શુદ્ધ કર્મ કરવાની ઇચ્છાની છે; બાકી સાધના તો વિકથાદિ પ્રમાદને લીધે શાસ્ત્રે કહેલી વિધિ-મર્યાદાઓમાં ખામીવાળી થાય છે, ત્યારે શાસ્ત્રયોગની કક્ષામાં એ ખામી લેશ માત્ર રાખવામાં આવતી નથી. કેટલાય ઇચ્છાયોગ સાધતાં સાધતાં પ્રમાદને હટાવ્યે જવાનો પુરુષાર્થ થયે જાય, ને શાસ્ત્રવિધાનોને અધિકાધિક અમલમાં ઉતારતા જવાય, ત્યારે પરાકાષ્ઠાએ શાસ્ત્રયોગ પ્રાપ્ત થાય છે. પરંતુ એમાં ય શાસ્ત્રવિધાનોને બરાબર વળગી રહેવા જેટલો જ પુરુષાર્થ હોય છે. ત્યારે એથી ઊંચી સામર્થ્યયોગની કક્ષામાં આંતર પુરુષાર્થને એટલો બધો પ્રબળ બનાવવામાં આવે છે કે શાસ્ત્રવિધાનો કરતાં ય સૂક્ષ્મ, ગંભીર અને ઉચ્ચતમ પ્રક્રિયામાં પ્રવેશ થાય છે, ત્યાં આત્મામાં ધડાકાબંધ ફેરફારો થાય છે, ચાલુ ક્ષમાદિ ધર્મો કરતાં અપૂર્વ અને અદ્‌ભુત કોટિના ક્ષમાદિ ગુણો સિદ્ધ કરવામાં આવે છે. આવા સામર્થ્યયોગને જાણવા સમજવાથી ધર્મસાધનામાં મહાન પ્રેરણા મળવા સાથે, એને કહેનાર જિનશાસન પર ખૂબ

બહુમાન વધે છે. માટે એનું અહીં વર્ણન કરવામાં આવે છે.

સામર્થ્યયોગના સમર્થન માટે કહે છે કે મોક્ષ નામના પદની પ્રાપ્તિનાં જે કારણ છે તે અનંત પ્રકારે છે; કેમકે આમ જો કે અધ્યવસાય અસંખ્યતા, છતાં ભૂત-ભવિષ્યના અનંત સાધકોની અપેક્ષાએ મોક્ષહેતુભૂત અધ્યવસાય-વિશુદ્ધમાં તરતમતા પડવાથી અનંતા પ્રકાર થાય. સાધક સાધુઓ વડે આ બધા વ્યક્તિગત સ્વરૂપે માત્ર શાસ્ત્રમાંથી જાણી શકતા નથી, તો પછી પ્રશ્ન થશે કે શાસ્ત્ર નિરૂપયોગી નહિ બને? ના, શાસ્ત્રમાંથી સમષ્ટિગત સામાન્યરૂપે તો જણાય છે પરંતુ સમસ્ત વ્યક્તિગત વિશેષરૂપે જાણી શકાતા નથી, એનું શબ્દથી વર્તન કરવાનું શક્ય નથી; માટે શાસ્ત્રની પહોંચની બહાર છે. શબ્દથી કહી શકાય એવા અભિલાપ્ય ભાવો કરતાં ન કહી શકાય એવા અનભિલાપ્ય ભાવો જગતમાં અનંતગુણા હોય છે. જો તે ઉપાયો સમસ્ત પ્રકારોએ શાસ્ત્રથી જણાતા હોય તો તો વાંધો એ આવે કે શાસ્ત્ર સાંભળી લેતાં જ કેવળજ્ઞાન અને મોક્ષ થઈ જવા જોઇએ. તે આ રીતે,-મોક્ષ સુધીની પ્રાપ્તિના હેતુભૂત પ્રકારો પૈકીના જે વિલંબ વિના તરત જ કાર્ય કરી દેનારા પ્રકારો, તેનું જ્ઞાન શાસ્ત્રશ્રવણથી થતાં વેંત કેવળજ્ઞાનની જેમ ત્રણે ય કાળના સર્વ પદાર્થોના સમસ્ત ભાવોનો સાક્ષાત્કાર થઇ જાય, લોકાલોકનો પ્રકાશ પ્રગટી જાય; તો એવા સાક્ષાત્કારવાળાને સર્વજ્ઞતા જ સિદ્ધ થઇ ગઇ! આમ થવાનો પ્રસંગ શાસ્ત્રશ્રોતા સાધુને, પણ બીજાને નહિ, કેમકે એને તો શાસ્ત્રશ્રવણના અભાવે પ્રસ્તુત હેતુભૂત પ્રકારોનો સર્વાંશે બોધ થવાને અવકાશ નથી. શાસ્ત્રશ્રોતાને માત્ર સર્વજ્ઞતા મળીને કાર્ય ઉભું ન રહે, પણ તરત જ મોક્ષપદ પણ પ્રાપ્ત થઇ જવાનો પ્રસંગ આવે. કેમકે મોક્ષ માટે જરૂરી યોગનિરોધ કરવા દ્વારા જે અયોગી કેવળીપણું તેના સ્વરૂપની પણ અર્થાત્ યોગનિરોધ માટે કેવા કેવા યોગિક આત્મપરિણામ કામ કરે છે, કેવું 'વ્યુચ્છિન્ન-અનિવૃત્તિ' શુકલધ્યાન કામ કરે છે, વગેરે ઠેઠ મોક્ષ થવાના પૂર્વ સમય સુધીનો કેવો આત્મપરિણામ સર્વ કર્મક્ષય કરે છે, એ બધું શાસ્ત્રથી જ જણાઇ જવાનું તમે કહો છો. પોતાની મર્યાદા બહારમાં પણ શાસ્ત્રનું સામર્થ્ય કેમ ન હોય?

પ્ર૦—તો એમ તો ખરેખર જે કેવળજ્ઞાની સર્વજ્ઞ બન્યા, એમને તો અયોગી-કેવલિપણું વગેરેનું સ્વરૂપ હવે જ્ઞાત છે તો એમને પણ કેવળજ્ઞાન થતાં વેંત તરત જ મોક્ષ થવાનો પ્રસંગ નહિ આવે?

ઉ૦—માટે તો અમે કહીએ છીએ કે સામર્થ્ય-યોગની વિશિષ્ટ વસ્તુ શાસ્ત્રનો વિષય નથી પરંતુ સ્વાનુભવનો વિષય છે, તો સર્વજ્ઞ પણ જ્યારે શુકલ-ધ્યાનના છેલ્લા બે પ્રકાર, સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી અને વ્યુચ્છિન્નક્રિયા-અનિવૃત્તિનો પુરુષાર્થ કરે ત્યારે એમને અયોગી કેવળીપણાનો સ્વાનુભવ થાય છે. ત્યાં દ્વિતીય પ્રકારનો સામર્થ્યયોગ છે; અને ત્યારે જ મોક્ષ થાય છે. શાસ્ત્રથી સામાન્યરૂપે અયોગિ-કેવલી-પણા સુધીનું જ્ઞાન થવા છતાં તરત મોક્ષ થઇ શકતો નથી, એ હકીકત છે; માટે કહેવું જોઇએ કે શાસ્ત્રોકત સર્વ ઉપાયોની સાધના અને સર્વજ્ઞત્વાદિ થવાની વચમાં કોઇ સાધના છે કે જે એ સર્વજ્ઞતાને વિના વિલંબે સિદ્ધ કરી આપે છે એ જ સામર્થ્ય-યોગ નામની સાધના છે, ને એ મુખ્યતમા આંતરિક સામર્થ્ય ઉપર અવલંબનારી છે, માટે અનિર્વચનીય છે, શબ્દથી સંપૂર્ણતઃ પ્રતિપાદન ન થઇ શકે એવું અને યોગીને સ્વાનુભવથી જણાય એવી છે. આ સામર્થ્યયોગ ક્ષપકશ્રેણિમાંના ધર્મવ્યાપારરૂપ છે.

★

-: સુચના :-

પૂ. મુનિરાજોએ શિરનામાની હેરફેરી જણાવવા કૃપા કરવી. જેથી અંક ગેરવલ્લે જાય નહિ. —પ્રકાશક.

મુદ્રક : ચંદ્રકાન્ત રતિલાલ શાહ. (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ, સોનીની ખડકી, માણેકચોક, અમદાવાદ. ત્યાંથી છાપી પ્રસિદ્ધ કર્યું.

દિવ્ય દર્શન

તંત્રીઓ : ચતુરદાસ ચીમનલાલ શાહ, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા), બાબુભાઇ ભાઇલાલ શાહ.

: પ્રકાશક : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ. વર્ષ–૭, અંક–૪૦
બચુભાઇ ચીમનલાલ ઝવેરી મુંબઇ શાખા : ૧૬૭–૬૯, કીકા સ્ટ્રીટ. શનિવાર તા. ૨૭–૬–૧૯૫૯

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન

પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજશ્રીનાં આધ્યાત્મિક પ્રવચન.

સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે?

ભરત ભૂલ્યા ભરૂંસે!

પ્ર૦—સમજુ ભરતે ચક્ર ફેંકવાનો અન્યાય કેમ કર્યો?

ઉ૦—માટે જ જ્ઞાની કહે છે, મોહરાજાના ખેલ અનેક પ્રકારના છે. ભરત ભરોસે ભૂલ્યા! એમણે ધાર્યું હતું, ચક્ર પાછું નહિ ફરે, એને જોઇને કાં તો સામો વશ થઇ જશે, કાં ચક્ર તેનો નાશ કરશે. લોભને લઇને વિશ્વાસે રહ્યા, એટલે બીજું ન સૂઝયું. ચક્ર છોડ્યું!

શું તારી મુક્તિ જુદી છે?:—

પાર્શ્વનાથ ભગવાનના ચાર સાધુને કોઇ કેવળી મળ્યા, તેમણે પેલાઓના પ્રશ્ન ઉત્તરમાં કહેલું, 'તમે ચરમશરીરી છો, આ ભવમાં જ મોક્ષે જશો.' હાથમાં રજોહરણ છે એવા આ ચાર સાધુને આ સાંભળીને શું વિચાર આવ્યો? કર્મના મેલને જલદી દૂર કરવાનો? કર્મના સદંતર પુરચા ઉડાડવાનો? ના. 'છ માસી તો કરી છે, બાર માસી કરી લેવા દે, જ્ઞાનીએ આ ભવમાં મુક્તિ કહેલ છે, ચરમશરીરી કહેલ છે, એટલે કાયા પડવાની નથી એ તો નિર્ધાર છે.' આવું કાંઇ સૂઝયું? ના. પોતે ચરમશરીરી હોવામાં, એજ ભવમાં મોક્ષે જનારા હોવામાં, જ્ઞાનીએ મહોર છાપ મારી છે માટે ચાર સાધુઓએ શું એવો વિચાર કર્યો કે, બારમાસી થઇ જાય? ના, ત્યારે? 'જ્ઞાનીએ આ ભવમાં મોક્ષે જનારા છીએ, ચરમશરીરી છીએ, એની મહોરછાપ મારી છે, તો પછી હવે સંયમ પાળવાનું કષ્ટ વેઠવાની જરૂર શી?' આવો વિચાર કરી એ ચાર સાધુ વેશ મૂકી ઘરે ગયા છે, પતિત થયા છે! ત્યારે તો રહનેમિને રાજિમતીએ કામાસક્ત જોઇ જ્યારે કહ્યું કે, 'આવું ચારિત્ર પામીને, કિંપાક ફલ જેવાં ઝેરી વિષય–સુખોની કામના શી કરો છો?' ત્યારે એના જવાબમાં રહનેમિએ 'ઘરે જઇને ય મોક્ષે જઇ શકાય છે.' એવો જવાબ આપ્યો છે. પોતે ભગવાન શ્રી નેમનાથ સ્વામીની દેશનામાં કદી સાંભળ્યું હશે કે–'ભવિષ્યમાં પાર્શ્વનાથ ભગવાનના ચાર શિષ્યો, તેમને કોઇ કેવળી ભગવાન ચરમશરીરી તથા તદ્ભવ મુક્તિગામી હોવાનું જણાવશે, ત્યારે આવી કેવળીની મહોર છાપ જાણી એ સંસારમાં જશે. એવા ય પણ પછી ફરી સંયમ લઇ અંતે એજ ભવમાં મોક્ષે જશે. રહનેમિએ રાજિમતીને કહ્યું,

'શી કરો તો પાર્શ્વપ્રભુ અણગાર જો,
ઉપદેશે ઘર છંડી થશે મુનિ ચાર જો,
તે ભવ મુક્તિ સુણીને કિમ જઇ ઘરે વસ્યા જો?'

એ આ દૃષ્ટાંત આગળ ધરી કહે છે, 'આવાની પણ મુક્તિ થાય, માટે મૂકી દે સંયમ, તું યુવતી, હું યુવાન! મોજ કરીએ. મુક્તિ આથી કાંઇ અટકવાની નથી.'

મોહના પ્રકારોના નાટકોનો પાર પામી

શકાતો નથી :—

પ્રશ્ન થશે કે–'ચરમશરીરી સાધુને, પોતાનું ચરમશરીરીપણું તથા તદ્‌ભવમુક્તિગામીપણું કેવળીના મુખે સાંભળી ઘરે જવાનું મન થાય, એ કેમ બને ?' પણ મોહના ઉદય વિચિત્ર છે એટલે એમ બન્યું ! રહનેમિ એટલે કોણ ? તીર્થંકર ભગવાન નેમનાથ સ્વામીના ભાઇ, રુડું ચારિત્ર પાળી રહ્યા છે, ચરમશરીરી છે, એને સાધ્વી રાજિમતી સાથે વિષયસુખ ભોગવવાનું મન કેમ થાય ? રાજિમતી એટલે ઉત્તમ સાધ્વી ! એટલા માટે જ જ્ઞાની કહે છે કે, મોહના નાટકોના પ્રકારનો પાર પામી શકાતો નથી. દુનિયામાં અદ્‌ભુત પ્રકારો પડેલા છે. દેવમાં બેઠેલા માનવીને અસર થતાં વાર શી ? રાજિમતી મોહરાજાના નાટકનું રહસ્ય સમજનારી હતી, એટલે રહનેમિએ ગમે તેમ લલચાવી પણ એને અસર ન થઇ, ઉલટું ઉપદેશ દઇ રહનેમિને પણ પાછા માર્ગસ્થ કર્યા ! ભરત જેવા અન્યાયથી ચક્ર મૂકે એ પણ મોહનો પ્રકાર. મોહના અનેક પ્રકારોના નાટકોમાંનું એક એ. આપણે એ બોધપાઠ લેવાનો છે કે **દુન્યવી સંયોગોનો વિશ્વાસ કરવા જેવો નથી કે કયારે એ કેવા મોહમાં ફસાવે.**

અન્યાયનો માર્ગ એ ન્યાયસંપન્નતા નામના પ્રથમ માર્ગાનુસારી ગુણનો ઘાતક છે. ઠરાવેલા યુદ્ધ કરતાં દૂર થઇ, ન્યાયનો પરિહાર કરી ચક્ર મૂકયું, અન્યાયનો માર્ગ લીધો તો પરિણામ શું આવ્યું ? એ જ કે બાહુબલી ગુસ્સાથી મૂઠી મારવા દોડયા ! એ પણ મોહવશ તો થયા, પરંતુ મિથ્યાત્વ નહોતું તો બુદ્ધિ ફેરવી. એ મુષ્ટિથી કેશ લોચ કર્યો, કાઉસ્સગ્ગધ્યાને પોતે ઊભા રહ્યા એટલે એમના ચરણે પડી ભરતને રોવું પડયું. ભરત રોયા એ સારું, છતાં પ્રશ્ન એ કે, આ કેમ બન્યું ? લડાઇ પતી ગઇ, ભરત ભરતને ઘેર, બાહુબલી બાહુબલીને ઘેર, પગમાં પડીને રોવાનું કેમ બન્યું ? કહો એમનેય ભાન હતું, **અન્યાયના માર્ગથી આત્માના હિતનું લિલામ છે.**

સમ્યક્‌ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ–એ ત્રણ રત્નો છે; માર્ગાનુસારી ગુણોનું લિલામ થાય તો ત્રણે રત્નનું લિલામ થતાં વાર નહિ લાગે. આ વાત ન ભૂલશો.

દિલ્હી હજી દૂર છે ! :—

માર્ગાનુસારીના ગુણો એમને એમ નહિ સચવાય. એ સાચવવા ભોગ દેવો પડશે. તનનો ભોગ એટલે કે કાયકષ્ટિ ઉઠાવીને ગુણ સેવવાનો. મનનો ભોગ એટલે કે ગર્વ, કંટાળો વગેરે દૂર કરીને અને બુદ્ધિ ખરચીને; તેમ લક્ષ્મીનો, માનપાનનો ભોગ આપીને ગુણ સચવાય. માતાપિતાની ભક્તિ કરવી, પૂજા કરવી એ માર્ગાનુસારીનો ગુણ છે. હવે માતાપિતા જરા કડવું સંભળાવે અને અક્કડ થઈ જાય તો ગુણ ટકે ? ગુણ સાચવવો હોય તો, એક જ વાત, માતાપિતા કહે તે સાંભળે, ઉપકાર માને અને પૂજાભક્તિ કરવાનું ય ચાલુ રાખે. એવો આત્મા જો ચારિત્ર પામે, એને ગુરુ જરા ટોણો મારે તો માને કે 'કૂલના મેઢ (મેઘ) વરસે છે !' **શિક્ષાવચનોરૂપી કૂલના મેઘથી પ્રમાદરૂપી દુર્ગંધ દૂર થાય છે, અને આત્મામાં આરાધકભાવનું સુગંધ સુગંધમય વાતાવરણ બને છે.** ગૃહસ્થપણામાં એ ગુણ ખીલવ્યો ન હોય અને અહીં આવીને બેસે, પછી ભૂલેચૂકે ગુરુએ કાંઇ કહ્યું તો જોવા જેવું જ થાય ને ?

રત્નત્રયીની આરાધનામાં માર્ગાનુસારી ગુણો મહાન મદદગાર છે.

આ ભાન હોય તો રત્નત્રયીની જેમ માર્ગાનુસારી ગુણોનો ભારે ખપ કરે. જો એમ ન બને તો દિલ્હી હજી દૂર છે.

ચારિત્ર વિના આધિ-ઉપાધિ મટે શી રીતે ?:-

વાત એ છે કે આધિ–વ્યાધિ–ઉપાધિના ત્રિવિધ તાપની શાંતિ કરવા માટે રત્નત્રયી સમો ઠંડા પાણીનો ઝરો કોઇ નથી. એ રત્નત્રયીમાં ચારિત્ર ઘણું પ્રબલ ઔષધ છે, બહુ જરૂરી છે. સમકિત સારું, પ્રબલ સમકિત હોય એ વધારે સારું, પણ ચારિત્ર વિના આધિ–ઉપાધિ મટે શી રીતે ? એટલા જ માટે આ વારંવારનો ઉપદેશ, કે વ્રતોમાં આવો, તપ કરો, જપ કરો, ત્યાગ કરો, વ્રત-નિયમ–પચ્ચક્‌ખાણ કરો, ઉત્તમ પ્રકારના ચારિત્રના ભાવ કેળવો, ઉચ્છૃંખલ જીવનનો ત્યાગ કરો. વ્રતાદિના બંધન વિનાનું જીવન એ જંગલી જીવન છે, ગમે તે આધિ–ઉપાધિના જંગલમાં ગમે તેમ વિચરનારું જીવન છે; ત્યારે બંધન-

વાળું જીવન એટલે શહેરી જીવન છે. વીતરાગનું શાસન પામીને તો જીવન ઓછે વત્તે અંશે પણ વ્રત-નિયમાદિની શૃંખલાથી બદ્ધ હોય; રખડતું-ઝૂડતું ન હોય. 'અઢારમું પાપસ્થાનક ન હોય તો સત્તર પાપસ્થાનક એટલું નુકશાન ન કરે,'-એ વાતની સાથે એ વાત પણ ધ્યાનમાં રાખવી કે-'વ્રત નિયમાદિ પવિત્ર આચારોના અભાવે જો સત્તર પાપસ્થાનકોનું જોર વધી જાય તો નાસી ગયેલા મિથ્યાત્વને સહેલાઈથી નોતરી લાવીને બેસાડે.'

દર્શનથી ચારિત્ર અને ચારિત્રથી દર્શનઃ-

જોવા જેવું છે કે ચારિત્ર વિના કેટલક સમકિતી ચોથે ગુણઠાણેથી પહેલે મિથ્યાત્વે પટકાઈ ગયા, અને સમકિત વિના કેટલ ચારિત્રી છઠે ગુણસ્થાનકેથી પહેલે પટકાઈ ગયા. જીવનમાં બંનેની જરૂર છે. સમ્યક્ત્વ એટલે દર્શન, એની પહેલી જરૂર. પરંતુ એ જગાવવા માટે પણ ચારિત્રની વિવિધ સાધનાઓ કરવી આવશ્યક છે. 'મારામાં હજી સમ્યક્ત્વ જ ઝળહળતું નથી, તો હું ધર્મસાધનાઓ કરીને શું કરું?' એમ માની ધર્મસાધનાઓને મૂકી નથી દેવાની. સમ્યક્ત્વ માટે પણ એ આરાધવાની છે. સમ્યગ્દર્શનના ઉદ્દેશથી સાધેલી ધર્મક્રિયાઓ અને વ્રત-નિયમાદિ સફળ બને છે, સંસાર ટૂંકાવી આપે છે. આધિ-વ્યાધિ-ઉપાધિઓના હલ્લા મોળા પાડી દે છે.

આધિ-વ્યાધિ-ઉપાધિના તાપ દૂર કરવા હોય તો સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રને સેવો. એ ક્રમશઃ એકેક એકેકનું ઔષધ છે, અને ત્રણેયનું પણ ઔષધ છે. એનો આપણે વિચાર કરીએ.

ત્રિવિધ તાપનું ઔષધ સમ્યક્ત્વાદિ શી રીતે?:—

આધિના તાપમાં માનસિક ચિંતાઓ, કલેશો, કુવિકલ્પો, દુર્ધ્યાન...એવું બધું આવે છે. સમ્યગ્દર્શનની ઉપાસનામાં શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય આવે છે. **શમ એટલે કષાયોના ઉકળાટનું ઉપશમન. એનાથી ઘણા કલેશ શમી જાય છે.** કૃષ્ણ વાસુદેવને જંગલમાં જરાકુમારનું બાણ વાગ્યું છે, અને મરણની પીડા ઉપડી છે. એ માનસિક કલેશ કેટલો કરાવે? પરંતુ એમની પાસે સમ્યગ્દર્શન છે તેથી કલેશ ન કરતાં પોતાના કર્મને જવાબદાર ગણી કર્મની નિંદા કરે છે, અને જરાકુમારને બળરામજી આવી મારે નહિ માટે કૌસ્તુભ મણિ લઈ તરત ભાગી જવા કહે છે.

પ્ર૦—આવું હતું તો પછી પાછળથી ભાવના કેમ ફરી? સમ્યગ્દર્શન તો હતું જ.

ઉ૦—સમ્યગ્દર્શન તો હતું જ પરંતુ સાથે લેશ્યા બગાડી. કૃષ્ણ લેશ્યાને ઊભી કરી. એટલે કામ બગડ્યું. એમ પણ કહેવાય કે ચારિત્રનો અભ્યાસ નહોતો તેથી એટલી દીર્ઘ ક્ષમા કયાંથી લાવે? બાકી સમ્યગ્દર્શને એટલું તો કામ જરૂર કર્યું કે જરાકુમારને મોકલી દેવા સુધીમાં ચિત્ત-કલેશ ન કર્યો.

સમ્યક્ત્વના પાંચલક્ષણથી આધિ કેમ મટે?:—

સમ્યગ્દર્શન જ શમ-સંવેગાદિ ગુણોને અવકાશ આપે છે, એ ચિત્તમાં એવી સચોટ સમજો ઊભી કરી દે છે કે ત્યાં પછી તેવી આધિને સ્થાન મળવું મુશ્કેલ બને છે.

શમ એટલે કે ઉપશમ ભાવ આવવાથી ક્રોધાદિ કષાયમય આધિને મોળી પાડી દે છે.

સંવેગ એટલે કે મોક્ષ-પ્રીતિ અને ધર્મરુચિ મોક્ષ અને ધર્મની ચિંતા રખાવે છે તેથી બીજી ચિંતારૂપ આધિ કયાંથી ફૂદાફૂદ કરી શકે? ત્યારે

નિર્વેદમાં ભવવૈરાગ્ય, વિષયવૈરાગ્ય આવે, એ સંસાર અને ઇન્દ્રિયવિષયોના પક્ષપાતથી થતી આધિને જ્ઞાની ઊભી રહેવા દે?

અનુકંપામાં તો ચિત્ત દયાથી તરબોળ છે, ત્યાં હિંસાદિના કલેશ કયાંથી મહાલી શકે? અને

આસ્તિક્ય ગુણમાં જિનવચન પર અનન્ય શ્રદ્ધા ઝળહળે છે, તો જિનવચને ત્યાજ્ય બતાવેલી વાતોની ખેંચતાણ કે શિરફોડી શું કામ કરે? એમ આસ્તિક્યમાં એ ષટ્ (છ) સ્થાનનો વિશ્વાસ આપે છે કે '(૧) આત્મા છે, (૨) એ નિત્ય છે, (૩) કર્મનો કર્તા છે, (૪) કરેલાં કર્મ પોતાને જ ભોગવવા પડે છે, (૫) એનો મોક્ષ પણ છે, અને (૬) મોક્ષના ઉપાય પણ મોજુદ છે,' આવાં ષટ્ [છ] સ્થાનની પાકી શ્રદ્ધા બેઠી હોય, તો વિચારો કે એ કેટકેટલા ચિત્તકલેશોને અર્થાત્

કેટકેટલી આધિને દૂર રાખી શકે!

સમ્યક્ત્વનાં ષટ્ સ્થાન પર આધિ કેમ ટળે?:—

જીવનમાં જોશો તો દેખાશે કે પોતાના ને બીજાના આત્માના એ ષટ્સ્થાનની ખરેખરી દૃઢ પ્રતીતિ અસ્થિમજ્જા નથી વસી હોતી, એટલે જ જડ પુદ્ગલના વિશ્વાસે જીવને ફુટાઇ મરવાનું થાય છે. **'આત્મા જેવી સ્વતંત્ર વસ્તુ છે** અને તે પોતે છે. તેમજ એની સાચી સંપત્તિ તો વિશુદ્ધ જ્ઞાનાદિ ગુણો છે, બાકીનું બધું ધનમાલ વગેરે તો બાહ્ય અને પારકું છે' આવી શ્રધ્ધા બેઠા પછી તો ધનમાલ વગેરે અંગેની કેટલીય આધિ ઓછી થઇ જાય. મનને થાય કે 'કોની વેઠ કરું? મારા આત્માની કે પારકાની?' (૨) **'આત્મા નિત્ય છે, પરલોકમાંથી ફરતો ફરતો અહીં આવેલો અને અહીંથી દીર્ઘ ભાવીકાળમાં અવશ્ય જનારો–આ શ્રધ્ધા ઉપર** પણ આધિ ઘટવાને અવકાશ છે, કેમકે માનસિક આધિ માટે મોટે ભાગે વર્તમાન જડ પદાર્થો અને કાયા અંગે થાય છે. ત્યારે નિત્ય આત્મા પર દૃષ્ટિ કેન્દ્રિત થઈ એટલે પછી એનો હિસાબ મુખ્ય બની જાય અને વર્તમાન જડ સંયોગ તો એક મુસાફરખાનાના સંબંધો જેવા લાગે.' (૩–૪) **'આત્મા કર્મનો કર્તા–ભોકતા છે'** એ શ્રધ્ધા તો દુઃખમાં પોતાના પૂર્વકર્મ તરફ નજર નખાવી એટલું બધું આશ્વાસન આપે છે કે પછી બહારની વસ્તુ વ્યકિતના વાંક કાઢવાનું અને એની આધિથી પીડાવવાનું રહેતું નથી. ત્યારે સુખમાં પણ પુણ્યકર્મ અને એના કારણભૂત પરમાત્મા તથા ધર્મની ઉપર દૃષ્ટિ લક્ષ જઇને ધમંડી બનતા અટકાવે છે, પાપબુદ્ધિ નથી થવા દેતા–આમ, આધિ કાબુમાં આવે છે, (૫) **'મોક્ષ છે,'** એ શ્રદ્ધા સ્વાત્માની એ અનંત ઉન્નત દશા પર મુસ્તાક બનાવી તે પૂર્વનાં સુખ–દુઃખની આધિ નથી કરાવતા; અને મન–વચન–કાયાની પ્રવૃત્તિ માત્રમાં એ મોક્ષનું ધ્યેય જાગતું રખાવી કંઇ બીજી આધિઓથી બચાવી લે છે ત્યારે (૬) **'મોક્ષના ઉપાય છે'** એ શ્રદ્ધા જીવનનાં સાચાં કર્તવ્ય સમજાવી કેઇ ખોટી આધિથી બચાવી લે છે.

આત્મજ્ઞાનના અભાવે દુઃખદ સ્થિતિ:—

આજે આ આત્મજ્ઞાનની કોઇ વાત શિક્ષણમાં નથી ને? બસ વાત છે વિજ્ઞાનની. વિજ્ઞાન શાનું? જડનું જ ને? એમાં આધિ કેટલી બધી વધી ગઇ? આજે વિજ્ઞાનની પાછળ આટલી બધી ઘેલછા કેમ લાગી છે? એની નવનવી શોધો પર કેમ ઓવારી જવાય છે? આત્મતત્ત્વની શ્રદ્ધા હોત તો આ બનત? ના, કેમકે આત્મતત્ત્વ શ્રદ્ધા તો મનાવે છે કે આ **જડની વધારે પડતી લીલામાં શું અહીં કે શું પછીથી પરલોકમાં, આત્માની મહાન વિટંબણા છે; આત્મહિતકારી જે પરમાત્મા અને આત્મગુણો, જે વૈરાગ્ય, દયા, વગેરે ગુણો, તથા ત્યાગ–તપસ્યાદિ ધર્મો, એને વિસરવાનું થાય છે!** એ જડલીલામાં હૈયાનાં હોત શા ઉભરાય? તેને માટે ચિત્તના કલેશરૂપી આધિ શા સારૂ વહોરાય? **જીવનમાં જરૂરી અગર આવી પડેલા ગમે તેવા ઊંચા જડસંયોગોને પણ આસ્તિકય ગુણવાળો આત્મા આત્મસ્વરૂપથી તદ્દન અળગા પરાયા સમજે છે, વેઠ અને વિટંબણારૂપ સમજે છે, વિનશ્વર લેખે છે, ભવવર્ધક હોવાનું જાણે છે,** પછી એની પાછળ ખોટી આધિ શું કામ કરે? કદાચ આધિ થઇ જાય તો ય તે કેટલી મંદ હોય! અને કેવી અલ્પ કાળ ટકનારી હોય! **દિલમાં ખરેખરા આસ્તિકયના વાંધા હોય છે માટે જ ચિત્તની અગણિત વિહ્વળતાઓથી વિડંબાવું પડે છે!** જડની કારમી તૃષ્ણા મૂકાતી નથી, નવનવા વિલાસનાં સાધનો તરફ દોરવી ઉઠાય છે! અને જડપદાર્થો પાછળ હિસાબ વિનાના રાગ–દ્વેષ, મોહ–મદ–મત્સર, માનસિક આંટીઘુંટીઓ વગેરે કેટકેટલું થાય છે!

સમ્યગ્દર્શન શું શિખવે?:—

ચન્દ્રને જુઓને, એટલે જ જડનાં ચક્કર ચઢયા હતા ને? સમ્યગ્દર્શનથી તાપદાયી આધિ ઓછી નથી કરી એટલે કેટલા ચક્કરે ચઢવું પડે છે! મનને થાય છે, જેમની આગળ ઠાંસ મારીને નીકળ્યો હતો, એમની આગળ હવે દરિદ્ર સ્થિતિમાં ઊભા કેમ રહેવાય? અત્યાર સુધી ત્રાસ વેઠયા એ તો વિલાપના આંસુ કઢાવે જ છે, પણ હવે તો મૃત્યુને ભેટવાના

ખુનસ ચઢયા છે ! આંતરિક વિલાપ પણ આધિ ! અને મરવાના ખુનસ પણ આધિ !

પાસે સમ્યગ્દર્શન હોત તો એ શિખવત કે

(૧) 'ખેર ! પૂર્વે કરેલી ખોટી ધનલાલસા, ચડસ અને મમતની આધિમાં ભૂલ્યો, પણ હવે શા સારૂ ભૂલવું ? હવે તો માનવું કે સારૂં થયું કે કર્મે મારી લાલસા, ચડસ અને મમતને પોષ્યા નહિ ! નહિતર તો વળી એ ખતરનાક દુર્ગુણોમાં હું આગળ કયાંનો કયાં ય ઘસડાઇ ગયો હોત !'

(૨) **'એટલે જે થાય તે સારા માટે. ભવિતવ્યતા બળવાન છે !** એણે મને આ અવશ્યંભાવી વસ્તુ દેખાડીને તક આપી જાણે કહ્યું કે **'ઊભો રહે ઊભો, આ પ્રકાશભર્યા માનવ અવતારમાં ઉંધો કયાં ચાલ્યો જાય છે ? લે પકડ આ સન્માર્ગે જવાની દિશા.'**

(૩) **'જે અવશ્ય મૂકીને જ મરવાનું, એવા જડ પદાર્થોના કારમા મોહ અને કાળી મહેનતમાં જકડાઇ, જે પરભવે સાથે આવે એવા આત્મગુણો, સદ્‌ભાવનાઓ અને સત્પ્રવૃત્તિઓને કાં અવગણી રહ્યો છે ?'**

(૪) જડના ગુણો ખીલવ્યે, જડના સારા-નરસાપણાની ભાવનાઓ કેળવ્યે, અને જડ પાછળની આંધળી દોટ મૂકયે તારો પોતાનો આત્મા વિસરાઇ ટળવળી રહ્યો છે !

(૫) અહીંનો જડ સરંજામ તો એક દિ' જશે, પણ તારા આત્માને ભાવી કાળની જે મંજીલ લેવી પડશે, એ વખતે એ જો સદ્‌ગુણો, સદ્‌ભાવનાઓ અને સત્પ્રવૃત્તિઓરૂપી ધનવાળો નહિ હોય તો એ દરિદ્રની દશા કેવી ? **અહીં જડની પાછળ કેળવેલ લંપટતા, મોહ, કષાયો, વગેરે દુર્ગુણો અને આહાર-વિષય-પરિગ્રહની કુટેવો પરભવ આત્માની સાથે લાગી જઇને કેવી દુર્દશા કરશે ? માટે,**

(૬) 'સાવધાન બન, જાગ્રત થા, ટટાર થઈ જા, **હજી માનવ-આયુષ્યનું મહાન પુણ્ય હાથમાં છે એની કદર કરી એના દ્વારા આત્મધન ખૂબ ખૂબ કમાઇ લે...'** ભવિતવ્યતા આ તક આપે છે, એમ સમજ.

(૭) વિશ્વનાં જીવ, પુદ્‌ગલ વગેરે દ્રવ્યો પર ઉત્પત્તિ-વ્યય-ધ્રૌવ્યની મહાસત્તાનાં નિરંતર ચાલી રહેલ અબાધિત શાસનને ઓળખ ?

(૮) **જગતનું કોઇજ દ્રવ્ય, કોઇ જ વસ્તુ ઉત્પત્તિ, નાશ અને કાયમપણાનાં વર્ચસ્વમાંથી બાદ નથી.** તો આત્માને સંપત્તિ-દરિદ્રતા વગેરે કયાં કાયમ જ છે ?

(૯) **એકલો પુણ્યોદય જ કે એકલો પાપોદય જ માત્ર આવ્યા જ કરે એવું કયાં છે ?** કે માત્ર વિખરાઇ જ જાય એવું કયાં છે ? આવે છે, જાય છે, આવે છે, જાય છે...એવું ચાલ્યા કરે છે. તે પણ જ્યાં સુધી જીવે વિષય-કષાયો અને કુમતિ-કુપ્રવૃત્તિઓમાં ડૂબ્યા રહેવાનું રાખ્યું હોય ત્યાં સુધી. બાકી તો,

(૧૦) એની લત મૂકી દઇ **વૈરાગ્ય, ત્યાગ, સદ્‌ગુણો, સદ્‌ભાવનાઓ, અને બાહ્ય-આભ્યન્તર તપશ્ચર્યા જીવન બનાવાય તો એ શુભાશુભ કર્મનાં ફંદામાંથી સર્વકાળ માટે છૂટી જવાય છે.**

(૧૧) 'એ ન બને ત્યાં સુધી ઉત્પત્તિ-નાશ-ધ્રૌવ્યના મહાશાસનથી બનતી ઘટનાઓ પાછળ હર્ષ-શોકની વિટંબણા તું કાં વહોરે ?...'

સમ્યગ્દર્શન હોત તો આવી આવી કેઇ હિતશિક્ષા અને પ્રેરણાઓ આપી હોત; અને આધિ-ઉપાધિની આંધિ ઓછી કરાવી હોત ! પણ વો દિન કહાં કે મિયાં કે પાંઉ મેં જુતી ?

'સબૂર' અવાજ ફરીથી ? :—

ચન્દ્ર તો બિચારો માનસિક આધિના તાપમાં તપી રહ્યો છે, એટલે 'સબૂર' અવાજ તો સાંભળ્યો, જરાક ખચકાયો ય ખરો, પણ પછી પાછો વળી જુએ છે તો કોઇ દેખાતું નથી, એટલે પાછો ઝંપાપાત કરવા હાથ ઊંચા કરી તૈયાર થાય છે. ત્યાં ફરીથી તરત જ 'સબૂર' અવાજ આવે છે. એટલે પાછો ચમકયો, મનોમન વિચારે છે, 'આ કોણ બોલી રહ્યું છે ?' પાછો વળી ચારે કોર દૃષ્ટિ નાખે છે, પણ કોઇ નજરે ચઢતું નથી. મનને એમ થાય છે કે,

ચન્દ્રની વિચારણા :—

'એક તો પેલો બ્રાહ્મણ મળ્યો, મરવામાં વિઘ્ન

કરનારો ! ને આ ફરીથી વળી કોણ અંતરાય કરી રહ્યું છે ? ત્યારે શું હું સણુરી પકડીને ન મરું ? ન મરું તો મેં જે ઘરેથી નીકળતાં 'આપકમાઇ પરદેશથી કરી લાવવાના નિર્ધાર દેખાડેલા, તે હવે મારે કુટુંબી-સ્નેહીઓને મોં શું દેખાડવું ? નાલેશીભર્યું મુખ દેખાડવા કરતાં અહંત્વ બાળીને મરવું સારું. માટે હું તો મરીશ.' એમ વિચારીને ઝંપાપાત કરવા સજ્જ થાય છે.

અભિમાનની જોહુકમી :—

અહંકાર અને અભિમાન કયાં લઇ જાય છે ! અહંકાર-અભિમાનવશ બાહુબલજી મુઠ્ઠી ઉપાડી ભાઇને મારવા દોડ્યા ! પણ સાથે જે ભાવનાનો પુરુષાર્થ આદર્યો તો બાહુબલજી અધવચ્ચે ઉભા રહી ગયા ! એ સદ્‌ભાવનાના વેગમાં જે ચઢ્યા, એ પ્રસંગ બહુ વિચારવા જેવો છે.

માણસ એકાદ વાર પાપ કરવા માટે પ્રેરાયો છતાં પાછો ફરી શકે છે જો કોઇ સદ્‌વિચારને મનમાં જગા આપે. નહિતર તો અભિમાન એટલી બુરી ચીજ છે કે એ અનર્થમાં કયાં ને કયાં સુધી તાણી જાય એનો પત્તો ન લાગે ! પેટ ભરવા પૂરતાં જ પાપ કરવાં પડે એ જુદી વાત, પણ **માણસ અભિમાનને પનારે પડ્યો કેટલાં ય નિરર્થક નઠારાં પાપો આચરે છે ! મોટ મોટા કલેશ અને લડાઇઓ, જોશો તો જણાશે કે, અભિમાનના પાયા ઉપર મંડાયા હોય છે.**

માણસ લાખોની કમાઇ કર્યા પછી પણ જો અહંકાર કરે છે કે-'હું બુદ્ધિમાન, મારા વેપાર સવળા જ પડે છે, બીજાને શું આવડે છે ?' તો પછી એ મોટા વેપારના જોખમ ખેડે છે અને આવેલા લાખો રૂપિયા તો શું, પણ ઉપરથી બીજા ય ગાંઠના કેટલાય ગુમાવે છે !

એમ, સમાજમાં જરા પ્રતિષ્ઠા મળી એના પર અહંકારમાં ચઢે છે તો એ પ્રતિષ્ઠાનાના આધારે એ લોકને ઉંધે રસ્તે દોરવવાના ગુપ્ત અનીતિ-દુરાચાર સેવવાના, શાસ્ત્રને કોરાણે મૂકવાના, ગુરુઓ તથા વિવેકી જનોને અવગણવાના, વગેરે કેટકેટલાય પાપો કરવા અચકાતો નથી !

એમ, બળનાં અભિમાન, વિદ્યાનાં અભિમાન, સમૃદ્ધિનાં-પરિવારનાં-સત્તાનાં...વગેરે કેઇનાં અભિમાન જગતના રાંક જીવને એવો ધિટ્ઠો કરી દે છે કે પછી એ ધૃષ્ટતાથી પાપનાં પરાક્રમ ખેડવા દોડે છે.

ત્યાં પછી એ ધર્મ, કુળ, ગુરુઓ, વગેરે કોઇને ગણકારતો નથી; ચંદન સમા માનવભવની સુગંધ અને શીતળતા લેવાને બદલે એને બાળીને કેવી ભરમી લેવાઇ રહી છે, ને રાખ કરાઇ રહી છે... એવું એવું એ કશું જ લેખામાં લેતો નથી. અભિમાનની આ કેવી જોહુકમી ! એને ખબર નથી પડતી કે હું આ કેવા પિશાચની સંગતિ કરું છું ! એ મારી પાસે કેવાં કનિષ્ઠ પાપ કરાવશે !

અભિમાન શાથી ? :—

પણ માણસ ઘણું ખરું તો **પુણ્યાઇની ઓથ ઉપર ભૂલો પડી અભિમાનની જોહુકમી માથે વહોરે છે ! અને એના પર સરવાળે પેલી પુણ્યાઇને તો ધોઇ નાખે ધોઇ નાખે, પણ ઉપરથી દીર્ઘ ભવો સુધી ચાલે એવાં અઢળક પાપનાં થોક ભેગાં કરે છે !** ભાન નથી કે-'જે પુણ્યાઇની ઓથ પકડી આ ભયંકર સાહસ ખેડી રહ્યો છું, એ પુણ્યાઇ તો એક આગન્તુક પરદેશી મારી સાથે થઈ ગયો છે. એની ઓથે મારી પોતાની આત્મસંપત્તિ કાં ગુમાવું ? મારા સાચા તારણહાર ધર્મને કાં કાઢી મૂકું ? શા સારૂં નવા પાપ-પિશાચોને ઘરમાં ઘાલું ?'

ધ્યાનમાં રહે કે પૂર્વે પુણ્યાઇ કમાયો હતો એ પાપના સહારે નહિ, પણ ધર્મના સહારે, દેવ-ગુરુના સહારે. હવે એમની આપેલી પુણ્યાઇ પર એમનો જ દ્રોહ કરવાનો ? આ કેવી ઉંધાઇ ?

સાપ જેમ દૂધ પાનારને કાટે, ને વાઘ જેમ એને અગ્નિમાંથી બચાવનારને ખાઈ જાય, તેમ હેવાન બનેલો જીવ પુણ્યાઇ દેનારા દેવ-ગુરુ-ધર્મનો એજ પુણ્યાઇના જોર પર સામનો કરે છે ! વિશ્વાસઘાત કરે છે ! અથવા એમને સરાસર વિસારે મૂકે છે !

(અનુસંધાન ૩૨૨મા પાના પર)

—: 'ક્ષપકશ્રેણિ' એટલે :—

આત્મામાં સ્થાન જમાવી બેઠેલા મોહનીયના વિવિધ કર્મોનો ક્ષય થવાની ધારા. પિચકારીમાંથી જેમ પાણીની ધાર વહી જાય, એમ શુકલધ્યાનયુક્ત સામર્થ્યયોગના બળે આત્મામાંથી ધારાબદ્ધ કર્મ વહી જાય, તે એવા વહી જાય કે ફરી નવાં તેવાં કર્મ હવે કદી આત્મામાં બંધાશે નહિ, શ્રેણિનો બીજો અર્થ સોપાનપંક્તિ (નિસરણી) ક્ષપકશ્રેણિએ ચઢેલો આત્મા અધિકાધિક કર્મોનો ક્ષય કરતો જ જાય છે. આ શ્રેણિમાંનો ધર્મવ્યાપાર એ સામર્થ્યયોગ. એની એક વિશેષતા એ છે કે એ પ્રાતિતજ્ઞાનથી યુક્ત બને છે. **પ્રાતિભજ્ઞાન** એ મોક્ષમાર્ગ–સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્રને અનુસરીને જ ચાલનાર ઉત્કૃષ્ટ ઊહા જ્ઞાન અર્થાત્ સૂક્ષ્મ મતિયુક્ત સમ્યક્ તર્કાત્મક ચિંતન સ્વરૂપ છે. આની વિશેષ ચર્ચા આગળ આવશે.

સામર્થ્યયોગ બે પ્રકારે— (૧) **ધર્મસંન્યાસ** સામર્થ્યયોગ, અને (૨) **યોગસંન્યાસ** સામર્થ્યયોગ. **સંન્યાસ** એટલે ત્યાગ કહો, નિવૃત્તિ કહો, કે વિરામ પામવું કહો, એક જ વસ્તુ છે. 'ધર્મસંન્યાસ'માં ધર્મ તરીકે ક્રોધ મોહનિયાદિ કર્મના ક્ષયોપશમથી નીપજનારા ક્ષમાદિ ધર્મ લેવાના છે; અને 'યોગ-સંન્યાસ'માં યોગ તરીકે કાયોત્સર્ગ કરવા વિહાર કરવા, ઉપદેશ કરવા, વગેરે કાયાદિની પ્રવૃત્તિ લેવાની છે. આનો સદંતર ત્યાગ એ ધર્મ–યોગ–સંન્યાસ.

પ્ર૦—તો શું ક્ષમાદિ ક્ષાયોપશમિક ધર્મોનો ત્યાગ કરીને ક્રોધી વગેરે થવાનું ?

ઉ૦—ના, વાત એ છે કે ક્ષમા, નિસ્પૃહતા, વગેરે આત્માના સહજ ગુણ છે; પરંતુ તે મોહ-નીય કર્મોથી આવરાઈ ગયા છે. એનો ક્ષયોપશમ અર્થાત્ અંશે નાશ કરવાથી ક્ષાયોપશમિક ક્ષમા, નિસ્પૃહતાદિ ગુણ પ્રગટે છે ખરા, પરંતુ હજી સિલિ-કમાં બીજા તેવા કર્મ પડયા છે, એટલે ભય છે કે કયારેક એ કોથળામાંથી બિલાડું બહાર પડવાની જેમ બળવાન થઈ ઉદયમાં આવે, અને ક્ષમાદિ ગુણોને પાછા ઢાંકી દે. માટે તો સુજ્ઞ પુરુષો ક્રોધ–લોભાદિના નિમિત્તથી જ દૂર રહે છે; અને અચાનક એ જાગતાં ક્ષમાદિની ભાવનાથી એને દબાવે છે. પણ આ ભય ટાળવા માટે કર્મોનો સર્વથા ક્ષય કરી દેવો જોઈએ. તો ક્ષાયોપશમિક ક્ષમા વગેરેને બદલે ક્ષાયિક (કર્મક્ષયથી ઉત્પન્ન) ક્ષમાદિ ધર્મ પ્રગટ થાય, જે હવે શાશ્વત કાળ પ્રગટ રહેવાના. આ ક્ષમાદિ ધર્મને ક્ષયોપશમથી પેદા થનારા ક્ષમાદિ ન કહેવાય, અર્થાત્ ક્ષાયોપશમિક ન કહેવાય. એ તો હવે છૂટી ગયા, એનો તો ત્યાગ થઈ ગયો. એનું જ નામ **ધર્મસંન્યાસ**. આ કાર્ય જે ધર્મવ્યાપારથી થઈ શકે છે, એનું જ નામ **ધર્મસંન્યાસ–સામ-ર્થ્યયોગ** છે. આત્મા જ્યારે સાધનામાં આગળ વધે છે ત્યારે, **શ્રી પંચસૂત્ર** નામના શાસ્ત્રમાં કહ્યું છે કે તે **અસ્થિરમાંથી સ્થિર દ્વિપ યા સ્થિર દીપ તરફ જવા જેવો ઉદ્યમ કરે છે.** સમુદ્રમાં કેટલાક બેટ એવા હોય છે કે જે અસ્થિર હોય છે. અર્થાત્ અમુક કાળે સમુદ્રના પાણીથી ઢંકાઈ જનારા હોય છે. તેથી સંયોગવશાત્ અસ્થિર દ્વીપનો આશરો મળ્યો હોય તો પણ સુજ્ઞ પુરુષે એનો ત્યાગ કરી સ્થિર દ્વીપનો આશ્રય કરવો રહે છે. એવી રીતે તલી દીવો એ અસ્થિર દીવો; એનો પણ બહુ ભરોસો નહિ; તેથી એના બદલે સ્થિર રત્નદીપક જેવાનું આલંબન લીધું હોય તો પછી તેલ વગેરે કોઈ બાહ્ય સામગ્રીની પરાધીનતા નહિ અને તે કયારે ય બુઝાય નહિ. બસ આ જ પ્રમાણે ક્ષાયોપશમિક ક્ષમાદિધર્મ અસ્થિર હોવાથી ઉદ્યમ કરીને એને સ્થિર એવા ક્ષાયિક ક્ષમાદિ ધર્મમાં પલટાવી નાખવા રહે છે. ત્યાં ક્ષાયોપશમિક ધર્મોનો સંન્યાસ થઈ જાય. આનો ઉદ્યમ સામર્થ્યયોગથી જ થઈ શકે, તેથી તેનું નામ ધર્મસંન્યાસ સામર્થ્યયોગ છે. એ કરીને ક્ષાયિક ક્ષમાદિ ધર્મ યાને વીતરાગતા તથા સર્વજ્ઞતા (કેવળજ્ઞાન) સિદ્ધ થાય છે; તો પણ આયુષ્ય વગેરે કર્મ ઉભા છે, અને ત્યાં વિહાર, ઉપદેશ વગેરે કાયિકાદિ યોગ યાને પ્રવૃત્તિ હોય છે, તેથી પણ આત્મામાં નવું કર્મ બંધાય છે, તો તેનો ય ત્યાગ કરવો જોઈએ. તે ય બીજા પ્રકારના સા-મર્થ્યયોગથી થઈ શકે. માટે તે કાયિકાદિ યોગનો ત્યાગ કરાવનાર આત્મપ્રવૃત્તિનું નામ યોગસંન્યાસ સામર્થ્ય યોગ છે.

★

(અનુસંધાન પાન ૩૨૦ નું ચાલુ)

ઊંચા માનવભવમાં નીચા કૃત્ય શાથી ?:-

અરે, બીજી પુણ્યાઇ તો પછી, પણ એક માનવ-ભવ પામવાની પુણ્યાઇ કયાં ઓછી છે ? એના પર વિચારો કે શું ચાલી રહ્યું છે. એ પુણ્યાઇની બક્ષીસ કરનારા દેવ-ગુરુ-ધર્મને બદલે વિષય-કષાયની અને વિષયી-કષાયીની જ સેવા ને ? ઉચ્ચ ભવની પુણ્યાઈ મળી છે એના જ આધાર પર આ ને ?

કહો ને કે 'એ તો જનાવરના અવતારમાં પણ અમે આ જ કરત !'

પણ જનાવરનો ભવે ય કયાં એકેન્દ્રિય-વિકલેન્દ્રિયના કરતાં અધિક પુણ્યાઇ વિના મળે છે ? છતાં ય ત્યાં તો ધર્મની સમજ નથી, વિવેકશ્રદ્ધિત નથી. ત્યારે અહીં તો એ મળ્યાની અદ્‌ભુત વિશેષતા છતાં આ કરાય છે !

પુણ્યાઇના પાપે —

વળી, પશુના ભવ કરતાં તો આ માનવના અવતારે વધારે પુણ્યાઇથી મળેલી બુદ્ધિ અને સામગ્રીના જોરે **વિષયોને કેળવી કેળવીને સેવાય છે, તથા કષાયોને હોંશિયારીપૂર્વક અને જરૂર પડયે સત્કર્તવ્યનો અંચળો ઓઢાડીને સેવવામાં આવે છે, એનું શું ? માનવભવ અને વિશિષ્ટ સામગ્રીની પુણ્યાઈના જોર પર આ જ કરવાનું ? શું કોઇ વિચાર આવે ખરો કે 'આ પુણ્યાઇ દેનારા મારા પરમ ઉપકારી અને પ્રાણપ્યારા દેવ-ગુરુ-ધર્મને મારાથી કેમ ભૂલાય ?'**

અરે ! હજી આટલેથી અટકતું હોત કે જીવનમાં મર્યાદિત અને છાજતા વિષયોથી કામ પતાવાય છે, તો તો જુદી વાત હતી. પણ ના, આ તો મર્યાદા બહાર અને અણછાજતા વિષયો ભોગવવા જોઇએ છે ! નહિતર શું રૂડા શ્રાવકના ખોળિયે અનાર્યની જેમ ગુરુ, ધર્મ, અને સાધર્મિકની નિંદાના શ્રવણ અને ઉચ્ચારણ, અભક્ષ્યનાં ભક્ષણ, અપેયનાં પાન, છાકટાં ગીતોનાં અને ઉન્માદકારી વાતોનાં શ્રવણ, બિભત્સ અને રાગદ્વેષ પોષક છાપાં-નવલિકાનાં વાંચન, પરસ્ત્રીનાં રૂપનાં દર્શન, તથા દુરાચાર સેવન વગેરે ઉદ્‌ભટ વિષયનાં સેવન ચાલતાં હોત ? તેમ, **શ્રાવકના અવતારમાં જે મન પર વીતરાગના અધિકાર હોય,** એ મનમાં વધારે પડતા કષાયો, જેવા કે, વેર-ઝેર, ઇર્ષ્યા-અસૂયા, તુચ્છ વાત વસ્તુ પર અભિમાન, દ્વેષ અને કલેશ, માયા, પ્રપંચ અને જૂઠ-અનીતિ, ભારે તૃષ્ણા, મમતા, ને લંપટપણું, ક્રોધનો પણ દ્રોહ કે કૃતઘ્નતા, વગેરે કચરા ઘલાત ? આમાં માનવતાને ય છાજતા ગુણો કયાં ઉભા રહ્યા ? પછી **જિનાજ્ઞા-બંધન, ગુરુશરમ અને ધર્મચુસ્તતાની તો વાતે ય શી ?** (ક્રમશઃ)

—: સમાચાર :—

દાહોદ:—જેઠ સુદ ૪ ને બુધવારે સવારે આઠ વાગે પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજનું આંખનું ઓપરેશન ડો. હીરાલાલ પટેલના હસ્તે સફળ રીતે થયું છે. ડાબી આંખમાંથી મોતીઆનું ઓપરેશન કર્યું છે. હવે વીસેક દિવસ પછી જમણી આંખનું થશે.

ચતુર્વિધ સંઘ વહેલી સવારથી જ અરિહંતનો જાપ કરવા બેસી ગયેલ. તે દિવસે ઘણા ભાઇ-બહેનોએ આયંબીલ તપ કર્યો હતો. અઠ્ઠમનો તપ પણ થયો હતો. મુંબઇ-લાલબાગ-વાપી-સુરત-અંધેરીના આગેવાનોની હાજરી તરી આવતી હતી દાહોદ સંઘના ભાઇઓ ખડે પગે સેવા બજાવી રહ્યા હતા.

—: આવતો અંક બંધ :—

આથી ગ્રાહક ભાઈઓને જણાવવામાં આવે છે કે તા. ૪-૭-૫૯ નો અંક પ્રેસ બદલીના કારણે પ્રગટ થશે નહિ, તો તેની નોંધ લેવા વિનંતિ છે. —પ્રકાશક

મુદ્રક : ચંદ્રકાન્ત રતિલાલ શાહ. (બી. કોમ.) એ રાધાકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસ. મોનીની ખડકી

દિવ્ય દર્શન

સહતંત્રીઓઃ બચુભાઈ ચીમનલાલ ઝવેરી, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા) બાબુભાઈ ભાઈલાલ શાહ

: તંત્રી : ચતુરદાસ ચીમનલાલ શાહ | : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ | વર્ષ–૭, અંક–૪૩ શનિવાર તા. ૨૫-૭-૧૯૫૯

સકલાગમહસ્યવેદ્દી પૂજ્યપાદ સ્વ. આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી** મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. પં. **શ્રી ભાનુવિજયજી** ગણીવરશ્રીના આધ્યાત્મિક પ્રવચન.

સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે?

ચંદ્ર અને મંત્રીનું કથાનક

પોતાના અને બીજાના કાટલા જુદા :–

એકલી સેવામાં આ થેડું છે? આત્માના કોઇ ગુણોમાં આવું બને છે કે માણસ ચાહે છે, હક કરે છે કે મારી પ્રત્યે બીજાઓએ ગુણનો વર્તાવ કરવાજ જોઇએ, ન કરે તો ન ચાલે, ગુણનો વર્તાવ કરે તો એ સારો માણસ.' **આમ બીજા માટે ખરૂં પણ પોતાના માટે નહિ! કેવો વિચિત્ર ન્યાય!** પોતાના માટેના કાટલા જુદા અને બીજા માટેના જુદા! બીજાએ મારી આગળ સાચું જ બોલવું જોઇએ. હું બીજા આગળ જુઠું બોલું તો વાંધો નહિ,' 'બીજા મારી નિંદા બિલકુલ ન કરે, હું 'બીજાની નિંદા ભારોભાર કરી શકું" એ કરવાનો જાણે પરવાનો! 'બીજા મારી પત્ની ઉપર નજર ન નાખે; નજરો નાખ્યા કરે તો એને હું બદમાશ ગણું, અને મારે પરસ્ત્રીઓ પર દૃષ્ટિ નાખવાની છૂટ! ત્યાં હું બદમાશ નહિ.' 'બીજાઓ મારી સેવા કરવા બંધાયેલા; ન કરે તો એ સ્વાર્થી કહેવાય. હું બીજાની સેવા કરવા બંધાયેલો નહિ!'

જગતના કેવા ઉલટા રાહ છે! ના, ત્યારે ત્યાં એમ હશે કે મને બીજાઓ બિચારા નરકાદિ દુર્ગતિમાં ન પડે એની દયા આવે છે, માટે એ સીધા ચાલે એમ ઇચ્છું છું.' એમ? ને જાતની દયા નથી આવતી? ના, વાત જ એક છે સ્વાર્થ સાધુતા અને જાતવડાઇમાં મચ્યા રહેવું. કિંમત માત્ર પોતાની; બીજા એટલે કિંમત વિનાના! માનવ જેવા મહાઅવતાર છતાં કેટલી કંગાળ ચિંથરેહાલ દશા! ગુણ કેળવવામાં કઠિનાઇ પડે તો ય **કઠિનાઇના તાપ વેઠીને પોતાના આત્મારૂપી સુવર્ણને ગુણોની શુદ્ધિ આપવાને બદલે અનાદિના જે દોષ, જે મલિનતા ચાલી આવે છે એમાં વધારો કરવાનો?** શું નથી લાગતું કે આવું તો અનંતા ભાવોમાં કર્યું માટેજ રખડતા છીએ?

અવળચંડાઇ આધિ–ઉપાધિના પાપે :–

એટલું વિચારો કે આ અવળચંડાઈ કોની ખાતર થઈ રહી છે. માલમિલ્કત અને રંગરાગ રૂપી ઉપાધિની જ ખાતર ને? એ ઉપાધિ

માનસિક આવી ઉંધી આંધિ રચે છે. માટે જ કહેવાય છે કે **આધિ-વ્યાધિના ત્રિવિધ તાપથી ભર્યો આ સંસાર જીવના હીર ચૂસી લે છે.** એનાથી જો ન બચાય તો આત્માના તેજ ખીલવાના નથી. ઉપાધિના પહેલાં તો મૂલ્યાંકન કરવા જ ખોટાં છે. મૂલ્યાંકન કરો છો એટલે જ 'ઉપાધિ પહેલી, અને ગુણ કે ધર્મ પછી,'–એમ ધોરણ રાખો છે. પરિણામ એ આવે છે કે **જે ગુણો અને ધર્મ આત્માને મહાશાન્તિ અર્પનારા છે, તાજગી આપનારા છે, મસ્ત અને માતબર રાખનારા છે, એને અવગણી માલમિલકત અને રંગરાગના ભોગની ઉપાધિને માથે ચઢાવી કેઇ ચિંતાઓ, કેટલીય અશાન્તિ, નિરાશા, નિસાસા વગેરેના ભોગ બનવું પડે છે.**

સેવાથી શા શા લાભ ?:–

સ્વાર્થ સાધનામાં રચ્યાપચ્યા રહેવાથી સરવાળે આવું જ બધું જોવા મળે છે. ત્યારે સેવા અને પરોપકારથી જીવનને સુવાસિત રાખવામાં **મન પ્રફુલ્લિત રહે છે, હૃદયને આશ્વાસન રહે છે કે** ચાલો કાંઈક સુકૃત કમાયા ! આમ તો તન–મન–ધન અંતે બધા જ ખોવાઈ જવાના છે. એમાંથી જેટલા સેવા અને પરમાર્થના કાર્યમાં વપરાયા, એટલા લેખે લાગ્યા' સ્વાર્થભાવને બદલે સેવાભાવને જીવનમંત્ર બનાવી દેવો જોઇએ. **એજ લેશ્યા રહે કે 'હું અને મારૂં બીજાના ખપમાં કેમ આવીએ !'** જ્યાં એની તક દેખાય કે ઝટ ઝડપી લેવાય. સેવા માટે હાડકાં હરામ નહિ, પણ આખાં, સેવા માટે ધન ધન ભોંયું નહિ પણ સસ્તું' **સેવા કરતાં કરતાં તો સેવાનો એક નાદ લાગે છે,** સેવામાં જ રસ આવે; સેવા કરવાની મળ્યાથી આનંદ થાય, સ્ફુર્તિ આવે; રાત પડયે દિલને ઠંડક વળે કે 'આજે આટલી સેવા કરવાનું કમાયો.' જાતે સેવા કરવાની આદત કુટુંબ પર પણ એવી આદતની હોંશ જગાવે છે. ત્યારે એ પણ વસ્તુ છે કે સેવાભાવ લોકપ્રિયતાને લાવે છે. કહો છો ને નમે એ સૌને ગમે ? જો નમવા માત્રથી આ, તો સેવા ક્યાંથી તો એથીય વિશેષ થાય એમાં શી નવાઈ?

તો જીવનમાં આ ત્રણ ગુણનો ખૂબ ખપ કરો, પવિત્રતા, વિનયભાવ અને સેવાપરાયણતા.

મંત્રી પત્ની રડે છે :–

વાત આ ચાલે છે કે શ્રેષ્ઠિપુત્ર ચંદ્રને મુનિ પોતાનું ચરિત્ર સંભળાવતા કહે છે 'હું રાજમંત્રી, મારે સરસ્વતી નામની સુશીલ, વિનયી અને સેવાપરાયણ પત્ની હતી. એકવાર એ રાતના ઝબકીને જાગીને રોવા લાગી. એના અવાજથી હું પણ જાગી ગયો.

મેં પૂછયું 'કેમ આમ એકાએક રડે છે ?'

પણ એણે ઉત્તર ન દીધો. એથી તો મને લાગ્યું કે આ એના રડવા પાછળ કોઇ ગંભીર કારણ છે. એના પર મને અથાગ પ્રેમ તો હતો જ, એમાં એને કોઇ ગંભીર દુઃખ ઉપસ્થિત થયું હોવાનું મને લાગ્યું, તેથી લાગણી વિશેષ ઉભરાઈ ઉઠી ! મારા દિલમાં ભારે દુઃખ ઉભું થયું. મારા મનને થયું કે 'અરે ! આ બિચારીને આટલું બધું દુઃખ ! તેય હું જીવતોજાગતો અને સારી સ્થિતિમાં ઉભો છું તોય જો આટલું દુઃખ, તો મારા મરી ગયા પછી તો એના દુઃખની અવધિ જ શી ?' ખરેખર ! એને જે દુઃખ હશે એના કરતાં મને વધુ દુઃખ ઉભરાઈ આવ્યું. એટલે મેં વધુ આગ્રહ કરીને પૂછયું, પણ ઉત્તર મળવાને બદલે રુદનનો રણકાર મળ્યો તેથી મારો ઉદ્વેગ વધતો ગયો.

સામાના દુઃખે દુઃખી શું દયાથી જ થવાય છે ?

મહાનુભાવ ! શું આ ઉદ્વેગ મારો સામાની દયાના ઘરનો હતો? ના, એમ તો જગતમાં આથી પણ વધુ દુઃખમાં કેઇ જીવો રીબાય

છે; અરે! આપણા પાડોશમાં તો દુઃખ આપણી નજરે ચઢે છે, છતાં કયાં એ ઉદ્વેગ થાય છે? માટે ઉદ્વેગ દયાને લીધે નહિ પણ મોહને લીધે થતો હતો, એ વાત સ્પષ્ટ છે. આ ય મને હવે સમજાય છે, તે વખતે તો મોહના કેફમાં કાંઈ સમજાતું નહોતું. બાકી એ જોજે કે **મોહ જીવને વગર જોઇતા કેટલાય દુઃખ-ઉદ્વેગ ખડા કરી આપે છે!** જગતમાં મોહની કેવી ખૂબી છે! કે ભલભલા ઇંદ્ર જેવાને પણ ગુલામ બનાવે છે! જીવને એક યા બીજા પ્રકારે દુઃખ સંતાપમાં ઘસડે છે!

પ્ર૦–તો શું સ્નેહીના દુઃખથી દુઃખી ન થવું?

ઉ૦–અહીં દુઃખી ન થવાની વાત નથી. વાત એ છે કે **દુઃખી થતા હો એમાં તપાસ કરો કે એની પાછળ કયું તત્ત્વ કામ કરી રહ્યું છે?** મોહ કે દયા? દયા કહેશો તો પાછો પ્રશ્ન એ ઉભો રહેશે કે દયા બીજા જીવની કેમ એવી નથી ઉભરાતી? કહેવું જ પડશે કે ત્યાં દયાની લાગણી કરતાં મોહની લાગણી કામ કરી રહી છે. મોહ દુઃખી કરે છે, મોહ રોવડાવે છે. એ પણ વિચારવા જેવું છે કે દુઃખ કે મોહના રુદન કરવાનું કયા કારણે બને છે? શું સ્નેહીને સારૂં લગાડવા? તો એ દુઃખ કરવાનું ને રોવાનું પાછું માનાકાંક્ષારુપી મોહના ઘરનું થયું!

મુનિનું આ કથન આત્મનિરીક્ષણ કરવા માટે સમજવાનું છે. આવી વિચારણા આવે ત્યાં ભડકવાની જરૂર નથી. **તમે પોતાના આત્માના અને વસ્તુતત્ત્વના ઊંડાણમાં ઉતરો, જુઓ, તપાસો કે કોઈ પણ પ્રવૃત્તિ કે પ્રસંગમાં રહસ્ય શું છે, કેવી કેવી લાગણી વસ્તુના કયા કયા અંશને સ્પર્શે છે.** એ તપાસથી સાચો કયાસ કાઢતા કામમાં કમ જાગ્રતિ અને સાવધાની પ્રાપ્ત થશે. દુનિયાદારીમાં પણ દેખાય છે કે કોઈને અયોગ્ય પુત્ર નભાવવો પડતો હોય, એને એમ કહેવામાં આવે કે આ તું નાલાયક પુત્રની નાલાયકીને નબળાઈથી નભાવી રહ્યો છે, ત્યારે જો એ કહે કે તો શું હું એને કાઢી મૂકું? તો એને કહેવું પડે છે આ કાઢી મૂકવાની વાત નથી, માત્ર તમે એ જોવો કે એવો પુત્ર નભાવવા પૂંઠે તમારી નબળાઇ કામ કરી રહી છે કે નહિ?' એવી રીતે મુનિ અહીં કહે છે કે સ્ત્રીના રુદન પાછળ મારું દુઃખ મોહના ઘરનું હતું. સમજ હોય તો તે એ દુઃખને મોહને બદલે વિવેક અને ભાવદયાના ઘરનું કરી શકત. પણ સમજ લાવવી કયાંથી!'

શ્રેષ્ઠિપુત્ર ચંદ્રને મુનિ આગળ પોતાની મંત્રી-અવસ્થાની હકીકત કહે છે, 'જ્યારે મેં બહુ આગ્રહથી મારી પત્ની સરસ્વતીને પૂછયું આમ એકાએક રોવાનું શું કારણ છે? શું તમારૂં કોઇએ અપમાન કરેલું તમને કોઇ પીડા થાય છે? છે શું?'

મંત્રી પત્ની રોવાનું કારણ કહે છે :-

ત્યારે પત્ની કહે છે, 'ના, એવું કાંઈ નથી. માત્ર મને એક સ્વપ્ન આવ્યું, અને એમાં મેં તમને બીજી સ્ત્રી સાથે વાત કરતા જોયા!'

આ સાંભળતાં મારા મનને થયું કે અહો! આ જો આટલી વાત માત્ર એના ઉપર, અને તે પણ સ્વપ્નામાંની વાત છતાં એના પર આટલી ઉદ્વિગ્ન બને છે, તો પછી ખરેખર તેમ બનતાં અને તેથીય આગળ કશું બનતાં એના દિલને કેટલો આઘાત લાગે?

સ્ત્રીના સ્નેહ અને શ્રમની કદર :-

વિચારવા જેવું છે કે જે સ્ત્રીજાત આટલો સ્નેહ ધરાવે છે, અને ઘરનું કેટલુંય વૈતરૂં કરે છે, તે પણ વગર પગારે, એની પુરૂષ કેટલી કદર કરે છે? તમે કહેવાના કે 'કદર તો કરીએ જ છીએ ને? માટે તો એના પર રાગ ધરીએ છીએ, એને ખર્ચના નાણાં કમાવી લાવીને દઈએ છીએ.' પરંતુ,

આ બંને વસ્તુની પાછળનો આશય શું કદર કરવાનો છે, કે બીજો કોઇ આશય છે, તે તપાસજો.

તેમ એ કદાચ કદરરૂપ હોય તોય એટલેથી પતી જાય છે કે એથીય વિશેષ કાંઈ જોઈએ છે, એ તપાસજો.

પત્ની પર રાગ કરો છો તે કામરાગ છે કે કદરનો રાગ છે ?

રાગની પાછળનો આશય એના પરનો મોહનો કે વાસનાનો ખરો કે નહિ ? ખર્ચનાં નાણાં કમાવી લાવી આપો તે શું એની કદર કરવા માટે કે તમારૂં ઘર ચલાવવા, અને લોકમાં આબરૂ, સ્વમાન જાળવવા ?

કદરમાં શું કરવાનું ? :-

હજીય સૂક્ષ્મતાથી જોશો તો જણાશે કે મોટે ભાગે હજી તો ત્યાં સ્વાર્થની વાસના કામ કરી રહી હોય છે. કદર તો એથી ઉંચે છે. **કદર તો એ કહે છે,** કદર તો એ માગે છે કે **"આ જ્યારે આટલો રાગ અને સેવા કરે છે, તો પછી**

મારે એની પ્રત્યે સૌમ્ય વાણી-વર્તાવ રાખવો,

એના દિલનો ભંગ થાય એને આઘાત લાગે એવા શબ્દ ન બોલવા, એવી પ્રવૃત્તિ ન કરવી.

એનો મારા પ્રત્યે કોઈ કટુ બોલ કે પ્રતિકુલ વ્યવહાર મારે ખમી ખાવો.

તેમ પત્ની પ્રત્યે એ પણ એક કદર છે કે

એને જવાબદારીઓ ઉપાડવામાં મદદગાર થવું.

જીવનમાં ધાર્મિકતા પવિત્રતા રાખી પત્નીને બહુ પાપમાં ન જોડવી.

વાસનાતૃપ્તિમાં એને ન ઘસડવી; તેમ,

એના સિવાય કોઇ સ્ત્રી પ્રત્યે દૃષ્ટિ સરખી ન નાખવી.

કદર નથી માટે કલેશ વગેરે:—

કદરમાં જો આવી આવી બાબત સચવાતી હોય તો ઘરકલેશ થાય ? પત્નીને આકરા શબ્દો કહી એના હૃદયમાં ભંગ કરાવી જાતે તો ધર્મ સાધના નહીં કરવી પણ પત્ની પર બધો બોજો નાખી એનેય વ્રત-પચ્ચખાણ તથા ધર્મક્રિયામાં અંતરાયભૂત થવાનું કરાય ?

આર્યપતિની કદરની ઉંચી કક્ષા:-

પત્નીની એકપતિ-નિષ્ઠાની કદર ઉપર એનું ખમી ખાવાની એનું સહી લેવાની વાત રખાય તો આજે જે ઘર ઘર કલેશ દેખાય છે તે હોય ? એ તો જુઓ કે સવારથી રાત સુધી એ કેટલું વૈતરૂં કૂટે છે ? કેટકેટલું એ સહે છે ? કેટકેટલી બાબતો એ સંભાળે છે ? એનો વિચાર હોય તો એની પાછળ **માત્ર સહાય કે સહિષ્ણુતા જ શું, પણ ઉપરાંતમાં એક આર્યપતિ તરીકે એના ચિત્તને સમાધિ, ધૈર્ય અને આધ્યાત્મિક ઉન્નતિકારક પ્રેરણા-પ્રોત્સાહન અપાય.** આર્યપતિની કદરની એ ઊંચી કક્ષા છે, પણ કહેવાના કે પહેલાં અમારા જીવનમાં આધ્યાત્મિકતા ભરચક ભરી હોય ત્યારે ને ?

આધ્યાત્મિકતા માટે શું શું કરવાનું :-

આધ્યાત્મિકતા એટલે કોઇ મોટી સાધુતા અર્થાત્ મુનિચર્યા સમજતા મા. એમાં એટલું આવશે કે,

તમારે હવે સ્વાત્મા પર મોહનો અધિકાર નહિ રખાય. અધિકાર ધર્મનો રાખવો પડશે. જાત ઉપર વર્ચસ્વ ધર્મનું રાખવું જોઇએ.

જીવનને માયા, પ્રપંચ, વિષયલંપટતા, સ્વાર્થાંધતા, અવિવેક, અનુ-

ચિંતતા, વગેરે દોષોભર્યું નહિ રખાય.

સ્વજન સ્નેહીને કોરી કડકડતી જડની વાતો અને અર્થકામની રામાયણમાં નહિ ઘસડાય.

એમને શું કે પોતાની જાતને શું, પણ આત્મા, પરમાત્મા ને સદ્‌ગુરુઓના મમત્વવાળા બનાવવા જોઇએ.

સદ્‌ગુણો અને સદ્‌ આચાર-વિચારોનો ખૂબ ખપ કરે એવા સંસ્કારી કરવા જોઇએ.

જીવ માત્ર પ્રત્યે મૈત્રીભાવ, સૌના ભલાની ચિંતા, દુઃખીની દયા, ગુણીયલના ગુણની અનુમોદના, પરના દોષો પ્રત્યે ઉદાસીનતા, વગેરે વલણમાં રમતા થાય એવી જ વાતોચીતો અને પ્રોત્સાહન કરવા જોઇશે.

આવી આવી આધ્યાત્મિકતા ઉપરાંત ધાર્મિકતા જાતમાં અને પત્નીમાં કેળવવાની ધગશ અને પુરુષાર્થ જો કેળવો તો એની પાછળ કુટુંબ સ્વર્ગીય આનંદમાં મહાલતું થઇ જાય! એક કલ્યાણ સ્નેહી તરીકે તો એ કેળવવાનું જ છે, પણ કદર તરીકે ય કેળવવાનું છે. માણસને વિચાર નથી કે 'આમની મારા પ્રત્યે કેટકેટલી લાગણી છે! એ કેટકેટલું મારી પાછળ સહન કરે છે! કેવો ભારે શ્રમ ઉઠાવે છે! તો એ લાભ અને ઉપકાર પાછળ મારે કોઇક અવસરે થોડા કઠીન શબ્દ સહી લેવા, થોડી અગવડ વેઠી લેવી, એ તો કોઇ મોટી વાત નથી, કોઇ મોટું પરાક્રમ નથી. ક્યાં એમના સ્નેહ અને શ્રમદાન! ને ક્યાં આ સહવાનું! એ તો સહવું જ જોઇએ. ઉપરાંતમાં મારે ભોગ પણ દેવો જોઇએ.' આવો વિચાર નથી માટે ખોટા રોફ અને રોષમાં ઘસડાઈ જવાય છે, કલેશ કંકાસ મંડાય છે, સામાને નિરાશા અને હૃદયભંગ કરાય છે.

દેવ-ગુરુધર્મની પાછળ પણ આવું જ બને છે. એમના ઉપકારની અમાપ કિંમત વિચારાતી નથી, કદર કરાતી નથી, તેથી જિનની આજ્ઞા ઉઠાવવી ભારે પડે છે, ગુરુની હિતશિક્ષા કે કડકાઈ કડવી લાગે છે, ધર્મના કષ્ટ ગમતા નથી, એમને માટે ભોગ અપવાની ઉર્મિઓ નથી ઉછળતી. નહિતર મનને શું એમ ન થાય કે **ક્યાં એમના અનંત ઉપકાર અને ક્યાં આ કષ્ટ!**

પત્નીના રૂદનનું નિવારણઃ-

મુનિ કહે છે, મારા મંત્રીપણા વખતની એ પત્નીના કહેવાનો ભાવ હું સમજી ગયો. તરતજ એને સાંત્વન આપવા મેં કહ્યું, "મારા પર તારે શંકા કરવાની જરૂર નથી. **લે હું આજથી પ્રતિજ્ઞા કરું છું કે આ જીવન પર્યંત તારા સિવાય બીજી કોઇ પણ સ્ત્રીનો મારે ત્યાગ છે.**"

મારી આ પ્રતિજ્ઞાથી એના મુખ ઉપર આનંદની ઉર્મિ છવાઇ ગઈ. તે પછી તો અન્યોન્યનો પ્રેમ બહુ વધ્યો. પરંતુ એનું એક ખતરનાક પરિણામ જે આવ્યું તે જાણતાં તને થશે કે તારૂં દુઃખ તે શા વિસાતમાં છે? બન્યું એવું કે કેટલાક વિઘ્નસંતોષીઓને અમારી આ પ્રેમની વસ્તુ પર કારસ્તાન કરવાનું મળ્યું.

'ચંદ્ર! તને લાગ્યું હશે કે મેં આ પ્રતિજ્ઞા કરી અને બંનેનો પ્રેમ વધ્યો એ સરસ થયું. તને શું, મને પણ એમજ લાગતું. પરંતુ એ તો જ્યારે એના ભયંકર પરિણામની પરંપરા જોઇએ ત્યારે જ સમજાય છે કે **જ્ઞાનીઓએ આધિ-ઉપાધિને કેઈ અનર્થોની ખાણ કહી છે તે તદ્દન યથાર્થ છે. પ્રેમ વધાર્યો એ ઉપાધિ જ વધારી હતી, આધિ જ વધારી હતી.** એમાં કારણભૂત મારી જીવનભર એકપત્ની-વ્રતની પ્રતિજ્ઞા હતી. પણ તે તું સમજતો હશે કે સદાચારની ભાવનામાંથી જન્મી હતી? ના, સદાચાર-પ્રેમી તો

હું પહેલેથી હતો જ, પરંતુ એક પત્ની મર્યા પછી પણ બીજી પત્ની ય ન કરવી એવું કાંઈ મેં નકકી નહોતું કર્યું, તે નકકી કર્યું તેમાં આ પત્ની ઉપર અથાગ મોહ અને તેના રુદનથી લેવાઈ જવાપણું હતું. તો આ ય એક આધિનો વધારો જ ને?

'હે ભાગ્યવાન! માટે એ જો કે દેખીતા કેટલાક ગુણો પણ દોષના ઘરના હોય છે, એટલે જ એ દોષમાં પરિણામે છે! પરિણામે દોષરૂપ નીવડે છે! જીવનભર એકપત્ની વ્રત એ ગુણ છે; પરંતુ એ મારે સ્નેહાળ પત્ની ઉપરના ગાઢ મોહ રૂપી દોષમાંથી જન્મ્યો હતો, માટે એ અધિક સ્નેહના બંધનરૂપી દોષમાં પરિણમ્યો. હવે એ આટલેથી અટકવાનો નથી. પણ અધિક અનર્થમાં ને મહાદુઃખમાં પરિણમવાનો છે, એ તને આગળનું સાંભળીશ એટલે સમજાશે."

મુનિએ સમજાવેલ આ તત્ત્વ બહુ વિચારવા જેવું છે. આજે જડ પદાર્થોનાં સંશોધન, જડની ખાસિયતોનાં પૃથક્કરણ વગેરે બહુ ચાલી પડયું છે. પરંતુ આત્મવૃત્તિઓના ઉંડાણમાં ઉતરવાની જરૂર છે. એના પૃથક્કરણ અને સંશોધન કરવાની જ ખાસ જરૂર છે.

શું આપણે ગુણરૂપ માની લીધેલ વૃત્તિઓ ખરેખર ગુણસ્વરૂપ છે? અને છે તો એ કોઈ દોષના લીધે તો નથી જન્મી ને? અને તપાસવાની જરૂર છે.

સંસારમાં રહ્યા એટલે સ્નેહ તો થવાના અને કરવાના, પણ એ સ્નેહને જો મોહના સ્નેહને બદલે ઔચિત્યના સ્નેહ બનાવી દો, ધર્મના સ્નેહ કરી દો, મૈત્રી, કરુણા અને પ્રમોદભાવના સ્નેહરૂપ બનાવી દો, તો એ દોષરૂપને બદલે ગુણરૂપ બની જાય, કુટુંબને આપણી છાયા ઝીલનારા સાધર્મિક તરીકે સ્નેહના પાત્ર બનાવી શકાય; અથવા એના વડેરાપણાના ઔચિત્યનો સ્નેહ દાખવી શકાય. ત્યારે મોહપાત્ર કુટુંબી તરીકેનો સ્નેહ ન કરો, અને આવો સ્નેહ કરો, એથી કાંઈ વ્યવહારમાં વાંધો ન આવે. ઉલટું એમ કહો કે,

વ્યવહાર સારો ચાલે, કેમકે ધર્મસ્નેહ અને ઔચિત્યસ્નેહમાં વિવેક જાગતો રહે છે દિલ ઉદાર અને ગંભીર રહે છે, સ્વાર્થ ગૌણ થઈ પરાર્થવૃત્તિ મુખ્ય બને છે, સ્વાર્થકુશલતા મટી પરાર્થકુશલતા આવે છે.

આર્ય રક્ષિતની માતાને પુત્રસ્નેહ કરતાં **ધર્મસ્નેહ** વધુ હતો તો એ ભણીને આવ્યો અને નગર આખાએ તથા અન્ય કુટુંબીઓએ વધાવ્યો, પણ માતાએ વિશાળ અને દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરી વધાવવાને બદલે પુત્રની દૃષ્ટિ વિકસાવી, અને મહાન શાસનપ્રભાવક અને પૂર્વધર મહાજ્ઞાની આચાર્ય બનવાના પંથે વાળ્યો!

મદનરેખા મહાસતીએ પતિ ઉપરના **ધર્મસ્નેહને** લીધે જ મરતા પતિને એની અને પોતાની હાયબળતરામાં, ને મારનાર જેઠ પર કષાયની આગમાં સળગાવ્યો નહિ, ઉલટું મહાક્ષમા અને સમતા–સમાધિમાં ઝીલતો કરી દીધો! અને એ સમાધિ મરણ પામી પાંચમા દેવલોકમાં દેવતા થયો! કષાય તો એવો ભયંકર ઉઠયો હતો અને રૌદ્ર ધ્યાન એવું ભયંકર ભભુકી ઉઠયું હતું કે એ રહ્યે મૃત્યુ થતાં નરક જેવામાં જઇ પટકાવું પડત! એના બદલે દેવગતિ; અને તે પણ ભવનપતિ–વ્યંતર–જ્યોતિષ્કની નહિ, પણ ઊંચા વૈમાનિક દેવલોક, અને ત્યાં પણ પાંચમા દેવલોકમાં જન્મ મળ્યો! એટલે ઊંચે પહોંચાડનાર મદનરેખાનો ધર્મસ્નેહ, ગંભીર દૃષ્ટિ અને ઉદારતા સાથે **પરાર્થકુશળતા કેવી!** પોતાનો પતિ મરે છે એટલે પતિના ખૂની જેઠ રાજાની ચુંગાલમાં ફસાઈ પડવાનું છે! પાછો એ પોતાની ઉપર આસક્ત બન્યો છે! એને જો પોતે વશ ન થાય તો પોતાના પુત્રને વચમાં લાવી એ રાજા કઈ દુષ્ટતા પર જાય તેનો કોઈ પત્તો નથી બધી જાત પરની વિકટ

પરિસ્થિતિ વચ્ચે આ રાજાની હકુમતમાં બચાવનાર કોણ? એટલે, પતિના મરણ વખતે પોતાના આ બધો સ્વાર્થ ભંગાતો નજરે ચડે એવો છે; છતાં એ બધાનો હમણાં કોઇ જ વિચાર ન કરતાં, અત્યારે તો તત્કાળ ઉપસ્થિત થયેલ પતિના પરલોકનો વિચાર જ એણે મુખ્ય કર્યો! એ પણ એક મહર્ષિને છાજે એવી ભવ્ય તત્ત્વવાણી સુણાવીને, ને દુષ્ટ જેઠ પ્રત્યે પણ ભારોભાર ક્ષમાના દાન કરાવીને!

મુનિ કહે છે, 'હે ચંદ્ર! બધી પંચાતી મોહના ઘરના સ્નેહમાંથી ઉભી થાય છે. મોહ-સ્નેહ વિટંબણા અને કલેશ કલ્પાંત વિના કશું સારૂં આપી શકતો નથી. ત્યારે ધર્મસ્નેહ તો ધર્મના મમત્વ જગાવીને સામાના વિશેષ આત્મહિતનું લક્ષ ઉભું કરે છે, એની જ ચિંતા કરાવીને એ માટેનો પુરુષાર્થ કરવામાં તત્પર રાખે છે, અને સુખદ પરિણામની પરંપરાનો સ્વામી બનાવે છે.

પણ આ બધી સમજ તે વખતે મારામાં નહોતી અને મોહાંધ સ્નેહમાં હું તણાયો! પરિણામ એ આવ્યું કે વિઘ્નસંતોષીઓ રાજાને ચઢાવવાનું કર્યું. 'આ મંત્રી તો એની પત્નીમાં બહુ આસક્ત છે, અને પત્ની પણ એનામાં અત્યન્ત આસકત છે બે કદી છૂટા ન પડી શકે,' વગેરે વગેરે કાન ભંભેરણી એમણે કરી અને અમારા પર મહાન આપત્તિ વરસવાના વાદળ ઉભા કર્યા!

— સમાચાર —

ધંધુકા—અત્રેના સમસ્ત શ્રી સંઘની અતિ આગ્રહભરી વિનંતીને માન આપીને અત્રે ચાતુર્માસ બિરાજમાન પૂ. પં. શ્રી ચિદાનંદવિજયજીની શુભ નિશ્રામાં અસાડ શુ. ૨થી વ્યાખ્યાનમાં શ્રી. શ્રાદ્ધદિનકૃત્ય જયાનંદ કેવલી ચરિત્ર શરૂ કરવામાં આવેલ. સૂત્રો વહોરાવવાનો લાભ પોપટલાલ પાનાચંદ ગાંધીએ ૧૨) મણ ઘી બોલીને લીધો. સંઘમાં આબાલવૃદ્ધ ધર્મરુચિ સારી છે.

મુંબઈ—શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ આદિ સંસ્થાઓએ જાહેર સભા ભરી શ્રી ભોયણી ગ્રામ પંચાયતે કા. સુ. ૩ થી વદ ૧, માહ સુદ ૭ થી ૧૨, ચૈત્ર સુ. ૧૩ થી વદ ૧ ના યાત્રાળુઓ ઉપર કર લેવા જે ઠરાવ કર્યો છે તેનો સજ્જડ વિરોધ કર્યો હતો. જૈનોના આઘાત અને રોષને સૂચવતા જોરદાર ભાષણો પછી સર્વાનુમતે કર-વિરોધનો ઠરાવ પસાર કર્યો. દરેક ગામ-નગરના સંઘોએ ભોયણી ગ્રામ-પંચાયત ઉપર વિરોધના તાર કે પત્ર લખી કર નામુદ કરવા આગ્રહ કરવો જરૂરી છે.

ખંભાત—પૂ. પ્રશાંતમૂર્તિ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર શ્રી આદિ ઠા. ૭ ચૈત્ર સુ. ૧૩ ના દિવસે ખંભાત જૈનશાળામાં પધાર્યા છે. શ્રી સંઘની આગ્રહભરી વિનંતિથી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ. ની અનુજ્ઞા આવતા તેઓશ્રીનું ચાતુર્માસ અત્રે નિશ્ચિત થયું છે. તેઓશ્રી દરરોજ ઉપદેશમાલાપર પ્રવચનો આપતા હતા. જેનો શ્રી સંઘ સારો લાભ લેતો હતો. અષાડ શુદિ ૧ના દિવસે પૂજ્ય પાદ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્વિજય ક્ષમાભદ્ર-સૂરીશ્વર મહારાજશ્રીની સ્વર્ગારોહણ તિથિની ઉજવણી થઇ હતી. વ્યાખ્યાનમાં પૂ. મહારાજશ્રીએ સ્વ. આચાર્ય-દેવશ્રીનાં જીવન પર રોચક વિવેચન કર્યું હતું. અસાડ સુદિ બીજના દિવસે તેઓશ્રીએ વ્યાખ્યાનમાં વિપાક સૂત્ર તેમજ ભાવનાધિકારે શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર શરૂ કર્યું છે, જેની ઉછામણી સારી થઇ હતી. તે દિવસે પૂ. સ્વર્ગીય પંન્યાસજી મહારાજશ્રી સુબુદ્ધિવિજયજી મહા-રાજશ્રીની સ્વર્ગારોહણ શ્રીસંઘમાં ઉજવાઇ હતી. વ્યાખ્યાનમાં પૂ. સ્વર્ગીય મહાપુરૂષના જીવન પ્રસંગોને અનુલક્ષી પૂ. મહારાજશ્રીએ મનનીય વિવેચન કર્યું હતું. બપોરે ભારે ઠાઠથી પૂજા ભણાવાઇ આયંબિલની તપશ્ચર્યા થઇ હતી પૂ. તપસ્વી મુનિરાજશ્રી પૂર્ણભદ્ર-વિજયજી મ. ને ૪૯મી ઓળી ચાલે છે પૂ. મુનિરાજ શ્રી પૂર્ણાનન્દવિજયજીને ૪૦ મી ઓળી ચાલે છે.

નવા ડીસા—અત્રે પૂ. મુનિરાજ શ્રી જિતેન્દ્ર-વિજયજી મહારાજ આદિ સંઘના આગ્રહથી ચોમાસું કરવા પધાર્યા છે. લોકોમાં ધર્મરુચિ સારી હોવાથી લાભ સારો લેવાય છે.

દાદર-પરમ પૂજ્ય શાસન પ્રભાવક આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજનું બે વખત થઇને બંને આંખે મોતિયાનું સફળ ઓપરેશન થયું છે, તેથી શ્રી સંઘમાં આનંદ આનંદ વર્તાઇ રહ્યો છે. આચાર્ય મહર્ષિને આંખનું તેજ વધુ પ્રગટ થવાથી સંઘનો પણ પુણ્યોદય વધ્યો છે. પૂજ્યશ્રીને પગે વાનું જોરદાર દરદ રહે છે, તેમાં હવે જાણકાર માલીસવાળાની ટ્રીટમેન્ટથી પૂજ્યશ્રી મકાનમાં સાધુના હાથ પકડીને ચાલી શકે છે એ પણ સુખદ હકીકત છે. પૂજ્યશ્રીને સંપૂર્ણ શક્તિ પ્રાપ્ત થાઓ એવી શાસનદેવને અમે પ્રાર્થના કરીએ છીએ. અત્રે રોજ પું. પં. શ્રી વિક્રમવિજયજી બોધક પ્રવચન આપે છે. લોક સારો લાભ લે છે.

અત્રે બંધાયેલ નવી ચાલીમાં જાણીતાં સંગીતકાર શ્રી મનુભાઇ લાલભાઇ (મહાવીર જૈન સંયુકત મંડળવાળા) રહેવા આવ્યાથી દાદર ભક્તિ મંડળના ભાઇઓમાં નવું જોમ આવ્યું છે. સ્નાત્રોની રમઝટ અને ભાવનાના કાર્યક્રમોથી વાતાવરણમાં અર્હદ્‌ભક્તિ ગુંજી રહે છે.

પિંડવાડા-પૂ. પં. શ્રી માનવિજયજી મહારાજ, પૂ. મુનિરાજ શ્રી રત્નાંશુવિજયજી મ. આદિ અત્રે ચાતુર્માસાર્થ પધાર્યા છે. ગામનો ઉત્સાહ અમાપ છે. ભવ્ય ભાવન જિનાલયનો જીર્ણોદ્ધાર ચાલી રહ્યો છે. દિવાળી સુધીમાં ઘણું કાર્ય પૂર્ણ થાય એવી વકી છે.

ચેવલા- (ખાનદેશ) અત્રે પૂ. આચાર્યદેવ શ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજ તથા પૂ. પં. શ્રી ત્રિલોચનવિજયજી મહારાજ આદિ મુનિમંડળ સંઘના અતિ આગ્રહથી ચાતુર્માસાર્થ પધાર્યા છે. સંઘમાં ઉલ્લાસ ઘણો છે. પૂ. મુનિરાજ શ્રી લાવણ્યવિજયજી મહારાજની તબીયત હવે સુધારા ઉપર છે.

ઝીંઝુવાડા-શ્રી સંઘની વિનંતીથી પૂ. મુનિરાજ શ્રી યશોભદ્રવિજયજી આદિ અત્રે ચાતુર્માસાર્થે પધાર્યા છે. વ્યાખ્યાનમાં સારી સભા થાય છે. પ્રતિક્રમણ વગેરે ધર્મક્રિયામાં સારી સંખ્યા થાય છે.

વિસનગર-પૂ. મુનિરાજ શ્રી ગુણાનંદવિજયજી મહારાજ આદિ અત્રે ચાતુર્માસાર્થે બિરાજમાન છે. મુનિવર્યની તબિયત નરમ હોવાથી વ્યાખ્યાન બંધ હતું તે હવે તબીયત સુધરી હોવાથી શરૂ થયું છે. મહારાજશ્રી વિદ્વાન હોવાથી વ્યાખ્યાન સારૂં બોધક આપે છે.

અમદાવાદ-અત્રે જ્ઞાનમંદિરમાં પૂ. મુનિરાજ શ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ આદિ ચાતુર્માસાર્થ પધાર્યા છે. વ્યાખ્યાન રસમય અને તત્ત્વ ભર્યું આપે છે.

લુણાવા-શ્રી ધર્મવિજયજી મહારાજ જેઠ વદ ૪ના દિવસે પધાર્યા હતા. બહેન ચંદનબાળાના લગ્ન નિમિ-તે અઠ્ઠાઇ મહોત્સવ તથા અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવાયું. પાઠશાળા તથા કન્યાશાળાના વિદ્યાર્થીઓનો ઇનામી મેળાવડો ગુરુજીની નિશ્રામાં ઉજવવામાં આવ્યો હતો.

પાલણપુર-પૂ. આ. શ્રી વિજયન્યાયસૂરીજી આદિ મુનિ પુંગવો જામનગરથી વિહાર કરી ચાતુર્માસાર્થે પધાર્યા છે. વ્યાખ્યાન પૂ. શ્રી સુધાંશુવિજયજી વાંચે છે. ઉત્સાહ સારો છે.

ચુડા-પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદવિજય મહારાજ સંઘની વિનંતિથી અત્રે ચોમાસું બિરાજમાન છે. અષાડ સુદ ૨થી 'ઉપદેશપદ' તથા શાંતિનાથ ભગવાનનો રાસ વ્યાખ્યાનમાં શરૂ થયેલ છે. આઠ વર્ષ બાદ પૂ. સાધુ મહારાજ તથા સાધ્વીજીશ્રી દયાશ્રીજી મહારાજનું ચાતુર્માસ થતું હોવાથી સંઘમાં અનેરો ઉત્સાહ પ્રગટયો છે.

દેવાસ-અત્રેના પ્રગટ પ્રભાવિક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતના મંદિરના નવનિર્માણનું કામ ચાલી રહ્યું છે જે જોવા માટે આજરોજ અમદાવાદથી પ્રસિદ્ધ કાર્યકર્તા શ્રી ચીમનલાલ કડીઆ આવ્યા છે, અહીંના કાર્યકર્તાઓ વાર્તાલાપ કરી આવક જાવકની માહિતી મેળવી દેહરાસરજીનું જે કામ થયું છે તે માટે સંતોષ વ્યકત કર્યો, અને કામની ઝડપ વધારવા માટે સૂચના કરી અને મંદિર ખર્ચના ફંડ માટે કાર્યકરોને લઇને પ્રવાસ કરવાના છે.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : **ચતુરદાસ ચીમનલાલ શાહ**, મુદ્રણસ્થાન : શ્રી જશવંતસિંહજી પ્રીન્ટીંગ વર્કસ, વઢવાણ શહેર : દિવ્યદર્શન પ્રકાશન માટે પ્રસિદ્ધ કર્યું.

દિવ્ય દર્શન

સહતંત્રીઓ: બચુભાઈ ચીમનલાલ ઝવેરી, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા) બાબુભાઈ ભાઇલાલ શાહ

: તંત્રી : ચતુરદાસ ચીમનલાલ શાહ | : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ | વર્ષ-૭ : અંક-૪૪ શનિવાર તા. ૧-૮-૧૯૫૯

સકલાગમહસ્યવેદ્દી પૂજ્યપાદ સ્વ. આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી** મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. પં. **શ્રી ભાનુવિજયજી** ગણીવરશ્રીના આધ્યાત્મિક પ્રવચન.

સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે?

ચંદ્ર અને મંત્રીનું કથાનક

અસહિષ્ણુતા અને ઈર્ષ્યાની નાગણ:-

'હે ચન્દ્ર! આ જગતમાં માણસને કાં સાચી પ્રવૃત્તિ આખા દિવસભરની હોતી નથી અગર હોય છે તો એને ખોરંબે રાખીને પણ અસહિષ્ણુ દિલની ખોટી ખણજને લીધે આવી ઈર્ષ્યાભરી ગલીચ પ્રવૃત્તિમાં રાચે માચે છે એમાં એને પોતાને શું મળવાનું હોય છે? કાંઇ જ નહિ. પરંતુ ઝેરીલી નાગણ જેવી આ ઝેરીલી દૃષ્ટિ દુષ્કૃત્યોના ઝેર ઓકાવ્યે જ રાખે છે કહે છે ને કે **'સાપ ખાય ને મુખડું થોથું,'** કોઈને સર્પ ડસે ત્યારે ગામડામાં કહેવાય છે કે 'આને સાપે ખાધો.' હવે જો સાપ ખાતો હોય તો સાપના મોમાં કાંઇ આવવું જોઇએ ને? પણ ના, અહીં તો એનું મુખડું થોથું એટલે કે ખાલીજ રહે છે, મોમાં કાંઇ જ આવતું નથી, ને મોંનું ઝેર બહાર જાય છે. બસ, એજ રીતે અસહિષ્ણુ અને ઈર્ષ્યાભર્યા માણસોને પોતાને કાંઇ લાભ ન થતો હોય છતાં પોતાનું ઈર્ષ્યાદૃષ્ટિ અને અધમ વિચારનું ઝેર અધમ પ્રચાર દ્વારા અને અધમ યોજનાઓ મારફતે બહાર ફેલાય છે.'

વાત પણ બરાબર છે કે અસહિષ્ણુતા અને ઈર્ષ્યા કેટલા બધા ઝેરીલા બને છે! **માનવ જીવનનો જે અમૂલ્ય કાળ તો અનાદિની ખોટી આદતો, દુષ્ટ વૃત્તિઓ અને દોષ-દુર્ગુણોને ભૂંસી નાખવા માટે મળ્યો છે, મહા પુણ્યયોગે મળ્યો છે, એને એ જ નભાવવા-પોષવામાં વપરાય એ કેટલું બધું ખતરનાક!** આપણી ભૂલભાલની વાત આવે ત્યારે બચાવ તો કરીએ છીએ કે 'શું કરીએ, અનાદિના સંસ્કાર છે,' પરંતુ એ જોતા નથી કે—

(૧) આવા બચાવ પૂર્વભવોમાં શું નહિ કર્યા હોય? ખેર, આ જન્મમાં તો કયારનાય બચાવ કરતા આવ્યા, તો શું સુધારો થઇ ગયો?

(૨) વળી, આવા ઊંચા આત્મ-સંશોધન-સુધારણાનો ભવ પૂરો થયા પછી શું પછી આવો ઊંચો ભવ ઝટ મળશે? અને કદાચ જો મળશે તો મનનો ખોટો બચાવ કરવાની આદત ત્યાં શું સાથે નહિ આવે?

મનને નિર્ધાર કેમ ન થાય કે **'આ ભવ**

જ્યાં સુધી હાથમાં છે ત્યાં સુધી મારી કુટેવો, દુષ્ટ વૃત્તિઓ અને દુર્ગુણોને તોડી નાખવા મથીશ ! દુઃખ-નાનમ-આપત્તિ વેઠીને પણ આ મહાન કાર્ય કરીશ ! આ નકરું તો માનવમગજ અને માનવ શક્તિઓ પામ્યો શા માટે ? શું પેટપટારા ભરવા અને જડ વિષયો પાછળ નાચવા ?

મુનિ કહી રહ્યા છે કે જ્યારે વિધ્વંસતોષીઓએ રાજાને જઈને અમારા ગાઢ પ્રેમની વાત કરી, ત્યારે—

રાજા કહે છે, ' પ્રેમ તો હોય. કયા સુશીલ પતિ-પત્નિને પ્રેમ નથી હોતો ?'

પેલા કહે છે, ' મહારાજ ! આ પ્રેમ જુદો. એકબીજાનોએ વિરહ ખમી શકે નહિ એવો એ છે. તમારે પારખું કરી જોવું હોય તો જુઓ. વિરહમાં અવનવું જોવા મળશે !'

રાજાની યોજના:—

રાજા, વાજાં, ને વાંદરા, ત્રણેયની એક સ્થિતિના શા ભરોસા ? મંત્રી પર અથાગ પ્રેમ અને વિશ્વાસ છતાં એણે એક પોતાના મનથી સાદ્ધી પણ ખરેખર જે ભયંકર નીવડી એવી પરીક્ષા કરવાની યોજના મનમાં ઘડી કાઢી; અને તે અનુસાર મને રાજ્ય વ્યવસ્થા સોંપીને પોતે યુધ્ધે જવાનું નક્કી કર્યું. યુદ્ધબુદ્ધ શાનું ? ખોટો પેંતરો જ હતો, છતાં મારે જવાનું નહોતું તેથી મને આનંદ થયો. શાથી એ તું સમજી શકે છે ને ? મોહને પનારે પડેલા જીવની કેવી દુર્દશા હોય છે !

અતિશય રાગમાંથી અનર્થ:—

' હે ચન્દ્ર ! અધિક પડતા રાગની મોટી મોંકાણ છે ! એવા રાગાંધના હૈયાં એટલા બધા નબળાં પોચલાં બને છે કે પછી ત્યાં ઉમદા સાત્વિક વિચારણાઓ માટે અવકાશ રહેતો નથી, સારી વાતો જીવનમાં ઉતારવા માટે પુરુષાર્થ જાગતો નથી.'

આજે શું છે ? લક્ષ્મી અને હોદ્દાના અધિક પડતા રાગ જ મલિન વિચારણાઓ ને અધમ કૃત્યો આચરાવે છે ને ?

મુનિ કહે છે ' હે ચન્દ્ર ! દિલ તો એટલું બધું વિશાલ અને ધરાયેલું બનાવવું જોઈએ કે કુવિચાર અને કુયોજનાઓને એમાં સ્થાન જ મળે. પણ એ ક્યારે બને ? રાગમૂઢતા ઓછી થાય તો ને ? સુજ્ઞ યુવક ! ભૂતો મા, ભવિષ્યના દીર્ઘ કાળપંથે હજી જે પ્રયાણ કરવાના છે, તે સુખદ અને શાબાશીભર્યા તો જ બનશે કે જો આપણે સઘળા દોષોના મૂળભૂત આ રાગ પર ભારે અંકુશ મૂકીશું. બધાય અનર્થો મૂળભૂત અતિશય રાગમાંથી જન્મે છે. દુનિયાની સારી સારી ચીજો, ધનસંપત્તિ, ઘરદુકાન, કુટુંબપરિવાર, માનપાન વગેરે પર વધારે પડતાં આકર્ષણ થાય છે તો એમાંથી કેઇ અનર્થો અને કેઈ અસદ્ આચરણો ઉભા થાય છે.

હે ચંદ્ર ! આવા સમજદાર અને સશક્ત માનવરૂપી મહાપ્રાણી બન્યા પછી શા માટે એટલા બધા લહેવાઇ જવું જોઇએ ? શા સારૂ પાણી જેવા નરમ બની જેવો વિષય મળ્યો તેના આકારના બની જવું જોઇએ ? પણ જો જે કે ઉપાધિ ચીજ જ એવી છે કે સામાન્ય જીવને સહેજે સહેજે પોતાના તરફ નિર્વિચાર આકર્ષણ, આંધળો રાગ, અને પલટો પામતો કરી દે છે, માટે ઉપાધિથી જેટલા આઘા રહ્યા તેટલું એ આકર્ષણ, એ રાગ અને એ લહેવામણથી બચાશે. નહિતર તો સમજજે કે ઉપાધિ આ રાગાદિ આધિના ભારે તોફાન જગાવી કેઈ દુઃખ-સંતાપની આગ સળગાવે છે.

મંત્રીને તેડાવે છે:-

'રાજા તો લશ્કર લઈને બહાર ગયા પછી એણે એક માણસ મોકલીને મને કહેવડાવ્યું કે "લડાઈ અંગે તમારી ખાસ જરૂર છે માટે તરત આવી જાઓ." હવે? રાજાનો હુકમ એટલે બીજો વિચાર કરવાનો નહિ. તેથી હું પત્ની સરસ્વતીને આશ્વાસન દઈ રાજા પાસે પહોંચી ગયો. રાજાએ બધો દેખાવ એવો રાખ્યો હતો કે મને કોઈ વહેમ પડ્યો નહિ. બે ચાર દિવસ એમજ પસાર થયા પછી રાજાએ મારાથી ગુપ્ત-પણે એક ખાસ માણસ મારી પત્ની પાસે મોકલ્યો.'

મંત્રીના મરણના ખબર :-

એણે જઈને ઉદાસ ચહેરે એને કહ્યું કે "મંત્રી લડાઈ બહુ બહાદુરીથી લડ્યા પરંતુ દુશ્મનનો સીધો ઘા લાગવાથી મરી ગયા!"

'માણસ કહેવા જનારો આ તૂત જાણતો હતો. એને જોવું હતું કે હવે મારી પત્ની શું કરે છે. પણ મારા પર અથાગ પ્રેમભરી પત્ની પતિના એકાએક મૃત્યુ અને તેય પોતાની ગેરહાજરીમાં થયેલા મૃત્યુના સમાચાર સાંભળીને ક્યાં ઊભી રહે?'

"હે ચંદ્ર! જગતમાં બીજી કષ્ટ-તકલીફ સહવી હજી સહેલી છે, પરંતુ જ્યાં અથાગ પ્રેમ છે એના વિયોગના અને તેય કાયમી વિયોગના સમાચાર પણ સાંભળવા દુઃસહ છે. એમાંથી જે માનસિક આધિ ઉઠે છે એનો સંતાપ પારાવાર પીડા આપે છે! માણસ એ બીજામાં નજરે જુએ છે પણ ખરો, છતાં પાછો પોતાને એવી આધિનો શિકાર બનાવનારી ઉપા-ધિને હોંશ પૂર્વક વહોરે છે! એ એની કેવી અજ્ઞાન અને મૂઢ દશા!"

'હે ચંદ્ર! **જ્યારે જગત પર શ્રી વીત-રાગ સર્વજ્ઞ ભગવાનનું કલ્યાણશાસન મોજુદ છે, અને એ સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રના ભવ્ય સાધનાપંથને પ્રકાશમાં મૂકે છે, એવો કે જે આધિ-વ્યાધિ-ઉપાધિના ત્રિવિધ તાપને મિટાવી શકવા, તદ્દન નાબૂદ કરી દેવા સમર્થ છે, ત્યારે જીવ એ સાધના-પંથે વળી જવાને બદલે ઉપાધિઓના મજુર બની એને માથે ઉંચકી ઉંચકીને ફરે એ એની કેવી કંગાલિયત!**

બન્ને ત્રિપુટીનાં વહેણ જુદી તરફ:-

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આધિ-વ્યાધિ-ઉપાધિના તાપ મિટાવનારા શાથી? કારણ સ્પષ્ટ છે. આધિ-વ્યાધિ-ઉપા-ધિનાં વહેણ જડ વસ્તુની તરફ છે, અને આત્માને એ તરફ ઘસડાવું પડે છે. પછી જડના સંપર્કમાં આત્મા તણાયો એટલે તાપ સિવાય બીજું કાંઇ જોવા મળે એમ નથી. કેમકે **જડ વિષયો આત્માથી તદ્દન પર વસ્તુ છે, આત્માને પરાધીન અને પામર બનાવનાર છે.**

જીવના કહ્યામાં એ નહિ,

જીવના કબજામાં એ નહિ,

જીવની સાથે એ કાયમી નહિ,

જીવની ઇચ્છા કરતાં સવાયાં તો નહિ પણ હંમેશ અધુરા,

પછી એ સંતાપ ન આપે તો બીજું શું આપે?

દુનિયામાં દેખો છો ને કે પત્ની કે પુત્ર જો કહ્યામાં નહિ, કબજામાં નહિ, કાયમી નહિ, ઇચ્છીએ એવા નહિ બદ્દકે ઇચ્છ્યા કરતાં ઘણા અધુરા, તો એ કેટલોય તાપ આપે છે! ચિત્તને સંતાપ્યા કરે છે! બસ એવો આ જડસંયોગ છે. **આધિ-વ્યાધિ-ઉપાધિ એ જડ વિષયોના માર્ગે વહેનારા છે, એટલે એ ય શાંતિ, સ્વસ્થતા કે ઠંડક ક્યાંથી આપે?**

ત્યારે, **સમ્યગ્દર્શન વગેરે આત્માના માર્ગે વહનારા છે,** ને જડની ફસામણ-

માંથી આત્માને છોડાવતા આવે છે; એટલે સહજ છે કે એ જડગામી આધિ-વ્યાધિ-ઉપાધિના ત્રાસ-તાપમાંથી મુક્ત કરે જ.

જડનાં ને આત્માનાં સગાં:—

આ સાયન્સ, આ વિજ્ઞાન બરાબર ઊંડા વિચારપૂર્વક લક્ષમાં ઉતારવાની જરૂર છે.

જડના તરફ જેટલા તમે વહી જાઓ એટલા સરવાળે સંકટ-સંતાપમાં ઉતરશો, અને આત્મા તરફ જેટલા ચાલ્યા આવો એટલા શાંતિ, ઠંડક અને સ્ફુર્તિ તરફ ચાલ્યા આવશો. બીજા શબ્દમાં કહીએ તો,

આધિ-વ્યાધિ-ઉપાધિની ફસામણ સંકટ-સંતાપ આપે છે, ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો સત્સંગ શાંતિ, સ્ફુર્તિ અને ઠંડક અર્પે છે. કેમકે,

આધિ વગેરે, એ જડના સાગ્રીત છે, અને સમ્યગ્દર્શનાદિ, એ આત્માના સગાં છે. આત્મા જડથી અલિપ્ત હોત તો કોઈ પંચાતી નહોતી, પરંતુ આ તો જડના ગાઢ સંપર્કમાં છે, માટે જડનાં તોફાને એને સહવું પડે છે. સારા ઘરનો પણ છોકરો જો જુગારી વગેરે વ્યસનીઓના સંગમાં ભળે છે, તો એ તોફાનીઓના યોગે એને સહવું પડે છે. એવું જડના છંદે ચઢવામાં સમજવાનું છે; અહીં જડનાં તોફાન આધિ-વ્યાધિ-ઉપાધિ છે, એ વારંવાર મુશીબતો અને બળતરા ઉભી કરે છે. પેલા છોકરાને પોતાના ઘર તરફ વાળનાર સમજુપણું, શિખામણ અને શરાફી વેપાર વગેરે સારી ચાલ છે, એમ અહીં આત્માને આત્મ-ઘર તરફ વાળનાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. સમ્યગ્દર્શન એટલે સમજુપણું, સમ્યગ્જ્ઞાન એટલે શિખામણ અને સમ્યક્ચારિત્ર એટલે સારી ચાલ. માટે એ જ આધિ-વ્યાધિ-ઉપાધિમય સંસારના ત્રિવિધ તાપને મિટાવનાર છે.

શુદ્ધ ધર્મ :-

આ સમ્યગ્દર્શનાદિ એ શુદ્ધ ધર્મ છે. મેલા ધર્મ જગતમાં ઘણા; પણ શુદ્ધ ધર્મ આ; અને શુદ્ધ ધર્મથી જ સંસારવાસનો અંત આવે એમ જૈન દર્શન કહે છે. પંચસૂત્રમાં લખ્યું છે કે-

સંસાર કેવો અને કેમ મીટે :-

'અણાઈ ભવે દુક્ખરૂવે દુક્ખફલે દુક્ખાણુબંધી એઅસ્સ ણં વુચ્છિત્તી સુદ્ધધમ્માઓ।'

સંસાર અનાદિનો છે, એ દુઃખરૂપ છે, દુઃખનું કારણ છે, અને દુઃખનો પ્રવાહ વહેવડાવનારો છે. એનો ઉચ્છેદ શુદ્ધ ધર્મથી થાય છે.

સંસારનું સ્વરૂપ પણ દુઃખમય, એનું કાર્ય પણ દુઃખ, અને એનું મર્મ પણ દુઃખની પરંપરાનું દાન.

(૧) સંસાર દુઃખરૂપ કેમ ? :-

એળિયાને ગમે તે ભાગમાં તપાસો તો ય કડવોજ જણાય, એમ સંસારને કોઈ પણ ભાગમાં જુઓ તો એ દુઃખરૂપ જ જણાશે. જોતાં આવડવું જોઈએ. **મોહ-મૂઢતારૂપી કમળાની આંખે જુઓ તો ઊંધુ જણાય;** બાકી ચોકખી દૃષ્ટિથી જોઓ તો દુઃખ સિવાય બીજું કંઈ નહિ જણાય.

પ્ર૦—બંગલા, બગીચા, વૈભવ, વિલાસ, વગેરે બધું સંસાર જ છે ને? એ બધા તો સુખરૂપ દેખાય છે, એનું કેમ?

ઉ૦—જોતાં જૂઓ! **સુખરૂપ શાથી દેખાય છે? એટલા જ માટે કે એની પાછળ 'મારે બંગલો વગેરે જોઈએ' એ ઝંખનાનું, એ વલવલાટનું દુઃખ ઉભું થયું, છે.** વળી 'આ બંગલો વગેરે રહે તો સારૂ' એવી ચિંતાનું દુઃખ એટું છે માટે એ સુખરૂપ ભાસે છે. બાકી માથે દેવું ચઢી ગયું હોય, બંગલા પર રૂપિયા વ્યાજે લીધા હોય, વ્યાજ પણ મોટું ચઢતું હોય, બંગલાના ખરચા ભારે પડતા હોય તો તો એમ થાય છે કે સારી કિંમ-

તમાં જો આ બંગલો વેચાઈ જાય તો સારું. હવે બંગલો રાખવાની ચિંતા, વલવલાટનું દુઃખ ગયું તેથી એ બંગલો સુખરૂપ નહિ પણ દુઃખરૂપ લાગે છે. માટે કહો કે એ શું કે બીજું શું, સઘળો ય સંસાર અસલમાં દુઃખરૂપ છે, કેમકે એ મૂળે વલવલાટ, ચિંતા વગેરે દુઃખના પાયા પર સુખનો આભાસ કરાવે છે. **તૃષ્ણા, મમતા અને રાગ, ઇચ્છા, આતુરતા અને આશ્ચર્ય વગેરે ખજવાળ જ્યાંસુધી પહોંચે છે ત્યાંસુધી જ વિષયોના સંપર્ક રૂપી ખણવાનું સુખરૂપ લાગે છે.** અને એ ખજવાળ બસ, ખરજવાની જેમ દુઃખરૂપ જ છે.

પ્ર૦–ખરો અંદરનો સંસાર, આત્મા સાથે એકરસ બનેલો સંસાર, આ તૃષ્ણા–મમતા–રાગાદિરૂપ છે. તો એકલો એ જ દુઃખરૂપ છે, **બાહ્ય વિષયોનો સંસાર કયાં દુઃખરૂપ બન્યો?**

ઉ૦–એ પણ દુઃખરુપ એટલા માટે કે **બાહ્ય સંસારના વિષયો આ તૃષ્ણા–મમતા–રાગાદિને ઉભેળે છે, સૂતેલા જગાડે છે, અને જાગેલા પગભર તથા પુષ્ટ કરે છે.** અરે! કહો કે વિષયો જાણે તૃષ્ણાદ્રિમય બને છે, માટે એ પણ દુઃખરૂપ છે.

તાવનો રોગ છે જ, પણ શ્રાવણ ભાદરવાની કાકડી પણ રોગરૂપ ગણાય છે. જુગારની હાર તો નિકંદન કાઢનારી છે જ, પરંતુ જુગાર પણ નિકંદન કાઢનારું જ ગણાય છે. ઝેર તો ઝેરી ખરું જ, પણ ઝેરમિશ્રિત લાડુ પણ ઝેરી જ કહેવાય છે.

બસ, એ જ પ્રમાણે આંતર તૃષ્ણાદિ તો દુઃખરૂપ ખરા જ, પણ એના સ્થાનભૂત બાહ્ય વિષયોરૂપી સંસાર પણ દુઃખરૂપ છે. એ બન્નેનાં જ રૂપકો છે. અનેક પ્રકારની માનસિક આધિઓ, શારીરિક વ્યાધિઓ અને બાહ્ય ઉપાધિઓ. એ બધા જ જ્યારે દુઃખરૂપ હોવાનું સમજશો ત્યારે એની મોહમાયા પર તિરસ્કાર છૂટશે! અને એને નિવારનારા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પર અત્યંત રુચિ અને પ્રીતિ, શ્રદ્ધા અને અભિલાષા જાગશે, કયારે અને કેમ કેમ એ સાધું, એ તલવલાટ જાગતો રહેશે.

સંસાર સારભુત માન્યો છે માટેઃ—

વિચારી જુઓ કે આવા સંસારમાંથી કોણે સાર કાઢયો છે તે તમે કાઢી જશો. મોટા ચમરબંધી ચક્રવર્તીઓ અને ઇંદ્રો પણ કોઈ જ સાર કાઢી શકયા નથી. 'ના, અમે એમાંથી સાર નીકળવાનું તો સમજતા નથી.' એમ કહેતા મા; સાર નીકળવાનું ન સમજતા હો તો કદાચ કમતાકાતે એને છોડી ન શકો. પણ એ તો કહો કે એની પાછળ માનવતાના ગુણો કેમ ગુમાવાય છે? અસાર લક્ષ્મી લાવવા પાછળ કેટ–કેટલા પ્રપંચ અને જૂઠ ડફાણ હંકાર્યે રખાય છે! કેટલી ક્રારમી તૃષ્ણા અને અનીતિ સેવાય છે! ઉપકારી માતા પિતા અને ભાઇ-ભાંડુ સાથે પણ કેવા અવડા કરાય છે! સાધર્મિક ને સાધુ પર પણ કેવો અભાવ કેળવાય છે! **શું લક્ષ્મીને સારભૂત અને જીવન-સર્વસ્વ માન્યા વિના જ એ તુચ્છ ને ક્ષણિક માટી પાછળ નિજનું જીવન અને આત્મા માટી જેવો કરાય છે?** શું શરીરને મળતા માનસન્માન અને ભોગ સુખો સારભૂત અને કિંમતી માન્ય વિના એની પાછળ દંભ, ઈર્ષ્યા, જોહુકમી વગેરે શિયાળિયા, કૂતરા વાઘ-વરુ આદિની રમત કરાય છે? અલબત માણસને જીવન-નિર્વાહ માટે વ્યવસાય કરવો પડે તેથી અધિકનો પણ લોભ થાય, કિન્તુ એની પૂર્તિ કરવા પાછળ માણસાઇ ગુમાવાય? માણસાઈનો ઘાત કરનારા એ અસત્ય, અનીતિ, જીવઘાતક ધંધાપાપા, મદ, માયા વગેરેથી પાપો પરલોકમાં કેવાં જીહ્વાછેદ, હસ્તછેદ, જીભ, દાંત, મુખ, હસ્ત વગેરેના રોગ, પશુ-પંખીના કે ફીડા મંકોડાદિના આવતાર વગેરે ક્રારમા ફળ નીપજશે તે ભૂલાય? પણ કહો કે લક્ષ્મીરૂપ સંસાર સારભૂત

માન્યો છે માટે બધું ભૂલાય છે ક્ષુદ્રતા-અહંકાર અને સ્વાર્થપરાયણતા, ઈર્ષ્યા, વેરઝેર અને નિંદા, શઠતા, જુઠ અને અનીતિ, વિષયલંપટતા અને કષાયપ્રિયતા, ઈત્યાદિ દુર્ગુણો પશુની માફક કે તેથી અધિક માત્રામાં જેની ખાતર કરવામાં આવે છે; એને સારભૂત માન્યા માટે જ કરાય છે ને? **એને તુચ્છ માન્યા હોત, દુઃખરૂપ માન્યા હોત તો કરાત?**

જ્ઞાનીઓ કહે છે, અને વિવેક ચક્ષુથી જોઈ શકાય છે કે સંસાર નિઃસાર છે, દુઃખરૂપ છે.

(૨) સંસાર દુઃખફલક :-

સંસારનું કાર્ય પણ દુઃખ ઉભું કરવાનું છે. માટે જ સંસાર એ એકલો દુઃખરૂપ નહિ પણ દુઃખફલક પણ છે. અહીં પણ પરિણામે દુઃખ દેખાડે, અને પરલોકમાંય દુઃખના થોક વરસાવે.

સંસાર શું છે? બાહ્ય સંસાર વિષયોરૂપ અને આંતર સંસાર કષાયરૂપ.

હવે જુઓ વિષયરૂપ સંસારની વિટંબણા

સંપત્તિ, સગાંવહાલાં, પ્રિયપદાર્થો વગેરે વિષયોના સંગમાં અહીં રોગો ને રગડા કયાં ઓછા થાય છે?

ઈષ્ટ વિષયોનો વિયોગ થતાં કેવા કલેશ, કષ્ટ અને કદર્પાત જન્મે છે!

આજે દુનિયા ત્રાહિ-ત્રાહિ પોકારે છે એ શા કારણે? વિષયોના લીધે જ ને?

સગાં-સ્નેહી સાથે પણ કોરટોમાં ઝગડવાનું ને એમના તરફથી બીજા ત્રાસ જન્મવાનું મૂળ તો વિષયોના-દુન્યવી પદાર્થોના કારણે જ ને?

ઘરસંસારમાં એકબીજાના ઊંચા મન, કડવા બોલ, અને કટુ વર્તાવ, આ બધું વિષયોના હિસાબે જ થાય ને?

એમ. કષાયરૂપ સંસાર પણ કયાં ઓછી વિટંબણા આપે છે?

ક્રોધ કરતાં તો કરી નાખ્યો પણ પછી પસ્તાવાનો પાર રહેતો નથી; સામાના પ્રેમ-સદ્ભાવ ખંડિત થાય છે; ને કદાચ આગળ વધીને જીવનભરના યા ભવોભવના વૈર-વિરોધ ઉભા થાય છે. અગ્નિશર્માએ ક્રોધની પાછળ કેટલું ભોગવ્યું? અહીં પણ અનર્થ ઓછા છે?

આપણા ક્રોધની પાછળ સામાના મન બગડી ગયા પછી એ આપણી વિરુદ્ધ પણ વર્તવા સંભવ છે, ને તેથી આપણે નુકશાન-આપત્તિના ભોગ બનવું પડે છે.

ક્રોધ કરનારને પોતાને પણ એની શારીરિક યંત્ર પર અસર પડે છે ને વિચિત્ર રોગો જન્મે છે, એમ આજના વિચારકો અને શોધકો પણ કહે છે.

રોગ થયો એટલે એની પાછળ પૈસાના આંધણ, પીડાના કલેશ અને કેટલાય કાર્યો સીદાવા ઉપરાંત ધર્મસાધવામાં ડખલ, ઈત્યાદિ સહેજે આવી ઉભો છે.

ત્યારે ક્રોધિલાની આબરૂ કેવી? સમાજમાં સ્થાન કેવું? સારા સલાહ લેવા લાયક કે નેતા થવા તરીકેની લાયકાત કેટલી? આમ ક્રોધ કષાય રૂપી સંસાર ફળમાં દુઃખ સિવાય બીજું શું સારૂં દેખાડે છે?

તો **અભિમાન કષાય** પણ, સામેથી શેરને માથે સવાશેરિયો મળવો જોઈએ ત્યાં સમજાય કે કેવાં અપમાન, ને કેવી રીબામણ આપે છે! કદાચ બીજાઓ સહી લે તોય એમના દિલમાંથી અભિમાનીનું સ્થાન ઘટે તો ખરૂં જ. 'હું કાંઈ રાંક કે ભોટ નથી' એવું .હું'પદ, હું બરાબર વિચારૂં-કરૂં છું એવી આપમતિ, 'મારૂં તે સારૂં અને સાચું જ' આવો હઠાગ્રહ, આ બધા માન કષાયનાં રૂપકો છે; એની પાછળ જગતમાં ને જાતમાં જોઈ વળો, કેટકેટલા અનર્થો જન્મે છે? હું'પદ, આપમતિ અને હઠાગ્રહના પરિણામે ભારે નુકશાન થયાની હકીકતોના તો આ જગતમાં મોટા ગ્રન્થો ભરાય? હું'પદની

પાછળ વાતવાતમાં પોતાની જ વડાઈ, ચતુરાઈ અને ચોકસતાના ગીત ગાવા તો માંડ્યા, પણ સામાના મગજ પર એની કેવી ઉંધી અસર થાય છે અને એના પરિણામે ઉલટી પોતાની કિંમત કેવી ઘટતી જાય છે એ ક્યાં જોવું છે? તેમ, એવા કોઈ અવસરે પોતાની ગાયેલી વડાઇ ચતુરાઇ કેવી માથે પડે છે, અગર મૂર્ખતામાં ઉતરે છે, એ બધો વિચાર કરાય તો અનર્થનો ખ્યાલ આવે. ત્યારે આપમતિમાં તણાવાથી તો કેટલીય વાર ઠોકર આવી પડે છે ને નુકસાનમાં મૂકાવું પડે છે! જીવનમાં મળતી દુર્લભ સોનેરી તકોને આપમતિમાં ગુમાવવાનું થાય છે, ને મનમાન્યા પણ અવળા રસ્તે, અવળી પ્રવૃત્તિમાં ચઢવાથી ભારે આગળ વધવાનું ચૂકાય છે, ને પોતાની કિંમતી શક્તિઓ મામુલી વાતમાં વેડફાઇ જાય છે, તેમ નુકસાન વહોરવું પડે છે એ જુદું. તો, હઠાગ્રહના દુઃખદ પરિણામનું તો પૂછતા જ મા. હઠાગ્રહમાં રાવણે ઈન્દ્રજીત ખોઈ! ત્રણ ખંડનું સામ્રાજ્ય ખોયું! મહામૂલું માનવજીવન ગુમાવ્યું! આજે નવી પ્રજા આપમતિ અને હઠાગ્રહમાં ક્યાં અનર્થો નથી અનુભવતી? તમારા જીવનમાં ય સંપત્તિનાશ, રોગ, સ્નેહભંગ, હાયબળતરા વગેરે દુઃખદ પરિણામો જોયા છે ને? બધાનો સાર આ છે કે ચાહ્ય હુંપદ હો, આપમતિ હો કે હઠાગ્રહ હો, એ બધા જે માનના રૂપકો છે, એ માન કષાયરૂપી સંસાર દુઃખફલક છે.

ત્યારે શું માયા કષાય એટલે કે વક્રતા, દંભ, ભેદનીતિ, શઠતા, દાવપેચ વગેરેના પરિણામમાં સુખ મળે છે? દંભી અને વક્ર માણસ બીજાનો વિશ્વાસ ગુમાવે છે, પ્રેમ ગુમાવે છે, પ્રતિષ્ઠા ગુમાવે છે. ત્યારે જેની પાસેથી સ્વાર્થ છે, એનો વિશ્વાસ ગુમાવ્યા પછી દુઃખ શું ઓછું લાગે છે? પ્રેમને બદલે અરુચિ-દ્વેષ દેખવા મળે ત્યાં મન કેટલી વ્યથા અનુભવે છે? પ્રતિષ્ઠા ખલાસ થઈ ત્યાં કેટકેટલી વિપદા ઉભી થાય છે? બધું મૂળ દંભરૂપી આંતર સંસારના ડિસાબે જ ને? ભેદનીતિ કરવા જતાં, શઠતા રમવા જતાં, ને દાવપેચ ખેલવા જતાં પાસા ઉંધા પડયે ટાંટિયા કેવા ગળામાં ભરાય છે! કેવા કેવા માર ખાવા પડે છે! એ બધું જગતમાં જોવા મળે છે ને? કદાચ પાસા સીધા પડે તો ય આગળ જતાં કેઇ નવા દુઃખદ લફરા ઉભા થાય છે!

એવું જ લોભ, તૃષ્ણા, મમતા, રાગાંધતા, આસક્તિ વગેરે પણ સારી રીતે દુઃખ, પીડા, સંતાપના ખાડામાં ઉતારે છે, એ દરેકના અનુભવનો વિષય છે. સટોડિયાના એહાલ, ભાગીદાર કે નોકરોનો ગોટાળો, ભાવમાં ઉથલપાથલ, લેવાના દેવા, સરકારી ટેક્ષોમાં ફસામણ, આ બધું મૂળ તો લોભ, તૃષ્ણા વધારી એના પર જ ને? જેના પર રાગ, મમતા બહુ કર્યા એ અવસરે વાંકા થઈ બેસે ત્યારે ખેદનો પાર નથી રહેતો! શોકનાં રોદણાં ચાલુ થઈ જાય છે! અરે, એ વાંકા ન થાય પણ કોઇ રોગ કે બીજી વિટંબણામાં આવી જાય તો ય એ કેટલું દુઃખરૂપ બને છે? અને નથી ને એનું મૃત્યુ થયું તો તો એના પર જીંદગીભર કલેશ-કલ્પાંતમાંથી ઉગારો ખરો? ત્યારે માણસને કોઇ ને કોઈ વસ્તુની આસક્તિ વળગી, લગની જાગી તો એની પાછળ શું એ સુખી અને સ્વસ્થ બને છે? આ વિશાળ પૃથ્વી પર નજર નાખશો તો દેખાશે કે નાની નાની કે મોટી મોટી દુઃખની પોક પડે છે તે વધારે પડતી આશા, આસક્તિ, મમતા, તૃષ્ણા વગેરેના મૂળમાંથી જ ઉઠેલી હોય છે.

સુરત–અત્રે ગોપીપુરા શેઠ રૂપચંદ લલ્લુભાઇ ધર્મશાળાના ટ્રસ્ટી શ્રી રાયચંદ નગીનચંદ ઝવેરી લખી જણાવે છે કે આ ધર્મશાળા જે છેલ્લા બાર વર્ષથી યાત્રાળુઓ માટે બંધ હતી તે હવે ખૂલ્લી મુકવામાં આવી છે. યાત્રાળુઓને લાભ આપવા વિનંતિ છે અહીં દરેક જાતની સગવડ છે.

સમાચાર સાર

અમલનેર–અત્રે અશાડ સુદ ૧૩ દેરાસરજીના ચોકમાં સુગંધીદાર કેસરના લાખો છાંટાનો વરસાદ થયો છે, સંખ્યાબંધ જૈન જૈનેતરો જોવા આવ્યા હતા. આજુબાજુના ૫૦ કુટમાં પણ થોડા થોડા છાંટા હતા. સુધારક વિચારવાળાને પણ તે જોઇ આશ્ચર્ય થયું હતું અને પ્રભુકૃપા માનવા લાગ્યા હતા.

મુંબઈ–જૈન ધાર્મિક શિક્ષણ સંઘ તરફથી શ્રાવણ સુદ ૫ ના રોજ પાઠશાળામાં ભણતા વિદ્યાર્થીઓની આવશ્યક ક્રિયાના સૂત્રો બોલવાની હરિફાઇ યોજવામાં આવી છે. પહેલી શ્રેણીમાં ‘સંસાર દાવાનલ’ સુધી બીજીમાં બે પ્રતિક્રમણ સુધી, અને ત્રીજીમાં પંચ પ્રતિ૦ નવસ્મરણ સુધી એમ ત્રણ શ્રેણીમાં રાખવામાં આવી છે. પહેલા ત્રણ નંબર સુધી માર્ક મેળવનારને રા. ૭-૪-૨ નું ઇનામ રાખવામાં આવ્યું છે. હરીફાઇ પ્રવેશપત્ર તા. ૫-૮-૫૯ સુધીમાં મોકલી આપવા.

પ્રગતિના પંથે– આપણો વિદ્યાર્થીસમાજ ધાર્મિક સંસ્કારોની વૃદ્ધિ કરીને ‘પ્રગતિના પંથે’ ચડે તે માટે મુંબઇનો ‘શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ’ વિધવિધ યોજનાઓ કરી અમલમાં મૂકી રહયો છે. તેમાંની એક યોજના છે, વકતૃત્વ અને નિબંધ લેખન હરિફાઇ. ગતવર્ષે ‘જૈન ધર્મની વિશેષતા’ એ વિષય પર વકતૃત્વ હરિફાઇ યોજવામાં આવી હતી. ત્યારબાદ આ વર્ષે પણ તા. ૧૨-૭-૫૯ ના રોજ ‘શ્રી નમસ્કાર મહામંત્ર’ એ વિષય પર વકતૃત્વ અને નિબંધલેખન હરિફાઇ યોજાઇ હતી. તેમાં કોલેજના તથા શાળાના વિદ્યાર્થી ભાઇ-બ્હેનોએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો અને તેઓને કુલ રા. ૨૧૪ ના રોકડ ઇનામો તથા પુસ્તકો વગેરે આપવામાં આવ્યા હતાં. હવે આવી જ એક વિશેષ હરિફાઇ ‘જીવનમાં ધર્મનું સ્થાન’ એ વિષય પર યોજવામાં આવી છે. તેની પહેલી શ્રેણીમાં શાળાના વિદ્યાર્થીઓ અને બીજી શ્રેણીમાં કોલેજના વિદ્યાર્થીઓ (જૈન જૈનેતરના ભેદ સિવાય) ભાગ લઇ શકશે. ભાગ લેનાર વિદ્યાર્થીઓએ તે માટેનું ‘પ્રવેશપત્ર’ ભરીને તા. ૧૦-૮-૫૯ સુધીમાં કાર્યાલયમાં મોકલી આપવું આવશ્યક છે. નિબંધલેખન તા. ૧૫-૮-૫૯ શનિવારે બપોરે ૧-૩૦ વાગે અને આખરી હરીફાઇ તા. ૨૩-૮-૫૯ રવિવારે બપોરે ૧-૩૦ થશે. બંને હરિફાઇઓની બંને શ્રેણીઓમાં પહેલા, બીજા અને ત્રીજા નંબરે આવનારને અનુક્રમે રા. ૨૫, ૧૫ અને ૧૦ ના ઇનામો આપવામાં આવશે. કાર્યાલય, પાયધુની, શાંતિનાથજી દેરાસર.

સર્વે વિદ્યાર્થી ભાઇ-બ્હેનો આ હરીફાઇમાં ઉત્સાહપૂર્વક અવશ્ય ભાગ લેશે એવી આશા છે.

બિયાવર–અહિંથી ૨ માઇલ દુર બલાડ ગામમાં રજપુત મોટસિંહ વંદ સવાઇસિંહની જગામાં રહેલી એક મોટી શિલા તોડતા નીચેથી ત્રણ મોટા પાષાણની પ્રતિમાજી નીકળ્યા છે. એમાં વધુ મોટી મૂર્તિ ભગવાન શ્રી આદિનાથજીની છે, એના પર બલાડિયા પદ્માપુત્ર લાલા ખેળપાલે ભરાવ્યાનો અને ઉપકેશ ગચ્છના આચાર્ય શ્રી યશોદેવસૂરિજીએ સં. ૪૯૪ વૈ. વદ ૧૦ પ્રતિષ્ઠા કર્યાનો શિલાલેખ છે. બીજી બે મૂર્તિ ભગવાન શ્રી શાંતિનાથજી અને શ્રેયાંસનાથજીની છે. એ પણ બહુ પ્રાચીન છે. આની સામે જ ૧૦૦ કુટમાં એક પ્રાચીનકાળનું ખાલી જીર્ણમંદિર છે, જેમાં માત્ર બહાર મંગલમૂર્તિ છે. લાગે છે કે આ ત્રણ પ્રતિમાજી આ મ[illegible]. સમાચાર ફેલાતાં આજુબાજુના બધા ગામો[illegible] દર્શનાર્થે ઉભટી પડ્યા અને ભગવાનને ગા[illegible] વાજતે જિનમંદિરમાં સ્થાપિત કર્યા કર્યા છે. રામા નંબરદાર, ઘીસા પટેલ અને મોટાસિંહ કહે છે કે ‘અહિં વિશાલ જૈન શ્વેતામ્બર તીર્થ બનાવવામાં આવે. વીસ રાવત રાજપુત પરિવાર એની પૂજા સેવા કરવા અને મંદિર-માંસ-શિકારનો ત્યાગ કરી અહિંસા ધર્મ પાળવાની પ્રતિજ્ઞા કરવા તૈયાર છે. જૈન સંઘ અમારી ભાવના સફળ કરવા પુરી સહાય કરે.’

આદોની (આંધ્ર)–જૈન મેડિકલ સ્ટોર તરફથી સાધુ, સાધ્વીઓને સહસ્ત્રપુટી અભ્રક, મોતી ભસ્મ, વસંતમાલતી વગેરે દવાઓ ભેટ આપવાની છે. જરૂર હોય તેમણે વૈદના કાગળ સાથે લખવું. તે કાગળ મુજબ જ શ્રાવકના નામ ઉપર મોકલવામાં આવશે.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : ચતુરદાસ ચીમનલાલ શાહ, મુદ્રણસ્થાન : શ્રી જશવતસિંહજી પ્રીન્ટીંગ વર્કસ, વઢવાણ શહેર : દિવ્યદર્શન પ્રકાશન માટે પ્રસિદ્ધ કર્યું.

દિવ્ય દર્શન

સહતંત્રીઓ: બચુભાઈ ચીમનલાલ ઝવેરી, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા) બાબુભાઈ ભાઈલાલ શાહ

: તંત્રી : ચતુરદાસ ચીમનલાલ શાહ | : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ | વર્ષ–૭ : અંક–૪૬ શનિવાર તા. ૧૫-૮-૧૯૫૯

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ સ્વ. આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના** પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના** વિદ્વાન શિષ્યરત્ન **પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવરશ્રીનાં આધ્યાત્મિક પ્રવચન.**

સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે ?

તત્ત્વપ્રતિભાસ, તત્ત્વપરિણતિ અને તત્ત્વસંવેદન

(૧) તત્ત્વનો પ્રતિભાસ :–

જ્ઞેય, હેય, ઉપાદેય–ત્રણેય પ્રકારના તત્ત્વનો તો પ્રતિભાસ એક જાતનો જ. એનું જ્ઞાન માત્ર હોય, પરંતુ આત્મા પર તેની કોઇ યોગ્ય અસર નહિ; ઉલટી ઉધી અસર હોય. દા. ત. જીવ, અજીવ જાણવા છતાં મને કબૂલ ન કરતું હોય કે 'આ જીવ–અજીવની જે વ્યવસ્થા સર્વજ્ઞ શ્રી જિનેશ્વરદેવે બતાવી છે તે તેવી જ છે, બરાબર છે.' ઉલટું મનને લાગતું હોય કે આમ તે હોતું હશે ? એમ, પાપ–આશ્રવ–બંધ તત્ત્વનું જ્ઞાન માત્ર થયું, પણ રુચિ નહિ, શ્રધ્ધા નહિ, અને યોગ્ય અસર નહિ. એમ નહિ કે આ પાપ વગેરે તરફ ઘૃણા થાય, એના તરફથી કોઈ ભય લાગે. એમાં અકળામણ ન થાય, હૃદય કંપે નહિ, ચિંતા ન રહે કે 'અરે ! **આ પાપ વગેરે સેવ્યે જાઉં છું પણ એમાં મારા આત્માનું શું થશે ? આવા ઉંચા ભવમાં આવું કાર્ય કરવાનું ?**' વગેરે વગેરે કોઇ લાગણી, કોઇ અસર, કોઈ ચોંટ ન લાગે. બસ કોરેકોરું જાણી લીધું કે 'જૈન ધર્મમાં આને આને પાપ કહ્યાં, આટલા આશ્રવ, આ આ બંધ.' એવી રીતે પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષનું કોરું જ્ઞાન માત્ર હોય, એના પર યથાર્થપણાની શ્રધ્ધા નહિ. 'પુણ્ય એ જિનેન્દ્રદેવે વર્ણવ્યા મુજબ છે, ધર્મસામગ્રી તરીકે ઉપયોગી છે; જિનવચનાનુસારી સંવર–નિર્જરા એ જ આત્મહિતકારી પ્રવૃત્તિ છે, મોક્ષ સર્વજ્ઞ ભગવંતે કહ્યો તે જ પ્રમાણે છે; અને એ જ મારું અંતિમ લક્ષ્ય છે. અહો આ બધું કયારે મળે !' **સંવર વગેરે પ્રત્યે આવી કોઈ જ લાગણી નહિ, એના પ્રત્યે કોઇ જ હરખનું, એમાં જ આશ્વાસનનું, નિશ્ચિન્તતાનું વલણ નહિ !** ઉલટું એનાથી બીએ, 'આ સંવર, નિર્જરાથી તો આપણે દુઃખી થઈ જઇએ ! આનાંથી તે સુખ મળતું હશે!....' આવો આવો ભ્રમ રહ્યા કરે. આ સ્થિતિમાં તત્ત્વો સાથે કદાચ બોધ થવા દ્વારા સંબંધ થયો, પણ તે માત્ર પ્રતિભાસરૂપ સંબંધ કહેવાય.

૨ તત્ત્વની પરિણતિ :–

ત્યારે તત્ત્વ સાથે પરિણતિરૂપ સંબંધ થવામાં જ્ઞાન ઉપરાંત તત્ત્વની રુચિ, શ્રદ્ધા, પ્રતીતિ જોઇએ. અંતરાત્મામાં એમ થાય કે 'આ આ તત્ત્વ સર્વજ્ઞ

ભગવાને કહ્યા તે યથાર્થ છે, તે મુજબ જ છે; એમાં રંચ માત્ર ફરક નથી, ખોટાપણું નથી. એમાં કેટલીય વસ્તુ મારે પ્રત્યક્ષ નથી, છતાં વીતરાગ સર્વજ્ઞે કહી છે માટે બધી બરાબર સાચી છે, વિસ્તૃત કથન કર્યું છે તે અણીશુદ્ધ સાચું છે.'

આ હૃદયથી સાચું લાગ્યાનું પ્રતીક એ કે તે તે તત્વોની પ્રત્યે તેનાં સ્વરૂપ પ્રમાણે વલણ ઘડાય, સ્વરૂપને અનુરૂપ લાગણી ઉભી થાય. હજી અમલ કદાચ ન કરી શકતો હોય, પણ મનનું અનાદિનું ધોરણ ફરી ગયું હોય. પહેલાં તે તે તત્વ પ્રત્યે પ્રતિભાસમાં કહ્યું તેવું જે ધોરણ હતું, તે હવે ઉલટું થઈ ગયું. આનું નામ તત્વની પરિણતિ.

૧. જ્ઞેયતત્વની પરિણતિ એટલે? :-

જીવ, અજીવ એ જ્ઞેય તત્વ છે, નહિ હેય, નહિ ઉપાદેય, એટલે કે 'જીવ, અજીવ પ્રત્યે શુધ્ધ જ્ઞાતૃ દૃષ્ટિભાવ રાખવાનો છે; શુધ્ધ એટલે કોઈ રાગદ્વેષના સંમિશ્રણવાળું જ્ઞાન-દર્શન નહિ, પણ ઉદાસીન જ્ઞાન દર્શન, તટસ્થભાવનું જ્ઞાન દર્શન. તો જીવ અને અજીવ એ આવા શુધ્ધ હેય તત્વ છે.' એની એ રીતની શ્રધ્ધા બની ત્યારે કહેવાય કે આ વસ્તુ-સ્થિતિને યોગ્ય પરિણતિ, એને યોગ્ય વલણ પોતાના આત્મામાં ઉભું થયું હોય. એને યોગ્ય વલણ એ, કે અંતરાત્મા કબૂલ કરે કે 'મારો આત્મા મૂળમાં વીતરાગ સ્વભાવનો અને જડ-ચેતન જગતથી તદ્દન ન્યારો છે, અલિપ્ત છે. મૂળ સ્વભાવે મારે એની સાથે કોઈ લેવાદેવા નથી. હા, અત્યારે હું કોઇને રાગનો ને કોઇને દ્વેષ-અરુચિની નજરથી જોઉં છું ખરો, પરંતુ તે બધું મારો વિભાવ છે. ધીરે ધીરે મારે તો સ્વભાવની નજીક થવાનું છે, અને જીવ-અજીવ માત્રને મારે શુદ્ધ જ્ઞેય રાખવાના છે;' આવું વલણ જાગી જાય એ જીવ-અજીવ તત્વની પરિણતિ. તપાસજો, મોટા ઇન્દ્રના ઠાઠ કે મોટી નરકની ભઠ્ઠીઓ પ્રત્યે કોઇ રાગદ્વેષ કર્યા વિના એને શુધ્ધ જ્ઞેય તરીકે ઉદાસીન ભાવથીજ જોવા નવાજવાના કોડ થાય છે ને? તો જ્ઞેય તત્વની પરિણતિ આવી.

૨. હેય તત્વની પરિણતિ :-

હવે જુઓ, સર્વજ્ઞ ભગવાને **પાપ, આશ્રવ અને બંધ** તત્વને હેય કહ્યાં છે, તો એ પોતાના દિલને બરાબર હેય લાગે, **એ ત્યાજ્ય જ ભાસે, એની પ્રત્યે હેયતાને યોગ્ય વલણ ઉભું થાય.** જેમ કોઈ અયોગ્ય શેઠને ત્યાં કોઇને કદાચ નોકરી કરવી પડે, પણ એને એ નોકરી હેય અર્થાત્ ત્યાજ્ય જ લાગે છે, છોડવા જેવી જ લાગે છે, તો એને યોગ્ય માનસિક વલણ એવું રહે છે કે એને દિલમાં સદા એના તરફ ઘૃણા અને એના સંતાપ રહે છે, શેઠની અયોગ્યતાના ભાવી વર્તાવમાં અનર્થનો ભય રહે છે, ચિંતા રહે છે, નોકરી જો લાગ મળે તો છોડવાની તમન્ના રહે છે! બસ, એવી રીતે **આ પાપ આદિ ખરેખર હેય લાગ્યા, તો એની ઘૃણા અને એના તરફ સંતાપ રહ્યા કરે! એના અનર્થની ચિંતા રહ્યા કરે! ભય રહે! એમાં અકળામણ થાય! હંમેશા એમ તરવરાટ થયા કરે કે 'કયારે લાગ મળે ને આ પાપ, આશ્રવ વગેરે છોડી દઉં!'** મોટરોવાળા ઘોરી રસ્તે ચાલતાં કેવો ભય રહે છે! ગરીબી જીવવી પડે છતાં કેવો સંતાપ હૈયાને બાળ્યા કરે છે! કાંઇ અજુગતું બોલાઈ-ચલાઈ ગયું પછી નુકસાનની કલ્પનાથી કલેજું કેવું કંપે છે! કલેશ-કંકાશવાળા કુટુંબીઓમાં રહેવું પડે છતાં કેટકેટલી અકળામણ થાય છે! આ બધાથી છુટવાની કેવી તાલાવેલી રહે છે! બસ, આ રીતે પાપ, આશ્રવ અને બંધના ઘેરાવામાં ઘેરાયા ભય, સંતાપ, કંપ, અકળામણ વગેરેનો અનુભવ થયા કરે, એમાંથી છુટવાની તમન્ના રહ્યા કરે; એનું નામ એ હેય તત્વોની પરિણતિ.

ઉપાદેય તત્ત્વોની પરિણતિઃ-

હવે પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષ એ ચાર તત્ત્વો ઉપાદેય છે, તો એના પર એવી અટલ રુચિ, શ્રદ્ધા, પ્રતીતિ, કે 'જીવનમાં એજ ખરેખરા કર્તવ્ય તરીકે શ્રી સર્વજ્ઞ પ્રભુએ જે અને જેવા જેવા ફરમાવ્યાં છે, તે યથાર્થ છે. એમાં મીન-મેખ ફરક નથી. એના સિવાય બીજું કર્તવ્ય જ નથી, ઉપાદેય જ નથી, ભલે એના રુડાં ફળ આપણે કદાચ પ્રત્યક્ષ જોઈ શકતા ન હોઇએ, છતાં એ હિતકારી જ છે, એ જ હિતકર છે. એના ઝીણા ઝીણા પ્રકારો અને એની ઉપયોગિતા કેટલીક પ્રત્યક્ષ ન હોય છતાં એ એમજ છે.' આવી અટલ શ્રદ્ધા જોઇએ, આ શ્રદ્ધાની અસર એ થાય કે એ તત્ત્વોની કર્તવ્યતા-ગ્રાહ્યતાને અનુરૂપ વલણ આત્મામાં ઉભું થઇ જાય. શું આવે એ વલણમાં? એજ, કે એ સંવર, નિર્જરાદિ પામવાની લાલસા અને પામ્યાનો ગળચટો સ્વાદ દિલને રહ્યા કરે. લક્ષ્મીને ગ્રાહ્ય સમજનારને લક્ષ્મી પામવાની કેવી મધલાળ છૂટે છે? એવી મધલાળ આ ખાસ સંવર-નિર્જરા પામવાની ઝર્યા કરે, મનનું વલણ એવું ઉભું થઇ ગયું હોય કે આમાં જ કલ્યાણ, અને જીવન સાર્થકતા લાગ્યા કરે, એમાં જ આશ્વાસન અને હુંફ લાગે. આ સિવાયના જીવનમાં કાંઈ માલ નથી એમ સચોટ ભાસે. સંવર, નિર્જરા, મોક્ષની પ્રત્યે પ્રેમની દૃષ્ટિ રહે. પુણ્ય પ્રત્યે પણ ધર્મ સામગ્રી તરીકે જ મીઠી નજર રહે. આવું બધું વલણ મનનું ઘડાઇ જાય એ ઉપાદેય તત્ત્વની પરિણતિ.

ભાવદર્શન માત્ર બોલવામાં નથી પણ હૃદય પલટો કરવામાં છેઃ—

ભાવસમ્યગ્દર્શન લાવવા માટે દર્શનનો ભાવ કેળવવાનો છે. એમાં આ જ્ઞેય-હેય-ઉપાદેય તત્ત્વોની પરિણતિ ઘડવાની છે, ઘડવા માટે સત્સંગ અને ખૂબ ખૂબ જિનવાણીનાં શ્રવણ ઉપરાંત જિનભક્તિ, તીર્થયાત્રા, જાપ, પંચ પરમેષ્ઠીનું ધ્યાન-સ્મરણ, તેમ બીજી ધર્મ સાધનાઓ દા. ત. દાન-શીલ-તપ-ભાવના, વ્રત-નિયમ, જ્ઞાન-ધ્યાન વગેરે કેટલીય ચર્યા પણ આદરવી પડે. એવા પણ જીવો જગતમાં હોય કે જે ઠેઠ સર્વવિરતિ સાધુ-દીક્ષા સુધીની ચર્યા પાળ્યા પછી ભાવ-સમ્યગ્દર્શનની ફરસના જેવા પામે. આનો અર્થ એ છે કે તત્ત્વપરિણતિ યાને ભાવદર્શન પામવું સહેલું નથી. તત્ત્વની પ્રત્યે તારેતાર ઝણઝણી ઉઠે, અનાદિની ઉંધી માન્યતા અને વલણ સદંતર ભૂંસાઇ જાય, તદ્દન પલટાઇ જાય, અવળી દૃષ્ટિમાં આખો પલટો આવી જાય ત્યારે ભાવદર્શન અસ્તિત્વમાં આવે છે. એ, 'તત્ત્વ સાચું, અતત્ત્વ ખોટું" એવી કેવળ માનસિક નવકારવાળી ગણવાથી નથી આવતું. 'સંસારમાં શો સાર છે? ભગવાન કહે છે તે સાચું છે,' એમ એમ માત્ર બોલવા-માનવા પર નથી આવતું; પણ એની પાછળ તો હૃદયનાં વલણ અને ધોરણ ફેરવવાં જોઇએ છે. જગત નિસ્સાર લાગે, જિન અને જિનવચન જ સાર, મહાસાર લાગે, હૈયું એમના પર ઓવારી જતું હોય!-આવું બધું કયારે બને? સમ્યગ્દર્શનને પ્રગટાવનારી અને વધુ વધુ નિર્મળ કરનારી પ્રવૃત્તિઓને જીવનમાં ઝગમગતી રાખવામા આવે. સર્વજ્ઞ ભગવાન શ્રી જિનેશ્વરદેવ ઉપર હૈયામાં અથાગ પ્રીતિ ઉભરાતી કરવી પડે, ભારોભાર ભક્તિ ઉછળતી રાખવી પડે.

જિનપ્રીતિનો આકારઃ-

એમ થાય કે 'અહો! મારા પ્રાણ, મારા સ્વામી, મુજ જીવનભૂત હે જિનેશ્વરદેવ! નાથ તારો કેવો અચિંત્ય અનંત પ્રભાવ! તારા કેવા અનંતાનંત ગુણરત્ન! કેવો, પ્રભુ!, તારો જગત પર અને આ રાંક મુજ સેવક પર અનંતો ઉપકાર! કેવું લોકોત્તર વિશ્વપ્રકાશી તારું શાસન! હે દેવોના પણ દેવ! યોગીઓના પણ યોગીશ્વર! શાસકોના પણ શાસક! મનને થાય છે કે, તારા

મૂલ્યાંકન રૂપે અને તુજ ઉપકારોની કૃતજ્ઞતારૂપે હું તારી શી શી સેવા ન કરી લઉં? મારૂં શું શું તને ન સમર્પી દઉં? હે મારા નેત્ર! હે મુજ હૃદય! તું તો યોગીઓને પણ અકલ, જ્ઞાનીઓને પણ અગોચર, તને હું શું કળી શકું? શું સ્તવી શકું? વહાલા વિભુ! બસ, હું તો તારાં ચરણે મારા આત્માને અર્પણ કરૂં છું, મારે તુંજ શરણ છે, તારૂં સમસ્ત પ્રવચન જ સાંગોપાંગ શરણ....' આવા આવા અંતરમાં નાદ ગાજે. એની સાથે એ નાથ, અને એમના મુનિઓની ભાવભરી સેવા-ભક્તિ, તથા જીવદયા, તીર્થસેવા, સંઘસેવા, નમસ્કાર મંત્રની ઉપાસના, શાસ્ત્ર લખાવવા, એની વાચનાઓ કરાવવી, વ્રત-નિયમો, ત્યાગ-તપસ્યા, જ્ઞાન-ધ્યાન, વગેરે કોઇ શુભ પ્રવૃત્તિઓ હોંશે હોંશે આદરવી જોઇએ. તત્ત્વપરિણતિ ન આવી હોય તો એ લાવવા માટે આની જરૂર છે, ને આવી હોય તો એ આની આની જ પ્રેરણા કરે છે.

(૩) તત્ત્વ-સંવેદન

તત્ત્વપ્રતિભાસમાં તો તત્ત્વનું કોરૂં જ્ઞાન હતું, શુષ્ક બોધ માત્ર હતો; તત્ત્વપરિણિતિમાં જ્ઞાન પરિણતિવાળું એટલે કે આત્મા પર એની અસરવાળું બન્યું. હવે તત્ત્વ-સંવેદનમાં જ્ઞાન અમલવાળું બને છે. પરિણતિમાં તત્ત્વ પરિણત થયું, ઠર્યું, 'એ બરાબર એમ જ છે,' એમ સચોટરૂપે આત્માની આરપાર ઉતરી ગયું એટલું જ, જ્યારે **સંવેદનમાં તત્ત્વને આત્માથી ખરેખર સંવેદવાનું છે. એ કયારે થાય? અમલ થાય ત્યારે. દા. ત.**

જ્ઞેય તત્ત્વનો અમલ :-

જ્ઞેય તત્ત્વના અમલમાં જ્ઞેયતા અનુભવવા માંડવી પડે. તેમાં જીવ-અજીવ પ્રત્યે રાગદ્વેષ રહિત અર્થાત્ ઉદાસીન દૃષ્ટિથી જોવાનું કરવું જોઇએ. આમાં કાંઇ પહેલે તબકકે વીતરાગભાવ ન આવી શકે, છતાં ઈષ્ટ-અનિષ્ટ વિષયો અને વ્યક્તિને રાગદ્વેષની નજરે જોવાનું ઓછું કરાતું જાય, વસ્તુ દર્શનમાં રાગદ્વેષનું મિશ્રણ મોળું મોળું પડાતું જાય, ક્રમશઃ આગળ વધતાં અમુક અમુક **બિનજરૂરી આબતોમાં તો રાગદ્વેષ લાવ્યા વિના જાણે આપણને કાંઈ લાગતું વળગતું જ નથી એ રીતે તટસ્થ ભાવનું જ્ઞાન કે દર્શન કેળવતા જવાય, તો વીતરાગ દર્શનની દિશામાં જવાય.**

ત્યારે જગતમાં જુઓ કે એવી ઢગલાબંધ ચીજો છે, કે જે કાં આપણી નજરે ચઢે છે, અથવા જાણવા-સાંભળવામાં આવે છે, પરંતુ એની સાથે આપણા ચાલુ જીવનને નુકશાનનો કે ઉપયોગોનો કોઈ સંબંધ નથી. બજાર વચ્ચેથી તમે પસાર થઈ રહ્યા છો, સારી-નરસી કોઈ વસ્તુ નજરે ચઢે છે, તમારે એ લેવી મૂકવી નથી, પછી એને જોતાં જોતાં શા સારૂ રાગદ્વેષ કરવા? શા માટે એને રાગદ્વેષની નજરે જોવા? અથાત્ હૃદયના ખીલવા-કરમાવા સાથે, અથવા આંખ-મોઢું ઉલ્લસિત કે બગડેલું કરીને જોવાની શી જરૂર? ઠીક છે, સમૂળગું એ બંધ ન કરી શકીએ, પરંતુ એમાં કાપ તો મૂકી શકીએ ને? ઓછું ઓછું તો કરી શકીએ ને? થોડો થોડો ઉદાસીન ભાવ તો કેળવતા જઇ શકીએ ને?

તમને થશે કે,

પ્ર૦ અનાદિનો અભ્યાસ જ રાગદ્વેષથી જોવાનો પડી ગયો છે, ત્યાં એ શી રીતે બને?

ઉદાસીન દર્શનનો ઉપાય:

ઉ૦ પણ મુંઝાશો નહિ. અનંતા મહાપુરુષો એ કરી ગયા છે, એટલે અશકય નથી એ સિધ્ધ થાય છે. રાગદ્વેષ વિનાના ઉદાસીન દર્શનનો ઉપાય એ છે કે જે કાંઈ દેખાય એના તત્ત્વમાં ઉંડા ઉતરો. એ જુઓ કે જડ પુદ્ગલો-માત્ર પરિવર્તનશીલ છે, આજે ઉજળા, તો કાલે કાળા; ઘડીમાં મીઠા, તો પછી કડવા; હમણાં સારા સુગંધી, એજ પછી દુર્ગંધવાળાં. આમ જ્યારે

એ પલટા પામ્યા જ કરે છે, તો એના પર રાગદ્વેષ શા કરવા? હા, જે સારૂં એ સદાનું સારૂં હોત તો તો હજી એને સારૂં માની ખીલ્યા હોત એ સહેતુક ગણાત. પરંતુ જે એ પાછું નરસું થવાનું જ છે, તો એના પર ખીલવામાં શી બુદ્ધિમતા છે? રાગ-અરુચિ કરવામાં શો અર્થ સરવાનો છે? બરફીના પુદ્ગલ પેટમાં ગયા પછી ગંદા અને પરિણામે વિષ્ઠાના પુદ્ગલ બની જાય છે, પછી શા માટે બરફી પર રાગની દૃષ્ટિથી જોવું? તેમ, એના એ જ સારા પુદ્ગલના વર્ણ-રસ-ગંધ ફરી જઈ બગડી ગયા પછી એના પ્રત્યે શા માટે મોઢું મચકોડવું?

તમે કહેશો, 'એ બગડી ગયા એટલે મનને એમ થાય છે;' પરંતુ મહાનુભાવ! એ તો વિચારો કે,

એ બગડે એમાં આપણે બગડવું?

હવા બગડે છે છતાં માણસ પોતાનું શરીર ન બગડવા દેવાની પૂરી કાળજી કરે છે. તો જડ બગડે એમાં આપણા આત્માનુ શું બગાડયું કે આપણે કરમાઈ જવું, ને એ સુધરે એમાં આત્માનું શું સુધર્યું કે એને જોઈને મલકાઈ જવું ને આંખો નચાવવી? અરે! વ્યવહારૂ દૃષ્ટિએ પણ આપણા તાબાની નહિ એવી સેંકડો હજારો ચીજો જોવા સાંભળવા મળે છે, એ સારી માની ખીલ્યા, તેથી આપણને થોડીજ કામમાં આવે છે? ઉલટું એને રાગથી સારી તરીકે જોયા પછી તો એ ન મળ્યાના ઓરતા થાય છે! અને 'મળે તો સારૂં, કેમ મેળવું' એવા એવા મનને સંતાપ થાય છે, તો વ્યવહારથી પણ શું સારૂં પરિણામ નીપજાવ્યું? ઉલટું ન જોઈ હોત તો ચિત્ત જે સ્વસ્થ રહેત તે રાગની નજરે જોયા પછી અશાંતિ-સંતાપની હૈયા-હોળી ઉભી કરી? માટે જ રાગ વિના ઉદાસીન ભાવે જોવામાં મઝા છે. એવું જ **આપણા તાબાની વસ્તુઓ પણ જેટલું રાગદ્વેષની નજરથી જોવાનું કરાશે એટલો સંતાપ અને દુઃખ થવાનું છે.** વસ્તુ મળી તો રાખી લીધી મળી છે તો વાપરી લીધી, પરંતુ રાગ-દ્વેષની આંધીઓ ચઢાવવાથી કોઈ જ લાભ નથી.

આ માત્ર જડ અંગે જ સમજતા મા. જીવો માટે પણ એ જ ઉદાસીન દૃષ્ટિ રાખવાની છે. પરાયા માણસો ગમે તેવા કૃપાળા મીઠાબોલા, સેવાભાવી ઈત્યાદિ હોય, તેથી આપણને શું? અથવા કુબડા, કડવાબોલા, કે સ્વાર્થીય હોય, તેથી ય આપણે એની સાથે શી લેવાદેવા? એમને રાગ-દ્વેષથી જોવાની કોઈ જરૂર છે? તત્ત્વ સંવેદનમાં આવવા માટે અહિંથી શરુઆત કરવાની છે. કે આપણને નિસ્બત નથી તેવા લોકોને રાગ-દ્વેષથી નિહાળવાનું ઓછું કરતા આવીએ. ભલે તમને આ ઊંચી કક્ષા લાગે, પરંતુ કંઇક કંઇક પણ અભ્યાસ પાડવાની જરૂર છે. નિસ્બત વિનાનામાં ય નહિ પાલવે તો તો પછી જેની સાથે નિસ્બત છે, અર્થાત્ આપણા સ્વાર્થના સાધક યા ઘાતક છે, એને રાગ-દ્વેષ વિના ઉદાસીનભાવે જોવાનું આ જન્મમાં તો શું પણ પરભવમાં ય સંભવિત છે ખરૂં?

આત્મહિતકારી જીવ-અજીવ પ્રત્યે કેવું વલણ?:-

અહીં એટલું ધ્યાન રાખવાનું છે કે જ્યાં સુધી વીતરાગ દશા નથી પ્રાપ્ત થઈ ત્યાંસુધી આત્મહિતકારી તત્ત્વો પર બહુમાન દૃષ્ટિ રાખવાની છે, અનહદ નિર્મલ રાગ ધરવાનો છે. તો જ એમનું હાર્દિક આલંબન લેવાશે; અન્યને છોડી એમનું જ આલંબન કરાશે. એવું જ આત્મહિતના ઘાતક અને અહિતમાં નિમિત્તભૂત તત્ત્વ પ્રત્યે પ્રત્યે અરુચિ-અણગમો બરાબર ઉભો રાખવાનો છે. તો જ એનાથી દૂર રહેવાનું કરાશે. જ્યાંસુધી સાધક અવસ્થા છે, ત્યાંસુધી વીતરાગતા સિદ્ધ નથી થઈ, એટલે ક્યાંક ને ક્યાંક રાગ અને અરુચિ રહેવાના તો ખરા. હવે જે આત્મહિતકારી પ્રત્યે અતિ રાગ, ભારે બહુ-

માન નથી રાખતા, તો સહજ છે કે અહિતકારી તત્ત્વ ઉપરનો રાગ ચાલુ રહેશે; એમ અહિતકારી વસ્તુ પર અરુચિ જો નથી, તો હિતકારી પર દિલ ચોંટશે નહિ; તેમ એ અહિતકારીને છોડવાનું મન નહિ થાય. દા. ત. વેશ્યા-માંસ-મદિરા વગેરે ઉપર જો ભારોભાર અરુચિ નથી તો એનાથી દૂર રહેવાનું કયાંથી કરાશે? સંયમ ઉપર અનહદ રાગ નથી તો એને વળગી રહેવાનું શી રીતે બનવાનું હતું? દેવાધિદેવ અને સદ્‌ગુણ ઉપર ભારોભાર પ્રીતિ હશે, બહુમાન હશે, તો જ એમની ઉપાસના અને એમના વચનની આરાધનામાં લીન બન્યા રહેવાશે. એવું જ જિનમૂર્તિ-મંદિર-તીર્થ-ધર્મપુસ્તક વગેરે અંગે સમજવું. આ સૂચવે છે કે જીવ-અજીવ તત્ત્વની અંતર્ગત જ આત્મહિતકારી અને આત્મ-હિતઘાતક વસ્તુઓ પણ છે, પરંતુ એના પ્રત્યે ઉદાસીનભાવની વાર છે, કયાં સુધી? જ્યાં સુધી આત્મા રાગ-દ્વેષથી સર્વથા વિમુકત નથી બન્યો ત્યાં સુધી. અલબત્ત આમાં અપ્રશસ્ત એટલે કે આત્મહિતઘાતક જે જીવ પદાર્થ, દા. ત. વેશ્યા, ધર્મદ્રોહી, પાપોપદેશક, વગેરે જીવોથી બચવા એમના પર જે ભારોભાર અરુચિ રાખવાની છે, તે એમની પાપપ્રેરકતાને લીધે રાખવાની છે, પણ નહિ કે કોઇ અંગત વ્યકિતગત દ્વેષ-દુશ્મનાવટને લીધે; કેમકે એમ તો 'જીવ માત્રનું એટલે એમનું પણ ભલું થાઓ, એમને ય સદ્‌બુદ્ધિ સુઝો'-એમ એમને 'પર હિત-ચિન્તા મૈત્રી'ની રુએ મૈત્રી ભાવનાના વિષય બનાવવાના છે. તો જીવરૂપે તો એમના પર દ્વેષ રખાય જ શાનો?

આવો સંપૂર્ણ તત્ત્વપરિણતિનો ભાવ-દર્શન નામનો ધર્મ એ શુદ્ધ ધર્મ છે. હવે ભાવજ્ઞાન અને ભાવચરિત્રની વાત કરવાની છે. પરંતુ તે પહેલાં પેલાં મુનિ શ્રેષ્ઠીપુત્ર ચંદ્રને પોતાની પૂર્વ મંત્રી-અવસ્થાની હકીકત કહી રહ્યા છે તે જરા જોઇએ. મુનિને એ બતાવવું છે કે **આધિ વ્યાધિ ઉપાધિમય સંસાર કેવા કેવા સંતાપ આપે છે, અને એને મિટાવનાર જો કોઈ હોય તો તે સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રનો શુદ્ધ ધર્મ છે.** માટે આપણે શ્રી પંચસૂત્રનો વચનનો આધાર લઇ આટલી ભાવ-સમ્યગ્દર્શનની વિચારણા કહી.

મંત્રીની પત્ની આઘાતમાં મરે છે!:—

મુનિ પોતાની હકીકત કહેતાં કહે છે, ચંદ્ર! જો, રાજાએ પત્ની ઉપર અધિક પ્રેમની ઉપાધિ કરી તો રાજાને પારખું કરવાનું મન થયું, અને હું લડાઈમાં મરી ગયો, એવા સમાચાર મારી પત્ની સરસ્વતીને પહોંચાડયા! પત્ની એ સાંભળીને કયાં ઉભી રહે? **એના દિલને એટલો બધો આઘાત લાગ્યો કે એ ત્યાં ને ત્યાં પ્રાણનો નાશ થવાથી મડદું થઇને પડી!**

મહાનુભાવ **વિચારજે કે આપણા પ્રાણની આસપાસ કેટલા શિકારી ભમે** છે? જેમ જંગલના હરણિયાની આસપાસ શિકારી પશુ ઘુમતા હોય છે, છતાં એ અજ્ઞાન પ્રાણીને હજી વિષય-સુખોની આરાધના સૂઝે છે, પણ આત્મહિતની સાધના સૂઝતી નથી; તેમ આ માનવ પ્રાણીને પણ જો સ્વાત્મહિતની પડી ન હોય અને એનો કોઈ પ્રયત્ન ન કરવો હોય ત્યારે એ વનવગડાના હરણિયા જેવું મૂરખ પ્રાણી કહેવાય કે બીજું કાંઈ?

રાજાના કહેણને કહેવા જનારો માણસ તો સરસ્વતીના મૃત્યુને જોતાં ગભરાઇ જ! ગયો હવે તો બીજો વિચાર કરવાને અવકાશ જ નહોતો, એટલે સીધો ત્યાંથી આવીને રાજાને આ હકીકત કહે છે.

રાજાને પશ્ચાત્તાપ:—

રાજાને આશ્ચર્ય તો થયું પણ સાથે પશ્ચાત્તાપ અને કલેશનો પાર રહ્યો નહિ! મનને થયું કે 'અરે! આ મેં બીજાઓના ચઢાવ્યાથી

કેવું ભયંકર સાહસ કર્યું! બંનેનો પ્રેમ હતો એમાં મારે પારખું કરવાની શી જરૂર હતી? **અને મારે પારખું કરવાનો હક પણ શો હતો?** અરેરે! બિચારી મંત્રીપત્નીના મેં પ્રાણ લીધા? હવે મારી નરક સિવાય બીજી ગતિય શી હોય? ત્યારે મારે મંત્રીનેય હવે માહિત કેવી રીતે કરવો? કેમકે એનોય પ્રેમ પત્ની પર અથાગ છે, તો એ ય પત્ની મરી ગયાના સમાચાર કેવી રીતે સાંભળી શકે? કદાચ સંભળાવી દઉં, તોય એ સાંભળતાં કયાથી જીવી શકે?'

પાપનો ઈન્કાર એ અધમતાઃ—

રાજાને કલેશનો પાર નથી, મંત્રી પ્રત્યે પ્રેમ અને સદ્‌ભાવ ખૂબ છે, તેમ હૃદયનો કોમળ છે. એટલે એનું દિલ વલોવાઈ રહ્યું છે. પોતાના કૌતુકના હિસાબે એક માનવ પ્રાણીનું મોત નિપજાવ્યાનો ભયંકર ગુનો એની નજર સામે તરવરી રહ્યો છે. મોટો રાજા છે, બનવાનું બની ગયું, એવા શોક શા સારૂ કરે? મન વાળવું હોય તો શું ન વાળી લે કે 'એમાં કયાં મેં શસ્ત્ર ચલાવરાવ્યું છે કે ઝેર દેવરાવ્યું છે? પોતાના હૃદયની નિર્બળતાથી એક સમાચાર માત્ર ઉપર માણસ મરે એમાં આપણે શું કરીએ?' અથવા શું ઢાંકપિછોડો કરવા ખાનગી માણસને શાન્તં પાપં કરી દેવા ન કહી દે? પણ ના, એની ઉત્તમતા એવું કરવા દેતી નથી. એવું કરનારી તો ક્ષુદ્રતા છે, અધમતા છે. સાહસથી એક તો પાપ કરી નાખવું, પાછું એના પર માની લેવું કે 'મેં કાંઈ એવું પાપ નથી કર્યું' અથવા પાપનો ઢાંકપિછોડો કરવો એ અધમતા નથી તો શું ઉત્તમતા છે? માનવના અવતારે આટલું તો હૃદયબળ જોઈએ જ કે કદાચ પાપ થઈ જાયું તો એનો ઈન્કાર કે ઢાંકપિછોડો નહિ જ કરવો. અધમમાંથી ઉત્તમ બનવા માટે પાપનો સ્વીકાર, ભૂલ કબૂલવી, એ પહેલું પગથીયું છે. પછી, પાપ જ ન કરવું એ ઉપરનું પગથિયું છે.

રાજાએ કેવી ભૂલ કરી એ હવે ન જુઓ, રાજાની વિચારસરણી જુઓ. 'બંનેના પ્રેમનું પારખું કરવાનું મારે પ્રયોજન શું કે હક શો?' અલબત્ત પહેલાં આવો વિચાર કરવો'તો ને? એમ પ્રશ્ન થાય, પરંતુ એટલું ખૂબ સમજી રાખો જીવના જીવતાં જીવતાં જેને સાર સાર ગ્રહી લેવાની જ પડી છે, એ બનેલું ન બન્યું નહિ થનારી વસ્તુ પર આવા પ્રશ્ન ન ઉઠાવે; કેમકે એ વિચારણાઓથી સાર કાંઈ ન મળે, સાર લેવો હોય તો રાજાની પછીની વિચારણા જુઓ.

જીવવાની કળા એટલે સારગ્રહણ

જીવનમાં આ બહુ શીખવાની વસ્તુ છે કે **અસાર અસારનો વિચાર છોડી દેવો અને સારભૂતનો જ વિચાર કરવો. બને ત્યાં સુધી ભાષણ અને વર્તન પણ એવું કરવું કે જેમાંથી સાર નીકળે. દુકૃમાં મનુષ્ય તરીકે જીવવું હોય તો સારગ્રાહી જ બનવું જોઈએ.** મનમાં આનો નિર્ધાર કરીને થોડું તો વર્તી જુઓ, ચમત્કારિક અસર દેખાશે. મન ફોરૂં અને પ્રફુલ્લિત બની જશે. અનુભવ થશે કે 'અહો! અસારગ્રાહી વાતો અને વિચારણામાં મારો કેટલો બધો અમૂલ્ય માનવ સમય વહી જતો હતો! માનવશક્તિ અને તકો કેટલીય બરબાદ થતી હતી! મનની શક્તિઓ વેડફાઈ કેવી જતી હતી! ત્યારે અદૃશ્ય પાપના ભાર અને કુવાસનાઓના દૃઢીકરણ વધે એ તો જુદું! જગતમાં જેમ બીજી બીજી કળાઓ છે, એમ જીવવાની પણ કળા છે. તમને કોઈ પૂછે છે કે જીવન જીવવાની કળા કોને કહેવાય? તો આ ટૂંકો ઉત્તર છે કે એવું જીવાયે જવાય કે ડગલે ને પગલે સાર સાર ગ્રહણ કર્યે જવાય, અને અસારની ઉપેક્ષા થાય, એનું નામ કળાભર્યું જીવન ગણાય, જીવન જીવવાની કળા હસ્તગત થઈ કહેવાય. બસ, જીવવાની કળા એટલે સારગ્રહણ.

સમાચાર સાર

બોટાદ–સંઘની આગ્રહભરી વિનંતિને માન આપી આ વર્ષ પૂજ્ય આચાર્યદેવ વિજયપ્રેમસૂરીશ્વરજી મ. ની આજ્ઞાથી પૂ. પન્યાસજી રવિવિજયજી ગણિવર તથા પૂ. મુનિશ્રી લોચનવિજયજી ચોમાસું બીરાજે છે પન્યાસજી મહારાજને ૫૮ અઠાવનમી ઓળી તથા લોચનવિજયજીને ૩૮ મી ઓલી ચાલે છે. વ્યાખ્યાનમાં તત્વાર્થ સુત્ર ત્થા ભાવના અધિકારે પાંડવ ચરિત્ર વંચાય છે. જન સમુદાય ખુબ લાભ લે છે. ને પર્યુસણ સુધી ૧ કલાક દાન બંધ કરવાનું રાખ્યુ છે.

ધ્રાંગધ્રા–પૂ. પં. શ્રી ચિદાનંદવિજયજી મ. ની નિશ્રામાં ધર્મસાધના સારી થાય છે. બહેનોમાં શંખેશ્વર પાર્શ્વનાથની આરાધનાના અને ચંદનબાલાના અઠમો થયા. પૂ. પં. શ્રી ના સદુપદેશથી અ. વ. ૧૦ ગુરૂવારથી આયંબીલની સમૂહભક્તિ ચાલું કરવામાં આવેલ છે. સાત ભાઇ બહેનો વર્ધમાન તપના પાયા નખાયા. દરરોજ ૨૫ ૩૦ આયંબિલ થાય છે નાના મોટા બાલકો પણ આયંબીલ કરે છે.

સાદડી (રાજસ્થાન) અત્રે વ્યા. વા. પૂ. આચાર્ય દેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. સંઘની આગ્રહભરી વિનંતિથી ચાતુર્માસાર્થે પધાર્યા છે. ચાતુર્માસ દરમ્યાન અનેક વિવિધ ધર્મપ્રવૃત્તિઓ ચાલી રહી છે. અશાડ શુદ ૧૦થી શ્રી ભગવતીજી સૂત્ર વંચાય છે. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ મંદિરેથી શ્રી કપુરચંદજી અનરાજરાજી તરફથી ભવ્ય વરઘોડો નીકળ્યા. અશાડ શુદ ૨ થી અઠાઇ મહોત્સવ હતો તેના માટે અમદાવાદના પ્રખ્યાતશ્રી જૈનધર્મ આરાધક મંડળને ખાસ આમંત્રણ હોવાથી શ્રી ચતુરભાઇ ચીમનલાલની આગેવાની નીચે મંડળના સભ્યોએ આવી પૂજામાં વરઘોડામાં, ભાવના–રાત્રિ જાગરણ વગેરેમાં પ્રભુ ભક્તિની સંગીતમય અને ભાવભરી રમઝટ જમાવી હતી.

મુંબઈ (વાલકેશ્વર) તા. ૨૯-૭-૫૮ ની ટ્રસ્ટીઓનો થયેલ ઠરાવઃ- જ્ઞાન ખાતાની રકમના ઉપયોગ બાબતમાં તા. ૨૭-૭-૫૮ ના રોજ ટ્રસ્ટીઓની મીટીંગમાં જે ઠરાવ કર્યો છે, તે બાબત વિચાર કરવામાં આવ્યો હતો અને આ બાબત અંગે આવેલા પત્રો રજુ કરીને વાંચી બતાવવામાં આવ્યા હતા, અને તે બાબત નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો હતો.

ઠરાવ "જ્ઞાન ખાતાની રકમના ઉપયોગ અંગે તા. ૨૭-૭-૫૮ ના રોજ ટ્રસ્ટીઓની મિટીંગમાં જે ઠરાવ કર્યો છે, પ્રથમ અગાઉ જે રીતે અને પધ્ધતિસર જ્ઞાન ખાતાની રકમનો ઉપયોગ કરવામાં આવતો હતો તેવીજ રીતથી જ્ઞાન ખાતાની રકમનો ઉપયોગ કરવાનુ અને તે અનુસાર અનુસરવાનું અને જ્ઞાન–ખાતાની રકમ વાપરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવે છે!"

જીવન જીવવામાં શું આવે છે? આ જ, કે કાંઇ ને કાંઇ વિચારો કરવા, વાણી ઉચ્ચારવી–સાંભળવી, ઇન્દ્રિયોથી દેખવું–સુંઘવું ચાખવુ વગેરે, હાથપગથી કાંઇ ને કાંઇ પ્રવૃત્તિ કરવી, બીજાઓની સાથે વ્યવહારમાં આવવું, પ્રેમ, ઇતરાજી, પ્રશંસા–ટીકા, સ્વાગત–ઠપકો આવું જ બધું ને? એવી રીતે પૈસાનો આય–વ્યય કરવો, પરિવારની સરભરા લેવી–દેવી, ખાવું પીવું, પહેરવું, ઓઢવું વગેરે, માલ–મિલકત, આબરૂ ઇત્યાદિની પ્રવૃત્તિ, આવું આવું એ તમારૂં જીવન છે ને? બસ, જીવનની આ બધી આઇટમો (items) રકમોમાં અસાર અસાર તરફનું દુર્લક્ષ રાખી સાર સાર તરફ દૃષ્ટિ રાખવાની છે, સાર સારનું ગ્રહણ કરવાનું છે.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : **ચતુરદાસ ચીમનલાલ શાહ**, મુદ્રણસ્થાન : શ્રી જશવતસિંહજી પ્રીન્ટીંગ વર્કસ, વઢવાણ શહેર : **દિવ્યદર્શન પ્રકાશન માટે પ્રસિદ્ધ કર્યું.**

દિવ્ય દર્શન

સહતંત્રીઓઃ બચુભાઈ ચીમનલાલ ઝવેરી, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા) બાબુભાઈ ભાઇલાલ શાહ

: તંત્રી : ચતુરદાસ ચીમનલાલ શાહ | : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ | વર્ષ-૭ : અંક-૪૭ શનિવાર તા. ૨૨-૮-૧૯૫૯

સકલાગમહસ્યવેદી પૂજ્યપાદ સ્વ. આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી** મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના વિદ્વાન શિષ્યરત્ન **પૂ. પં. શ્રી ભાનુવિજયજી** ગણિવરશ્રીનાં આધ્યાત્મિક પ્રવચન.

સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે?

'જીવન જીવવાની કળા : ચંદ્ર-મંત્રીનું દૃષ્ટાન્ત'

પ્ર૦–અસાર શું અને સાર શું?

ઉ૦–પહેલું તો નજીકના સાર તરીકે એ, કે જેમાંથી દુન્યવી દૃષ્ટિએ પણ કાંઈ લાભ ન થવાનો હોય, અર્થ ન સરવાનો હોય, એ અસાર; અને કાંઇ લાભ થાય, કોઈ પ્રયોજન સરે એમ હોય, એ સાર. દા. ત. સ્નેહીનું મૃત્યુ થઈ ગયું યા કોઈ વસ્તુ ભાંગી પુટી ગઈ, એના પરનો શોક અને ઉદ્વેગ તથા વિલાપ અને વિકલ્પો એ અસાર છે. શો લાભ થાય એનાથી? એમ કરવાથી શો અર્થ સરે?

ડહાપણની વિચારણા તો છે કે 'આવી ઉદ્વેગભરી વિચારણા કરવાના ને બીજાની આગળ એનાં રોદણાં રોવાના અસારમાં પડી, જીવન-સમય કે જીવન-શક્તિ કાં બગાડું'? એમાંથી કાંઈ સાર નીકળવાનો નથી. હજી ય સ્નેહીનાં મૃત્યુમાંથી સાર ગ્રહવો હોય તો એ ગ્રહું કે મારા ય જીવનનો ભરોસો નથી કે કયારે પૂરું થાય, માટે અત્યારથી જ સાવધાન થઈ જાઉં, અને આત્મ-ચિંતામાં લાગી જાઉં! એમ, એ વિચારું કે મારા પ્રેમનું એક પાત્ર કુટી ગયું એ મારો સ્વાર્થ ભંગાયો એનું રુદન કરું છું, પણ મરનારનો સ્વાર્થ ભંગાયો કેમ જોતો નથી? એ વિચારું કે 'જીવતો હતો ત્યાંસુધી **મેં એને પરલોકનું ભાતું શું બંધાવ્યું**? દાવો તો ગાઢ સ્નેહી-હિતેષીનો રાખ્યો, પણ એ બિચારો જ્યારે પરલોક જાય છે, ત્યારે ત્યાં કાંઈ હું એની સાથે **નથી** જવાનો, તો ત્યાં એને એથ કોની એ ન વિચાર્યું. એના જીવતાં પરલોક-હિતકારી સુકૃતો અને સદ્ભાવનામાં એને જોડું, આવી વિચારણા મેં કાંઇ જ ન કરી; ને એ તો ઉઠીને ચાલતો થયો. તો હવે બીજા જીવંત સ્નેહીઓને તો પરલોક હિતમાં પ્રવર્તાવું, તેમજ એ ભયંકર ભૂલના પ્રાયશ્ચિત રૂપે પણ આટલી આટલી તપસ્યા કરું, આટલો આટલો રસ ત્યાગ કરું, આટલું દાન, શીલ આચરું....' વગેરે વગેરે જગાવાય તો એ સાર ગ્રહણ કર્યો કહેવાય. એમ, મરનારને પીડતા દોષો-દુર્ગુણો અને ખરાબ સ્વભાવ વગેરેને પોતાના જીવનમાંથી દૂર કરવા અને સદ્ગતના સદ્ગુણો વગેરેને પોતાના જીવનમાં

ઉતારવા માટે એના તરફ દૃષ્ટિ નખાય તો એ સાર તરફ દૃષ્ટિ થઇ.

બીજો સાર :-

આ ઉપરથી બીજી મુદ્દા તરીકે સારમાં આ આવશે કે **આ લોકની દૃષ્ટિએ પણ જશ અપાવનારા આત્માના ગુણો, આત્મહિતકારી આચાર, સુકૃતો અને આત્માના સારા સ્વભાવ, એ સાર છે.** એનું મને તેટલું ગ્રહણ કર્યે જવું. બીજાની પ્રત્યે આપણે કઠોરતા-નિર્દયતા કરીએ, જૂઠ બોલીએ, અપ્રામાણિકતા રમીએ, એ બીજાને નથી ગમતું, આપણને એમાં એ જશ નથી આપતા, સારા વર્ત્યા એમ એ નથી કહેતા. એવી રીતે માયાવી બોલ બોલીએ કે દાવ ખેલીએ, કૃપણતા કરીએ, બીજાને ઉતારી પાડીએ કે એમની નિંદા કરીએ એ એમને નથી ગમતું. આપણો ધૂળ જેવો સ્વભાવ ને તામસી પ્રકૃતિ-આપણો સ્વાર્થી સ્વભાવ અને ઈર્ષ્યાખોર પ્રકૃતિ બીજાને નથી ગમતી; એવા સ્વભાવ વગેરે બધું અસાર કહેવાય. એની સાધના કરવાને બદલે સારભૂત તરીકે દયા, સત્ય, નીતિ, ઉદાર વ્યવહાર, પરોપકાર, સેવા, ઢીલો સ્વભાવ, સરળ પ્રકૃતિ, વગેરેના બની બનવું જોઈએ. 'બની' સમજો છો ને? એજ કે **'મારે આનો બખ છે, અસારનો નહિ,** અસાર તો મેં બહુ બહુ અને બહુ-બહુવાર લીધું, પણ એથી એક ક્ષુદ્ર જંતુની કક્ષાથી કાંઇ આગળ વધ્યો નહિ! હવે તો પ્રત્યેક વિચારણાનું જીવન, વાણીનું જીવન, વર્તાવનું જીવન, અને દુનિયાના જડ કે ચેતનના પ્રસંગમાં આવવાનું જીવન, એ બધામાં સાર સાર જ ગ્રહણ કરું. આ ધગશ, આ તાલાવેલી અને આનો જ પુરુષાર્થ.

પરલોકદૃષ્ટિએ સાર:-

આ તો હજી આ લોકની દૃષ્ટિએ સારની વાત થઇ, પણ પરલોકની દૃષ્ટિએ તો એથી ય ઉપર કેટલો ય સાર ખેંચવાનો છે. જ્યાં જ્યાં બને ત્યાં યોગ્યતાના ગુણો, માર્ગાનુસારી વગેરેના આચારો, વ્રતનિયમ, પ્રભુભક્તિ, ધર્મ-ક્રિયાઓ, એ બધું આદરવું એ સાર, અરે! જરા નવરા પડ્યા અથવા બીજી ત્રીજી કોઇ નિષ્ફળ અગર પાપ બંધાવનારી વાતચીત, વિચારણા કે ચિંતામાં પડ્યા, એમાંથી શો સાર નીકળવાનો? તો એના બદલે ઉમદા ભાવનામાં મનને લગાડીએ, પૂર્વના અને વર્તમાન તેવા કોઇ ઉત્તમ પુરૂષોના જીવન પ્રસંગને વિચારીએ, એમના સત્પરાક્રમો પર ચિંતવન કરીએ, તો સારનું ગ્રહણ થાય. અરે! બીજું કાંઇ ન આવડે તો ય નમસ્કાર મહામંત્રનો જાપ કર્યે જઈએ, તે પણ દા. ત. ૩, ૬, ૯ વગેરે સંખ્યા યાદ રાખતાં ગણીને, જેથી ચિત્ત એમાં જ રહે, અને આટલા આટલા નવકાર ગણાયા, એનું આશ્વાસન મળે, તો ય તે એક મહાન સાર-ગ્રહણ છે. એમ ચોવીસ જિનેશ્વરોનાં નામ એકવાર, બીજીવાર, ત્રીજીવાર....એમ એમ સમર્યે જઈએ, તો તે પણ ઉભય લોકની દૃષ્ટિએ સારભૂત કમાઈ છે. આવું બધું છોડીને મગફળીના ફોતરા ખાંડવા તુલ્ય આડી અવળી નિસ્સાર વિચારણા કર્યે જવામાં શો લાભ? શી ઉન્નતિ?

એમ સાર જોઈએ છે ને? **સ્વાર્થની પ્રવૃત્તિ વચ્ચે પણ કમમાં કમ વધુ પાપની પ્રવૃત્તિથી બચીએ, અભક્ષ્ય ત્યાગ અવાચ્ય ત્યાગ, અન્યાય-ત્યાગ, આવેશનો ત્યાગ, હુંપદનો ત્યાગ, અયોગ્ય સ્થળને અસત્સંગનો ત્યાગ,...** વગેરે તો કરી શકીએ ને? તો જ સાર હાથમાં આવવાનું છે એ સમજી રાખજો.

સાર, અસાર તો જગતમાં નિશ્ચિતપણે વહેંચાઇ ગયેલી વસ્તુ છે, ફળમાં ગલ સાર, તો ફોતરાં અસાર; છોડ પર ગુલાબ સાર, તો કાંટા અસાર; ખાણમાં સોનું સાર, તો માટી અસાર; શરીરમાં ધાતુ સાર, તો મળ મૂત્રાદિ અસાર; એમ, જીવનમાં નિરર્થક કે નુકશાનકારક વિચાર-

વાણી-વર્તાવ એ અસાર, અને સાર્થક હિતકારી વિચારણાદિ એ સાર, આવો વિભાગ કેમ ખ્યાલ બહાર રહે? દ્વેષ-દુર્ગુણો અસાર અને ગુણો એજ સાર, પાપ અસાર અને ધર્મ એજ સાર, કર્તવ્યમાં શૂન્ય-મગજ કે બેદરકારીએ અસાર, અને જાગૃતિ, ઉપયોગ અને ચોકસાઈ-ચીવટતા એ સાર, એ કેમ નિશ્ચિત ન કરી રાખીએ? જીવનના પ્રસંગ-પ્રસંગમાં વૈર-વિરોધ અસાર, મિત્રતા-પ્રેમ સાર; મનને ખોટું લગાડવું અસાર, સારૂં માનવું સાર; પ્રસંગને કષાયવર્ધક બનાવવો એ અસાર, અને કર્મક્ષયના સાધક તરીકે લેખવો એ સાર. બસ, જીવન જીવવાની આ કળા છે કે સાર સાર ગ્રહો અને અને અસાર અસાર પડતું મૂકો. અરે! એક જરા નજર પણ કયાંક પડી, તો એમાંથી આત્મહિતને ઉપયોગી સાર ખેંચો,

સાર ગ્રહણના દૃષ્ટાન્તોઃ—

રાજા ગુણસેને મહદ્ધું જોતાં એમાંથી જમરાજની જોહુકમી, જીવની પામરતા, જગતના સંયોગોની વિનશ્વરતા, વગેરેની વિચારણાનો અને વૈરાગ્ય, જવલંત વૈરાગ્યનો સાર ખેંચ્યો!

વૈશ્રવણ રાવણથી હાર્યો છતાં એણે એમાંથી **આત્મજાગૃતિનો સાર** ખેંચ્યો!

વાલીએ રાવણને જીત્યો, છતાં વાલીએ એમાંથી **પુણ્યની આત્મા પર થતી ઠગાઇ વિચારવાનો અને ચારિત્રનો સાર** ગ્રહણ કર્યો!

જીવન જીવવાની કળા સાર ગ્રહણ કરવામાં છે, એ વસ્તુ પૂર્વના મહાપુરુષોના જીવન પ્રસંગમાંથી કેવી કેવી સારી જોવા મળે છે.

મહારાજા કુમારપાળ કુબેર શેઠની સંપત્તિ જોવા ગયા છે. કેમ? એની અઢળક સંપત્તિ છે, અને પરદેશ ગયેલા **કુબેર શેઠ** મરી ગયાના સમાચાર આવ્યા છે. મહાજન આવીને કહી ગયું કે 'નામદાર! શેઠને પુત્ર નથી, એટલે સંપત્તિ રાજાની માલિકીની થાય છે, માટે પહેલાં આપ કબજો લેવરાવો, પછી આપે શેઠનું મરણકાર્ય કરીએ.' કુમારપાળ મનમાં સંકલ્પ કરીને કુબેર-શેઠની મહેલાતો તરફ આવી રહ્યા છે. હવેલીઓ પર દૂરથી ધજાઓ ફરકતી બતાવતાં અમલદારો કહે છે 'મહારાજ! આ શેઠની હવેલીઓની ધજાઓ ફરકતી દેખાય છે.'

કુમારપાળ કહે છે 'અહો! આ **ધજાઓ તો કહી રહી છે કે જેમ અમે સ્થિર નથી એમ સંપત્તિ પણ સ્થિર નથી!**'

અમલદારો ચકિત થઈ જાય છે, કહે છે, 'મહારાજ! આ તો આપની જ બુદ્ધિ પહોંચે! અમારા જેવાને તો એમ થાય છે કે અહો કેટલી બધી મહેલાતો! કુબેર શેઠ કેવોક ભાગ્યશાળી!'

અહીં કુમારપાળમાં જીવવાની કળા દેખાય છે. એણે એક વસ્તુ જોવાનો પ્રસંગ આવ્યો એમાંથી સાર ગ્રહણ કર્યો, તત્ત્વ-દૃષ્ટિને એજ પ્રસંગથી સિંચન કર્યું! ત્યારે, અમલદારોને મળવાનું કાંઈ નથી, વળવાનું કશું નથી, એ મહેલાતોમાં એક રાત સૂવા ય નહિ મળે, છતાં એમણે અસત્કલ્પનાનો અસાર ખેંચ્યો! કેમકે જે કુબેર શેઠને ભાગ્યશાળી કહી રહ્યા છે તે શેઠ બિચારો તો મરી ગયેલો જાહેર થયો છે! તો હવે સંપત્તિ શું એની સાથે ગઈ? ના, તો એ ભાગ્યવાળો શું રહ્યો?

આગળ જતાં અમલદારો કહે છે. 'આ બધા સફેદ બંગલાઓ ઉંચા ઉંચા માળના, કેટલા ય જોખ-ઝરુખાવાળા, અંદર ઝગમગતા દિવ્ય દિવાનખાના વગેરેથી શોભતા દેખાય છે ને? તે કુબેર શેઠના!'

રાજા કહે છે, 'એમ? તો આ જાણે **સફેદ બંગલા તો એમ કહી રહ્યા છે કે જેમ અમે બીજા ત્રીજા રંગ વિનાના છીએ એમ અમારામાં મૂર્ખ માનવ શું જોઇને રંગરાગ કલ્પતા હશે? અમે બંગલા નથી બગલા છીએ, કેદખાના છીએ!**' આ સારગ્રહણ.

સંપત્તિમાં રંગ જોઈને માણસ એ મળી હોય તો પાગલ બને છે. અને ન મળી હોય તો ન મળ્યાનો સંતાપ કરે છે, એ અસારનું ગ્રહણ કર્યું કહેવાય.

બંગલાના કંપાઉન્ડમાં પેસતાં અમલદારો કહે છે, 'મહારાજ આ હારબંધ હાથીઓ સૂંઢો ઝુલાવતા દેખાય તે બધા કુબેર શેઠના!'

રાજા કહે છે, **'અરે! હાથીઓ તો સૂંઢ હલાવીને જાણે ના કહી રહ્યા છે કે 'અમે કાંઇ કાયમ રહેવાના નથી, તો માણસ શું જોઈને એવી અકાયમી વસ્તુમાં ભૂલો પડી પોતાના કાયમી આત્મહિતને સાધી લેવાનું મોકૂફ રાખતો હશે?'**

જો જો આ સાર-ગ્રહણ. વસ્તુ તો એની એજ દેખાવાની છે, છતાં **બુદ્ધિમાન દ્રષ્ટા એમાંથી અસાર પકડીને ખોટા સંતાપ ઉભો કરવાનું નથી કરતો, પણ સાર ગ્રહીને મનોરત્નને રાગદ્વેષથી મેલું થતું અટકાવી લે છે.** એ મહત્ત્વનું છે. માટે અમલદારો બોલી ઉઠે છે કે 'મહારાજ! એવું તો આપ જ વિચારી શકો. અમે તો પામર છીએ. હાથીઓ અમને મળવાના નથી એ નિશ્ચિત છતાં, લોભાઇએ છીએ.'

રાજાનું આશ્વાસન :-

બધું જોતાં જોતાં બંગલાની અંદર ગયા ત્યારે કુબેરની મા અને પત્ની બેફાટ રડી રહ્યા દેખાય છે. રાજા સમજી જાય છે રડવાનું કારણ. એમને રાજા કહે છે.

"હવે રડવાથી શું? આ જગતમાં એ નક્કી થોડું જ છે કે પહેલું કોણ મરશે અને પછી કોણ મરશે. કસાઇએ બકરાં ભેગાં કર્યાં હોય, એમાંથી એ કોઈ બકરાંને પહેલો મારે ત્યાં બીજો બકરો રુએ કે 'હાય! મારા ભાઇને માર્યો!' એ કેવું નિરર્થક છે! જાણે એને એ ખબર નથી કે 'મારો પણ વારો આવવાનો છે.' માટે રડો નહિ; અને સંપત્તિની ચિંતા કરશો નહિ. **મારે સંકલ્પ છે કે 'અપુત્રિયાનું ધન લેવું નહિ.' હું શા માટે એવા જેટલા મરે એનું ધન ખાવા માટે છોકરો થાઉં? વનના દાવાનળમાં પશુપંખીઓ બળી રહ્યા હોય એનું માંસ ખાવા તો ગીધડા-શિયાળિયા દોડે! તમે પુત્ર શોકથી બળી રહ્યા છો ત્યાં તમારા પ્રાણતુલ્ય ધનમાલને શું હું ખાઉ? ના,** આ બધી ય સંપત્તિ સુખેથી તમારી માલિકીમાં રહેશે."

જુઓ કુમારપાળની જીવન જીવતાં જીવતાં સાર ગ્રહવાની દૃષ્ટિ!

અપુત્રિયાના વારસદારોના કેઇના હૈયાં જીવનભર શેકી ખાય એવું ધનગ્રહણ એ સાર કે અસાર?

કદાચ મરેલો મનાતો જીવતો પાછો આવે તો ધન પાછું દઇ વિલખા થવું પડે, એ સાર કે અસાર?

બાપ બનીને નહિ, પણ છોકરાં બનીને ધન જે ખાવું પડે, એને શું કહેશો, સાર કે અસાર?

અરે! પોતાનામાંથી દાન કે સુકૃત કરવાનું તો દૂર રહ્યું, પણ બીજાનું ચાઉં કરવાનું કરાય એ સાર કે અસાર?

પછી તો રાજાના આ આશ્વાસન પર કુબેરની મા અને પત્ની સ્વસ્થ થયા, અને પોતાનો મુખ્ય મહેલ રાજાને બતાવે છે. એમાં ગૃહમંદિર જોઈને રાજા કહે છે, 'ઘરમાં આ જ ખરેખરા પ્રાણ છે, શોભે છે, સારભૂત છે.'

નજરે તો કેઈ સારું સારું ચઢે, પરંતુ સાર ગ્રહણ કરવાની જ આવડત હોય, તો આત્મહિતકારી મુદ્દા પર જ ખાસ દૃષ્ટિ જાય, હૈયું ત્યાં ઓવારી જાય, અને એની અનુમોદના કરે.

કુબેર જીવતો આવે છે :-

અહીં તો એટલામાં ખુદ કુબેર જીવતો આવીને ઉભો રહે છે! મર્યાના સમાચાર ખોટા હતા. રાજા કુમારપાળ એને આવું સમૃદ્ધ જિનમંદિર અને શ્રાવકના સુંદર વ્રતો રાખવા બદલ

ધન્યવાદ આપે છે. આ પણ મુલાકાતમાંથી સાર-ગ્રહણ.

વિમળશા મંત્રીએ, રાજા ભીમદેવને થયેલી બીજાઓ દ્વારા મંત્રીવિરુધ્ધ કાનભંભેરણી ઉપર રાજાને ભારે ઇતરાજી થઇ તો, એનું મંત્રીપદ અને રાજ્ય છોડી દીધું, અને આબુની તળેટીમાં ચંદ્રાવતી નગરીને રાજધાની કરી સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. પરંતુ ત્યાં આજ્ઞા ભીમદેવની મનાવી ! કેમ એમ ? જીવવાની કળા સારગ્રહણ; એણે એનો ખપ કર્યો. રાજા સાથે અણબનાવ થયો, એમાંથી વિરોધરૂપી અસાર ન ગ્રહ્યો, પણ એના ઉપકારનું સ્મરણ અર્થાત્ કૃતજ્ઞતાનો સાર લીધો. એથી કેવો મહાન લાભ કે પોતાનું મહાકિંમતી મન બગાડ્યું નહિ, પણ એને પ્રપુલ્લિત અને કૃતજ્ઞતા બજાવવા વધુ પ્રસન્ન કર્યું ! ત્યારે ભીમદેવના હૃદયમાં ય કેટલી સરસ છાપ પડી હશે !

ગજસુકુમાળ વગેરે મહામુનિઓએ મરણાંત ઉપદ્રવ કરનારાની ક્રૂર પ્રવૃત્તિમાંથી પણ એ ઘાતકોને કર્મક્ષયની અનુકુળતા કરી આપનાર હિતેષી તરીકે માનવાનો સાર ખેંચ્યો ! તો ઝટ અનંત ભવોના પરંપરાને મિટાવી પાર પામી ગયા !

રાજા મંત્રીને સમાચાર આપે :-

આપણી વાત એ ચાલતી હતી કે રાજાએ મંત્રીની પત્નીના પતિ-પ્રેમનું પારખું કરવા એને મંત્રી-મરણના ખોટા સમાચાર અપાવ્યા તો મંત્રી-પત્ની બિચારી આઘાતથી ત્યાંજ મરણને શરણ થઈ ! હવે રાજા મુંઝાય છે, વિચારે છે કે 'અરે ! આ બીજાના પરસ્પર પ્રેમનું પારખું કરવાનું મારે શું પ્રયોજન હતું કે શો હક પણ હતો ? અહો, કેવું મેં ઘોર પાતક કર્યું !'

નિરર્થક અને હકરહિતમાં જીવન ન વિણસાડોઃ-

માણસ જો પહેલેથી આટલું જ વિચારી લે કે, પર સંબંધી પ્રવૃત્તિનું પોતાને કોઇ શુભ પ્રયોજન છે ? તેમ પોતાને તે કરવાનો હક છે ?

આટલું વિચારીને પછી આગળ પગલું માંડે, અર્થાત્ પ્રયોજન અને હક ન હોય, કે પ્રયોજન હોય પણ હક ન હોય, યા હક હોય પણ પ્રયોજન ન હોય તો એ પ્રવૃતિ નહિ કરવાની. તો કેટલાય અનર્થ અને પશ્ચાત્તાપથી બચી જાય. માણસ જેવો માણસ થઇને એટલે કે બુદ્ધિમાન પ્રાણી થઇને નિષ્પ્રયોજન યા કૌતુક-મશ્કરીની પ્રવૃત્તિ કરે, તો એ વ્યર્થ અને વિનાશક કુટેવનો અંત કયા જન્મમાં આવવાનો ? શું મહાહિતકારી ઉચ્ચ તકોથી ભરેલા આ જીવનની કિંમત નથી ? તેમ એ પણ વાત છે કે બીજાના પર ખોટા હક કરવામાં કઇ માણસાઈ છે ? ઊંચી માનવતા તો એ, કે આપણા પર બીજાના હક ચાલવા દઈએ, અને આપણા વ્યાજબી પણ હક શકયતા હોય ત્યાં સુધી ન વાપરીએ. પણ આ મોંઘું છે, છતાં નિરર્થક અને હકરહિત પ્રવૃત્તિમાં જીવન ન વિણસાડીએ.

ઉપાધી કેવા ત્રાસ ગુજારે છે :-

રાજાને એમ થાય છે કે 'આ સૂતેલા સાપને જગાડવા જેવું મેં શું કર્યું ?' જુઓ, પ્રેમનું પારખું કરવાની ઉપાધિ એણે ઉભી કરી તો મંત્રીની સ્ત્રીના મૃત્યુનો અને પોતાના હૃદય-દાહનો કલેશ વહોરવો પડ્યો ! અને હવે આટલેથી થોડું જ પતવાનું છે ? હજી તો મંત્રીનો મહાન પ્રશ્ન અને લોકમાં આબરૂનો મોટો સવાલ ઉભો છે !

કહો, ઉપાધિ કેવા કેવા ત્રાસ ગુજારે છે ! ઉપાધી ઉભી કરી [illegible]ઠલી છે પણ એના પ્રહાર સહન કરવા ભારે છે ! માણસને સંતોષવાળી ઉપાધિઓ ન વધારવામાં જીવન મુંજી જેવું લાગે છે, પણ એ એની સરાસર અજ્ઞાન અને મૂઢ દશા કે બીજું કાંઈ ?

ઉપાધિ એટલે સંસાર-પારધીની જાળ :-

પરલોક-દૃષ્ટિ જાગ્રત નથી હોતી, આધિ, વ્યાધિને બદલે તત્ત્વ-દૃષ્ટિ અને તત્ત્વ-સંવેદન દ્વારા કેવુંક ભવ્ય જીવન જીવી શકાય છે, એનું ભાન

નથી હોતું એટલે એ ઓછી ઉપાધિમાં મૂઢતાથી મનનું માનેલું મુંજીપણું ટાળવા માટે હાથે કરીને સંસાર રૂપી પારધીની ઉપાધિ રૂપી જાળને પોતે જ પહોળી કરી આપે છે, ને જાતે એમાં ફસાય છે! પછી એમાં પારધીની જાળમાં ફસાઈ પડેલા મૂઢ પંખેરાની માફક કરુણ હાલ સિવાય બીજું શું પરિણામ આવે?

આજે જુઓ તો દેખાશે કે જીવનમાં તત્ત્વ-દૃષ્ટિ અને તત્ત્વ-સંવેદનને વિસારી કેઈ જાતની ઉપાધિ ઉભી કરાય છે, તો એની પાછળ કેટ-કેટલા પ્રપંચો અને લોભ, મદ, અનીતિ અસત્ય વગેરે માનવતાના વિનાશક દુર્ગુણો સેવવામાં આવે છે!

કેળવાયેલા ગણાતાને તૃષ્ણા વધતી જાય ત્યારે વિચારવું પડે કે તે કેળવણી અર્થાત્ સંસ્કારિતા થઇ છે કે અસંસ્કારિતા? દેશ-સેવાના દાવા હેઠળ મળતા હોદ્દા પર બેસી લાંચરૂશ્વતથી પાપી પેટ-પટારા ભરવાનું હીચકારું જીવન જીવાય ત્યારે પૂછવું પડે કે એ તે દેશ-સેવા છે કે દેશ-ભક્ષણ છે? સુધારાવાદમાં વહી જઈ પવિત્ર ભારતભૂમિના ગભરુ જીવોને અપવિત્ર વિચારસરણી, બિભત્સ રહેણીકરણી ઉચ્છૃંખલતા વગેરે મલિન અને પાશવી જીવનમાં ઘસડવાનું થાય ત્યારે આહ્વાન કરવું પડે કે આ તમારો સુધારો છે પણ સત્યાનાશ નથી એ પૂરવાર કરો.

પ્રજા-સુધારાના ઉપાય :-

આ બધા પાપો તો વગર જોઈતી ઉપાધિઓ ઉભી કરવાથી જન્મે છે. પછી એમાં સરવાળે કલેશ, કંકાસ સિવાય બીજું કાંઇ જોવા મળતું નથી. તો જુઓ આજે આ ચોમેર ફેલાયા છે કે નહિ. માનવતાના કેટલાય ગુણોનો અભાવ દેખાય છે! અનીતિ, અપ્રામાણિક-અન્યાયી વ્યવહાર, જૂઠ, માયા, નિર્દયતા, સ્વાર્થલંપટતા, વિલાસી વૃત્તિ ઈર્ષ્યા વગેરે કેવા કેવા દુર્ગુણોનો જોસ દેખાય છે!

માનવતાના આ બધા દુર્ગુણો સુધારવા એના મૂળ તરફ જોવું જોઇએ.

(૧) અધિક ઉપાધિના મોહ મૂકાવવા જોઇએ.

(૨) જીવનના સાચા આનંદ સ્વસ્થ અને પ્રસન્ન મનમાં છે એ બતાવવું જોઇએ.

(૩) જીવનની ઉચ્ચતાની પારાશીશી શક્ય નિરુપાધિતાની ઉચ્ચતામાં બતાવવી જોઇએ.

(૪) પરલોકદૃષ્ટિને જીવંત અને જ્વલંત બનાવરાવવી જોઇએ.

(૫) જડ કરતાં સ્વાત્માના, અને કાયા કરતાં મનના મહામૂલ્યાંકન કરાવવા જોઇએ.

(૬) જીવનમાં અને કેળવણીમાં સારગ્રહણ ધર્મને કેન્દ્ર સ્થાન આપવું અપાવવું જોઇએ.

(૭) પૂર્વની ભવ્ય આર્ય સંસ્કૃતિમય જીવનના ગૌરવ વધારી પરમાત્મા અને સંત મહિર્ષ ઓની ઉપાસના ને એમના ઉપદેશની આરાધના વિકસાવવી જોઇએ.

મંત્રી પાસે રાજા :-

મુનિ શ્રેષ્ઠિપુત્ર ચંદ્રને કરી રહ્યા છે કે "હે ચન્દ્ર! રાજા સમજી લે છે કે આ મંત્રીને પત્નીના મૃત્યુની ખબર તો પડવાની જ, તે વખતે વળી પાછી એના મોતની પાતકી વાત ન બની જાય એ માટે એ ઉઠીને મારા તંબૂમાં આવે છે. રાજાને કોઈ કાર્ય હોય તો મને બોલાવી લે, એને બદલે પોતે ઉઠીને મારી પાસે આવ્યો એથી હું સહસા ઉભો થઈ ગયો.

મેં કહ્યું 'મહારાજ! કાં આ તકલીફ લીધી? મને જ આપની પાસે બોલાવી લેવાનો હુકમ કરવો હતો ને?'

રાજા કહે છે, 'એક અગત્યની વાત કરવી છે, પણ તમે કબૂલાત આપો કે એ સાંભળીને હું આપઘાત નહિ કરું.'

હું વિચારમાં પડયો. પત્ની મર્યાની તો કલ્પના જ શાની હોય? ત્યારે, બીજું કાંઇ હશે તો ચિંતા નહિ, એમ માનીને મેં કબૂલાત આપી. પછી રાજાએ મને નિખાલસ દિલે પોતાને થયેલ કૌતુક અને કરેલી પરીક્ષા-વિધિ વગેરે, તે ઠેઠ સરસ્વતી મૃત્યુ પામી ત્યાંસુધીની

બધી વિગત કહી.

"હે ચંદ્ર! ભલેને કોઈ રોતા હૃદયે નિખાલસતાથી વાત કરે, પરંતુ જેને સર્વસ્વ નાશ પામ્યા જેવું લાગે છે, એને એથી થોડું જ આશ્વાસન મળે છે? મરતા પતિને પત્ની રોતી-કકળતી કહેતી હોય કે 'હાય! નાથ, મેં અજ્ઞાનતાથી તમારી સેવા-સંભાળ ન કરી, તે આ રોગ વધી ગયો! હું કેવી પત્થર! કેવી પાપિણી હાકણ!' પરંતુ પતિને તેથી શું? શું એથી કાંઇ નિરાંત વળે જ્યાં મોત ડોકિયા કરતું હોય, જ્યાં રોગની ભયંકર વેદનાઓ હોય?

"હે ચંદ્ર! **એમજ આત્માને જ્યારે માનવતાનો ઉત્તમ જન્મારો ખોઈ નાખ્યા નો,**

સંયમ અને તપની સાધના નહિ કરીને પૂર્વના અસંખ્ય કર્મના વિપુલ ભાર એમજ રાખ્યાનો,

ઉપરાંત અઢાર પાપસ્થાનકની આચરણા કરી કરી પાપના ગંજ વધાર્યાનો,

તેમજ ક્રોધાદિ કષાય, ઇન્દ્રિયલંપટતા, વગેરે દુર્ગુણો દૃઢ કર્યાનો,

ભારે ખેદ અનુભવાતો હોય, તે વખતે સ્નેહીઓનાં રોતાં દિલનાં ગમે તેવા સવાસલા પણ શું કામ લાગે? મંત્રી કબુલાત માગે છે:-

"મહાનુભાવ! મને તો પત્નીના અકાળ અને આવી રીતે થયેલ મૃત્યુથી ખેદનો પાર ન રહ્યો! રાજાને મેં કહ્યું કે આવી વસ્તુસ્થિતિમાં હું જીવી જ કેમ શકું? છતાં હા, કબૂલાત આપી છે, એટલે શું થાય? આ તો મારે તો મરાય પણ નહિ ને સહેવાય પણ નહિ, એવું થયું છે. પરંતુ હવે તમે કબૂલાત આપો કે મને ફરી લગ્ન કરવાનું મુદ્દલ નહિ કહો.' આ કબૂલાત લેવાનું કારણ તું સમજી ગયો હોઈશ. પત્નીને વચન આપ્યું હતું. રાજાએ કરેલી મહાન ભૂલના પ્રતાપે એનાથી બીજું બોલાય એવું નહોતું એટલે એણે મને કબૂલાત આપવી પડી.

મંત્રી ઘેર: ધારણા ધૂળમાં:-

"પછી તો હું એકદમ સીધો ઘેર પહોંચ્યો. મનને એમ કે છેલ્લું છેલ્લું એનું મુખ જોઈ લઉં પણ ત્યાં ગયો તો મેં શું જોયું? હે ચંદ્ર! વિધિની ગતિ વિચિત્ર છે. માણસ આવેશ અને આતુરતાથી કોઇ કાર્ય કરવા દોડતો જાય, પણ રૂઠેલા કર્મ ધાર્યું શાનું થવા દે? બને છે ને આ જગતમાં, કે ચોકસ ધારણા કરીને દોડનારા અને ભારે પરિશ્રમ કરનારાની ધારણા ધૂળ ભેગી થઈ ગઈ! છતાં માણસ ઇચ્છાઓ કર્યે જાય છે, એની સિદ્ધિ પાછળ કેઇ પાપો અને દુર્ગુણો આચર્યે જાય છે! નવા નવા તરંગો અને નવી નવી ધારણાઓ ઘર્યે જાય છે! માખીઓએ લાંબા પરિશ્રમથી ઉભા કરેલા મધપૂડાની અંતે દશા શી? કરોળિયાએ ભારે પરિશ્રમથી બાંધેલા જાળાની ઝાડુવાળાનું ઝાડું ફરતાં કઈ અવસ્થા? એમ મનુષ્યની ધારણા સફળ થાય તો ય આવી અંતિમ દશા તો મૃત્યુ કાળે નકકી જ ને? પછી એ કૂડી ધારણાઓ સિદ્ધ કરવાની ખાતર અયોગ્ય રાહ લેવામાં તથા માયા, પ્રપંચ, જૂઠ, ડફાણ વગેરે આદરવામાં શી બુદ્ધિમત્તા છે? તેમ ધારણાની પાછળ બહુ આવેશ-આતુરતા રાખવાનો ય શો લાભ છે?

મુનિ કહી રહ્યા છે કે 'મને ઘરમાં ન તો પત્નીનું મઢદું કે ન પત્ની જોવા મળી. આકુળવ્યાકુળ થઇને આજુબાજુ પૂછતાં માલુમ પડયું કે એને તો બાળવા લઈ ગયા છે. એટલે હું સીધો સ્મશાન ભૂમિ પર પહોંચ્યો. પણ ત્યાં જઇ જોઉં છું તો ચેહ ભડભડાટ સળગી રહી છે! મનને તેથી ખેદનો પાર ન રહ્યો! એમ થયું કે 'અરે! રાજાએ ઠેઠ આટલે સુધી વાત પહોંચાડી! મરેલી પત્નીના દર્શન પણ મને નહિ? આ તે રાજાની કેવી જાણે ઉગ્ર વૈરબુધ્ધિ! અગર કેટલી મૂર્ખતા! એને મારી પત્નીના મૃત્યુથી મને થતા દુઃખમાં ઓછાશ લાગી, તે

એના મડદાના દર્શનથી મને વંચિત રાખી અવિશય દુઃખની આગમાં મને ઝીકયો ?

આપઘાત એ મૂઢતા છે :

" હે ચન્દ્ર ! આ બધી હકીકતનો બહુ વિચાર કરજે દુઃખ તારૂં વધારે કે મારૂં ? છતાં મેં આપઘાત નથી કર્યો અને તું આપઘાત કરવા ઇચ્છે છે ? એ સમજ કે મેં આપઘાતનું સાહસ નહોતું કર્યું તો જ આજે આ ભવ્ય સ્થિતિમાં છું, દુઃખના મારમાં આપઘાત કરી નાખવો એ તો સરાસર મૂર્ખતા છે! આ ઉંચા જીવનમાંની મહામૂલ્યવતી તકોનો અને ભાવી સદ્‌ગતિનો સંહાર કરવાની મૂર્ખાઇ છે ! દુનિયાના કદાચ એક ખૂણામાં દુઃખ લાગતું હોય તો બીજા ખૂણે કયાં જઇ શકતા નથી ? એક પ્રકારના જીવનમાં હોઇએ તો બીજા પ્રકારના જીવનને અપનાવી કયાં ન અપનાવી શકીએ ? આપઘાત શા માટે કરવો ?

રાજા કરે હતો :-

' હે ભાગ્યવાન ! એ તો મને આજે સમજાય છે કે મને એ વખતે મોહનો કારમો ઉન્માદ હતો એટલે જ પત્નીના મડદાના દર્શન પાછળ પણ ઘેલો બનીને કેઇ ને કેઈ વિચારે ચઢયો હતો ! અને રાજાને મહા મૂર્ખ માનતો હતો કે એણે મને આટલું મડદાનું ય દર્શન કરવાની સ્થિતિ મારા માટે ન રાખી. એ તો હવે મને લાગે છે કે રાજાએ દૂરંદેશીપણાથી જ મડદું તરતજ બાળવા મોકલી દીધું હતું. તું ય ચમકશે કે એમાં તે વળી કૂરતા કે દૂરંદેશીપણું ? પણ તું જો પછી શું બન્યું એ, એથી દૂર દેશીતા બરાબર સમજાશે.

સમાચાર સાર

બલાડ ગામમાં મહાન ક્રાન્તિ : જૈન ધર્મનો જયજયકાર

બિયાવર પાસેના આ ગામમાં ભગવાન શ્રી આદિનાથજી વગેરેના ત્યારથી ત્રણ મોટા પ્રતિમાજી નીકળ્યા ગામવાળામાં અદ્‌ભુત ભાવોલ્લાસ વધી રહ્યો છે. બિયાવર શહેરના ભાઇઓએ ભગવાનને લઇ આવવા ઘણો પ્રયાસ કર્યો, પરંતુ બિલાડવાળા રજપૂતોએ મચક ન આપી ! ઉલટ, સાદડી પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરિજી મહારાજ પાસે જઇ ૧૯ ભાઇઓએ જીવનભર માંસ-મદિરા અને શિકારનો ત્યાગ તથા રોજ પ્રભુ દર્શનની પ્રતિજ્ઞા કરી ત્યાંથી રાણકપુરજી જેટીને તો નવા જન્મનો અનુભવ કર્યો. બિલાડમાં પુરાણા જિનમંદિરનો જીર્ણોદ્ધાર પણ શરૂ કર્યો. ભગવાનને ૯ મી ઓગસ્ટ રવિવારે અઢાર અભિષેક પણ ધામધુમથી કરાવ્યા. એ દિવસે ૪૫ નવા રાવત રજપૂત ભાઇઓએ ઉપરોક્ત પ્રતિજ્ઞા ગ્રહણ કરી. જીવનમાં માંસાદિમાં ટેવાયેલા આ ભાઇઓનું આ પરિવર્તન અને ધર્મલાગણી જોઇ બિયાવરના ભાઇઓ બહુ પ્રભાવિત થયા. અહિંસા ધર્મની અને જિનમૂર્તિ પૂજની અદ્‌ભુત પ્રભાવનાથી જૈન માત્રને આનંદ થશે. આ ક્રાન્તિ બીજા ગામોમાં ફેલાઇ રહી છે. બલાડના અધિષ્ઠાયક દેવ મહાસમર્થ અને શાસન પ્રભાવક જણાય છે. આજ સ્થિતિ ચાલુ રહી તો બલાડ એક તીર્થ ભૂમિ બની જવાની પકી છે.

અગત્યની જાહેરાત

આપ જાણો છે કે દિવ્યદર્શન વાર્ષિક માત્ર પાંચ રૂા. જે એક મહિને માત્ર સાડા છએક આના થાય, તેમાં દર શનિવારે ખૂબ ઉંચું તાત્ત્વિક આધ્યાત્મિક વાંચન આપે છે. જેથી વાંચકોને અદ્‌ભુત સ્ફુર્તિ અને આત્મિક ઉન્નતિની ભવ્ય પ્રેરણા તથા માર્ગદર્શન મળવાનો અનુભવ છે. કેટલાકો તો એને અનેકવાર વાંચે છે. કયાંક કયાંક જૈનેતરો પણ હોંશથી વાંચવા-સાંભળવાનું કરે છે. આપ એનું વાંચન ન ફેલાવો ? દિવ્યદર્શનના નવા ગ્રાહક ન બનાવી શકો ? દિવ્યદર્શનનું હવે સપ્ટેમ્બરથી નવું વર્ષ શરૂ થાય છે, તો આપનું લવાજમ કાર્યાલયે તરતં મોકલી આપી આભારી કરશો.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : **ચતુરદાસ ચીમનલાલ શાહ**, મુદ્રણસ્થાન : શ્રી જશવતસિંહજી પ્રીન્ટીંગ વર્કસ, વઢવાણ શહેર : **દિવ્યદર્શન પ્રકાશન માટે પ્રસિદ્ધ કર્યું.**

દિવ્ય દર્શન

સહતંત્રીઓઃ બચુભાઈ ચોમનલાલ ઝવેરી, જેઠાલાલ ચુનીલાલ શાહ (ધીવાલા) બાબુભાઈ ભાઇલાલ શાહ

: તંત્રી : ચતુરદાસ ચીમનલાલ શાહ | : કાર્યાલય : કાળુશીની પોળ, અમદાવાદ | વર્ષ–૭ : અંક–૪૮ શનિવાર તા. ૨૯–૮–૧૯૫૯

સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ સ્વ. આચાર્યદેવ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી** મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના વિદ્વાન શિષ્યરત્ન **પૂ. પં. શ્રી ભાનુવિજયજી** ગણિવરશ્રીનાં આધ્યાત્મિક પ્રવચન.

સંસારના ત્રિવિધ તાપ કેમ ટળે ?

ચંદ્ર-મંત્રીનું દૃષ્ટાન્ત સંપૂર્ણ.

ચિતા શાંતઃ મંત્રીનું રુદનઃ—

રાજાની મૂર્ખાઈનો બહુ વિચાર ન કરતાં તરત જ મેં પાણી મંગાવી ચિતા ઓલવાવી નાખી, અને શેષ રહેલાં હાડકાં ભેગાં કરી એની આગળ હું ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યો ! આંખમાંથી પાણીની ધારા વહી રહી છે, અને મુખમાંથી પોકનો ગદ્‌ગદ કરુણ સ્વર ચાલી રહ્યો છે ! અહાહા ! કેટલા ઉંડા દુઃખના સાગરમાં હું પટકાયો ! મારા એ રુદનથી ત્યાં આવેલા લોકોનાં પણ હૈયાં આ મારાં દુઃખથી વધુ દ્રવિત થઈ ગયાં અને એ ય બધા રોવા લાગ્યા ! અરે ! વનનાં પંખેરાના પણ કરુણ આર્તનાદ ભર્યા કલ્પાંતે વાતાવરણ વધુ કરુણ કરી દીધું ! બીજાનાં ય દુઃખનું છાતીફાટ રુદન કોને નથી પીગળાવતું ?

હાડકાનું પોટકું ઘેરઃ રાજા દુરંદેશીઃ–

"લોકો બિચારા ગભરાઈ ગયા કે આ મંત્રીનું શુ થશે ! એમણે મને ઘણું ઘણું આશ્વાસન આપ્યું, પણ શોકના મેરુ-ભાર એમ શે' મીટે ? અંતે એ હાડકાંનું પોટકું હું ઘેર લઈ આવ્યો, અને રોજ એની હું દર્શન-પૂજા કરવા લાગ્યો. મહાનુભાવ ! હવે વિચાર, કે જો મડદું જ મને દર્શન કરવા મળ્યું હોત તો હું એને બાળવા દેત ? એની પાછળ એવો પાગલ થાત કે ચોવીસે ય કલાક એની આગળથી હું ખસત નહિ ! અને કદાચ કોઇ પરાણે એને બાળવા લઇ જાત તો હું જીવતો એની ચિતામાં કૂદી કેમ ન પડત ?'....આવો બધો દીર્ઘદૃષ્ટિનો વિચાર રાજાએ કેમ ન કર્યો હોય ? માટે જ હું તો હવે માનું છું કે રાજાએ દૂરંદેશીપણાથી જ મડદાનો તરત જ નિકાલ કરાવવાનું કર્યું હશે.

સોળ વરસ પાગલ

બસ, હું તો રોજ આ ધંધો જ લઈ બેઠો કે મરેલી પત્નીનાં હાડકાં પૂજવા, અને એની આગળ રોવું ! રાજા ઘણો ય મુંઝાય, હાડકાં છોડાવવા કોઈ પ્રયત્ન કરે, તેમ એને શંકા કે મારો ઉદ્વેગ વધતાં વધતાં કદાચ હું કાંઈ અવનવું કરી ન બેસું એટલા માટે છૂપા રખેવાળો ફરતા ગોઠવી રાખે, પણ હું કયાં હાડકાં મૂકું એમ હતો ? આમને આમ સોળ વરસ મેં પાગલ જેવી અવસ્થામાં કાઢયા !

પૂજન અને રુદન કોનાં :–

"હે ચન્દ્ર ! તું જો કે મા મારી પાગલતા કોણે કરાવી ? સંસારની ઉપાધિ અને આધિએ

જ ને? પાગલ કેવો? ૧૬-૧૬ વરસ સુધી બાયડીનાં હાડકાં પૂજ્યા! અને એને યાદ કરી કરીને રોયો! એવાં પૂજન પરમાત્માનાં કર્યાં હોત અને રોજ ને રોજ એ નાથના વિયોગ પર અને પોતાના આત્માની અનેકાનેક દોષ-દુર્ગુણોમય દુર્દશા પર રોયો હોત, તો એમાંથી કેવો ય આત્માના ઉદ્ધારનો માર્ગ લાધ્યો હોત! શું ગદ્‌ગદ દિલે પ્રભુનાં પૂજન કરી કેટલી ય આત્મશુદ્ધિ કરી ન હોત? પણ આ સૂઝે કયારે?

સંસારની આધિ ઉપાધિ આત્માનું લોહી ચૂસનારી અને એકાંતે દુઃખદાયી તરીકે ઓળખાય, એ અકારી લાગે, અને એને સંપૂર્ણપણે નહિ તો ક્રમસર પણ છોડતા આવવાનું બને ત્યારે ને?

પૈસાથી ધર્મ થાય?:-

હે મહાનુભાવ! એમ સમજતો મા, કે-

પ્ર૦- ઉપાધિની સગવડ પાસે હોય તો ધર્મ થાય છે ને? લક્ષ્મીની ઉપાધિ સંઘરી હોય તો દાન થાય છે ને?

ઉ૦- ના, ધર્મ એ ઉપાધિના મહિમાએ નહિ, પણ ધર્મબુદ્ધિના પ્રભાવે થાય છે. દાન લક્ષ્મીના સંગ્રહથી નહિ, પણ એના ત્યાગથી થાય છે! **જીવ ભ્રમણામાં પડીને એ જોવું ભૂલી જાય છે કે પૈસા હોય તો ધર્મ થાય એમ માનીને તો પોતે ધર્મ કરતાં ઉપાધિને જ વધુ મહત્વ આપી રહ્યો છે! અને માટે જ ઉપાધિની ખાતર વચન-કાયાથી કેઈ કુડાં કર્મ કરે છે! અને સાથે હૃદયને કેઈ માયા-તૃષ્ણા, હુંપદ વગેરેથી ગંદું કરી ભાવી દુર્દશાને નોંતરી રહ્યો છે!**

ભારોભાર ધર્મશ્રદ્ધા, તીક્ષ્ણ ધર્મબુદ્ધિ, અને ઉલ્લસિત ત્યાગભાવનાથી ધર્મ થવાનું માનતો હોત તો ઉપાધિને તો ઝેરસમી દેખત! એને વધારીને ખુશી ન થાત, પણ ભયભીત થાત! ઉપાધિ વધારવાના કોડ ન રાખત! ઉપાધિમાં જ પૂરું થતું જીવન તો સરાસર નિષ્ફળ સમજત! એથી માનવભવમાં એક-આંટો થયાનું સમજત!"

મુનિનો ઉપદેશ વસ્તુના ઠેઠ મૂળ સુધી પહોંચી રહ્યો છે. આધિ-ઉપાધિને એનો નગ્ન સ્વરૂપમાં નિરખો તો ત્યાં પહોંચવું કઠિન નથી. એક મંત્રી જેવો મહાબુદ્ધિમાન માણસ, જુઓ કે, કેટલો ગરીબડો થઈ ગયો છે! બીજાં ખાસ કર્તવ્યોને બદલે હાડકાં પૂજવા અને રોવાનું ઘેલું કામ કરી રહ્યો છે! મોહની લાગણીઓ કયારે કંઈ કેમ ઘસડી જશે એનો વિચાર કરવો હોય તો જુઓ ભૂતકાળ અને વર્તમાનકાળના બેઉ દૃષ્ટાન્તો પડયા છે!

મંત્રી ગંગા કાંઠેઃ-

મુનિ પોતાના પૂર્વ જીવનની વિગત આગળ કહે છે, "હે ચન્દ્ર! પછી તો મને વિચાર આવ્યો કે આ બિચારી સરસ્વતી તો મરી પણ એની રાખ પણ ગંગાજીનો સંસ્કાર ન પામી! તો હવે આ હાડકાંને ગંગાજીમાં પધરાવી આવું તો કંઈક પુણ્ય તો એ પામે? ચન્દ્ર! **કેવી આ મૂઢતા કે જીવ તો મર્યો કે તરત કોઈ યોનિમાં દાખલ થઈ ગયો અને પોતાનાં કર્મના વિપાક ભોગવવા લાગ્યો, છતાં હવે એની રાખના ગંગા-સંસ્કાર અને પિંડદાન એને પુણ્ય અને અન્ન પહોંચાડશે એમ માનવું?** ખેર! એ વખતે તો હું ય મૂઢ જ હતો, એટલે એક રાતના ગુપસુપ હાડકાંનું પોટકું ઉપાડી ત્યાંથી નીકળી ગયો, અને ચાલતો ચાલતો પહોંચ્યો ગંગાકાંઠે.

"ગંગાના કાંઠા ઉપર બેસી મેં પોટકું છોડયું. જો હવે એ હાડકાં ગંગામાં પધરાવી દઉં તો બલામાંથી છૂટું એમ હતું, પણ બલા મનાય તો ને? જેણે મને સોળ સોળ વરસો રોવરાવ્યો હતો એ હજી પણ બલારૂપ લાગતું નહોતું! તે ઉલટો હું પધરાવવાની હિંમત ન

કરી શકયો, ને એની સામે જોઇ હજી પણ ડૂસકે રોવા લાગ્યો! પણ તે કેટલું રડાય? પાછું મન વાળ્યું કે હું તો રોઇને આ રાખી મૂકું છું, પણ એને ગંગાજીના પવિત્ર સંસ્કારનું શું? એટલે પાછો લઇને ઉભો થયો પધરાવવા! વળી ત્યાં એનો પ્રેમ, એની લાયકી, એના ગુણો, ઇત્યાદિ બધું એવું મન સામે ઉભું થઇ ગયું કે પાછો હાડકાં લઇને નીચે બેસી ગયો, અને મંડયો રોવા! વળી પાછો મન વાળી ઉભો થયો, પાછો ફેર પૂર્વનું વધારે યાદ આવી જતાં નીચે બેસી હું કરુણ કલ્પાંતમાં ચઢયો!

"હે ચંદ્ર જોજે સંસારની ઉપાધિના ખેલ! ઉપાધિ વહોરવા માટે પણ જીવના કેટલા ધમધમતા ઓરતા! સાથે કેમ મળે, કેમ મળે, એનાં લોહી શેકણાં! ઉપાધિ વસાવ્યા પછી ય એમાં સંસારના સ્વભાવ મુજબ ઓછું વધતું તો થવાનું, એટલે કેટ-કેટલી ય લોહી-પીતી ચિંતા, હાયવોય અને સંતાપ! ત્યારે ઉપાધિ ટળ્યા પછી તો તું આ મારી સ્થિતિ જુએ છે ને? છતાં તું આપઘાત કરવા તૈયાર થયો છે? મારા હાલહવાલ તારા ખ્યાલમાં આવે છે ને કે કેવા થઇ રહ્યા છે? હાડકાં પધરાવી દેવા આવેલો છતાં વારંવાર 'પધરાવું? ના, કેમ પધરાવાય? ના, ના પણ એનાં સંસ્કારનું શું? તો પધરાવી દઉં ત્યારે. ના, ના....છેવટે આટલા હાડકાંનો ય વિયોગ ખમાય?' એમ કરી કરી કરુણ રુદન કરી રહ્યો છું! મહાપુણ્યના આ શરીરને લોહી બાળી બાળી રાખ કરી રહ્યો છું!

માનવદેહ, ધ્યાન રાખજે, પુણ્યનો છે. પુણ્યનો એટલે! પુણ્યથી મળેલો અને મહાપુણ્યના થોક ઉભા કરવા માટે બહુ લાયક! માત્ર એક વખતનાં જ પુણ્ય નહિ, પણ પુણ્યની પરંપરા સર્જી લેવા માટે અનુપમ દેહ! એને હું મૂર્ખ-શિરોમણિ એ વખતે પત્ની રૂપી ઉપાધિ મરી ખૂટવા બાદ પણ સોળ સોળ વરસના અને એ પછીનાં પણ કાળાં રુદનથી વિણસાડી રહ્યો હતો! ઉપાધિ ટળ્યા પછી પણ અનંત પુણ્યે મળેલ માનવદેહથી પરમાત્મ-ભક્તિ અને પરમાત્માની આજ્ઞાનું પાલન કરી થોક પુણ્ય ઉભું કરવાનું તો દૂર રહ્યું, ઉલ્ટું એને પાપી શોકમાં બાળી શેકી રહ્યો હતો! ઉપાધિના આગમન, ટકાવ અને નાશ, એ ત્રણે ય સ્થિતિમાં આત્માની મહાકંગાલ અને કરુણાપાત્ર દુર્દશા સમજાય છે ને?"

મુનિ ચન્દ્રને સમજાવે છે, એ તમારી સમજમાં પણ ઉતરે છે ને? એ મંજુર કરો છો? 'હા સાહેબ! સમજાય તો છે પણ શું થાય, ઉપાધિ લઇ બેઠા એટલે?'–એમ તમે કદાચ કહેવાના, પણ શું આવું એકલું કથન નિષ્ઠુર દિલનું નથી? નહિતર તો કોમળ ભાવુક દિલનું શ્રવણ-કથન હોય ને, તો તો ઉપાધિના ત્રણેય કાળના તાપ-સંતાપ તો ખરાં જ, ઉપરાંત એનાથી ઉભા થતાં ઢગલાબંધ પાપ કર્મોનાં ભયંકર કટુ વિપાક નજર સામે તરવરે! અને એથી ભડકી ઉઠો! એમ થઇ જાય કે હાય! આ બલા ઝટ મૂકીને ભાગું! જો નથી મૂકાતી તો મારી એ કેવી ધિઠ્ઠાઇ! કેવી હજીય બેભાન અવસ્થા! ઉપાધિ મૂકવાના ભવમાં આ? બેર! ઉપાધિ બહુ વધારવાના કોઠ ન કરૂં, ઉપાધિની ખાતર કાળા કષાય, જૂઠ-દંભ, ઈર્ષ્યા-અસહિષ્ણુતા, રોફ, જહાંગીરી વગેરે દુર્ગુણો તો ન સેવું! ઉપાધિના ગુણગાન તો ન કરૂં,' આટલું તો થાય ને?

આજનો માનવ કેમ બહેકી ગયો છે? કેમ અનીતિ-અસત્યને અને રગડાઝઘડાને કઠોર દિલે આચરી રહ્યો છે? જેની પાછળ એ બધું છે એવી ઉપાધિને પાપ નથી સમજતો, બલારૂપ નથી દેખતો, માનવતામાંથી પશુતામાં ભ્રષ્ટ કરનાર પ્રલોભન તરીકે નથી લેખતો, ને એના આવવા પહેલાં, પછી, અને ગયા બાદ પણ લોહી ચૂસનારી ડાકણ તરીકે નથી દેખતો, માટેજ એની ખાતર ગમે તેવાં હિંસા-આરંભ સમારંભાદિ પાપો અને દુષ્ટતા આદરવામાં

આંચકો નથી અનુભવતો ! મુનિની મંત્રીપણાની ઉપાધિ પાછળની દુર્દશા હજી વધારે આવવાની છે જુઓ.

રાજકુમારીનો યોગ :-

મુનિ કહી રહ્યા છે, "હે ચન્દ્ર ! એ મારૂં વારંવાર પત્નીનાં હાડકાં ઉંચકવા-મૂકવાનું જોઇ અને રોવાનું જોઈ ત્યાં ફરવા આવેલી એક રાજકુમારીનું હૃદય ભરાઇ આવ્યું ! બિચારી મારી પાસે આવીને દિલના દર્દ સાથે પૂછે છે, 'ભાઇ કેમ રડો છો ?'

'બેન શું કરૂં ?' મેં કહ્યું, 'આ છોડાતું નથી ને સહેવાતું નથી, રડું નહિ તો બીજું કરૂં ય શું ?'

'પણ એવું તે એટલું બધું શું દુઃખ છે તમને ?'

'મને દુઃખ પૂછે છે ? લે સાંભળ,' એમ કહીને એ કુમારી સારૂં માણસ લાગવાથી મારૂં દુઃખ એને હું કહેવા લાગ્યો !"

રાજકુમારી બેભાન : બાપ ગુસ્સે :-

મુનિ શ્રેષ્ઠિપુત્ર ચન્દ્રને કહી રહ્યા છે, "મેં ઠેઠ સરસ્વતીને વચન આપ્યાથી માંડી મારી બધી હકિકત રાજકુમારીને કહી તે એ સાંભળીને હું જોઉં છું તો તરત બેભાન જ થઈ ગઇ ! એના નોકરો તરત એના પિતા રાજાને બોલાવી લાવ્યા. એણે એક બાજુ કુંવરીને સ્વસ્થ કરવાના ઉપાય કરાવવા માંડ્યા, અને બીજી બાજુ મારા પર એ ગુસ્સે થઈ ગયો કે મેં કુંવરી પર શો પ્રયોગ કર્યો.

'હે મહાનુભાવ ! જોજે આ સંસારની વિટંબણા ! એક તો હું મારા નિસ્સીમ દુઃખને રડી રહ્યો હતો, ત્યાં આ પડતા પર પાટુ આવ્યું ! **કુમારી આગળ દિલ ઠાલવવાની ઉપાધિમાં પડયો તો આ નવી ઉપાધિ ઉભી થઈ ! પણ ત્યાંય આપણને ખબર નથી હોતી કે એમાંથી ય વળી કેવા ફણગાં ફુટશે ! માટે જ ઉપાધિ એ વિટંબણા રૂપી વૃક્ષનું બીજ છે.**

મંત્રીને મરેલી પત્ની મળે છે :-

રાજાને હું કાંઇ ખુલાસો કરૂં તે પહેલાં રાજકુમારી જાગ્રત થઈ ગઇ, રાજાને કહે છે 'પિતાજી ! કોના પર ગુસ્સો કરો છો ? મારે તો એમની સાથે લગ્ન કરવાના છે.'

રાજા કહે છે 'આ તું શું બોલે છે ? ગાંડી થઈ ગઈ શું ? કે આ માણસે તારા પર કામણ-ટુમણ કર્યું ? તારા માટે તો કોઈ મહાન રાજવી રાજકુમાર પસંદ કરીશું.'

કુમારી કહે છે, 'ના બાપુજી મને ગાંડપણે ય નથી થયું, ને આમણે કોઈ કામણટુમણ પણ નથી કર્યું. મારે આ જીવનમાં આમના સિવાય બીજાને નહિ વરવાની પ્રતિજ્ઞા છે. પતિ કરીશ તો આમને જ !'

રાજા કહે છે, 'અરે ઘેલી ! આ શી ઉતાવળ કરે છે ? આવી વિચાર વિનાની વાત કરાય ?'

કુમારી ઉત્તર કરે છે, 'તાત મારા ! સાંભળો. આ મારા પૂર્વભવના પતિ છે. ત્યાં પણ હું એમની પત્ની સરસ્વતી હતી, અને અહીં પણ ભાગ્યયોગે નામ સરસ્વતી મળ્યું છે. જુઓ એ અહીં આ મારા પૂર્વ શરીરનાં હાડકાં લઈને આવ્યા છે. તેના પર ૧૬-૧૬ વરસ એ રોયા છે. અહીં એમણે મને બધી વિગત કહી તેથી મને ઉહાપોહ થયો અને પૂર્વ જન્મનું સ્મરણ થઈ આવ્યું; તેથી હું મૂર્છિત થઈ ગઈ. અમારો પરસ્પરનો ગાઢ પ્રેમ અને મારી પાછળ એમનું આ ૧૬-૧૬ વરસનું દુઃખ મને કેમ વિહ્વલ ન કરે ?'

"હે ચંદ્ર ! જુએ છે ને રાગની આંધિનાં તોફાન ? **પોલાદી બેડીનાં બંધનને ટપો જાય એવા આ રાગનાં બંધન છે.** બકરીને કસાઇ લઇ જતો હોય છતાં સ્નેહની દોરીથી બંધાયેલું એનું બચ્ચું પાછળ પાછળ ચાલ્યું આવે છે ! મોતના મુખમાં જ પ્રવેશ ને ? કુમારીની વાત સાંભળી હું તો ચકિત થઇ ગયો, દુઃખ ભૂલી ગયો અને પાછો સ્નેહના આનંદમાં ઝળઝોળ નહાવા લાગ્યો. પણ હમણાં મારે બોલવા જેવું નહોતું તેથી મૌન રહ્યો.

કુમારી બિચારી હરખઘેલી થઇને રાજાને કહે છે! ત્યારે રાજા વધારે શંકામાં પડયો કે આ કુમારી પર ભારે વશીકરણનો મંત્ર પ્રયોગ થયો લાગે છે! પરંતુ કરે શું? કુમારીને પ્રતિજ્ઞા છે.

એણે માર્ગ કાઢયો. પુત્રીને બાનગીમાં મારાં ને એનાં પૂર્વ જીવનની બીજી બીજી વિગતો શી છે એ પૂછે છે. કુમારી ઘણી ઘણી વિગતો કહે છે. પછી રાજા મારી પાસે આવીને એ વિગતોની સત્યતા પરખવા મને પ્રશ્નો પૂછે છે. એમાં મારા રાજાનું નામ, કુટુંબિયોનાં નામ, ઘરનો આકાર-સ્થાન, ઘરની માલમિલ્કત, બાન-પાન-પહેરવેશ વગેરેની બાસિયતો કોઇ કોઇ બનેલા બનાવો વગેરે વગેરે કેટલુંય મને પૂછયું. મારે અસત્ય બોલવાને કોઇ કારણ નહોતું, આમેય રાજાનો મારા માટેનો ખોટો ખ્યાલ તો દૂર કરાવવોજ હતો, તેમ એજ પત્ની ફરી પાછી નવા દેહે મળે છે એનો આનંદ તો તું સમજે છે ને કે કેટલો હોય, એટલે મેં એ પ્રશ્નોના ઉત્તર આપ્યા. એટલે હવે રાજાને શું બોલવાનું રહે? વિશ્વાસ પડી ગયો, એટલુંજ નહિપણ હું એક સામાન્ય માણસ નથી પણ બાહોશ રાજમંત્રી છું એથી એને ભારે આકર્ષણ પણ થયું અને એ ભાવ એની મુખમુદ્રા, આંખો અને શબ્દોમાં હું જોઇ શકયો."

જુઓ આ સંસારમાં કેવી કેવી વિચિત્ર ઘટનાઓ બને છે. કયાં મંત્રીનો દેશ અને કયાં સરસ્વતીનું બીજા જન્મમાં અવતરવું! તે પણ આ રીતે બંનેનો ભેટો થાય એવું બનાવનાર નિમિત્તોનું કેવું સહજ ભાવે બની આવવું! આને કોણ ગોઠવવા જાય છે? કર્મ, કાળ અને ભવિતવ્યતાની વિચિત્રતા જ આવું અચિંત્ય અને દુર્ઘટ પણ સર્જી દે છે. જીવનું તેવું પુણ્યકર્મ કામ કરતું હોય તો જ કુંવરીને આવો જન્મ અને મંત્રીને આવો લાભ થાય. તેમ, તેવા પ્રકારની ભવિતવ્યતા જ આ રીતના વિચિત્ર સંયોગમાં બેનો ભેટો કરાવી દે. ત્યારે બરાબર રાજપુત્રીના નદી પર ફરવાના કાળે જ મંત્રીનું ત્યાં હાજર થવાનું હોય તો જ એ કાળ બળે આ ઘટના સર્જાય. જગતની વસ્તુના સંયોગ બની આવવામાં માણસ કાળ-કર્માદિની શ્રદ્ધા નહિ પણ પુરુષાર્થના ગુમાન રાખે એમાં શું વળે? 'બસ, મેં આ રીતે અહીં આવવાનો પુરુષાર્થ કર્યો તો હું આ પામ્યો,'-એમ માનવું અજ્ઞાનતાભર્યું નથી? અજ્ઞાનતા એટલા માટે કે તેં કયાં આમ બનાવવાનું ધારીને પુરુષાર્થ કર્યો હતો? માટે પુરૂષાર્થનાં ગુમાન ખોટા છે. હા, આત્માના દયા, સત્ય, મૈત્રીભાવ, પ્રામાણિકતા, ક્ષમા-સમતા, નમ્રતા-નિખાલસતા, વૈરાગ્ય-નિસ્સંગતા, સુદેવગુરુ-બહુમાન અને તત્વરુચિ, ત્યાગ તથા તપસ્યા વગેરે ગુણોના ઉદ્દેશથી પુરુષાર્થ તો આના જ કરું,' એમ થાય. મંત્રીનો ગમે તેટલો પુરુષાર્થ હોય છતાં એ કુમારીને પૂર્વ જન્મનું સ્મરણ શું કરાવી શકે? તો તે વિના જે બને છે તે કયાંથી બની શકે?

મંત્રી પતિ ને રાજા થાય છે પણ શરતે :-

મુનિ આગળ કહે છે, "હે ચન્દ્ર! પછી તો રાજા ખૂશ થઇ કહે છે મને, 'હું તમને આ કુમારી પરણાવું, પણ એક શરતે.' ત્યારે વળી હું મુંઝાયો કે આ પણ પેલા રાજાની જેમ શું એ કબૂલાત તો નહિ માગે કે નથી ને કદાચ કાંઇ બને તો તમારે આપઘાત નહિ કરવાનો? **વહેમીલું કે અતિ દાઝેલું મન જીવને શંકામાં ને શંકામાં જ અથડાવે છે. શંકિત મન એ સંયોગો રુડા મળ્યા હોય છતાં અજંપો, અસ્વસ્થતા અને કેટલીક વાર અજુગતું કરી બેસવાનું સાહસ કરાવે છે!** શા માટે વહેમિલા બન્યા રહેવું? કે શા માટે કોઈ અનિષ્ટ બની ગયું તેથી મનને ભારે શોકમગ્ન કરી દેવું? હે ચંદ્ર! રાજાને મેં પૂછયું, 'શી શરત?' રાજા મને કહે છે કે 'એ જ, કે મારે આ એક પુત્રી જ છે, પુત્ર નથી, તો તમારે પરણીને મારે ત્યાં જ રહેવાનું, અને મારી પછી મારૂં રાજ્ય

સંભાળવાનું.' મેં હા પાડી, કેમ ? આવો રાજવી બનવાનો મહા લાભ મળે છે માટે નહિ, પણ પ્રાણપ્રિયા મળે છે માટે. કામદેવની કેટલી કારમી શૃંખલાઓ જીવને જકડી લે છે કે કામના પાત્રની આગળ કશું વિસાતમાં ન ગણે, અને કામની સિદ્ધિ ખાતર બધું કરી છૂટે. આ શૃંખલાઓનાં બંધન ઓછા કર્યા વિના કામ-પાત્રનાં આકર્ષણ કયાંથી મોળા પડે ? ને તે વિના પરમાત્મા અને સંતના આકર્ષણ કયાંથી જન્મે કે વધે ?

હે ચન્દ્ર ! પછી તો ધામધુમથી રાજા મને એની રાજધાનીમાં લઈ ગયો અને અમારાં લગ્ન કરાવ્યાં ! વિચારજે હસ્તમેલાપ વખતના મારા આનંદનું ગાંડપણ ! અહાહા ! જીવને પરમાત્માનો મેલાપ થતાં કે સદ્‌ગુરુનો યોગ થતાં આવો આનંદાનુભવ ખરો ? થાય તો ન્યાલ જ થઈ જાય ને ? પછી તો ત્યાં રહીને આનંદમગ્ન થઇ ગયો અને આગળ જઇને રાજા પણ બની ગયો."

કહો, પહેલાં કહ્યું તેમ બહાર માટેના પુરુષાર્થનાં શુમાન કામ લાગે એવા છે ? મંત્રીએ આવી કોઈ ધારણાથી પુરુષાર્થ કર્યો હતો ? તો શું ૧૬-૧૬ વર્ષ રોવા અને હાડકાં પૂજવાનો ને પછી નદીમાં પધરાવવા આવવાનો પુરુષાર્થ એ મરેલી પત્ની પાછી મેળવવા તરીકેનો અને રાજા બનવા તરીકેનો પુરુષાર્થ ગણાય ? જો હા કહેશો તો તો પછી એ માટે એમજ કરવા માંડવું પડશે ! ઠોકર લાગતાં કયાંક ઈંટોડું ઉખડી નીચે દટાયેલ પૈસા નીકળ્યા, તો શું પૈસા કાઢવા માટેનો પુરુષાર્થ એટલે ઠોકર મારતાં ચાલવું એમ કહેવાય ? ના, એ એનો પુરૂષાર્થ જ નથી. એવું અહીં મંત્રીને બને છે. ત્યારે તમે કહેશો કે છતાં અહીં મંત્રીએ જે કર્યું તે તો સારામાં ઉતર્યું ને ? એકદમ હા કહેવાની ઉતાવળ કરતાં નહિ. કેમકે હવે જુઓ શું બને સારું-નરસું છે તે. **ભાવીની ખબર નથી એટલે તત્કાલ લાભ ઉપર ઓવારી જવાય છે.**

મંત્રી આપઘાત કરવા :-

મુનિ કહે છે "હે ચંદ્ર ! પછી તો એકવાર મારી પત્ની એવી બિમાર પડી કે કોઈ ઉપાય જ કારગત થાય નહિ ! મારી ધીરજ ખૂટી. મને એમ થયું કે નથી ને જો આનું મૃત્યુ થશે તો પછી તો મારે જીવવું મુશ્કેલ થશે, હવે કરવું શું ? દિવસે દિવસે આને બગડતું દેખાય છે. મહાનુભાવ ! આવા અવસરે જીવન જીવવામાં કેન્દ્ર સ્થાને પડેલો પત્નીનો રાગ બીજે કોઇ વિચાર નહિ આવવા દે ! એ શું, કે લક્ષ્મી વગેરેનો રાગ શું, એ માણસને ઉચ્ચ માનવ ભવની વિશેષતા, કિંમત અને કર્તવ્ય સૂઝવા દેતો નથી. હું તો ચઢ્યો ઉંચા મહેલની અગાશી ઉપર ! શું કરવા ? બસ, પત્ની મરે એ પહેલાં નીચે ભૂસકો મારી આત્મહત્યા કરવા !

મુનિનું આગમન :-

હે ચન્દ્ર ! વિપુલ રાજ્ય, ખજાનો, પરિવાર, હોંશિયારી એ બધું મને અત્યારે બચાવે એમ નહોતું, કેમકે હવે હું પડું એટલીજ વાર હતી. હા, પાસે ધર્મ હોત તો એ હિંમત આપત કે 'છે શું ? પત્ની જશે તો પછી જીવન પ્રભુના માર્ગે લઈ જવાશે.' ત્યારે આજે મને સમજાય છે કે ધર્મ એ કેવો તારણહાર છે ! બન્યું એવું કે હું જ્યાં પડવાની તૈયારીમાં છું ત્યાં ઓચિંતા એક આકાશગામી મુનિ આકાશમાંથી જતાં જતાં ત્યાં અગાશી ઉપર ઉતરી આવ્યા ! હું તો ચમકયો ! મારે તો મરવું જ હતું એટલે મને તો એમ થયું કે 'પહેલાં રાજા નડયો' તો, એમાં પાછું વળી આ વિઘ્ન કયાં આવ્યું ?'

મુનિ મને કહે છે, 'મહાનુભાવ ! આ શું કરી રહ્યો છે ? અકાળે આવા સુવર્ણભવનો નાશ ?'

મેં કહ્યું 'પણ શું કરું ન મરું તો ?' એમ કહીને મારા દુઃખની રામાયણ મેં એમને કહી સંભળાવી. દુખિયારાને બીજું શું સુઝે ?

ત્યારે એ કહે છે, 'ભાગ્યવાન ! પરંતુ આમે ય તારા મર્યા પછી પણ તારી પત્ની તને મળવાની કયાં ખબર છે ? વિયોગ તો રહેવાનો !'

મેં કહ્યું, ' પણ મારે જે અહીં જીવતે એના વિયોગ યાદ કરી કરીને રોવાનું તે પછી તો નહિ ?'

મુનિ કહે છે ' અરે ઘેલા ! જે પત્નીની યાદ ભૂલવી હોય તો તો વૈરાગ્યના માર્ગે ચઢી જા. **જરા દૃષ્ટિ ફેરવીને જો કે જીવનમાં આ બધું તોફાન સંસારની ઉપાધિ કરાવે છે. ઉપાધિમાંથી મનોદુઃખ, ચિંતા, શોક, કુમતિ, વગેરે કેટલીય આધિઓ જન્મી જીવને હેરાન પરેશાન કરી નાખે છે. ત્યારે ઉપાધિઓથી મુક્ત થવામાં કેટલો ગજબ આનંદ અને સ્વસ્થતા સાથે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉપાસના કરીને, એ તો જો કે, ભીષણ ભવભ્રમણના અનંત દુઃખ પાર કરી જવાય છે ! માનવ જીવનમાં જ આ શક્ય છે, ને માનવ જીવન આ માટે જ છે. પાછું આવો ભવ ફરી ફરી મળવો સહેલો નથી. તો એને ઊંચા આત્મા-પરાક્રમને બદલે આ ઉપાધિ પાછળની કાયર, કંગાળ અને ખતરનાક કાર્યવાહીમાં કાં વિણસાડી નાખે ? '....**

મંત્રી અને સરસ્વતીનો સંસાર ત્યાગ :-

મુનિની વેધક વાણીએ મારો મોહ ભેદી નાખ્યો. ' હે ચન્દ્ર ! મેં એમના એકેક શબ્દ પર ગંભીર અને વિસ્તૃત વિચાર કર્યો; નકકી કર્યું કે ઉપાધિમય સંસાર ત્યજી હવેના જીવનનો પંથ સમ્યગ્દર્શનાદિની ઉપાસના કરવાનો જ મને ખપે. મુનિ પાસેથી મેં એની સમજ લીધી, ને એથી તો હું ખૂબ ઉલ્લાસમાં આવી ગયો. વળી પત્ની પણ કાંક તત્ત્વ પામે એ માટે હું મુનિને પ્રાર્થના કરીને નીચે લઈ ગયો; અને આવા પવિત્ર મહાત્માના દર્શનનો ચમત્કાર એ થયો કે પત્ની તરત ઉભી થઇ ગઈ ! રોગ-ભોગ પલાયન ! એ મુનિના ચરણે પડી. મુનિએ એને પણ પ્રતિબોધ કર્યો. એટલે અમે બંનેએ રાજ્ય બીજાને ભળાવી દઈ આ અસાર સંસારનો ત્યાગ કરી ચારિત્ર લીધું. ખત્તા ખાધા પછી સંસારની આધિ-ઉપાધિમાંથી છૂટયા, એજ હું આજે સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીનો સાધના કરતો મુનિપણે તારી આગળ ઉભો છું. હવે કહે દુઃખ તારું મોટું કે મારું ? ધ્યાન રાખજે, સંસારની આધિ-વ્યાધિ-ઉપાધિના તાપ જ જીવને દુઃખી દુઃખી કરે છે. એને મિટાવવા ભગવાન શ્રી જિનેશ્વરદેવે ફરમાવેલો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તપનો માર્ગ એજ સચોટ એકજ ઉપાય છે. એથી જન્મ-મરણ ભવભ્રમણ વગેરે અપરંપાર દુઃખમય સંસારનો અંત થઇ જીવ મોક્ષ પામે છે, અને શાશ્વત કાળ માટે અનંત સુખનો ભોક્તા બને છે. "

ચંદ્ર આત્મકલ્યાણના માર્ગે :-

ચંદ્રને આ બધું સાંભળીને મન પલટાઈ ગયું ! મનમાં હિંમત આવી ગઇ ! પ્રકાશ થયો ! સંસાર ત્યાગ કરવાની હજી શકિત ન લાગવાથી સમ્યક્ત્વ સહિત અહિંસાદિના અણુવ્રતોવાળો શ્રાવકધર્મ એણે સ્વીકાર્યો. પછી પરદેશ જઇ ભાગ્ય ખુલવાથી ધન કમાયો. પણ હવે ઘેર પાછો જાય છે તે આપકમાઇ કરનાર અહંકારી તરીકે નહિ, પણ એક ધર્માત્મા પુરુષ તરીકે ! પોતાની હકિકત કહી એણે કેટલાયને ધર્મનિષ્ઠ કર્યા ! આગળ જઇને એણે પણ ચારિત્ર લઈ આત્મકલ્યાણ સાધ્યું.

સમ્યગ્દર્શનથી સંસારના આધિ-વ્યાધિ અને ઉપાધિમય ત્રિવિધ તાપ કેમ મીટે એ વિચાર્યું. સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી એ કેવી રીતે દૂર થાય છે એ તો વિસ્તારથી વિચારવા જેવું હોવાથી હાલ એ નહિ. (સંપૂર્ણ)

જાહેરાત

' દિવ્ય દર્શન ' પત્રનું નવું વર્ષ સપ્ટેમ્બરથી શરૂ થાય છે. પર્યુષણા અંગે પહેલા શનિવારે અંક બંધ રહેશે. બીજા શનિવારે આઠમા વર્ષનો પહેલો અંક બહાર પડશે. **પ્રકાશક**

સમાચાર સાર

મહેસાણા પાઠશાળા–અત્રે શ્રી શ્રીમદ્‌યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાનો વાર્ષિક ઈનામી મેળવડો તા. ૧૮–૮–૫૮ના રોજ પૂજય પંન્યાસજી શ્રી કનક વિજયજી ગણીવરની અધ્યક્ષતામાં સવારે દશવાગે ઉપાશ્રયના હોલમાં ઉજવાઇ ગયો. પ્રાર્થના રીપોર્ટ વાંચન વગેરે બાદ વાડીભાઇએ પરીક્ષકોના અભિપ્રાયો વાંચી ધાર્મિક કેળવણીની મહત્તા વિષે ભાષણ આપેલ. સંસ્થાના પ્રાધ્યાપક પુખરાજજી કોઠારી, પંડિત રામાનન્દન ઝા સીવીલ જજ શ્રીયુત અમૃતલાલ કાળીદાસ શાહ તથા વકીલ ચીમનભાઇએ પ્રાસંગિક અસરકારક પ્રવચનો કરી જૈન સમાજને આર્થિક સુંદર સહકાર આપવા અપીલ કરી. પ્રાંતના ન્યાયાધીસ શ્રીમાન અમરતલાલભાઇના શુભહસ્તે રૂા. ૧૮૦ના રોકડ ઇનામો, તથા રાજનગર ઈનામી પરીક્ષાના પ્રમાણપત્રો અભ્યાસકોને અર્પણ કરાયાં. પૂજય મહારાજશ્રીના ઉપદેશથી નમસ્કાર મહામંત્રના તપની માંગલિક ક્રિયામાં સંસ્થાના વીસ વિદ્યાર્થીઓ તથા ગૃહપતિ જોડાયા. માળવા મેવાડ ખાનદેશ વગેરેમાં સંઘના આમંત્રણથી શિક્ષકો વિદ્યાર્થીઓ પર્યુષણા કરાવવા જવાના છે. ભાવનગરમાં રૂા. એક લાખના ખર્ચે તૈયાર થયેલ સુખડીઆ બોર્ડીંગમાં ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રાવણ સુદ ૬ ના રોજ સંસ્થા તરફથી પરીક્ષક ગયેલ વાડીલાલ મગનલાલ તથા અન્ય વકતાઓના પ્રેરણાદાયી પ્રવચનોથી લગભગ રૂા. પચ્ચાસ હજારનું ફંડ થયું છે. તેમજ ભાવનગર મુકામે સુખડીયા યુવક પરિષદની એક મીટીંગ સ્થાનકવાસી જૈન ભોજન શાળામાં શ્રાવણ શુ ૫ ની રાત્રે ૯૦ વાગે ભરાયેલ જે પ્રસંગે સંસ્થાના પરીક્ષક વાડીલાલે સામાજિક સહકાર વિષે ભાષણ આપી યુવાનોને ચારિત્રનું દૃઢ ઘડતર કરવા ઉદ્‌બોધન કર્યું. હતું.

ચાણસ્મા–શ્રી અખિલ ભારતવર્ષીય જૈનસંસ્કૃતિ રક્ષક સભાની સ્થાનિક કાર્યવાહક સમિતિએ ઠરાવ કર્યો કે વાલકેશ્વર જૈન દેરાસરના વહીવટદારોએ જ્ઞાનખાતાની ઉપજ સંબંધી ધાર્મિક તથા વ્યવહારીક કેળવણી અંગે વાપરવા તા. ૨૭–૭–૫૮ના રોજ જે ઠરાવ કરેલો તે ઠરાવ જૈન સિધ્ધાંતની મર્યાદા બહારનો હોવાથી ટ્રસ્ટીઓએ આ હકીકત ધ્યાનમાં લેઇ સિદ્ધાંતને માન આપી તેમનો ઠરાવ તા. ૨૯–૭–૫૯ના રોજ મીટીંગ કરી ફેરવી મૂળ સીદ્ધાંત પ્રણાલિકા પ્રમાણે વાપરવા ચાલુ રાખવા ઠરાવ કરેલો છે તે હકીકત જાણી આ સભાને સંતોષ થયેલો છે અને ટ્રસ્ટીઓએ જે શુભ વિચાર વિચારણા કરી યોગ્ય પગલું લીધેલ હોવાથી તેમના શુદ્ધામનોભાવને અમો અનુમોદન કરીએ છીએ તે બદલ તેમને અભીનંદન આપીએ છીએ,

માંડવગઢ નૂતન મંદિર પ્રતિષ્ઠા–માંડવગઢ પ્રાચીન ઐતિહાસિક તીર્થ છે. નૂતનમંદિર જીર્ણોદ્ધારમાં ભવ્ય મંદિરનું કામ ચમધોકાર ચાલુ છે. મદદની ખાસ જરૂર છે. પ્રતિષ્ઠા સં. ૨૦૧૬ મહાસુદ ૧૧ થવા નિર્ણય થયેલ છે, સુપાર્શ્વનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમા ૨૫ ઇંચથી ૩૫ ઇંચ સુધીની મુલનાયકજી માટે જોઇએ છે. નીચેના સરનામે જણાવશો.

શ્રી જૈન શ્વે. સંઘની પેઢી માંડવગઢ થાર વાયા રતલામ (મં. પ્ર.)

વેરાવળ-માયલાકોટ અત્રે પૂ. મુનિરાજો શ્રી મતિવિજયજી, શ્રી માણેકવિજયજી આદિ સંઘની વિનંતીથી ચાતુર્માસ બિરાજમાન છે. શ્રી યોગશાસ્ત્ર પર સુંદર ધર્મદેશના અપાય છે. લોકમાં ધર્મજાગ્રતિ સારી છે.

જામનગર–પૂ. પં. શ્રી. ભદ્રંકરવિજયજી મ. ની નિશ્રામાં શ્રા સુ. ૧ એક હજાર ભાઈ બહેનોએ 'નમો અરિહંતાણં' પદનો એક ક્રોડનો સમૂહજાપ કર્યો. સુદ ૫થી ૨૦૦ ભાઈ બેનોએ નવકાર મંત્રનો નવ દિવસનો તપ કર્યો. તપસ્યા, અર્હદ્‌ભક્તિ, સ્વામિવાત્સલ્ય વગેરે સુંદર થયું. પૂ. પંન્યાસજી મહારાજની નવકાર–પ્રભાવ, ત્યાગ–તપ, મૈત્રી આદિ ભાવના વગેરે ઉપર સચોટ દેશનાથી જનતા પ્રભાવિત થઈ છે.

વાંકાનેર–પૂ. મુનિરાજો શ્રી અશોક વિજયજી તથા શ્રી જયવર્ધન વિજયજી મહારાજની પ્રબળ ધર્મ પ્રેરણાથી ૫૦ વર્ધમાન આંબેલ તપના પાયા તથા ત્રણતર થયા. દરેકને અંતર વાયણા, રૂ. ૫૧ ની પ્રભાવના તથા વર્ધમાન તપો માહાત્મ્યની ચોપડીની પ્રભાવના થઇ.

ઝીંઝુવાડા–પૂ. મુનિરાજ શ્રી યશોભદ્ર વિજયજી મ. ની નિશ્રામાં ૧૪૦ લગભગ જણને નવકાર મંત્રના તપની સુંદર આરાધના થઇ.

હારિજ–માસ્તર એન. બી. શાહના માર્ગદર્શન નીચે બાળ મંડળ અને સ્નાત્ર મંડળ ધર્મ પ્રવૃતિમાં સારી પ્રગતિ કરી રહ્યું છે. શ્રા. સુ. ૫ શ્રી નેમિજિન-જન્મ કલ્યાણક નિમિતે ભવ્ય સ્નાત્ર મહોત્સવ, બાદ અલ્પાહારની ઉજાણી, રાત્રે ભાવના વગેરે સુંદર કાર્યક્રમ થયો.

નંદરબાર– અત્રે પૂ. આ. શ્રી વિજય ભુવન-તિલકસૂરિજી મ. ના ચાતુર્માસથી વિધવિધ ધર્મ પ્રવૃતિ સંઘમાં ચાલુ છે. વ્યાખ્યાન પ્રતિક્રમણમાં કદી ન આવનારા પણ જોડાયા છે. જૈનેતરોના આગ્રહથી રવિવારે જાહેર વ્યાખ્યાનો યોજાયા છે. આગેવાન નાગરિકો સુંદર લાભ લઇ જૈન શાસનની અનુમોદના કરે છે. સંઘમાં કષાયવિજય તપ થયો; નાના બાળકો પણ એમાં જોડાયા હતા. પ્રભાવના વગેરે સારૂં થયું પૂજ્યશ્રીના તાત્વિક વ્યાખ્યાનોથી જનતાને ધર્મ ધર્મની ધુન લાગી છે.

ઈંદોર–અત્રે પૂ. શ્રી ચિદાનંદ મુનિજીની નિશ્રામાં નવકાર મંત્રની તપ–આરાધના ૧૦૦ ઉપર ભાઇ બેનોએ કરી. આરાધકોની એકાગ્રતા માટે નવકાર મંત્રનો બૃહત્પટ તૈયાર કરાવાયો હતો. સંઘ તરફથી એકાસણાં કરાવવામાં આવ્યા.

ધંધુકા :– અત્રે પૂ. પં. શ્રી ચિદાનંદવિજયજી ગણીવર આદિની નિશ્રામાં માસખમના દિને પહેલીવાર અરિહંતપદનું સામુદાયિક આરાધન થયું. ૧૨૫ આયંબીલ થયા, સપ્તાક્ષરી મંત્રજાપ સાડાબાર લાખ થયો. વર્ધમાન તપનાં ૩૩ બાંધનારને ચરવાળા કટાસણાં આદિ પ્રભાવનાઓ થઇ. હવે પંદરના ઘરને દીવસે સિધ્ધપદનું સામુદાયિક આરાધન થવા વકી છે. અત્રે મેસાણા–ગ્રેયસ્કર મંડળના પરીક્ષક રામચંદભાઇએ પાઠશાળાની પરીક્ષા લીધી. ૮૬ ટકા પરિણામ આવ્યું મેળાવડો કરી ઇનામો વહેંચાયા. પૂજ્યશ્રીએ તથા પરીક્ષકે સમ્યગ્જ્ઞાનની જરૂરિયાત અને માબાપોના ફરજ પર સુંદર વિવેચન કર્યું. પાઠશાળામાં નવા બાળકોના નામ નોંધાયા.

ચુડા:–પૂ. મુ. શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ આદિની નિશ્રામાં અષાડ વદ પથી શ્રી નવકાર મંત્રનો તપ ૩૬ જણને શરૂ થયો. તેની ક્રિયા માટે કલાત્મક સુંદર ઓરડી થઈ શ્રી નવકાર મંત્રનો બનાવેલ તામ્રપટ, શ્રી કલ્પસૂત્ર પધરાવવાની તથા પ્રથમજ્ઞાન પૂજન વગેરેની ઉછામણી સારી થઈ હતી. સંગીત સાથે સુંદર ક્રિયા ચાલતી. રાત્રિજાગરણ પ્રભાવના સારૂં થયું.

પૂ. મુ. શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ અઠ્ઠાઈ સાથે વ્યાખ્યાન કરતાં પ્રભાવના રાત્રી જાગરણ સુંદર થયા. પૂ. શ્રી હરિષેણ વિ. મ. તપ સારો કરે છે.

આંકલાવ:–અત્રે પૂ. મુ. શ્રીજયવિજયજીમહારાજ સંઘના આગ્રહથી ચાતુર્માસ બિરાજે છે. અતીત પુદ્ગલો વોસરાવવાની તથા ભાવોભવનાં પાપોને આલોચવાની ક્રિયા થઈ. તે દિવસે સામુદાયિક લાખ નવકાર મંત્રનો જાપ કરાવાયો. આયંબિલની તપશ્ચર્યા થઇ પુજા પ્રભાવના વગેરે સારૂં થયું.

સુરેન્દ્રનગર–ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ચતુર્વિધ સંઘમાં આંબેલ વર્ધમાન તપ પાયા–ઓળીઓ નવકાર મંત્ર તપ, વગેરે તપસ્યાઓ સહિત ધર્મપ્રવૃત્તિનું ઝગમગતું વાતાવરણ વર્તી રહ્યું છે. શ્રી નરોતમદાસ મનજીભાઇ તથા ધારશીભાઇ માણેકચંદની આગ્રહભરી વિનંતિ થતાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની અઠ્ઠમ સાથે ભક્તિની રમઝટ વગેરે સંઘને કરાવવાનું નકકી થયું. બંને ભાગ્યવાનો તરફથી શ્રા. વ ૩ સાંજના અંતરવાયણા વિવિધ વસ્તુથી કરાવાયાં. આરાધના માટે સમવસરણ મંડપને શણગારી શ્રી પાર્શ્વનાથ પ્રભુજી પધરાવવામાં આવ્યા. રોજ ૩૦ અક્ષરના મંત્રની ૪૦ નવકારવાળી ગણવાની એટલે આરાધકો સવારથી જ જાપ શરૂ કરી દેતા. ત્રણેય દિવસનો કાર્યક્રમ ભરચક રહેતો. પ્રતિક્રમણાદિ પછી સવારે ગીત વાજિંત્ર સાથે સામુદાયિક સ્નાત્ર–શાંતિકળશ તથા પૂ. મહારાજ સાહેબ આદિ ચતુર્વિધ સંઘનું શ્રી શંખેશ્વર ભગવાનનું ચૈત્યવંદન થતું પછી શ્રી ચંપકલાલ માસ્તર સંઘને શ્રી પાર્શ્વપ્રભુનું ગીત ઝીલાવતા, પછી વ્યાખ્યાન, બાદ બંધ આંખે એકાગ્ર મનથી શ્રી શંખેશ્વર

સ્તોત્રાષ્ટકથી સમૂહ પ્રાર્થના, પછી વાજિંત્રના વિવિધ સૂર ગુંજતા મનોરમ વાતાવરણમાં સામુહિક મંત્ર, જાપ, પછી પ્રભુનુ ગીત તથા ધુન, બાદ સમૂહ દેવવંદન થતું. રોજ ત્રિકાળ દેવવંદન, ખમાસમણાં, કાઉસ્સગ્ગ વગેરે ઉપરાંત બપોરના રોજ પૂજા, રાતના ભાવના, વગેરે થતું. વ્યાખ્યાનમાં પહેલે દિવસે શ્રી શંખેશ્વર પ્રભુનો ભવ્ય ઇતિહાસ, પ્રગટ પ્રભાવ વગેરે. બીજે દિવસે સંવેગ–વૈરાગ્ય નીતરતો શ્રી પાર્શ્વનાથ પ્રભુના દસ ભવનો રોચક અધિકાર, અને ત્રીજે દિવસે પ્રભુની આરાધના ધન, કીર્તિ, આરોગ્ય, ધર્મ અને ઠેઠ મોક્ષ સુધીની સદ્‌ગતિ આપે છે છતાં આપણે આરાધનામાંથી સમાધિ, નિર્વિકાર દશા વગેરે માગવાનું, જેનો પ્રત્યક્ષ અપૂર્વ લાભ અનુભવવા મળે છે, ઇત્યાદિ સચોટ દૃષ્ટાંત–દલીલ અને હૃદયવેધી દિવ્ય પ્રેરણાભર્યું સમજાવવામાં આવ્યું હતું. આરાધકોની સંખ્યા ત્રણસોની ઉપર હતી, જેમાં નાના બાળક–બાળિકાઓ પણ ડઝનેક હશે. તપસ્યા સૌને ખૂબ શાતાથી થઇ. પારણામાં ભવ્ય ભક્તિ કરવામાં આવી અને દરેકને રૂપિયો–શ્રીફળની પ્રભાવના વહેંચવામાં આવી. સંઘના સેક્રેટરી શેઠ બાપાલાલભાઇ અને મુનિમશ્રી ભોગીલાલે સઘળું આયોજન સુંદર કર્યું. લોકોને રસ રહી ગયો અને લાગ્યું કે આવી આરાધનાઓ ફરી ફરી યોજવામાં આવે.

સાબરમતી–(અમદાવાદ) અત્રે સંઘની આગ્રહભરી વિનંતિથી પૂ. આ. શ્રી વિજયઉમંગસૂરીશ્વરજી મ. સા. તથા આદિ મુનિપુંગવો શાંતિનગર જૈનઉપાશ્રયે ચાતુર્માસાર્થે પધાર્યા છે. પર્યુષણ પર્વની આરાધના સારી રીતે થવા વકી છે. જૈન ભાઇ–બહેનોનો ઉત્સાહ સારો છે.

સુરેન્દ્રનગરમાં અઠ્ઠમની આરાધના પ્રસંગે ગવાયેલ ગીતો.

મંત્રઃ શ્રી ધરણેન્દ્ર પદ્માવતી પૂજિતાય ૐ હ્રીં કલીં અર્હં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

સુરેન્દ્રનગરના રે, જૈન સંઘમાં રે,
ઉત્સવ ધર્મના મંડાય રે
પાસ શંખેશ્વર રે, તુઠ્યા સુખકર રે,
મંગળ અઠ્ઠમ થાય રે.

૧. પાતાળ લોકથી ઇહાં પધાર્યા,
બિરાજો દેશ વઢીયાર રે
ધરણેંદ્ર પદ્માવતી સેવા કરંતા
સેવકને ઇષ્ટ દાતાર રે પાસ૦

૨. ભવ્ય જીવો દેશોદેશથી આવે
પ્રભુજીના દરિસણ કાજે રે
લાખેણી આંગી નિત્ય રચાવે,
કરે ગુણગાન નભ ગાજે રે. પાસ૦

૩. હરિહર બ્રહ્મા સરિખા નાવે
મારા પ્રભુજીની તોલે રે
એ છે કામક્રોધાદિના સેવક,
પ્રભુજી એને ધૂળ રોળે રે; પાસ૦

૪. શંખેશ્વર પૂજ્યો વાંછિત આપે
ભવોભવનાં દુઃખ કાપે રે
સેવો પ્રભુને તન–મન–ધનથી,
આનંદમંગળ વ્યાપે રે; પાસ૦

૫. સિધ્ધાંત મહોદધિ પ્રેમસૂરીશ્વર
ગુરુદેવના સુપસાય રે
વાસુપૂજ્ય દાદાજીના રાજ્યે સંઘમાં
જય જય થાય રે પાસ૦

તંત્રી, મુદ્રક, પ્રકાશક : **ચતુરદાસ ચીમનલાલ શાહ**, મુદ્રણસ્થાન : શ્રી જશવતસિંહજી પ્રીન્ટીંગ વર્કસ, વઢવાણ શહેર : દિવ્યદર્શન પ્રકાશન માટે પ્રસિદ્ધ કર્યું.